Syndicate Section
29.4.72

G.P. 1118-450-1-69

સિન્ડિકેટ (જાન્યુઆરી)
તા. ૪/૫-૧-'૬૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભા શનિવાર, તા. ૪-૧-૧૯૬૯ના રોજ ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૫-૧-૧૯૬૯ના સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૧-૧૯૬૯	તા. ૫-૧-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૪.	આચાર્ય ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	હાજર	ગેરહાજર.

૧. તા. ૧૪-૧૨-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૪-૧૨-૧૯૬૮ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂ કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સને ૧૯૬૯ની સાલમાં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ પૈકી આયુર્વેદ વિદ્યાશાખાન પરીક્ષા સમિતિ પર ઓ. ૬૭ હેઠળ સિન્ડિકેટ તરફથી નીચેના બે સભ્યોની નિમણૂક કર્યાન કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

(૧) રો. જે. બી. હરિભક્તિ
(૨) ડૉ. અ.ઈ. એ. મોદી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ઉપક્રમે તા. ૨૮/૨૯-૧૨-૧૯ રોજ યોજવામાં આવેલ ઇન્ડિયન કેમિકલ સોસાયટીના વાર્ષિક અધિવેશન અંગે ગુજરાત તેના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૬-૧૨-૧૯૬૮ના પત્રાંક યુ.એસ.જી./૧૧૬૮(કે.ઓ રૂા. ૧,૦૦૦ (રૂપિયા એક હજાર ફક્ત)ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪. નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અ માટે સ્વીકાર્યો હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્ય લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
વાય. સી. શાહ	વિજ્ઞાન — રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫. રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી જુદી જુદી સ્કૉલરશિપ માટે ટ્રેઝરીમાં યુનિવર્સિટી ભવનના અધ્યક્ષો લેવડદેવડ કરે તેવાં ચાલુ ખાતાં ખોલવા અંગે નિયામકના સૂચન પ્રમાણે કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબ

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬. કૉલેજના શિક્ષકોના સમર ઇન્સ્ટિટ્યૂટ-ઇન-બાયોલોજી માટે ૧૯૬૯ના વર્ષ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૨-૧૨-૧૯૬૮ના પત્રાંક એફ. ૯-૫-૬ (એસ.આઈ.)થી "ઑન એકાઉન્ટ" એડવાન્સ ગ્રાન્ટ રૂા. ૨૫,૦૧૦ (રૂપિયા પચ્ચીસ ફક્ત) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭. ભાષા-સાહિત્ય ભવનના ભાષાવિજ્ઞાનના અધ્યાપક શ્રી. હ. ચૂ. ભાયાણીને મુંબઈ યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાનના ડિપ્લોમાના વિદ્યાર્થીઓ સમક્ષ "ભારતીય આર્યનાં મૂળ-તત્ત્વો" એ વિષય પર વ્યાખ્યાનો આપવાની તથા તે અંગે રૂા. ૬૦૦ પારિશ્રમિક સ્વીકારવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જૂનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એચ. કે. પટેલ તા. ૧૩-૨-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૯-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એચ. કે. પટેલ તા. ૬-૧૧-૧૯૬૭ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં જોડાયા હતા અને તા. ૧૩-૨-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. કે. પટેલને તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. મોરારજી કે. સોલંકી તા. ૨૩-૫-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેમની તા. ૧૦-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. મોરારજી કે. સોલંકી તા. ૬-૫-૧૯૬૫ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તેમનું રાજીનામું તા. ૨૩-૫-૧૯૬૮ના રોજ મંજૂર થતાં તેઓ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મોરારજી કે. સોલંકીને તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગમાં એમ.એસસી. પાર્ટ ૧ના વિદ્યાર્થી શ્રી. મનહરલાલ રજનીકાન્ત ભટ્ટનું અચાનક મૃત્યુ થવાથી તેમણે ભરેલી ૧૯૬૮-૬૯ના વર્ષની પ્રથમ સત્રની ટ્યૂશન ફી પરત કરવા અંગેના તેમના પિતાશ્રીના તા. ૧૧-૧૧-૧૯૬૮ના વિનંતીપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વર્ગસ્થ શ્રી. મનહરલાલ રજનીકાન્ત ભટ્ટની ૧૯૬૮-૬૯ના વર્ષની પ્રથમ સત્રની ટ્યૂશન ફી અપવાદ તરીકે તેમના વાલીને પરત કરવી.

૧૧. "Trends in Economic and Social Development in India since Independence" પર એક પરિસંવાદ તા. ૨૭-૧-૧૯૬૯થી તા. ૧-૨-૧૯૬૯ના સમય દરમિયાન Indian Statistical Institute, Calcutta મુકામે યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વ્યવસ્થાપક સમિતિના મંત્રી તરફથી આવેલ તા. ૩-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો. મણિશંકર પી. પંડ્યા અને પ્રો. રમેશભાઈ ભટ્ટને મોકલવા.

૧૨. ભારત સરકારના સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા નવી દિલ્હી મુકામે તા. ૮થી ૧૦ મે, ૧૯૬૯ના સમય દરમિયાન "Criminal Law and Contemporary Social Changes" પર એક પરિસંવાદ યોજનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. બટુભાઈ હ. દેસાઈ અને શ્રી. દોલતભાઈ ત્રિવેદીને મોકલવા.

૧૩. દિલ્હી યુનિવર્સિટીની ગણિત વિદ્યાશાખાના ઉપક્રમે દિલ્હી મુકામે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહ દરમિયાન અથવા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહ દરમિયાન "Modern Algebra & Global Analysis" પર એક પરિસંવાદ યોજનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ગણિત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી તરફથી તા. ૧૧-૧૨-૧૯૬૮ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય કે. એન. શાહ અને આચાર્ય વી. એફ. શાહને મોકલવા.

૧૪. "Indian Public Health Association"નું વાર્ષિક અધિવેશન મદ્રાસ મુકામે ફેબ્રુઆરી તા. ૮થી ૧૦, ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૧૩-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૧૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સહકારથી "ધી યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સ, રાજસ્થાન"ના ઉપક્રમે ફેબ્રુઆરી તા. ૮ અને ૯, ૧૯૬૯ના સમય દરમિયાન જયપુર મુકામે "Community Development and Panchayati Raj in India" પર યોજાયેલા પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પી. એન. શેઠને મોકલવા.

૧૬. સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં સ્વીકારવામાં આવેલા "શ્રીમતી ધનકોરબાઈ રતનચંદ વઢામણવાળા પારિતોષિક" અંગેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગે કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૩. બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની એક વધુ પરીક્ષા લેવા અંગે શ્રી. રસિકલાલ બાલચંદ શાહના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીની બી.એ. (એક્સ્ટર્નલ)ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૯માં લેવી અને તેમાં આ યુનિવર્સિટીમાં બી.એ.(એક્સ્ટર્નલ)ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં આ અગાઉ જેમણે—

(૧) નામ નોંધાવ્યું હોય અને નાપાસ થયા હોય,

અગર

(૨) નામ નોંધાવ્યા છતાં પરીક્ષામાં બેસી શકયા ન હોય—

તેમને તેમાં બેસવા માટે તક આપવી અને અન્ય કોઈને તેમાં બેસવા માટે પરવાનગી આપવી નહિ.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૭. સેનેટની તા. ૨૧-૧-૧૯૬૯ની ખાસ સભામાં રજૂ થયેલ શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી તરફથી ૧૯૬૮ના માર્ચ–એપ્રિલમાં જૂના અભ્યાસક્રમ અનુસાર લેવાયેલી બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને હવે નવા અભ્યાસક્રમ અનુસાર એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બેસવું પડે તેમ છે. આથી સ્નાતક થવામાં આવા વિદ્યાર્થીઓનાં વધુ એ વર્ષ ન બગડે તે માટે તેમને જૂના અભ્યાસક્રમ અનુસાર બી.એ. એક્સ્ટર્નલની પરીક્ષામાં બેસવા માટે એક વધુ તક આપવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૯૩ ઉપર સિન્ડિકેટે કરેલા ઠરાવની સેનેટને જાણ કરવી.

૧૮. સેનેટની તા. ૨૦-૧-૧૯૬૯ના રોજ મળેલ ખાસ સભામાં રજૂ થયેલ પ્રો. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦(૧)માંની જોગવાઈ મુજબ સેનેટની આ સભા એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે અત્યારની શૈક્ષણિક પરિસ્થિતિ, સંલગ્ન કૉલેજોના વહીવટ, કૉલેજોની વધતી જતી સંખ્યા અને તેમાંથી નીપજતા પ્રશ્નો—આ બધું જોતાં, ઉપર્યુક્ત ધારામાંની જોગવાઈઓ પ્રમાણે અમદાવાદ વિસ્તારમાં, કૉલેજના દ્વિતીય વર્ષ પછીનું શિક્ષણ યુનિવર્સિટી પોતાને હસ્તક લે તે ભણનાર, ભણાવનાર અને ભણતર બધાંની દૃષ્ટિએ હિતાવહ છે, અને તેથી આ બાબતમાં આવશ્યક કાર્યવાહી કરવા લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

[**નોંધ.**— ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦(૧)નો પાઠ નીચે મુજબ છે :

"Within a period of seven years from the date on which section 3 comes into force the Senate shall determine that all instructions, teaching and training beyond the stage of Intermediate examinations shall, within the area of the City of

Ahmedabad and such other contiguous area as the Senate may determine (hereinafter referred to as the Ahmedabad area), be conducted by the University and shall be imparted by the teachers of the University. The Senate shall communicate its decision to the State Government."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વ્યવહારુ જણાતો નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૯. સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ના રોજ મળેલ સભા સમક્ષ રજૂ થયેલ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

'Statute 118માં '(4)(*a*) Heads of University Departments' પછી '(4) (*b*) Heads of Recognised Institutions' ઉમેરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેચ્યૂટ ૧૧૮માં કરવામાં આવેલી જોગવાઈઓ પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૦. સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ના રોજ મળેલ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

Section 19 (I) (*vii*) be amended to read as follows:

"Four Principals elected by the Senate from amongst its members."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વિચારણા હેઠળ છે, તેથી સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યક્ત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૧. સેનેટની તા. ૨૦-૧-૧૯૬૯ અને તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાઓ સમક્ષ રજૂ થયેલ રૉ. દેવેન્દ્ર એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

New Statute :

"Employees of the University or their Association or Union shall have the privilege and right to ask for arbitration for redressing grievances or settlement of disputes. Upon such request being made, the Syndicate shall suggest a panel of three judges of the High Court or Labour Court as it may suit, out of which one shall be elected by the employees. Award or judgement given by this Tribunal will be binding on both."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લિનિકલ ડ્યૂટીઝ માટે શ્રીમતી એસ. સી. એલ. મ્યુનિસિપલ હૉસ્પિટલ, સરસપુરનો ઉપયોગ કરવા દેવાની મંજૂરી આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભામાં નીચેની શરતોએ ૫૦ વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી આપવા ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

(1) It is desirable that more facilities should be provided for routine laboratory work for each ward.

(2) Side rooms should be provided for clinical teaching.

(3) The students posted for Obstetrics and Gynaecology term should attend the antenatal department at the Hospital. In the alternative they should attend antenatal department at the Civil Hospital.

(4) There is no Radiologist at present in this hospital. It is desirable that the post be filled up immediately.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને તેના વિદ્યાર્થીઓની ક્લિનિકલ ડ્યૂટીઝ માટે શ્રીમતી એસ. સી. એલ. મ્યુનિસિપલ હૉસ્પિટલ, સરસપુરનો ઉપયોગ કરવા દેવા માટે નીચેની શરતોએ મંજૂરી આપવી :

(1) More facilities be provided for routine laboratory work for each ward;

(2) Side rooms should be provided for clinical teaching;

(3) The students posted for Obstetrics and Gynaecology term should attend the antenatal department at the Hospital. In the alternative they should attend antenatal department at the Civil Hospital; and

(4) The post of a radiologist be filled up immediately.

૨૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગેની તપાસસમિતિના હેવાલ પરના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિએ કરેલી નીચેની ભલામણ અને તે અંગે કાર્યાલયે કરેલા સૂચન પર વિગતે વિચારણા કરવામાં આવી :

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
૧. પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાઓના થિયરીના પ્રશ્નપત્રોના પ્રાશ્નિકોની નિમણૂકો કરવાની સંપૂર્ણ સત્તા કુલપતિશ્રીને આપવી જોઈએ અને તેમનાં નામ, પછીથી પણ પેનલની ચોપડીમાં કે પરીક્ષકોની યાદીમાં પ્રસિદ્ધ કરવાં નહિ. વધુમાં આ પરીક્ષાઓના પ્રત્યેક પ્રાશ્નિકને રૂા. ૫૦નું વેતન આપવાનું રાખવું.	૧. આ સૂચનનો અમલ કરવા માટેનાં સૂચનો : (અ) સંબંધકર્તા પરીક્ષાસમિતિ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની અનુમતિથી થિયરીના પ્રાશ્નિકો કુલપતિશ્રી નીમે અને તેના નિયુક્તિપત્રો તેમના અંગત મદદનીશ મારફત તૈયાર કરાવી મોકલી શકાય. (બ) પરીક્ષા વિભાગ કાર્યક્રમ તથા પ્રાશ્નિકોને જે તે જરૂરિયાતોના સેટ તૈયાર કરી કવર તૈયાર કરે, જેના પર ઘટતાં સરનામાં વગેરે કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ, કુલપતિશ્રીના અંગત મદદનીશ જાતે જ ગુપ્ત રીતે કરે અને કવરો રવાના કરે. (ક) પ્રાશ્નિકોના નિયુક્તિપત્રના મુસદ્દામાં ઘટતો જરૂરી સુધારો કરવાનો રહેશે. (ખ) પ્રાશ્નિકોના સ્વીકૃતિપત્ર નિયત કરેલ પરબીડિયામાં કુલપતિશ્રીને બારોબાર મળે તેવી વ્યવસ્થા કરવાની રહે. (ગ) સ્વીકૃતિ આવ્યા પછી અને પ્રાશ્નિક પ્રશ્નપત્ર સુપરત કરે ત્યાં સુધીનો કોઈ પણ પત્રવ્યવહાર વગેરે કન્ટ્રોલર ઑફ એક્ઝામ./ડે. રજિસ્ટ્રાર ગુપ્ત રીતે કરે. (ઘ) આ પ્રાશ્નિકોનાં નામ પરીક્ષા દરમ્યાન કે પછી પણ જે તે સત્તામંડળો માટે રજૂ કરવાનું રાખવું નહિ તેમ ઠરાવ હોઈ તે મુજબ કરી શકાય, પણ સિન્ડિકેટની જાણ કે બહાલી માટે મૂકવાનું રાખવું જોઈએ તેમ માનવું છે. (છ) રૂા. ૫૦ પ્રત્યેક પ્રાશ્નિકને વેતન આપવા બાબત સિન્ડિકેટની મંજૂરી મળ્યેથી પુસ્તકમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓમાં વિજ્ઞાનના વિષયો માટે ફક્ત એક જ પ્રાશ્નિક નીમવાનું રાખવું, અને તેમને પોતાનાં સૂચનો દ્વારા મદદ

કરવા માટે મધ્યે વધુ વ્યક્તિઓ નીમવાનું રાખવું, પણ છેવટનો પ્રશ્નપત્ર, ઉપર જણાવ્યા મુજબ, ફક્ત એક જ પ્રાશ્નિકે કાઢવાનો રહેશે એ સ્પષ્ટ કરવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ નિમણૂકો અંગે પરીક્ષાસમિતિની અને/અથવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ હોય કે ન હોય તોપણ સિન્ડિકેટે પોતે જ સ્વતંત્ર રીતે તે નિમણૂકો કરવાનું રાખવું.

સદરહુ સમિતિની બાકીની ભલામણો પરનો વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૪. દેખભાળ સમિતિની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણો અને/અથવા મોંઘવારી ભથ્થાની સંપૂર્ણ ચુકવણી જે સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓએ કરી નથી તેમને જણાવવું કે યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણો અને મોંઘવારી ભથ્થાંની ચુકવણી તેમના શિક્ષકોને કરીને તા. ૩૧-૩-૧૯૬૯ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી; અગર જો તેમ કરવાનું તેઓ ચૂકશે તો તેમની સામે નીચે જણાવેલ કોઈ એક કે વધુ પગલાં લેવામાં આવશે :

(૧) પરીક્ષા માટે કેન્દ્ર ન રાખવું;

(૨) વધારાના વિષયો માટે જોડાણ આપવા માટે ભલામણ કરવી નહિ;

(૩) ચાલુ જોડાણ ફક્ત ટૂંકી મુદત માટે જ આપવા માટે ભલામણ કરવી; અને

(૪) ગ્રાન્ટ માટે કોઈ પણ પ્રસ્તાવની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ ન કરવી.

૨૫. એમ.એ., પાર્ટ ૧ અને પાર્ટ ૨ની ગૃહવિજ્ઞાન(Home Science)ની પ્રાયોગિક પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂકો અંગેનો ઉલ્લેખ મહેનતાણાના કરની પુસ્તિકામાં નહિ હોઈ, કાયમી ધોરણે આ પરીક્ષાઓ માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એમ.એ., પાર્ટ ૧ની નિમણૂકો બી.એ.ના ધોરણે મંજૂર કરવામાં આવેલ છે, જ્યારે એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ એમ.એ., પાર્ટ ૨ની નિમણૂકો કામચલાઉ ધોરણે તે વર્ષ પૂરતી જ મંજૂર કરવામાં આવેલ છે.

ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિનાં અધ્યક્ષ ડૉ. લીલાબહેન શાહે તેમ જ વિનયન વિદ્યાશાખાના ડીન આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકરે એમ.એ., પાર્ટ ૧ના ધોરણે ઉપરોક્ત નિમણૂકો કરવા સૂચવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. પાર્ટ ૧ અને ૨ની ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂકો અને તેમના મહેનતાણાના દર નીચે મુજબ રાખવા :

M.A. Part I and II Examinations

(A batch to consist of 20 studeuts)

Subject	*Days for preparation*	*Days for cleaning up*	*Expert Assi-stant*	*Labora-tory Assi-stant*	*Store-keeper*	*Hamal*
Home Science in which subject where practicals are laid down	2 days 1 Expert Asstt. 1 Laboratory Asstt. 2 Hamals	1 day 1 Laboratory Asstt. 2 Hamals	1	1	–	2

M.A. (Home Science) Part I and II Examinations

		Rs. P.
Expert Assistant	..	12-00
Laboratory Assistant	..	8-00
Hamal	..	3-00

૨૬. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક એક પૂર્ણ સમય પ્રાધ્યાપક સિવાયના અત્યાર સુધી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

(નોંધ.— આચાર્યશ્રીએ અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. એન. એમ. શાહની તથા વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. એચ. દેસાઈની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બે મુખ્ય વિષયોના શિક્ષણકાર્ય માટે ખંડ સમયના પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર કરી શકાય નહિ એમ સદરહુ કૉલેજને જણાવવું અને ચાલુ વર્ષે અત્યાર સુધી તે મુજબ ચલાવવા માટે તેને ઘટતો ઠપકો આપવો.

૨૭. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. ડી. એન. પંચાસરાને તેઓ તા. ૧૭-૫-૧૯૫૫થી તા. ૩૧-૧૦-૧૯૫૫ સુધી હંગામી જગા પર હતા તે સમય દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેમની તા. ૬-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. પંચાસરાને તા. ૧૭-૫-૧૯૫૫થી પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવો.

૨૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ટી. મિસ્ત્રીને તા. ૨-૧-૧૯૬૩થી તા. ૧૭-૬-૧૯૬૫ સુધીની તેઓએ આપેલી ટેકનિકલ આસિસ્ટન્ટની હંગામી સેવાઓ દરમ્યાન પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૧-૧૧-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ટી. મિસ્ત્રીને તા. ૨-૧-૧૯૬૩થી ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યાના તેમના પગારના ધોરણે પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવો.

૨૯. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

ઠરાવ : "ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૮થી તા. ૩૦-૯-૧૯૬૮ સુધીના છમાસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટને જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૦. ગ્રંથાલય સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભાએ કુલપતિશ્રીને આપેલી સત્તાના આધારે કુલપતિશ્રીએ ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી નીચેની કામચલાઉ જગ્યાઓ ચાલુ રાખવા માટે ભલામણ કરી છે તેને મંજૂર કરવા બાબત :

૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	... ૧ જગ્યા
૨.	કારકુન	... ૧ જગ્યા
૩.	ટાઇપિસ્ટ	... ૧ જગ્યા
૪.	પટાવાળા	... ૧ જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપર જણાવ્યા મુજબની જગ્યાઓ તા. ૧-૧-૧૯૬૯થી ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી ચાલુ રાખવી.

૩૧. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે શ્રી. ટી. એસ. નાન્દી સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને ઓછામાં ઓછા બે ખાસ પગારવધારા આપવા અંગે તેમની તા. ૧૯-૧૦-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ટી. એસ. નાન્દીની સદરહુ અરજી મંજૂર કરવી નહિ.

૩૨. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી અનુક્રમે બાબતો નં. ૪૫, ૪૬, ૪૭, ૫૩, ૫૮, ૬૦, ૭૩, ૭૪, ૮૫, ૯૧, ૯૨ અને ૯૩ની વિચારણા કરવામાં આવી.

૪૫. ફાઇનાન્સ કમિટીના સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ત્રણ વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. કુલપતિશ્રી
૨. રૉ. એ. એમ. ત્રિવેદી
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. શ્રી. આર. બી. શાહ

૪૬. સિન્ડિકેટે નીમેલી કાનૂનવિષયક સ્થાયી સમિતિની મુદત તા. ૧૯મી ડિસેંબર ૧૯૬૮ના રોજ પૂરી થતી હોવાથી નવા સભ્યો નિયુક્ત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી અને તેમના સભ્યપદની મુદત તા. ૧૦મી ડિસેંબર ૧૯૭૧ સુધીની રાખવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી
૩. આચાર્ય વી. આર. રણદીવે
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૫. આચાર્ય એમ. એસ. પંડિત.

૪૭. સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભાની બાબત ક્રમાંક ૬૮થી સંશોધન શિષ્યવૃત્તિઓ અંગેની સમિતિની તા. ૨૮-૮-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર રાખેલી તે પૈકી ભલામણ ક્રમાંક ૬(૧૩)માં નીચે મુજબના સુધારો કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

" શ્રી. જે. એમ. ત્રિવેદીને ૧૯૬૬-૬૭માં આપવામાં આવેલ યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ (૧૯૬૮-૬૯) દરમ્યાન ચાલુ રાખવી. "

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૩. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ ઉપરના સભ્યોની નિમણૂકની ત્રણ વર્ષની મુદત પૂરી થતી હોઈ સદરહુ સમિતિ પર સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી અને તેમના સભ્યપદની મુદત તા. ૧૦મી ડિસેંબર ૧૯૭૧ સુધીની રાખવી:

૧. કુલપતિશ્રી
૨. પ્રો. એમ. પી. પંડ્યા
૩. શ્રી. જે. બી. હરિભક્તિ
૪. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૫. આચાર્ય વી. આર. રણદીવે
૬. શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય
૭. શ્રી. કુલસચિવ.

૫૮. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરે પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસના વિષયનું જોડાણ મળ્યું ન હોવા છતાં પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસના વિષય માટે વિદ્યાર્થીઓ લીધા હોવાથી તે વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવા પરવાનગી માગતા વડનગર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૧૩-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પ્રથમ વર્ષ બી.એ.ની પરીક્ષામાં ઇતિહાસના વિષય સાથે બેસવા માટે, અપવાદ તરીકે, પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇતિહાસના વિષયમાં સદરહુ કૉલેજને જોડાણ મળ્યું નથી તે છતાં પ્રથમ વર્ષ બી.એ.માં વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યનો ખુલાસો આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૬૦. તા. ૩૦-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટે ૧૯૬૯ની પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા અંગે નીમેલ સમિતિની તા. ૧૨-૧૨-૧૯૬૮ની સભાએ નીચે પ્રમાણે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત:

"વધુમાં ભલામણ કરવાની કે જે વિદ્યાર્થી જે કૉલેજમાંથી પરીક્ષા માટે બેસતા હોય તે કૉલેજ જે સ્થળે આવેલ હોય તે સ્થળ પરીક્ષાકેન્દ્ર તરીકે હોય તો તેઓએ તે કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે, પરંતુ ખાસ સંજોગોમાં જો કોઈ વિદ્યાર્થીને કેન્દ્ર બદલવું હોય તો કુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવીને જ કેન્દ્ર બદલી શકાશે."

આથી ઠરાવવામાં આવે છે કે "જે વિદ્યાર્થીઓ જે કૉલેજમાંથી પરીક્ષા માટે બેસતા હોય તે કૉલેજ જે સ્થળે આવેલ હોય તે સ્થળ પરીક્ષાકેન્દ્ર તરીકે હોય તો તેઓએ તે કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે, પરંતુ ખાસ સંજોગોમાં જો કોઈ વિદ્યાર્થીને કેન્દ્ર બદલવું હોય તો કુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવીને જ કેન્દ્ર બદલી શકાશે." આ નિયમ લેખિત તેમ જ પ્રાયોગિક બેઉ પ્રકારની પરીક્ષાઓને લાગુ પડશે.

૭૩. તા. ૩૦-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટે ૧૯૬૯ની પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો નક્કી કરવા નીમેલી સમિતિએ તેની તા. ૧૨-૧૨-૧૯૬૮ની સભામાં માર્ચ ૧૯૬૮માં લેવાયેલ

પ્રથમ બી.એસસી. પરીક્ષાના ભૌતિકશાસ્ત્રનાં પેપર ૧ અને ૨ અંગેની કૂટ અંગે તપાસ માટે નીમેલી સમિતિના અહેવાલના સંદર્ભમાં કાર્યાલયે પરીક્ષાકેન્દ્રો ઘટાડવા બાબત અંગે કરેલા સૂચન પર વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-યુનિ. વિજ્ઞાન અને ફર્સ્ટ બી એસસી પરીક્ષાનાં માત્ર ત્રણ કેન્દ્રો રાખવાથી વિદ્યાર્થીઓને ઘણી જ મુશ્કેલી પડશે. તે ઉપરાંત કેન્દ્ર ઉપર પરીક્ષાઓની ગોઠવણ કરવાની તેમ જ વિદ્યાર્થીઓને રહેવાની પણ મુશ્કેલીઓ રહે. આથી સૂચન છે કે હાલ પેપરો જે કેન્દ્રોમાં છપાય છે તે કેન્દ્રોમાંથી કેટલાંક કેન્દ્રોમાં પેપરો છાપવાનું બંધ કરવું. પરીક્ષાની શુદ્ધતા જળવાઈ રહે તે માટે નિરીક્ષકો બીજાં કેન્દ્રોમાંથી મોકલવાનું વિચારવું. ઉપરોક્ત સૂચન પ્રમાણે સને ૧૯૬૯ની પરીક્ષાઓ માટેના પ્રશ્નપત્રો નીચે જણાવેલ ઝોન પર છપાવી તેમની સાથે જણાવેલ કેન્દ્રો પર પ્રશ્નપત્રો પહોંચાડવાની વ્યવસ્થા કરવી :

પ્રશ્નપત્રો છાપવાનાં સ્થળો		પ્રશ્નપત્રો મોકલવાનાં સ્થળો
અમદાવાદ	...	પિલવાઈ, માણસા, કડી, ધોળકા, ધંધુકા, હિંમતનગર, વીરમગામ, દહેગામ, કલોલ, બેડા, મોડાસા અને તલોદ
નડિયાદ	...	ખંભાત, કપડવંજ, પેટલાદ, ડાકોર, બોરસદ, ભાદરણ અને મહુધા
ગોધરા	...	દેવગઢબારિયા, દાહોદ, લુણાવાડા અને છોટાઉદેપુર
મહેસાણા	...	પાલનપુર, સિદ્ધપુર, ઊંઝા, વીસનગર, વડનગર અને પાટણ
ડભોઈ	...	સંખેડા, બોડેલી, અને મિયાંગામ-કરજણ
ભૂજ	...	આદિપુર અને માંડવી.

(૨) વધુમાં ભલામણ કરવાની કે જે તે ઉપર જણાવેલ ઝોનમાં જે પ્રેસમાં પ્રશ્નપત્રો છાપવાનું નક્કી કરવામાં આવે તેમાં પ્રશ્નપત્રો બરાબર છપાઈ શકે એમ છે કે કેમ તે અંગેની ચકાસણી કરવી અને જરૂર પડે તો તે ઝોનના બીજા પ્રેસમાં અથવા એકથી વધુ પ્રેસને કામ આપી પેપરો છપાવવા અંગે ઘટતી વ્યવસ્થા કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રશ્નપત્રો છાત્રને મોકલવા માટે નીચે મુજબની વ્યવસ્થા મંજૂર કરવી અને તે અંગે જરૂરી તમામ કાર્યવાહી અને ખર્ચ કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી :

(૧) અમદાવાદ કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્રો છાપીને નીચેનાં સ્થળોએ મોકલવાનું રાખવું :
કડી, કલોલ, ધોળકા, વીરમગામ અને દહેગામ;

(૨) નડિયાદ કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્રો છાપીને નીચેનાં સ્થળોએ મોકલવાનું રાખવું :
ખંભાત, કપડવંજ, પેટલાદ, ડાકોર, બોરસદ, ભાદરણ, મહુધા અને બેડા;

(૩) મહેસાણા કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્રો છાપીને નીચેના સ્થળોએ મોકલવાનું રાખવું :
પાલનપુર, સિદ્ધપુર, ઊંઝા, વીસનગર, વડનગર, પાટણ, માણસા અને પિલવાઈ;

(૪) ગોધરા કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્રો છાપીને દેવગઢબારિયા અને લુણાવાડા મોકલવાનું રાખવું;

(૫) ડભોઈ કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્રો છાપીને સંખેડા અને બોડેલી કેન્દ્ર પર મોકલવાનું રાખવું;;
ઉપરાંત ડભોઈ કેન્દ્ર પરથી જ મિયાંગામ-કરજણ પ્રશ્નપત્ર છાપીને મોકલાવી શકાય તેમ છે કે કેમ તે અંગે આચાર્યશ્રીને પુછાવવું;

(૬) મોડાસા કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્ર છાપીને તલોદ કેન્દ્ર પર મોકલવાનું રાખવું; અને
(૭) ભૂજ કેન્દ્ર ઉપરથી પ્રશ્નપત્ર છાપીને આદિપુર મોકલવાનું રાખવું.

ઉપરાંત નીચેનાં કેન્દ્રો પર પ્રશ્નપત્રો સ્વતંત્ર રીતે છાપવાનું રાખવું :

છોટાઉદેપુર, દાહોદ, ધંધુકા, હિંમતનગર, માંડવી (કચ્છ) અને મિયાંગામ-કરજણ

[ઉપર (૫) મુજબની વ્યવસ્થા શકય ન જણાય તો].

૭૪. સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિએ સૂચવેલું સને ૧૯૬૮-૬૯ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (revised) અંદાજપત્ર અને સને ૧૯૬૯-૭૦ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (revised) અંદાજપત્ર અને સને ૧૯૬૯-૭૦ના વર્ષનું અંદાજપત્ર એમ બેઉ અંદાજપત્રો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં અંદાજપત્રોની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૭૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) મુજબ સેનેટના ૪૬ જેટલા સભ્યોની સહીથી આવેલ નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં, જે જુદી જુદી બૅંકોમાં ફિકસ્ડ ડિપૉઝિટોમાં મૂકવામાં આવે છે તેના ઉપર મળતું બ્રોકરેજ લેવાની અત્યાર સુધી પ્રથા નથી તે શરૂ કરવા સેનેટની આ સભા ઠરાવે છે."

(૨) "યુનિવર્સિટીનું કાર્યતંત્ર સ્વચ્છ અને નિષ્કલંક રહે તથા તેની જાહેર જનતાને પ્રતીતિ થાય તે હેતુથી યુનિવર્સિટી કાર્યાલયનાં તથા યુનિવર્સિટી અંગેનાં કોઈ પણ કાર્યોમાં જે નાણાકીય ગેરરીતિઓ તરફ યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવામાં આવે તો સદરહુ તપાસ યુનિવર્સિટીના બોર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવા તથા તેની ભલામણના આધારે સિન્ડિકેટ નિર્ણય કરે તેમ કરવા તથા આજદિન પર્યંત યુનિવર્સિટી તરફથી જે જે સરકારી તથા અન્ય બૅંકોમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવામાં આવ્યાં છે, જેના બ્રોકરેજના સંદર્ભમાં થયેલ તપાસ પણ સદરહુ બોર્ડ ઑફ એકાઉન્ટ્સને પુનઃ સોંપવા સેનેટની આ સભા ઠરાવે છે."

સદરહુ બાબત અંગેની ચર્ચા દરમ્યાન કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે ભારતની બધી યુનિવર્સિટીઓને આ વિષે લખી પુછાવ્યું હતું, તે પરથી મોટા ભાગની યુનિવર્સિટીઓના જવાબો આવેલા છે તે પરથી જણાય છે કે તેમાંના કોઈ પણ યુનિવર્સિટી બૅંકોમાંની પોતાની ડિપૉઝિટો પર બ્રોકરેજ મેળવતી નથી.

તે પછી સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(અ) (૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનાં ફાજલ નાણાં હવે પછી જુદી જુદી બૅંકોમાં ફિકસ્ડ ડિપૉઝિટોમાં મૂકવા માટે યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સને ગુજરાત યુનિવર્સિટીના બ્રોકર તરીકે નીમવામાં આવે અને બૅંકો તરફથી જે બ્રોકરેજ મળે તે સ્વીકારવા માટે જરૂરી સત્તા આપવામાં આવે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવ (અ) (૧)ની સેનેટને જાણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં કાજલ નાણાંના બૅંકોના રોકાણ અંગેના ક્રૉકરેજની બાબતમાં સિન્ડિકેટે ઝીણવટભરી તપાસ કરી છે અને તેથી તે બાબતમાં યુનિવર્સિટીના કાર્યતંત્ર અંગે સિન્ડિકેટને સંતોષ થયો છે અને તે અંગેની તપાસ બૉર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાની જરૂર જણાતી નથી. બાકી નાણાકીય ગેરરીતિઓ અંગેની તપાસ બૉર્ડ ઑફ એકાઉન્ટ્સને સોંપવાના સિદ્ધાંતની તરફેણમાં સિન્ડિકેટ છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૯૧. વર્ષ ૧૯૬૭-૬૮ના યુનિવર્સિટીના અહેવાલમાં વાર્ષિક અહેવાલ અંગે નિમાયેલી સમિતિએ ઘડેલ વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ, સદરહુ સમિતિએ કરેલાં સૂચનો સાથે, મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા વાર્ષિક અહેવાલની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૯૨. ૧૯૬૯માં લેવાનાર બી.એડ.ની પરીક્ષા માટે નીચેનાં કેન્દ્રો બી.એડ. પાર્ટ ૨ માટે રાખવામાં આવ્યાં છે. પરંતુ આ કેન્દ્રોને બી.એડ. પાર્ટ ૧ની પરીક્ષા માટે પણ કેન્દ્રો રાખવાની માગણી આવેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત:

ખંભાત, ખેડા, મોડાસા અને પાટણ.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.ની પરીક્ષા માટે ચાલુ વર્ષે સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં બાબત નં. ૧૦૬ના ઠરાવમાં જે નિર્ણય કર્યો છે તે નિર્ણયમાં કશો ફેરફાર કરવો નહિ.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૪-૧-૧૯૬૯ના રોજ બંધ કરવામાં આવ્યું અને તા. ૫-૧-૧૯૬૯ના રોજ સભા ફરીથી મળતાં એજન્ડા પરનું બાકી રહેલું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૩૩. વનસ્પતિશાસ્ત્ર વિષયની પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત:

		રૂ. પૈ.
શ્રી. જે. જે. ચિનોય, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	...	૧૦૩-૬૦
શ્રી. સી. કે. શાહ, વનસ્પતિવિજ્ઞાનના રીડર	...	૧૦૩-૬૦
શ્રી. બી. એસ. વૈદ્ય, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	...	૧૦૩-૬૦
શ્રી. એ. બી. વોરા, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	...	૧૦૩-૬૦
શ્રી. આઈ. સી. દવે, રિસર્ચ ફેલો	...	૧૦૩-૬૦
શ્રી. બી. એમ. જાની, રિસર્ચ ફેલો	...	૧૦૩-૬૦

(**નોંધ.**—પરિભાષાનાં ૩૧૦૮ કાર્ડ્ઝ તૈયાર કરવા અંગે રૂ. ૦૦-૨૦ પૈસાના દરે રૂ. ૬૨૧-૬૦ પૈસા ચૂકવવાના થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં દાખલ કરવા ધારેલ 'નેશનલ સર્વિસ કોર'ની યોજનામાં આપણી યુનિવર્સિટીમાંથી ૧૨૦૦ વિદ્યાર્થીઓને જોડાવા માટેની ફરમાસ્ત છે. આ માટે આપણી પાસે ૪૧ કૉલેજોમાંથી ૨૮૫૦ નામો આવેલ છે, તો કૉલેજોની અને વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવવા માટે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. કૉલેજોના જોડાણ અંગે યુનિવર્સિટી પોતાનું કર્તવ્ય અને જવાબદારીઓ સારી રીતે બજાવી શકે તે માટે કોઈ તંત્ર ઊભું કરવા અંગે યુનિવર્સિટીનાં મંતવ્યો-ફરમાસ્તો મંગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૧-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૧૨૫-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના સંચાલનની દેખરેખની બાબતમાં યુનિવર્સિટીમાં હાલ જે કાર્યવાહી કરવામાં આવે છે તેનો યથાતથ ખ્યાલ આપવો.

૩૬. જોડાણની શરતરૂપે જે કૉલેજોએ પોતાનું મકાન જૂન ૧૯૬૮ સુધીમાં તૈયાર કરવું જોઈતું હતું પરંતુ કરેલ નથી તે પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે નીચેની કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ સમયમર્યાદા સુધીમાં પોતાનું મકાન હોવાની આવશ્યકતા એ જોડાણની એક શરત હતી તેની તેમને યાદ આપીને હવે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પૂરતી જોગવાઈવાળું મકાન બાંધીને તા. ૩૧-૫-૧૯૬૯ સુધીમાં આ કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું :

૧.	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર	... ૧૯૬૫
૨.	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	... ૧૯૬૭
૩.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	... ૧૯૬૭
૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	... ૧૯૬૭
૫.	ભક્ત વલ્લભઘેાળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... ૧૯૬૭
૬.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	... ૧૯૬૭
૭.	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	... ૧૯૬૮
૮.	એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	... ૧૯૬૬.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ તારીખ સુધીમાં પોતાનું મકાન બાંધવાની જવાબદારી જોડાણની શરતના એક ભાગરૂપે મૂકવામાં આવેલી છે તે બાબત તરફ તે કૉલેજોના આચાર્યોનું ધ્યાન ખેંચીને જણાવવું કે સદરહુ શરતના પરિપાલન અંગે કોઈ પણ જાતની નોંધપાત્ર કામગીરી હજુ થઈ હોય તેમ જણાતું નથી તે બાબત ભારે ચિંતાજનક ગણાય અને તેથી

તેમને સખત તાકીદ આપવી કે કૉલેજને માટે પૂરતી સુવિધાવાળું મકાન બાંધીને તા. ૩૧-૫-૧૯૬૯ સુધીમાં આ કાર્યાલયને જાણ કરવી :

૧. આર્ટ્સ કૉલેજ, સંખેડા ... ૧૯૬૫
૨. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર ... ૧૯૬૭
૩. યુનિવર્સિટી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા ... ૧૯૬૭
૪. સાયન્સ કૉલેજ, કડી ... ૧૯૬૮.

(૩) નીચેની કૉલેજો પોતાનાં મકાનોમાં બેસતી નથી, તેમ છતાં તે કૉલેજો અન્ય ટ્રસ્ટની કે ડેન્ટલ કૉલેજના કેસમાં છે તેમ સરકારની માલિકીનાં મકાનોમાં બેસે છે તે મકાન તે કૉલેજોના જ ઉપયોગ માટે બાંધવામાં આવેલું છે અને પૂરતી સગવડ ધરાવે છે તે જોતાં, સદરહુ કૉલેજોને માટે પોતાની જ માલિકીનું મકાન હોવું જોઈએ એવો આગ્રહ રાખવાની જરૂર નથી :

૧. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજ, અમદાવાદ
૪. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના મકાનનું કામકાજ લગભગ પૂરું થઈ ગયેલું હોઈ તે કૉલેજને મકાન બાંધવાની જોડાણની શરત અંગે વિશેષ ભાવે લખવાપણું રહેતું નથી.

(૫) વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજોને માટે જોડાણની એક શરતરૂપે જૂન ૧૯૬૯થી પોતાનું મકાન બાંધવાનું આવશ્યક ગણવામાં આવ્યું છે તેમને પણ પત્ર લખીને તે શરતનું પરિપાલન વેળાસર થાય તે જોવા માટે જણાવવું.

૩૭. અમુક કૉલેજ કે કૉલેજોને સ્વાયત્ત સ્વરૂપ આપવાની જરૂરિયાત તથા શક્યતા તપાસવા અને જો કોઈ પ્રસ્તાવ રજૂ કરવો હોય તો તે કરવા અંગે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના મંત્રીશ્રીના તા. ૧લી નવેંબર ૧૯૬૮ના પત્રાંક એફ. ૨૨-૧-૬૮ (સી-૨) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારામાં કોઈ પણ કૉલેજ કે કૉલેજોને સ્વાયત્ત સ્વરૂપ આપવા માટેની જોગવાઈ નથી, અને વિશેષમાં ઉમેરવું કે આ યુનિવર્સિટીનાં સ્વાયત્ત કૉલેજ કાઢવા માટેનો કોઈ પણ પ્રસ્તાવ હાલને તબક્કે મોકલી શકાય તેમ નથી.

૩૮. પ્રિ. સી. એલ. શાસ્ત્રીના નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"જ્યાં બે ફેકલ્ટી હોય ત્યાં ૪ વર્ગો પ્રત્યેક ફેકલ્ટી પ્રમાણે ગણી બન્નેને ૨ ડિવિઝન અપાય તો ૧૬ ડિવિઝન થાય તેમ કરી શકાય. ૧૫૦૦ની મર્યાદા સાચવી ૧૬ વર્ગો ચલાવી શકાય."

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિનન્સમાં પ્રી-યુનિવર્સિટી કક્ષાના વર્ગોની વધુમાં વધુ સંખ્યા ૪ને બદલે ૫ કરીને તથા કુલ વર્ગો માટેની વધારેમાં વધારે સંખ્યા ૧૪ જેટલી નિયત કરી છે તે નિયમન ૨૬ કરીને સદરહુ ઑર્ડિનન્સમાં જરૂરી સુધારા કરીને તેનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૩૯. ગયા મે માસમાં કોલ્હાપુરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા શિવાજી યુનિવર્સિટી તરફથી પ્રાકૃતના સેમિનારની યોજના કરવામાં આવી હતી, તેમાં પ્રાકૃતના અભ્યાસને ઉત્તેજન આપવા ઘણાં ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં હતાં. તેના રિપોર્ટના સંદર્ભમાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.એ.માં ગૌણ તથા મુખ્ય વિષય તરીકે પ્રાકૃત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા સારી એવી હોય છે, પરંતુ તેમને પાઠ્યપુસ્તકો મળતાં નથી. તેથી તેવાં પાઠ્યપુસ્તકો છપાવવામાં યુનિવર્સિટી અમુક અંશે આર્થિક મદદ કરે તે જરૂરી લાગે છે. માટે આ બાબતમાં યોગ્ય કરવા સિન્ડિકેટને વિનંતી કરવી."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૪૦. સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
(૧)	શ્રી. કે. આર. પટેલ	વિજ્ઞાન	૧. મૅથેમેટિક્સ, અને ૨. આંકડાશાસ્ત્ર
(૨)	શ્રી. એન. વી. રાવળ	વિનયન	૧. એજ્યુકેશન, અને ૨. આંકડાશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૪૧. એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાંથી અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક એકાએક છૂટા થયા હોવાથી તેમને સ્થાને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક સત્રની અધવચ્ચે મળવાનું શંકાસ્પદ હોવાથી સદરહુ વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચલાવવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને નીચેની શરતોએ અર્થશાસ્ત્રનું શિક્ષણ મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કરીને ચાલુ વર્ષે ચલાવવા માટે પરવાનગી આપવી :

(૧) મુલાકાતી પ્રાધ્યાપકને પોતાની કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ આપી શકાય તે કાર્યભોજ ઉપરાંત વધુ બે વ્યાખ્યાનો મુલાકાત માટે બોલાવનારી કૉલેજમાં આપી શકાશે;

(૨) સદરહુ વિષય માટે ઓછામાં ઓછાં ચાર વ્યાખ્યાનો મુલાકાતી પ્રાધ્યાપક કે પ્રાધ્યાપકો દ્વારા યોજવાનાં રહેશે અને મુલાકાતી પ્રાધ્યાપકને બોલાવવાની વ્યવસ્થા પ્રાધ્યાપકની મૂળ કૉલેજના આચાર્યશ્રીની સંમતિ વિના કરી શકાશે નહિ;

(૩) મુલાકાતી પ્રાધ્યાપક જે કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાનો આપવા માટે જાય તે કૉલેજમાં એક જ વર્ગમાં કોઈ પણ એક જ દિવસે બેથી વધુ વ્યાખ્યાનો લઈ શકાશે નહિ; અને

(૪) મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા બીજા કોઈ પણ વિષય માટે મંજૂર કરવામાં આવશે નહિ.

૪૨. પતિયાળાની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ તરફથી વ્યાયામની ડિગ્રી કે ડિપ્લોમા ધરાવનાર શિક્ષકો માટે જુદી જુદી રમતો માટેની તાલીમના સાડા ચાર માસના ટૂંકા ગાળાના અભ્યાસક્રમમાં જોડાવા માટે પરવાનગી આપવા યુનિવર્સિટીના આસિસ્ટન્ટ ડી.પી.ઈ. શ્રી. લાલજીભાઈ ઠક્કરની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. લાલજીભાઈ ઠક્કરને તેમના હાલના ચાલુ વેતને સદરહુ અભ્યાસક્રમમાં જોડાવા માટે પરવાનગી આપવી.

૪૩. તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત નં. ૬૧, ૧૨૨ અને ૧૨૩થી ખોટી હાજરી અંગેના કેસો પર ઘટતી વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટના સભ્યો (૧) ડૉ. ય. ગુ. નાયક, અને (૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીની સમિતિ રચવાનું ઠરાવ્યું હતું, પરંતુ તેઓ પૈકી ડૉ. ય. ગુ. નાયક હવે સિન્ડિકેટના સભ્ય રહેતા ન હોવાથી તેમની અવેજીમાં અન્ય કોઈની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખોટી હાજરી અંગેના જે કેસો વખતોવખત યુનિવર્સિટી કાર્યાલયના ધ્યાનમાં આવે તે જોઈતપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી, અને તેની મુદત તા. ૧૦મી ડિસેંબર ૧૯૭૧ સુધીની રાખવી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય એમ. સી. શાહ.

૪૪. શ્રી. બી. આર. શિનોય તથા શ્રી. એમ. સી. દેસાઈ સિન્ડિકેટના સભ્યપદેથી ફારેગ થયેલા હોવાથી નીચે જણાવેલી બેંકો સાથે ચાલુ ખાતાની લેવડદેવડ કરવા માટે તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

	બેંકનું નામ		ખાતાનું નામ
[અ]	(૧) બેંક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	...	ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ
	(૨) બેંક ઑફ બરોડા લિ., નવરંગપુરા		
	(૩) સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ભદ્ર		
[બ]	બેંક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	...	ગુજરાત યુનિવર્સિટી ઇમર-જાર્જ ફંડ એકાઉન્ટ
[ક]	બેંક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા	...	ગુજરાત યુનિવર્સિટી બિલ્ડિંગ એકાઉન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે બેંક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ભદ્ર અને બેંક ઑફ બરોડા લિ., નવરંગપુરામાં (૧) યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ, (૨) યુનિવર્સિટી બિલ્ડિંગ ફંડ એકાઉન્ટ, તથા (૩) યુનિવર્સિટી ઇમર-જાર્જ ફંડ એકાઉન્ટનાં ચાલુ ખાતાંની લેવડદેવડ કરવા માટે શ્રી. બી. આર. શિનોય તથા શ્રી. એમ. સી. દેસાઈને બદલે શ્રી. જે. જે. ચિનોય તથા શ્રી. એમ. સો. શાહને સત્તા આપવી.

બાબત ક્રમાંક ૪૫, ૪૬ અને ૪૭ ની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૩૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૮. સર્વશ્રી એમ. સી. દેસાઈ, મણિશંકર પંડ્યા અને અશ્વિનકુમાર ત્રિવેદીના તા. ૧૨-૧૨-૧૯૬૮ના પત્રથી આવેલ નીચેનાં ત્રણ સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) "For appointing examiners to the post-graduate examinations as well as the paper-setters in other examinations, the rule of six terms may not be insisted."

(2) "The question-paper at the under-graduate examinations should consist mostly of questions which require short terse but positive answers which will test comprehension rather than memory."

(3) "The total marks earned by any candidates in any paper must be indicated both in words and figures. This refers to front-page of main answer-books as well as in marksheets."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) ડૉ. ટી. પી. ચિતાનંદ ... માન્ય અનુસ્નાતક શિક્ષક.

(૨) પ્રો. આર. ડી. જોશી ... જૂન ૧૯૬૯થી નિમણૂક કરવામાં આવી છે. તેઓ હાલ તલોદ કૉલેજમાં એમ.એ. અંગ્રેજી વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ

૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન.

૫૦. આપણી યુનિવર્સિટીમાં એમ.ડી.(ટ્યુબરકયુલોસિસ)નો અભ્યાસક્રમ બંધ થયો છે, પરંતુ આ અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓ સદરહુ પરીક્ષામાં અનુત્તીર્ણ રહેતાં આ અભ્યાસક્રમની પરીક્ષાઓ વધુ કેટલા સમય સુધી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી. (ટ્યુબરકયુલોસિસ)ની વધુ બે પરીક્ષાઓ લેવાનું રાખવું.

૫૧. સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી તે ૫૨ વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદના અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂા. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના મૅચિંગ શૅર પેટે તે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂા. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી આવી માગણીઓ માટે બચતથી વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત/અંદાજી બચતમાંથી તેમને તેમના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે મદદ મળે તેની સાથે મેચિંગ શૅર પેટે આર્થિક સહાય આપવાની બાબતમાં જરૂરી નિયમો ઘડીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૫૨. યુનિવર્સિટી દ્વારા અપાતી જુદી જુદી સ્કૉલરશિપ એનાયત કરવા સિન્ડિકેટને ભલામણ કરવા માટે રચાયેલી રિસર્ચ સ્કૉલરશિપ સમિતિની મુદત તા. ૭-૧-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તે ૫૨ તા. ૮-૧-૧૯૬૯થી ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા અપાતી શિષ્યવૃત્તિઓ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને તેની મુદત તા. ૧૦મી ડિસેંબર ૧૯૭૧ સુધીની રાખવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ
૪. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ
૫. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ
૬. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ
૭. ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ
૮. ડૉ. ય. શુ. નાયક
૯. આચાર્ય એમ. એસ. પંડિત.

૫૩. સદરહુ બાબતની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૪૭ પછી કરવામાં આવેલી હોઈ તેનો નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલા તેમના તા. ૩-૧૨-૧૯૬૮ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-૮૧૪૧૩-ખ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — આ અંગે યુનિવર્સિટીએ રાજ્ય સરકાર સાથે ચર્ચાવિચારણા અંગે નીમેલ પ્રતિનિધિમંડળના નેતા શ્રી. ય. ગુ. નાયકનું મંતવ્ય છે કે રાજ્ય સરકાર યુનિવર્સિટીનો પ્રસ્તાવ સ્વીકારે ત્યાર પછી જ યુનિવર્સિટીએ નવાં પગારધોરણો માન્ય કરવાં યોગ્ય થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક નોંધ તૈયાર કરીને સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત કરવા માટે કાર્યાલયને જણાવવું.

૫૫. ઑર્ડિનન્સ ૧૦૯-સી પ્રમાણે હૉસ્ટેલ સલાહકાર સમિતિ ઉપરના ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. પી. સી. વૈદ્ય
૨. પ્રો. એમ. પી. પંડ્યા
૩ શ્રી. ઇન્દ્રવદન અં. મોદી.

(નોંધ. — સદરહુ સમિતિની મુદત તા. ૧૦-૧૨-૧૯૭૧ સુધીની રહેશે.)

૫૬. પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"૧૯૬૮ના ડિસેંબર માસ સુધીમાં યુનિવર્સિટી દ્વારા એક પત્રકારત્વનું વર્કશોપ, જેમાં પત્રકારત્વને લગતું પ્રત્યક્ષ કાર્ય, પરિસંવાદ અને પ્રદર્શનનો સમાવેશ થાય તે માટે રૂા. ૧,૫૦૦ની ગ્રાન્ટ યુનિવર્સિટી મંજૂર કરે તેવી આ સભાની વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક પ્રસ્તાવ તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો.

૫૭. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ.એસ. ઑર્થોપેડીકનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) ડૉ. આર. એલ. દૂધિયા — શિક્ષક
(૨) ડૉ. એ. કે. બાવીશી — મદદનીશ શિક્ષક
(૩) ડૉ. એસ. પી. પટેલ — મદદનીશ શિક્ષક.

અધ્યક્ષશ્રી જણાવે છે કે "ક્લિનિકલ ટીચિંગ વર્ક" તેમની સંસ્થા સાથે સંકળાયેલ નગરી મ્યુનિસિપલ ઑર્થોપેડિક હૉસ્પિટલમાં કરવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. આર. પી. ધાન્ડા

૨. ડૉ. વી. કે. ચીટનીસ.

૫૮. સદરહુ બાબતની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૫૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૯. બાંધકામ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ કરવામાં આવી છે.)

૬૦. સદરહુ બાબતની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૫૮ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૧. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાનાર થર્ડ બી.એ.એમ.એસ.ની પરીક્ષા માટે કેન્દ્ર મુકરર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાનાર થર્ડ બી.એ.એમ.એસ.ની લેખિત તેમ જ પ્રાયોગિક પરીક્ષા માટે સુરત કેન્દ્ર રાખવું.

૬૨. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૮ સુધી લંબાવી હતી, પરંતુ હજુ સુધી લગભગ ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ સાલે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહિ હોવાથી તે મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવી લેવા માટે તાકીદ કરવી.

વધુમા ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવી શકે નહિ તેમને કામચલાઉ ધોરણે અને તેમના હિસાબે ને ભોગે પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી, અને તેમને જણાવવું કે તેઓ તેમનું પરિણામ જાહેર થાય ત્યાં સુધીમાં સદરહુ પ્રમાણપત્ર કઢાવી શકશે નહિ તો તેમનાં સત્રો તેમ જ પરીક્ષા-પ્રવેશ રદ કરવામાં આવશે.

૬૩. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના ઉપક્રમે રાસ મુકામે તા. ૧૬-૧૨-૧૯૬૮થી તા. ૨૮-૧૨-૧૯૬૮ સુધી લેબર એન્ડ સોશિયલ કૅમ્પ યોજવામાં

આવેલ, તે અંગે ભારત સરકારના કેળવણી ખાતા તરફથી તેમના પત્રાંક એફ.-૪-૪૧-૬૮-વાય.એસ.આઈ., તા. ૧૭-૧૨-૧૯૬૮થી ગ્રાન્ટ રૂા. ૩,૧૨૦ મંજૂર કર્યાની નોંધ લેવા તથા આ રકમને તે કૉલેજને આપવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે ગ્રાન્ટની રકમ મળ્યેથી તે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યને ચૂકવી આપવી.

૬૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિમિટેડના બાય-લૉઝ પ્રમાણે તેની વ્યવસ્થાપકસમિતિ ઉપર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર સભ્યોની નિયુક્તિ (nominate) કરવા બાબત.

[નોંધ.—સંબંધકર્તા નિયમના પાઠ નીચે મુજબ છે :

The Managing Committee shall consist of 13 members as follows:

(1) 4 members to be nominated by the the University.
(2) 4 members from the "A" Class share-holders excluding the Government/University.
(3) 3 members to be elected by the "B" Class share-holders.
(4) 1 member to be nominated by the State Government.
(5) 1 Member-ex-officio-Managing Director of the Managing Committee.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટોર્સની વ્યવસ્થાપક સમિતિ પર ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ (ડેપ્યુટી રજિસ્ટ્રાર, ફાઇનાન્સ ઍન્ડ એકાઉન્ટ્સ)
૪. ડૉ. પી. સી. વૈદ્ય.

૬૫. યુનિવર્સિટી પ્રેસમાં તા. ૩૧-૧૦-૧૯૬૮ ને ગુરુવારે "સરદાર પટેલ જયંતી"ના રોજ અગાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાય પ્રેસના ૪૬ કર્મચારીઓના સામુદાયિક ગેર-હાજરીના બનાવ અંગે શ્રી. પ્રેસ-મૅનેજરના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧-૧૦-૧૯૬૮ના રોજ અગાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાય યુનિવર્સિટી પ્રેસના ૪૬ જેટલા કર્મચારીઓની સામુદાયિક ગેરહાજરીના બનાવ તરફ સિન્ડિકેટની આ સભા સખત નાપસંદગી બતાવે છે અને ઠરાવે છે કે તે સભ્યોને લેખિત ચેતવણી આપીને જણાવવું કે ભવિષ્યમાં તેમના આ પ્રકારના ગેરશિસ્તનું પુનરાવર્તન થશે તો તેમની નોકરીનું સાતત્ય તૂટેલું ગણાશે તેમ જ શિસ્તભંગ માટે સજાને પાત્ર ઠરશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને ઉપર (૧) મુજબ ચેતવણી આપીને તા. ૩૧-૧૦-૧૯૬૮ની તેમની રજા, વગર પગારની રજા તરીકે, આ વખતે મંજૂર કરવી.

૬૬. ભારત સરકારની પ્રકાશન યોજના હેઠળ આ યુનિવર્સિટીએ વધુ પ્રકાશનોની આર્થિક સહાય માગવા કરેલ વિનંતી અંગે ભારત સરકારના વૈજ્ઞાનિક તથા તકનીકી શબ્દાવલી આયોગના વરિષ્ઠ અધિકારીના તા. ૨ ડિસેંબર, ૧૯૬૮ના પત્રાંક સં. એફ. ૩.૮-૧૧-૬૮-ટી.-૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૭. નીચે જણાવેલ સ્ટે. ૧૩૦-બી સુધારવા અંગે વિચારણા કરવા બાબત:

St. 130-B:

A sum of Rs. 3,000/- shall be placed annually at the disposal of the Vice-Chancellor by way of sumptuary allowance.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી:

St. 130-B:

A sum of Rs. 7,500/- shall be placed annually at the disposal of the Vice-Chancellor by way of sumptuary allowance.

The Statute as amended above shall be deemed to be effective from 1st April, 1968.

૬૮. સુધરેલી તબીબી તપાસ અંગેની યોજના, જે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં મંજૂર કરી તે પ્રમાણે, યુનિવર્સિટી કેમ્પસ ઉપર આવેલી કૉલેજો સિવાયની કૉલેજોએ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ની ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવાની છે અને તેટલી જ રકમ કૉલેજોએ આપવાની છે, પરંતુ જે કૉલેજો યુનિવર્સિટી કેમ્પસ ઉપર છે તેઓનો તબીબી તપાસ યુનિવર્સિટીનું આરોગ્યકેન્દ્ર કરશે, તેથી આવી કૉલેજો પાસેથી વિદ્યાર્થી દીઠ રૂા. ૧ની રકમ લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ પર આવેલી જે કૉલેજો તેમના વિદ્યાર્થીઓની તબીબી તપાસ યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર પર કરાવવા ઇચ્છતી હોય તેઓ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ની ફી ભરીને તેમ કરાવી શકશે.

૬૯. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી તા. ૨૨-૧૧-૧૯૬૮થી તા. ૨૪-૧૧-૧૯૬૮ના સમય દરમિયાન "Adjustment and Problem of College Students" ઉપર યોજવામાં આવેલ સેમિનાર અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના પત્રાંક એફ. ૩-૧૧૪-૬૮ તા. ૧૯-૧૨-૧૯૬૮થી ગ્રાન્ટ રૂા. ૧,૫૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે રકમ તેઓને આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા સદરહુ ગ્રાન્ટનાં નાણાં મળ્યેથી તે રકમ બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને ચૂકવી આપવી.

૭૦. તા. ૧-૪-૧૯૬૮થી અમલમાં આવેલા મોંઘવારી ભથ્થાના દરોનો અમલ જે કૉલેજો/સંસ્થાઓએ હજુ સુધી કર્યો નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજો/સંસ્થાઓએ તા. ૧-૪-૧૯૬૮થી તેમના શિક્ષકોને માટે સુધારેલા મોંઘવારી-ભથ્થાંના દરોનો અમલ તે તારીખથી હજી સુધી ન કર્યો હોય તેમને જણાવવું કે મોંઘવારી-ભથ્થાંના દરના અમલની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પાળવાં આવશ્યક છે, અને તે મુજબ પગલાં લઈને તા. ૩૧-૩-૧૯૬૯ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૭૧. પ્રત્યેક વર્ષે તા. ૩૧મી જુલાઈ સુધીમાં ઑર્ડિનન્સ ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજો તરફથી આવવી જોઈતી માહિતી નીચેની કૉલેજો તરફથી હજુ સુધી આવી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨.	જમાલપુર-રાયખડ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. કુલસચિવે સ્પષ્ટતા કરી કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી ઑર્ડિ. ૯૬ અન્વયે જરૂરી માહિતી કાર્યાલયને મળી છે.

(૧) તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ માહિતી વેળાસર ન મોકલવા માટે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યને ધટતો પત્ર લખીને ઠપકો આપવો.

(૨) જમાલપુર-રાયખડ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ અંગેની બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી. તેના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજમાંથી છૂટા થયેલા વિદ્યાર્થીઓને બીજી કૉલેજમાં જોડાતાં તેમને ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ અંગે કશી મુશ્કેલી નડે તો તેમને ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ આપવા માટે યુનિવર્સિટી કાર્યાલયને સત્તા આપવી.

૭૨. એલ. એચ. સાયન્સ કૉલેજ માણસાના આચાર્યશ્રીએ બે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે થર્ડ બી.એસસી.માં સેકન્ડ બી.એસસી.ના ગૌણ વિષય ગણિતશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે રાખીને સેકન્ડ બી.એસસી.ના ગણિતશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર-૫ની પરીક્ષા આપવાની શરતે પ્રવેશ આપેલ છે તે માન્ય રાખીને વિષય બદલવાની મંજૂરી આપવા બાબત.

(નોંધ.—વિજ્ઞાન ફેકલ્ટીના ડીનશ્રીનું મંતવ્ય પ્રવેશ માન્ય કરવા બાબતમાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે સેકન્ડ બી.એસસી.ના ગણિતશાસ્ત્રના પ્રશ્નપત્ર-૫ની પરીક્ષા આપે તે શરતે તેમનો થર્ડ બી એસસી.નો પ્રવેશ અપવાદ તરીકે માન્ય ગણવો અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે ભવિષ્યમાં યુનિવર્સિટીનાં ધારાધોરણની વિરુદ્ધ જઈને કોઈ પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવો નહીં.

૭૩ અને ૭૪. સદરહુ બાબતની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૬૦ પછી કરવામાં આવેલી હોઈ તેનો નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૫. તા. ૧૦/૧૧-૩-૧૯૬૮થી સિન્ડિકેટના ઠરાવ ૫૬(અ) અનુસાર ભાષા-વિજ્ઞાનના વિષય અંગે પરિસંવાદ યોજવા બાબતની રૂા. ૯,૩૬૦ની ગ્રાન્ટ માટેની દરખાસ્ત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તા. ૮-૭-૧૯૬૯ના રોજ ક્રમાંક જન-યુજીસી. ૨૨૭-૩૧૩૬૮ની સદરહુ દરખાસ્તને મંજૂર કરવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૭-૯-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૪-૬૮-એસ. આઈ.થી અશક્તિ દર્શાવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૬. ઇલાઇન્ડ મેન્સ એસોસિયેશનના માનદ મંત્રી તરફથી અંધ વિદ્યાર્થીઓને અભ્યાસમાં રાહત મળે તે હેતુથી તેમના તા. ૧૧-૧૦-૧૯૬૮ના પત્રમાં અંધ વિદ્યાર્થીઓ વાંચી સંભળાવવાની સેવાઓ મેળવી શકે તે માટે તેમને શિષ્યવૃત્તિ આપવા અંગે કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો તથા અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓને સત્ર-ફીની માફી આપવી. વધુમાં કૉલેજોમાં ભણતા અંધ વિદ્યાર્થીઓને સત્રફીમાં માફી આપવા માટે જે તે કૉલેજોને ભલામણ કરવી.

૭૭. ઑલ ઑફ એકસ્ટ્રા ન્યુરલ સ્ટડીઝના સભ્યોની સભ્યપદની મુદત તા. ૩૧-૯-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ ઑ. ૪૭ હેઠળ નવા સભ્યોની નિમણૂક કરવા બાબત :

આથી ઠરાવવામા આવે છે કે સદરહુ બૉર્ડ પર નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી. માણેકલાલ ઠાકર
૨. ડૉ. ડી. એચ. સુતરિયા
૩. ડૉ. ય. ગુ. નાયક
૪. આચાર્ય હરિહર શુક્લ
૫. આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
૬. આચાર્ય એસ. આર. મહેતા
૭. આચાર્ય બી. એમ. પીરઝાદા
૮. શ્રી. વિનોદભાઈ અધ્વર્યુ
૯. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

(નોંધ.—સદરહુ સમિતિની મુદત તા. ૧૦-૧૨-૧૯૭૧ સુધીની રહેશે.)

૭૮. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એડ.ના વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન, ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલ મજકૂર કૉલેજમાં નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે :

(૧) શ્રી. બી. સી. પટેલ — માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) આચાર્યશ્રી વી. એમ. વણીકર — એમ.એડ.માં સાયકોલોજી ઑફ એજ્યુકેશન અૅન્ડ ફિલોસોફી ઑફ એજ્યુકેશન માટે જૂન ૧૯૬૯થી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. આચાર્ય કે. જી. દેસાઈ
૨. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૭૯. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ.એસ. (બ્રાન્ચ) ઈ.એન.ટી.નું અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

(૧) ડૉ. જે. એસ. જોષી : મદદનીશ—એમ.એસ. બ્રા. ૨ માટે; શિક્ષક—ડી.એલ.ઓ. માટે. એમ.એસ. બ્રા. ૨ માટે શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે અરજી આવેલ છે, જે વિચારણા હેઠળ છે.

(૨) ડૉ. એસ. એસ. દત્ત : મદદનીશ—એમ.એસ. બ્રા. ૨ તથા ડી.એલ.ઓ માટે.

(૩) ડૉ. સી. એફ. શાહ : શિક્ષક—ડી.એલ.ઓ. માટે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. એસ. એસ. બાલગે
૨. ડૉ. એલ. એચ. હીરાનંદાની.

૮૦. અમદાવાદ, નડિયાદ, વીસનગર અને મહેસાણા કેન્દ્રમાં હિંદીના અનુસ્નાતક શિક્ષણ સાથે જોડાયેલા અનુસ્નાતક વર્ગોના અધ્યાપકો તેમ જ છાત્રોનો એક અભ્યાસ-શિબિર આણ્યુ અથવા એવા કોઈ સ્થાને યોજવા માટે ખર્ચના ૭૫ ટકા લેખે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવા માટે હિંદીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની બેઠકની, મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના આચાર્યશ્રી તથા હિંદીના અભ્યાસ-સમિતિના અધ્યક્ષ તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) યુનિવર્સિટીના અનુસ્નાતક નિયમો અનુસાર આવા ખર્ચ માટે આર્થિક સહાય આપવાની કોઈ જોગવાઈ નથી.

(૨) સિન્ડિકેટ આ અંગે યોગ્ય લાગે તો જુદી યોજના વિચારી શકે જેથી કમા નિયમો પ્રમાણે યુનિવર્સિટી ખર્ચ ભોગવે તે સ્પષ્ટ કરી શકાય.

(૩) આ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવે તો અંદાજપત્રકમાં તે તે માટે જરૂરી જોગવાઈ કરવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો અને તે માટે આર્થિક સહાય મેળવવા માટે તજવીજ કરવી.

૮૧. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૩-૩-૧૮૫૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

"આ સભા ભલામણ કરે છે કે જુદી જુદી પરીક્ષામાં નિમાતા પરીક્ષકોની સંખ્યા એવી રીતે નિયત થવી જોઈએ કે જેથી તેમને મળતા મહેનતાણામાં વધુ પડતો તફાવત ના રહે."

આથી ઠરાવવામાં આવે છે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ફાઈલ કરવી.

૮૨. કાયદાની વિદ્યાશાખાની તા. ૫-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આ સભા ભલામણ કરે છે કે કાયદાના ફૂલ-ટાઇમ શિક્ષકોને એન્જિનિયરિંગ કે મેડિકલ કૉલેજના શિક્ષકોના ગ્રેડ મુજબ ગ્રેડ આપવા, અથવા નૉન-પ્રૅક્ટિસિંગ એલાવન્સ આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓના નિયમો ક્રમાંક ૧થી ૮ મંજૂર કર્યા છે, જ્યારે નીચેના નિયમો ૯થી ૧૨ ઉપર વિચારણા બાકી રહેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

9. No member of the staff shall leave the service of the college in the midst of any term and without giving to the authorities three months' notice if he is confirmed or one month's notice if he is temporary or on probation ending with the end of vacation provided always that in case the member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

Notwithstanding anything contained in clauses 8 and 9 above—

(*a*) a teacher who has put in services of five or more than five years shall not be terminated without just cause. Just cause means and includes inefficiency, indiscipline, misbehaviour, corruption, physical and mental incapacity and any other cause deemed just by the University, or a teacher who is on a permanent service may be terminated by the management on prior payment, over and above the required notice pay of compensation equal to (1) 6 months' salary including all allowances, if he has been in the service of the college or institution for five or more than five years, *or* (2) three months' salary including allowances, if he has been in the service of the college or institution for more than three years, but less than five years;

(*b*) all cases of dismissal and termination of services of teachers shall be reported to the University and in case of dismissal the teacher shall be given a chance of explanation by the Institution and a proper inquiry if so desired by the teacher shall be conducted in such case by the University;

(*c*) it shall be obligatory on the part of a teacher to join a college or institution for at least one term, if he accepts the appointment order. No teacher who acts otherwise shall be eligible for recognition to its respective cadre;

(*d*) it shall be obligatory on the part of a college to retain the services of the teacher for at least one term, if the teacher accepts the appointment;

(*e*) services of a Principal except otherwise previously permitted by the Vice-Chancellor shall not be terminated without giving notice of at least one term.

10. Where a teacher is appointed on a specified contract, the period and conditions of such contract should not be inconsistant with the conditions as laid down herein and the terms of contract should be submitted to the University for approval.

11. Member of the staff in an affiliated college or a recognised institution, when they apply for any post at another affiliated college or at institution recognised by this University or at a new college to be started in the University area, shall invariably send their applications through the Heads of their colleges or the institutions as the case may be.

12. It shall be incumbent on the Principal of the college or the head of the institution to forward the application of any teacher working under him addressed to a college or an institution affiliated or seeking affiliation to to this University.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ નિયમ ક્રમાંક ૮ નીચે મુજબ છે:

8. The service of a member of the staff shall not be terminated in the midst of any term, and (*i*) without three months' notice, if he has been confirmed, or (*ii*) without one month's notice if he is

temporary or on probation ending with the end of vacation, provided, however, that when such notice is not given, the college authorities shall pay to him an amount equal to the salary as may be payable to him for the period of notice; provided this clause will not be applicable and no notice will be necessary in case of a dismissal.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. વિજ્ઞાન વિદ્યાભવનના પાંચે વિભાગો—(૧) રસાયણવિજ્ઞાન વિભાગ, (૨) વનસ્પતિ-વિજ્ઞાન વિભાગ, (૩) ભૌતિકવિજ્ઞાન વિભાગ, (૪) ગણિતશાસ્ત્ર વિભાગ, અને (૫) પ્રાણીવિજ્ઞાન વિભાગ—ને જુદા જુદા ટેલિફોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ટેલિફોન ગોઠવવાનું ખર્ચ રૂા. ૧,૭૫૦ તથા ત્યાર બાદ વાર્ષિક રૂા. ૧,૨૦૦નું ભાડું અને કૉલના ચાર્જ જુદા આપવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. સદરહુ બાબતની વિચારણા તા. ૪-૧-૧૯૬૯ના રોજ બાબત નં. ૭૪ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગાર પ્રત્યેક માસની તા. ૭મી સુધીમાં શિડ્યુલ્ડ બૅંકમાં જમા કરાવવા બાબતના સિન્ડિકેટના તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ની સભાના ઠરાવના સંદર્ભમાં જે કૉલેજો નિયમનો અમલ ન કરતી હોય તે પરત્વે વિચારણા કરવા અને આ બાબતને આનુષંગિક નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) સરકારી કૉલેજો અને અ. મ્યુ. કૉર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજોની બાબતમાં આ આગ્રહ રાખવો કે કેમ ?

(૨) કેટલીક કૉલેજો ચેકથી પગાર આપે છે તે ચલાવી લેવું કે કેમ ?

(૩) કૉલેજ જે ગામમાં હોય ત્યાં બૅંક ન હોય ત્યાં રોકડેથી પગાર કરવા દેવો કે કેમ ?

(૪) પ્રતિમાસે આ અંગેની માહિતી યુનિવર્સિટીએ મગાવવી કે કૉલેજ નિયમનો અમલ શરૂ કરે એ જ આગ્રહ રાખવો ?

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. સિન્ડિકેટની તા. ૨-૧૨-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ અનુસાર પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ અંગે બાંયધરી આપનાર વ્યક્તિનું સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરવાનું હોય છે. આવી બાંયધરી આપનાર વ્યક્તિ જો સેનેટ-સભ્ય હોય તો તેમની પાસેથી સોલવન્સી સર્ટિફિકેટ માગવામાંથી મુક્તિ આપવા અંગેના સૂચન પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિઓના સંદર્ભમાં સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરનાર કોઈ પણ વ્યક્તિની બાંયધરી માન્ય ગણવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે પુસ્તકો, સામાયિકો અને સાધનો માટે મળનાર રકમ રૂા. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય સામે મેચિંગ શૅર તરીકે રૂા. ૬૨,૫૦૦ની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. શ્રી. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ના વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી નીચે મુજબ છે :

(૧) આચાર્યશ્રી જી. જે. પંડ્યા—માન્ય અનુસ્નાતક શિક્ષક, અને બીજા એક શિક્ષકની નિમણૂક કરશે એમ આચાર્યશ્રી જણાવે છે.

(૨) રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવેલી તે પરથી સિન્ડિકેટે સ્થાનિક તપાસસમિતિ નીમી છે. હાલના ઑર્ડિનન્સ ૬૫–એસ. મુજબ કોઈ પણ ઝોનમાં કોઈ પણ વિષયમાં વધુમાં વધુ ત્રણ જ અનુસ્નાતક કેન્દ્રો આપી શકાય, એટલે આ બે અરજીઓ પૈકી કઈ માન્ય કરવી તે વિચારવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી

૯૦. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. બ્રાન્ચ ૯—રેડિયો ડાયાગ્નોસિસ અને એમ.ડી. બ્રાન્ચ ૧૦—રેડિયોથેરાપીના વિષયનાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજી પરથી સિન્ડિકેટે તપાસસમિતિ પર (૧) ડૉ. નેરૂલકર, અને (૨) ડૉ. ફકતરીની નિમણૂક કરેલી, તેમાંથી ડૉ. નેરૂલકરે તપાસસમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવતાં તેમના સ્થાને ડૉ. વી. જી. વોરાને તપાસસમિતિ પર નીમવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા ડૉ. વોરાએ જણાવ્યા મુજબ તેઓ ફેબ્રુઆરીના બીજા અઠવાડિયા સુધી સંસ્થાની મુલાકાતે જઈ શકે તેમ નથી તે જોતાં તેમની જગ્યાએ બીજા કોઈ સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. સદરહુ બાબતની વિચારણા તા. ૪–૧–૧૯૬૯ના રોજ બાબત નં. ૮૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૨. સદરહુ બાબતની વિચારણા તા. ૪–૧–૧૯૬૯ના રોજ બાબત નં. ૯૧. પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૩. સદરહુ બાબતની વિચારણા તા. ૪–૧–૧૯૬૯ના રોજ બાબત નં. ૧૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ પ્રોફેસર કે લેક્ચરર બે વખત મારર્સ ડિગ્રી મેળવીને આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બે વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો નીચેની શરતોએ તે બે વિષયો પૈકી એક વિષય ખાસ કે મુખ્ય વિષય તરીકે તે શીખવી શકશે અને બીજા વિષયનું શિક્ષણકામ ફક્ત ગૌણ કક્ષાએ કરવા માટે તેને છૂટ રહેશે:

(૧) સદરહુ બેઉ વિષયો એક જ વિદ્યાશાખા હેઠળના વિષયો હોવા જોઈશે;

(૨) પરીક્ષક તરીકે ફક્ત બે મુખ્ય વિષયમાં જ કામ કરી શકશે; અને

(૩) તેને પ્રોફેસર કે લેક્ચરર ફક્ત મુખ્ય વિષયમાં જ ગણી શકાશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. યુનિવર્સિટી હૉસ્ટેલ મૅગેઝીન પ્રકાશિત કરવા માટે રૂા. ૧,૫૦૦ (રૂપિયા એક હજાર પાંચસો)ની બજેટ જોગવાઈ કરવા હૉસ્ટેલના વિદ્યાર્થીઓની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે એમ.એસસી. પાર્ટ-૧માં વધુ વિદ્યાર્થીઓ લીધેલા હોવાથી બીજી પાળી માટે પ્રયોગશાળાની દેખરેખ માટે યુનિવર્સિટીના રિસર્ચ આસિસ્ટન્ટ-સ્કૉલર્સને ચાલુ વર્ષે સત્ર દીઠ રૂા. ૨૪૦નું વેતન મંજૂર કર્યાના;

(૨) શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતમાં જૂન ૧૯૬૯થી અર્થશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં સ્થાનિક તપાસસમિતિ પર બે સભ્યો (૧) આચાર્યશ્રી એસ. વી. દેસાઈ, અને (૨) આચાર્યશ્રી એમ. સી. દેસાઈની નિમણૂક કરેલી તે પૈકી આચાર્યશ્રી એસ. વી. દેસાઈએ પોતાની અશક્તિ દર્શાવતાં સમિતિ પર બીજા સભ્ય તરીકે શ્રી. એમ. પી. ભટ્ટની નિમણૂક કર્યાના;

(૩) એજ્યુકેશન કૉલેજ, ખંભાતમાં જૂન ૧૯૬૯થી એમ.એડ. એજ્યુકેશનના વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા માટે કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજી ઉપરથી તપાસસમિતિ પર સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભાએ (૧) શ્રી. એલ. આર. દેસાઈ, અને (૨) ડૉ. કે. જી. દેસાઈની સ્થાનિક તપાસસમિતિ નીમેલી; પરંતુ શ્રી. એલ. આર. દેસાઈએ તે તપાસસમિતિ પર કાર્ય કરવાની અશક્તિ દર્શાવતાં તેમને સ્થાને ડૉ. ચંપાબહેન ભટ્ટની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૬૬૩૦૪/૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી, ૩૦, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૬

"શ્રીમતી ધનકોરબાઈ રતનચંદ વટામણવાળા પારિતોષિક"

૧. દાતાનું નામ : શ્રી. એસ. બી. શાહ ૨૦મો રસ્તો, બાર, મુંબઈ

૨. દાનની રકમ : રૂા. ૭,૦૦૦.

૩. દાનનો પ્રકાર : એક રોકડ રૂા. ૩૦૦નું પારિતોષિક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં ક્રમાંક ૧૭થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી ધનકોરબાઈ રતનચંદ વટામણવાળા પારિતોષિક" આશરે રૂા. ૪૦૦નું રોકડ રકમનું પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની ફર્સ્ટ બી.કોમ.ની પરીક્ષામાં "જનરલ એજ્યુકેશન" સિવાયના અન્ય વિષયોમાં (કે જેના મળેલા ગુણને આધારે વર્ગ આપવામાં આવે છે) સરવાળે સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો તેમ કરતાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો જનરલ એજ્યુકેશન સાથેના આ પરીક્ષાના કુલ ગુણાંકમાંથી સૌથી વધારે ગુણાંક મેળવનારને પારિતોષિક આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે, શક્ય હશે તો, જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની નાત, જાત, ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૫૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૩-૧૨-૧૯૬૮ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સી. શેાધન	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર
૬. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૯-૧૯૬૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૭-૯-૧૯૬૮ની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આપણી હાલની કન્સલ્ટિંગ એન્જિનિયરની પેનલમાં તેમના નામનો સમાવેશ કરવા માટે મે. સ્ટ્રકચરલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ કંપનીના તા. ૧-૬-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૨ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સામાન્ય (જનરલ) ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં બાંધકામની જરૂરિયાત જોતાં સ્થપતિઓની અને સ્ટ્રકચરલ એન્જિનિયરોની હાલની જે પેનલો છે તે પૂરતી છે અને તેમાં કશો ઉમેરો કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. સ્ટ્રકચરલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ કંપનીના નામનો સમાવેશ કરવાની કોઈ જરૂર જણાતી નથી.

૩. કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે પોતાના નામનો સમાવેશ કરવા માટે કન્સલ્ટિંગ એન્જિનિયર શાહ એન્ડ તલાટીના તા. ૧૦-૭-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૦-૭-૧૯૬૮નો પત્ર તા. ૨૦-૮-૧૯૬૮ની બાંધકામ સમિતિમાં મૂકવામાં આવેલ અને તેમાં ઠરાવેલ કે તેઓએ કરેલાં કામોની વિગતો મંગાવવા નક્કી થયેલ તે મુજબ તેમના તરફથી માહિતી મોકલી આપવામાં આવેલી છે, જે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. શાહ એન્ડ તલાટીના નામનો સમાવેશ કરવાની કોઈ જરૂર જણાતી નથી.

૪. આપણી હાલની સ્થપતિઓની પેનલમાં તથા કન્સલ્ટિંગ એન્જિનિયરની પેનલમાં પોતાના નામનો સમાવેશ કરવા અંગે સ્થપતિશ્રી દયાલ અને શ્યામના તા. ૧૪-૯-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હાલની સ્થપતિઓની પેનલમાં સ્થપતિ શ્રી. દયાલ ઍન્ડ શ્યામના નામનો સમાવેશ કરવાની કોઈ જરૂર જણાતી નથી.

૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ જુદાં જુદાં મકાનોનાં કામ અંગે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનાનાં કામો માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક નીચે મુજબ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	મકાનનું નામ		કન્સલ્ટિંગ એન્જિનિયર
૧.	વિદ્યાર્થીઓનાં છાત્રાલયના કામ માટે	..	મે. આર્ગોન એન્જિનિયર્સ
૨.	શિક્ષણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનના ભવનના બાંધકામનું કામ	..	મે. વકીલ, મહેતા, પરીખ અને શેઠ
૩.	વિજ્ઞાન વિદ્યાભવનનાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટાની, મૅથેમેટિક્સ તથા ઝૂલોજીના મકાન અંગેનાં વિકાસકામો માટે	..	મે. વકીલ, મહેતા, પરીખ અને શેઠ
૪.	રીડર તથા લેક્ચરરનાં ક્વાર્ટર્સ	...	મે. આર્ગોન એન્જિનિયર્સ.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે ક્વાર્ટર્સના રિપિટેશન બાબત સ્થપતિ મંડળના નિયમો વગેરેનો અભ્યાસ કરી આગામી સભાગૃહ સમક્ષ રિપોર્ટ કરવો.

૬. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ નવાં બાંધવામાં આવનાર મકાનોનાં બાંધકામની દેખરેખ (સુપરવિઝન) માટે વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપિત સાથેના તથા બિલ્ડિંગ કૉન્ટ્રાક્ટર સાથેના કૉન્ટ્રાક્ટની શરતો અંગે શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈની સલાહ લઈને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૭. "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં કબાટ આપવા તથા મોટા રૂમમાં પેટન્ટ સ્ટોન કાઢી નાખી તેને બદલે મોઝેક ટાઈલ્સ નાખી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવા.

૮. આપણી હાલની સ્થપતિઓની પેનલમાં પોતાના નામનો સમાવેશ કરવા અંગે સ્થપતિ શ્રી. અવનીન્દ્ર એમ. વ્યાસના તા. ૧૩-૧૧-૧૯૬૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલની સ્થપતિઓની પેનલમાં સ્થપતિ શ્રી. અવનીન્દ્ર એમ. વ્યાસના નામનો સમાવેશ કરવાની જરૂર જણાતી નથી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટાની અને મેથેમેટિક્સ વિભાગનાં મકાનોમાં વિકાસ અંગેના સ્કેચ-પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભાગૃહમાં રજૂ થયેલ ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટાની તથા મેથેમેટિક્સ વિભાગનાં મકાનોના વિકાસ અંગેના પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. ઝૂલોજીના મકાનના વિકાસ બાંધકામ અંગેના સ્કેચ-પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજીના મકાનના વિકાસ બાંધકામ અંગેના પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે ટ્રાન્સમીટર રૂમ તથા એન્ટેના બાંધવા માટેના સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે ટ્રાન્સમીટર રૂમ તથા એન્ટેના બાંધવા માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલો પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. બૉયઝ હૉસ્ટેલના બાંધકામ અંગે સ્થપતિશ્રી મધુકર ઠાકોર તરફથી આવેલા પ્લાન તથા બ્લૉકના એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય માટે સ્થપતિશ્રી મધુકર ઠાકોર તરફથી આવેલા પ્લાન તથા રૂા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)નો અંદાજ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. "સી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં નીચેની વધારાની સવલતો આપવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) રસોડાને બારણું અંદાજી ખર્ચ	...	રૂા.	૨,૧૦૦-૦૦
(૨) રસોડામાં કુકિંગ પ્લેટફૉર્મ	...	રૂા.	૨,૫૦૦-૦૦
(૩) મુખ્ય દરવાજામાં ડોર આઈ	...	રૂા.	૧૫૦-૦૦
કુલ ખર્ચ	...	રૂા.	૪,૭૫૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, "સી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ (કુલ દસ એકમો)માં નીચેની વધારાની સવલતો પૂરી પાડવા તથા તે માટે રૂા. ૪,૭૫૦-૦૦ની અંદાજી રકમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) રસોડાને બારણું	..	રૂા.	૨,૧૦૦-૦૦
(૨) રસોડામાં કુકિંગ પ્લેટફૉર્મ	..	રૂા.	૨,૫૦૦-૦૦
(૩) મુખ્ય દરવાજામાં ડોર આઈ	..	રૂા.	૧૫૦-૦૦
કુલ	..	રૂા.	૪,૭૫૦-૦૦

૧૪. યુનિવર્સિટી હૉસ્ટેલના "એ" તથા "બી" બ્લૉકમાં દીવાલની ગેપ ઉપર શટર ફીટ કરી કબાટ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હૉસ્ટેલના બ્લૉક "એ" તથા "બી"માં દીવાલના ગેપ ઉપર શટર ફીટ કરી કબાટ બનાવવા તથા તે અંગેનો અંદાજી ખર્ચ રૂા. ૨૪,૫૦૦-૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ સુધીના રસ્તા પર કાયમી સ્ટ્રીટ લાઇટ નાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી યુનિવર્સિટીના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ સુધીના રસ્તા પર કાયમી સ્ટ્રીટ લાઇટ નાખવા અંગે રૂા. ૬૦,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧૬. નીચેની બાબત કુલપતિશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં ૭૦ ટકાની મર્યાદામાં બાંધકામનાં કામો રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં કામોનું બાંધકામ પહેલા તબક્કામાં હાથ ધરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વિજ્ઞાન વિદ્યાભવનમાં		અંદાજી ખર્ચ જોગવાઈ
(૧) ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટાની, મૅથેમેટિક્સ તથા ઝૂલોજી વિભાગના વિકાસનાં કામો	..	રૂા. ૬,૭૫,૦૦૦
(૨) વિદ્યાર્થીઓનું છાત્રાલય	..	રૂા. ૫,૦૦,૦૦૦
(૩) મનોવિજ્ઞાન ભવનનું મકાન (પહેલો તબક્કો)	..	રૂા. ૩,૦૦,૦૦૦
(૪) રીડરનાં ક્વાર્ટર્સ—૮ યુનિટ (રૂા. ૩૩,૦૦૦ના એક યુનિટના હિસાબે).	..	રૂા. ૨,૬૪,૦૦૦
(૫) લેક્ચરરનાં ક્વાર્ટર્સ—૧૬ યુનિટ (રૂા. ૨૧,૦૦૦ના એક યુનિટના હિસાબે).	..	રૂા. ૩,૩૬,૦૦૦
	કુલ ..	રૂા. ૨૦,૭૫,૦૦૦

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કોમકોજ ક્રમાંક ૬૬

भारत सरकार

वैज्ञानिक तथा तकनीकी शब्दावली आयोग

(शिक्षा मंत्रालय)

पश्चिमी खण्ड–७, रामकृष्णपुरम्,
नई दिल्ली–२२,
दिनांक २ दिसम्बर, १९६८.

श्री. रजिस्ट्रार,
गुजरात विश्वविद्यालय,
अहमदाबाद–९.

महोदय,

आपका पत्र नं. पीयुबी.सो.अेस.टी.टी. ५००६२, दिनांक २८–१०–१९६८ प्राप्त हुआ। जैसा कि आपको पहले भी समसंख्यक पत्र दिनांक ११–१०–१९६८ द्वारा सूचित किया जा चुका है। अभी ओर पुस्तकें आयोग की मानक ग्रंथ योजना के अन्तर्गत स्वीकृत नहीं की जा सकती हैं। आप बृहत्तर पुस्तक निर्माण कार्यक्रम के अधीन गुजरात शासन से व्यवहार कर सकतें हैं।

भवदीय,

शिवकुमार वर्मा
वरिष्ठ अनुसंधान अधिकारी (निर्माण).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 1297-450-2-69

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ફેબ્રુઆરી માસની સભા શનિવાર, તા. ૧-૨-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧-૨-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૪.	શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. હાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્ય ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	હાજર.

૬. તા. ૪/૫-૧-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪/૫-૧-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૪. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની એક જગ્યા તથા લેક્ચરર ઇન ઇકોનોમિક્સની એક જગ્યા માટે તા. ૩૧-૧-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ પર પુરતી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની જગ્યા પર શ્રી. જે. એમ. મહેતાની નિમણૂક રૂા. ૭૫૦-૪૦-૯૫૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૧,૦૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે કરવી, અને તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા સ્થાનિક વળતર ભથ્થું (compensatory local allowance) એટલાં ભથ્થાં આપવાં, પરંતુ એકસ્ટ્રાઓર્ડિનરી એલાઉન્સ કામકાજ માટે શ્રી. મહેતાને હાલ મળતું ભથ્થું તથા પરીક્ષાના કામ અંગેનું કશું ભથ્થું આપવું નહિ.

(નોંધ.— આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે શ્રી. જે. એમ. મહેતાને તેમની કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની જગ્યા પરનો પહેલો વાર્ષિક પગારવધારો તેઓ જે તારીખે કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સનું પદ સંભાળે તે પછી એક વર્ષ પૂરું થયેથી આપવાનો રહેશે.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૧-૧-૧૯૬૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨. માર્ચ/એપ્રિલ ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યાપકો-પરીક્ષકોની નિમણૂકો સૂચવવા મળેલ જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. બયતુલમાલ અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, પર્શિયન, અરેબિક, સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા

પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. ડીસા નગરપંચાયત, ડીસા તરફથી જૂન ૧૯૬૯થી ડીસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસના તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ એન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. પારેખ બ્રધર્સ સાયન્સ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ તરફથી સદરહુ કૉલેજનું જૂન ૧૯૬૯થી (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ—એમ વિભાગીકરણ કરી તથા અલગ થયેલ આર્ટ્સ કૉલેજ, સાથે હાલની વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજને સંયોજિત કરી સ્વતંત્ર કૉલેજ તરીકે (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ગણિતશાસ્ત્રના

અભ્યાસક્રમો માટે મળેલ તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ, શિક્ષકગણ અંગેની નિમણૂક સહિતની શરતોનું પાલન તા ૧૫-૬-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ—એમ વિભાગીકરણ કરવા તથા અલગ થયેલ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ સાથે વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજને સંયોજિત કરી (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી.(રૂપે.)માં રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ-વિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા, તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; તથા બી.એ.(સંયો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ

૧. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક તથા પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૨) અંગ્રેજીના ટ્યૂટર કે ખંડ સમયના વ્યાખ્યાતા
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા;

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક તથા પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા સંચાલિત એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાનું જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા, તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા—એમ વિભાગીકરણ કરી અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી સંયોજિત કરવા, તથા (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના ચાલુ જોડાણ, તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન માટે કાયમી જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, શિક્ષકગણ અંગેની નિમણૂકો સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા, તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા—એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. એસ. ડી. આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી તેને સંયોજિત કરી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિત-શાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૩) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૧) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૨) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૩) વનસ્પતિવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૪) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટરો
(૧૫) રસાયણવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટરો
(૧૬) વનસ્પતિવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટરો
(૧૭) વ્યાયામશિક્ષક
(૧૮) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી.ના વર્ગો માટે ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિએ નિર્દેશ કર્યા પ્રમાણે રૂા. ૨૪,૦૦૦ની અગાઉની ઊણપ પેટે વિજ્ઞાનની કૉલેજના ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના બે વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૮) નામાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના બે વ્યાખ્યાતા
(૧૧) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૨) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૧૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૫) અંગ્રેજીના એક ટયૂટર
(૧૬) વ્યાયામશિક્ષક
(૧૭) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. સ્થાનિક તપાસસમિતિએ નિર્દેશ કર્યા પ્રમાણે અગાઉની ઊણપ પેટે વિનયન અને વાણિજ્યની કૉલેજમાં ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદી તથા ડિપ્લોમા ઇન ડ્રામા અને ડિપ્લોમા ઇન જર્નાલિઝમના વધારાના જોડાણ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ, શિક્ષકમણ અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોનું ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર, બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત

અને હિન્દી તથા ડિપ્લોમા ઇન ડ્રામા અને ડિપ્લોમા ઇન જર્નાલિઝમના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા પ્રથમ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનું; તથા બી.કૉમ માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ માટે

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૬) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૭) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૮) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૦) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૧) ડિપ્લોમા ઇન જર્નાલિઝમ માટે એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૧૨) ડિપ્લોમા ઇન ડ્રામા માટે એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૧૩) સહાયક ગ્રંથપાલ.

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા
(૧૦) ૪૦'×૩૦'નું સ્ટેજ — બે ગ્રીન રૂમ અને જરૂરી સગવડ સાથે
(૧૧) વર્કશોપ—જેમાં બે વર્કિંગ ટેબલો (કાર્પેન્ટરી સાધનો સહિત)ની સગવડ;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૭,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અને ડિપ્લોમા ઇન ડ્રામા માટે રૂા. ૨,૦૦૦નો તથા ડિપ્લોમા ઇન જર્નાલિઝમ માટે રૂા. ૧,૫૦૦નાં સામયિકો અને નકશા સહિત પુસ્તકો માટે રૂા. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. મનોવિજ્ઞાનની જરૂરી પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂા. ૭,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. ડિપ્લોમા ઇન ડ્રામા અંગે રંગભૂમિનાં સાધનો વગેરે માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ માટે

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્યશ્રી
(૨) વાણિજ્યના પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) વ્યાપારી કાયદાના વ્યાખ્યાતા
(૫) અંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
(૬) વ્યાયામશિક્ષક
(૭) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૨. ઓછામાં ઓછા પચાસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૧૧. સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૯થી (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ —એમ વિભાગીકરણ કરવા તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે જૂન ૧૯૭૦ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

(નોંધ.—કાયદાની વિદ્યાશાખા ચાલુ કરવા બાબતો નથી).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે જૂન ૧૯૬૬થી વધારાની વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા સાથે જૂન ૧૯૬૬થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા તરીકે ફર્સ્ટ યર બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં માનસ-શાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા શિક્ષકમણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વિદ્યાશાખા સાથે સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) હિંદીના એક વ્યાખ્યાતા
   (૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૫) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૭) ગણિતના એક વ્યાખ્યાતા
   (૮) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૧૦) જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની વધુ જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી પાંચ ખંડો
   (૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો);

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	..	રૂા. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિંદી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) ગૃહવિજ્ઞાન માટે એક વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણ પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ, સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો
   (૫) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૬) કાર્યાલય માટેનો ખંડ
   (૭) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલયમાં અર્થશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૮. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલું જોડાણ ચાલુ રાખવા, તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) અકાર્બનિક રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમો-સ્ટ્રેટર
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિક-રસાયણવિજ્ઞાનના એક ડેમો-સ્ટ્રેટર;

૨. સાયન્સ કૉલેજ માટે મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ. (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ બેઠકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્યનો અલાયદો ખંડ

(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાન માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૪) વેપારી કાયદાના એક પ્રાધ્યાપક
(૫) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) ગ્રંથપાલ
(૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) કૉમર્સના ત્રણ વ્યાખ્યાતા
(૯) કૉમર્સના એક ટ્યૂટર
(૧૦) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૧૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૩) વ્યાયામ શિક્ષક;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા પ્રાધ્યાપક નીમવાની જરૂર નથી.)

૨. કૉમર્સ કૉલેજ માટે મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) કાર્યાલય માટેનો ખંડ

(૮) આચાર્ય માટેનો અલાયદો ખંડ

(૯) પીવાના પાણી માટેનો ખંડ

(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૯૩ પરના ઠરાવ (૧)માં જણાવેલી સમિતિનો અહેવાલ આવ્યેથી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૯. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સંયો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટેનું મળેલું જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના એક ટ્યૂટર
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૬) બૅંકિંગના એક વ્યાખ્યાતા
   (૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૮) વાણિજ્યના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૯) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૧૦) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;
૨. વાણિજ્યની વિદ્યાશાખા માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૬૩ પરના ઠરાવ (૧)માં જણાવેલી સમિતિનો અહેવાલ આવ્યેથી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૧૦. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ

બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા દેવા તથા તેમ થતાં નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે તેને એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૩) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા
   (૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૯) વ્યાયામ શિક્ષક;

૨. વાણિજ્યના વર્ગો બેસાડવા માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. વાણિજ્યની વિદ્યાશાખાના ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

   (૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનાં મેદાનોનો પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, બોંધવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૯૩ પરના ઠરાવ (૧)માં જણાવેલી સમિતિનો અહેવાલ આવ્યેથી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી સિન્ડિકેટના કેટલાક સભ્યોએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

૨૪-અ. "ચાલુ વર્ષે બી.એડ., પાર્ટ ૧ની પરીક્ષા માટે પણ પાટણ, ખંભાત, મોડાસા અને ખેડામાં કેન્દ્રો રાખવામાં આવ્યાં નથી તે બાબત પર પુનર્વિચારણા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ., પાર્ટ ૧ ની પરીક્ષા માટે પણ ચાલુ વર્ષે પાટણ, ખંભાત, મોડાસા અને ખેડામાં કેન્દ્રો રાખવામાં આવે.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો :

૨૪-બ. "કુલપતિશ્રીના સપ્લ્યુઅરી એલાવન્સ અંગેનો રૂ. નં. ૧૩૦-બા સુધારવા અંગેનો પ્રસ્તાવ સેનેટની વિચારણા માટે મોકલવા સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યું છે તેના સંદર્ભમાં ચાલુ વર્ષે એટલે કે ૧૯૬૮-૬૯ના અંદાજપત્રમાં કુલપતિશ્રીના સપ્લ્યુઅરી એલાવન્સ માટે તદર્થ (ad-hoc) ધોરણે રૂા. ૨,૦૦૦ના ખર્ચની વધુ જોગવાઈ અંદાજપત્રમાં કરવી આવશ્યક હોઈ તે કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૫. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ કાયમી કરવા; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી, શિક્ષકગણની નિમણૂકો અંગેથી શરત સદિનની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિન્દીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક (ઑર્ગેનિક કેમિસ્ટ્રીના)
   (૪) કાર્યભાર અને વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર જુદા જુદા વિષયોના ડેમોન્સ્ટ્રેટર
   (૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજના કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય;

૩. ફર્નિચર ફિટિંગ્સ સહિતની ૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકે તેવી સુસજ્જ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

૪. ગણિતશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૬. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી થર્ડ એમ.બી., બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને થર્ડ એમ.બી., બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું નવું મકાન તાકીદે તૈયાર કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન માટે એમ.એસસી., પાર્ટ ૧માં વધુ વિદ્યાર્થીઓ લીધેલા હોવાથી બીજી પાળી માટે પ્રયોગશાળાની દેખરેખ માટે યુનિવર્સિટીના આસિસ્ટન્ટ સ્કૉલર્સને ચાલુ વર્ષે સત્ર દીઠ રૂા. ૨૪૦નું વેતન મંજૂર કર્યાના;

૨. વિજ્ઞાન વિદ્યાભવનના (૧) રસાયણશાસ્ત્ર વિભાગ, (૨) વનસ્પતિશાસ્ત્ર વિભાગ, (૩) ભૌતિકશાસ્ત્ર વિભાગ, (૪) ગણિત વિભાગ, અને (૫) પ્રાણીશાસ્ત્ર વિભાગનાં ટેલિફોન-જોડાણ મંજૂર

થતાં તે અંગેનું નીચે મુજબનું ખર્ચ મંજૂર કર્યાના :

(નોંધ.— ટેલિફોન ગોઠવવાનું ખર્ચ રૂા. ૧,૬૫૦ તથા ત્યાર બાદ વાર્ષિક રૂા. ૧,૨૦૦નું ભાડું અને કૉલ ચાર્જીસ જુદા આપવાના રહેશે.)

૩. સિન્ડિકેટ તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં ઠરાવ નંબર ૭૭થી યુનિવર્સિટી પરીક્ષાના બેઠા કેન્દ્રના પ્રશ્નપત્રો નડિયાદ કેન્દ્ર પર છાપીને મોકલવાને બદલે અમદાવાદથી યુનિવર્સિટી પ્રેસમાં છાપીને તે મોકલવાનું મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૮. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. વી. બી. શાહને તેઓ તા. ૨૯-૬-૧૯૫૫થી તા. ૩૧-૧૦-૧૯૫૫ સુધીની હંગામી જગ્યા પર હતા તે સમય દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૧-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—રૂટ. ૧૮૦(બી) પ્રમાણે આ પ્રકારની મંજૂરી સિન્ડિકેટ આપી શકે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. બી. શાહને તા. ૨૯-૬-૧૯૫૫થી પ્રોવિડંટ ફંડનો લાભ આપવો.

૨૯. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૮/૨૯/૩૦-૧૨-૧૯૬૮ના રોજ યોજવામાં આવેલ ઑલ-ઇન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સના અધિવેશન યોજવા અંગેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી તે માટે રૂા. ૨,૫૦૦ સુધીની આર્થિક સહાય આપવાનું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. એફ.-૩૧૩૨-૬૮ (એસ. આઈ.) તા. ૧૪-૧-૧૯૬૯થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૦. રૂટ. ૪ની નીચેની પેટાકલમ ૧(એ) અને (બી) હવે જરૂરી ન હોઈ તે રદ કરવા વિચારણા કરવા બાબત :

રૂટ. ૪-૧(એ) અને (બી) નીચે મુજબ વંચાય છે :

"1. (*a*) Persons already registered during the years 1951, 1952, 1953 and 1954 shall be deemed to have been registered up to 31st December 1956, 1957, 1958 and 1959 respectively.

1. (*b*) Persons who have got themselves registered in the year 1955 either as fresh graduates or have got themselves re-registered as Registered Graduates shall be considered to have been enrolled up to 31st December 1960."

આથી ઠરાવવામાં આવે છે કે રટે. ૪ની પેટાકલમ ૧(એ) અને (બી) રદ કરી સદરહુ રટેન્ચટ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 4 :

1. All graduates of the University shall be entered in the Register of the Registered Graduates on their first graduation in the University and shall pay a fee of Rs. 5/- cash for such registration which will hold good for five years beginning from the 1st of January of the following year in which they have taken the degree. The registration fee shall be paid along with the fees for admission to the first degree.

2. In addition, the following persons shall, on payment of Rs. 5/- be enrolled as Registered Graduates for a period of five years :

   (*a*) All graduates of any Indian University established by law, whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area.

   (*b*) Graduates of the following Institutions whose mother-tongue is Gujarati, or who ordinarily reside in the University area :
   (*i*) Gujarat Vidyapeeth, Ahmedabad
   (*ii*) Maharashtra Tilak Vidyapeeth, Poona
   (*iii*) Bihar Vidyapeeth, Patna
   (*iv*) Vishwa Bharati, Shanti Niketan
   (*v*) Jamia Millia, Delhi
   (*vi*) Gurukul Vishva Vidyalaya, Kangadi
   (*vii*) Kashi Vidyapeeth, Banaras
   (*viii*) S.N.D.T. Women's University prior to its incorporation as a University established by law
   (*ix*) All licentiates possessing Diploma of Licentiate from College of Physicians, Surgeons, Bombay.

   (*c*) All graduates of any foreign University recognised by the Syndicate for the purpose, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

   (*d*) In the Faculty of Ayurvedic Medicine, the following persons, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area.

G.F.A.M. Degree holders in the Faculty of Ayurvedic Medicine and Unani and Tibbi Systems of Medicine of the Bombay State.

3. (*a*) All graduates referred to in sub-clause 2(*a*), (*b*), (*c*) and (*d*), wishing to have their names enrolled on the register shall apply to the Registrar in the prescribed form.

(*b*) Any person desiring to get himself registered may send in an application with the necessary fees to the Registrar of the University at any time during the year before the 1st of December and his name shall be put on the roll of the Registered Graduates on the 1st of January of the following year.

4. All graduates referred to in sub-clause 2(*a*), (*b*), (*c*) and (*d*) shall produce, along with their application, evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Magistrate or a J. P. or a Member of the Senate of the Gujarat University for the time being to the effect that their mother-tongue is Gujarati or that they ordinarily reside in Gujarat University area, as the case may be.

5. (*a*) When the roll is revised on the 31st of December every year, an announcement in the newspapers, selected by the Vice-Chancellor, shall be made in the first week of January that the rolls of the Registered Graduates are revised and if any corrections, omissions or wrong entries are brought to the notice of the Vice-Chancellor before the 31st of January, the Vice-Chancellor shall have the power to correct the rolls accordingly and his decision in the matter shall be final.

(*b*) The roll so corrected up to 31st of January shall be used for any bye-election during the calendar year and it shall be the roll to be published under St. 8 (2) for the bye-elections during that year.

6. Registered Graduates shall notify in writing to the Registrar every change in their address.

7. The Register of Graduates mentioned above shall be revised every year on the 31st of December and published every five years.

8. All persons whose names are entered on the said Register of Graduates shall be entitled to vote at the election of the representatives of the registered graduates on the Senate in accordance with the Statutes framed in that behalf.

9. On the expiry of the period of registration, the registration can be continued for a further period of five years on applying in a prescribed form and paying a re-registration fee of Rs 2/- only. The fee for re-registration should be paid before the 15th December of the year in which the registration expires.

૩૧. યુનિવર્સિટી હૉસ્ટેલ મૅગેઝીન પ્રકાશિત કરવા માટે રૂા. ૧,૫૦૦ (રૂપિયા એક હજાર પાંચસો)ની બજેટ જોગવાઈ કરવા હૉસ્ટેલના વિદ્યાર્થીઓની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત છાત્રાલય સલાહકાર સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૨. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમો ક્રમાંક ૧થી ૮ મંજૂર કર્યા છે, જ્યારે નિયમો ક્રમાંક ૯થી ૧૨ પર વિચારણા બાકી રહેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

9. No member of the staff shall leave the service of the college in the midst of any term and without giving to the authorities three months notice, if he is confirmed or one month's notice if he is temporary or on probation ending with the end of vacation, provided always that in case the member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

Notwithstanding anything contained in clauses 8 * and 9 above—

(*a*) a teacher who has put in services or five or more than five years shall not be terminated without just cause. Just cause means and includes inefficiency, indiscipline, misbehaviour, corruption, physical and mental incapacity and any other cause deemed just by the University.

or

a teacher who is on a permanent service may be terminated by the management on prior payment, over and above, the required notice pay of compensation equal to (1) 6 months

salary including all allowances, if he has been in the service of the college or Institution for five or more than five years, or (2) three months salary including allowances, if he has been in the service of the college or Institution for more than three years but less than five years.

(*b*) all cases of dismissal and termination of services of teachers shall be reported to the University, and in case of Dismissal the teacher shall be given a chance of explanation by the Institution and a proper inquiry, if so desired by the teacher shall be conducted in such case by the University.

(*c*) it shall be obligatory on the part of a teacher to join a college or Institution for at least one term, if he accepts the appointment order.

No teacher who acts otherwise shall be eligible for recognition to its respective cadre.

(*d*) it shall be obligatory on the part of a college to retain the services of the teacher for at least one term, if the teacher accepts the appointment.

(*e*) services of a Principal except otherwise previously permitted by the Vice-Chancellor shall not be terminated without giving notice of at least one term.

10. Where a teacher is appointed on a specified contract, the period and conditions of such contract should not be inconsistent with the conditions as laid down herein and their terms of contract should be submitted to the University for approval.

11. Member of the staff in an affiliated college or a recognised institution, when they apply for any post at another affiliated college or at institution recognised by this University or at a new college to be started in the University area, shall invariably send their applications through the heads of their colleges or the institutions as the case may be.

12. It shall be incumbent on the Principal of the college or the head of the institution to forward the application or any teacher working under him addressed to a college or institution affiliated or seeking affiliation to this University.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ નિયમ ક્રમાંક ૮ નીચે મુજબ છે :

*8. The service of a member of the staff shall not be terminated in the midst of any term and (*i*) without three months' notice, if he has been confirmed, or (*ii*)without one month's notice, if he is temporary or on probation ending with the end of vacation, provided, however, that when such notice is not given, the college authorities shall pay to him an amount equal to the salary as may be payable to him for the period of notice; provided this caluse will not be applicable and no notice will be necessary in case of a dismissal.]

આથી ઠરાવવામાં આવે છે કે નિયમ નં. ૯ અંશતઃ (તેના પ્રોવિઝો સિવાય) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવો :

9. No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities three months' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation ending with the end of vacation, provided always that in case the member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નિયમ નં. ૯નો પ્રોવિઝો તથા નિયમ નં. ૧૦, ૧૧ અને ૧૨ની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. **સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પરથી સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—સ્થાનિક શિક્ષણ નીચે મુજબ છે:

૧. આચાર્ય એલ. એચ. ટેંગશે—માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. બી. જે. પંડ્યા—માન્ય અનુસ્નાતક શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

૧. આચાર્ય એચ. સી. ત્રિવેદી

૨. આચાર્ય વી. એન. જોશી.

૩૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના રા. સોમપુરા કાંતિલાલ કૂલચંદને એમ.એ.માં ભારતીય સંસ્કૃતિ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૯ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ પ્રોફેસર કે લેક્ચરર બે વખત માસ્ટર્સ ડિગ્રી મેળવીને આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બે વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો નીચેની શરતોએ તે બે વિષયો પૈકી એક વિષય ખાસ કે મુખ્ય વિષય તરીકે શીખવી શકશે અને બીજા વિષયનું શિક્ષણકામ ફક્ત ગૌણ કક્ષાએ કરવા માટે તેને છૂટ રહેશે :

૧. સદરહુ બેઉ વિષયો એક જ વિદ્યાશાખા હેઠળના વિષયો હોવા જોઈએ,

૨. પરીક્ષક તરીકે ફક્ત તે મુખ્ય વિષયમાં જ કામ કરી શકશે, અને

૩. તેને પ્રોફેસર કે લેક્ચરર તો ફક્ત મુખ્ય વિષયમાં જ ગણી શકાશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. ૧૯૬૯ના શૈક્ષણિક વર્ષથી માધ્યમિશન સર્ટિફિકેટની પ્રથા યુનિવર્સિટીએ બંધ કરવા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જોઇન્ટ સેક્રેટરીના નવેંબર ૧૯૬૮ના પત્રાંક એફ.-૧-૮૨-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ હોમર્સ કૉલેજ, ધોળકાના આચાર્ય તરફથી આવેલી ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન વ્યાયામશિક્ષકની બંધ સમયની નિમણૂક ક્ષન્તવ્ય કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. શ્રી. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ના વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૬૯થી કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. આચાર્ય જી. જે. પંડ્યા—માન્ય અનુસ્નાતક શિક્ષક, અને બીજા એક શિક્ષકની નિમણૂક કરશે એમ આચાર્યશ્રી જણાવે છે.

૨. રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"ના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવેલી તે પરથી સિન્ડિકેટે સ્થાનિક તપાસસમિતિ નીમી છે. હાલના ઑર્ડિ. ૬૫–એસ મુજબ કોઈ પણ ઝોનમાં કોઈ પણ વિષયમાં વધુમાં વધુ ત્રણ જ અનુસ્નાતક કેન્દ્રો આપી શકાય એટલે આ બે અરજીઓ પૈકી કઈ માન્ય કરવી તે વિચારવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. આચાર્ય એચ. કે. ત્રિવેદી

૨. શ્રી. જે. એલ. ધોળકિયા.

૪૦. સિન્ડિકેટની તા. ૨-૧૨-૧૯૬૭ની સભાના ઠરાવ અનુસાર પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ અંગે બાંયધરી આપનાર વ્યક્તિનું સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરવાનું હોય છે. આથી બાંયધરી આપનાર વ્યક્તિ જો સેનેટ-સભ્ય હોય તો તેમની પાસેથી સોલવન્સી સર્ટિફિકેટ માગવામાંથી મુક્તિ આપવા અંગેના સૂચન પર વિચારણા કરવા બાબત.

તા. ૨-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટની બાબત ૨૮નો ઠરાવ નીચે મુજબ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિઓના સંદર્ભમાં સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરનાર કોઈ પણ વ્યક્તિની બાંયધરી માન્ય ગણવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોનો પગાર પ્રત્યેક માસની તા. ૭મી સુધીમાં શિડ્યુલ બૅંકમાં જમા કરાવવા બાબતના સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ની સભાના ઠરાવના સંદર્ભમાં જે કૉલેજો નિયમનો અમલ ન કરતી હોય તે પરત્વે વિચારણા કરવા અને આ બાબતને આનુષંગિક નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) સરકારી કૉલેજો અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજોની બાબતમાં આગ્રહ રાખવો કે કેમ ?

(૨) કેટલીક કૉલેજો ચેકથી પગાર આપે છે તે ચલાવી લેવું કે કેમ ?

(૩) કૉલેજ જે ગામમાં હોય ત્યાં બૅંક ન હોય ત્યાં રોકડેથી પગાર કરવા દેવો કે કેમ ?

(૪) પ્રતિમાસે આ અંગેની માહિતી યુનિ[illegible] નિયમનો અમલ શરૂ [illegible] એમ આગ્રહ રાખવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત [illegible] રાખવી.

૪૨. કાયદાની વિદ્યાશાખાની તા. ૫-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ભલામણ કરે છે કે કાયદાના ફૂલ-ટાઇમ શિક્ષકોને એન્જિનિયરિંગ કે મેડિકલ કૉલેજના શિક્ષકોના ગ્રેડ મુજબ ગ્રેડ આપવા.

અથવા

નૉન-પ્રૅક્ટિસિંગ એલાવન્સ આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. વનસ્પતિવિજ્ઞાન વિષયની પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત :

		રૂ.	પૈ.
શ્રી. જે. જે. ચિનોય—વિજ્ઞાન વિદ્યાભવન	...	૧૦૩	૬૦
શ્રી. સી. કે. શાહ—વનસ્પતિવિજ્ઞાનના રીડર	...	૧૦૩	૬૦
શ્રી. બી. એસ. વૈદ્ય—વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	...	૧૦૩	૬૦
શ્રી. એ. બી. વોરા ,, ,,	...	૧૦૩	૬૦
શ્રી. આર્ય. સી. દવે—રિસર્ચ ફેલો	...	૧૦૩	૬૦
શ્રી. બી. એમ. જ્ઞની	...	૧૦૩	૬૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે આચાર્યો મારફત મગાવેલ ભલામણોની યાદી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરવામાં આવેલી નામાવલીમાંથી પ્રત્યેક કૉલેજના પ્રથમ ૭ ૭ સભ્યોનાં નામોની યાદી ચાલુ વર્ષે સિનિયર સુપરવાઇઝરોની નિમણૂક માટે મંજૂર કરવી અને તે પરથી જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. પ્રાક્ટિકલ-પરીક્ષકોની અવેજી નિમણૂક કરવાની પ્રથા બાબતમાં આચાર્યશ્રી એમ. સી. દેસાઈનું નીચેનું સૂચન, જે સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભામાં જુદી જુદી વિદ્યાશાખાઓને વિચારણા માટે મોકલેલું તે અંગે જુદી જુદી વિદ્યાશાખાઓના

નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

આચાર્ય એમ. સી. દેસાઈનું સૂચન

" If any Examiner rejects his appointme... after his appointment is made the new appointment be made in consultation with the Chairman of the relative Board of Studies ... I think the Dean may not be conversant with all the subjects under the faculty."

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે પ્રાથમિક-પરીક્ષકોની અવેજી નિમણૂક કરવાની હાલ જે પ્રથા છે તેમાં કોઈ જ ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી."

૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૭-૨-૧૯૬૮ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે હાલની વ્યવસ્થા ચાલુ રાખવી અને પ્રિ. એમ. સી. દેસાઈના સૂચનની નોંધ લેવી. તે અંગે આગળ કાંઈ કરવાપણું રહેતું નથી."

૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૫-૯-૧૯૬૮ની સભાનો ઠરાવ

" The Dean may consult the Chairman for recommending substitute appointments."

૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાશાખાએ કંઈ કરવાનું રહેતું નથી."

૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૯-૩-૧૯૬૮ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે લૉ ફૅકલ્ટીની પરીક્ષાઓમાં પ્રશ્નપત્રવાર પરીક્ષકોની નિમણૂક થતી નથી, તેથી આ અંગે હાલની પ્રથામાં ફેરફાર કરવાની જરૂર રહેતી નથી."

૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૯-૧-૧૯૬૯ની સભાનો ઠરાવ

" આથી ઠરાવવામાં [illegible] પ્રથા ચાલુ રાખવી. આચાર્ય એમ. સી. દેસાઈના સૂચનની નોંધ લેવી. તે [illegible] રહેતું નથી."

આથી ઠરાવવામાં [illegible] આચ [illegible] સી. દેસાઈનું ઉપરનું સૂચન સ્વીકારી શકાય નથી.

૪૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની કૂટ અંગેની તપાસસમિતિના અહેવાલ પરના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની નીચેની ભલામણ નં. ૭ અને તે ઉપરના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવામાં આવી :

સમિતિની ભલામણ નં. ૭	કાર્યાલયનું સૂચન
પરીક્ષા અંગેની ગુપ્તતા જળવાય અને યુનિવર્સિટીની સૂચનાનું પાલન બરોબર થાય તે માટે પ્રત્યેક કેન્દ્ર પર પ્રી-યુનિ. વિજ્ઞાન અને ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા પૂરતું (૧) એક વધારાના સિનિયર સુપરવાઇઝર અન્ય કેન્દ્ર પરથી યુનિવર્સિટીએ મોકલવાનું રાખવું; અને (૨) પ્રશ્નપત્રોનાં સીલબંધ કવરોનો હવાલો તેમની પાસે રહે તેવી વ્યવસ્થા કરવી; તદુપરાંત (૩) જે કેન્દ્ર પર પ્રશ્નપત્રો છાપવા માટે પ્રેસની વ્યવસ્થા કરવામાં આવી હોય ત્યાં પણ ઉપર જણાવ્યા મુજબ વ્યવસ્થા કરવાનું રાખવું; અને (૪) વધારાના સિનિયર સુપરવાઇઝરને પ્રેસમાં પ્રશ્નપત્રો છપાય તે દરમિયાન હાજર રહેવા જણાવવું.	૭ (૧), (૩), (૪): સુપરવાઇઝર માટે યુનિવર્સિટી ભવનોના શિક્ષકોને કામગીરી સોંપવાનું રાખવા સૂચન છે. તે અંગેનાં નામો અગાઉથી મંજૂર કરવાનું રાખવા સૂચન છે. (૨) પ્રશ્નપત્રોનાં સીલબંધ કવરો હાલમાં કેન્દ્રના સિનિયર સુપરવાઇઝરને મોકલવામાં આવે છે તે પ્રથા બંધ કરવી પડે તેને બદલે બહારના કેન્દ્રના સિનિયર સુપરવાઇઝરને સીલબંધ કવરો મોકલવાનું રાખવું પડે, પરંતુ સીલબંધ કવરો વધારાના સિનિયર સુપરવાઇઝરને રાખવામાં મુશ્કેલી પડે તેના કરતાં હાલની પ્રથા મુજબ સીલબંધ કવરો મોકલવાનું જ વ્યવહારુ (practical) જણાય છે તે ચાલુ રાખીએ અને બહારના સિનિયર સુપરવાઇઝરની હાજરીમાં તેમની સહીથી પ્રેસમાં છાપવાની વ્યવસ્થા કરવાનું રાખીએ. જે કેન્દ્ર ઉપર પ્રશ્નપત્રો છાપવાનાં ના હોય તેવા પ્રશ્નપત્રોનાં સીલકવરો અકબંધ સ્થિતિમાં પરીક્ષા પૂરી થયા બાદ યુનિવર્સિટીને રૂબરૂમાં સુપરત કરવાનું બહારના કેન્દ્રના સિનિયર સુપરવાઇઝર મારફતે રાખવું.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને તે સમિતિના અહેવાલને અનુલક્ષીને ચાલુ વર્ષે પરીક્ષાની દેખરેખ(supervision)ની બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૨. આચાર્ય કે. એન. શાહ
૩. શ્રી. જે. એમ. મહેતા (કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ).

૪૭. સર્વશ્રી એમ. સી. દેસાઈ, મણિશંકર પંડ્યા અને અશ્વિન ત્રિવેદીના તા. ૧૨-૧૨-૧૯૬૮ના પત્રથી આવેલ નીચેનાં ત્રણ સૂચનો પર વિચારણા કરવા બાબત :

1. " For appointing Examiners to the post-graduate examinations, as well as the papers-setters in other examinations, the rule of six turns may not be insisted."

2. " The question-paper at the undergraduate examinations should consist mostly of questions which require short (term) but positive answers which will test comprehension rather thah memory."

3. " The total marks earned by any candidate in any paper must be indicated both in words and figures. This refers to front page of main answer-books as well as in mark-sheets."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. શ્રી. એમ. પી. પંડ્યા તરફથી આવેલ નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"એનરોલમેન્ટ ફોર્મની ચકાસણી માટે યુનિવર્સિટીમાં અલગ વહીવટી તંત્ર છે. તેમ છતાં તેની ચકાસણીની છેવટની જવાબદારી કૉલેજો પર નાખવામાં આવી છે અને સરતચૂકથી એ ચકાસણીમાં કાંઈ ગફલત થાય તો કૉલેજોને ઠપકો આપવામાં આવે છે, જ્યારે તે અંગેની છેવટની તપાસણી કરતા આપણા એનરોલમેન્ટ વિભાગની કોઈ જવાબદારી ઊભી થતી ન હોય એવું વલણ દેખાય છે. એટલે કાં તો આ અંગેની છેવટની જવાબદારી યુનિવર્સિટીએ સ્વીકારવી અને ચકાસણી અંગેનું જે સર્ટિફિકેટ કૉલેજો પાસેથી મગાવવામાં આવે છે, તેનો આગ્રહ નહિ રાખવો, અથવા ચકાસણીની સઘળી જવાબદારી અને તે અંગે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી કૉલેજોને સુપરત કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાસમિતિ વખતે આચાર્યશ્રી એલ. ડી. ઢવેએ કરેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની જે તે વિષયોની પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક મંડળનું સંચાલન જેમને સોંપાય તેમને પરીક્ષકોની સંખ્યા ગમે તેટલી હોય તો પણ કન્વીનરને બદલે ચેરમેન તરીકે મૂકવા."

(નોંધ.—હાલની પ્રણાલિકા મુજબ ૬ કે ૬થી વધુ પ્રાશ્નિક-પરીક્ષકો હોય તો જ "ચેરમેન" નીમવામાં આવે છે, બાકી "કન્વીનર" નીમીએ છીએ. ચેરમેનને રૂા. ૫૦નું મહેનતાણું આપવામાં આવે છે. કન્વીનરને હાલના નિયમ પ્રમાણે કોઈ રકમ આપવામાં આવતી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. એમ.એસસી., પાર્ટ ૨ ગ્રુપ "બી" (Elasticity) ના અભ્યાસક્રમમાં "Mathematical Theory of Elasticity" by Love ને બદલે "Mathematical Theory of Elasticity" by Sokoluikoff ને પાઠ્યપુસ્તક તરીકે રાખવા અને 'Elasticity' by Love ને સંદર્ભગ્રંથ તરીકે રાખવા તથા તે મુજબ એમ.એસસી. ફના સંબંધકર્તા ભાગ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભાની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫૧. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદે જૂન ૧૯૬૮થી બી.એસસી. (સ્પે.) માં કીટાણુવિજ્ઞાનનો વિષય શીખવવા માટે કરેલ જોડાણઅરજી પરત્વે સેનેટે મૂકેલી શરતો પૈકી યુનિવર્સિટીનાં પગારધોરણ અપનાવવાની અને મોંઘવારી ભથ્થું ચૂકવવાની શરતોનું હજુ સુધી પરિપાલન કર્યું ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૯-૧૯૬૮ની સભાની ભલામણોને અનુલક્ષીને કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. અભ્યાસક્રમની પરીક્ષાઓ પાસ કરેલા વિદ્યાર્થીઓ માટે ઓર્ડિ. ૨૭૨ અને ઓર્ડિ. ૨૭૨-એ મુજબ પદવી મેળવવા માટેની ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ કરવાની જોગવાઈ કાઢી નાખવાની અને તે પ્રમાણે ઓર્ડિ. ૨૫૬ ને સુધારીને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઓર્ડિ. ૨૫૬ને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઓર્ડિ. ૨૫૬ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૩. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ અનુ-અનુસાર રેગ્યુ. ૧૬૫, ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૭ અને ૧૭૯ સુધારવા અને સદરહુ સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(1) In rules regarding internal evaluation the marks in internal evaluation of a candidate who has failed in one or more heads of passing will be based on a fresh internal evaluation. However the Principal or dean may at his discretion exempt a candidate from

this fresh evaluation or waive the fresh evaluation. In this case the original internal evaluation of the candidates will be carried forward.

(2) Passing marks for internal evaluation will be 50%.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુલેશનો ૧૬૫, ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૭ અને ૧૭૯ સુધારવા તથા તે સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા.

૫૪. પ્રી-યુનિવર્સિટી સાયન્સનો બાયોલોજી વિષયનો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. પ્રી-યુનિ. સાયન્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારવા અને સુધારેલા રેગ્યુ. પ્રી-યુનિ. સાયન્સ-૨ ને તા. ૧૫મી જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાયોલોજીની અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે સદરહુ બાબત પાછી મોકલવી.

૫૫. ફર્સ્ટ બી.કૉમ.ના ઍલિમેન્ટ્સ ઑફ સ્ટેટિસ્ટિક્સ (ફરજિયાત) અભ્યાસક્રમનો મુદ્દો નં. ૫ Outline of reffession correlation એમ સુધારવો તથા એમ.કૉમ., ભાગ ૧ અને ભાગ ૨નો સ્ટેટિસ્ટિક્સ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે અન્વયે રેગ્યુ. કૉમ.-૨, રેગ્યુ. એમ.કૉમ.-૨ અને એમ.કૉમ.-૫નો સંબંધકર્તા ભાગ સુધારવા અને સુધારેલા રેગ્યુલેશન જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તેની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભાએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. કૉમ.-૨, રેગ્યુ. એમ.કૉમ.-૨ અને રેગ્યુ. એમ.કૉમ.-૫ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. કૉમ.-૨, રેગ્યુ. એમ.કૉમ.-૨ અને રેગ્યુ. એમ.કૉમ.-૫ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૬. ગ્રંથાલય સમિતિ પર ઑર્ડિ. ૨૨ પ્રમાણે સિન્ડિકેટે નિયુક્ત કરેલા નીચે જણાવેલા સભ્યોના સભ્યપદની મુદત તા. ૩-૩-૧૯૬૯ના રોજ પૂરી થતી હોઈ, તેમની જગ્યાએ ત્રણ સભ્યોને નીમવા બાબત:

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ

૨. રૉ. એ. એમ. ત્રિવેદી

૩. રૉ. જયંત બી. હરિભક્તિ.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે ઉપરના ત્રણે સભ્યોને તા. ૨-૩-૧૯૭૨ની મુદત સુધી ફરીથી નીમવા.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. કે. કે. બેંકરનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૫-૩-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૬-૩-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. કે. કે. બેંકરની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે કે. બેંકરને સદરહુ જગ્યા પર તા. ૧૬-૩-૧૯૬૯થી કાયમ કરવા.

૫૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. સલમા એફ. કારખાનાવાલાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૦-૩-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૧-૩-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. સલમા એફ. કારખાનાવાલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુ. સલમા એફ. કારખાનાવાલાને સદરહુ જગ્યા પર તા. ૧૧-૩-૧૯૬૯થી કાયમ કરવાં.

૫૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એ. ડી. મનસૂરી તા. ૧૪-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ આપવા અંગે તેમની તા. ૩૧-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ તા. ૧૫-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. મનસૂરીને તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૬૦. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "સ્વ. ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ સુવર્ણચંદ્રક" ૧૯૬૮ના વર્ષ માટે જાહેર કરવા બાબત તથા સદરહુ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૭-૬૮ તથા ૧૯૬૮-૬૯ના વર્ષ માટે સુવર્ણચંદ્રક આપવા અંગે રૂા. ૫,૦૦૦ ઉપરાંત રૂા. ૫૨૦ પ્રદાન આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "સ્વર્ગસ્થ ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ સુવર્ણચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા અને તે ચંદ્રક ૧૯૬૭-૬૮ અને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે આપવા માટે રૂા. ૫૨૦નું પ્રદાન સ્વીકારવું અને ઉપર જણાવ્યા મુજબ મંજૂર કરેલા નિયમો પ્રમાણે તે સુવર્ણચંદ્રક ૧૯૬૭-૬૮ના વર્ષ માટે પણ જાહેર કરીને આપવો.

(સદરહુ સુવર્ણચંદ્રક માટેના મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૧. ઉચ્ચ કેળવણીના વિકાસની બાબતમાં એજ્યુકેશન કમિશનની ભલામણોના સંદર્ભમાં બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર તથા પંજાબનાં રાજ્યોના કુલપતિઓની પરિષદની ભલામણો જાણ તથા ઘટતું કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આપણને મોકલી આપી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. યુનિવર્સિટી અને કૉલેજોમાં વેલ્ફેર ફંડ ઊભું કરવાનું સૂચન કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૦-૧૨-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૬૮.૬૮ (સીડીએન) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં શ્રી. એસ. બી. મહેતા તરફથી અખિલ ભારત સ્થાનિકવાસી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ તરફથી પ્રસિદ્ધ થયેલ જૈનશાસ્ત્રનો સંપૂર્ણ ગ્રંથસંગ્રહ મેળવવા માટેનું રૂા. ૧,૦૦૧નું દાન સ્વીકાર કરવા માટે મંજૂર કર્યું છે. શ્રી. મહેતા જણાવે છે કે ઉપરોક્ત સંસ્થાનાં પ્રકાશનો મેળવવા માટે તે સંસ્થાના આપણે સભ્ય થવાનું રહેશે, તો તે પ્રમાણે સભ્ય થવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. શિબિરો માટે તેના સંચાલકોના માનદ વેતનનું ધોરણ નિયત કરવા બાબત.

(નોંધ.—૧૫ દિવસના નાટ્ય તાલીમ શિબિરના સંચાલકોને રૂા. ૨૦૦નું માનદ વેતન આપવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. મોહનસિંગ શમશેરસિંગ ગુરખાને તા. ૧૮-૧૧-૧૯૬૮થી છૂટા કર્યા હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૨૭-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ તા. ૧૯-૧૧-૧૯૬૬થી જોડાયા હતા અને તેમને તા. ૧૮-૧૧-૧૯૬૮થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મોહનસિંગ શમશેરસિંગ ગુરખાને ખાતે નીકળતી તેમના પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૬૬. કાયદાની વિદ્યાશાખાની તા. ૫-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે કાયમી જોડાણ મળેલ કાયદાની વિદ્યાશાખાની કૉલેજ માટે નિમાતી ત્રિવાર્ષિક તપાસસમિતિને આપવાના તપાસવાના મુદ્દાઓ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા."

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખાની કૉલેજો માટે નિમાતી ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓને આપવાના તપાસના મુદ્દાઓનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા તપાસના મુદ્દાઓના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬૭. યુનિવર્સિટી કાર્યાલયમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. આત્મારામ મોતીભાઈ તા. ૨૬-૯-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમના તા. ૧૩-૧-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિવર્સિટીમાં તા. ૧૯-૧૧-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૨૬-૯-૧૯૬૮થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આત્મારામ મોતીભાઈને તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૬૮. માર્ચની તા. ૨૨થી તા. ૨૮, ૧૯૬૯ના સમય દરમિયાન રવીન્દ્ર કલાક્ષેત્ર, બેંગ્લોર મુકામે "Recreation & Youth Welfare" અંગે મળનાર International Recreation Congressમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટેના The Indian National Recreation Association, Bangaloreના માનદ સામાન્ય મંત્રીશ્રીના તા. ૫-૧-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. Indian Council for Cultural Relations and the National Commission for Co-operation, UNESCOના સહકારથી Civilization of Central Asia નામના યુનેસ્કોના પ્રોજેક્ટના ભાગરૂપે "Movement of Peoples and Ideas between the countries of Central Asia from the Earliest Times to the modern period વિષય પર ફેબ્રુઆરીની તા. ૧૧થી ૧૫, ૧૯૬૯ના સમય દરમિયાન આઝાદ ભુવન, ન્યૂ દિલ્હી મુકામે આંતરદેશીય અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના Observersને મોકલવા અંગે મજકૂર કાઉન્સિલના મંત્રીશ્રી તરફથી તા. ૭-૧-૧૯૬૯ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના નિરીક્ષકને મોકલવા માટે અવકાશ નથી.

૭૦. સ્ટાફ ક્વાર્ટર્સ, વિદ્યાર્થીઓના છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામ અંગેની યોજનાઓ માટે રાજ્ય સરકારે તેમના ફાળાની યુનિવર્સિટીને આપવાની

થતી ગ્રાન્ટ પૈકી લોન મંજૂર કરી હતી તે અંગેની શરતોમાં વ્યાજના દર અંગેની શરતોમાં તેમના તા. ૬-૧-૧૯૬૯ના પત્રથી નીચે પ્રમાણે ફેરફાર કર્યો તે ઉપર વિચારણા કરવા બાબત:

[નોંધ.— વ્યાજના દર અંગેની વિગત નીચેના કોઠામાં આપી છે:

લોન મેળવ્યા પછી	હપતો તથા વ્યાજ ભરવામાં ચૂક થાય તો	મૂળ ઠરાવ પ્રમાણે લોન પર વ્યાજનો દર	સુધારેલા ઠરાવ પ્રમાણે લોન પર વ્યાજનો દર
૧ વર્ષ પછી	—	૬½%	૭½% − ૧% = ૬½% ૧% વટાવ, હપતો વગેરે સમયસર ભરાય તો
૨ વર્ષ પછી	પહેલું વર્ષ	½% પ્રતિ માસે એટલે ૮ પ્રતિ વર્ષ	૭½%
૩ વર્ષ પછી	બીજું વર્ષ	(ઉપર મુજબ)	૮½%]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણા તરફથી તા. ૨૨-૧૨-૧૯૬૮થી તા. ૩૧-૧૨-૧૯૬૮ના અરસામાં કંકાપુરા મુકામે લેબર એન્ડ સોશિયલ સર્વિસ કેમ્પ યોજવામાં આવેલો તે અંગે કેન્દ્ર સરકારના શિક્ષણ ખાતાએ તેમના પત્રાંક એફ. ૪-૫૮-૧૯૬૮ વાય.એસ.આઈ. તા. ૮-૧-૧૯૬૯થી ગ્રાન્ટ રૂા. ૧,૫૬૦ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે રકમ તેઓને ચૂકવવા બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. સને ૧૯૬૮-૬૯ (એપ્રિલ ૧૯૬૮થી માર્ચ ૧૯૬૯)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

[નોંધ.— (૧) સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર રૂા. ૫-૨૫ના દરે અને વર્ષ દરમિયાનના પહેલા ૭ માસના ફાળા ઉપર રૂા. ૫-૨૫ના અર્ધા દરે વ્યાજ આપ્યું હતું.

(૨) સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે રૂા. ૫-૫૦ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

(૩) ફંડની આવક જોતાં આ દરે વ્યાજ આપી શકાશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૬/૨૭-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

4. As a need for training teachers for successful implementing the new language syllabus, it is necessary that the following training requirements are to be met by 1970:

(*i*) Four six weeks training programmes for batches of 50 to 60 teachers.

(*ii*) When the outlines of language course are settled a seminar should be arranged for the Heads of English Department of affiliated colleges specifically for considering the new language course.

(*iii*) Follow up seminars for practice in training should be arranged for every batch of 50 to 60.

(*iv*) In service programmes for teachers of English should be arranged at Ahmedabad and other centres where convenient.

(*v*) Reading material should be evolved at the University (Sample material to be obtained from central Institution of English, Hyderabad.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ને યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકો મેળવી આપવા માટે સ્ટોરને એજન્ટ તરીકે નીમવા તેમ જ યુનિવર્સિટી પ્રકાશનોનાં વેચાણ માટે બીજા એજન્ટો કરતાં બે ટકા વધુ કમિશનના દરે overriding હક્કો આપવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. શ્રી. એસ. સી. રંગાટિયાના "જૈન રાસસાહિત્ય — પંદરમી શતી તક" એ શીર્ષક નીચે હિંદી વિષય પરના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા ત્રણ રેફરીઓની વચ્ચે મતભેદ હોઈ ચોથા રેફરીની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.— રેફરીઓ વચ્ચે મતભેદ પડે તો ઑ. ૩૨૧ મુજબ સિન્ડિકેટે ચોથા રેફરીની નિમણૂક કરવાની હોય છે. સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાએ "રિઝર્વ" રેફરી તરીકે શ્રી. પુણ્યવિજયજી મહારાજ, અમદાવાદ તથા પં. વિશ્વનાથપ્રસાદ મિશ્ર, ગયાની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. વિજ્ઞાન અને ગણિતના કૉલેજ શિક્ષકો માટેનું સને ૧૯૬૯ના વર્ષનું સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન ફિઝિક્સ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૯-૪૫, ૬૯ (એસ.આઈ.), તા. ૪-૧-૧૯૬૯થી મંજૂર કર્યું તથા તે માટે "ઑન એકાઉન્ટ" એડવાન્સ રૂા. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૭. બયતુલમાલ, અમદાવાદે તેઓ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની વિનયન અને વાણિજ્યની કૉલેજ તેઓ હાલ ચાલુ કરવા માગતા નથી તેમ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૮. સિન્ડિકેટની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભાએ બાબત નં. ૬૫-થી ઑક્ટોબર ૧૯૬૮ની થર્ડ એમ.બી.,બીએસ.ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની વધુ એક પરીક્ષા જાન્યુઆરી ૧૯૬૯માં લેવાની માગણી પર વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું હતું:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને અનુમતિ માટે લખવું અને તેની અનુમતિ મળ્યેથી તે વિદ્યાર્થીઓની વધુ એક પરીક્ષા જાન્યુઆરી ૧૯૬૯માં લેવાનું રાખવું."

(આ અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સેક્રેટરી સાથે પત્ર વ્યવહાર કરતાં તેમના તરફથી વધારાની પરીક્ષા લેવા અંગે અનુમતિ મળેલ નહિ હોવાથી ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા જાન્યુઆરી ૧૯૬૯માં લઈ શકાઈ નથી તે અંગેની નોંધ લેવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. નાનુ મોતીનો લંબાવેલો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૮-૫-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. નાનુ મોતીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. નાનુ મોતીને સદરહુ જગ્યા પર તા. ૨૮-૫-૧૯૬૮થી કાયમ કરવા.

૮૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગારધોરણ સુધારવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલા તેમના તા. ૩-૧૨-૧૯૬૮ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-૮૧૪૧૩-ખ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે યુનિવર્સિટીએ રાજ્ય સરકાર સાથે ચર્ચાવિચારણા અંગે નીમેલ પ્રતિનિધિમંડળના નેતા ડૉ. ય. ગુ. નાયકનું મંતવ્ય છે કે રાજ્ય સરકાર યુનિવર્સિટીનો પ્રસ્તાવ સ્વીકારે ત્યાર પછી જ યુનિવર્સિટીએ નવાં પગારધોરણો માન્ય કરવાં યોગ્ય થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

   Analysis of mixture of powders containing four radicals excluding phosphate, Arsenate, Arsenate and borate.

   Mixture may be partly soluble in water and wholly in an acid.

3. Volumetric estimation of Ferric, Chloride, Arsenite and Nitrite.
4. Gravimetric determination of —
   (*i*) iron as iron oxide from a solution of ferrous sulphate.
   (*ii*) Aluminium as Aluminium oxide from a solution of Aluminium sulphate.
   (*iii*) Nickel as Nickel dimethyl glyoxime from Nickel chloride solution.
   (*iv*) Manganese or Manganese pyrophosphate from a solution of Manganese phosphate.

(*Organic*)

1. Organic spotting of substances containing not more than two functional groups, with derivatives and determination of M.P. and B.P.

   Determination of Equivalence of an acid to be considered as its derivative (Standard solution to be supplied).

Suggested List :

Salicylic acid : Resorcinol : m-di-nitro-benzene Sulphanilic acid : o.m. and p-nitro anilines : o m. and p-nitro phenols : Salicyldehyde. Anthranilic acid : Glycine Chloral hydrate : Tartaric Acid and Citric Acid, Salol, Para dichloro benzene, Acetophenone alpha and beta naphthols.

Physical

1. To study the distribution of benzoic acid between water and benzene.
2. To determine (*i*) The water equivalent of the thermos and hence (*ii*) the heat of ionisation of a weak acid.
3. To titrate a given strong acid against strong base conductometrically.
4. To determine the dissociation constant of a weak electrolyte by conductivity method.
5. To study the adsorption of an organic acid by animal charcoal.
6. determine the viscosity of organic liquids and their mixture (by calculation method).

7-A. To determine the relative strength of two acid by studying hydrolysis of methyl acetate.

7-B. To determine degree of hydrolysis of urea hydrochloride by kinetic method.

સિન્ડિકેટ (ફેબ્રુઆરી)
તા. ૮/૬-૨-'૬૯

T.Y.B.Sc.

Paper VI (Inorganic Chemistry) :

1. Elementary treatment of wave-mechanics, wave-nature of matter (De Breglie-Equation). Uncertainty Principle, Schrodinger wave-Equation, Interpretation of ϕ^2.

   (Day & Selbin : 'Inorganic Chemistry', pages 26–42), E. D. Kaufman : 'Advanced Concept in Physical Chemistry', pages 1–95), Cartmell and Fowles.

2. Types of bonds; General discussion of ionic, covalent, metallic, Van der Waals and hydrogen bonds (Emeleus and Anderson).
3. Born-Haber cycle as applied to NaCl (Mahan College Chem.)
4. Covalency as explained by V. B. and M. O. Theory. Diatomic Molecules such as H_2^+, H_2, He_2^+, N_2, O_2, NO, CO (Coulson Valence) (Cartmeil-Fowles : 'Valency and Molecular Structure'.)
5. Directed Valence, Hybridisation of orbitals and molecular structure (Selbin and Day).
6. Crystal-Field Theory and properties of complexes (C. & W.)
7. Sidgwick-Powell : 'Rule and Inorganic Stereochemistry' (Bell & Lott, p. 65 to 69, Selbin & Day, pp. 195-199).
8. Hydrogen and Hydrides, Ortho and Para Hydrogen.

   Deuterium and its compounds, Types of Hydrides: Hydrides of B, Si, P, As, S, Se, F for detailed study (E. & A. C. & Wilkinson).

9. Peroxides and per-acid; detailed study of structural aspects of peroxides and per-acids of B, C, N, P, S, Cr. ' Emeleus-Anderson-Wilkinson-Cotton).
10. Carbides, Nitrides and borides (Structural approach).
11. Chemistry of: Ti, V, Hf, W, Re, Pt, U.
12. Non-aqueous solvents, Classification–NH_3 HF & SO_2 systems in detail.
13. Metal carbonyls; nitrosyls and hyrides of metal carbonyls (Cotton and Wilkinson), (Em. & Anderson).

The following to be considered as main text-books :

(1) Cartmell and Fowles : 'Valency and Molecular Structure'

(2) 'Advanced Inorganic Chemistry' : Cotton and Wilkinson

(3) 'Modern Aspects of Inorganic Chemistry' : Emeleus and Anderson

(4) 'Inorganic Chemistry' : Selbin and Day.

Paper VIII (Organic Chemistry) :

1. Cyclanes :

Baeyer's strain theory–preparation and reactions–conformations of cyclohexane-equationials and axial bonds-stereochemistry cis-trans addition and elimination.

2. Optical Isomerism :

1. Optical isomers and asymmetric carban atom–racemates, relative and absolute configuration, diasterioisomers-mes compound resolution of recemates equimerisation and mutarotation–stereochemistry of cyclic compounds, degeneracy due to ring formation and centre of symmetry, biological specificity and asymmetric synthesis.
2. Optical isomerism without asymmetric carbonallenes, diphenyl stereochemistry, of some N and S compounds. Beckmann transformation.

3. Colour and constitution :

With colour theory, modern theory of colour. Photochemical oxidation, reduction, isomerisation and cycloaddition.

4. Theory of Electrophilic Aromatic Substitution :

1. Electrophilic substitution reaction.
   - (*a*) replacement by hydrogen (nitration, sulphonation, halogenation, Friedel–Craft reaction, Chloromethylation, nitrosation diazo coupling transient intermediates).
   - (*b*) replacement by groups other than hydrogen, desulphonation, dealkylation–dehalogenation, decarboxylation.
2. Parital rate factors.
3. Factors influencing rate and orientation, steric effects, induction and mesometric nature of attaching reagents, selective relationship.

4. Application to polysubstituted compounds.
5. Application to polysubstituted compounds. Diphenyls–Naphthalenes application to aromatic hereto compounds.

5. Theory of Nucleophilic Displacements :

1. Nuclear displacement reactions–classification by charge type.
2. Nucleophilicity.
3. Walden inversion, mechanism and stereochemistry.
4. Elimination vs. substitution.
5. Mechanism of SN^1 and SN^2 and their stereochemistry. SN^1 reactions.
6. Influence of structure on rate and mechanism neopentyl effect allylic, benzyllic and proparagylic systems.
7. Neighbouring group particulation, retention of configuration, anchemeric assistance.

6. Theory of Molecular Advancements :

1. Classification : (*a*) 1, 2 shifts, and (*b*) side chain to aromatic nucleus.
2. Methods for establishing occurrence of migration–Willegerodt, Arndt–Eistert–Intra and intermolecularity.
3. Theory of 1, 2 shifts–Whitmore Theory, their stereochem. 1, 2 shifts involving free radical intermediates, Stevens reaction.

7. Benyzenes and Carbene Chemistry :

8. Carbohydrates :

1. Introduction definition–photosynthesis–chemistry of monosachharides, structure of glucose and fructose–hemiacetals, anomers, osazones, Kiliani Fischer, chain extension, methods of degradation–stereochem of glucose and related sugars, elementary ideas.
2. Disachharides and polysachharides (elementary treatment), maltose, sucrose, starch–structure of amylose (no details) and group analysis, structure of amylopectin cellulose, reactions of cellulose.

9. Polynuclear Aromatic Compounds :

Fused ring compounds–naphthalene, phenanthrene–anthracene detailed.

10. Methylene Compounds Tautomerism :

1. Malonic and acetoacetic ester, synthesis and their synthetic uses.
2. Tautomerism details of keto-enol-general about amides, nitrose, nitro, oximine, nitrosation.

11. Heterocyclic Compounds :

Nomenclature–aromaticity of 5 and 6 membered ring systems–electrophilic substitution in pyrrole, furan, thiophene, reactivity and orientation in pyridine-basicity, electrophilic and nucleophilic substitution in pyridine–quinoline and isoquinoline preparation and reactions.

12. Alkaloids :

Isolation methods–general methods of analysis–exhaustive methylation–study of conine and atropine.

13. Isoprenoids :

General methods of study–isoprene rule–degradation study of citral terpeneol and camphor.

14. Plant Pigments :

General correlation between anthocyanins, flavones; p-carotene.

15. Oxidation Reduction :

Hydrogenation and dehydrogenation–elementary treatment of selective oxidizing and reducing agents like the following :

(*i*) Chromic acid, aluminium tert, butoxide, Wolff–Kisner–Metal hydrides lithium–Al–hydride, sodium borohydride, aluminium isopropoxide, selenium dioxide sod. hypobromite, periodic acid, lead tetraacetate, osmium tetroxide, etc.

16. Amino Acids and Proteins (elementary aspects) :

Types of biologically important aminoacids–synthesis of ∝–aminoacids–acid base properties–analysis of aminoacids–lactam-peptides and proteins structure of propeins–enzymes.

17. Synthetic Dyes and Drugs :

1. Classification of dyes according to structure and mode of application. Only synthesis from each group. Azo (congo red); tri–phenylmethyl (Malachite green); anthraquinone (Alizarine) and Indigoids (Indigotin).

2. Chemotherapeutic Drugs–General, Synthesis *only* of Neosalvarsan, Sulfanilamide, Sulfadiazine, paludrine, chloroquin.

Recommended Text: Morrison and Boyd.

Suggested List : 1. Condon and Meislich: 'Introduction to Organic Chemistry' (Holf, Rinehart)
2. Roberts–Caserio: 'Basic Principles of Organic Chemistry' (Benjamin)
3. Cramm–Hammond: 'Organic Chemistry', 2nd Ed. (McGraw).

Library List

1. Morrison and Boyd: 'Organic Chemistry' (Allyn & Bacon)
2. Cramm and Hammond: 'Organic Chemistry' (McGraw Hill)
3. Condon and Meislich: 'Introduction to Organic Chemistry' (Holt, Rinehart, Wincton)
4. Roberts and Caserio: 'Basic Principles of Organic Chemistry' (Benjamin)
5. Peter Sykes: 'A Guide Book to Mechanism of Organic Chemistry' (Longmans)
6. Ferguson: 'Modern Structural Theory of Organic Chemistry' (Prentice Hall)
7. Reutov: 'Theoretical Organic Chemistry' (Russian)
8. Whitefield: 'A Guide to Understanding Basic Organic Reactions' (Longmans)
9. Bordwell: 'Organic Chemistry' (Macmillan)
10. Conrow and McDonald: 'Deductive Organic Chemistry' (Addision–Wesely)
11. Finar: 'Organic Chemistry', Vols. I & II (ELBS).

Paper IX (Physical Chemistry):

A. E.M.F.–its measurement, different types of reversible electrodes, conventions for the expression for e.m.f.'s reactions in reversible cells, Free energy and e.m.f., e.m.f.'s reversible cells, single electrode potentials, reference electrodes, std. Oxidation, potentials, Applications of electrode, potentials det. of ionic activities, influence of ionic concentration of electrodes, potentiometric titration, standard free energy changes and spontaneous reactions, equilibrium constant, concentration cells with

and without transfer, Detertion of activities and activity coefficient, Transport No. Gas concentration cells, Decomposition voltage and discharge voltage, processes at cathode and anode, concentration polarization over voltage.

B. Activity and activity coefficient, chemical potential (elementary). Mean activity coefficient, ionic strength. Interionic attraction theory. Debye-Huckel equation (no derivation). Solubility product, detn. of pH, degree of hydrolysis and ionic product of water by e.m.f. method. Ampholytes (Zwitter ions).

C. Colloidal state, General account of colloids, preparation, purification of colloids, stability of colloids, coagulation. Gold number, Hardy-Schulza law, Gels, Emulsions. Mol. wt. of colloids, as determined by Donnar equilibrium, ultracentrifuge, light scattering, electrokinetic properties.

D. Spontaneous process, Second law of thermodynamics, Entropy, Third law of thermodynamics, Entropy, changes in an ideal gas, Entropy change in the phase change, Entropy change in irreversible process, physical significance. Efficiency of a Carnot cycle, work function, free energy function, Claypeyron, Clausius equations. Thermodynamic proof of elevation and depression of melting and boiling points, Methods of det. free energy, e.m.f. method, Gibbs-Helholtz equation, Vant Hoff equilibrium box. Vant Hoff isochore.

E. Solid, sp. heat of solids, crystal structure, space lattice, lattice places, Millerindices, diffraction of X-rays, determination of structure of NaCl, KCl, lattice dimension. Avogadro's No., Mol. spectra; Band spectra, Rotational spectra, Vibrational-Rotational spectra, microwave spectra, Raman spectra, electronic spectra, potential energy curves, force constants and characteristic frequencies of bonds, ortho and para hydrogen, phase rule : terms involved, one component system, sulfur and water, two component system, eutectics, salt-hydrates, mixtures of two liquids, ideal, and nonideal partly miscible and immiscible and immiscible liquids.

F. Laws of photochemistry, Quantum yield, high and law quantum yield, method of det. Quantum efficiency, photochemical equilibrium, photophysical changes, types of photochemical reactions, chemical luminescence, Flash Photolysis and mass spectroscopic results.

G. Radioactive isotopes, non-radioactive isotopes, positive ray analysis, Aston's mass spectrograph. Dempter and Bairbridge spectrographs, physical and chemical at. wts. separation of istopes, Radioactive indicators and tracers binding energy and packing fraction, Artificial nuclear reactions. Energetic of Nuclear reaction interaction of nuclei, acceleration of charged particles, types of nuclear reactions, artificial of induced radioactivity, transuranic elements (conlyreactions), nuclear fission and o-nuclear fusion.

Avogadro's No., its determination, radioactive method, Brownian movement method, X-ray method, Milikan Oil drop method.

H. Effect of temp. on reaction rate, Energy of activation, Boltzman distribution of energy (no derivation), Arrhenius Collision and transition–state theories of reaction rates.

I. Calculation of erros. Graphical representation, propability curve, significance of data.

Paper X (Analytical Chemistry) :

1. Principles of Qualitative analysis :
   - (*a*) Solubility product
   - (*b*) Comminion effect
   - (*c*) Complexion formation
   - (*d*) Buffer action
   - (*e*) Semimicro method.
2. Theoretical basis of quantitative analysis :
   - (*a*) Strength of acids and basis
   - (*b*) Hydrolysis of salts
   - (*c*) Standard solution
   - (*d*) Theory of acid-base titrations
   - (*e*) Oxidation-reduction reactions
   - (*f*) Iudimetly and Iodometry.
3. Principles of—
   - (*a*) conductometric and potentiometric titrations
   - (*b*) colorimetry
   - (*c*) chromatography

(*d*) polarography
(*e*) spectrophotometry.
(*f*) ion exchange and solvent extraction.

4. Determination of functional groups in organic compounds :

N. S. halogens, P and groups like Keto, aldehyde, ester, ether, acid, primary, secondary and tertiary amines, alcohols, nitro, amide and anilide.

5. Use of organic reagents in inorganic analysis.

Chemistry (*Practicals*)
T.Y.B.Sc.
(*Inorganic*)

1. Calibration of a weight box.
2. Semimicro qualitative analysis of powders containing six inorganic radical.
3. (*a*) Analysis of the following alloys :
   Brass, Cuppro nickel, Germon-Silver.
   (*b*) Analysis of the following ores :
   Calcite, Haematitle, Pyrolusite, Zinc blend and Galena, one in each group to be done.
4. Volumetric estimation of Calcium, Magnesium, Zinc and Copper by E.D.T.A.
5. Gravimetric determination of positive and negative radicals in the following mixtures in their literary mixtures :
   (*a*) Solution of Copper chloride, Nickel chloride and free hydrochloride acid.
   (*b*) Solution of Copper sulphate, Zinc sulphate and free Sulphuric acid.
   (*c*) Iron (–ous or–io), chloride, aluminium chloride and free hydrochloric acid.
6. Colorimetric analysis of Iron, Nitrite, Nitrate and ammonia by visual method.

(*Organic*)

1. Organic separation of mixtures. Two components and the identification of the components, using *Macro* or *Semi-micro* technique (including derivatives and M. P. & B. P.).

2. Estimation of groups :
   Acid, Ester, Amide, Phenol, Aromatic, Amines and Glucose iodometrically.
3. Saponification value of oils.
4. Laboratory demonstrations of Column and Paper Chromatography exercises.
5. Preparation of single stage substances.

Suggested List

p-bromo-acetanilide, Aspirin, Iodoform, Coumarine, Acetanilide, Picrie Acid, Benzic Acid from Toluene, m-dinitro benzene from nitrobenzene, p-nitroacetanilide.

Physical Chemistry (*Practicals*)

1. Estimation of oxygen in a given mixture of nitrogen and oxygen by Orsat apparatus.
2. To determine the transport number by Hittorf method (only for demonstration).
3. To determine the heat of solution.
4. To determine the solubility of $Mg_2C_2O_4$ $SrCrO_4$ & $PbSO_4$ conductometrically.
5. To check with H meter, pH of buffers prepared.
6. To prepare Fe_2O_3 positive sol and determine its coagulation value by mono, di and trivalent ions (only for demonstration).
7. To titrate potentiometrically (1) HCl NaOH, (2) Fe^{++} $K_2Cr_2O_7$.
8. To determine hot temperature, coefficient and energy of activation of hydrolysis of methylacrete (by calculation method).
9. To determine the surface tension of liquids and to calculate the parachor.
10. To measure the optical rotation.
11. To study Dimolecular rotation :
    (*i*) $HBrO_3$ & HI
    (*ii*) H_2O_2 & HI
    (*iii*) $K_2S_2O_8$ & KI.

પરિશિષ્ટ "અ"
ઠરાવોના ક્રમાંક ૧૧૮

(1) Reg. Pre-Arts-2, Reg. Pre-Sc.-2, Reg. Pre-Com.-2, and Reg. Pharm-6.

Pre-Uni. Class

The allocation of marks for the compulsory paper in English should be—

(*a*) Questions on texts .. 35 marks

(*b*) Language .. 35 marks

There will be no essay question at Pre-Uni. level.

(*i*) Comprehension will be tested by objective question but the answers can be either in regional language or English .. 10 marks

(*ii*) a question on reported speech based on texts .. 5 marks

(*iii*) a question testing candidates ability to frame sentences using English verbs in the following tenses (with question and confirmative and negative sentences .. 10 marks

(*a*) The present—simple and continuous

(*b*) The past-tense simple and continuous

(*c*) The perfect-present and past.

(*iv*) guided composition in the form of a—

(*a*) paragraph, (*b*) Story or (*c*) a letter .. 10 marks

Note.—(*a*) Items I & IV should be done in the lecture rooms and the remaining items should form part of tutorial work.

(*b*) The Revision of grammar done at School level including the use of articles should form part of tutorial work.

(*c*) Passage for English work will be selected from prescribed Text by the Board of studies.

(2) Reg. Arts-2, Reg. Sc.-2 and Reg. Com.-2 :

Allocation of marks for the compulsory paper in English :

(*a*) Texts .. 50 marks
(*b*) Language .. 20 marks

(*a*) Comprehension : Details of Language work including summarising the argument of a given passage .. 10 marks

(*b*) Non-personal essays or a letter or a non-personal theme or paragraph writing .. 10 marks

Note.—Tutorial should be assigned for the following area of Grammar :

(1) Tense, (2) auxiliary verbs, (3) Concord, (4) conditionals, (5) Correct use of prepositions.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૧૨૦

અનુસ્નાતક અભ્યાસ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિઓ અને સંશોધન શિષ્યવૃત્તિઓ માટેની અરજીઓ ઉપર વિચારણા કરી પોતાની ભલામણો રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૭-૧-૧૯૬૯ના રોજ બપોરના ૩-૩૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. ડી. પી. ઠાકર	ગેરહાજર
૩.	શ્રી. આર. એચ. શાહ	હાજર
૪.	શ્રી. ડી. એમ. શીખ	ગેરહાજર
૫.	શ્રી. ડી. એન. પાઠક	હાજર
૬.	શ્રી. જે. જે. ચિનોય	ગેરહાજર
૭.	શ્રી. સી. ટી. ભોપટકર	ગેરહાજર
૮.	શ્રી. વાય. જી. નાયક	ગેરહાજર
૯.	શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર.

૧. તા. ૨૮-૮-૧૯૬૮ના રોજ મળેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

અનુસ્નાતક અભ્યાસ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિઓ અને સંશોધન શિષ્યવૃત્તિઓ અંગેની તા. ૨૮-૮-૧૯૬૮ના રોજ મળેલી સમિતિની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા આ યુનિવર્સિટીને વર્ષ ૧૯૬૮-૬૯ દરમ્યાન આપવામાં આવેલી માસિક રૂા. ૨૫૦ની એક એવી સાત શિષ્યવૃત્તિઓ પૈકી બાકી રહેલી એક શિષ્યવૃત્તિ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂા. ૨૫૦ની એક એવી સાત શિષ્યવૃત્તિઓ પૈકી બાકી રહેલી એક શિષ્યવૃત્તિ શ્રી. યશદેવ જયકારિયાને, તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તા. ૧૫-૬-૧૯૬૮થી બે વર્ષ માટે આપવી અને તેમને તે અગાઉ આપવામાં આવેલી યુનિવર્સિટીની પીએચ.ડી. સ્કૉલરશિપ તા. ૧૫-૬-૧૯૬૮થી આપવાનું બંધ કરવું.

૩. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી બિનસરકારી કૉલેજોમાં વિજ્ઞાનના વિષયમાં સંશોધનકાર્ય કરતા વિદ્યાર્થીઓ માટેની રાજ્ય સરકારની માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત રાજ્ય સરકાર તરફથી આ યુનિવર્સિટીને આપવામાં આવેલી માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ નીચે જણાવેલ

વિદ્યાર્થીઓને, તેઓ તેમના સંશોધનકામ દરમ્યાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય ત્યારથી બે વર્ષ માટે આપવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ અને સંસ્થાનું નામ	વિષય	રજિસ્ટ્રેશન નંબર અને તારીખ
૧.	શ્રી. કે. ગુરુમૂર્તિ, બોટાની ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	બોટાની	૧૦૬૩/૪–૧૨–૧૯૬૮
૨.	શ્રી. દેસાઈ રોહિતકુમાર કાંતિલાલ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	કેમિસ્ટ્રી	૧૦૮૯/૫–૧૨–૧૯૬૮
૩.	શ્રી. વોરા ચંદ્રાનન માધુપ્રસાદ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	કેમિસ્ટ્રી	જ્યારથી પીએચ.ડી. માટે નોંધાય ત્યારથી.

૪. પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓ માટેની ૧૯૬૮–૬૯ના વર્ષ દરમ્યાન એનાયત કરવાની ગુજરાત યુનિવર્સિટીની માસિક રૂા. ૨૦૦ની એક એવી ૨૦ શિષ્યવૃત્તિઓમાંથી બાકી રહેલી ૧૨ શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના શ્રી. અન્સારી મુનિરએહમદ અબ્દુલગફુરને વર્ષ ૧૯૬૮–૬૯ દરમ્યાન આપવામાં આવેલી ગુજરાત યુનિવર્સિટીની માસિક રૂા. ૨૦૦ની સંશોધન શિષ્યવૃત્તિ, તેઓ દમણની કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાતાં તે રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા તે ખાલી પડેલી સંશોધન શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માસિક રૂા. ૨૦૦ની એક એવી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨+૧ (ખાલી પડેલી) એમ કુલ્લે ૧૩ શિષ્યવૃત્તિઓમાંથી નીચે જણાવ્યા પ્રમાણે જે તે વિદ્યાર્થીઓને તેમના સંશોધનકાર્ય દરમ્યાન તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે, તેઓની સામે જણાવેલ તારીખથી બે વર્ષ માટે સંશોધન શિષ્યવૃત્તિ આપવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ અને સંસ્થાનું નામ	વિષય	રજિસ્ટ્રેશન નંબર અને તારીખ
૧.	કુ. પંચાલ કાન્તાગૌરી જેઠાલાલ, ગુજરાત કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ–૬	ગુજરાતી	૧૦૬૯/૧૮–૩–૧૯૬૮ (૧૫ જૂન ૧૯૬૮થી શિષ્યવૃત્તિ આપવી.)
૨.	શ્રી. શાહ વિનોદચંદ્ર કંચનલાલ, પી. બી. સાયન્સ એન્ડ એસ. કે. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	કેમિસ્ટ્રી	૧૦૩૪/૯–૧૦–૧૯૬૮

વધુમાં આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઉપર બાબત નં. ૫માં જણાવ્યા પ્રમાણે શ્રી. અન્સારીને આપવામાં આવેલી યુનિવર્સિટીની પીએચ.ડી. સ્કૉલરશિપ રદ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં ડૉ. સી. કે. શાહના માર્ગદર્શન હેઠળ બોટાની વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધયેલા શ્રી. એન. વી. માધવન ઉન્નીને અગાઉ આપવામાં આવેલી યુનિવર્સિટીની માસિક રૂા. ૨૦૦નાં શિષ્યવૃત્તિને બદલે રાજ્ય સરકાર કે યુ.જી.સી.ની માસિક રૂા. ૨૫૦ની શિષ્યવૃત્તિ મંજૂર કરવાની વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીની ભલામણ મંજૂર રાખવી નહિ.

૨. શ્રી. દવે મહેન્દ્ર જમિયતરામને આ અગાઉ તેમના સંશોધન માટે ભારત સરકારની રિસર્ચ ટ્રેનિંગ સ્કૉલરશિપ ૩ વર્ષ માટે મળેલી હોવાથી તેમને ગુજરાત યુનિવર્સિટીની અગર રાજ્ય સરકારની કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની કોઈ શિષ્યવૃત્તિ આપવી નહિ.

૩. કુ. આશા કે. વાલિયાને આ અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂા. ૨૫૦ની એક શિષ્યવૃત્તિ વર્ષ ૧૯૬૫-૬૬થી મળેલી હોઈ તેમને હવે નવી કોઈ પણ શિષ્યવૃત્તિ આપવી નહીં.

૪. શ્રીમતી વોરા વિધાત્રી અવિનાશે એક વખત પીએચ.ડી. પદવી મેળવી હોવાથી સંશોધન શિષ્યવૃત્તિના નિયમ નં. ૫ અનુસાર તેમને સંશોધન શિષ્યવૃત્તિ આપી શકાય નહિ એટલે શિષ્યવૃત્તિ માટેની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૧૨૧

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ૩૧મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૩૦-૧-૧૯૬૯ના રોજ બપોરના ૩-૩૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. વાય. પી. શુકલ	હાજર
૩. શ્રી. વાય. જી. નાયક	હાજર
૪. ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર
૫. શ્રી. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર
૬. શ્રી. જે. જે. ત્રિવેદી	હાજર
૭. શ્રી. એસ. વી. દેસાઈ	ગેરહાજર.

૧. આર્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૩૦-૮-૧૯૬૮ના રોજ મળેલી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૩૦-૮-૧૯૬૮ના રોજ મળેલી ૩૦મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આર્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર નીચેના શિક્ષકો તરફથી તેમના સંશોધનકાર્યના વિષયની સ્પષ્ટતા કરતી વિગતવાર માહિતી — તેમના સંશોધન કાર્યની ટૂંકી રૂપરેખા, ફિલ્ડવર્ક, લાયબ્રેરી વર્ક સાથે સંશોધનનું રેફરન્સ વર્ક વગેરેની આવેલી માહિતી — ઉપરથી તેમને તેમનાં નામ સામે જણાવેલ વિષય પરથી સંશોધન ગ્રાન્ટ આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	ગ્રાન્ટની રકમ
૧.	શ્રી. એમ. બી. કર્ણિક તથા શ્રીમતી દક્ષાબહેન મધુકરભાઈ પંડ્યા, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	"Problems of Finance of Education in the State of Gujarat since 1961"	રૂ. ૧,૦૦૦
૨.	શ્રી. બી. જે. ઝવેરી ગુજરાત કૉલેજ, અમદાવાદ	"Collection of Gujarati Slangs"	રૂ. ૨,૭૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	ગ્રાન્ટની રકમ
૩.	શ્રી. એ. સી. દવે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	" A project to study unrest among under-graduate student's of Rural and Urban colleges affiliated with Gujarat University "	રૂા. ૮૦૦
૪.	શ્રી. સી. સી. શાહ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	" The Survey of Socio-Economic conditions of Child labourers working in Guest houses and Boarding houses in Himmatnagar. "	રૂા. ૮૦૦

(અ) સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટેની સંશોધન ગ્રાન્ટ મેળવવા અંગે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ પરથી આર્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાની ભલામણ મુજબ નીચેના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ અંગે જે માહિતી મંગાવી હતી તેના સંદર્ભમાં વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલી રકમ સંશોધન કાર્ય માટે મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ તથા સંસ્થાનું નામ	સંશોધનનો વિષય	ગ્રાન્ટની રકમ
૧.	શ્રી. એમ. બી. કણિક તથા શ્રીમતી દક્ષાબહેન મધુકરભાઈ પંડ્યા, પ્રજ્ઞા કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	" Problems of Finance of Education in the State of Gujarat since 1961 "	રૂા. ૧,૦૦૦
૨.	શ્રી. સી. સી. શાહ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	" The Survey of Socio-Economic conditions of child Labourer's working in catering establishments (Guest Houses, Boarding Houses and Hostels in Banaskantha Dist.) "	રૂા. ૩૦૦

(નોંધ.—શ્રી. શાહના સંશોધનના વિષયનું શીર્ષક સુધારીને ઉપર મુજબ રાખવાનું સૂચવવામાં આવ્યું હતું.)

(બ) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષક તથા સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. બિપિન જે. ઝવેરી, ગુજરાત કૉલેજ, અમદાવાદ	"Collection of Gujarati slangs"
૨.	શ્રી. એ. સી. દવે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	"A project to study unrest among under-graduate students of Rural and Urban colleges affiliated with Gujarat University."

૩. નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને વર્ષ દરમ્યાન આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટની રકમ તેઓ તે સંશોધનકાર્ય હાથ ધરી શકયા ન હોવાના કારણે યુનિવર્સિટીને પરત કરી છે તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	વર્ષ	રકમ
૧.	શ્રી. આર. એચ. ગાંધી, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	"Archaeological data of District of Panchmahals"	૧૯૬૫-૬૬	રૂા. ૧૦૦
૨.	શ્રી. જે. કે. દવે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	"Planning Techniques at the Village, Taluka and District level"	૧૯૬૬-૬૭	રૂા. ૮૫૦

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. નીચેના શિક્ષકોએ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટની સહાયથી તેમનું સંશોધનકાર્ય પૂરું કર્યું હોઈ, તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	સંશોધન ગ્રાન્ટનું વર્ષ	રકમ
૧.	શ્રી. એચ. જી. શાસ્ત્રી, ભો. જે. અધ્યન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ	"ગુજરાતનાં કેટલાક અપ્રસિદ્ધ અભિલેખોનાં વાચન અને પ્રકાશન"	૧૯૬૩-૬૪	રૂા. ૨૦૧
૨.	ડૉ. એમ. વી. એસ. અચાર, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"Effects of Vaso pressure drugs in hypothernia"	,,	રૂા. ૫૦૦

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

જે તે શિક્ષકને આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટમાંથી તેમણે જે સંશોધનકાર્ય કર્યું હોય તે છપાવતાં પહેલાં સંશોધન કાર્યનો મૂળ લેખ આ યુનિવર્સિટીને મોકલી આપવા જણાવવું તથા પછી જ્યારે તેની રિ-પ્રિન્ટ આવે ત્યારે તેની નકલ મોકલી આપવી અને આ બાબત અંગે જરૂરી શરત ઉમેરવી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 1370-450-3-69

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી



ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની સભા, શનિવાર, તા. ૧-૩-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર તા. ૨-૩-૧૯૬૯ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧-૩-૧૯૬૯	તા. ૨-૩-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર	હાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન મણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	ગેરહાજર
૧૪.	આચાર્ય ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૮/૯-૨-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૮/૯-૨-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી પ્રમુખશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત યુનિવર્સિટીના બે ભૂતપૂર્વ કુલપતિઓ શ્રી. હરસિદ્ધભાઈ વ. દીવેટિયા અને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, જેમના દેહવિલય ચાલુ વર્ષે થયા છે તેમનાં તૈલચિત્રો, તેમણે આ યુનિવર્સિટીની કરેલી સંનિષ્ઠ સેવાઓની યાદમાં, યુનિવર્સિટીમાં રાખવામાં આવે.

સદરહુ પ્રસ્તાવ સભાગૃહે સર્વસંમતિથી મંજૂર કર્યો અને વધુમાં ઠરાવ્યું કે તે બે તૈલચિત્રો તૈયાર કરાવવા માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે.

૧-બ. સિન્ડિકેટના કેટલાક સભ્યોની માગણીને અનુલક્ષીને સભાગૃહની સંમતિથી પ્રમુખશ્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"ઑક્ટોબર ૧૯૬૯માં ટી.વાય.બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની એક્સ્ટર્નલ પરીક્ષા સિન્ડિકેટની તા. ૪/૫-૧-૧૯૬૯ ની સભાના ઠરાવ અન્વયે ફક્ત એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે પોતાના નામ નોંધાવીને પછી (૧) તે પરીક્ષામાં નાપાસ થયેલા હોય અથવા (૨) નામ નોંધાવવા છતાં પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓને માટે લેવામાં આવનાર છે, તેમાં ટી.વાય.બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં કૉલેજનાં સત્રો ભરીને રીતસરના (regular) વિદ્યાર્થીઓ તરીકે પરીક્ષામાં બેસીને નાપાસ થયા હોય તેમને પણ બેસવાની પરવાનગી આપવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ સભાગૃહે મંજૂર કર્યો અને વિશેષમાં ઠરાવ્યું કે બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૯ પછી કોઈ પણ સંજોગોમાં વધુ એક પણ વાર લેવામાં આવશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે, અને વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવને અનુલક્ષીને જે વિદ્યાર્થીઓ ટી.વાય.બી.એ.ની પરીક્ષા માટે પોતાનાં નામ એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે નોંધાવવા ઇચ્છતા હોય તેમને માટે તા. ૧૫-૩-૧૯૬૯ સુધીની મુદત લંબાવી આપવી.

૨. ધી ઇન્ડસ્ટ્રીઝ કમિશનર, અમદાવાદ તરફથી તેમના તા. ૪-૨-૧૯૬૯ના પત્રાંક ડી.ડબલ્યુ-કેમ-એસ. આઈ.આર.સી.-૬૨૫૮થી નીચેની સંશોધન યોજનાઓ માટે આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

	Name of the sponsor and scheme		*Amount of the Expenditure*
1.	Dr. J. C. Vora, Chemistry Dept., Gujarat University	"Corrosion of water pipe and other materials"	Rs. 7,000/-
2.	Dr. M. N. Desai, Chemistry Dept. Gujarat University	"Studies in Corrosion of Alluminium and Alloys"	Rs. 6,100/-

Name of the sponsor & scheme		*Amount of the Expenditure*
3. Dr. R. K. Shah, Chemistry Dept. Gujarat University	"To study the minerological and physico-chemical aspects of clays available in Gujarat State and its best utilisation"	Rs. 5,000/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩. **The National Institute of Sciences of India, ન્યૂ દિલ્હી મુકામે, મેની તા. ૨થી ૪, ૧૯૬૯ના સમય દરમ્યાન "Planning for Drought Areas" પર યોજવામાં આવેલા પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે Indian Agricultural Research Instituteના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. જે. જે. ચિનોયને મોકલવા.

૪. **તબીબી શિક્ષણના પ્રશ્નો અને તેના શિક્ષણનાં ધોરણોની સુધારણા માટે મુંબઈ મુકામે મળનાર તા. ૧૪-૩-૧૯૬૯ અને જરૂર પડયે તા. ૧૫-૩-૧૯૬૯ના રોજ ચાલુ રહેનાર ભારતની યુનિવર્સિટીઓના તબીબી વિદ્યાશાખાના ડીનોની સભામાં જરૂર પડે તો હાજરી આપવા તબીબી વિદ્યાશાખાના ડીનને મોકલવા માટેના મુંબઈ યુનિવર્સિટીના કુલસચિવના તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે તબીબી વિદ્યાશાખાના ડીન ડૉ. સૌદામિનીબહેન પંડયાને મોકલવાં.

૫. **યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની જગ્યાઓ સંબંધી વરણીસમિતિઓ પર ઑર્ડિ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ ત્રણ સભ્યો નીમવા બાબત:**

ભાષા-સાહિત્ય ભવન

૧. રીડર ઇન ઇંગ્લિશ ... એક જગ્યા
૨. ,, ગુજરાતી ... એક જગ્યા
૩. ,, સંસ્કૃત ... એક જગ્યા

સમાજવિદ્યા ભવન

રીડર ઇન પોલિટિકલ સાયન્સ ... એક જગ્યા

મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧. પ્રોફેસર ઑફ ફિલોસોફી ... એક જગ્યા
૨. ,, એજ્યુકેશન ... એક જગ્યા
૩. રીડર ઇન સાયકોલોજી ... એક જગ્યા

વિજ્ઞાન વિદ્યાભવન

૧. પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસ ... એક જગ્યા
૨. રીડર ઇન બોટાની (ફિઝિયોલોજી) ... એક જગ્યા
૩. રીડર ઇન મૅથેમેટિકસ ... એક જગ્યા

[નોંધ.—ઑર્ડિ. ૬૬નો પાઠ નીચે મુજબ છે :

(1) No person shall be appointed as a whole-time University Professor or Reader except on the recommendation of a Committee constituted for the purpose.

(2) The members of the Committee shall be—

(*i*) The Vice-Chancellor, Ex-officio Chairman;

(*ii*) The Rector;

(*iii*) Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed to be selected as follows, namely :

(*a*) Two by the Academic Council, one of whom shall be an outsider and one shall be a University Professor in the subject, if any.

(*b*) Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.]

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ સંબંધી વરણીસમિતિઓ ઉપર ઑર્ડિ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી નીચે મુજબ ત્રણ ત્રણ સભ્યો નીમવા :

ક્રમાંક	જગ્યાનું નામ	ભવનનું નામ	જગ્યાની સંખ્યા	સિન્ડિકેટે નીમેલા સભ્યોનાં નામ
૧.	રીડર ઇન ઇંગ્લિશ	ભાષા-સાહિત્ય ભવન	એક	પ્રો. વી. વાય. કંટક પ્રો. વી. કે. ગોકાક પ્રો. એસ. એસ. ભંડારકર પ્રો. નાગરાજન (રિઝર્વ)
૨.	રીડર ઇન ગુજરાતી	ભાષા-સાહિત્ય ભવન	એક	શ્રી. સુંદરજી બેટાઈ શ્રી. રામપ્રસાદ બક્ષી શ્રી. મનસુખલાલ ઝવેરી શ્રી. કાન્તિલાલ બી. વ્યાસ (રિઝર્વ)
૩.	રીડર ઇન સંસ્કૃત	ભાષા-સાહિત્ય ભવન	એક	પ્રો. જી. સી. ઝાલા પ્રો. એ. વી. અભ્યંકર શ્રી. પી. એમ. મોદી શ્રી. આર. એ. મહેતા (રિઝર્વ)

ક્રમાંક	જગ્યાનું નામ	ભવનનું નામ	જગ્યાની સંખ્યા	સિન્ડિકેટ નીમેલા સભ્યોનાં નામ
૪.	રીડર ઇન પોલિટિકલ સાયન્સ	સમાજવિદ્યા ભવન	એક	પ્રો. એસ. પી. વર્મા પ્રો. ડી. કે. ગદે પ્રો. એસ. કે. ક્ષીરસાગર પ્રો. રામજોશી (રિઝર્વ) ડૉ. રજની કોઠારી (રિઝર્વ)
૫.	પ્રોફેસર ઑફ ફિલોસોફી	મનોવિજ્ઞાન ભવન	એક	શ્રી. ડી. એમ. પટેલ ડૉ. દમા કિશ્ન ડૉ. એ. જી. જાવડેકર ડૉ. પી. એસ. નાયડુ (રિઝર્વ) ડૉ. ટી. પી. મહાદેવન (રિઝર્વ)
૬.	પ્રોફેસર ઑફ એજ્યુકેશન	મનોવિજ્ઞાન ભવન	એક	શ્રી. કે. જી. સૈયદૈન શ્રી. એસ. એન. મુકરજી ડૉ. મધુરીબહેન શાહ ડૉ. જી. ચોરસિયા (રિઝર્વ)
૭.	રીડર ઇન સાયકોલોજી	મનોવિજ્ઞાન ભવન	એક	પ્રો. ઇ. આઈ. જ્યોર્જ પ્રો. એ. કે. પી. સિંહા પ્રો. વિ. વિ. અકોલકર (રિઝર્વ)
૮.	પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિક્સ	વિજ્ઞાન ભવન	એક	પ્રો. એમ. સી. ચક્રવર્તી પ્રો. વી. એસ. હુજુરબજાર પ્રો. એસ. કે. મિત્રા પ્રો. એસ. સી. ગુપ્તા (રિઝર્વ)
૯.	રીડર ઇન બોટાની (હિઝિયોલોજી)	વિજ્ઞાન ભવન	એક	પ્રો. આર. એસ. ચૌધરી પ્રો. આર. ડી. અસાના પ્રો. સિરોહી પ્રો. સરકાર (રિઝર્વ) પ્રો. કે. કે. નંદા રિઝર્વ
૧૦.	રીડર ઇન મેથેમેટિક્સ	વિજ્ઞાન ભવન	એક	પ્રો. શેશાદ્રિ પ્રો. કિશ્નન પ્રો. હંસરાજ ગુપ્તા પ્રો. બી. એસ. વાર્ષ્ણ (રિઝર્વ)

૬. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ પ્રોફેસર અને રીડરની જગ્યાઓ ભરવા અંગે આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ ઉપર પાંચ સભ્યો હોવા જોઈએ તેવા હાઇકોર્ટના ચુકાદા ઉપર આપણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે જેની સુનાવણી હજુ બાકી છે. આ સંજોગોમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિષયમાં પ્રોફેસરની જગ્યા ભરાયેલી ન હોય તે વિષયના પ્રોફેસર કે રીડરની નિમણૂક અંગે વિચારવાનું રહે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭. **સને ૧૯૬૮-૬૯(એપ્રિલ ૧૯૬૮થી માર્ચ ૧૯૬૯)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.**

[નોંધ.—(૧) સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫·૨૫ ટકાના દરે અને વર્ષ દરમ્યાન પહેલા ૬ માસના ફાળા ઉપર ૫·૨૫ ટકાના અર્ધા દરે વ્યાજ આપ્યું હતું.

(૨) સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ૫·૫૦ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

(૩) ફંડની આવક જોતાં આ દરે વ્યાજ આપી શકાશે.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડન્ટ ફંડ ખાતામાં વ્યાજની થયેલી આવક જોતાં સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે નીચેના દરે કર્મચારીઓને વ્યાજ આપવું :

(૧) પ્રોવિડન્ટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫·૨૫%ના દરે વ્યાજ આપવું, અને

(૨) વર્ષ દરમ્યાન શરૂઆતના ૭ માસના ફાળા ઉપર ૨·૭૫%ના દરે વ્યાજ આપવું.

૮. **સ્ટાફ ક્વાર્ટર્સ, વિદ્યાર્થીઓનાં છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયનાં બાંધકામ અંગેની યોજનાઓ માટે રાજ્ય સરકારે તેમના ફાળાની યુનિવર્સિટીને આપવાની થતી ગ્રાન્ટ પેકી લોન મંજૂર કરી હતી તે અંગેની શરતોમાં વ્યાજના દર અંગેની શરતોમાં તેમના તા. ૭-૧-૧૯૬૯ના પત્રથી નીચે પ્રમાણે ફેરફાર કર્યો તે ઉપર વિચારણા કરવા બાબત.**

(નોંધ.—વ્યાજના દર અંગેની વિગત નીચેના કોઠામાં આપી છે :

લોન મેળવ્યા પછી	હપતો તથા વ્યાજ ભરવામાં ચૂક થાય તો year of default	મૂળ ઠરાવ પ્રમાણે લોન પર વ્યાજનો દર	સુધારેલા ઠરાવ પ્રમાણે લોન પર વ્યાજનો દર
૧ વર્ષ પછી	—	૬½ ટકા	૭½ ટકા—૧ ટકો = ૬½ ટકા ૧ ટકો વટાવ, હપતો સમયસર ભરાય તો
૨ વર્ષ પછી	૧લું વર્ષ	૨/૩ ટકા પ્રતિમાસે એટલે ૮ પ્રતિવર્ષ	૭½ ટકા
૩ વર્ષ પછી	૨જું વર્ષ	ઉપર મુજબ	૮½ ટકા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદે વાણિજ્યના શિક્ષણકાર્ય માટે ઑર્ડિ. ૧૨૦-એ મુજબ ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે બે ખંડ સમયના પ્રાધ્યાપકોથી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે ક્ષમ્ય ગણવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. યુ. જે. જોશી, બી.કૉમ. અને એમ.કૉમ. બંને પદવીઓ બીજા વર્ગમાં ધરાવે છે તથા પાંચ વર્ષનો કૉમર્સના વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ છે.

(૨) શ્રી એ. એન. શાહ, બી.કૉમ. પ્રથમ તથા એમ.કૉમ.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના આચાર્યને ઘટતો ઠપકો આપીને ચાલુ વર્ષે કરવામાં આવેલી સદરહુ વ્યવસ્થાને ચલાવી લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૯થી વાણિજ્યના પૂર્ણ સમયના પ્રાધ્યાપકને નીમવાનું આવશ્યક રહેશે.

૧૦. તા. ૧૮-૧૧-૧૯૬૮ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવામાં આવી :

"આ યુનિવર્સિટીના તથા રાજ્યની બીજી યુનિવર્સિટીઓના તેમ જ અન્ય જાહેર સંસ્થાઓના સમકક્ષ જગ્યાઓનાં પગારધોરણો તથા ભથ્થાંના દર ધ્યાનમાં લેતાં તેમ જ ગુજરાત યુનિવર્સિટીની હાલની તેમ જ હવે પછીની ઘેરી બનતી જતી આર્થિક પરિસ્થિતિનો વિચાર કરતાં કર્મચારીઓની તા. ૧૩-૩-૧૯૬૮ની સદરહુ અરજીમાં દર્શાવેલી માંગણીઓ સ્વીકારવી અશક્ય છે તેમ આ સમિતિ માને છે. તેમ છતાં કર્મચારીઓમાં પ્રવર્તતી લાગણીને ધ્યાનમાં લેતાં, તેમને આપવામાં આવતા સાઇકલ ભથ્થા અંગે સરકારી ઑડિટ નોંધના સંદર્ભમાં સમગ્ર રીતે વિચાર કરીને આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટી કાર્યાલયના પ્રેસ સિવાયના બિનશિક્ષકગણના જે કર્મચારીઓને સાઇકલ ભથ્થું આપવામાં આવે છે તેઓનું તે ભથ્થું તેમને મળતા મૂળ પગારમાં ભેળવી દેવું અને તેમ કરતાં

(૧) જે કર્મચારીઓનો પગાર તેમના હાલના પગારધોરણમાં બે પગથિયાંની વચ્ચે આવતો હોય તેમને તે પછીના ઉપલા પગથિયા પર મૂકવા.

(૨) ઉપર નં. (૧) પ્રમાણેનો લાભ આપ્યા પછી પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર, માળી, પેકર, હેલ્પર, ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેન, વર્ક આસિસ્ટન્ટ, નાયક, પ્યુન-કમ-એટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમેન, વૉર્ડબૉય, હવાલદાર, હેડમાળી, પમ્પ એટેન્ડન્ટ, ડ્રાઇવર, પ્લમ્બર, સુથાર, અને ઇલેક્ટ્રિક વાયરમેનને તેઓના પગારધોરણમાં એક વધુ પગારવધારો આપવો.

(૩) આ યોજનાનો અમલ કઈ તારીખથી કરવો તે સિન્ડિકેટે નક્કી કરવું.

(૪) જે કર્મચારીઓ ઉપર પ્રમાણેની યોજનામાં સામેલ થવા ન માંગતા હોય તેમને તેમનો ચાલુ પગાર તથા સાઇકલ ભથ્થાં સહિતનાં ચાલુ ભથ્થાં છે તેમને તેમ જ રાખવાની છૂટ આપવી.

આ છૂટનો લાભ જે કર્મચારીઓ લેવા માંગતા હોય તેમણે તે અંગેની પસંદગીનો પત્ર કઈ તારીખ પહેલાં આપવો જોઈએ તે સિન્ડિકેટે નક્કી કરવું.

(૫) ઉપર નં. (૩)માં જણાવેલ તારીખ પછી જે કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે તે કર્મચારીઓને સાઇકલ એલાવન્સ આપવું નહીં."

સદરહુ સમિતિની ઉપરની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૮ની અરજી પણ વિચારણામાં લેવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીના સંદર્ભમાં સદરહુ સમિતિની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૧. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કોમર્સ કોલેજ ધોળકાના આચાર્ય તરફથી આવેલી ૧૯૬૭-૬૮ના વર્ષ દરમ્યાન વ્યાયામ શિક્ષકની ખંડ સમયની નિમણૂક ક્ષંતવ્ય ગણવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમ્યાન સદરહુ કોલેજે ખંડ સમયના વ્યાયામ શિક્ષકથી ચલાવ્યું તે માટે તેને ઘટતો ઠપકો આપવો અને તે વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી જ ચલાવી લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને જણાવવું કે જૂન ૧૯૬૯થી પૂર્ણ સમયના વ્યાયામ શિક્ષકને નીમવાનું આવશ્યક રહેશે.

૧૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ પ્રોફેસર કે લેક્ચરર એ વખત માસ્ટર્સ ડિગ્રી મેળવીને આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર એ વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો નીચેની શરતોએ તે એ વિષયો પૈકી એક વિષય ખાસ કે મુખ્ય વિષય તરીકે તે શીખવી શકશે અને બીજા વિષયનું શિક્ષણકામ ફક્ત ગૌણ કક્ષાએ કરવા માટે તેને છૂટ રહેશે.

(૧) સદરહુ બેઉ વિષયો એક જ વિદ્યાશાખા હેઠળના વિષયો હોવા જોઈએ,

(૨) પરીક્ષક તરીકે ફક્ત તે મુખ્ય વિષયમાં જ કામ કરી શકશે, અને

(૩) તેને પ્રોફેસર કે લેક્ચરર તો ફક્ત મુખ્ય વિષયમાં જ ગણી શકાશે."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૩. ૧૯૬૯ના શૈક્ષણિક વર્ષથી મેટ્રિકયુલેશન સર્ટિફિકેટની પ્રથા યુનિવર્સિટીએ બંધ કરવા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જોઈન્ટ સેક્રેટરીના નવેમ્બર ૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૮૨-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં બહારથી આવતા વિદ્યાર્થીઓને માટે મેટ્રિકયુલેશન સર્ટિફિકેટ રજૂ કરવું હાલ આવશ્યક છે તે પ્રથામાં કશો ફેરફાર કરવો નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે નોંધ તૈયાર કરીને ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની જાણ માટે મોકલવી.

૧૪. યુનિવર્સિટીના ઑડિટ વિભાગને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો, અનુસ્નાતક ભવનો, લાઇબ્રેરી વગેરે માટે ખરીદવામાં આવતા માલસામાનની ચોકસાઈ કરવાની જરૂર જણાય તો તેની જાતતપાસ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઑડિટ વિભાગને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય વગેરે માટે ખરીદ કરવામાં આવતા માલસામાનની ચોકસાઈ કરવાની જરૂર જણાય તો તેની જાતતપાસ (physical verification) તે કરી શકશે અને તે માટે જે તે વિભાગ, વિદ્યાભવન, ગ્રંથાલય વગેરેએ જરૂરી સગવડ આપવી જોઈશે.

૧૫. શ્રી. એસ. સી. રંગાટિયાના "જૈન રાસ-સાહિત્ય : પંદરમા શતક તક" એ શીર્ષક નીચે હિંદી વિષય પરના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા ત્રણ રેફરીઓની વચ્ચે મતભેદ હોઈ ચોથા રેફરીની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—રેફરીઓ વચ્ચે મતભેદ પડે તો ઑર્ડિ. ૩૨૧ મુજબ સિન્ડિકેટે ચોથા રેફરીની નિમણૂક કરવાની હોય છે. સિન્ડિકેટની તા. ૧૭/૧૮-૨-૧૯૬૮ની સભાએ "રિઝર્વ" રેફરી તરીકે શ્રી. પુણ્યવિજયજી મહારાજ, અમદાવાદ તથા પં. વિશ્વનાથપ્રસાદ મિશ્ર, ગયાની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે મુનિશ્રી પુણ્યવિજયજીની નિમણૂક કરવી.

૧૬. શ્રી. એસ. કે. ઝવેરીનો નીચેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો રૂલ. ૧૯૩-બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years by the University at its own cost as under :

	Rs.
1. Employees drawing basic pay of Rs. 200 or less	3,000
2. Employees drawing basic pay from Rs. 201 to 400	3,500
3. Employees drawing basic pay from Rs. 401 to 800	4,000
4 Employees drawing basic pay from Rs. 801 and onwards	4,500

5. The policies shall be endowment policies.

On any employee's ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of

his policy. but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy, provided for the higher slab of pay."

[નોંધ.— (૧) સદરહુ પ્રસ્તાવ પરત્વે સિન્ડિકેટનો અભિપ્રાય નીચે પ્રમાણે હતો :

"યુનિવર્સિટીના કર્મચારીઓને વીમાનો લાભ આપવાની બાબતમાં સિન્ડિકેટ સૈદ્ધાન્તિક રીતે સંમત છે, પરંતુ સદરહુ પ્રસ્તાવ મુજબની આર્થિક જવાબદારી લેવાનું બની શકે તેમ નથી, અને તેથી ફક્ત મૂળ માસિક રૂા. ૨૦૦ સુધીનો પગાર મેળવતા કર્મચારીઓને વીમાનો લાભ આપવાની તરફેણમાં સિન્ડિકેટ છે."

(૨) સદરહુ પ્રસ્તાવ પર રજૂ થયેલ શ્રી. દેવેન્દ્ર સુતરિયાનો નીચેનો સુધારો મંજૂર રાખવામાં આવેલ :

"Substitute the following in place of items 1 to 5 in the St. 193-B proposed at item No. 13 by Shri S. K. Zaveri :

Employees drawing basic pay as in October 1968 up to Rs. 300/- .. Rs. 3,000/- and the proviso be deleted."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રદ્દ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૭. સિન્ડિકેટની તા. ૨-૧૨-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ અનુસાર પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ અંગે બાંયધરી આપનાર વ્યક્તિનું સોલ્વન્સી સર્ટિફિકેટ રજૂ કરવાનું હોય છે. આવી બાંયધરી આપનાર વ્યક્તિ જો સેનેટ સભ્ય હોય તો તેમની પાસેથી સોલ્વન્સી સર્ટિફિકેટ માગવામાંથી મુક્તિ આપવા અંગેના સૂચન પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—તા. ૨-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટ (બાબત ૨૮)નો ઠરાવ નીચે મુજબ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિઓના સંદર્ભમાં સોલ્વન્સી સર્ટિફિકેટ રજૂ કરનાર કોઈ પણ વ્યક્તિની બાંયધરી માન્ય ગણવાનું રાખવું."]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની શિષ્યવૃત્તિઓ માટે બાંયધરી આપનાર વ્યક્તિ જો યુનિવર્સિટીની સેનેટના સભ્ય કે પાર્લમેન્ટના સભ્ય કે વિધાનસભાના સભ્ય કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય કે ભારત સરકારના કે ગુજરાત સરકારના ગેઝેટેડ અધિકારી હોય તો તેમણે 'સોલ્વન્સી સર્ટિફિકેટ' રજૂ કરવું આવશ્યક ગણવું નહીં.

તે પછી તા. ૧-૩-૧૯૬૯ના રોજ સાંજે ૪-૪૫ કલાકે સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને સભા તા. ૨-૩-૧૯૬૯ના રોજ સવાર ૯-૦૦ વાગ્યે મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૧૮. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં કરેલ ઠરાવને અનુલક્ષીને સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીને ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો :

O. 120-B.

(*i*) There shall not be more than 1500 students in a College.

(*ii*) There shall not be more than two Faculty units in a College.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1500 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than hundred students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of an additional number of students not exceeding ten per cent of the maximum admissible number of students in each class or in a division thereof, subject to the maximum total of 1500 students as mentioned in (*i*) and (*iii*) above;

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz, either Pre-University class or F.Y. class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof.

૧૯. રાજ્ય સરકારના ઇકોનૉમિક મૅન્ટેનન્સ ભાન્ડ અંગેના તા. ૬-૧-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ મળેલી સભાની વિચારણા માટે પણ આવેલી હોઈ તે સભાની કાર્યવાહીની નોંધ સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૨૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકોનો પગાર પ્રત્યેક માસની તા.૭મી સુધીમાં શિડ્યુલ્ડ બૅંકમાં જમા કરાવવા બાબતનો સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ની સભાના ઠરાવના સંદર્ભમાં જે કૉલેજો નિયમોનો અમલ ન કરતી હોય તે પરત્વે વિચારણા કરવા અને આ બાબતને આનુષંગિક નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) સરકારી કૉલેજો અને અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજોની બાબતમાં આ આગ્રહ રાખવો કે કેમ ?

(૨) કૅટ ક કૉલેજો ચેકથી પગાર આપે છે તે ચલાવી લેવું કે કેમ ?

(૩) કૉલેજ જે ગામમાં હોય ત્યાં બૅંક ન હોય ત્યાં રોકડેથી પગાર કરવા દેવો કે કેમ ?

(૪) પ્રતિમાસે આ અંગેની માહિતી યુનિવર્સિટીએ મગાવવી કે કૉલેજ નિયમનો અમલ શરૂ કરે એ જ આગ્રહ રાખવો ?

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૯-૧૯૬૮ની સભામાં બાબત ક્રમાંક ૭ હેઠળ ૧(૬)થી કરવામાં આવેલો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"(૬) પ્રત્યેક શિક્ષકનો પગાર શિડ્યુલ્ડ બૅંકમાં તેના ખાતામાં કે સરકારી ટ્રેઝરીમાં પ્રત્યેક માસની તા. ૭મી સુધીમાં જમા કરવાની પદ્ધતિ અપનાવીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે અને તે માટે જોડાણ માગતી કૉલેજોએ જરૂરી બાંયધરી આપવી જોઈશે."

તેમ છતાં ઉપરના નિયમના પરિપાલન માટે સરકારી કૉલેજો અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજોને માટે આગ્રહ રાખવો નહિ.

(૨) જે કૉલેજો તેમના શિક્ષકોના વેતનનાં નાણાં ચેકથી ચૂકવે તો તે ચાલી શકશે.

(૩) કૉલેજ જે ગામમાં હોય ત્યાં શિડ્યુલ્ડ બૅંક ન હોય તો નૉન-શિડ્યુલ્ડ બૅંક કે સહકારી બૅંક અને તેવી કોઈ બૅંક ન હોય તો પોસ્ટ ઑફિસ મારફતે શિક્ષકોને પગારની ચુકવણી કરવાનું રાખવું.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કૉલેજો તેમના શિક્ષકોને બૅંકની મારફતે પગાર ચૂકવવાની બાબતમાં યુનિવર્સિટીના નિયમનું પરિપાલન કરતી ન હોય તેમને ઘટતો પત્ર લખીને પરિપાલન માટે આગ્રહ રાખવા કાર્યાલયને જણાવવું.

૩૫. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદે જૂન ૧૯૬૮થી બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાનનો વિષય શીખવવા માટે કરેલ જોડાણઅરજી પરત્વે સેનેટે મૂકેલી શરતો પૈકી યુનિવર્સિટીનાં ગારંટીરણ અપનાવવા વી અને બાંયધરી ભરવું ચૂકવવાની શરતોનું હજુ સુધી પરિપાલન કર્યું ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. ખોટી હાજરી પુરાવી હોવાની આવેલ ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલ સમિતિની તા. ૧૬-૧-૧૯૬૯ની તેમ જ તા. ૪-૨-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૧-૧૯૧૯ અને તા. ૪-૨-૧૯૧૯ની સભાની નોંધને મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૧-૧૯૧૯ અને તા. ૪-૨-૧૯૧૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૧. આથી સિનિ-ફ્રેઇટને હદ્દાસ્પદ કરવામાં આવે છે કે નીચે જણાવેલ હાઇપ્ર મૅસ્સર્સ રાજનગર હાઇપ્ર કોર્પો-ફ્રેઇટર્સના હાઇ ગૅ હાઇડ્રોજનિયમ સ્ટૅશિફેરાન ગ્રેડમાં ફેરવવાનું બંધ કરીને.

હાઇપ્રનો વિભાગ	પ્રવૃત્તિઓનો જથ્થો (કિલોગ્રામમાં)	હાલ મૈસા ગ્રે.	નોંધ
૧૦ ગૅ. ગ્રાજનારી ગ્રાહક	૩૫૦	૧૬–૨૦	
૧૧ ગૅ. ગ્રાજનારી ખરીદ	૨૦૦	૧૬–૨૦	(૧) ગૅસ્કેટ ગ્રામાજ્ય કલાર્ક ૧૨ ફ્રા, સ્ટૉર-ગ્રમની ૨૪ ફ્રા, તાંબું ૧ ટૅ, હીક ૬૭ ફ્રા
૧૨ ગૅ. ગ્રાજનારી ગ્રાહક	૧૨૦૦	૧૫–૦૦	(૨) ગૅસ ડ્રિલ્વરીનો હાલ છે.
૧૩ ગૅ. ગ્રાજનારી ખરીદ	૪૦૦	૧૫–૦૦	(૩) ખ્યલનાં નાહ્યાં ગૅસ્ક્રા ગ્રાપવાનાં ગ્રાવશે નૈ ફિરકા- ક્ર
૧૪ ગૅ. ગ્રાજનારી ગ્રાહક	૪૫૦	૧૫–૦૦	ગ્રાપવાનાં ગ્રાવશે નૈ ફિરકા-

ગ્રિનિ-ફ્રેઇટ (ગ્રાર્ક) ૨૬/૨-૩-૨૬૬૬
ગા. ૧/૨-૩-૨૬૬૬

૨. સિનિ-ફ્રેઇટ તેની તા. ૬-૭-૧૬૬૬ની સભામાં ફ્રરાવ નં'બર ૨૬૧૧ નીચેની ખ્યા ખ્રમિતિની વિચારણા માટ રાખવા ભલામણ કરે છે, જે પર વિચારણા ફ્રરવા ખ્યામત :

"ખુનિ. ગૅસના ફ્રાહકો ગૅસ્કેટ્સ ખરીદવા ગ્રાગ્રહ કરે-ફ્રેરે પર વિચારણા ફ્રરવા ખ્યામત"

આથી સિનિ-ફ્રેઇટને લાગતાં આવે છે કે ખુનિમિટિંગના ફ્રાહકો ઉપર નીચેના ફ્રરવા ગ્રાગ્રહ ગ્રાવેલ ફ્રાહકોનાં ગ્રાગ્રહો ધ્યાનમાં રાખવા ખ્યામત કરે વિનંતી ગૅસ્કેટ્સ ગ્રાગ્રહ ફ્રરવા ગ્રાગ્રહ કરે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ

G.U.P. 1463-450-3-69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની વિશેષ સભા, ગુરુવાર, તા. ૬-૩-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને શુક્રવાર, તા. ૭-૩-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૩-'૬૯	તા. ૭-૩-'૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુરતાકસિંગ શીખ	હાજર	હાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૪.	આચાર્ય ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૧/૨-૩-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧/૨-૩-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) શ્રી. જયંત ભગવાનદાસ હરિભક્તિને તા. ૨-૩-૧૯૬૯ના રોજ ગેરહાજર દર્શાવ્યા છે તેને બદલે હાજર દર્શાવવા,

(૨) બાબત નં. ૧-બમાં ત્રણ જગ્યાએ આવતા ટી.વાય. શબ્દો કમી કરવા, અને

(૩) બાબત નં. ૫ અંગેના ઠરાવમાં રીડર ઇન સાયકોલોજી અંગેની વરણીસમિતિ પર સિન્ડિકેટે નીમેલા સભ્યોનાં નામો પૈકી પ્રો.ફે. વિ. વિ. અકોલકર પછી 'રિઝર્વ' શબ્દ કમી કરવો.

૨. અમદાવાદ શહેર વિસ્તારમાં અને તે બહારના (ગ્રામ્ય) વિસ્તારમાં જૂન ૧૯૬૯થી શરૂ થતી નવી કૉલેજોની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને કૉલેજ અંગેની જરૂરિયાતો તથા તે ચલાવવા માટે આર્થિક જવાબદારી અંગે પ્રત્યેક સંસ્થાની ક્ષમતા અને અન્ય સંબંધક બાબત પરત્વે વધુ તપાસ કરીને અહેવાલ આપવા સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે (૧) અમદાવાદ શહેરમાં, તથા (૨) ગુજરાત યુનિવર્સિટીના બહાર વિસ્તારમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂર આ સભા સ્વીકારે છે, અને પ્રત્યેક જોડાણઅરજીના ગુણદોષ પર વિચાર કરીને સેનેટને ઘટતી ભલામણ કરવાનું રાખવું, એમ ઠરાવે છે.

૩. સ્થાયી કાનૂનવિષયક (લીગલ) સમિતિની તા. ૨૬-૨-૧૯૬૯ની મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવી :

'સમિતિએ શ્રી. આર. બી. ભાવસારની અરજી, યુનિવર્સિટીના સિનિયોરિટી અંગેના નિયમો તથા તે અંગેના બીજા કાગળો ધ્યાનપૂર્વક તપાસ્યાં હતાં. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. ભાવસારની અરજી મંજૂર કરી શકાય તેમ નથી, તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.'

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવી :

'આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. તેજનારાયણ જટ્ટાને આપવામાં આવેલો પ્રવેશ રદ કરવો તથા તેઓને યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં બેસવા માટે આ પ્રમાણપત્રના આધારે પ્રવેશપાત્ર ગણવા નહિ.'

(૩) સદરહુ સમિતિની ભલામણ નં. ૩ અંગે ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે રટે. ૭૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

Statute 78 :

(1) For the purpose of election of one of the Deans, by the Deans of the various Faculties from amongst themselves as a member of the Syndicate as required by Section 19 (1) (*iv*), the Registrar shall invite nominations and shall hold the election in accordance with Statutes 158, 159 and 160.

(2) For the purpose of election of one member by the Heads of University Departments from amongst themselves as members of the Syndicate as required by Section 19 (1) (*vi*), the Registrar shall maintain an Electoral Roll of the Heads of the University Departments and the election shall be held in accordance with Statutes 158, 159 and 160.

(3) Similarly for the purpose of election by Principals of four members from amongst themselves as members of the Syndicate as required by Section 19(1) (*vii*), the Registrar shall maintain an Electoral Roll of Principals and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160, provided that four Principals shall be elected by the Principals in such a manner that at least four Faculties shall be represented as shown by the order of rank according to votes secured amongst the candidates at the rate of one and only one representative per Faculty so as to fill up the four vacancies.

(૪) સદરહુ સમિતિની ભલામણ નં. ૫ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈનો તા. ૬-૩-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈના સદરહુ પત્રની નોંધ લેવી અને સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિનો નીચેનો રિપોર્ટ સ્વીકારવો :

(૫) નવી કૉલેજને માટે જોડાણ કરવાની અરજી આવે ત્યારે જે સંસ્થા તરફથી આવી કૉલેજ શરૂ કરવાની હોય તે સંસ્થાની કાયદેસર રીતે નિમાયેલી વહીવટી સમિતિના વહીવટ નીચે કૉલેજ શરૂ થશે તેની ખાતરી યુનિવર્સિટીને આપવી જરૂરી છે.

(ખ) સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિ કૉલેજની જરૂરિયાતો અંગેની તપાસ કરવા જાય તે સમયે સંસ્થા તરફથી સંભવિત જગ્યા/જગ્યાઓ (site/sites) સમિતિને બતાવવી જોઈએ. જો કૉલેજનું મકાન નવું જ બાંધવાનું હોય તો તે અંગેના પ્લાન તપાસસમિતિને આપવા જોઈએ. જોડાણ અંગેની શરતો પૂરી કરવાની તારીખ પહેલાં કૉલેજનું મકાન તૈયાર થવું જોઈએ.

(ગ) એકૅડેમિક કાઉન્સિલ સમક્ષ આ જોડાણ અંગેની બાબત આવે તે વખતે નાણાકીય વ્યવસ્થા બરાબર કરવામાં આવી છે તેમ સંસ્થાએ યુનિવર્સિટીને પ્રાઇમા ફેસી (પ્રથમ દર્શને) ખાતરી કરાવવાની રહેશે; અને

(ઘ) સ્થાનિક તપાસસમિતિને જે સ્થળે કૉલેજ શરૂ કરવાની હોય તે સ્થળની જરૂરિયાત છે કે કેમ તે બતાવવાનું રહેશે.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-બી અને ૩૩-એચને અનુલક્ષીને જોડાણની જરૂરિયાત અંગેનાં ધોરણો સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને સદરહુ સમિતિને પોતાનો અહેવાલ તા. ૧૫મી જૂન ૧૯૬૯ પહેલાં રજૂ કરવા જણાવવું :

૧. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી, કન્વીનર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. આચાર્ય વી. આર. રણદીવે
૪. આચાર્ય કે. એન. શાહ.

૪. બયતુલમાલ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, ફારસી, અરેબિક, સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે બયતુલમાલ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાલુપુર વિસ્તારમાં શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, ફારસી, અરેબિક, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) ઉર્દુના એક વ્યાખ્યાતા
(૭) ફારસીના એક વ્યાખ્યાતા
(૮) અરેબિકના એક વ્યાખ્યાતા
(૯) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૧૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૫) વ્યાયામશિક્ષક
(૧૬) ગ્રંથપાલ;

(નોંધ. — આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૬૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[નોંધ. —(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જે કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂા. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે. "

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, પરંતુ સદરહુ કૉલેજ અંગેની અન્ય બાબતો પરત્વે સમિતિના અહેવાલના સંદર્ભમાં આ સભાગૃહ સર્વાનુમતે સેનેટને ભલામણ કરે છે કે સદરહુ કૉલેજને માટે માગવામાં આવેલું જોડાણ આપવું નહીં.

૫. શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ એન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ઉસ્માનપુરા વિસ્તારમાં અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૬૯થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એક પ્રાધ્યાપક
(૩) ચાર વ્યાખ્યાતા
(૪) 'કન્ટેન્ટ' કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

[નોંધ.— આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિભાવેલ શિક્ષકો ધરાવતા હોય.]

(૫) ગ્રંથપાલ;

૨. શિક્ષણની કૉલેજના અલાયદા મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની ભોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટનો જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૯) આચાર્ય માટેનો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું અહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯–૨–૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, પરંતુ સદરહુ કૉલેજ અંગેની અન્ય બાબતો પરત્વે સમિતિના અહેવાલના સંદર્ભમાં આ સભાગૃહ સર્વાનુમતે સેનેટને ભલામણ કરે છે કે સદરહુ કૉલેજને માટે માગવામાં આવેલું જોડાણ આપવું નહીં.

૬. વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે એલિસબ્રિજ વિસ્તારમાં શરૂ કરનાર વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૫) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૯) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૦) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૩) વ્યાયામ શિક્ષક
(૧૪) ગ્રંથપાલ.

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કાશીવિશ્વનાથ મહાદેવવાળી જગ્યામાં કૉલેજ માટે મકાન તૈયાર કરીને તેમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષક માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષ આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	... રૂા.	૫,૦૦૦
(૨) સામયિકો માટે	... રૂા.	૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... રૂા.	૧,૦૦૦;

૭. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો.વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચો.વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સદરહુ ટ્રસ્ટે પોતાની જોડાણઅરજી તેના તા. ૨૪-૨-૧૯૬૯ના પત્રથી પાછી ખેંચી લીધેલી હોઈ તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૭. શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૬૯થી શરૂ કરાનાર કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાલુપુર વિસ્તારમાં શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૮) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૯) વ્યાયામ શિક્ષક
(૧૦) ગ્રંથપાલ;

(**નોંધ.** — આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નિયુક્ત કરવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[**નોંધ.** — (૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ વધતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

"સદરહુ કૉલેજ પાસેના મકાન ઉપર કૉલેજના વિકાસ માટે ૧૯૬૯-૭૦ના વર્ષમાં માળ બાંધવા માટેની ક્ષમતાની ખાતરી કરવામાં આવે અને કૉલેજના તાત્કાલિક ઉપયોગ માટે સ્થાનિક તપાસસમિતિને જે મકાન બતાવવામાં આવ્યું હતું તે મકાનમાં જરૂરી ફેરફાર કરીને ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ મુજબ કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)

(૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલા સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ આઠ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા."

૮. **સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૯થી (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ —એમ વિભાગીકરણ કરવા તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે જૂન ૧૯૭૦ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ડયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪–૬–૧૯૭૦ સુધીનું મળેલું જોડાણ ચાલુ રાખવા; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૩) અકાર્બનિક રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિક-રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. સાયન્સ કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સમવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્યનો અલાયદો ખંડ
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાન માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૪) વેપારી કાયદાના એક પ્રાધ્યાપક

(૫) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) ગ્રંથપાલ
(૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) કૉમર્સના ત્રણ વ્યાખ્યાતા
(૯) કૉમર્સના એક ટ્યૂટર
(૧૦) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૩) વ્યાયામ શિક્ષક;

(**નોંધ.**— આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા પ્રાધ્યાપક નીમવાની જરૂર નથી.)

૨. કૉમર્સ કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્ય માટેનો અલાયદો ખંડ
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટેનું મળેલું જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) વાણિજ્યના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૯) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૧૦) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. વાણિજ્યની વિદ્યાશાખા માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૩. મંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯–૨–૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા દેવા તથા તેમ થતાં નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે તેને એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૩) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૯) વ્યાયામ શિક્ષક;

૨. વાણિજ્યના વર્ગો બેસાડવા માટે વંચારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. વાણિજ્યની વિદ્યાશાખાના ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનાં મેદાનોનો પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ—એમ વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદી; તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમના વધારાના જોડાણ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ

ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ, શિક્ષકગણ અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૧૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમોનું ચાલુ; અને પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સાયં.)માં સંસ્કૃત અને હિન્દી તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ તથા પ્રથમ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનું તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ માટે

૧. નીચે પ્રમાણેનાં નિમણૂકો કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૬) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૭) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૮) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૦) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૧) ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૧૨) ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૧૩) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટનાં જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા
(૧૦) ૪૦' × ૩૦'નું સ્ટેજ — બે માઈક રૂમ જરૂરી સગવડ સાથે
(૧૧) વર્કશોપ — જેમાં બે વર્કિંગ ટેબલો (કાર્પેન્ટરી સાધનો સહિત)ની સગવડ;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે રૂા. ૨,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે રૂા. ૧,૫૦૦નાં સામયિકો અને નકશા સહિત પુસ્તકો માટે રૂા. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. મનોવિજ્ઞાનની જરૂરી પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. ડિપ્લોમા-ઇન-ડ્રામા અંગે રંગભૂમિનાં સાધનો વગેરે માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ માટે

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) વાણિજ્યના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) વ્યાપારી કાયદાના વ્યાખ્યાતા
(૫) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
(૬) વ્યાયામ શિક્ષક
(૭) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ બેઠકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટની તા. ૧-૨-૧૯૬૯ની સભાનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાએ નીમેલ જોડાણ અંગે ખાસ સમિતિની રીપોર્ટ કરી હોવાથી ફરીથી સિન્ડિકેટ સમક્ષ મૂકી છે.)

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ એજ્યુકેશન કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દીના અભ્યાસક્રમો તથા બી.એસ.સી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ટ્રસ્ટ વિનયન વિદ્યાશાખા શરૂ કરવા માગતું ન હોઈ હવે ફક્ત શિક્ષણની કૉલેજને જોડાણ આપવાનું રહે છે.)

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને સદરહુ કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોની શરત ક્રમાંક ૧, ૨ અને ૭ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને જોડાણ આપવા સિન્ડિકેટ વધુમતે સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય

(૨) એક પ્રાધ્યાપક

(૩) ચાર વ્યાખ્યાતા

(૪) 'કન્ટેન્ટ કોર્સ' માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

(૫) ગ્રંથપાલ

[નોંધ.—આ નિમણૂકો એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (methods) અને વિશેષ ક્ષેત્રોના અભ્યાસક્રમ (studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો.

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધ સહિતનો.)

(૬) ચાર નાના ખંડો (જૂથકાર્યો માટે)

(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ

(૮) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૯) આચાર્ય માટેનો ખંડ

(૧૦) પીવાના પાણી માટેનો ખંડ

(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૭. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦

(નોંધ. — સરદાર કૉલેજે વિનયન વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી પાછી ખેંચી લીધેલી છે.)

૧૩. સંત 'પુનિત' એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડા-શાસ્ત્રના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ ટ્રસ્ટે પોતાની જોડાણઅરજી તેના તા. ૨૪-૨-૧૯૬૯ના પત્રથી પાછી ખેંચી લીધેલી હોઈ તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૧૪. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ઈડર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી સેનેટની તા. ૨૧/૨૨-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરની બહારના ગુજરાત યુનિવર્સિટીના ઇતર વિસ્તારમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજને જોડાણ આપવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૫. ડીસા નગરપંચાયત, ડીસા તરફથી જૂન ૧૯૬૯થી ડીસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસના તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગરપંચાયત, ડીસા તરફથી ડીસા ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પરિપાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) હિંદીના એક વ્યાખ્યાતા

(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૧) બૅંકિંગના એક વ્યાખ્યાતા

(૧૨) વ્યાયામ શિક્ષક

(૧૩) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની બોમ્બવાર્ડ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષક માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. અલાયદા મકાનમાં ભવિષ્યમાં વિકાસની જરૂરિયાતો ધ્યાનમાં લઈને સગવડવાળું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે સિન્ડિકેટ ઠરાવશે તે, કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી પડશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સદરહુ બાબત અંગે વધુ તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૧૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા તે સમિતિના બે સભ્યોની અસંમતિની નોંધો પર વિચારણા કરવામાં આવી, અને તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરની બહારના ગુજરાત યુનિવર્સિટીના ઇતર વિસ્તારમાં નવી કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં નવી કૉલેજોની જરૂરિયાત આ સભાગૃહ સ્વીકારે છે, અને વધુમતે ઠરાવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ આપવાની બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ સમિતિનો રિપોર્ટ જોતાં ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ જો તા. ૧૫-૩-૧૯૬૯ સુધીમાં—

૧. નીચેની નિમણૂકો કરે :

(૧) રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક
(૨) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન એ પ્રત્યેક માટે એક ડેમોન્સ્ટ્રેટર
(૩) કાર્પેન્ટરી અને ફિટિંગ એ પ્રત્યેક માટે એક ઇન્સ્ટ્રક્ટર;

૨. ગવર્નિંગ બોડીની સુયોગ્ય રચના કરે;

૩. સુધારેલા મેધવારી ભથ્થાના દરો મુજબ બધા જ શિક્ષકોને પૂરેપૂરી ચુકવણી કરે;

૪. ૧૯૬૮-૬૯ના વર્ષ દરમિયાન જે વધારાની સત્ર ફી લીધી છે તે પ્રત્યેક વિદ્યાર્થીને પાછી આપી દીધા અંગે અનુમોદન મોકલે;

અને તે ઉપર જણાવેલી બાબતો થયા અંગેની સિન્ડિકેટને ખાતરી કરાવે તો જ સિન્ડિકેટ તે ખાતરી થયેથી નીચે જણાવેલ તમામ શરતોનું પરિપાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું પ્રથમ વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ તથા દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવા માટે સેનેટને ભલામણ કરે—અન્યથા નહીં, તેવી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ છે:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગમાં ચાર સહાયક વ્યાખ્યાતા
(૨) કેમિકલ એન્જિનિયરિંગ વિભાગમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા
(૩) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) સિવિલ એન્જિનિયરિંગ ઍન્ડ એપ્લાઇડ મિકેનિકસમાં એક વ્યાખ્યાતા અને એક સહાયક વ્યાખ્યાતા
(૬) હ્યુમેનિટીઝ અને અંગ્રેજી માટે એક સહાયક વ્યાખ્યાતા
(૭) રસાયણશાસ્ત્રના એક સહાયક વ્યાખ્યાતા
(૮) વર્કશોપ માટે એક સહાયક વ્યાખ્યાત
(૯) હીટ પાવર લેબોરેટરી માટે એક ટ્રેઇન્ડ મિકેનિક
(૧૦) ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ લેબોરેટરી માટે એક ઇલેક્ટ્રીશિયન, અને
(૧૧) એક ગ્રંથાલય એટેન્ડન્ટ;

૨. કૉલેજના મકાનમાં નીચે મુજબની જગ્યા માટે વ્યવસ્થા કરીને ખંડોને જરૂર પ્રમાણે સજ્જ કરવામાં આવે :

(૧) વર્કશોપના ખંડ ... ... ૫૭૫૦ સમચોરસ વાર

(૨) પ્રથમ માળ બાંધવામાં આવે ... ૫૪૦૦ ,,
(વર્ગખંડો અને ડ્રૉઇંગ ખંડો માટે)

(૩) બૉર્ડલિર ખંડ ... ૨૫૦ ,,

(૪) હીટ પાવર લેબોરેટરીના ખંડ ... ૮૦૦ ,,

(૫) રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં ૨૦૦ સમચોરસ વારના વધારાના કારપેટ એરિયાની ગોઠવણ કરવામાં આવે, અને

(૬) ગ્રંથાલયનો "કારપેટ એરિયા" ૨૫૦૦ સમચોરસ વારનો કરવામાં આવે;

(નોંધ.—કુલ "કારપેટ એરિયા" ૨૮૮૪૦ સમચોરસ વારનો રાખવામાં આવે.)

૩. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે નીચેનાં સાધનો વસાવવામાં આવે :

Sr. No.	*Name of the item*	*No. of Unit*	
1.	Anaroid Barometer	1	
2.	Photometer	1	
3.	Geiger Muller Counter	2	
4.	Scaler with Timer	1	
5.	Radio Active Sources	5	
6.	Absorbers to study X-rays	10	
7.	Quartz Electrometer	1	
8.	Solenoid Large	2	
9.	Electromagnet for Zeeman effect	1	
10.	Epidiascope	1	
11.	Projector (Slide films)	1	
12.	Charts (Modern Physics) and Models	1	
13.	Polaroids and Nichols Prism	12	
14.	Glass T-tubes tubings and Capillaries	4	
15.	X-Ray tube with series	1	
16.	Stroboscope	1	
17.	Polarimeter	1	
18.	Constant Deviation spectrometer	1	
19.	Tripoid stand with variable height	12	
20.	Mercury	5	lbs.

૪. કૉલેજની કુલ સંખ્યાના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે, અને તે માટે વર્ષની શરૂઆતમાં બાંયધરી આપવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૮,૦૦૦

(૨) ફર્નિચર માટે ... રૂા. ૭,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.ઈ. (કેમ.) અને દ્વિતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના વર્ગમાં થઈને કુલ વધુમાં વધુ ૩૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ કૉલેજના આચાર્યનો તા. ૫-૩-૧૯૬૯નો પત્ર તથા સદરહુ કૉલેજના સંચાલન મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. ધર્મસિંહ દેસાઈનો તા. ૫-૩-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને તેણે માગેલું વધારાનું જોડાણ કે ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટની આ સભા ભલામણ કરતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી આવેલ જોડાણ અરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"A special Committee be appointed by the University preferably before August, 1969, to study and report on the finalised blue-print for the full-fledged institute covering the physical requirement in relation to the standard pattern as normally fixed by recognised All-India bodies like the All-India Council of Technical Education.

The composition of this Committee be as under :

Two members representing the Faculty of Eegineering including Technology, Gujarat University.

Two top-level technical executive representing Refinery, Fertilizer and Petro-Chemical Industries.

Head of Chemical Engineering Department, I. I. T., Bombay.

[*Note.*—In case the Director of Technical Education, Gujarat State, is not a member of the Committee, he may be appointed on the Committee as an additional member to advise the committee in regard to diploma course.]

The Committee be also requested to examine whether it will be in the interest of the State to split the intake into two components as under :

30 students for a 5-year degree course in Chemical Engineering. The admission qualification for this course be pre-university science pass.

30 student for a 3-year degree course in Chemical Technology with specialisations in Petro-Chemical and down-stream chemical products, fertiliser, manufacture, refinery process, and such allied subjects in relevance the current corresponding technological developments in Gujarat in particular, and in India in general. The admission qualification for this be B.Sc. pass in Chemistry.

The Commitee be further requested to go into the issue of the general structure of the envisaged course/s and suggest broad outlines of the same in view of the current technological trends in the country. (No detailed subject syllabi required.)

The Committee be enjoined to submit a comprehensive report on the suggested lines by about the end of Sept., 1969."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. સેનેટના હોદ્દાગત સભ્ય આચાર્ય શ્રી યોગેન્દ્ર વ્યાસને ગુજરાતી અને લિંગ્વિસ્ટિકસની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય યોગેન્દ્ર વ્યાસને (૧) ગુજરાતી, અને (૨) લિંગ્વિસ્ટિકસની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

નીચે પ્રમાણેનો નવો રટેન્યૂટ ઉમેરવા ભલામણ કરવામાં આવે છે :

" Employee or employees of the University shall have the privilege and right to ask for arbitration for redressing his or their grievances and/or settlement of disputes. Upon such request being made, the Syndicate shall suggest a panel of three persons from amongst the persons who have held or are holding judicial office. Out of the said panel the employee or employees shall select one person who shall adjudicate upon the grievances and/or settle the disputes. The award or the decision given by him shall be final and binding the parties."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"૧૯૬૮ની માર્ચ-એપ્રિલમાં લેવાયેલી એસ. વાય. બી. કોમ.ની પરીક્ષાના અંગ્રેજી વિષયના એક વિદ્યાર્થીના ગુણ ૧૮ના બદલે ૪૮ સુધારવાના આક્ષેપના અનુસંધાનમાં હોલેરિથ વિભાગમાં કામ કરતા એક કર્મચારી શ્રી. રમણભાઈ એમ. પટેલને નોટિસ પગાર આપીને છૂટા કરવામાં આવેલ છે, તે બાબતમાં રીતસરની તપાસ કરવી જોઈએ અને તે કર્મચારીને તેની સામેના

તમામ આક્ષેપો બાબત ચાર્જશીટ આપી તે અંગે ખુલાસા આપવાની તક આપી તેની સામેના આક્ષેપોની તપાસ કરાવી તે માટે નિમાયેલ તપાસણી અધિકારી અગર તપાસસમિતિનો તે અંગે પુરાવાના સંદર્ભમાં અભિપ્રાય મેળવવો અને તે અભિપ્રાય અંગે જે સજા અગર હુકમ કરવાની સલાહ થતી હોય તે અંગે તે કર્મચારીને ખુલાસો કરવા તક આપવી અને તે તમામ મેળવ્યા બાદ સિન્ડિકેટે તે અંગે તે સભ્યસ સામે અગર જે જે સભ્યો સામે પગલાં લેવાં જરૂરી લાગે તે લેવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમણભાઈ એમ. પટેલને યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ કરવાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં કરેલા નિર્ણયની બાબતમાં પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૨૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ બોરંભે પડેલું હોઈ, યુનિવર્સિટી પ્રેસ વિશેષ કાર્યક્ષમ અને વેગવંત બનવું ઘટે છે તે દૃષ્ટિએ તેનો કાર્યપ્રબંધ અને વ્યવસ્થા યોજાવાં જોઈએ, તે માટે તપાસ કરી જરૂરી સૂચનો કરવા એક કમિટી નીમવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટનો અભિપ્રાય નીચે મુજબ છે એમ સેનેટને જણાવવું :

"'યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશનનું કામ લગભગ બોરંભે પડેલું હોઈ'— એમ કહેવું યથાર્થ નથી બલકે, ૧૯૬૮-૬૯ના વર્ષમાં પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિમાં કુલ ૬૭૫૪ પાનાનાં કુલ ૪૨ પુસ્તકોનું મુદ્રણ કામ ચાલે છે અને તે પૈકી યુનિવર્સિટી પ્રેસમાં કુલ ૧૯ પુસ્તકોનાં ૨૯૫૪ પાનાંનું મુદ્રણકામ થયેલ છે.

વધુમાં, સદરહુ પ્રસ્તાવમાં સૂચવેલ છે તેવી સમિતિ નીમવાનો જરૂર સિન્ડિકેટને જણાતી નથી."

૨૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે તેઓ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે જરૂરી રહેઠાણ (ક્વાર્ટર્સ)ની વ્યવસ્થા કરવાનાં ઘટતાં પગલાં લે અને યુનિવર્સિટીના આગામી વર્ષના અંદાજપત્રમાં તે માટેની નાણાકીય જોગવાઈ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ યુનિવર્સિટીના કર્મચારીઓને વસવાટની શક્ય તેટલી સગવડ આપવાના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને

વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાતે પણ કામ કરવાનું હોઈ પ્રેસ-કર્મચારીઓ માટે પ્રેસથી અલગ રીતે તેની નજીકમાં જ ડોર્મિટરીની વ્યવસ્થા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવી છે તેવી વ્યવસ્થા કરવી હાલના તબક્કે શક્ય નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે તેમ સેનેટને જણાવવું.

૨૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"છેક યુનિવર્સિટી-પ્રેસની સ્થાપના થઈ તે સમયથી પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામના દરેક દિવસે પ્રત્યેક કર્મચારીને ૩૧ પૈસા પરીક્ષા ભથ્થું (ટિફિન એલાવન્સ) આપવાનું ધોરણ નક્કી થયું છે. વર્તમાન વિષમ આર્થિક સંજોગો અને મોંઘવારીમાં ૩૧ પૈસાની રકમ અતિ અલ્પ છે. આથી પરીક્ષાભથ્થા તરીકે ૩૧ પૈસાને બદલે એક રૂપિયો પ્રેસ-કર્મચારીઓને આપવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ ને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની વિચારણા હેઠળ હોઈ હાલને તબક્કે સિન્ડિકેટ કશો અભિપ્રાય વ્યક્ત કરવા બંધાતી નથી એમ સેનેટને જણાવવું.

૨૫. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી કાર્યાલય અને મુદ્રણાલયમાં જાહેર તહેવારો, માંદગીની રજા, આકસ્મિક રજા, હક રજા વગેરે રજાઓનાં ધારાધોરણોમાં રહેલી અસમાનતા દૂર કરી યુનિવર્સિટી મુદ્રણાલયને યુનિવર્સિટી કાર્યાલયના ધોરણે જ ઉપરોક્ત તમામ રજાઓ આપવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ અને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

સભાગૃહની સંમતિથી બાબત નં. ૨૬, ૩૩, ૩૪ અને ૩૬ની વિચારણા એકસાથે કરવામાં આવી.

તે પછી સૌપ્રથમ બાબત નં. ૩૪ની વિચારણા કરવામાં આવી.

૩૪. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમો પૈકી નિયમ ૯ના પ્રોવિઝો તેમ જ નિયમ ક્રમાંક ૧૦, ૧૧ અને ૧૨ પર વિચારણા કરવા બાબત.

Notwithstanding anything contained in clauses 8 and 9 above :

(*a*) A teacher who has put in services for five or more than five years shall not be terminated without just cause. Just cause means and includes inefficiency, indiscipline, misbehaviours, corruption, physical and mental incapacity and any other cause deemed just by the University.

or

A teacher who is on a permanent service may be terminated by the management on prior payment, over and above the required notice pay, of compensation

equal to (1) 6 months salary including all allowances if he has been in the services of the college or institution for five or more than five years, *or* (2) three months salary including allowances if he has been in the service of the college or institution for more than three years' out less than five years.

(*b*) All cases of dismissal and termination of services of teachers shall be reported to the University, and in case of dismissal the teacher shall be given a chance of explanation by the institution and a proper inquiry if so desired by the teacher shall be conducted in such case by the University.

(*c*) It shall be obligatory on the part of a teacher to join a college or Institution for at least one term if he accepts the appointment order.

No teacher who acts otherwise shall be eligible for recognition to its respective cadre.

(*d*) It shall be obligatory on the part of a college to retain the services of the teacher for at least one term if the teacher accepts the appointment.

(*e*) Services of a Principal except otherwise previously permitted by the Vice-Chancellor shall not be terminated without giving notice of at least one term.

10. Where a teacher is appointed on a specified contract, the period and conditions of such contract should not be inconsistent with the conditions as laid down herein and the terms of contract should be submitted to the University for approval.

11. Member of the staff in an affiliated college or a recognised institution, when they apply for any post at another affiliated college or at institution recognised by this University or at a new college to be started in the University area, shall invariably send their applications through the Heads of their colleges or the institutions as the case may be.

12. It shall be incumbent on the Principal of the college or the head of the institution to forward the application of any teacher working under him addressed to a college or institution affiliated or seeking affiliation to this University.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ અને તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાઓમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમો અનુક્રમે ક્રમાંક ૧થી ૮ અને ૯ પ્રોવિઝો અનુસાર મંજૂર કરેલ છે.

8. The service of a member of the staff shall not be terminated in the midst of any term and (*i*) without three months' notice, if he has been confirmed, or (*ii*) without one month's notice if he is temporary or on probation ending with the end of vacation, provided, however, that when such notice is not given the college authorities shall pay to him an amount equal to the salary as may be payable to him for the period of notice; provided this clause will not be applicable and no notice will be necessary in case of a dismissal.

9. No member of the staff shall leave the service of the college in the midst of any term and without giving to the authorities three months' notice if he is confirmed or one month's notice if he is temporary or on probation ending with the end of vacation provided always that in case the member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowance as may be payable to him for the period of notice.]

(૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ માટેના નિયમો પૈકી નિયમ ૯ ના પ્રોવિઝો તેમજ નિયમ ક્રમાંક ૧૦, ૧૧ અને ૧૨ અંગે સમિતિએ કરેલી ભલામણો પર વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ નિયમો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

10. (1) The services of a Principal who has been confirmed by the Management or who has put in more than one year of service in an affiliated college or a recognised institution shall not be terminated without giving him six months' notice expiring with the end of an academic term, provided, however, that the services of a Principal can be terminated without giving aforesaid notice with the previous permission of the Syndicate.

(2) The services of a teacher (including Principal) who has put in five or more years of service with an affiliated college or a recognised institution shall not be terminated without giving (in addition to usual notice or notice pay) compensation equivalent to six months' salary and all allowances to which he is entitled at the time of termination of his services.

(3) The services of a teacher (including Principal) who has put in three years or more but less than five years of service with an affiliated college or a recognised institution shall not be terminated without giving (in addition to usual notice or notice pay) compensation equivalent to three months' salary and all allowances for which he is entitled at the time of termination of his services.

(4) The services of a teacher including Principal in an affiliated college can be dispensed with without notice for any act involving misconduct or moral turpitude on the part of the teacher concerned but before doing so the teacher concerned

shall be given a reasonable opportunity for explaining the charges alleged against him and proper inquiry shall be held and the teacher concerned shall be entitled to defend himself. In case the teacher is aggrieved by the decision of the management, he shall be entitled to appeal to the Syndicate and the decision of the Syndicate shall be binding upon the Management as well as the teacher concerned.

(5) A teacher including a Principal who has accepted an appointment in an affiliated college shall be bound to join and serve for at least one academic term and if he fails to do so without reasonable cause, he shall not be considered as a recognised teacher for appointment in an affilited college.

(6) It shall be obligatory on the part of an affiliated college to retain services of a teacher including Principal for at least one academic term after his appointment.

(*Note.*—For the purposes of these rules the first academic term will mean an academic term beginning in June and inclusive of Diwali vacation and the second academic term will mean the term commencing in November and inclusive of Summer vacation; while an academic year means the year between 15th June of the year and 14th June of the following year and inclusive of Diwali and Summer vacations.)

11. Where a teacher is appointed on a specified contract, the period and conditions of such contract should not be inconsistent with the conditions as laid down herein and the terms of contract should be submitted to the University for approval.

12. Members of the staff in an affiliated college or a recognised institution, when they apply for any post at another affiliated college or an institution recognised by this University or at a new college to be started in the University area, shall invariably send their applications through the Heads of their colleges or the institutions as the case may be.

13. It shall be incumbent on the Principal of the college or the Head of the institution to forward the application of any teacher working under him addressed to a college or institution affiliated or seeking affiliation to this University.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલો નિયમ ૧-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at the rates of merged Dearness Allowance or unmerged Dearness Allowance, as the case may be, as may be laid down by the State Government from time to time for its employees, provided that it shall be competent for the Syndicate to decide the date or dates from which the rates of the Dearness Allowance, merged or unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions."

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવાઓ અંગેની સુધારેલી શરતોનો મુસદ્દો આ સાથે જોડયા પ્રમાણે મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

Resolution :

"The following new statute be framed:

New Statute :

All the teachers of the affiliated colleges and recognised Institutions shall be paid D.A. according to the Government Scale."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે તેની સેનેટને જાણ કરવી :

In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at the rates of merged Dearness Allowance or Unmerged Dearness Allowance, as the case may be, as may be laid down by the State Government

from time to time for its employees, provided that it shall be competent for the Syndicate to decide the date or dates from which the rates of the Dearness Allowance, merged or unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions.

૩૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર (૧) શ્રી. રમેશ મ. ભટ્ટ, (૨) શ્રી. મણિશંકર પંડ્યા, (૩) શ્રી. વી. જે. ત્રિવેદી, (૪) શ્રી. કે. કા. શાસ્ત્રી, (૫) શ્રી. છોટુભાઈ ૨. નાયક, (૬) શ્રી. વિનોદ અધ્વર્યુ, (૭) શ્રી. દરબારસિંગ બસન, (૮) શ્રી. હરિવદન ઉમિયાશંકર જોશી, (૯) શ્રી. હિંમતલાલ ચૂનીલાલ શુકલ, (૧૦) શ્રી. પુરુષોત્તમ કુલાભાઈ પટેલ, (૧૧) શ્રી. હ. મ. દેસાઈ, (૧૨) શ્રી. મનહર શુકલ, (૧૩) શ્રી. રમણલાલ વી. શાહ, (૧૪) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી, (૧૫) શ્રી. શનાભાલ મ. ઠક્કર તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

" સિન્ડિકેટ જ્યારે સંલગ્ન કૉલેજોના અધ્યાપકોની નોકરીની શરતો સુધારી રહી છે ત્યારે તેને લગતા નિયમોમાં સમસ્ત શિક્ષણક્ષેત્રમાં પ્રવર્તે છે તે, આપણી યુનિવર્સિટીમાં તેના સ્થાપના કાળથી ચાલુ છે તે અને યુનિવર્સિટીના પોતાના કર્મચારીઓને અને અધ્યાપકોને અપાય છે તે સરકારી ધોરણનું મોંઘવારી ભથ્થું આપવાનું ચાલુ રાખવા માટે નવા નિયમોમાં 'સરકારી ધોરણ' શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની આ સભા સિન્ડિકેટને પોતાની પૂરી નૈતિક સમજાવટ શક્તિથી મજબૂત ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો નિયમ નીચે મુજબ પંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે તેની સેનેટને જાણ કરવી :

In addition to the minimum basic pay in the scales as mentioned above, the teachers in affiliated colleges and recognised institutions shall be paid Dearness Allowance at the rates of merged Dearness Allowance or unmerged Dearness Allowance, as the case may be, as may be laid down by the State Government from time to time for its employees, provided that it shall be competent for the Syndicate to decide the date or dates from which the rates of the Dearness Allowance, merged or unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions.

૩૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલા તેમના તા. ૩-૧૨-૧૯૬૮ના પત્રાંક એમ. આઈ. એસ. ૧૦૬૮-૮-૧૪૧૩-ખ ૫૨ વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે યુનિવર્સિટીએ રાજ્ય સરકાર સાથે ચર્ચાવિચારણા અંગે નીમેલ પ્રતિનિધિમંડળના નેતા ડૉ. ય. ગુ. નાયકનું મંતવ્ય છે કે રાજ્ય સરકાર યુનિવર્સિટીનો પ્રસ્તાવ સ્વીકારે ત્યાર પછી જ યુનિવર્સિટીએ નવાં પગારધોરણો માન્ય કરવાં યોગ્ય થશે.)

કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ બાબતની વિશેષ વિચારણા મોકૂફ રાખવામાં આવી અને બીજે દિવસે એટલે કે તા. ૭–૩–૧૯૬૯ના રોજ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગારધોરણ સુધારવાની બાબતમાં ભારત સરકારની યોજના તથા તે અંગે રાજ્ય સરકાર તરફથી કરવામાં આવેલી સ્પષ્ટતા અને તે બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયની સાથે થયેલ તમામ પત્રવ્યવહાર ન્યેઇતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને તે સમિતિને વિનંતી કરવી કે સદરહુ બાબતમાં સિન્ડિકેટના નિર્ણય માટેના મુદ્દા સ્પષ્ટ તારવીને રજૂ કરવા :

(૧) આચાર્ય ડૉ. વાય. જી. નાયક
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય વાય. પી. શુક્લ
(૪) આચાર્ય એમ. સી. શાહ.

૨૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. બી. અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂકો વધુ યોગ્ય રીતે થઈ શકે તે હેતુથી સેનેટની આ સભા માને છે કે સદરહુ નિમણૂકો કરવાની વર્તમાન પદ્ધતિને બદલે અધ્યાપકની શૈક્ષણિક લાયકાતો, અનુભવ વગેરેને આધારે તૈયાર કરેલ અગ્રિમતાદર્શક કાર્ડને આધારે નિમણૂકો કરવાની પદ્ધતિ અખત્યાર કરવી વધુ યોગ્ય છે. આથી એ પ્રમાણેની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સર્વ લાગતાંવળગતાં મંડળોને આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પ્રાધ્યિકો-પરીક્ષકોની નિમણૂકો અંગેના નિયમો યુનિવર્સિટીનાં સત્તામંડળોની સર્વગ્રાહી વિચારણા હેઠળ છે એમ સેનેટને જાણ કરવી.

૨૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. વી. બી. અધ્વર્યુના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમો ૪૦ અને ૪૧નો તાત્કાલિક અમલ કરવા માટે લાગતાંવળગતાં મંડળોએ જરૂરી કારવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે તે હકીકતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની હાલની કલમ ૪૦ અને ૪૧નો અમલ કરવો શક્ય નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બી. એમ. જાનીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી માન્ય કૉલેજોમાં વિનયન વિદ્યાશાખામાં લેક્ચરરની

જગ્યાઓ માટે નિમણૂક કરવાનાં ધોરણોમાં સુધારે કરી તે નીચે મુજબ વાંચવામાં આવે :

Item No 3 :

Second Class B.A. and Pass Class M.A. with two years' teaching experience as a Tutor છે તેના બદલે તે નીચે પ્રમાણે વાંચવામાં આવે :

"Second Class B.A. and Pass Class M.A. with two years' teaching experience as a Tutor or with two years' experience as a Head Master in a full-fledged secondary school or with three years' experience as a teacher in a full-fledged secondary school."

Item No 4 :

Pass Class B.A., Pass Class M.A. and experience as a Tutor for five years છે તેના બદલે તે નીચે પ્રમાણે વાંચવામાં આવે :

"Pass Class B.A., Pass Class M.A. and experience as a Tutor for five years or/and with three years' experinece as a Head Master of a full-fledged secondary school or/and with five years' experience as a teacher in a full-fledged secondary school."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બી. એમ. જાનીના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત:

"સેનેટની આ સભા ઠરાવે છે કે ૨૮. ૧૭૫માં પ્રી-યુનિવર્સિટી વર્ગોમાં પ્રવેશ માટે જે જે વિદ્યાશાખાઓમાં એલ્જિબ્રા-જ્યોમેટ્રીનો વિષય દર્શાવ્યો છે તેના વિકલ્પમાં 'or 70% marks in Elementary Mathematics' મૂકવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બી. એમ. જાનીના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે પ્રી-યુનિવર્સિટી વર્ગની કોઈ પણ વિદ્યાશાખામાં પ્રવેશ માટે યુનિવર્સિટીએ જે તે વિદ્યાશાખા માટે નક્કી કરેલા કુલ વિષયોના ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીને જ પ્રવેશ આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની અને અધ્યાપકોની વિવિધ ભાષાઓ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિમાં વધારો થાય તે હેતુસર, અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે

ફ્રેંચ, સ્પેનિશ, જર્મન, રશિયન, અરેબિક અને જાપાનીઝ જેવી ભાષાઓના ટૂંકમુદતી અને દીર્ઘમુદતી અભ્યાસક્રમો યોજવા માટે જરૂરી શૈક્ષણિક અને વહીવટી વ્યવસ્થા ઊભી કરવા માટે આગામી વર્ષના બજેટમાં જરૂરી જોગવાઈ કરવાની સેનેટની આ સભા પોતાના પૂરા બળથી આગ્રહ કરે છે, અને લાગતાંવળગતાં સત્તામંડળોને કાર્યરત બનવાને વીનવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સૈદ્ધાંતિક રીતે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૩. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૫. યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણના અમલમાંથી કે મોંઘવારી ભથ્થાના સુધારેલા દરોને લઈને ઉદ્ભવતી પાછલી બાકી (arrears) જે સંલગ્ન કૉલેજોએ પોતાના શિક્ષકોને ચૂકવી ન હોય તેવી કૉલેજોને આ પાછલી બાકી (arrears) ચૂકવવાની શરતે જ ગ્રાન્ટ આપવાની રાજ્ય સરકારને ભલામણ કરવાના સેનેટ સભ્ય શ્રી. રમેશ ભટ્ટના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૪/૫–૧–૧૯૬૯ની સભામાં કરેલા નીચેના ઠરાવ તરફ પ્રો. રમેશભાઈ ભટ્ટનું ધ્યાન ખેંચવું :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણો અને/અથવા મોંઘવારી ભથ્થાની સંપૂર્ણ ચુકવણી જે સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓએ કરી નથી તેમને જણાવવું કે યુનિવર્સિટીએ નિયત કરેલ પગાર-ધોરણો અને મોંઘવારી ભથ્થાની ચુકવણી તેમના શિક્ષકોને કરીને તા. ૩૧–૩–૧૯૬૯ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી. અગર જો તેમ કરવાનું તેઓ ચૂકશે તો તેમની સામે નીચે જણાવેલ કોઈ એક કે વધુ પગલાં લેવામાં આવશે :

(૧) પરીક્ષા માટે કેન્દ્ર ન રાખવું;

(૨) વધારાના વિષયો માટે જોડાણ આપવા માટે ભલામણ કરવી નહીં;

(૩) ચાલુ જોડાણ ફક્ત ટૂંકી મુદત માટે જ આપવા માટે ભલામણ કરવી; અને

(૪) ગ્રાન્ટ માટે કોઈ પણ પ્રસ્તાવની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ ન કરવી."

૩૬. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૭–૬૮ ના વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલ સેનેટની વિચારણા માટે મોકલવામાં આવે.

૩૭. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક હિસાબો તથા તેમના તરફથી આવેલ સને ૧૯૬૬-૬૭ના વર્ષના હિસાબો અંગેની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

સને ૧૯૬૬-૬૭ના વાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવ્યા તથા તે અંગેની ઑડિટ નોંધ અને તે અંગે કાર્યાલયે ધડેલા જવાબનો મુસદ્દો મંજૂર કરવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ હિસાબો તથા તેની ઑડિટ નોંધ ઉપરના મંજૂર કરવામાં આવેલા જવાબો સેનેટને મોકલવા.

૩૮. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર મેસર્સ લાખિયા કેસાઈ એન્ડ કું.ના યુનિવર્સિટીના સને ૧૯૬૭-૬૮ના વાર્ષિક હિસાબ ઉપરની તા. ૨૩-૯-૧૯૬૮ ની ઑડિટ નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામા આવી છે.

૪૦. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ પ્રોફેસર અને રીડરની જગ્યાઓ ભરવા અંગે આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ ઉપર પાંચ સભ્યો હોવા જોઈએ તેવા હાઈ કોર્ટના ચુકાદા ઉપર આપણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે, જેની સુનાવણી હજુ બાકી છે. આ સંજોગોમાં યુનિવર્સિટીનાં ભવનોમાં જે વિષયમાં પ્રોફેસરની જગ્યા ભરાયેલી ન હોય તે વિષયના પ્રોફેસર કે રીડરની નિમણૂક અંગે વિચારવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી. :

૫૩. સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં કાયદાની વિદ્યાશાખા હેઠળ ધારા-શાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાની અંકેક્ષિમક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૯ અને સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૯ની ભલામણ સ્વીકારી હોવાથી તે અંગે આગળ વધતાં પગલાં લેવા બાબત.

[નોંધ.—યુનિવર્સિટીએ ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ધારાશાસ્ત્રનું વિદ્યાભવન સ્થાપવા માટે યુ. જી. સી.ને દરખાસ્ત મોકલી હતી તે અંગે યુ. જી. સી.ની ભલામણ નીચે મુજબ છે :

"Since there are already four law colleges (of which two are preparing students for the LL.M. Degree) we feel that at present no useful purpose will be served in setting up a department of legal studies at the University head-quarters and, therefore, it may be postponed till the fifth plan."]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં કાયદાની વિદ્યાશાખા હેઠળ ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવાનું મોકૂફ રાખવું અને પાંચમી પંચવર્ષીય યોજનામાં યુનિવર્સિટીનાં વિકાસકાર્યોમાં તેનો સમાવેશ કરવાનું રાખવું.

૫૪. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન બિઝનેસ મૅનેજમેન્ટના વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી મારફત આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગયે વર્ષે આ કૉલેજની તથા એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સની આ અભ્યાસક્રમનું કેન્દ્ર સ્થાપવા માટેની અરજીઓ આવેલી તે માટે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિએ આવો અભ્યાસક્રમ અનુસ્નાતક કેન્દ્ર દ્વારા નહીં પરંતુ યુનિવર્સિટીએ પોતે પોતાના ભવન મારફતે શીખવવો જોઈએ એવો અભિપ્રાય આપેલો છે. સિન્ડિકેટે આ રિપોર્ટ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલ્યો છે.

(૨) આ બાબત અંગે અનુસ્નાતક શિક્ષકોની લાયકાત નક્કી કરવા માટે નીમેલી સમિતિએ ઉપર ૭મા જણાવેલી સમિતિના રિપોર્ટને ધ્યાનમાં રાખી કેન્દ્રો માટે માન્ય અનુસ્નાતક શિક્ષકો માટે નહીં પરંતુ આ અભ્યાસક્રમ યુનિવર્સિટી પોતે શરૂ કરે તો તે માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નક્કી કર્યાં છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદે જૂન ૧૯૬૮થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનનો વિષય શીખવવા માટે કરેલ જોડાણ-અરજી પરત્વે સેનેટે મૂકેલી શરતો પૈકી યુનિવર્સિટીનું પગારધોરણ અપનાવવાની અને મોંઘવારી ભથ્થું ચૂકવવાની શરતોનું હજુ સુધી પરિપાલન કર્યું ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તે કૉલેજના આચાર્યશ્રીનો તા. ૧–૩–૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને બી.એસસી.(સ્પેશિયલ)માં કીટાણુવિજ્ઞાનનો વિષય શીખવવા માટે તેને જૂન ૧૯૬૮થી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૭૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના ઉપસચિવશ્રી તરફથી આવેલા તેમના તા. ૩–૧૨–૧૯૬૮ના પત્રાંક એમ. આઈ. એસ. ૧૦૬૮–૮૧૪૧૩–ખ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે યુનિવર્સિટીએ રાજ્ય સરકાર સાથે ચર્ચાવિચારણા અંગે નીમેલ પ્રતિનિધિમંડળના નેતા ડૉ. ય. ગુ. નાયકનું મંતવ્ય છે કે, રાજ્યસરકાર યુનિવર્સિટીનો પ્રસ્તાવ સ્વીકારે ત્યાર પછી જ યુનિવર્સિટીએ નવાં પગારધોરણો માન્ય કરવાં યોગ્ય થશે.)

સદરહુ બાબત આ અગાઉ બાબત નં. ૩૬ હેઠળ આવેલી છે તેની સભાગૃહને સ્પષ્ટતા કરવામાં આવી.

૬૧. ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાનાર એમ.એ.ની પરીક્ષામાં સંસ્કૃત અને વેદના મુખ્ય વિષય લઈ સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "સ્વ. પંડિત સાતવળેકર પારિતોષિક" આપવા માટેનું રૂા. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર પૂરાનું) દાન સ્વીકારવા અંગે મંત્રી, વેદમહર્ષિ પં. શ્રી. દા. સાતવળેકર જન્મશતાબ્દી સત્કાર સમારંભ સમિતિ, અમદાવાદ તરફથી આવેલ તા. ૧૨–૨–૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર સિન્ડિકેટની તા. ૧/૨–૩–૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૬૩થી નિર્ણય થઈ ગયેલો હોઈ તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૭૪. સમાજવિદ્યા ભવનના, ફર્નિચર તથા સામગ્રી ખાતે સને ૧૯૬૮–૬૯ માટે અંદાજપત્રમાં રૂા. ૫,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂા. ૧૧,૦૦૦ની જોગવાઈ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના ફર્નિચર તથા સામગ્રી ખાતે ચાલુ વર્ષે એટલે કે સને ૧૯૬૮–૬૯ના અંદાજપત્રમાં રૂા. ૫,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે તે વધારીને રૂા. ૧૧,૦૦૦ની જોગવાઈ કરવા માટેનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૫. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૪–૨–૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪–૨–૧૯૬૯ની સભાની ભલામણો પૈકી બાબત નં. ૨૩ અંગેની તેની ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તે ભલામણ તથા બાકીની બીજી ભલામણો મંજૂર કરવી :

'આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કાયમી થયેલા કર્મચારીને, જો તેની પાસે હક રજા જમા ન હોય તો, નીચેના નિયમો પ્રમાણે અગાઉથી (advanceમાં) તે રજા યોગ્ય કેસોમાં મંજૂર કરી શકાશે :

(૧) હક રજા

(અ) જો કોઈ કર્મચારીને પરીક્ષા આપવાની હોય અને નિયમ પ્રમાણે રજા ઉપર રહેવાનું આવશ્યક હોય તો વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની હક રજા જે તે અધિકારીને યોગ્ય લાગે તો તે આ રજા અગાઉની રજા (advance leave) તરીકે મંજૂર કરી શકશે.

(નોંધ.—આ રજા હકપૂર્વક માંગી શકાશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(બ) ઉપર (અ) પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સામે એડજસ્ટ કરવામાં આવશે; પરંતુ જો કોઈ કર્મચારી તે અગાઉ નોકરી છોડી દેશે તો તેની હક રજા જમા હોય તે બાદ કરીને બાકીના દિવસો માટેનું તેનું વેતન તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ક) રજા દરમિયાન યુનિવર્સિટીનાં તે વખતનાં પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કાયમી થયેલા કર્મચારીને, જો તેની પાસે માંદગીની રજા જમા ન હોય તો, નીચેના નિયમો પ્રમાણે અગાઉથી (advanceમાં) તે રજા યોગ્ય

કેસોમાં મંજૂર કરી શકાશે :

(૨) માંદગીની રજા

(અ) જો કોઈ કર્મચારી માંદો હોય પરંતુ તેની પાસે માંદગીની રજા જમા હોય નહિ તો વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની પૂરા પગારની કે ૧૮૦ દિવસની અડધા પગારની રજા જે તે અધિકારીને ચોગ્ય લાગે તો તેઓ અગાઉની રજા (advance leave) તરીકે મંજૂર કરી શકશે.

(નોંધ. — આ રજા પણ હકપૂર્વક માંગી શકાશે નહીં તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(બ) આ પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સામે એડજસ્ટ કરવામાં આવશે, પરંતુ જો કોઈ કર્મચારી તે અગાઉ નોકરી છોડી દેશે તો તે અંગેની રકમ તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ક) રજા દરમિયાન યુનિવર્સિટીનાં તે વખતનાં પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવશે.

(૩) માંદગીની રજા અગાઉથી (advanceમાં) મંજૂર કરવા બાબતના આ પેટાનિયમનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું રાખવું.

(સદરહુ સમિતિની તા. ૧૪-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે જોડેલ છે.)

૭૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બે જગ્યા અંગે સિન્ડિકેટના તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ના નીચેના ઠરાવોને અનુલક્ષીને થતી વિચારણા કરવા બાબત:

"ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિએ લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની જગ્યા માટે જે પેનલની ભલામણ કરી છે તે પેનલને સિન્ડિકેટની આ સભા સ્વીકારે છે અને ઉપર (ક) મુજબ ફી. તલાટીની નિમણૂક કરતી વખતે ઠરાવે છે કે લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની નવી જગાઓ ઊભી થતાં કે લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની જગ્યા અન્યથા ખાલી પડતાં પસંદગીની આ પેનલ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે."

[નોંધ.—વરણીસમિતિની તા. ૯-૮-૧૯૬૮ની સભાની ભલામણો નીચે મુજબ હતી :

"આ સમિતિના અભિપ્રાય પ્રમાણે સર્વશ્રી જે. ડી. તલાટી, આઈ. એમ. ભટ્ટ અને કે. પી. સોની એ ત્રણેય ઉમેદવારો સરખા આઉટસ્ટેન્ડિંગ જણાય છે, પણ હાલ જે એક જગ્યા ભરવાની છે તે માટે નીચેના ક્રમમાં તેમની ભલામણ કરવામાં આવે છે :

(૧) ડૉ. જે. ડી. તલાટી
(૨) ડૉ. આઈ. એમ. ભટ્ટ
(૩) શ્રી. કે. પી. સોની."]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીમાં જે જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

૭૯. માર્ચ-એપ્રિલ અને ઑક્ટોબર ૧૯૬૮માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકો તથા નિરીક્ષકોના હસ્તક તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૨-૨-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૨-૧૯૬૯ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

સદરહુ સમિતિની કાર્યવાહીની નોંધમાં બાબત ક્રમાંક ૫ અને બાબત ક્રમાંક ૯ હેઠળના મોડરેટરો સર્વશ્રી આર. એન. દેસાઈ અને બી. એન. દવેના મહેનતાણામાંથી – તેમાં જણાવેલા મોડરેટરોના વેતનમાંથી—સમિતિએ કરેલી ભલામણ મુજબ કપાત કરવા ઉપરાંત તે બેઉ મોડરેટરોને આ ઠરાવની તારીખથી ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રાશ્નિક કે પરીક્ષક કે મોડરેટર તરીકે નીમવા નહિ.

(સદરહુ સમિતિની તા. ૨૨-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૮૨. એ. કોમ.-૫-બી અન્વયે સરદાર વલ્લભભાઈ કોમર્સ કોલેજના વિદ્યાર્થી શ્રી. વિનોદ ચૂનીલાલ જોશી કે જેઓ ફર્સ્ટ બી.કોમ. અને સેકન્ડ બી.કોમ.ની એમ બંને માર્ચ-એપ્રિલ ૧૯૬૮ની પરીક્ષાઓમાં બેઠેલ, પરંતુ ફર્સ્ટ બી.કોમ. પરીક્ષા પસાર કરી ન હોવા છતાં તેમનું સેકન્ડ બી.કોમ. પરીક્ષાનું પરિણામ જાહેર થઈ જવાને કારણે આ વિદ્યાર્થીએ થર્ડ બી.કોમ.નાં સત્રો રાખ્યાં છે તે મંજૂર કરી ૧૯૬૯ની પરીક્ષામાં બેસવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થી ૧૯૬૮ માં પ્રથમ બી.કોમ.માં નં. ૨૧૩૪થી બેસી નાપાસ થયા હતા અને સેકન્ડ બી.કોમ.માં નં. ૨૧૪૭થી બેસીને પાસ થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને તે ફર્સ્ટ બી.કોમ.ની બાકીની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી થર્ડ બી.કોમ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી નહિ, પરંતુ તે વિદ્યાર્થીએ ભરેલાં થર્ડ બી.કોમ.નાં સત્રો આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે મંજૂર કરવાં.

૮૫. સંલગ્ન કોલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૦-૨-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૨-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

૮૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભામાં બી.કોમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષાના વિષયોમાં મુક્તિ (exemption) મેળવેલ હોય તો જે તે વિષયની સામે જણાવેલ સમકક્ષ વિષયમાં નવા અભ્યાસક્રમના પ્રશ્નપત્રોમાં મુક્તિ (exemption) આપવા માટે ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

B.Com. (Old Course)	B.Com (New Course) T.Y.B.Com.
English	English
M.E.D.	Problems of Economic Development
Mercantile Law	Mercantile Law
Advanced Accounting and Auditing	Adv. Accounting and Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport
Public Finance	Public Finance
English	English
Economics	Principles of Economics
Adv. Accounting & Auditing	Adv. Accounting & Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport

[*Note.*— A candidate who have appeared under B.Com. (Old Course) with an optional subject other than Advanced Accounting and Auditing will be eligible for exemption in the paper of Accountancy–II at S.Y.B.Com. under New Course.]

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ મુક્તિ અંગેના નિયમનો અમલ ચાલુ વર્ષની પરીક્ષાથી કરવાનું રાખવું.

૮૯. યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટ તા. ૧૩-૪-૧૯૬૯ના રોજ ૬૦ વર્ષ પૂરાં કરતા હોવાથી નિવૃત્તિવય વધારવા અંગેની તેઓની તા. ૭-૧-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવયની વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ પાંસઠ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને પાંસઠ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહિ."]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. ડી. ભટ્ટની જરૂરી તબીબી તપાસ કરાવીને તેમની સેવા તા. ૧૩-૪-૧૯૬૯થી વધુ એક વર્ષ લંબાવવાનું કુલપતિશ્રીને યોગ્ય લાગે તો તેમ કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૯૦. સિન્ડિકેટેની તા. ૧-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીમાં પારેખ બ્રધર્સ સાયન્સ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજની જોડાણુઅરજી અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં જોડાણની શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં કરે તેમ છાપ્યું હોઈ તે તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં કરે તેમ છાપભૂલ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૧. બાંધકામ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૯૫. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સમાજવિદ્યા ભવનમાં ફિલ્ડ વર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ડી. શાહને એલએલ.એમ., ભાગ ૧ની પરીક્ષામાં બેસવા માટે યુનિવર્સિટીના નિયમ મુજબ આ પરીક્ષાનું પરિણામ બહાર પડે તે પહેલાં ચાર માસની રજાઓ લેવી પડે, પણ શ્રી. શાહ વૅકેશન સ્ટાફના સભ્ય હોવાથી તેમના વૅકેશનના સમયના ચાર માસના ગાળામાંથી રજા મંજૂર કર્યાના;

(૨) પી.એલ. ૪૮૦ની યોજના હેઠળની સંશોધન યોજનાઓના છેલ્લા અહેવાલ સાઇક્લોસ્ટાઇલ કરાવવા માટે નીચેના સભ્યોને વધારાનું ભથ્થું આપવા અંગેની નીચેની વિદ્યાન વિદ્યાભવનના

અધ્યક્ષની દરખાસ્ત મંજૂર કર્યાના :

ક્રમાંક	સભ્યનું નામ	મૂળ પગાર	કામની વિગત	ભથ્થું
૧.	શ્રી. એન. એ. ગઢવી, સ્ટેનોગ્રાફર	રૂા. ૧૪૦	સ્ટેન્સિલ તથા મુસદ્દા ટાઇપ કરાવવા માટે	રૂા. ૨૦૦
૨.	શ્રી. એન. એ. શાહ, ફોટોગ્રાફર	રૂા. ૧૪૦	આશરે ૨૫૦ આકૃતિઓના ફોટોગ્રાફ તથા ફોટો તૈયાર કરવા માટે	રૂા. ૧૦૦
૩.	શ્રી. એચ. વી. વાળંદ, આર્ટિસ્ટ	રૂા. ૧૮૦	આશરે ૨૫૦ આકૃતિઓ તથા માપ તૈયાર કરવા માટે	રૂા. ૧૦૦
૪.	શ્રી. કે. જી. બાલોદરા, પટાવાળા	રૂા. ૫૨	આશરે ૫૦૦ સ્ટેન્સિલોની નકલો કાઢવા માટે	રૂા. ૭૫

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૯૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગ માટે લેબોરેટરી ખર્ચ માટે અંદાજપત્રમાં વધારાના રૂા. ૨૫,૦૦૦ની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગ માટે લેબોરેટરી ખર્ચ માટે ચાલુ વર્ષના એટલે કે સને ૧૯૬૮-૬૯ના અંદાજપત્રમાં વધુ રૂા. ૨૫,૦૦૦ની જોગવાઈ કરવાનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦૦. ભાષા-સાહિત્ય ભવનમાં એમ.એ., ભાગ ૧માં અભ્યાસ કરતાં શ્રીમતી અરુણાદેવી ઝોશીની ક્ષયરોગની લાંબી માંદગીના કારણે પ્રથમ સત્રમાં તેમની હાજરી પચાસ ટકા કરતાં ઓછી હોઈ ખૂટતી હાજરી માફ કરવાની તેમની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે સિન્ડિકેટનો ઠરાવ નીચે મુજબ છે :

સિન્ડિકેટની તા. ૨/૩-૭-૧૯૬૬ની બાબત નં. ૨૨

"પ્રત્યેક ભાગની પરીક્ષા માટેનાં બે સત્રો પૈકી વિદ્યાર્થીએ ઓછામાં ઓછું એક સત્ર યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભર્યું હોય અને તેણે બીજા સત્રમાં ઓછામાં ઓછાં પચાસ ટકા જેટલાં વ્યાખ્યાનો ભર્યાં હોય તો તેવા કેસોમાં તબીબી કારણસર અથવા ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તે કારણે ખૂટતી હાજરી માફ કરવાની સત્તા આપવી.")

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થિનીની ખૂટતી હાજરી તે બહેનના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે માફ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે અનુસ્નાતક વિદ્યાર્થીઓની ફક્ત એક જ સત્રમાં હાજરી ખૂટતી હોય અને જે સત્રમાં હાજરી ખૂટતી હોય તે સત્રમાં તેણે ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલાં વ્યાખ્યાનોમાં હાજરી આપેલી હોય તો તેવા કેસોમાં માંદગીને કારણે ખૂટતી હાજરી માફ કરવા માટે શ્રી. પરીક્ષા-નિયામક(Controller of Examinations)ને જરૂરી સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી ફક્ત એક જ સત્રમાં ખૂટતી હોય અને તે માંદગી અગર અન્ય કારણસર હોય અને જો તે ૫૦ ટકાથી ઓછી હોય તો તેવા કેસોમાં ખૂટતી હાજરી માફ કરવાનું કુલપતિશ્રીને યોગ્ય લાગે તો તેમ કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૧૦૧. સંલગ્ન કૉલેજોમાં ખંડ સમયના શિક્ષક એક જ સંસ્થાની બે કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય કરતા હોય તો બંને જગાએથી તેમને અલગ અલગ વેતન અપાવું જોઈએ કે કેમ તે અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ખંડ સમયના કોઈ શિક્ષક એ સંસ્થાની એક જ શહેરમાં આવેલી બે કૉલેજોમાં કામ કરતા હોય અને તેમનો કુલ કાર્યભોજ ખંડ સમયના શિક્ષકને માટે નિયત કરવામાં આવેલા વધુમાં વધુ કાર્યભોજ કરતાં વધતો ન હોય તો તેમને બે કૉલેજોમાંથી અલગ અલગ વેતન આપવા માટે આગ્રહ રાખવો નહિ.

૧૦૨. પ્રેગ(ઝેકોસ્લોવાકિયા)ની ઇન્સ્ટિટ્યૂટ ઑફ માઇક્રોબાયોલોજી તરફથી "યુનેસ્કો" અને W.H.O. (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન)ના ઉપક્રમે તથા યુનિવર્સિટી આફ સેવન્ટીન્થ નવેંબરના સહકારથી તા. ૧-૧૦-૧૯૬૯થી તા. ૧૫-૯-૧૯૭૦ સુધી શરીરશાસ્ત્રની આધુનિક સમસ્યાઓ (Modern Problems in Biology)એ વિષય પર પ્રેગ ખાતે યોજાનાર લાંબા ગાળાના અનુસ્નાતક અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટી તરફથી યોગ્ય વ્યક્તિઓનાં નામ સૂચવવા જણાવતા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (University Grants Commission)ના માર્ચ ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૩. વિજ્ઞાન વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓમાં જે તે વિષયોની પ્રાયોગિક પરીક્ષા જે સ્થળે લેખિત પરીક્ષા માટે કેન્દ્ર હોય ત્યાં જ રાખવાની પ્રથા છે (જે તે વિષયમાં પૂરતી વિદ્યાર્થીની સંખ્યા હોય તો) જેમાં ગયે વર્ષે ભાદરણ, કડી અને પાલનપુરમાં એસ.વાય.બી.એસસી. માટે આ સ્થળે લેખિત પરીક્ષા માટે કેન્દ્ર ન હોવા છતાં પ્રાયોગિક પરીક્ષા આપવાનું તા. ૨૮-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ ઠરાવેલ તો તે કેન્દ્રો માટે ચાલુ વર્ષે પણ આ પ્રથા ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કાર્યાલયનું સૂચન છે કે વહીવટી દૃષ્ટિએ તેમ જ પ્રાયોગિક પરીક્ષાના કાર્યક્રમો ગોઠવવાની દૃષ્ટિએ જે સ્થળે લેખિત પરીક્ષા હોય ત્યાં જ પ્રાયોગિક પરીક્ષાનું કેન્દ્ર રાખવું જોઈએ.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં ભાદરણ, કડી અને પાલનપુર કેન્દ્રો ખાતે ગયે વર્ષે પ્રાયોગિક પરીક્ષાઓ માટે જે કેન્દ્રો આપવામાં આવ્યાં હતાં તે ચાલુ રાખવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં કોઈ પણ સ્થળે થિયરીની પરીક્ષાનું કેન્દ્ર આપવામાં આવ્યું ન હોય તો ત્યાં પ્રાયોગિક પરીક્ષા માટે કેન્દ્ર રાખવું નહિ.

૧૦૪. પેટલાદ કૉલેજના થર્ડ બી.એ.ના વિદ્યાર્થી શ્રી. જોશી પ્રવીણચંદ્ર રતિલાલ કે જેમને ફર્સ્ટ બી.એ.માં ફક્ત જનરલ એજ્યુકેશનની પરીક્ષા આપવાની બાકી હતી. તેમાં માર્ચ ૧૯૬૮માં સેકન્ડ બી.એ. સાથે ન બેસતાં ફક્ત સેકન્ડ બી.એ.ની પરીક્ષામાં બેસતાં તેને સેકન્ડ બી.એ. ના પરિણામ અન્વયે ઉત્તીર્ણ જાહેર કરેલ અને તે આધારે તેણે થર્ડ બી.એ. માટે ૧૯૬૮-૬૯માં રાખેલ સત્રો માન્ય રાખી માર્ચ ૧૯૬૯માં ફર્સ્ટ બી.એ. (જનરલ એજ્યુકેશન) અને થર્ડ બી.એ.માં સાથે બેસવા દેવા કે ફક્ત ફર્સ્ટ બી.એ.ના બાકીના વિષયમાં બેસવા દઈ તેમનાં થર્ડ બી.એ.નાં સત્રો (અન્યથા પૂરતી હાજરી હોય તો) માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્ય તેમના તા. ૬-૩-૧૯૬૯ના પત્રથી વિદ્યાર્થીને થર્ડ બી.એ.માં બેસવા દેવા અને ફર્સ્ટ બી.એ.ના જનરલ એજ્યુકેશનમાં પાસ ન થાય ત્યાં સુધી પરિણામ અનામત રાખવા સૂચવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને તે ફર્સ્ટ બી.એ.ની બાકીની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી થર્ડ બી.એ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી નહિ, પરંતુ તે વિદ્યાર્થીએ ભરેલાં થર્ડ બી.એ.નાં સત્રો આ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે મંજૂર કરવાં.

બાબત નં. ૪૧થી ૫૨, ૫૫, ૫૭થી ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૩, ૮૪, ૮૭, ૮૮, ૯૨થી ૯૪, ૯૬, ૯૭ અને ૯૯ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

[નોંધ.—(૧) બાબત નં. ૨ની કેટલીક ચર્ચાવિચારણા તા. ૬-૩-૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી અને તેની વિશેષ ચર્ચાવિચારણા તા. ૭-૩-૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી.

(૨) બાબત નં. ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫ની વિચારણા તા. ૬-૩-૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી.

(૩) બાબત નં. ૧, ૩થી ૧૭, ૨૬થી ૪૦, ૫૩, ૫૪, ૫૬, ૭૦, ૭૧, ૭૪, ૭૫, ૭૮, ૭૯, ૮૨, ૮૫, ૮૬, ૮૯થી ૯૧, ૯૫, ૯૮, ૧૦૦થી ૧૦૪ની વિચારણા તા. ૭-૩-૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી.]

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./પ્રેસ-૧૬૮૫/૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૩૧-૩-૧૯૬૯.

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ઠરાવઠરાવ ક્રમાંક ૩૪

Terms and Conditions of Service of Teachers in the Affiliated Colleges and Recognised Institutions

The following shall be the terms and conditions of service of teachers in affiliated colleges and recognised institutions and shall be effective from 7th March, 1969. These will also be applicable with the exception of conditions Nos. 4 and 5 below to members of the staff appointed temporarily :

1 (*a*) The following shall be the minimum salaries and scales of pay for members of the staff in all the affiliated colleges and recognised institutions with effect from June 1964 :

(1) Professors	..	Rs. 350-15-500-20-700
(2) Lecturers	..	Rs. 250-10-400-15-475
(3) Tutors and Demonstrators holding Master's Degree	..	Rs. 180-10-300
(4) Tutors and Demonstrators holding Bachelor's Degree	..	Rs. 130-10-250
(5) Teachers between the categories of Professor and Lecturer, e.g., Asst. Professors	..	Any pay-scale between Rs. 350-15-500-20-700 and Rs. 250-10-400-15-475
(6) Physical Training Instructor	..	Rs. 180-10-300.

(*b*) In addition to the minimum basic pay in the scales as mentioned ve, the teachers in affiliated colleges and recognised institutions shall id Dearness Allowance at the rates of merged Dearness Allowance erged Dearness Allowance, as the case may be, as may be laid the State Government from time to time for its employees, t it shall be competent for the Syndicate to decide the date which the rates of the Dearness Allowance, merged or

unmerged, as the case may be, be payable to the teachers in affiliated colleges and recognised institutions.

(*c*) The House Rent Allowance shall be paid to teachers in affiliated colleges and recognised institutions at the following rates :

Pay		*House Rent Allowance*
(1) Upto Rs. 149/-	...	Rs. 7/- per month
(2) Rs. 150/- and onwards	...	Rs. 10/- per month or 5% of the basic salary, whichever is more.

Provided that the Principal of a College—

(*i*) shall be provided rent-free quarters having a minimum area of 100 sq. yards near the college.

or

(*ii*) shall be paid the actual rent as House Rent Allowance being paid for his resident, the minimum area of which should be 100 sq. yards.

or

(*iii*) shall be paid Rs. 250/- as House Rent Allowance, if a Principal resides in his own house, the minimum area of which shall be not less than 100 sq. yards, and provided further that he is not provided rent-free quarters as mentioned in (*i*) above.

(*d*) Notwithstanding anything contained above, the following part-time teachers shall be paid minimum total emoluments as shown herebelow :

(*i*) Tutors / Demonstrators	..	Rs. 100/-
(*ii*) Lecturers	..	Rs. 150/-
(*iii*) Professors	..	Rs. 200/-.

2. Subject to the under-mentioned provision, a member of the teaching staff in an affiliated college or in a recognised institution who ceases to be a teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part of the whole academic year*, he shall be paid three months' salary** as vacation salary.

---

* "Academic Year" means the period between the 15th June of year and the 14th June of the following year, and inclusive of Diwali and Summer Vacations.

** "Salary" means salary including D.A. and H.R.A. admissible to him.

(*b*) If he has served for the major part*** in any of the terms he shall be paid one month's salary as vacation salary.

3. Maximum teaching load of a teacher shall be as prescribed under O. 120-A in force from time to time.

4. No person appointed as a teacher in an affiliated college or recognised institution shall be required to put in more than two years' service as a probationer before as he is confirmed. During the probation period he shall be entitled to a yearly increment of his salary.

5. Members of the teaching staff in an affiliated college or a recognised institution who have been confirmed shall be entitled to the benefit of provident fund as per rules that may be framed by the University from time to time, provided that this benefit may not be extended to the teachers working in a Government College who have the benefit of pension after retirement.

6. Every teacher while being appointed shall be issued an appointment order, the terms and conditions of which shall not be repugnant to those prescribed by the University from time to time.

7. Leave rules shall be so framed as will provide for the following minimum leave which every full-time permanent teacher shall be entitled to, with a clear understanding that no leave can be claimed as a matter of right :

(*a*) Casual leave for 15 days in the aggregate in a year and for not more than 10 days at a time, provided that such casual l leave may either be prefixed or suffixed (but not be both prefixed and suffixed) to Sundays or Public Holidays.

(*Note.*— The casual leave shall not be suffixed or prefixed to vacations.)

(*b*) Members of the teaching staff who have vacations shall not be entitled to privilege leave while those who do not have such vacation shall be entitled to one month's privilege leave for every eleven months of completed service.

*** "Major Part" means more than one-half.

(*c*) A member of the teaching staff who is entitled to have vacations but who is required by the authorities of the college or the institution concerned to work during a vacation shall be entitled to privilege leave, calculated on the basis of one-third of the period for which he has worked during the vacation.

(*d*) A member of the teaching staff, in addition to any privilege leave earned under clauses (*b*) and (*c*) above, shall be entitled to sick leave on production of a medical certificate for 15 days on full average pay or 30 days on half average pay in a year.

(*e*) A member of the staff appointed part-time shall be entitled only to casual leave of 7 days in the aggregate in a year, provided that he shall not be entitled to have such casual leave prefixed or suffixed to Sunday and/or holidays and/or a vacation and a member of the staff appointed temporarily or on probation shall be entitled only to casual leave of 15 days in the aggregate in a year and for not more than 10 days at a time, provided that he shall not be entitled to have such casual leave prefixed or suffixed to Sunday and/or holidays and/or a vacation.

(*f*) A female employee being a teacher in the permanent employment of a college shall be entitled to maternity leave for a period of three months from the date of the commencement of leave or six weeks from the date of confinement, whichever is earlier, provided that only one month's leave shall be admissible in the case of a miscarriage.

8. The service of a member of the staff shall not be terminated in the midst of any term and (*i*) without three months' notice if he has been confirmed, or (*ii*) without one month's notice if he is temporary or on probation, provided that such notice shall end with the end of a vacation. In case however, when such notice is not given, the college authorities shall pay to him an amount equal to the salary payable to him for the period of notice; provided that this clause will not be applicable and no notice will be necessary in case of a dismissal.

9. No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities

three months' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation provided that such notice shall end with the end of a vacation. In case however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

10. (1) The services of a Principal, who has been confirmed by the Management or who has put in more than one year of service in an affiliated college or a recognised institution, shall not be terminated without giving him six months' notice with the end of an academic term, provided, however, that the services of a Principal can be terminated without giving aforesaid notice with one previous permission of the Syndicate.

(2) The services of a teacher (including Principal) who has put in five or more years of service with an affiliated college or a recognised institution shall not be terminated without giving (in addition to usual notice or notice pay) compensation equivalent to six months' salary and all allowances to which he is entitled at the time of termination of his services.

(3) The services of a teacher (including Principal) who has put in three years or more but less than five years of service with an affiliated college or a recognised institution shall not be terminated without giving (in addition to usual notice or notice pay) compensation equivalent to three months' salary and all allowances for which he is entitled at the time of termination of his services.

(4) The services of a teacher including Principal in an affiliated college can be dispensed with without notice for any act involving misconduct or moral turpitude on the part of the teacher concerned; but before doing so the teacher concerned shall be given a reasonable opportunity for explaining the charges alleged against him and proper inquiry shall be held and the teacher concerned shall be entitled to defend himself. In case the teacher is aggrieved by the decision of the management, he shall be entitled to appeal to the Syndicate

and the decision of the Syndicate shall be binding upon the Management as well as the teacher concerned.

(5) A teacher including a Principal who has accepted an appointment in an affiliated college shall be bound to join and serve for at least one academic term and if he fails to do so without reasonable cause, he shall not be considered as a recognised teacher for appointment in an affiliated college.

(6) It shall be obligatory on the part of an affiliated college to retain services of a teacher including Principal for at least one academic term after his appointment.

Note.—For the purposes of these rules the first academic term will mean an academic term beginning in June and inclusive of Diwali Vacation and the second academic term will mean the term in commencing in November and inclusive of Summer Vacation; while an academic year means the year between 15th June of the year and 14th June of the following year and inclusive of Diwali and Summer Vacations.

11. Where a teacher is appointed on a specified contract, the period and conditions of such contract should not be inconsistent with the conditions as laid down here in and the terms of contract should be submitted to the University for approval.

12. Member of the staff in an affiliated college or a recognised institution, when they apply for any post at another affiliated college or at institution recognised by this University or at a new college to be started in the University area, shall invariably send their applications through the Heads of their colleges or the institutions as the case may be.

13. It shall be incumbent on the Principal of the college or the head of the institution to forward the application of any teacher working under him addressed to a college or institution affiliated or seeking affiliation to this University.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭૫

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૪-૨-૧૯૬૯ને શુક્રવારના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

(અ) બોર્ડના મંત્રી તરીકે શ્રી. જી. એ. દેસાઈને મંત્રી તરીકે કામ સોંપેલું હતું. તેઓ તા. ૧૭-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતા ભથ્થાની બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને જણાવવું.

(બ) આ અંગે યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક ટાઇપિસ્ટોની એકસ્ટ્રામ્યુરલ પ્રવૃત્તિના મહેનતાણા અંગે તા. ૨૭-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયમાં આપવામાં આવતાં જુદાં જુદાં ભથ્થાંઓ અંગે સમિતિએ લંબાણપૂર્વક વિચારણા કરી. ત્યાર બાદ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે—

(૧) એકસ્ટ્રામ્યુરલ પ્રવૃત્તિ અંગેનું ભથ્થું હવે કોઈ કર્મચારીને આપવું નહિ. હવેથી એકસ્ટ્રામ્યુરલ પ્રવૃત્તિ અંગેના કામકાજનો યુનિવર્સિટીના રોજબરોજના કામકાજ તરીકે યુનિવર્સિટી કાર્યાલયમાં સમાવેશ કરી લેવો.

(૨) લોકલ સ્પોર્ટ્સના કામ માટે મહદનીશ ડી.પી.ઈ. તથા ડી.પી.ઈ. વિભાગના ક્લાર્ક-ટાઇપિસ્ટ તથા પટાવાળાને વર્ષે બે મૂળ માસિક પગાર સ્વીકારવા માટે પરવાનગી આપવામાં આવેલી છે તેને બદલે તા. ૧-૪-૧૯૬૯થી વાર્ષિક એક મૂળ પગાર સ્વીકારવા માટે તેમને પરવાનગી આપવી.

(૪) વધુમાં સમિતિએ યુનિવર્સિટીના કર્મચારીઓને હાલ નીચે પ્રમાણેનાં ભથ્થાં આપવામાં આવે છે તેની નોંધ લઈ ને ઠરાવ્યું કે તેમાં હાલના તબક્કે કશો ફેરફાર કરવો નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં અપાતાં ભથ્થાંની વિગતો

૧. પરીક્ષાભથ્થું	૧. કુલસચિવ		રૂા. ૧૦૦ માસિક (રજિસ્ટ્રારની જગ્યા નાપગારધોરણ અંગેનો સ્ટે. ૧૩૪ સૂચવ્યા મુજબ સુધારેથી આ ભથ્થું બંધ થશે).
	૨. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ		તા. ૧/૨-૨-૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી પરીક્ષાભથ્થું બંધ કરવામાં આવેલું છે.
	૩. કુલસચિવશ્રી તથા કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ અને કાર્યાલય-નિયામક અને તેની ઉપરની કક્ષાના રજિસ્ટ્રારના કાર્યાલયના અધિકારીઓ		માસિક મૂળ પગારના ૧૦ ટકા.
	૪. ઉપરના નં. ૧ અને ૨ સિવાયના રજિસ્ટ્રારના કાર્યાલયના કર્મચારીઓને		વાર્ષિક એક મહિનાનો મૂળ માસિક પગાર
	૫. ઓવરટાઇમ એલાવન્સ : કાર્યાલય નિયામકની નીચેની કક્ષાના ક્લેરિકલ સ્ટાફને		રૂા. ૧-૫૦ પૈસા એક કલાકના તથા એક દિવસે ચાર કલાકથી વધુ નહિ.
	૬. પટાવાળા તથા ડ્રાઇવર		રૂા. ૦૦-૬૫ પૈસા એક કલાકના તથા એક દિવસે ચાર કલાકથી વધુ નહિ.
૨. ગુજરાતી ટાઇપિંગ એલાવન્સ	દરેક ટાઇપિસ્ટને અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ટાઇપિંગ કરવા માટે		રૂા. ૧૦-૦૦ માસિક
૩. ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે	દરેક સ્ટેનોગ્રાફરને અંગ્રેજી ઉપરાંત ગુજરાતી સ્ટેનોગ્રાફી કરવા માટે		રૂા. ૧૫-૦૦ માસિક
૪. કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનો-ગ્રાફર	અંગત મદદનીશની ફરજોનો પ્રકાર જોતાં		રૂા. ૫૫-૦૦ વત્તા રૂા. ૧૫-૦૦ સ્ટેનોગ્રાફી એલાવન્સ
૫. કુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર	,,		રૂા. ૭૫ વત્તા ૧૫ સ્ટેનોગ્રાફી એલાવન્સ
૬. સિનિયર ઓપરેટર (હોલેરિથ વિભાગ)	મશીન પર કામ કરવા માટે		રૂા. ૧૫-૦૦ માસિક મશીન એલાવન્સ

૭.	જૂનિયર ઑપરેટર (હૉલેરિથ વિભાગ)	મશીન ઉપર કામ કરવા માટે	રૂા. ૧૦-૦૦ માસિક મશીન એલાવન્સ
૮.	હવાલદાર	ફરજે બજાવવા માટે	રૂા. ૧૦-૦૦ ડ્યૂટી એલાવન્સ
૯.	નાયક	,, ,, ,,	રૂા. ૫-૦૦ ,, ,,
૧૦.	ડ્રાઇવર	રવિવાર તથા રજાના દિવસે મોટર ચલાવવા માટે	રૂા. ૨-૦૦ દિવસના
૧૧.	પટાવાલા કે જેને લિફ્ટ ચલાવવાનું કામ સોંપ્યું હોય	લિફ્ટ ચલાવવા માટેનું	રૂા. ૫-૦૦ માસિક
૧૨.	પટાવાળા	ડ્રાઇવર રજા પર હોય ત્યારે ફરજ બજાવવા માટે	રૂા. ૧-૦૦ ચાલુ દિવસે રૂા. ૨-૦૦ રવિવાર કે રજાના દિવસે
૧૩.	પટાવાળા	ડુપ્લિકેટિંગ મશીન ચલાવવા માટે	દૈનિક રૂા. ૦૦-૨૫ પૈસા લેખે
૧૪.	લોકલ સ્પૉર્ટ્સ અંગેના હિસાબો રાખવા માટે હિસાબનીશ અને ફિશિયરને	લોકલ સ્પૉર્ટ્સના હિસાબો રાખવા અંગેનું	રૂા. ૨૦૦-૦૦ વાર્ષિક હિસાબનીશને રૂા. ૧૦૦-૦૦ ,, ફિશિયરને
૧૫.	પ્રેસ-મૅનેજર તથા મદદનીશ પ્રેસ-મૅનેજર	પરીક્ષાના કામ માટે (ઓવરટાઇમ એલાવન્સને બદલે)	વાર્ષિક, એક મહિનાનો મૂળ માસિક પગાર
૧૬.	ગ્રંથપાલ	લાઇબ્રેરી સાયન્સનું અધ્યક્ષ તરીકે કામ કરવા અંગે	રૂા. ૫૦-૦૦ માસિક
૧૭.	મદદનીશ ગ્રંથપાલ	તેઓની રોજબરોજની ફરજે ઉપરાંત લાઇબ્રેરી સાયન્સમાં વ્યાખ્યાનો આપવા માટે	રૂા. ૨૫-૦૦ માસિક
૧૮.	ડૉ. જે. જે. ચિનોય	પી.એલ. ૪૮૦ સ્કીમમાંથી તે અંગેના કામકાજ માટે	રૂા. ૨૫૦-૦૦ (આ સ્કીમ અમલમાં હોય ત્યાં સુધી)
૧૯.	શ્રી. પી. ડી. પાઠક	પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા ન પુરાય ત્યાં સુધી વધારાની ફરજે બજાવવા અંગે	રૂા. ૮૦-૦૦ માસિક
૨૦.	શ્રી. સી. ટી. ભોપટકર	મનોવિજ્ઞાન ભવનમાં અધ્યક્ષશ્રીની ફરજે બજાવવા અંગે	રૂા. ૮૦-૦૦ માસિક
૨૧.	શ્રી. જે. એલ. ઘોળકિયા	સરકાર તરફથી એમ્પ્લોયમેન્ટ એકસચેન્જના કામકાજ ઉપર દેખરેખ રાખવા અંગે	રૂા. ૨૫૦-૦૦ (માનદ માસિક વેતન)

કાર્યાલયના નિયમો પ્રમાણે યુનિવર્સિટી કર્મચારીઓને ઉપરની જગ્યા પર કામ કરવાનું થાય ત્યારે નિયત કર્યા પ્રમાણેનું એલાવન્સ.

૨૨. ટેલિફોન ઑપરેટરની અવેજીમાં કામ કરનાર કર્મચારી	ટેલિફોન ઑપરેટર રજા ઉપર હોય ત્યારે જે તે પટાવાળા તે અંગેના દરજ્જે બજાવે તેને	રૂા.	૦૦-૨૫ પૈસા લેખે દરરોજના
૨૩. સિનેમા સ્લાઈડ બતાવનાર કર્મચારીને	યુનિવર્સિટીમાં જ્યારે સિનેમા બતાવવામાં આવે ત્યારે સ્લાઈડ બતાવનાર કર્મચારીને	રૂા.	૩-૦૦ શો દીઠ

૨. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓની તા. ૧૪-૬-૧૯૬૮ની કેટલીક માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટી પ્રેસના કેટલાક કર્મચારીઓની રજાઓ, ઓવરટાઈમ વગેરે માગણીઓ અંગે તા. ૧૩-૨-૧૯૬૮ અને તા. ૧૯-૫-૧૯૬૮ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. સિન્ડિકેટ તેની તા. ૩૧-૮-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તેની વિચારણા કરવા બાબત :

"આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૨-૮-૧૯૬૮ની સભાના ઠરાવ નં. ૫ અને ૭માં કરેલી નીચેની ભલામણો :

(૧) **ઠરાવ નં. ૫ :** ઠરાવવામાં આવ્યું કે બે વૉર્ડબૉયમાંથી એક વૉર્ડબૉયની જગ્યા કમી કરી ડ્રેસરની નવી જગ્યા ઊભી કરવી અને તે જગ્યાએ હાલમાં જે બે વૉર્ડબૉયની જગ્યા છે તેમાંથી સિનિયર વૉર્ડબૉયને ડ્રેસરની જગ્યામાં નીમવા અને ડ્રેસરની જગ્યા માટે વૉર્ડબૉયના રૂા. ૪૫-૩-૬૦-૪-૬૨ પગારધોરણને બદલે રૂા. ૫૦-૩-૬૨-૪-૬૦-૫-૧૦૦નું પગારધોરણ રાખવું, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) **ઠરાવ નં. ૭ :** ઠરાવવામાં આવ્યું કે આરોગ્યકેન્દ્રમાં સારવાર લેતા દરદીઓની સંખ્યામાં થતો સતત વધારો થતાં કેસ લખવા, ફી લઈ તેનો હિસાબ રાખવા, સ્ટોર્સ સાચવવા, પત્રવ્યવહાર કરવા તથા અન્ય ચોપડા રાખવા વગેરે કારકુની કામમાં કંપાઉન્ડરને મદદ કરવા વહેલી તકે એક કલાર્કની જગ્યા મંજૂર કરવા સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરવી.

(અ) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલના બન્ને વૉર્ડબૉયને ડ્રેસરના કામકાજની તાલીમ આપવા માટે શ્રી આર. એમ. ઓ.ને જણાવવું અને સ્પષ્ટતા કરવી કે ડ્રેસિંગ અંગેનું કામકાજ પણ તેઓની દરજ્જાનો ભાગ હોઈ આ અંગે પગારધોરણ સુધારવાની આ સમિતિને કોઈ જરૂર જણાતી નથી.

(બ) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રમાં કંપાઉન્ડરની એક વધુ કાયમી જગ્યા રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૦-૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવી તથા કેસ લખવા, ફી લઈ તેના હિસાબો રાખવા, સ્ટોર્સ સાચવવા, પત્રવ્યવહાર કરવા તથા અન્ય ચોપડા રાખવા વગેરે કામકાજનો તેની ફરજોમાં સમાવેશ કરવો."

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યાનું પગારધોરણ રૂા. ૨૦૦ માસિક (fixed) હોઈ તેનું પગારધોરણ નક્કી કરવા અંગે શ્રી. ડી. બી. સુતરિયાની તા. ૨૧-૮-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યાનું પગારધોરણ તા. ૧-૪-૧૯૬૯થી રૂા. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦-ઇ.બી.-૪૦૦નું રાખવું.

૬. સિનિયર ઑપરેટર શ્રી. એન. એ. પંચાલને મુંબઈ ખાતેની તા. ૧૫-૭-૧૯૬૮ થી તા. ૪-૮-૧૯૬૮ સુધી આઈ. સી. ટી.ની તાલીમ દરમ્યાનનું દૈનિક ભથ્થું નિયમ પ્રમાણે રૂા. ૫-૬૦ પૈસા મળે તેના બદલે રૂા. ૧૦ આપવા અંગેની તેઓની તા. ૬-૧૦-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિનિયર ઑપરેટર શ્રી. એન. એ. પંચાલની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં વાયરમેન તરીકે શ્રી. કે. એન. વ્યાસને જ્યારે સેનેટ હૉલમાં પ્રોગ્રામ થાય ત્યારે લાઇટ, પંખા વગેરે બંધ કરવા હાજર રહેવું પડે છે તે અંગેનું મહેનતાણું આપવા અંગેની તેઓની તા. ૨૮-૬-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. કે. એન. વ્યાસની તા. ૨૮-૬-૧૯૬૮ની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮. હૉસ્પેરિથ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. આર. પી. સોનીને મુંબઈ ખાતેની તા. ૧-૭-૧૯૬૮થી તા. ૨૫-૮-૧૯૬૮ સુધીની આઈ. સી. ટી.ની તાલીમ દરમ્યાનનું દૈનિક ભથ્થું નિયમ પ્રમાણે પહેલાં ૨૦ દિવસના રૂા. ૧૦-૫૦ લેખે, પછીના ૧૦ દિવસ માટે રૂા. ૭-૮૭ લેખે અને બાકીના ૨૬ દિવસ માટે રૂા. ૫-૨૫ લેખે મળે તેને બદલે બધા સમય દરમ્યાન દૈનિક ભથ્થું રૂા. ૧૦-૫૦ લેખે આપવા અંગે તેઓની તા. ૨૮-૧૦-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હૉસ્પેરિથ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. આર. પી. સોનીની તા. ૨૮-૧૦-૧૯૬૮ની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

> "આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પૂરવાની બાબતમાં સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી અને તે ભલામણને અનુલક્ષીને સદરહુ જગ્યા માટેનું લાયકાતનું ધોરણ તથા પગારનું ધોરણ સુધારવા માટે પોતાની ભલામણો રજૂ કરવા જણાવવું."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરનું પગારધોરણ રૂા. ૬૦૦-૪૦-૮૦૦-૫૦-૧,૨૦૦નું રાખવું અને તે માટેની ઓછામાં ઓછી લાયકાત એમ.આર.સી.પી. અથવા ડી.પી.એચ. રાખવી.

૧૦. જે સરકારી કર્મચારીઓને રહેઠાણ આપવામાં આવે છે કે તે કર્મચારીઓ રાજીનામું આપી છૂટા થાય તે તારીખથી મકાન રાખી શકે નહિ તે અંગેના ગુજરાત સરકારના જાહેર બાંધકામ વિભાગના

પત્રાંક નં. એ.સી. ડી. ૧૪૬૮ તા. ૫-૧૧-૧૯૬૮ના નિયમો યુનિવર્સિટી કર્મચારીઓને અપાતાં રહેઠાણ માટે લાગુ પાડવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

"યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો અને ભવનોના કામકાજના ભારણ અંગે નિષ્ણાત વેપારી પેઢીઓ પાસેથી અંદાજી ખર્ચની માહિતી મેળવવા માટે કાર્યાલયને જણાવવું."

આ અંગે જે ત્રણ પેઢીઓને તપાસ કરવા જણાવ્યું હતું તેઓના રિપોર્ટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્ર વિભાગમાં એક લેબોરેટરી મદદનીશની નવી જગા ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૯-૭-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સમાજ વિદ્યાભવનમાં સાંજના વર્ગો શરૂ કર્યા હોવાથી અધ્યક્ષશ્રીની ભલામણ પ્રમાણે નીચેની જગાઓ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	કુલ સંખ્યા
(૧)	સિનિયર ક્લાર્ક	૧ જગ્યા
(૨)	ટાઇપિસ્ટ	૧ જગ્યા
(૩)	પટાવાળા	૨ જગ્યા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. યુનિવર્સિટીના કોઈ કર્મચારી યુનિવર્સિટીની સેવાઓ અંગેની શરતના નિયમ ૭(૧) કે ૭(૨) પ્રમાણે કાર્યકારી ફરજ અગર તો વધારાની ફરજો બજાવતા હોય અને જો તેઓ પોતે આ સમય દરમિયાન હક રજા અથવા માંદગીની રજા પર જાય ત્યારે તે રજાના સમય માટે વધારાનું ભથ્થું મળી શકે નહિ તે મુજબના નિયમોમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જો કોઈ કર્મચારી નિયમ ૭(૧) અને ૭(૨) પ્રમાણે કાર્યકારી ફરજ બજાવતો હોય અને તે સમય દરમ્યાન હક રજા કે માંદગીની રજા પર જાય તો તે સમય માટેનું તેને કાર્યકારી ફરજ બજાવવા અંગેનું મહેનતાણું આપવું નહિ. આ અંગેના નિયમો નીચે પ્રમાણે વંચાશે :

(*vii*) Officiating Allowance

(1) A University employee appointed to officiate in a higher post shall be entitled to get the minimum of the scale of pay of

the higher post or the next higher stage in his own substantive grade, whichever is higher; during the period of such officiating appointment if the officiating appointment is for a period of two weeks or more.

(2) A University employee, when appointed to hold an additional higher post as a temporary measure, shall be entitled in addition to his own pay, to an allowance. Such allowance shall be at the rate of ten per cent of the minimum of the scale of pay of the higher post, if the period is up to three months, but at the rate of twenty-five per cent for the whole period, if the period is more than three months.

Note.—In the case of an employee officiating under rule VII (1) or VII (2) is proceeding on Sick Leave or Earned Leave during this period, he will not be eligible for any additional remuneration admissible under rule VII(1) & VII(2) for period of such leave.

૧૫. યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રૉવિડંટ ફંડની લોન તેઓના પ્રૉવિડંટ ફંડફાળાની રકમ હોય તેટલી જ આપવામાં આવે છે તેના બદલે યુનિવર્સિટીના ફાળાની રકમ સહિત પ્રૉવિડંટ ફંડ લોન આપવા અંગે તા. ૨૭-૧૧-૧૯૬૮ની કેટલાક કર્મચારીઓની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રૉવિડંટ ફંડમાંથી યુનિવર્સિટીના ફાળાની રકમ સહિત લોન આપવા અંગેની તા. ૨૭-૧૧-૧૯૬૮ની કેટલાક કર્મચારીઓની અરજી નામંજૂર રાખવી.

૧૬. મનોવિજ્ઞાન ભવનમાં સાંજના વર્ગો માટે કુલપતિશ્રીએ એક હંગામી લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા બીજા સત્રમાં ચાલુ રાખવાની સિન્ડિકેટની અપેક્ષાએ મંજૂરી આપી છે તે જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૭. સ્થાયી સમિતિએ તેની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભામાં કર્મચારીઓની માગણીઓમાંની નીચેની બાબત મુલતવી રાખી હતી તેથી તે ઉપર વિચારણા કરવા બાબત :

"કર્મચારીઓને પોતાનાં રહેઠાણો બાંધવા માટે ઓછામાં ઓછી રૂા. ૨૦,૦૦૦ની લોન ૪ ટકાના વ્યાજે આપવી અને દરેક કર્મચારીઓને રહેવા માટે યુનિવર્સિટી ક્વાર્ટર્સ મળી રહે તે માટે યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવી."

બાબત નં. ૧૫ અને ૧૭ની વિચારણા સાથે કરવામાં આવી અને કેટલીક ચર્ચા પછી ઠરાવવામાં આવ્યું કે, સભા દરમિયાન થયેલી ચર્ચા ધ્યાનમાં રાખીને કર્મચારીઓને રહેઠાણ બાંધવા માટે લોન આપવા અંગેના નિયમોનો મુસદ્દો ઘડીને આગામી સભા સમક્ષ રજૂ કરવો.

૧૮. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે વાહન માટે લોનની રકમની બાબતમાં લોનની રકમ અંગેનાં ધોરણો નક્કી કરવા માટે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રૂા. ૨૫૦ કે તેથી વધારે મૂળ માસિક પગાર મેળવતા કાયમી કર્મચારીને હાલ સ્કૂટર ખરીદવા માટેના યુનિવર્સિટીએ મંજૂર કરેલા નિયમો અનુસાર લોન આપવી.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે ઉપર વિચારણા કરવા :

"યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ડેમોન્સ્ટ્રેટરના સુધારેલા સ્કે. ૨૦૪ પ્રમાણે તેઓને તા. ૧-૪-૧૯૬૬થી મળતા કુલ પગારમાં ઘટાડો થવાથી વિપરિત અસર (એડવર્સ ઈફેક્ટ) થતી હોઈ તેમનું પગારધોરણ મોંઘવારી ભથ્થાની ભેળવણી સિવાયનું (Exclusive of Dearness Allowance) રાખવા અંગેની તેઓની તા. ૧૨-૧૦-૧૯૬૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

(નોંધ.—જૂના સ્કે. ૨૦૪ પ્રમાણે તેમનું જે પગારધોરણ રૂા. ૨૦૦-૧૦-૩૦૦ હતું તે પર તેમને Pre-merged scale પરનું મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતું અને હવે નવા સ્કે. ૨૦૪ પ્રમાણે તેમનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ થયું છે, જે પર તેમને મજકૂર રકમ પર મોંઘવારી ભથ્થું મળે તેથી તેમને વિપરિત અસર થાય છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના ડેમોન્સ્ટ્રેટરોને સુધારેલા સ્કે. ૨૦૪ પ્રમાણે વિપરિત અસર થતી હોવાથી તેઓને નીચે પ્રમાણેના તેઓનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગાર તા. ૧-૪-૧૯૬૬ના રોજ આપી જરૂરી હિસાબમાં મેળ બેસાડવામાં આવશે :

૧.	શ્રી. આઈ. એમ. ભટ્ટ	... રૂા. ૨૯૫
૨.	શ્રી. એ. એ. શેખ	... રૂા. ૨૮૦
૩.	શ્રી. આઈ. ડી. પટેલ	... રૂા. ૨૬૫
૪.	શ્રી. એન. ટી. પરીખ	... રૂા. ૨૯૫
૫.	શ્રી. બી. એ. મોદી	... રૂા. ૨૯૫

૨૦. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"નેશનલ સર્વિસ કોર, ભારત સરકારના શિક્ષણમંત્રી તરફથી આવેલ યોજના પ્રમાણે ૩ એડમિનિસ્ટ્રેટરની જગ્યાનું લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૧. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી નોન-ટીચિંગ અંગેની જગ્યાઓનાં ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો તથા પગાર-ધોરણો સૂચવવા માટે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત :"

[નોંધ.—(૧) રિસર્ચ આસિસ્ટન્ટની જગ્યા માટે સ્કે. ૨૦૪ પ્રમાણે રૂા. ૨૦૦નો ઉચ્ચક પગાર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે આ સમિતિએ રૂા. ૨૫૦ સૂચવ્યા છે.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં હાલ જે વર્કશોપ સુપરિન્ટેન્ડેન્ટની એક કાયમી જગ્યા છે તેનું પગારધોરણ ૨૫૦-૨૫-૫૦૦ છે, જે આ સમિતિએ રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ સૂચવેલ છે.

(૩) હિંદ વર્ક સુપરવાઇઝરની જગ્યા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને લેક્ચરરની ગ્રેડ (રૂા. ૪૦૦-૯૫૦)માં ઊભી કરવા જણાવેલ જ્યારે સમિતિએ તે જગ્યાનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ સૂચવેલ છે.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મદદનીશ સંશોધકની જગ્યા માટેનો પગાર રૂા. ૨૦૦ને બદલે રૂા. ૨૫૦ ઉચ્ચક (fixed) નક્કી કરવો.

૨૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો બહારની યુનિવર્સિટીની ઉચ્ચ પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે કામ કરી શકે તે અંગે નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મુંબઈ, મદ્રાસ, દિલ્હી, કલકત્તા, પૂના, રાજસ્થાન અને કર્ણાટક યુનિવર્સિટીના આ અંગેના નિયમો મંગાવવા.

૨૩. યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. પી. જે. ત્રિવેદીને માંદગી માટે "લીવ નોટ ડ્યૂ" જે રાજ્ય સરકારમાં આપવામાં આવે છે તે પ્રમાણે આપણી યુનિવર્સિટીમાં આપવા અંગે તેઓની તા. ૨-૧૨-૧૯૬૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કાયમી થયેલા કર્મચારીને જો તેની પાસે હક્ક રજા જમા ન હોય તો નીચેના નિયમો પ્રમાણે અગાઉથી રજા આપવામાં આવશે :

(૧) હક્ક રજા :

(અ) જો કોઈ કર્મચારીને પરીક્ષા આપવાની હોય અને નિયમ પ્રમાણે રજા ઉપર રહેવાનું આવશ્યક હોય તો વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની હક્ક રજા જે તે અધિકારીને યોગ્ય લાગે તો તે આ રજા અગાઉની રજા (Advance leave) તરીકે મંજૂર કરી શકશે.

(નોંધ.— આ રજા હક્કપૂર્વક માગી શકાશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(બ) ઉપર (અ) પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સામે એડજસ્ટ કરવામાં આવશે. પરંતુ જો કોઈ કર્મચારી તે રજાઉ નોકરી છોડી દેશે તો તેની હક્ક રજા જમા હોય તે બાદ કરીને બાકીના દિવસો માટેનું તેનું વેતન તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ક) રજા દરમિયાન યુનિવર્સિટીનાં તે વખતનાં પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કાયમી થયેલા કર્મચારીને જો તેની પાસે માંદગીની રજા જમા ન હોય તો નીચેના નિયમો પ્રમાણે અગાઉની રજા (Advance leave) આપવામાં આવશે :

(૨) માંદગીની રજા :

(અ) જો કોઈ કર્મચારી માંદો હોય, પરંતુ તેની પાસે માંદગીની રજા જમા હોય નહિ તો વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની (પૂરા પગારની કે ૧૮૦ દિવસની અડધા પગારની) રજા જે તે અધિકારીને યોગ્ય લાગે તો તે રજા Advance leave તરીકે મંજૂર કરી શકશે.

(નોંધ.—આ રજા પણ હક્કપૂર્વક માગી શકાશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(બ) આ પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સામે એડજસ્ટ કરવામાં આવશે, પરંતુ જો કોઈ કર્મચારી તે અગાઉ નોકરી છોડી દેશે તો તે અંગેની રકમ તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ક) રજા દરમિયાન યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગાર આપવામાં આવશે.

૨૪. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં વૉર્ડબૉય તરીકે કામ કરતા શ્રી. બી. એમ. વૈરયને સાઇકલ લોન આપવા અંગેની તેમની તા. ૧૧-૧-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના નિયમો પ્રમાણે પટાવાળાની કક્ષાના સભ્યોને આ લોન આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કાયમી કર્મચારીઓને પોતાના ઉપયોગ માટે નીચેના નિયમોને આધીન સાઇકલ ખરીદવા માટે રૂા. ૨૫૦ સુધીની વ્યાજમુક્ત લોન આપવી :

(૧) સાઇકલ પોતાના ઉપયોગ માટે જ ખરીદવાની રહેશે.

(૨) લોનની રકમ સાઇકલ ખરીદવા અંગેનાં બિલ રજૂ કરતાં આપવામાં આવશે.

(૩) લોનની રકમ ૨૦ હપતામાં વસૂલ કરવામાં આવશે.

(૪) જ્યાં સુધી લોનની રકમ ભરપાઈ કરવાની બાકી રહેશે ત્યાં સુધી સાઇકલ યુનિવર્સિટીની માલિકીની ગણાશે અને તેને વેચી શકાશે નહિ. અને જો તે સમય દરમિયાન સાઇકલ ખોવાશે કે ચોરાઈ જશે કે કોઈ બીજી રીતે ગુમ થશે કે અકસ્માત કે નુકસાન થશે તો તેની જવાબદારી તે કર્મચારીની રહેશે.

૨૫. યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે ચાર માસની રજા લેવી પડે છે. તે રજાઓ જમા ન હોય તો "લીવ ઇન એડવાન્સ" આપવા તથા કર્મચારીઓ જે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તે પરીક્ષા-ફીમાંથી મુક્તિ આપવા અને યુનિવર્સિટીનાં ભવનોમાં અભ્યાસ કરતા તેમ જ માન્ય કેન્દ્રોમાં અભ્યાસ કરતા કર્મચારીઓને સત્ર-ફી તથા પરીક્ષા-ફી માફ કરવા અંગે કર્મચારીઓની તા. ૧૭-૧-૧૯૬૯ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૨૩માં રજા આપવાનું મંજૂર કર્યું છે તે જોતાં કાંઈ કરવાનું રહેતું નથી. પરીક્ષા તથા સત્ર-ફીની મુક્તિ અંગેની વિનંતી મંજૂર કરવી નહિ.

૨૬. યુનિવર્સિટીના કર્મચારીઓને સાહિત્યિક, બિનરાજકીય, કલાવિષયક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લેવા અંગે ભારત સરકારના નીચેના નિયમો પણ આપણા કર્મચારીઓને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત :

ભારત સરકારના નિયમો

Private Trade Employment

(1) No Government Servant shall, except with the previous sanction of the Government, engage directly or indirectly in any trade or business or undertake any other employment;

Provided that a Government Servant may, without such sanction undertake honorary work of a social or charitable nature or occassional work of literary, artistic or scientific character, subject to the condition that his official duties do not thereby suffer, but he shall not undertake or shall discontinue, such work if so directly by the Government.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ માટે મુલતવી રાખવી.

૨૭. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અને પ્રેસ બેઉ વિભાગો પર દેખરેખ રાખી શકે તેવા અધિકારીના નામાભિધાન, કામગીરી, પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવીને તે માહિતીના સંદર્ભમાં આપણા પ્રેસ અને પબ્લિકેશન વિભાગોનું કામ જવાબદારીપૂર્વક સંભાળી શકે તેવી કક્ષાની જગ્યા ઊભી કરવાની બાબતમાં પોતાનાં મંતવ્યો સાથે રિપોર્ટ કરવા માટે રટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ માટે મુલતવી રાખવી.

૨૮. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં આરોગ્યકેન્દ્ર માટે ઓનરરી સાયકિયાટ્રિસ્ટની જગ્યા ઊભી કરી હોઈ તે જગ્યાનું માનદ વેતન તથા લાયકાતનું ધોરણ શું રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૮૫

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલો તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૦–૨–૧૯૬૯ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે નીચેનાં કામો પર વિચારણા કરવા માટે મળેલી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૩. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૪. આચાર્ય વી. આર. રણદીવે.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૨૧–૩–૧૯૬૮ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૨૧–૩–૧૯૬૮ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચે દર્શાવેલ કૉલેજો તથા માન્ય સંસ્થાના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલા અહેવાલો અને તે અંગે જે તે કૉલેજના આચાર્યો–અધ્યક્ષો તરફથી જે નોંધ આવી હોય તે પર વિચારણા કરવા બાબત :

(૧) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
(૨) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩) આર. કે. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૪) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૫) બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૬) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૭) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ.

સદરહુ બાબત અંગે કૉલેજવાર વિચારણા થયા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ :

અહેવાલમાં નિર્દેશિત કરેલ સૂચનોનો અમલ કરવાનું સદરહુ કૉલેજે તેના તા. ૧૮–૨–૧૯૬૯ના પત્રથી જણાવ્યું હોઈ અહેવાલની નોંધ લેવી.

(૨) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ :

અહેવાલની નોંધ લેવી.

(૩) આર. કે. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ :

ટ્યુટોરિયલ્સ અંગેનું કામકાજ વધુ કાર્યક્ષમ થાય તે માટે પગલાં લેવા અને જરૂર પડે ત્રણ ટ્યુટોરિયલ ખંડની ભેગવાઈ કરવા સદરહુ કૉલેજને જણાવવું.

(૪) સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ :

અહેવાલમાં સૂચવ્યા મુજબ બાયલોજી ડિપાર્ટમેન્ટ માટે અલગ વિંગ બાંધવાની કાર્યવાહી હાથ ધર્યાની કૉલેજે તેના તા. ૧-૨-૧૯૧૯ના પત્રાંક યુ. ૧-૨૨૫૩થી જાણ કરી છે તેનો અમલ થાય તે જોવું.

(૫) બી. ડી. કૉલેજ, અમદાવાદ :

અહેવાલની નોંધ લેવી.

(૬) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ :

અહેવાલમાં નિદર્શિત કરેલાં સૂચનો અંગે સદરહુ કૉલેજના ડીનના તા. ૨૦/૨૨-૧-'૧૯ના પત્રાંક ૪ (ઇન્સેક્શન) ૯૧૨માં જે કાર્યવાહી હાથ ધર્યાનું જણાવ્યું છે તે તાકીદે પૂરી કરી સૂચનોનો અમલ ત્વરિત કરવા કૉલેજને જણાવવું.

(૭) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ :

અહેવાલની નોંધ લેવી અને તેમાં કરેલાં સૂચનો અંગે કાર્યાલયનું ધ્યાન દોરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ઠ. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૬૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૪-૨-૧૯૬૯ ને સોમવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૪. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૫. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની કાર્યવાહી મંજૂર કરવા બાબત :

બાંધકામ સમિતિની તા. ૧૩-૧૨-૧૯૬૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં પાણી-પુરવઠા માટે અન્ડર-ગ્રાઉન્ડ ટાંકી બાંધવા તથા સેન્ટ્રિફ્યુગલ પંપિંગ સેટ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે અંદાજી ખર્ચ રૂા. ૩૫,૦૦૦ જેટલું થશે. ખર્ચની વિગતવાર માહિતી આ સાથેની યાદી મુજબ છે.)

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં પાણી-પુરવઠા માટે પચાસ હજાર ગેલન પાણી સમાવી શકાય તેવી અંડર-ગ્રાઉન્ડ ટાંકી, સેન્ટ્રિફ્યુગલ પંપિંગ સેટ તથા યુનિવર્સિટી કાર્યાલય પાસેના પંપ રૂમથી અંડર-ગ્રાઉન્ડ ટાંકી સુધી ૪" ડાયામીટરની કાસ્ટ આર્યન પાઈપ લાઈન નાંખવા સહિતનું નીચે વિગતવાર જણાવ્યા મુજબનું કુલ અંદાજી ખર્ચ રૂા. ૫૦,૦૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

	રૂપિયા
(૧) અન્ડર-ગ્રાઉન્ડ ટાંકી—૫૦,૦૦૦ ગેલન	૨૦,૦૦૦
(૨) પંપ-હાઉસ	૫,૦૦૦
(૩) સેન્ટ્રિફ્યુગલ પંપિંગ સેટ, બે પંપ	૧૦,૦૦૦
(૪) સ્ટાર્ટર, બે નંગ	૭૦૦
(૫) સ્વિચ ૬૦ એમ્પિયર, ૨ નંગ	૫૦૦
(૬) પંપ-હાઉસમાં ઇલેક્ટ્રિક વાયરિંગ	૫૦૦

	રૂપિયા
(૭) યુનિવર્સિટી કાર્યાલય પાસે આવેલ પંપથી અંડર-ગ્રાઉન્ડ ટાંકી સુધીની ૩" ડાયામીટરની કાસ્ટ આયર્ન પાઈપ લાઈન તથા ઓવરહેડ ટાંકીથી અન્ડર-ગ્રાઉન્ડ ટાંકી અને ટરબાઈન પંપના કનેક્શન તથા ૬" કાસ્ટ આયર્ન વાલ્વ	૧૦,૦૦૦
(૮) ઇલેક્ટ્રિક કેબલ સબ-સ્ટેશનથી પંપ-હાઉસ સુધીનો	૩,૦૦૦
	૪૯,૭૦૦
(૯) પરચૂરણ ખર્ચ	૩૦૦
	૫૦,૦૦૦

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. ૨૦,૦૦૦ તથા ૧૯૬૯-૭૦ના વર્ષ માટે રૂા. ૩૦,૦૦૦નાં જોગવાઈ અંદાજપત્રમાં કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. મનોવિજ્ઞાન ભવનના બાંધકામ અંગેના સ્થપતિ મેસર્સ મિસ્ત્રી એસોસિયેટ્સના ફીનો દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ મેસર્સ મિસ્ત્રી એસોસિયેટ્સનો કુલ ફીનો દર ત્રણ ટકા કરવા માટે તથા તે અંગેનાં નાણાં નીચેના તબક્કા મુજબ ચૂકવવાનું રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

½ ટકા : સ્કેચ-પ્લાન યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ તૈયાર કરવા માટે અને તે તૈયાર થયેથી.

૧ ટકા : બાંધકામના વર્કિંગ ડ્રોઇંગ તથા તેની બધી જ ડિટેઇલ્સ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ પૂરી પાડવા માટે અને પૂરી પાડેથી.

૧½ ટકા : બાંધકામની પ્રગતિ થાય તેમ તેમ આપવા માટે.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. બી. વી. દોશી સિવાયના તમામ સ્થપતિઓનાં કુલ ફીનું ધોરણ પણ ઉપર મુજબ ત્રણ ટકાનું રાખવા માટે તથા તે અંગેનાં નાણાં ચૂકવવા માટે ભલામણ કરવી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે હાલના કામ માટેનું સ્થપતિ શ્રી. બી. વી. દોશીનું કુલ ફીનું ધોરણ ૩½ ટકા નીચે મુજબના તબક્કે રાખવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

½ ટકા : યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ સ્કેચ-પ્લાન તૈયાર કરવા માટે.

૧½ ટકા : બાંધકામના વર્કિંગ ડ્રોઇંગ તથા તમામ વર્કિંગ ડિટેઇલ્સ આપેથી.

૧½ ટકા : બાંધકામની પ્રગતિ થાય તે મુજબ આપવો.

૪. વિદ્યાર્થીઓના છાત્રાલયના સ્થપતિશ્રી મધુકર ઠાકોરને આપવાના મહેનતાણાના દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના સ્થપતિશ્રી મધુકર ઠાકોરનું કુલ ફીનું ધોરણ ત્રણ ટકાનું રાખવા તથા તે અંગેનાં નાણાં નીચેના તબક્કા મુજબ ચૂકવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

½ ટકો : સ્કેચ-પ્લાન યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ તૈયાર કરવા માટે, તથા તૈયાર થયેથી.

૧ ટકો : બાંધકામના વર્કિંગ ડ્રોઇંગ તેમ જ તમામ વર્કિંગ ડિટેઇલ્સ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ પૂરી પાડવા માટે તથા પૂરી પાડેથી.

૧½ ટકો : બાંધકામની પ્રગતિ થાય તે મુજબ આપવો.

૫. "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં દીવાલમાં ગેપ કરીને લાકડાનું કબાટ પૂરું પાડવા માટે તથા એક મોટા રૂમમાં પેટન્ટ સ્ટોન કાઢી નાંખી તેને બદલે મોઝેક ટાઇલ્સ નાંખી આપવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.--એક મોટા રૂમમાં મોઝેક ટાઇલ્સ નાંખવાનું ખર્ચ રૂા. ૧૧,૬૦૦ થશે.)

(અ) આથી ઠરાવવામાં આવે છે કે "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં કુલ ૨૬ રહેઠાણો વચ્ચેના એક મોટા ખંડમાં પેટન્ટ સ્ટોન કાઢીને તેને બદલે મોઝેક ટાઇલ્સ નાંખી આપવા માટે કુલ ખર્ચ રૂા. ૧૧,૬૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે દીવાલમાં ૬' × ૩' × ૦' – ૧૮"ની સાઇઝનું લોખંડનું કબાટ કરવા માટેની ડિઝાઇન તથા વિગતવાર અંદાજ તૈયાર કરી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૬. રીડરોનાં રહેઠાણો માટે સ્થપતિશ્રી એલ. કે. નંદવાણાએ તૈયાર કરેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડરોનાં રહેઠાણો માટેના પ્લાન સભાગૃહમાં થયેલા સૂચન અનુસાર સુધારાવધારા સાથે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. લેક્ચરરોનાં રહેઠાણો માટે સ્થપતિશ્રી આર. કે ચોકસીએ તૈયાર કરેલ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરરનાં રહેઠાણો માટેના પ્લાન સભાગૃહમાં થયેલા સૂચન અનુસાર સુધારાવધારા સાથે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લોક "એ" અને "બી"માં હાલ જે ભિન્નભિન્ન ગેપ રાખેલા છે તેમાં લાકડાનાં બારણાં કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લોક "એ" તથા "બી"માં હાલ જે ખાલી જગ્યા (gaps) રાખેલી છે તેમાં શટરની છાજલીનું ટેબલ થાય તેવા પ્રકારની નવી ડિઝાઇન તથા અંદાજી ખર્ચની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૯. યુનિવર્સિટીની હૉસ્ટેલ "સી" અને "ડી" બ્લૉકને ડ્રેનેજ કનેકશન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે અંદાજી ખર્ચ રૂા. ૪૭,૨૮૦ જેટલું થશે)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી હૉસ્ટેલ "સી" અને "ડી" બ્લૉકને ડ્રેનેજ કનેકશન આપવા માટે ૧૮"ની મેઇન સુઅર લાઇન તથા ત્યાંથી છાત્રાલયના મકાન સુધીની ૧૨"ની ડ્રેનેજ લાઇન નાંખવા માટે રૂા. ૪૭,૨૮૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. ઝૂલેાજીના મકાનના બાંધકામમાં કેટલીક આઇટમેામાં વિસંગતિ (deviations) હેાવાથી કપાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજીના મકાનના બાંધકામમાં કેટલીક આઇટમેામાં વિસંગતિ હેાવાથી તેમાં કપાત કરવા અંગે સુપરિન્ટેન્ડન્ટ એન્જિનિયર શ્રી. જી. જી. વૈદ્યની સલાહ લઈને ચેાગ્ય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૧૨-૪-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૩-૪-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૪-૧૯૬૯	તા. ૧૩-૪-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુરતાકસિંગ શીખ	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી રણજિતરાય ગંભાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૬/૭-૩-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬/૭-૩-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૧૬માં ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોમાંની શરત ક્રમાંક ૩નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

'ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ 'બ'માં જણાવેલ બધાં જ સાધનો વસાવવામાં આવે.'

(૨) બાબત નં. ૭, ૧૧, ૧૨ અને ૧૪ એ પ્રત્યેક બાબતના ઠરાવોનો પાઠ પૂરો થાય તે પછી નીચેની નોંધ ઉમેરવી :

'નોંધ.—સદરહુ બાબત અંગેની ચર્ચાવિચારણા દરમ્યાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સભાત્યાગ કર્યો હતો.'

૧-અ. તે પછી સિન્ડિકેટ પર નવા ચૂંટાયેલા સભ્ય શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈને સભાગૃહે આવકાર આપ્યો તથા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચૂંટાયેલા આ સભાગૃહના સભ્ય ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિને સભાગૃહે મુબારકબાદી આપી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેનો પ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવ્યો :

૧-અ. પરીક્ષા શુદ્ધિસમિતિ પર ૧૯૬૯-૭૮ના વર્ષ માટે પ્રાધ્યાપકો/પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોની ભૂલો જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નિમાયેલી પરીક્ષા શુદ્ધિસમિતિના સભ્ય તરીકે શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈને સદરહુ સમિતિમાં વધારાના સભ્ય તરીકે નીમવા.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાનું જાહેર કર્યાના :

ક્રમ	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. બી. જી. પરીખ	વિનયન—સંસ્કૃત	પીએચ.ડી.
૨.	શ્રી. એમ. બી. કણીક	વિનયન—શિક્ષણશાસ્ત્ર	પીએચ.ડી.

(૨) શિલ્પ, સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળા અંગે પરિભાષા સમિતિના અધ્યક્ષ શ્રી. જી. એસ. દેસાઈએ અધ્યક્ષ તરીકે કામ કરવાની અનિચ્છા દર્શાવતાં તેમની જગ્યાએ ડૉ. કે. એફ. સોમપુરાની નિમણૂક કર્યાના;

(૩) સંશોધન, શિષ્યવૃત્તિ તથા ફેલોશિપ્સ એ મથાળા નીચે સને ૧૯૬૮-૬૯ માટે અંદાજપત્રમાં રૂા. ૨૫,૦૦૦ની જોગવાઈ હતી તે વધારી રૂા. ૪૦,૦૦૦ની જોગવાઈ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૪) વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-મૅથેમેટિક્સની જગ્યા માટે સિન્ડિકેટે તેની તા. ૧/૨-૭-૧૯૬૯ની સભામાં ઑર્ડિ. ૬૬ નીચે વરણીસમિતિ ઉપર નિમાયેલા બે સભ્યોનાં નામ પ્રો. શેષાદ્રિ અને પ્રો. કિશન ભૂલથી લખાયાં હતાં તેને બદલે તે નામ અનુક્રમે શ્રી. એસ. એસ. શ્રીખંડે અને શ્રી. વી. કિશ્નમૂર્તિ સુધાર્યાના;

(૫) તા. ૧૯/૨૦/૨૧-૨-૧૯૬૯ના રોજ શ્રી. પી. સી. વૈદ્યના અધ્યક્ષપણા હેઠળ ચૅાન્ચૅલ રિસર્ચ સેમિનાર ઇન રિલેટિવિટીના પ્રતિનિધિઓને માટે ત્રણ દિવસ દૈનિક ચાપાણી તથા તેમના વાહનવ્યવહાર ખર્ચ પેટે કુલ રૂા. ૨૫૦ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૬) કેન્દ્ર સરકારની રિઝર્વ સીટ પર ઑગસ્ટ ૧૯૬૮માં વિદ્યાર્થિની કુ. ડી. સિલ્વાને ઑગસ્ટ ૧૯૬૮માં ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજમાં પ્રથમ બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો તે બહેનની ખૂટતી હાજરી ભારત સરકારના શિક્ષણ ખાતાના ડેપ્યુટી સેક્રેટરીના તા. ૪ ફેબ્રુઆરી, ૧૯૬૯ના ડી.ઓ. પત્રમાં જણાવેલ હકીકતના આધારે માફ કર્યાના;

(૭) એપ્રિલ ૧૯૬૮માં કડી કેન્દ્ર પર લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૪૦૧૧ અને ૪૦૧૨ને કૉમર્શિયલ કૉરસપોન્ડન્સ વિષયની પરીક્ષામાં ગેરરીતિ અજમાવવાને કારણે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સજાના ઠરાવ અન્વયે સદરહુ બન્ને વિદ્યાર્થીઓને તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે કરેલ મનાઈ સામે આ વિદ્યાર્થીઓએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૪૭૫ (૧૯૬૮)ની રિટ અરજી અંગે કુલપતિશ્રીએ આ કામ માટે યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશ નાનુભાઈ શેલતને ઍડવોકેટ તરીકે રોકવાના.

(નોંધ.—નામદાર કોર્ટે સદરહુ રિટ અરજી દાખલ કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના ઉપક્રમે હાયર સેકન્ડરી સ્કૂલ ટીચર્સ માટે યોજનાર ૧૯૬૯ના વર્ષના કેમિસ્ટ્રીના ગ્રીષ્મવર્ગ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક ૮-૧-૧૯૬૯ એસ.આઈ., તા. ૨૬-૨-૧૯૬૯થી ઑન એકાઉન્ટ એડવાન્સ ગ્રાન્ટ રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ઉપક્રમે 'કંકાપુરા' મુકામે તા. ૧૭-૧૧-૧૯૬૮થી તા. ૨૬-૧૧-૧૯૬૮ દરમ્યાન લેબર ઍન્ડ સોશિયલ સર્વિસ યોજવામાં આવેલ તે અંગે ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી તેમના પત્રાંક એફ. ૪-૪૨/૬૮

વાય.એસ.આઈ., તા. ૨૬-૨-૧૯૬૯થી ગ્રાન્ટના રૂા. ૩,૧૨૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા આ રકમ તે કૉલેજને આપવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે ગ્રાન્ટનાં નાણાં સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યને મોકલી આપવાં.

૫. ભાષા-સાહિત્ય ભવનના ઉપક્રમે કૉલેજ શિક્ષકો માટે યોજાનાર સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન ઇંગ્લિશ ૧૯૬૯ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૨૭-૧/૬૯ (એસઆઈ) તા. ૧૪-૨-૧૯૬૯થી 'ઑન એકાઉન્ટ' ગ્રાન્ટ રૂા. ૨૦,૦૦૦ (વીસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના ઉપક્રમે ટ્રેનિંગ કૉલેજના શિક્ષકો માટે ગણિતના વિષય માટે આગામી ગ્રીષ્મવર્ગ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૮-૪૩-(૬૯) એસ.આઈ., તા. ૧-૩-૧૯૬૯ના પત્રથી 'ઑન એકાઉન્ટ' એડવાન્સ ગ્રાન્ટ રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા જૂન ૧૯૬૯થી વનસ્પતિ વિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શીખવવાનું બંધ કરશે તે મતલબના મજકૂર કૉલેજના તા. ૫-૨-૧૯૬૯ના પત્રાંક ૨૫૭૬/૬૮-૬૯ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતાં કુમારી ઉષા જી. જોશીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

કુ. ઉષા જી. જોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુ. ઉષા જી. જોશીને મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રનાં વ્યાખ્યાતા તરીકે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમ કરવાં.

૯. યુનિવર્સિટી પ્રેસમાં કૉપીહોલ્ડર તરીકે કામ કરતા શ્રી. જે. ડી. પરમારને તા. ૧૬-૧-૧૯૬૯થી રૂા. ૫૫-૫-૯૦ ઈ.બી. ૬-૧૨૦ના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી પ્રેસમાં કૉપીહોલ્ડર તરીકે કામ કરતા શ્રી. જે. ડી. પરમારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. ડી. પરમારને રૂા. ૫૫-૫-૯૦ ઈ.બી. ૬-૧૨૦ના પગારધોરણમાં રૂા. ૯૦ આગળનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૦. તા. ૩૦-૧-૧૯૬૯ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવ કરી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અગાઉ જે લેખકો/અનુવાદકો સાથે કરાર કરવામાં આવ્યા છે તેમની સાથે કરાર રદ ન કરતાં જરૂર પડયે સમય વધારી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે તે લેખકોને તથા અનુવાદકોને સોંપેલ કામોની હસ્તપ્રત વહેલી તકે સોંપી દેવા વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે જે લેખકો / અનુવાદકો સાથે કરાર કરવામાં આવ્યા છે અગર ભવિષ્યમાં કરાર કરવામાં આવે, અને જે લેખકો / અનુવાદકો પોતાની હસ્તપ્રત નિયત સમયમર્યાદા સુધીમાં રજૂ કરી શકે નહિ તેમને, કુલપતિશ્રીને યોગ્ય લાગે તો, તે હસ્તપ્રત રજૂ કરવાની મુદત વધારી આપવા માટે અગર તો કરાર રદ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાની તેમને આ જગ્યા માટે જે પગાર આપવામાં આવ્યો છે તે અંગે પુનર્વિચારણા કરવા અંગેની તેમની તા. ૫-૨-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૧-૨-૧૯૬૯ની સભામાં જે નિર્ણય કર્યો છે તે નિર્ણયમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧૨. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ના યુનિવર્સિટીના સને ૧૯૬૭-૬૮ના વાર્ષિક હિસાબ ઉપરની તા. ૨૩-૯-૧૯૬૮ની ઑડિટનોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ની સદરહુ ઑડિટનોંધની નોંધ લેવી તથા તે અંગે યુનિવર્સિટી કાર્યાલયે જે જવાબો ઘડયા છે તે મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોએ ગુણપત્રકનાં નાણાં યુનિવર્સિટીને હજુ સુધી ચૂકવ્યાં ન હોય તે કૉલેજોને ઘટતો પત્ર લખીને તાકીદે તે નાણાં ચૂકવી દેવા માટે જણાવવું અને યુનિવર્સિટી તરફથી તે કૉલેજોને જે નાણાં ભવિષ્યમાં ચૂકવવાનાં થાય તે પેટે ગુણપત્રકનાં બાકી રહેતાં નાણાં વસૂલ કરવાનું રાખવું.

૧૩. રાજ્ય સરકારના બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ અંગેના તા. ૭-૧-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં Maintenance Grantની બાબતમાં રાજ્ય સરકારના તા. ૭-૧-૧૯૬૯ના પત્રની નકલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓએ તેમની તા. ૧૦-૨-૧૯૬૯ની સભામાં સદરહુ બાબત અંગે જે મંતવ્યો વ્યક્ત કર્યા છે તે મંતવ્યો સાથે સિન્ડિકેટની

આ સભા સામાન્ય રીતે સંમત છે એમ રાજ્ય સરકારને જણાવવું અને આ યુનિવર્સિટીની Maintenance Grantની બાબતમાં, યુનિવર્સિટી વતી તેનો કેસ રજૂ કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૪. ટીચર્સ હોસ્ટેલના બાલી ક્વાર્ટર્સ અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટાસમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. રાજ્ય સરકારે તેના નાણાખાતાના ઠરાવ નં. પીપીએ.-૧૫૬૯-૭-પી, તા. ૧૨-૨-૧૯૬૯થી ઘરભાડા ભથ્થા તથા સ્થાનિક વળતર ભથ્થાના દરમાં તા. ૧-૧-૧૯૬૯થી સુધારો કરેલો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ અંગેનો અંદાજી ખર્ચ વાર્ષિક વધુ રૂા ૧૩,૦૦૦ થશે. આ અંગેના ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

(૨) યુનિવર્સિટી કર્મચારીઓને રાજ્ય સરકારના ઘરભાડા તથા સ્થાનિક વળતર ભથ્થાના નિયમો લાગુ પાડેલા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના કર્મચારીઓના ઘરભાડા ભથ્થા તથા સ્થાનિક વળતર ભથ્થાના દર નીચે મુજબ સુધારવા તથા તે સુધારેલા દરનો અમલ તા. ૧-૧-૧૯૬૯થી કરવાનું રાખવું :

House Rent Allowance

Pay Range	*Ahmedabad*
Below Rs. 100/-	Rs. 12·50
Rs. 100/- but below Rs. 350/-	15 % of pay subject to a minimum of Rs. 17·50 p.m.and a maximum of Rs. 40/- p.m.
Rs. 350/- and above	12½ % of pay subject to a maximum of Rs. 200/- p.m.

Compensatory Local Allowance

Pay Range	*Rate of C.D.A. for Ahmedabad*
Below Rs. 350/-	7½ % of pay subject to a minimum of Rs. 7/- p.m. and a maximum of Rs. 20/- p.m.
Rs. 350/- and above.	6 % of pay subject to a maximum of Rs. 60/- p.m.

૧૬. ગુજરાત રાજ્ય સરકારના નાણાખાતાના ઠરાવ નં. પીપીએ-૧૪૬૮-પી, તા. ૩૧-૩-૧૯૬૯થી મુસાફરી ભથ્થાં અંગેના નિયમોમાં સુધારો થયેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) યુનિવર્સિટી કર્મચારીઓને રાજ્ય સરકારના મુસાફરી ભથ્થાના નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું આપવામાં આવે છે.

(૨) સુધારેલા નિયમો પ્રમાણે મુખ્યત્વે દૈનિક ભથ્થાની રકમમાં વધારો કરવામાં આવ્યો છે અને મુસાફરી દરમ્યાન અપાતા ઇન્સિડેન્ટલ ખર્ચના દરમાં ૬૨ કિલોમીટરે એક પૈસાનો વધારો કર્યો છે. જ્યારે અગાઉ રૂા. ૬૫૦ થી ૫૦૦ના મૂળ માસિક પગાર મેળવનાર કર્મચારીને જો રાત્રે મુસાફરી કરવી પડે તો તેને બીજા વર્ગને બદલે પહેલા વર્ગનું ગાડીભાડું અપાતું હતું તે કન્સેશન પાછું ખેંચી લીધેલ છે.

(૩) રૂા. ૫૦૦ થી વધુ પગાર મળતો હોય તેઓને પહેલા વર્ગનું ભથ્થું આપવામાં આવતું તે હવે રૂા. ૬૦૦થી વધુ પગાર મળતો હોય તેઓને જ મળશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. પ્રકાશન બોર્ડની તા. ૨૧-૧૧-૧૯૬૮ની સભામાં થયેલ ઠરાવને અનુલક્ષીને સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલ વિવિધ પરિભાષા-પુસ્તિકાઓને પાયારૂપ ગણી એક સંકલિત પારિભાષિક કોષ તૈયાર કરવા ઠરાવેલ પરંતુ નીચે જણાવેલ વિષય માટે પરિભાષાનું કામ ચાલતું હોવાથી તે તમામ કામ પૂરાં થયેથી સંકલિત કોષનું કામ હાથ ધરવા અંગે વિચારણા કરવા બાબત:

[નોંધ.—નીચે જણાવેલ વિષયો પર પરિભાષાનું કામ ચાલે છે:

(૧) પત્રકારત્વની પરિભાષા
(૨) ગ્રંથાલયશાસ્ત્રની પરિભાષા
(૩) વીમાવિજ્ઞાનની પરિભાષા
(૪) ગૃહવિજ્ઞાનની પરિભાષા
(૫) શિલ્પ-સ્થાપત્ય, ચિત્ર ઇત્યાદિ લલિતકળાની પરિભાષા.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાદેશિક ભાષામાં પ્રકાશનો તૈયાર કરવા માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્ય સરકારને રૂપિયા એક કરોડની રકમ મળનાર છે તેના સંદર્ભમાં ગુજરાતીમાં પરિભાષાના સંકલિત કોષના પ્રકાશનનું કામ હાથ ધરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી સિન્ડિકેટના એક સભ્યે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:

૧૭-અ. એમ.ડી.એસ., પાર્ટ ૧ની પૂરક પરીક્ષા ૧૯૬૯ના જૂન માસમાં લેવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ, પાર્ટ ૧ની પૂરક પરીક્ષા ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષના પ્રારંભમાં લેવાનું રાખવું અને તે માટે જરૂરી પરીક્ષકો નીમવા માટે તથા તે અંગે જરૂરી વ્યવસ્થા અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૪-૯-૧૯૬૮ની સભામાં અનુવાદના કામ માટે નક્કી કરેલાં નીચે જણાવેલ કામોનો પ્રકાશન-ખર્ચ રૂા. ૧૦,૦૦૦ કરતાં વધુ થાય તેમ હોઈ તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

1. 'Political History of Ancient India' by Raichaudhari
(અનુવાદક—ડૉ. કે. એચ. સોમપુરા)
છાપવાની નકલ : ૧૧૦૦
અંદાજી પાનાં : ૬૦૦ (ડેમી કદનાં)

છપાઈ, બાઇન્ડિંગ તથા કાગળ વગેરેનું ખર્ચ	રૂા.	૧૧,૫૦૦–૦૦
બ્લૉક મેકિંગ વગેરેનું ખર્ચ	રૂા.	૫૦૦–૦૦
અનુવાદકશ્રીનું મહેનતાણું	રૂા.	૫,૪૦૦–૦૦
	રૂા.	૧૭,૪૦૦–૦૦

ઉપરાંત કૉપીરાઇટ અંગેની રૉયલ્ટી જુદી.

2. 'History of World Civilization' by Smerine
(અનુવાદક—શ્રી. પી. વી. પાઠક)
છાપવાની નકલ : ૧૧૦૦
અંદાજી પાનાં : ૧૧૦૦ (ડેમી કદનાં)

છપાઈ, બાઇન્ડિંગ તથા કાગળ વગેરેનું ખર્ચ	રૂા.	૧૧,૪૨૫–૦૦
બ્લૉક મેકિંગ ખર્ચ	રૂા.	૩,૦૦૦–૦૦
અનુવાદકશ્રીનું મહેનતાણું	રૂા.	૬,૬૦૦–૦૦
	રૂા.	૨૧,૦૨૫–૦૦

ઉપરાંત મૂળ પ્રકાશક તરફથી માગવામાં આવે તેટલું રૉયલ્ટી ખર્ચ.

3 'History of Indian Architecture' (Vols. I, II) by Percy Brown
(અનુવાદક—ડૉ. કે. એચ. સોમપુરા)
છાપવાની નકલ : ૧૧૦૦
અંદાજી પાનાં : ૧૦૮૦

છપાઈ, બાઇન્ડિંગ તથા કાગળ વગેરેનું ખર્ચ	રૂા.	૨૩,૩૦૦–૦૦
બ્લૉક વગેરેનું ખર્ચ	રૂા.	૩,૦૦૦–૦૦
અનુવાદકશ્રીનું મહેનતાણું	રૂા.	૬,૪૮૦–૦૦
	રૂા.	૩૨,૭૮૦–૦૦

ઉપરાંત મૂળ પ્રકાશક તરફથી માગવામાં આવે તેટલું રૉયલ્ટી ખર્ચ.

4. 'A Text-book of Sound' by R. N. Ghose and R. N. Rai
(અનુવાદકો—શ્રી. નવીનચંદ્ર એન. પંડ્યા, શ્રી. એચ. એચ. ભાવસાર)

છાપવાની નકલ : ૧૧૦૦
અંદાજી પાનાં : ૫૦૦

છપાઈ, બાઇન્ડિંગ તથા કાગળ વગેરેનું ખર્ચ	રૂા.	૬,૪૫૦–૦૦
બ્લોક વગેરેનું ખર્ચ	રૂા.	૨,૦૦૦–૦૦
અનુવાદકોનું મહેનતાણું	રૂા.	૩,૦૦૦–૦૦
	રૂા.	૧૧,૪૫૦–૦૦

ઉપરાંત મૂળ પ્રકાશક તરફથી મળવામાં આવે તેટલું રૉયલ્ટી ખર્ચ.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાદેશિક ભાષામાં પ્રકાશનો તૈયાર કરવા માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્ય સરકારને રૂપિયા એક કરોડની રકમ મળનાર છે તેના સંદર્ભમાં સદરહુ અનુવાદોના પ્રકાશનનું કામ હાથ ધરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૯. જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવામાં આવે છે તેને બદલે વર્ષમાં ફક્ત એક વાર લેવા બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ પરીક્ષામાં વિદ્યાર્થીની સંખ્યા નહિવત્ હોવાથી આ પરીક્ષા બે માસમાં લેવા કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવાનું રાખવું.

૨૦. ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'ફી-માફી'નું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવાની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની નીચેની ભલામણ જે સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં મંજૂર કરી છે તેને અનુલક્ષીને તેના અમલ અંગે વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૧–૧૯૬૬ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫–૩–૧૯૬૬ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટ્યૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવા માટે સેનેટને ભલામણ કરવી."

સેનેટનો તા. ૧૮/૧૯–૧-૧૯૬૯નો ઠરાવ

"ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટયૂશન ફીના પાંચ ટકાને બદલે દસ ટકા રાખવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સદરહુ ઠરાવનો અમલ તા. ૧૫–૬–૧૯૬૯થી કરવો.

૨૧. આંતર-ભારતીય સંસ્થાના ઉપક્રમે મહારાષ્ટ્રમાં આવેલ સોમનાથ ખાતે આગામી ઉનાળાની રજાઓમાં યોજનાર શ્રમ અને સંસ્કાર છાવણીમાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી આશરે ૧૦૭ વિદ્યાર્થીઓ(અધ્યાપકો સહિત)ને મોકલવાનું અને તે પેટે કન્સેશન દરે થતા રેલવે ભાડાનો વ્યક્તિ દીઠ અડધો ખર્ચ શિબિરાર્થીઓને આપવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂા. ૧૫ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરવામાં આવે તો આ અંગે યુનિવર્સિટીને આશરે રૂા. ૧,૫૦૦ (રૂપિયા પંદર સો)ની આર્થિક જવાબદારી આવે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્કાર-છાવણીમાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાંથી અત્યારે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ(અધ્યાપકો)ને મોકલવાનું રાખવું અને તે માટે પ્રત્યેક વિદ્યાર્થી (શિક્ષક) દીઠ રૂા. ૧૫ની આર્થિક સહાય જે તે કૉલેજને આપવી. અને તે માટે રૂા. ૧,૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો. તે માટે બાકીનો ખર્ચ જે તે કૉલેજ અને/અથવા વિદ્યાર્થીએ ભોગવવાનો રહેશે એમ સ્પષ્ટતા પણ કરવી.

૨૨. શિબિરો માટે સંચાલકોના માનદ વેતનનું ધોરણ નિયત કરવા બાબત.

(નોંધ.—૧૫ દિવસના નાટયતાલીમ શિબિરના સંચાલકોને રૂા. ૨૦૦નું માનદ વેતન આપવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી જે શિબિરો યોજવામાં આવે તે શિબિરોના સંચાલક જો યુનિવર્સિટી કર્મચારી ન હોય તો તેમને નિયમ મુજબનાં ભાડાંભથ્થાં ઉપરાંત શિબિરના પ્રત્યેક દિવસ માટે રૂા. ૧૫ લેખે પણ વધુમાં વધુ રૂા. ૨૦૦નું માનદ વેતન આપવું.

૨૩. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૯–૧–૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર પાંચ વર્ષના ઇજનેરીના સુગ્રથિત અભ્યાસક્રમના રેગ્યુ. ઓનર્સ. ૭/બી.ઈ. ફર્સ્ટમાં, 7. Humanities–I and 8. Humanities–II ના અભ્યાસક્રમ અને માર્કસ નીચે મુજબ રાખવા તથા તે મુજબ રેગ્યુ. ઓનર્સ. ૭ સુધારીને તેનો અમલ જૂન ૧૯૬૯થી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩–૧–૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

7. Humanities–I

(*a*) One text for detailed study	..	50 marks
(*b*) Language (Grammar and Composition)		50 marks
Precis-writing	..	15 marks
Amplification	..	15 marks
Report-writing	..	20 marks

(Term-work : 25 marks. Term-work shall consist of assignment based on the prescribed syllabus.)

8. Humanities-II

(*a*) Non-detailed study of one book preferably stories, playets, biographies and short stories .. 40 marks

(*b*) Essay on general topic .. 30 marks

(*c*) Language :
Sentence making, using words, idioms, etc. .. 15 marks
Story-writing *or* parapharse .. 15 marks

(Term-work : 25 marks. Term-work shall consist of assignment based on the prescribed text.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ઍન્જિ.-૭/બી.ઈ. ૧૨૮માં 7. Humanities-I અને 8. Humanities-II ના અભ્યાસક્રમો અને ગુણ ઉપર મુજબ રાખવા તથા તે મુજબ સુધારેલો રેગ્યુ. ઍન્જિ.-૭ મંજૂર કરવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

૨૪. હન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોન, ન્યૂ દિલ્હી તરફથી તા. ૪-૨-૧૯૬૯ના પત્રાંક એકા./૧-૩/૩૧૬૨૩-૩૧૬૯૨થી તેમના મકાન ફંડ માટે રૂા. ૫,૦૦૦નું લવાજમ આપવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ. અંદાજપત્રમાં જોગવાઈ કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે હન્ટર યુનિવર્સિટી બોર્ડના મકાન ફંડ માટે આ યુનિવર્સિટી તરફથી રૂા. ૫,૦૦૦ની રકમ પ્રદાન તરીકે આપવી.

૨૫. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૧૨-૧૯૫૦ની સભામાં માસિક રૂા. ૨૦૦થી નીચેના પગારથી શરૂ થતી જગ્યાઓ પર નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપેલ હોઈ તે રકમની મર્યાદા વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી આ યુનિવર્સિટીમાં મૂળ માસિક પગાર રૂા. ૩૦૦થી શરૂ થતી કે તેથી ઓછા મૂળ માસિક પગારે શરૂ થતી કોઈ પણ જગ્યા પર યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ પ્રોફેસર અને રીડરની જગ્યાઓ ભરવા અંગે આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ ઉપર પાંચ સભ્યો હોવા જોઈએ તેવા હાઈકોર્ટના ચુકાદા ઉપર આપણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે, જેની સુનાવણી હજી બાકી છે. આ સંજોગોમાં યુનિવર્સિટીનાં ભવનોમાં જે વિષયમાં પ્રોફેસરની જગ્યા ભરાયેલ ન હોય તે વિષયના પ્રોફેસર કે રીડરની નિમણૂક અંગે વિચારવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી પ્રોફેસરો અને રીડરોની જગ્યાઓ, ગુજરાત હાઈકોર્ટની બાબત નં. ૪૯૨/૬૮માં આવેલા ચુકાદા પર યુનિવર્સિટીએ સુપ્રીમ કોર્ટમાં નોંધાવેલી અપીલના નિર્ણયની રાહ ન જોતાં બનતી ત્વરાએ પૂરવાનું રાખવું, અને તે માટે સંબંધકર્તા વરણીસમિતિ પર જે તે વિષયમાં યુનિવર્સિટીના પ્રોફેસરો ન હોય તો તે સમિતિ પર ઍકૅડેમિક કાઉન્સિલના એક જ પ્રતિનિધિને આપેલ છે તે પર્યાપ્ત ગણવું.

૨૭. વનસ્પતિશાસ્ત્ર વિષયની પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને નીચે મુજબ મહેનતાણાની રકમ ચૂકવવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત:

શ્રી. જે. જે. ત્રિવેદી, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૧૦૩-૬૦
શ્રી. સી. કે. શાહ, વનસ્પતિવિજ્ઞાનના રીડર	રૂ. ૧૦૩-૬૦
શ્રી. બી. એસ. વૈદ્ય, વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર	રૂ. ૧૦૩-૬૦
શ્રી. એ. બી. વોરા, " "	રૂ. ૧૦૩-૬૦
શ્રી. આર્ય. સી. દવે, રિસર્ચ ફેલો	રૂ. ૧૦૩-૬૦
શ્રી. બી. એમ. જાની, " "	રૂ. ૧૦૩-૬૦

(પરિભાષાનાં ૬૧૦૮ કાર્ડ્ઝ તૈયાર કરવા અંગે રૂ. ૦-૨૦ પૈસાના દરે રૂ. ૧૨૧-૬૦ પૈસા ચૂકવવાના થાય છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પરિભાષાના શબ્દોનાં કાર્ડ્ઝ તૈયાર કરવા માટે વિજ્ઞાન વિદ્યા-ભવનના ઉપરના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમ ચૂકવી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે પરિભાષાનું કે અન્ય શૈક્ષણિક કામ એ યુનિવર્સિટીના વિદ્યા-ભવનોના શિક્ષકોની આવશ્યક ફરજના ભાગરૂપ ગણાય અને તે કામ તેમણે વિશેષ વેતન વિના કરવું અપેક્ષિત અને આવશ્યક છે એમ વિદ્યાભવનોના શિક્ષકોને જાણ કરવા માટે જે તે ભવનના અધ્યક્ષને જણાવવું.

૨૮. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન બિઝનેસ મૅનેજમેન્ટના વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી મારફત આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગયે વર્ષે આ કૉલેજની તથા એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સની આ અભ્યાસક્રમનું કેન્દ્ર સ્થાપવા માટેની અરજીઓ આવેલી. તે માટે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિએ આવો અભ્યાસક્રમ અનુસ્નાતક કેન્દ્ર દ્વારા નહીં પરંતુ યુનિવર્સિટીએ પોતે પોતાના ભવન મારફતે શીખવવો જોઈએ એવો અભિપ્રાય આપેલો છે. સિન્ડિકેટે આ રિપોર્ટ જોઈ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલ્યો છે.

(૨) આ જ બાબત અંગે અનુ. શિક્ષકોની લાયકાત નક્કી કરવા માટે નીમેલી સમિતિએ ઉપર ૧માં જણાવેલી સમિતિના રિપોર્ટને ખ્યાલમાં રાખી કેન્દ્રો માટે માન્ય અનુ. શિક્ષકો માટે નહીં પરંતુ આ અભ્યાસક્રમ યુનિવર્સિટી પોતે શરૂ કરે તો તે માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નક્કી કર્યાં છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં બિઝનેસ મેનેજમેન્ટના શિક્ષણની જોગવાઈ જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું અને તે માટે વિગતવાર યોજના તૈયાર કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. પ્રો. ડી. ડી. ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો રિપોર્ટ આવ્યેથી ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૨૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૫-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે કાયદાના કુલ ટાઇમ શિક્ષકોને એન્જિનિયરિંગ કે મેડિકલ કૉલેજના શિક્ષકોના ગ્રેડ મુજબનો ગ્રેડ આપવો અથવા નૉન-પ્રેક્ટિસિંગ એલાવન્સ આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોમાં કામ કરતા પૂરા સમયના શિક્ષકોને નૉન-પ્રેક્ટિસિંગ એલાવન્સ આપવાની ભલામણ મંજૂર કરવી નહિ. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ ૪જનેરી કે તબીબી વિદ્યાશાખાના શિક્ષકોને માટે બીજી વિદ્યાશાખાના શિક્ષકોથી જુદાં એવાં ખાસ પગારધોરણ નિયત કરેલાં નથી.

૩૦. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૬/૨૭-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

As a need for training teachers for successful implementing the new language syllabus, it is necessary that the following training requirements are to be met by 1970 :

(i) Four to six weeks training programmes for batches of 50 to 60 teachers.

(ii) When the outlines of language course are settled a seminar should be arranged for the Heads of English Department of affiliated colleges specifically for considering the new language course.

(iii) Follow up seminars for practice in training should be arranged for every batch of 50 to 60.

(iv) In service programmes for teachers of English should be arranged for Ahmedabad and other centres where convinient.

(v) Reading material should be evolved at the university (Sample material to be obtained from Central Institution of English, Hyderabad).

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અંગ્રેજીના વિષયમાં જે સમર ઇન્સ્ટિટ્યૂટ ચોમાસું રહ્યું છે તે સમર ઇન્સ્ટિટ્યૂટમાં અંગ્રેજીના નવા અભ્યાસક્રમોને આવરી લેવામાં આવે તે રીતે ઇન્સ્ટિટ્યૂટનું કામ સંકલિત કરવા માટે સદરહુ સમર ઇન્સ્ટિટ્યૂટના સંચાલકશ્રીને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટમાં જે કૉલેજના એક પણ અંગ્રેજીના શિક્ષકનો સમાવેશ કરવામાં આવેલો ન હોય તે કૉલેજને પોતાને ખર્ચે ઓછામાં ઓછો એક શિક્ષક સંચાલકશ્રી નક્કી કરે તેટલા દિવસ માટે મોકલવા માટે જે તે કૉલેજને જણાવવું. આવા શિક્ષકના પ્રવાસનું અને ભોજનનું ખર્ચ જે તે કૉલેજે ઉઠાવવાનું રહેશે તથા યુનિવર્સિટીએ તેમને માટે વિનામૂલ્યે રહેવાની સગવડ છાત્રાલયમાં કરી આપવાની રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૩૨. વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષા સમિતિ વખતે આચાર્યશ્રી એલ. ડી. દવેએ કરેલા નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની જે તે વિષયોની પરીક્ષામાં પ્રાશ્નિક/પરીક્ષક મંડળનું સંચાલન જેમને સોંપીએ તેમને પરીક્ષકોની સંખ્યા ગમે તેટલી હોય તોપણ કન્વીનરને બદલે ચેરમેન તરીકે મૂકવા."

[નોંધ.—હાલની પ્રણાલિકા મુજબ ૬ કે ૬થી વધુ પ્રાશ્નિક-પરીક્ષકો હોય તો જ 'ચેરમેન' નીમવામાં આવે છે. બાકી 'કન્વીનર' નીમીએ છીએ. ચેરમેનને રૂા. ૫૦નું મહેનતાણું આપવામાં આવે છે. કન્વીનરને હાલના નિયમ પ્રમાણે કોઈ રકમ આપવામાં આવતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓના સંદર્ભમાં—

(૧) પ્રાશ્નિકો-પરીક્ષકોની પેનલની રચના અંગેની પદ્ધતિ
(૨) પરીક્ષકોની નિમણૂકો અંગે સિનિયોરિટીના નિયમો
(૩) કાર્ડ પદ્ધતિનો ઉપયોગ
(૪) પરીક્ષકોની અરજી માટેનાં ફૉર્મ, અને
(૫) અન્ય આનુષંગિક બાબતો અંગે ઝીણવટથી જોઈતપાસીને તથા તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સ્પષ્ટ ભલામણો સાથેનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય વી. આર. રણદીવે, અધ્યક્ષ
૨. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ, મંત્રી
૩. આચાર્ય કે. એન. શાહ
૪. આચાર્ય દર્શનસિંગ શીખ
૫. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૬. પ્રો. રમેશભાઈ ભટ્ટ
૭. ડૉ. પી. સી. વૈદ્ય
૮. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૯. આચાર્ય બી. એમ. પીરઝાદા
૧૦. બધી વિદ્યાશાખાઓના ડીનો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડૉ. એલ. ડી. દવેનો ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૩૨. સિનિયર સુપરવાઇઝરનું પરીક્ષાની એક મોસમમાં વધુમાં વધુ રૂા. ૩૦૦નું મહેનતાણું લેવાની મર્યાદા છે, પરંતુ મહેસાણા કેન્દ્ર ઉપર ઘણાં કેન્દ્રોનાં પ્રશ્નપત્રો છપાતાં હોવાથી તે કેન્દ્ર ઉપર રૂા. ૪૦૦નું મહેનતાણું આપવા અંગે શ્રી. હરિહર શુકલના તા. ૨૬-૨-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના હાલના નિયમમાં કશો ફેરફાર કરવો નહિ.

૩૩. એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., ટી.વાય.બી.એ. તથા એમ.એ. ભાગ ૧ તથા ભાગ ૨ની ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓના ખર્ચ અંગે વિદ્યાર્થી દીઠ 'ફ્લેટ રેઇટ' નક્કી કરવાની વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલમાં મટિરિયલ વગેરેના વપરાશ માટે ખરેખર થયેલ ખર્ચ (એક્ચ્યુઅલ કોસ્ટ) આપવામાં આવે છે. વિદ્યાર્થી દીઠ રૂા. ૩-૦૦નો દર નક્કી કરીએ તો યોગ્ય થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન ચાલુ વર્ષે સદરહુ પ્રાયોગિક પરીક્ષા માટે ભૂતકાળની પ્રથા પ્રમાણે જે ખર્ચ થાય તે મંજૂર કરવા માટે શ્રી કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સને સત્તા આપવી.

૩૪. ગ્રંથપાલ તરીકે જરૂરી લાયકાત ન ધરાવતા શ્રી. બી. એમ. કડિયાની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી ચલાવી લેવાની સી. એમ. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. બી. એમ. કડિયા એમ.એ.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કર્યા વિના સદરહુ કૉલેજે આખું વર્ષ કામ ચલાવ્યું તે માટે તેના આચાર્યને ઘટતો ઠપકો આપવો અને જણાવવું કે ૧૫મી જૂન ૧૯૬૯ સુધીમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રંથપાલની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૫. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૬/૨૭-૯-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને પ્રથમ વર્ષ (ડિપ્લોમા) ફાર્મસી; તથા પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કોમ.ના અંગ્રેજીના અભ્યાસક્રમના શિક્ષણ માટે તાસની સંખ્યા નીચે મુજબ નિયત કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

For Pre-Uni. Arts, Science, Commerce and First Year (Dip.) and Pharmacy (*from June 1969*)

Two lectures per week should be assigned to the text, and one lecture and one tutorial for language work including comprehension.

Three lecture shall be for such language work as can be done in a large class and tutorials should be used for drills and exercises in grammar.

For First B.A., B.Sc. and B.Com.

(from June 1970)

Three lectures per week should be assigned to texts and one tutorial per week on language at First Year level.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભામાં કરેલી નીચેની ભલામણ પણ મંજૂર કરવી :

"ટી.વાય.બી.એ.ના વર્ગમાં નિબંધના પ્રશ્નપત્ર માટે એક તાસ રાખવામાં આવે."

૩૬. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદમાં નર્સિંગના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી તેઓની કૉલેજમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતાં કુ. બી. બી. મીરાન્ડાથી શૈક્ષણિક કાર્ય ચલાવવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુ. બી. બી. મીરાન્ડા બી.એસસી. નર્સિંગ પાસ વર્ગ તથા બે વર્ષ અને પાંચ માસનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં કુ. બી. બી. મીરાન્ડાની લેક્ચરર તરીકે નિમણૂક માન્ય ગણવી.

૩૬-અ. ઓ. ૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 79 :

When on account of bonafide illness, or any other reason deemed sufficient by the Syndicate, the total attendance of a student of an affiliated college in any one term falls short of the minimum number of days required by Ordinance 78, by not more than 20 days it shall be competent for the Principal to permit a candidate in such a case, to add together the attendance registered by him in two consecutive terms in any one class, provided that the total of the attendance registered in the two terms so counted together amounts to the total required for the minimum attendance of two terms under Ordinance 78; provided nevertheless, that where the deficiency exceeds 20 days in a term or is such that together the attendance registered in the two terms taken falls short of the total of the minimum attendance of two terms prescribed by O. 78, it shall be competent for the Syndicate to condone the deficiency; *provided that in the case of a student in the Faculty of Engineering the deficiency in attendance may be condoned if it dose not exceed 25% of the lectures in each subject as required under O. 78.*

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછો મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પૂર્વસ્નાતક તેમ જ અનુસ્નાતક કક્ષાએ સત્રોની જરૂરી હાજર તથા ખૂટતી હાજરી માફ કરવાની બાબતમાં કયાં ધોરણો અપનાવવાં તથા વિદ્યાર્થીઓને ખૂટતી હાજરીને કારણે પરીક્ષામાંથી ચાલુ પરીક્ષાએ ઉઠાડી મૂકવાનું ટાળી શકાય તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. રણજિતરામ મં. શાસ્ત્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય કે. એન શાહ
૪. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ.

તે પછી શનિવાર તા. ૧૨-૪-૧૯૬૯ના રોજ સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર તા. ૧૩-૪-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં બાકી પરનું બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૩૭. એજ્યુકેશન ફેકલ્ટી ૧૦ મુજબ બે વર્ષનો એમ.એડ. પાર્ટ-ટાઇમ ડિગ્રી અભ્યાસક્રમ કરવાની જોગવાઈ છે તે અન્વયે બે વર્ષનો પાર્ટ-ટાઇમ વેકેશન કોર્સ મનોવિજ્ઞાન ભવનમાં શરૂ કરવાના કાર્યકારી અધ્યક્ષ રો. સી. ટી. ભોપટકર તરફથી તા. ૩૧-૧-૧૯૬૯ના પત્રથી આવેલી યોજના અંગે શિક્ષણની અભ્યાસસમિતિના અધ્યક્ષ પ્રિન્સિપાલ કે. જી. દેસાઈના સૂચન અનુસાર સૂચિત યોજના તથા તે માટેનું અર્થ (બજેટ) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — યુનિવર્સિટી કોઈ કારણસર જો અભ્યાસક્રમ ચલાવી શકે તેમ ન હોય તો એ. જી. ટીચર્સ કૉલેજ ચલાવશે તેમ પ્રિન્સિપલ કે. જી. દેસાઈએ સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી. દરમિયાન ગુજરાત અને મહારાષ્ટ્રની યુનિવર્સિટીઓ તથા દિલ્હી, મદ્રાસ, કલકત્તા અને રાજસ્થાન યુનિવર્સિટીઓ પાસેથી વેકેશન કોર્સની બાબતમાં માહિતી મગાવવી.

૩૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભાએ એક મુલાકાતી પ્રાધ્યાપક કુલ બે કૉલેજોથી વધુ કૉલેજોમાં શિક્ષણકાર્ય માટે જઈ શકે નહિ તેવી ભલામણ કરી હોઈ ઑર્ડિ. ૧૨૦-એનો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

Visiting Professors :

Arrangement of Visiting Professor in a subject taught as a special subject shall be considered adequate for the second year only, provided the Visiting Professor devotes at least four periods of

teaching work at the college where he is to work as a Visiting Professor subject to the following provisions :

(*a*) that the maximum work-load permissible to him will be as follows :

(1) Visiting Professor	..	23 periods of 45 (40 + 5) minutes each (or 17·25 hours)
(2) Visiting Professor who are recognised post-graduate teachers	..	20 periods of 45 (40 + 5) minutes each (or 14·35 hours).

(*b*) that such a lecture does not work in more than two colleges in all.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ સભાનો ઠરાવ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે એક મુલાકાતી પ્રાધ્યાપક કુલ બે કૉલેજોમાંથી વધુ કૉલેજોમાં જઈ શકે નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એ ના સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો :

Visiting Professors :

Arrangements for a Visiting Professor in a subject taught as a special subject shall be considered adequate for the second year only, provided the Visiting Professor devotes at least four periods of teaching work at the college, where he is to work as a Visiting Professor subject to the following conditions :

(*a*) that the maximum workload permissible to him will be as follows :

Visiting Professor :	23 periods of 45 (40+5) minutes each (or 17·15 hours) of which not more than 17 periods (or 12 hours) shall be devoted to lectures, provided, however, that in the case of a Visiting Professor who is also working as a recognised post-graduate teacher, his total workload shall not exceed 20 periods of 45 (40+5) minutes each or 15 hours of which not more than 15 periods (or 11 hours) shall be devoted to lectures.

(*b*) that such a teacher does not work in more than two colleges in all.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના કોઈ પણ વિષયમાં કોઈ સંલગ્ન કૉલેજમાં, તે વિષયના શિક્ષણનો કાર્યબોજ જોતાં ખંડ સમયના શિક્ષક રાખવાની જરૂર હોય તો તે માટે ખંડ સમયના શિક્ષક એક કરતાં વધુ રાખી શકાશે નહિ. સિવાય કે તે વિષયના તમામ પૂરા સમયના શિક્ષકો વત્તા એક ખંડ સમયના શિક્ષક એમ ભળીને તેમનો કુલ કાર્યબોજ જરૂર પ્રમાણે થઈ રહે તો તે પછી વધારાનું શિક્ષણકાર્ય કરવા માટે એક કે વધુ ખંડ સમયના શિક્ષકો કૉલેજની પોતાની ઇચ્છાથી રાખવામાં આવે તો તે વાંધાજનક ગણાશે નહિ.

આ ઠરાવનો અમલ પણ જૂન ૧૯૬૯થી કરવાનું રાખવું.

૩૯. પતિયાળા મુકામે આવેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સમાં જુદી જુદી રમતોની તાલીમના છ અઠવાડિયાના ટૂંકા ગાળાના ઓરિયેન્ટેશન કોર્સીસ રમતોના જાણકાર કે રસ ધરાવતા વ્યાયામશિક્ષકો તેમ જ રમતોના ઇન્ચાર્જ અધ્યાપકો માટે યોજનારા છે તેમાં તાલીમ લેવા માટે સંલગ્ન કૉલેજોમાંથી અધ્યાપકો કે વ્યાયામશિક્ષકોને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અભ્યાસક્રમમાં યુનિવર્સિટી તરફથી મોકલાનાર પ્રત્યેક વ્યક્તિનું ભોજનખર્ચ યુનિવર્સિટી તરફથી અપાય તો એકના રૂા. ૧૩૫ કુલ થાય છે. આ પ્રમાણે આશરે દસેક મોકલીએ તો રૂા. ૧,૪૫૦ નો ખર્ચ થવા સંભવ છે, અને તેની બજેટમાં જોગવાઈ છે. રેલવે ભાડું અને અન્ય ખર્ચ જે તે કૉલેજ કે શિક્ષક ભોગવે એવું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ ૧૯૬૯-૭૦ના વર્ષમાં વધુમાં વધુ ૧૦ શિક્ષકોને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, પતિયાળામાં જુદી જુદી રમતોની તાલીમના છ અઠવાડિયાના ટૂંકા ગાળાના ઓરિયેન્ટેશન કોર્સીસમાં તાલીમ લેવા માટે મોકલવામાં આવે અને તે માટે તાલીમ લેનાર વ્યાયામ શિક્ષકને માટે રૂા. ૧૩૫ સુધીનું ભથ્થું ભોજન ખર્ચ પેટે મંજૂર કરવું. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ યોજના હેઠળ તાલીમ લેવા માટે જે શિક્ષકને મોકલવામાં આવે તેનું રેલવે ભાડું તથા અન્ય જે ખર્ચ થાય તે જે તે કૉલેજે અને શિક્ષકે ભોગવવાનું રહેશે.

૪૦. યુનિવર્સિટી અને કૉલેજોમાં વેલફેર ફંડ ઊભું કરવાનું સૂચન કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૦-૧૨-૧૯૬૮ના પત્રાંક એફ. ૧-૬૮/૬૮ (સી.ડી.એન.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં વેલફેર ફંડ ઊભું કરવાનો વિચાર આવકારપાત્ર છે એમ આ સભાનો અભિપ્રાય છે તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૪૧. યુનિવર્સિટીના વિકાસ-કાર્યક્રમોના આયોજન અને અમલમાં વિદ્યાર્થીઓને સાંકળવાના તેમ જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ઘનિષ્ઠ સંબંધો વિકસાવવાના હેતુથી ભારત સરકાર નિયુક્ત શિક્ષા આયોગો તથા કુલપતિઓની પરિષદે વિદ્યાર્થી-કલ્યાણ અંથાલય અંગેની સગવડો, છાત્રાલયો, શિસ્તના પ્રશ્નો વગેરે અંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓની બનેલી સંયુક્ત સમિતિઓ રચવાની ભલામણ કરી છે તે અંગે આપણી યુનિવર્સિટીએ લીધેલાં પગલાં તથા હાલ પ્રવર્તતી પરિસ્થિતિ અંગે એક નોંધ આપવાની વિનંતી કરતા

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી ડૉ. પી. જે. ફિલિપના તા. ૨૮મી ડિસેંબર ૧૯૬૮-ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ સાથે વિદ્યાર્થીઓને સંકળાવાની બાબતમાં હાલ પ્રવર્તતી સ્થિતિ અંગે યથાતથ માહિતી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૪૨. ઉચ્ચ કેળવણીના વિકાસની બાબતમાં એજ્યુકેશન કમિશનની ભલામણોના સંદર્ભમાં બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર તથા પંજાબનાં રાજ્યોના કુલપતિઓની પરિષદની ભલામણો જાણ તથા બહતું થવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આપણને મોકલી આપી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદની ભલામણોની નોંધ લેવી તથા તેની નકલ નિભાવખર્ચ અંગે ગ્રાન્ટની બાબતના સંદર્ભમાં ઘટતો પત્ર લખીને રાજ્ય સરકારને મોકલી આપવા.

૪૩. યુનિવર્સિટીમાં એક કેન્દ્રસ્થ વિદ્યાર્થી મંડળની રચના કરવા અંગેની વિચારણા કરી તેનો હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૯-૭૦ના વર્ષમાં સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓના પ્રતિનિધિ-મંડળની રચના થાય તે પછી કૉલેજોના વિદ્યાર્થી પ્રતિનિધિઓની સભા વિભાગીય (areawise) ધોરણે બોલાવવી અને તે સભામાં વિભાગ(area)માં આવેલી કૉલેજોના એક એક અગ્રિમ વિદ્યાર્થી-પ્રતિનિધિને મોકલવા માટે જે તે કૉલેજોના આચાર્યને જણાવવું અને આમ વિભાગીય સભાઓમાં હાજર રહેલા પ્રતિ-નિધિઓ પૈકીના સભ્યોનું બનેલું કેંદ્રસ્થ વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ રચવામાં આવે તેવા સૂચન સાથે પ્રતિનિધિમંડળનું બંધારણ, કાર્યક્ષેત્ર વગેરે વિગતો તૈયાર કરવા માટે સમિતિને જણાવવું. દરમ્યાન દેશની બીજી યુનિવર્સિટીઓ પાસેથી વિદ્યાર્થી મંડળ અંગેની માહિતી મેળવીને તે આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રખવું.

૪૪. ઑ. ૬૨-બી અને ઑ. ૬૨-ડી આ સાથે રાખેલ મુસદ્દા પ્રમાણે સુધારવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૬૨-બી અને ઑર્ડિ. ૬૨-ડી મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિ. ૬૨-બી અને ઑર્ડિ. ૬૨-ડીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગેનાં તમામ બિલો તથા વાઉચરો પાસ કરવા માટે શ્રી. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સને સત્તા આપવી.

૪૫. આંતર-યુનિવર્સિટી બોર્ડના નીચેના ઠરાવને અનુલક્ષીને આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત:

"In view of the increasing importance of sports in University life and the greater resources that are likely to be made available,

it was felt that the universities should; as far as possible, nominate such representatives to the Inter-University Sports Board as are concerned with policy-making at the University level."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. આપણી યુનિવર્સિટીમાં "ફોરેન સ્ટુડન્ટ્સ એડવાઇઝર" નીમવા અંગેના ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હીના મંત્રીશ્રીના તા. ૨૨-૨-૧૯૬૯ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં આચાર્ય કે. એન. શાહને ફોરેન સ્ટુડન્ટ્સ એડવાઇઝર તરીકે માનદ ધોરણે નીમવા.

૪૭. ચૂંટણી માટેનાં ઉમેદવારીપત્રોની ચકાસણી થયા બાદ કોઈ પણ ઉમેદવાર પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકે તેવો પ્રબંધ કરવા માટે સ્ટે. ૧૫૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાના શ્રી. મનહરભાઈ શુક્લ તરફથી તેમના તા. ૨૪-૨-૧૯૬૯ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

" St. 150 :

At any time after the day and hour fixed as the day and hour for the scrutiny of nomination it shall be open to a candidate to withdraw his nomination, provided that he sends in to the Registrar so as to reach him after the day and hour fixed as aforesaid, an intimation of withdrawal in writing signed by the candidate and attested in the manner prescribed in St. 155. The scrutiny of nomination shall be held at least 24 hours after the hour fixed for the receipt of nomination."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૫૦માં કશો ફેરફાર કરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી.

૪૮. ડૉ. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલ નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"કૉલેજોના આખરી જોડાણની સત્તા ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ પાસે હોવી જોઈએ અને આ અંગેની માત્ર જાણ સેનેટ અને રાજ્ય સરકારને કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારણા અંગે વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવું.

૪૯. ડૉ. જે. બી. હરિભક્તિ તરફથી આવેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) Syndicate should immediately appoint a committee to go into the 'Needs' of new colleges of various faculties in our Gujarat University Area viz. (*a*) Ahmedabad City, (*b*) other distrcits of Gujarat University Area.

(2) Till such time the recommendations of the above committee are available and the A.C., the Syndicate and thereafter the Senate take decision on this Report, it should be made known to the public and those intending to start new educational institution in the Gujarat University Area, that their applications will be kept pending.

(3) The committee's composition should be as under :

(*a*) Vice-Chancellor (Chairman)
(*b*) Eminent educationist from the Gujarat State
(*c*) Representatives of Gujarat University Senate
(*d*) Representatives of Gujarat State Govt.
(*e*) Representatives of Education trusts, which are already running the colleges in the Gujarat University area.
(*f*) Representatives of Ahmedabad Municipal Corporation
(*g*) Some eminent Economists.

The Registrar of this University will be the Secretary of this Committee and the Committee will have the powder of co-option.

સભાગૃહની સંમતિથી ડૉ. જે. બી. હરિભક્તિએ પોતાનું સૂચન નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને રજૂ કર્યું અને સૂચનો નં. ૨ અને ૩ પાછાં ખેંચી લીધાં :

(1) Syndicate should immediately appoint a committee to go into the 'needs' of the community for the new colleges of various faculties in our Gujarat University Area viz. (*a*) Ahmedabad City, (*b*) other districts of Gujarat University Area.

(૨) તે પછી ઉપરના સૂચન નં. ૧ની બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ રચવાનું સિન્ડિકેટે ઠરાવ્યું :

૧. કુલપતિશ્રી, અધ્યક્ષ
૨. શ્રી. જ્યોતીન્દ્ર મહેતા
૩. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. શ્રી. પુરુષોત્તમદાસ પટેલ
૬. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૭. ડૉ. જયંત બી. હરિભક્તિ
૮. શ્રી. વી. એચ. ભણોત
૯. આચાર્ય એચ. કે. ત્રિવેદી

૧૦. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૧૧. રેા. એલ. ડી. દવે
૧૨. આચાર્ય ગિરીશભાઈ પટેલ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિને સહાયક (co-opted) સભ્યેા નીમવા માટે સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે કૉલેજોના જોડાણ માટેની અરજીનું ફૉર્મ જોઈતપાસીને સુધારેલ મુસદ્દો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યેાની બનેલી સમિતિ રચવી :

૧. આચાર્ય વી. આર. રણદીવે
૨. આચાર્ય દર્શનસિંગ રીખ
૩. શ્રી. કુલસચિવ.

૫૦. રેા. જે. બી. હુરિભક્તિ તરફથી આવેલાં નીચેનાં સૂચનેા ઉપર વિચારણા કરવા બાબત:

Till such time the report of the Needs for New Colleges Committee is available, interim policy of the Gujarat University will be as follows :

(*a*) All new applications except education college, must have Science as one faculty.

(*b*) Education college will be an independent unit.

(*c*) All new colleges should be exclusively day colleges, working from 11 a.m. to 5 p.m. or preferably from 9 a.m. to 5 p.m. to ensure intestive training and learning for the following reasons :

(*i*) In actual practice, the morning and evening colleges have their attendance.

(*ii*) Zero and first periods and so also the last one or two periods are neglected, the former because it is too early and later because a large body of students for whose benefits the morning and evening colleges (were conceived) are due to go to their jobs starting at 11-00 or 11-30 a.m.

(*iii*) The "efficiency" of the "service students" in their jobs after regular sessions in the college is bound to suffer in their actual work without will be reflected in their effective output. This University should not be a party to make out poor job — output still poorer.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનાં સૂચનો 'એ' અને 'સી'ની નોંધ લેવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન નં. 'બી' ઉપર બાબત નં. ૪૯ અંગે કરવામાં આવેલા પેટાઠરાવ નં. ૧માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવું અને સદરહુ સમિતિને જણાવવું કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં એક કરતાં વધુ વિદ્યાશાખાઓની શિક્ષણની જોગવાઈ કરવાની હોય તો કઈ કઈ વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવી યોગ્ય થશે તે બાબતમાં પણ પોતાનો અભિપ્રાય જણાવવા માટે સદરહુ સમિતિને વિનંતી કરવી.

૫૧. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરમાં ઇતિહાસ વિષય માટે જોડાણ ન હોવા છતાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યા અંગે સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા અનુસાર કૉલેજના આચાર્યશ્રીના આવેલ ખુલાસા પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યે તેમના તા. ૩૧-૧૨-૧૯૬૮ના પત્રથી ઇતિહાસનું શિક્ષણકાર્ય વડનગર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રીના આદેશથી કર્યાનું જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન યથાર્થ રીતે થાય તે જોવાની આચાર્યની ફરજ છે એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૫૨. કાયદાની સ્પેશિયલ ડિગ્રી અભ્યાસક્રમના ત્રીજા વર્ષના અભ્યાસક્રમને લગતા લૉ ઑર્ડિ. ૫ ન્યૂ, ૫-બી ન્યૂ, તથા લૉ. રેગ્યુ. ૧૦ ન્યૂ, ૧૦-બી ન્યૂ, ૧૦-સી ન્યૂ અને ૧૦-ડી ન્યૂ, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા માટે તથા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.બી. (સ્પેશિયલ) ડિગ્રી અભ્યાસક્રમને લગતાં ઑર્ડિનન્સો, લૉ. ઑર્ડિ. ૫ ન્યૂ, ૫-બી ન્યૂ તથા રેગ્યુલેશનો લૉ. રેગ્યુ. ૧૦ ન્યૂ, ૧૦-બી ન્યૂ, ૧૦-સી ન્યૂ અને ૧૦-ડી ન્યૂ મંજૂર કરવા તથા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સો લૉ ઑર્ડિ. ૫ ન્યૂ, ૫-બી ન્યૂ તથા રેગ્યુલેશનો લૉ રેગ્યુ. ૧૦ ન્યૂ, ૧૦-બી ન્યૂ, ૧૦-સી ન્યૂ અને ૧૦-ડી ન્યૂની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૫૩. બી.એડ.ના નવા અભ્યાસક્રમમાં નીચેના પ્રશ્નપત્રો કાઢવાના મહેનતાણાના દર અંગે શ્રી. કે. જી. દેસાઈના સૂચન અંગે તેઓના તા. ૫-૩-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

1. Drawing up a question-paper of methods at B.Ed. (New Course) 2. Drawing up a question-paper of special fields at B.Ed. (New Course)	Rate per Section Rs. 30/-.

(નોંધ.—આ દરનો અમલ ફેબ્રુઆરી-માર્ચ ૧૯૬૯ની પરીક્ષાઓથી કરવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.ના નવા અભ્યાસક્રમમાં ઉપરના પ્રશ્નપત્રો કાઢવા માટે મહેનતાણાના ૬૨ પેપરના પ્રત્યેક વિભાગ (section) દીઠ રૂા. ૩૦ લેખે મંજૂર કરવા.

૫૪. સર્વશ્રી એમ. સી. દેસાઈ, મણિશંકર પંડ્યા અને અશ્વિન ત્રિવેદીના તા. ૧૨-૧૨-૧૯૬૮ના પત્રથી આવેલ નીચેનાં ત્રણ સૂચનો પર વિચારણા કરવા બાબત :

"1. For appointing examiners to the post-graduate examinations as well as the paper-setters in other examinations the rule of six turns may not be insisted.

2. The question-paper at the under-graduate examinations should consist mostly of questions which require short (terse) but positive answers which will test comprehension rather than memory.

3. The total marks earned by any candidate in any paper must be indicated both in words and figures. This refers to front page of main answer-books as well as in mark-sheets."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન નં. ૧ બાબત નં. ૪૯ અંગે કરવામાં આવેલા પેટાઠરાવ નં. (૧)માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સૂચન નં. ૨ની નોંધ લેવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સૂચન નં. ૩ની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. ડૉ. જે. બી. હરિભક્તિનાં પ્રાયોગિક-પરીક્ષકોની પેનલ તૈયાર કરવા સંબંધી આવેલાં નીચેનાં બે સૂચનો પર વિચારણા કરવા બાબત :

1. In examination of this University, the senior most post-graduate teacher from amongst the internal examiners will automatically be the Chairman or Convener of that examination.

2. While preparing the list of examiners the following categories should be distinctly listed instead of present manner of listing which often causes confusion :
   (*i*) Paper-setters
   (*ii*) Theory Examiners
   (*iii*) Practical Examiners.

   (નોંધ. — હાલ પ્રત્યેક વિષયમાં લાયકાત ધરાવનાર વ્યક્તિઓનાં નામો અભ્યાસસમિતિઓ સમક્ષ મૂકવે છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન નં. ૧ બાબત નં. ૪૯ અંગે કરવામાં આવેલા પેટાઠરાવ નં. (૧)માં જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સૂચન નં. ૨ની નોંધ લેવી.

૫૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની કૂટ અંગેની તપાસસમિતિના અહેવાલ પરના સિન્ડિકેટના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કાર્યાલયનાં સૂચનો આ સાથે સામેલ છે.

(૨) સદરહુ સમિતિએ કરેલી ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૧૧(૧) અને (૭) તથા તે પર રજૂ કરવામાં આવેલ કાર્યાલયનાં સૂચનો પર સિન્ડિકેટની અનુક્રમે તા. ૧૪-૧૨-૧૯૬૮, તા. ૪/૫-૧-૧૯૬૯ અને તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાઓમાં નિર્ણયો લઈ લેવામાં આવેલ છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૭. શ્રી. એમ. પી. પંડ્યા તરફથી આવેલ નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

"એનરોલમેન્ટ ફોર્મની ચકાસણી માટે યુનિવર્સિટીમાં અલગ વહીવટીતંત્ર છે તેમ છતાં તેની ચકાસણીની છેવટની જવાબદારી કૉલેજો પર નાખવામાં આવી છે, અને સરતચૂકથી એ ચકાસણીમાં કાંઈ ગફલત થાય તો કૉલેજોને ઠપકો આપવામાં આવે છે, જ્યારે તે અંગેની છેવટની તપાસણી કરતા આપણા એનરોલમેન્ટ વિભાગની કાંઈ જવાબદારી ન હોય એવું વલણ દેખાય છે.

એટલે કાં તો આ અંગેની જવાબદારી યુનિવર્સિટીએ સ્વીકારવી અને ચકાસણી અંગેનું જે સર્ટિફિકેટ કૉલેજો પાસેથી માગવામાં આવે છે તેનો આગ્રહ નહિ રાખવો અથવા ચકાસણીની સઘળી જવાબદારી અને તે અંગે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી કૉલેજોને સુપરત કરવી."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એમ. પી. પંડ્યાએ સભાગૃહની સમંતિથી પાછો ખેંચી લીધો; તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત અંગે વિચારણા કરવા માટે એક સબ્યે પ્રસ્તાવ રજૂ કર્યો:

૫૭-અ. જે વિદ્યાર્થી એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં એલજિબ્રા અને જ્યોમેટ્રીના વિષયો લીધા વિના એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયો હોય અને તે બીજી યુનિવર્સિટીમાં પ્રી-યુનિ. સાયન્સના વર્ગમાં દાખલ થયા પછી તે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં દાખલ થવા માટે અરજી કરે તો તેને ફર્સ્ટ બી.એસસી. સાયન્સના વર્ગમાં પ્રવેશને પાત્ર ગણવો નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૫૮. ગુજરાત સ્ટેટ ગવર્મેન્ટ કૉલેજ ટીચર્સ એસોસિયેશન, રાજકોટની નીચે જણાવેલ માગણીઓ અંગે તેઓના તા. ૨૧-૧૨-૧૯૬૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

(૧) પ્રાયોગિક પરીક્ષાઓ માટે પરીક્ષકોને કેન્દ્ર ઉપર આગલા દિવસે હાજર રહેવાનું હોય છે તે માટે રોકાણ-ભથ્થું આપવા બાબત.

યુનિવર્સિટી તરફથી પ્રાયોગિક પરીક્ષાનાં દિવસો માટે જ રોકાણ-ભથ્થું આપવામાં આવે છે.

(૨) એસ.વાય. તથા ટી.વાય.બી.એસસી. પરીક્ષાઓ માટે ટપાલ ખર્ચ આપવા બાબત.

પ્રી-યુનિવર્સિટી તથા એફ.વાય. પરીક્ષાઓ કે જ્યાં મોડરેશન પ્રથા છે ત્યાં જ મોરટેજ આપવામાં આવે છે.

(૩) પ્રાયોગિક પરીક્ષાના દિવસો માટે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ના બદલે રૂા. ૧૦-૦૦ આપવા બાબત.

હાલમાં પ્રાયોગિક પરીક્ષાના દિવસો માટે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ આપવામાં આવે છે તથા પેપર સેટિંગ, માર્ક્સ સેટલિંગ મીટિંગો માટે દૈનિક ભથ્થું રૂા. ૧૦ આપવામાં આવે છે.

(નોંધ.—સિન્ડિકેટ તા. ૬-૭-૧૯૬૮—બાબત નં. ૭ :
"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાધ્યિકો/પરીક્ષકોના મહેનતાણાના દરમાં કોઈ ફેરફાર કરવો નહિ.")

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. ૧૯૬૮-૬૯ના વર્ષની ઑડિ. ૬૬ પ્રમાણેની માહિતીમાં નીચેની કૉલેજોમાં તેના નામ સામે દર્શાવેલ ક્ષતિઓ જણાઈ છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ક્ષતિ	નોંધ
૧.	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ઈન્ટર્ન ગર્લ્સ, અમદાવાદ	પરિશિષ્ટના પૂરા સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાથી ચલાવ્યું છે.	ક્ષંતવ્ય ગણવા આચાર્યશ્રીની વિનંતી છે.
૨.	એલ. એસ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	૧. અનુસ્નાતક પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરને નિયત કરતાં ઓછો પગાર અપાય છે. ૨. ગુજરાતીના પૂરા સમયના પ્રાધ્યાપક નથી.	—
૩.	સેઠી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	હિંદીના વ્યાખ્યાતા વગર ચલાવ્યું છે.	૧. કૉલેજે જણાવ્યું છે કે અંગ્રેજીના એક શિક્ષક હિંદી માટે પાત્રતા ધરાવે છે. ૨. હિંદી માટે વિદ્યાર્થી નથી.
૪.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, સોજીત્રા	પરિશિષ્ટના પૂરા સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાથી ચલાવ્યું છે.	—

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂા. ૨૦(વીસ)ની માસિક એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવાનું સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં મંજૂર કર્યું છે તેનો અમલ કયારથી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે માસિક રૂા. ૨૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવાનો સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં કરેલા ઠરાવનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનું રાખ્યું.

૬૧. ફાઇનાન્સ કમિટીની તા. ૭-૪-૧૯૬૯ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૪-૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૪-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૨. તા. ૨૬-૩-૧૯૬૯ના રોજ મળેલ છાત્રાલય સલાહકાર સમિતિની નીચેની ભલામણ નં. ૩ ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ નં. ૩

"હાલમાં ખર્ચમાં થતો વધારો જોતાં સલાહકાર સમિતિને એમ લાગે છે કે છાત્રોને વધુ સુવિધા આપવા સત્ર-ફીમાં વધારો કરવો એ જરૂરી છે. તેથી ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ તેમ જ સ્થાનિક કૉલેજોના છાત્રાલયના ફીના ધોરણનો અભ્યાસ કરી નીચે મુજબ સત્ર-ફી દાખલ કરવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે :

૧. સત્ર દીઠ રહેવાની ફી	૭૫-૦૦
૨. વીજળિક વપરાશની સત્ર દીઠ	
ફી, પંખા સાથે	૨૫-૦૦
ફી, પંખા વગર	૧૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિની ઉપરની ભલામણ નં. ૩ મંજૂર કરવી અને તેનો અમલ જૂન ૧૯૬૯થી કરવાનું રાખ્યું.

૬૩. નાલંદા પ્રકાશને (સુરત) યુનિવર્સિટીના પ્રી-યુનિ. કોમર્સ તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સ પરીક્ષાના પ્રશ્નપત્રો વગર પરવાનગીએ છાપીને યુનિવર્સિટીના કોપીરાઇટનો ભંગ કર્યો હતો તે અંગે આપણા વકીલ શ્રી. એલ. ટી. શાહ મારફતે મોકલેલ નોટિસના જવાબમાં શ્રી. એ. એ. શાહ, નાલંદા પ્રકાશન (સુરત) તરફથી આવેલ તા. ૬-૩-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૩-અ. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં શ્રી. એસ. બી. મહેતા તરફથી અખિલ ભારત એસ. સ્થાનકવાસી શાસ્ત્રોદ્ધાર સમિતિ તરફથી પ્રસિદ્ધ થયેલ જૈન-શાસ્ત્રોનો સંપૂર્ણ ગ્રંથસંગ્રહ મેળવવા માટેનું દાન, રૂા. ૧,૦૦૧નું, સ્વીકાર કરવા માટે મંજૂર કર્યું છે. શ્રી મહેતા જણાવે છે કે ઉપરોક્ત સંસ્થાનાં પ્રકાશનો મેળવવા માટે તે સંસ્થાના આપણે સભ્ય થવાનું રહેશે, તો તે પ્રમાણે સભ્ય થવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન માટે અખિલ ભારત સ્થાનકવાસી શાસ્ત્રોદ્ધાર સમિતિનું સભ્યપદ સ્વીકારવાની શરત મંજૂર કરી શકાય એમ નથી એમ સખેદ જણાવવું.

૬૪. ધી ઇન્ડિયન ફિલોસોફિકલ એસોસિયેશનનું ૧૯મું અધિવેશન જે મેની ૨૫મીથી ૨૯ મે ૧૯૬૯ના સમય દરમિયાન પૂના મુકામે યોજાનાર છે, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સંયુક્ત મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એ. એચ. આર્ય. વોરાને મોકલવા.

૬૫. તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ વલ્લભવિદ્યાનગર મુકામે મળેલી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની વિધિનિર્મિત સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

Resolved that the recommendations of the Sarela Pay Commission to merge the Dearness Allowance in the existing pay-scales of Government employees and the rates of travelling and halting allowances as recommended by the said Commission and accepted by the Government of Gujarat vide its Government Resolution No. PRA-1468/P, dated 31-1-1969 (as per Appendix I), be made applicable to the employees of the Universities in the State of Gujarat.

Resolved further that the State Government be requested to pay additional Block Maintenance Grant on cent-per-cent basis to the universities in the State consequent upon the Implementation of the above recommendations of the Sarela Pay Commission."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૬. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની નિમણૂક થઈ હોવાથી પરીક્ષાના કામ માટે કર્મચારીઓને ઓવરટાઇમ બોલાવવા અંગે કુલસચિવશ્રીને બદલે કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સને સત્તા આપવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પરીક્ષાના કામ માટે કર્મચારીઓને ઓવરટાઇમ કામ માટે બોલાવવાની જરૂર પડે ત્યારે તે માટે તથા તે માટે નિયત દરે તેમનું વેતન મંજૂર કરવા માટે શ્રી. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સને સત્તા આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓનું ઓવરટાઇમનું કામકાજ ચાલતું હોય ત્યારે તે પર અસરકારક દેખરેખ રાખવા માટે ઘટતી વ્યવસ્થા કરવાનું રાખવું.

૬૭. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૩૦-૧-૧૯૬૯ની સભામાં થયેલ ઠરાવને અનુલક્ષીને નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ક્રિમિનલ પ્રોસિજર કોડ"ના વિષય પર ૭૦૦ પાનાં સુધીમાં રહી એક બૌદ્ધિક પુસ્તક લખવાનું કામ પ્રો. વી. કે. દેસાઈ (કન્વીનર), પ્રો. એન. એચ. ભટ્ટ અને પ્રો. એ. એન. સુરતીને સંયુક્ત રીતે સોંપવું. તેમને સંયુક્ત રીતે ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૮ના દરે મહેનતાણું આપવું. તેની પ્રથમ આવૃત્તિમાં ૧૧૦૦ નકલ છપાવવી. સદરહુ હસ્તપ્રત ભાષા તથા વિષયની દૃષ્ટિએ જોઈ તપાસી જવા આચાર્યશ્રી એમ. એસ. પંડિતને મોકલવી. અનુવાદના કામ માટે સર્વશ્રી દેસાઈ, ભટ્ટ અને સુરતીને સંયુક્ત રીતે ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૮ ના દરે મહેનતાણું આપવું.

[નોંધ.—સદરહુ પુસ્તકનો (અંગ્રેજી) પ્રકાશન ખર્ચ નીચે મુજબ થાય તેમ છે :

મુદ્રણ-ખર્ચ	રૂા. ૫,૨૦૦
બાઇન્ડિંગ ખર્ચ	રૂા. ૧,૮૦૦
કાગળ અંગેનું ખર્ચ	રૂા. ૧,૫૦૦
લેખકોને આપવાનું મહેનતાણું	રૂા. ૫,૬૦૦
કુલ ખર્ચ	રૂા. ૧૪,૧૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાદેશિક ભાષામાં પ્રકાશનો તૈયાર કરવા માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્ય સરકારને રૂપિયા એક કરોડની રકમ મળનાર છે તેના સંદર્ભમાં સદરહુ પુસ્તક અંગેનું કામ હાથ ધરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૬૮. પરીક્ષાનાં કેન્દ્રો ઉપર ખર્ચ માટે પરીક્ષા સંચાલનના કાર્યાલય તરફથી અપાતી એડવાન્સની રકમ જે તે પરીક્ષાના સિનિયર સુપરવાઇઝરને આપવી કે જે તે કૉલેજના આચાર્યને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ તમામ કૉલેજોને પરીક્ષા એડવાન્સની રકમ આચાર્યના જોગનો ચેક લખી મોકલી આપવામાં આવે છે. ફક્ત ગુજરાત કૉલેજ જે તે પરીક્ષાના સિનિયર સુપરવાઇઝરને એડવાન્સની રકમ આપવા જણાવે છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૯. સિન્ડિકેટની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવના સંદર્ભમાં જરૂરી સ્પષ્ટતા કરવા અંગે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ પર આવેલી જે કૉલેજો તેમના વિદ્યાર્થીઓની તપીખી તપાસ યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર પર કરાવવા ઇચ્છતી હોય તેઓ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ ફી ભરીને તેમ કરાવી શકશે."

[નોંધ.—ઉપરોક્ત ઠરાવના સંદર્ભમાં કેમ્પસ પરના વિસ્તારની કૉલેજોએ યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવાનો છે, તે માટે વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂા. ૧-૦૦ ની રકમ એકઠી કરી જે તે કૉલેજે રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાની છે. આ રકમ જેટલી મેચિંગ રકમ બીજી કૉલેજોની જેમ યુનિવર્સિટીએ આ કૉલેજો પાસેથી લેવી કે કેમ તે સ્પષ્ટ કરવાની જરૂર છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. બ્રિટિશ કાઉન્સિલની કૉમનવેલ્થ યુનિવર્સિટી ઇન્ટરચેન્જ યોજના હેઠળ યુનિવર્સિટી ઑફ લંડનના તા. ૧૩-૩-૧૯૬૯ના નિમંત્રણ અન્વયે રો. પી. સી. વૈદ્યને તા. ૧લી એપ્રિલ ૧૯૬૯થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના સમય દરમિયાન ૪થી ૬ અઠવાડિયાની સવેતન રજા ઑક્ટોબરથી ડિસેંબર ૧૯૬૯ના અરસામાં આપવા અંગેના તેઓના તા. ૧૯-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રો. પી. સી. વૈદ્યનો મૂળ માસિક પગાર રૂા. ૧,૩૦૦નો છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. સંખેડા આર્ટ્સ કૉલેજ, સંખેડાએ કૉલેજ માટે જે મકાન ખરીદવાનું નક્કી કર્યું છે તે મકાનની યોગ્યતા તપાસવા માટે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના નવા મકાન અંગે કૉલેજની જરૂરિયાતના સંદર્ભમાં સ્થાનિક તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે આચાર્ય એચ. કે. ત્રિવેદીને મોકલવા.

૭૨. તબીબી કૉલેજોમાં ફરજિયાત વ્યાયામ સફળ કે ઉપયોગી થઈ શકે તેમ નથી તેથી તબીબી કૉલેજોમાં વ્યાયામ શિક્ષકની આવશ્યકતા ફરજિયાત ન ગણવાનું સૂચવતા મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૩. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ અંગેની ઑર્ડિ. ૯૬ પ્રમાણેની ૧૯૬૭-૬૮ની માહિતી જોતાં ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નીચેની ઊણપો સાથે કામ ચલાવ્યું હોઈ તેને ક્ષન્તવ્ય ગણવા અંગેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	ઊણપો	નોંધ
૧.	અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે અંગ્રેજીના ટ્યૂટરથી ચલાવ્યું છે.	... (૧) ક્ષંતવ્ય ગણવા આચાર્યશ્રીએ વિનંતી કરી છે. (૨) પગાર વ્યાખ્યાતાનો આપ્યો છે.
૨.	આચાર્યશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બંને વિષય શીખવતા હતા.	... (૧) બંને વિષય માટે પાત્રતા ધરાવે છે. (૨) નવો સુધારેલો નિયમ જે જૂન ૧૯૬૯થી અમલમાં આવનાર છે તે પ્રમાણે શીખવી શકે. (૩) અનુમતિ આપવા આચાર્યશ્રીની વિનંતી છે.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૪. ૧૯૬૮-૬૯ના વર્ષની ઑડિ. ૯૬ પ્રમાણેની માહિતીમાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કૉલેજોનાં નામ સામે દર્શાવેલ ક્ષતિઓ જણાઈ છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. શ્રી. એન. એચ. એલ. જ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન વ્યાયામ શિક્ષક વગર કામ ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ બાબતમાં રેફરીઓના રિપોર્ટ પરથી તેઓને પીએચ.ડી. પદવીને માટે પાત્ર જાહેર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
શ્રી. એન. બી. ત્રિવેદી	વિજ્ઞાન–ભૌતિકશાસ્ત્ર	પીએચ.ડી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોએ એચ. કે. આર્ટ્સ કૉલેજ ઉપર જનરલ એજ્યુકેશનના વિષયમાં જીવવિજ્ઞાન અંગે વ્યાખ્યાનો આપ્યાં તે અંગેનું મહેનતાણું સ્વીકારવાની પરવાનગી આપ્યાના :

વર્ષ ૧૯૬૮-૬૯માં

૧.	ડૉ. સી. કે. શાહ	રૂા. ૧૮	૩.	ડૉ. એ. બી. વ્યાસ	રૂા. ૩૫
૨.	ડૉ. યુ. કે. રાવલ	રૂા. ૧૮	૪.	ડૉ. બી. એસ. વૈદ્ય	રૂા. ૩૫

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૭. મદદનીશ કુલસચિવશ્રી એસ. પી. મેઢને તા. ૭-૪-૧૯૬૯થી રૂા. ૩૫૦-૨૦-૪૫૦-૩૦-૬૦૦ ઈ.બી. ૪૦-૭૨૦ના પગારધોરણમાં અંતરાય ઓળંગવા અંગે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત. તેઓનો મૂળ માસિક પગાર રૂા. ૬૦૦ છે.

યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા મદદનીશ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે મદદનીશ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢને રૂા. ૩૫૦-૨૦-૪૫૦-૩૦-૬૦૦ ઈ.બી. ૪૦-૭૨૦ના પગારધોરણમાં રૂા. ૬૦૦ આગળનો કાર્યક્ષમતા અંતરાય તા. ૭-૪-૧૯૬૯ના રોજ ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭૮. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. એમ. ત્રિવેદીના વધુ લંબાયેલ છ માસનો અજમાયશી સમય તા. ૨૫-૬-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૬-૬-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૨-૩-૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

The Registrar to be appointed in the E.N.T. Department should have registered for M.S. Branch II.

Library

All the standard books with the latest edition should be purchased immediately. Enough budget should be provided to buy subsequent new editions or any new publications as suggested by the teaching staff.

Facilities

The O.P.D. and Operation Theatre: The space is not adequate particularly when the post-graduate students will be in the department.

It is suggested to have a separate examining set for each post-graduate student.

Equipments

The East German Microscope is not found very satisfactory. A West German Microscope should, therefore, be provided.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદને એમ.ડી. બ્રાન્ચ ૧૦ (રેડિયોથેરેપી) માટેના વિષય માટેનું અનુસ્નાતક કેન્દ્ર હાલ આપવું નહિ.

(૫) વધુમાં ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાને એમ.એ. અર્થશાસ્ત્ર, જૂથ "સી" અને "ડી" માટેનું અનુસ્નાતક કેન્દ્ર હાલ આપવું નહિ.

૨૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં જૂન ૧૯૬૯થી અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પરની સિન્ડિકેટે નીમેલી સ્થાનિક

તપાસસમિતિ તરફથી જે અહેવાલ આવ્યો હતો તે તા. ૧૩-૩-૧૯૬૯ની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભા સમક્ષ વિચારણા માટે મૂકતાં નીચે મુજબ ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે હિંમતનગરની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં જૂન, ૧૯૬૯થી એમ.એ. અંગ્રેજીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી મંજૂર રાખવી નહીં." ત્યાર બાદ કૉલેજના આચાર્યશ્રી તરફથી તપાસસમિતિના સભ્યોના અહેવાલના સંદર્ભમાં તા. ૧૯-૩-૧૯૬૯ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પાછી મોકલવી.

તે પછી બાબત નં. ૬૫ અને ૨૪ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી બાબત નં. ૬૫ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૬૫. સિન્ડિકેટે તા. ૬-૭-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ જૂન ૧૯૬૯થી અમલમાં આવતી (સિન્ડિકેટ તા. ૨૮/૨૯-૯-૧૯૬૮) નવી તબીબી તપાસ યોજનામાં નીચેના ફેરફાર કરવાની સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની તા. ૭-૪-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

"વધુમાં ઠરાવવામાં આવે છે કે તબીબી તપાસ અને આરોગ્યકેન્દ્ર માટે નીમવાના દાક્તરની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ એમ.બી.,બી.એસ. કે એલ.સી.પી.એસ. અથવા એલ.એમ.પી અને ૧૦ વર્ષનો અનુભવ એમ રાખવું. તબીબી તપાસ માટે નિમણૂક કરવામાં જે તે દાક્તરનું ગયા વર્ષનું કામ જોઈ, ચીફ મેડિકલ ઑફિસર અને તબીબી વિદ્યાશાખાના ડીને મળી, દાક્તરની નિમણૂક કરવાનું રાખવું (જુઓ મંજૂર થયેલ યોજના ૭-ધ), એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજોને અપાનાર આવર્તક સહાય માટેની કલમ નં. ૫ (મંજૂર યોજના) સ્પષ્ટતા માટે નીચે મુજબ સુધારવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

' વિદ્યાર્થીઓ તરફથી એકઠી કરવામાં આવેલી રકમ જેટલી જ રકમ ઓછામાં ઓછી આરોગ્ય-કેન્દ્રમાં સંચાલન માટે કૉલેજે આપવાની રહેશે, અને જો વધુ રકમ આપવા માંગતી હશે તો તે પણ આપી શકશે. કૉલેજે જેટલી રકમ આ પેટે આપી હશે તેટલી બીજી રકમ રૂા. ૧૦૦ ની મર્યાદામાં રહીને પ્રત્યેક વર્ષ કૉલેજ દીઠ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી તબીબી તપાસ યોજના અંગે આરોગ્યકેન્દ્ર શરૂ કરવાની સગવડ કે માસની કૉલેજોને પણ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. [જુઓ મંજૂર યોજના નં. ૨ (ક)].

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કૉલેજો આરોગ્યકેન્દ્ર શરૂ કરે તે કૉલેજના વિદ્યાર્થીઓ તેમના આરોગ્યકેન્દ્રનો વધુ લાભ લેતા થાય તે માટે આવી કૉલેજના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી આરોગ્યકેન્દ્ર

પર સારવાર જે તે કૉલેજના આચાર્ય અને દાક્તરની ભલામણ હોય તો અને તેમના દવાખાનાની મર્યાદા બહારની સારવાર હેઠળ હોય તો જ આપવાનું રાખવું એમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૅમ્પસ પરની જે કૉલેજે આરોગ્યકેન્દ્ર શરૂ ન કરતાં યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લે તે કૉલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી એકઠી કરેલી રકમ જેટલી જ મેચિંગ ગ્રાન્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવી આવશ્યક ગણવી, એમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. [જુઓ મંજૂર યોજના ૧૦ (૨)].

વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કૉલેજોનાં છાત્રાલયોના ગૃહપતિઓનું સંમેલન યોજનાર છે તે અંગે માહિતી મંગાવી તેમાં આ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોના ગૃહપતિઓમાંથી કેટલાક પ્રતિનિધિઓ મોકલવાની કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.'"

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સદરહુ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૪. સિન્ડિકેટની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવના સંદર્ભમાં જરૂરી સ્પષ્ટતા કરવા અંગે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ પર આવેલી જે કૉલેજે તેમના વિદ્યાર્થીઓની તબીબી તપાસ યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર પર કરાવવા ઇચ્છતી હોય તેઓ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ ફી ભરીને તેમ કરાવી શકશે."

[**નોંધ.**—ઉપરોક્ત ઠરાવના સંદર્ભમાં કૅમ્પસ પરના વિસ્તારની કૉલેજોએ યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવાનો છે, તે માટે વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂા. ૧-૦૦ ની રકમ એકઠી કરી જે તે કૉલેજે રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાની છે. આ રકમ જેટલી મેચિંગ રકમ બીજી કૉલેજોની જેમ યુનિવર્સિટીએ આ કૉલેજો પાસેથી લેવી કે કેમ તે સ્પષ્ટ કરવાની જરૂર છે.]

સદરહુ બાબત અંગેનો નિર્ણય ઉપર બાબત નં. ૬૫માં થઈ ગયેલો હોઈ તે અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૨૫. એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., ટી.વાય.બી.એ., તથા એમ.એ. ભાગ ૧, ભાગ ૨ની ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓના ખર્ચ અંગે વિદ્યાર્થી દીઠ (ફૂલેટ રેઇટ) નક્કી કરવાની વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલમાં મટિરિયલ વગેરેના વપરાશ માટે ખરેખર થયેલ ખર્ચ (એક્ચ્યુઅલ કૉસ્ટ) આપવામાં આવે છે. વિદ્યાર્થી દીઠ રૂા. ૬નો દર નક્કી કરીએ તો યોગ્ય થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., ટી.વાય.બી.એ. તથા એમ.એ., ભાગ ૧ અને ભાગ ૨ ની ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓ માટે ખર્ચ તરીકે વિદ્યાર્થી દીઠ રૂ. ૩ (ત્રણ)ની ઉચ્ચક રકમ સંબંધકર્તા કૉલેજને આપવાનું રાખવું. આ ઠરાવનો અમલ ઑક્ટોબર ૧૯૭૦ અને તે પછીની પરીક્ષાઓ માટે કરવાનું રાખવું. દરમિયાન ચાલુ વર્ષે ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓ માટે થયેલો ખરેખર ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

૨૬. એસ.બી.એસસી. સ્ટેટિસ્ટિક્સની પ્રાયોગિક પરીક્ષામાં તથા ટી.બી.એસસી. માર્ચ ૧૯૬૮ની ગણિતશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષામાં (ન્યુમેરિકલ મેથડ્સના) પ્રત્યેક સેટ બનાવવા માટે મહેનતાણાના દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે પ્રત્યેક સેટ બનાવવાના મહેનતાણા માટે રૂ. ૧૫નો દર મંજૂર કરવો.

૨૭. ગુજરાત સ્ટેટ ગવર્નમેન્ટ કૉલેજ ટીચર્સ એસોસિયેશન, રાજકોટની નીચે જણાવેલ માગણીઓ અંગે તેઓના તા. ૨૧-૧૨-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

૧. પ્રાયોગિક પરીક્ષાઓ માટે પરીક્ષકોને કેન્દ્ર ઉપર આગલા દિવસે હાજર રહેવાનું હોય છે તે માટે રોકાણુ ભથ્થું આપવા બાબત : યુનિવર્સિટી તરફથી પ્રાયોગિક પરીક્ષાના દિવસો માટે જ રોકાણુ ભથ્થું આપવામાં આવે છે.

૨. એસ.વાય. તથા ટી.વાય.બી.એસસી. પરીક્ષાઓ માટે ટપાલ ખર્ચ આપવા બાબત : પ્રી-યુનિવર્સિટી તથા એફ.વાય. પરીક્ષાઓ કે જ્યાં મોડરેશન પ્રથા છે ત્યાં જ પોસ્ટેજ આપવામાં આવે છે.

૩. પ્રાયોગિક પરીક્ષાના દિવસો માટે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ના બદલે રૂા. ૧૦-૦૦ આપવા બાબત : હાલમાં પ્રાયોગિક પરીક્ષા માટે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ આપવામાં આવે છે તથા પેપર સેટિંગ, માર્ક્સ સેટલિંગ મીટિંગો માટે દૈનિક ભથ્થું રૂા. ૧૦ આપવામાં આવે છે.

(નોંધ.—સિન્ડિકેટ તા. ૬-૭-૧૯૬૮, બાબત નં. ૭ :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો/પરીક્ષકોના મહેનતાણાના દરમાં કોઈ ફેરફાર કરવો નહીં.")

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જે પ્રાયોગિક પરીક્ષાઓ માટે પરીક્ષકોને એક દિવસ વહેલા આવવાનું આવશ્યક હોય તે પરીક્ષાઓ માટેના પરીક્ષકોને પરીક્ષાના આગલા દિવસના રોકાણુ માટે દૈનિક ભથ્થા તરીકે રૂ. ૭-૫૦ (સાડાસાત રૂપિયા)નો દર મંજૂર કરવો. આ નિયમનો અમલ ઑક્ટોબર ૧૯૬૯ અને તે પછીની પરીક્ષાઓ માટે કરવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એસ.વાય. તથા ટી.વાય.બી.એસસી.ની પરીક્ષાઓ માટે પરીક્ષકોને ટપાલખર્ચ આપવાની માગણી મંજૂર કરવી નહિ.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રાયોગિક પરીક્ષા માટે પરીક્ષકોને અપાતા હાલના દૈનિક ભથ્થામાં કશો ફેરફાર કરવો નહિ.

૨૮. પરીક્ષાનાં કેન્દ્રો ઉપર ખર્ચ માટે પરીક્ષા સંચાલનના કાર્યાલય તરફથી અપાતી એડવાન્સની રકમ જે તે પરીક્ષાના સિનિયર સુપરવાઇઝરને આપવી કે જે તે કૉલેજના આચાર્યને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ તમામ કૉલેજોને પરીક્ષા એડવાન્સની રકમ આચાર્યના જોગનો ચેક લખી મોકલી આપવામાં આવે છે. ફક્ત ગુજરાત કૉલેજ જે તે પરીક્ષાના સિનિયર સુપરવાઇઝરને એડવાન્સની રકમ આપવા જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રના ખર્ચ પેટે જે એડવાન્સ રકમ આપવામાં આવે છે તે રકમ સંબંધકર્તા કૉલેજના આચાર્યને જ આપવાનું રાખવું.

૨૯. મુખ્ય નિરીક્ષક(Senior Supervisor)ને પરીક્ષાના સંચાલન માટે બહારગામની પરીક્ષાનાં કેન્દ્રો ઉપર ફરજ આપવામાં આવે ત્યારે તેઓને માટે મુસાફરી ભથ્થું તથા રોકાણ-ભથ્થું કયા દરે આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાના કામકાજને માટે જે વ્યક્તિઓને સિનિયર સુપરવાઇઝર તરીકે અન્ય કેન્દ્રો પર મોકલવામાં આવે ત્યારે તેમને દૈનિક રૂ. ૨૦ના વેતન ઉપરાંત જવાઆવવાનું રેલવેનું પ્રથમ વર્ગનું ભાડું અથવા તેઓ જો બસ દ્વારા મુસાફરી કરે તો તે બસનું થયેલ ખરેખર ખર્ચ પ્રવાસભથ્થા તરીકે અને માર્ગલના બે પૈસાના દરે ઇન્સિડેન્ટલ ખર્ચ આપવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે તેમને પ્રત્યેક દિવસના રોકાણ માટે રૂ. ૧૦નું દૈનિક ભથ્થું આપવું.

૩૦. નીચે જણાવેલ પરીક્ષાઓમાં કેટલાંક કામના વેતનમાં ફેર નક્કી કરવા વિચારણા કરવા બાબત :

(૧) એમ.એ., એમ.એસસી.ની ગણિતશાસ્ત્રની મૌખિક પરીક્ષામાં તથા એમ.એ. નવા કોર્સની મૌખિક પરીક્ષા માટે પરીક્ષકને કયા દરે મહેનતાણું આપવું.

(૨) એમ.એસસી. પરીક્ષામાં સ્ટેટિસ્ટિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષા વખતે ખાસ (Special) પ્રકારના મિકેનિકસની જરૂર હોઈ તેને પ્રાયોગિક પરીક્ષાના દિવસો પૂરતું કયા દરે મહેનતાણું આપવું.

[નોંધ.—મિકેનિકસને કુલપતિશ્રીની મંજૂરી લઈને રોજના રૂા. ૧૧ (અગિયાર) ચૂકવવામાં આવતા હતા.]

(૩) બી.એસસી. નર્સિંગ પરીક્ષામાં પ્રાશ્નિક/પરીક્ષકોનાં વેતન નક્કી કરવા.

(૪) બી.ઈ. ફોર્થ મિકેનિકલ તથા ઇલેક્ટ્રિકલ પરીક્ષાના લેબોરેટરી સ્ટાફનો દર તથા લેબો. સ્ટાફની નિમણૂક તથા પ્રાયોગિક તથા મૌખિક પરીક્ષાના પરીક્ષકોને આપવાના દર નક્કી કરવા.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી.ની ગણિતશાસ્ત્રની મૌખિક પરીક્ષામાં તથા એમ.એ. નવા કોર્સની મૌખિક પરીક્ષામાં કાર્ય કરવા માટે પ્રત્યેક શિક્ષકને વિદ્યાર્થી દીઠ રૂ. ૧-૫૦ પૈસાના દરે વેતન આપવું. આ પરીક્ષા માટે એક દિવસે ૩૦ વિદ્યાર્થીઓથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ શકાશે નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. પરીક્ષામાં સ્ટેટિસ્ટિક્સ વિષયની પ્રાયોગિક

પરીક્ષા માટે જરૂર પ્રમાણે મિકેનિક રોકવા માટે તથા તેને ઓડહૉક ધોરણે વેતન આપવા માટે શ્રી કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સને સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એસસી. (નર્સિંગ), પાર્ટ ૧ની પરીક્ષા માટે પ્રાશ્નિક/પરીક્ષકોના વેતનના દર એફ.વાય.બી.એસસી. મુજબ રાખવા અને બી.એસસી. (નર્સિંગ) પાર્ટ ૨ની પરીક્ષા માટે પ્રાશ્નિક/પરીક્ષકોના વેતનના દર એસ.વાય.બી.એસસી. મુજબ રાખવા.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.ઈ. ફોર્થ (મિકેનિકલ તથા ઇલેક્ટ્રિકલ) પરીક્ષાના લેબોરેટરો સ્ટાફની જરૂરિયાત તથા તેમના વેતનના દર નીચે મુજબ રાખવા :

Rate of Remuneration of B.E. IV (M. & E.)

	4 hrs. or less	*4 to 7 hours*	*2 Practicals*
Expert Assistant	Rs. 6/-	Rs. 10/-	Rs. 12/-
Laboratory Assistant and Store-keeper	Rs. 4/-	Rs. 5/-	Rs. 6/-
Hamal	Rs. 2/-	Rs. 2-50 P.	Rs. 3/-

Practical and Oral Examinations
B.E. IV (Mechanical)

		Rs. P.
1.	Fluid Mechanics : T. W.	0-50
2.	Metallurgy	0-50
3.	Mechanical Technology-II : T. W.	1-00
	Practical	2-00
4.	Thermodynamics : T.W.	1-00
	Practical	2-00
5.	Machine Design-II : T.W.	1-00
	Practical	2-00
6.	Boilers and Heat Engines : T.W.	1-00
	Practical	2-00

B.E. IV (Electrical)

1.	Electrical Machine-II : Practical	2-00
	Term-work	0-50
2.	Electrical Measurement & Measuring Instrument : Practical	2-00
	Term work	0-50
3.	Elements of Electrical Design : Term work	0-50
	: Oral and Sketches	2-00
4.	Physics-IV : Term work	0-50
	: Practical	2-00

સિન્ડીકેટ (મે)
તા. ૧૧-૫-'૬૯

Subject	*Days of preparation*	*Days of cleaning*	*Exp. Asst.*	*Lab. Asst. Store-keeper*	*Hamal*	*No. of students per Batch*
Thermodynamics :						
Oral	2	2	2	5	6	10
T.W.	—	—	—	1	1	50
Machine Design :						
Oral	1	1	1	—	2	20
T.W.	—	—	—	1	1	50
Mech. Tech. : Pract.	1	1	1	1	1	10
T.W.	1	1	1	1	1	50
Fluid Mechanics :						
T.W.	—	—	—	1	1	50
Metallurgy : T.W.	—	—	—	1	1	50
Boiler & Heat						
Engines : Pract.	2	2	2	5	6	10
: T.W.	—	—	—	1	1	50

Laboratory Supervisors for Engineering Examinations Rs. 15–00 per day.

B.E. IV (Electrical)

Electrical Machines–II :						Electrician 1*
Practical	1	1	2	2	2	8
Term-work	—	—	—	1	1	50
Electrical Measurements and Measuring Instruments :						
Practical	2	1	2	2	2	8
Term work	—	—	—	1	1	50
Elements of Ele. Design :						
Oral & Sketching	1	1	1	—	2	20
Term work	—	—	—	1	1	50
Physics	2	1	2	1+1=2	2	10

*In Old Course Examination, this provision was not there, hence this is a new entry which is very essential.

૩૧. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી આવેલ જોડાણ-અરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"A Special Committee be appointed by the University, preferably before August, 1969, to study and report on the finalised blue-print for the full-fledged institute covering the physical requirement in relation to the standard pattern as normally fixed by recognised All-India bodies like the All-India Council of Technical Education. The composition of this committee be as under :

Two members representing the Faculty of Engineering, including Technology, Gujarat University.

Two top-level technical executives representing Refinery, Fertilizer and Petro-Chemical Industries.

Head of Chemical Engineering Department, I.I.T., Bombay.

Note.— In case the Director of Technical Education, Gujarat State, is not a member of the committee, he may be appointed on the committee, as an additional member to advise the committee in regard to diploma course.

The committee be also requested to examine whether it will be in the interest of the State to split the intake into two components as under :

30 students for a 5-year Degree Course in Chemical Engineering. The admission qualification for this course be Pre-University Science pass.

30 students for a 3-year Degree Course in Chemical Technology with specialisations in Petro-Chemical and down stream chemical products, Fertiliser, manufacture, refinery process, and such allied subjects in relevance to the current corresponding technological developments in Gujarat in particular, and in India in general. The admission qualification for this be B.Sc. pass in Chemistry.

The committee be further requested to go into the issue of the general structure of the envisaged course/s and suggest broad outlines of the same in view of the current technological trends in the country. (No detailed subject syllabi required.)

The committee be enjoined to submit a comprehensive report on the suggested lines by about the end of September, 1969."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે સર્વગ્રાહી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. કે. જે. ભટ્ટ, ડીન, ફેકલ્ટી ઑફ ટેકનોલોજી, ઇન્ફર્મેશન એન્જિનિયરિંગ
(૨) ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
(૩) ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન
(૪) ડિરેક્ટર, આઈ. આઈ. ટી., મુંબઈ
(૫) શ્રી. ગિરીશભાઈ દેસાઈ
(૬) શ્રી. સી. બી. પટેલ
(૭) શ્રી. ઉપેન્દ્ર ભટ્ટ
(૮) ડૉ. ટી. એન. મહેતા.

૩૨. "ફેડરેશન ઑફ કૉલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશન ઑફ ગુજરાત"ના એક પ્રતિનિધિ એકમ તરીકે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશનને માન્યતા આપવા અંગેના તેના મંત્રીશ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"જુદી જુદી વિદ્યાશાખાઓની અભ્યાસસમિતિઓએ તૈયાર કરેલી પેનલો અને પ્રાધ્યિકો/પરીક્ષકોની નિમણૂકો માટે લાયકાત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોની નકલ કૉલેજોના આચાર્યોને તેમની કૉલેજોના અધ્યાપકોની જાણ માટે ઉપલબ્ધ કરવા માટે મોકલી આપવાની પ્રથા પાડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં બાબત નં. ૩૧ હેઠળ રચેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૪. યુનિવર્સિટીના પરીક્ષાના યાંત્રિક વિભાગમાં ઇન્ટરનેશનલ કૉમ્પ્યુટર્સ લિ.નાં ૯૦૨ મોડલનાં બે ટેબ્યુલેટર્સ અને એક રિપ્રોડ્યુસરને બદલે ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન કું.નું એક ટેબ્યુલેટર મોડલ નં. ૪૦૭ તથા એક રિપ્રોડ્યુસર ભાડે લેવા બાબત.

(આથી વાર્ષિક રૂા. ૧૨,૦૦૦ની બચત થશે તથા કામકાજમાં સુવિધા રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના યાંત્રિક વિભાગ માટે ઇન્ટરનેશનલ કૉમ્પ્યુટર્સ લિ.ના ૯૦૨ મોડલનાં બે ટેબ્યુલેટર્સ અને એક રિપ્રોડ્યુસરને બદલે ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન કંપનીનું એક ટેબ્યુલેટર મોડલ નં. ૪૦૭ તથા એક રિપ્રોડ્યુસર તેનાં બીજાં સાધનો સાથે ભાડે લેવાનો પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. નાલંદા પ્રકાશને (સુરત) યુનિવર્સિટીના પ્રી-યુનિવર્સિટી કોમર્સ તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સ પરીક્ષાના પ્રશ્નપત્રો વગર પરવાનગીએ છાપીને યુનિવર્સિટીના કોપીરાઇટનો ભંગ કર્યો હતો તે અંગે આપણા વકીલ શ્રી. એલ. ટી. શાહ મારફતે મોકલેલ નોટિસના જવાબમાં શ્રી. એ. એ. શાહ મારફતે નાલંદા પ્રકાશન (સુરત) તરફથી આવેલ તા. ૬-૩-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીએ રોકેલ વકીલ શ્રી. લાલભાઈ શાહની સલાહ લઈને તે મુજબ આગળ પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા એક્સચેન્જ કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટને આપણી યુનિવર્સિટીના નીચે જણાવેલ વિદ્યાર્થીઓએ અમેરિકામાં ઉચ્ચ અભ્યાસાર્થે એક્સચેન્જ મેળવવા માટે ખોટાં સ્ટેટમેન્ટ-ડોકયુમેન્ટ બનાવીને કે રજૂ કરીને અરજી કરી હતી તે બાબતમાં યોગ્ય પગલાં લેવા યુનિવર્સિટીને જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	વિદ્યાર્થીનું નામ	પરીક્ષા	બેઠક નંબર	વર્ષ	વર્ગને બદલે જણાવેલ વર્ગ	
૧.	પટેલ જગાભાઈ મોરારભાઈ	થર્ડ બી.એ.	૫૭૧૨	એપ્રિલ ૧૯૬૫	પાસ	ફર્સ્ટ ક્લાસ
૨.	શાહ હસમુખ નટવરલાલ	થર્ડ બી.એસસી.	૭૨૧	એપ્રિલ ૧૯૬૮	સેકન્ડ	ફર્સ્ટ ક્લાસ
૩.	પટેલ ભરતકુમાર કુબેરદાસ	બી.ઈ. ઇલેક્ટ્રિકલ	૩૩	ઓકટોબર ૧૯૬૭	સેકન્ડ	ફર્સ્ટ ક્લાસ
૪.	પટેલ ચિમનલાલ પુરુષોત્તમ	થર્ડ બી.એસસી.	૨૨૦૫	ઓકટોબર ૧૯૬૮	સેકન્ડ	ફર્સ્ટ ક્લાસ
૫.	શાહ કનૈયાલાલ જગાભાઈ	થર્ડ બી.એસસી.	૬૨૮	એપ્રિલ ૧૯૬૮	સેકન્ડ	ફર્સ્ટ ક્લાસ
૬.	પંડ્યા ભરતકુમાર પ્રાણશંકર	બી.ઈ. મિકેનિકલ	૬૪	એપ્રિલ ૧૯૬૮	સેકન્ડ	ફર્સ્ટ ક્લાસ

સદરહુ બાબત અંગે જે તે વિદ્યાર્થીઓ તરફથી આવેલા ખુલાસાના પત્રો તથા રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સાથે થયેલ પત્રવ્યવહાર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર, એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ ફાઇનાન્સ, ચંદ્ર કોલોની, અમદાવાદ-૬ને રિઝર્વ બેંક તરફથી તપાસ માટે લખાણ કરવામાં આવ્યું છે તે જોતાં તપાસનું પરિણામ આવ્યેથી આ બાબત પર આગળ વિચારણા કરવાનું રાખવું. દરમ્યાન રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને આ બાબતમાં જે માહિતીની જરૂર હોય તે માહિતી પૂરી પાડવી.

૩૭. બ્રિટિશ કાઉન્સિલની કોમનવેલ્થ યુનિવર્સિટી ઇન્ટરચેન્જ યોજના હેઠળ યુનિવર્સિટી ઓફ લંડનના તા. ૧૩-૩-૧૯૬૯ના નિમંત્રણ અન્વયે ડૉ. પી. સી. વૈદ્યને તા. ૧લી એપ્રિલ ૧૯૬૯થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના સમય દરમિયાન ૪થી ૬ અઠવાડિયાની સવેતન રજા (ઓકટોબરથી ડિસેંબર ૧૯૬૯ના અરસામાં) આપવા અંગેના તેઓના તા. ૧૯-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. પી. સી. વૈદ્યનો મૂળ માસિક પગાર રૂા. ૧,૩૦૦નો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. સી. વૈદ્યને ઑક્ટોબર ૧૯૬૯થી ડિસેંબર ૧૯૬૯ના ગાળામાં ૪ થી ૬ અઠવાડિયાની રજા ખાસ રજા તરીકે મંજૂર કરવી. તે દરમ્યાન તેમને તેમનો મૂળ માસિક પગાર આપવો.

૩૮. ઇતિહાસ ઇત્યાદિની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭-૬-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર—

(૧) એમ.એ., ભાગ ૧—ઇતિહાસના પ્રશ્નપત્ર ૩—"ઇન્ટરનેશનલ રિલેશન્સ"માં ૧૦૦૧ થી ૧૯૫૦ એ.સી. છે તેને બદલે ૧૯૦૧ થી ૧૯૬૦ એ.સી. કરવા તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.-૫, એમ.એ., ભાગ ૧—ઇતિહાસના પ્રશ્નપત્ર ૩ વાળો સંબંધકર્તા ભાગ સુધારવા;

(૨) પ્રથમ વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૧માં Ancient India (325 B.C. to 647 A.D.)માંથી Alexander's invasion રદ કરવા તથા તે મુજબ આર્ટ્સ-૨ના પ્રથમ વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૧નો સંબંધકર્તા ભાગ સુધારવા;

(૩) તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૭—Constitutional History of India (from 1858 to 1950)માંથી Early back-ground, The Regulating Act, 1773; Pitt's India Act; The Charter Acts રદ કરવા તથા રેગ્યુ. આર્ટ્સ ૧૨ના તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૭નો સંબંધકર્તા ભાગ તે મુજબ સુધારવા;

(૪) તૃતીય વર્ષ બી.એ.—History of Gujarat (from 1470 A.D. to 1573 A.D.) ને બદલે (from 470 A.D. to 1573 A.D.)ની સાલ સુધારવા તથા તે મુજબ આર્ટ્સ-૧૨ના તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૮નો સંબંધકર્તા ભાગ સુધારવા;

(૫) તૃતીય વર્ષ બી.એ., પેપર ૮—History of Gujarat માંથી the back-ground —Gujarat under Guptas રદ કરવા તથા રેગ્યુ. આર્ટ્સ-૧૨ના તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૮નો સંબંધકર્તા ભાગ તે મુજબ સુધારવા;

(૬) તૃતીય વર્ષ બી.એ.ના પેપર ૧૦—History of the U.S.A. (1861-1945)માંથી Back-ground—Declaration of Independence, 1776 રદ કરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૨ના તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૧૦નો સંબંધકર્તા ભાગ સુધારવા;

(૭) દ્વિતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૫—History of East Asiaમાં (1839 to 1950) સાલ ઉમેરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૬(એ)ના દ્વિતીય વર્ષ બી.એ.ના ઇતિહાસના પેપર ૫નો સંબંધકર્તા ભાગ સુધારવા અને તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ની સભાનાં ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.-૫, રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૧૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૬ (એ) સુધારવા તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

૩૯. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૫-૨-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી વિનયન તથા ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને ટી.બી.એ તથા એમ.એ., ભાગ. ૧ અને ૨ના ગુજરાતી વિષયનો સુધારેલો અભ્યાસક્રમ તથા તે અંગેના સુધારેલા સંબંધકર્તા રેગ્યુલેશનો રેગ્યુ. પ્રી.આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ તથા રેગ્યુ. એમ.એ.-૪ અને રેગ્યુ. એમ.એ.-૭ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો શાબ્દિક ફેરફાર સાથે મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશનો રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૨, રેગ્યુ. આર્ટ્સ-૭, રેગ્યુ. આર્ટ્સ-૧૨, રેગ્યુ. એમ.એ.-૪ અને રેગ્યુ. એમ.એ.-૭ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

સુધારેલા રેગ્યુલેશનો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે. જેમાં સભામાં કરેલ શાબ્દિક ફેરફાર મોટા અક્ષરે છાપ્યા છે.

૪૦. ભારતનાં સંરક્ષણદળોમાં તાત્કાલિક જરૂરિયાતના ધોરણે ભરતી કરાયેલા અફસરો (Emergency Commissioned Officers) તથા બીજા લશ્કરી કર્મચારીઓ જેમને છૂટા કરવામાં આવ્યા છે તેમને માટે ધંધા સાથે સંકળાયેલા હોય એવા (job oriented) ટૂંકી મુદતના અભ્યાસક્રમો શરૂ કરવાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૧. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી અને ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીના મંત્રીશ્રી મારફતે મદુરાઇ યુનિવર્સિટી, મદુરાઇના કુલપતિશ્રી તરફથી મજકૂર યુનિવર્સિટીમાં ગુજરાતી વિષય માટે " Chair " સ્થાપવા માટે આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મદુરાઇ યુનિવર્સિટીમાં ગુજરાતીના વિષય માટે પ્રાધ્યાપક-પદ (chair) સ્થાપવાનું સૂચન આવકારપાત્ર છે, પરંતુ તે માટે આ યુનિવર્સિટી કશી આર્થિક જવાબદારી સ્વીકારી શકે તેમ નથી, એમ કુલાધિપતિશ્રીના સચિવને જવાબ આપવો અને સૂચવવું કે તે અંગેની આર્થિક જવાબદારીની બાબતમાં ગુજરાત રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવામાં આવે.

૪૨. માર્ચ-એપ્રિલ, ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની કૂટ અંગેની તપાસસમિતિના અહેવાલ પરના સિન્ડિકેટની તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કાર્યાલયનાં સૂચનો આસાથે સામેલ છે.

(૨) સદરહુ સમિતિએ કરેલી ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૧૧ (૧) અને (૭) તથા તે પર રજૂ કરવામાં આવેલ કાર્યાલયનાં સૂચનો પર સિન્ડિકેટની અનુક્રમે તા. ૧૪-૧૨-૧૯૬૮, તા. ૪/૫-૧-૧૯૬૯ અને તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાઓમાં નિર્ણયો લઈ લેવામાં આવેલ છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૩. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નીમેલ સમિતિની તારીખ ૮-૪-૧૯૬૯ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૪. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૧૬-૧-૧૯૬૯ની સભાએ એપ્રિલ ૧૯૬૭માં બેઠક નં. ૨૦૬થી બેઠેલ વિદ્યાર્થિની કુ. શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલની બાબતમાં કુ. શર્મિષ્ઠાએ ભરેલ બીજી એલએલ.બી. પરીક્ષા માટેની હાજરી માન્ય રાખી શકાય તેમ ન હોવાથી તેણીનાં સત્રો માન્ય રાખી શકાય નહીં એમ કરેલ ભલામણ કે જે પર વિચારણા કરી સિન્ડિકેટની તા. ૨-૩-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલ તે અન્વયે કુ. શર્મિષ્ઠા માટેનો બીજી એલએલ.બી. પરીક્ષાનો પ્રબંધ રદ ગણી તેમનું તે પરીક્ષાનું પરિણામ પણ રદ થાય છે તો તે અંગે નોંધ લેવા સારુ.

(નોંધ.—જાહેરનામા નં. ૨૫ 'પરીક્ષા' અ/૧૯૬૮-૬૯, તા. ૭-૪-૧૯૬૯થી શર્મિષ્ઠાબહેન પટેલનો બીજી એલએલ.બી. પરીક્ષામાંથી પ્રવેશ રદ કરી પરિણામ પણ રદ કરેલ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૫. આગામી ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષના સંલગ્ન કૉલેજોમાં ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના સૂચન પ્રમાણે એન.સી.સી.ની યોજના મર્યાદિત સંખ્યાના વિદ્યાર્થીઓ માટે કૉલેજોની પસંદગી કરવા બાબત તથા તેની તાલીમ માટે જે તે કૉલેજના અધ્યાપકોને તે વિદ્યાર્થીઓને પસંદ કરવા બાબત તથા આ માટેના અધિકારીઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સ્પષ્ટતા કરવામાં આવી કે સદરહુ યોજના હેઠળ કૉલેજો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની પસંદગી અંગે કુલપતિશ્રીએ જરૂરી નિર્ણય લીધેલો છે. તે પછી કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪૬. તા. ૮-૪-૧૯૬૯ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ, ન્યૂ દિલ્હીને ફૂટબૉલ પશ્ચિમ વિભાગની આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓ યોજવાનું આમંત્રણ આપવાનું અને તે સ્વીકારાય નહિ તો આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ જે કાર્ય રમતની આંતર-

યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજવાનું આ યુનિવર્સિટીને સોંપવા માટે નક્કી કરે, અને તે જો શક્ય હોય તો સ્વીકારવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૭. આંતર-યુનિવર્સિટી બોર્ડના નીચેના ઠરાવને અનુલક્ષીને આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત:

"In view of the increasing importance of sports in University life and the greater resources that are likely to be made available, it was felt that the universities should as far as possible nominate such representatives to the Inter-University Sports Board as are concerned with policy making at the University level."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે સદરહુ બોર્ડની સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કુલપતિશ્રીના આદેશથી યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અધિકારી શ્રી. વી. પી. મહેતાને મોકલવામાં આવ્યા હતા. તે પછી કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪૮. એન.સી.સી. ગ્રુપ હેડ ક્વાર્ટર્સના કમાન્ડિંગ ઑફિસરે તેમના તા. ૯-૪-૧૯૬૯ના પત્રાંક ૩૧-૧૬થી કુલ ૪૫ વિદ્યાર્થીઓની એન.સી.સી.ની પરેડની હાજરી ખૂટે છે એવી જાણ કરી હોઈ અને દરમિયાનમાં આ વિદ્યાર્થીઓની પરીક્ષા પૂરી થઈ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૯. સ્વ. જયાલક્ષ્મી કૃષ્ણલાલ ધ્રુવની શ્રી અંબિકા મિલની જમીનની ભાડાની વાર્ષિક આવક રૂા. ૭૦૦ (સાત સો) સુવર્ણચંદ્રક અથવા પારિતોષિક પ્રતિવર્ષ આપવા અંગે તેમના એક્ઝિક્યુટર શ્રી. અંબરીષલાલ ઇન્દુલાલ હજરતના તા. ૫-૪-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૦. યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષો માટે તૈયાર કરેલાં ખાલી રહેલાં રહેઠાણોની ફાળવણી અંગેની નીચેની શરત યુનિવર્સિટીના બે પ્રોફેસરોને સ્વીકાર્ય નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટી સત્તાવાળાઓ જણાવે ત્યારે ત્રણ મહિનાની નોટિસથી સદરહુ બંગલો ખાલી કરવામાં આવશે તેવી લેખિત બાંયધરી આપવામાં આવે."

(નોંધ.—હવે ત્રીજો બંગલો પણ ખાલી પડનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શરતનાં 'ત્રણ મહિનાની નોટિસથી' એ શબ્દોને બદલે '૭ મહિનાની નોટિસથી' એ શબ્દો મૂકીને સુધારેલી શરત મંજૂર કરવી.

૫૧. "ટી.વાય.બી.એસસી. પરીક્ષામાં" Numerical Maths.ની પ્રાયોગિક પરીક્ષામાં પ્રશ્નપત્રના પ્રત્યેક સેટ દીઠ શું મહેનતાણું આપવું તે અંગે વિચારણા કરવાબાબત.

સદરહુ બાબત અંગેનો નિર્ણય બાબત નં. ૨૬ હેઠળ થઈ ગયેલો હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૫૨. કલકત્તા મુકામે ડી.પી.એચ. પરીક્ષાના અભ્યાસ માટે યુનિવર્સિટી તરફથી ચાલુ પગારે મોકલવા માટે યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની તા. ૧૦-૪-૧૯૬૯ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઉપરોક્ત અભ્યાસક્રમ કલકત્તા ખાતે ઑલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇજીન અને પબ્લિક હેલ્થ, કલકત્તામાં તા. ૧-૭-૧૯૬૯થી શરૂ થાય છે અને ૧૦ માસનો અભ્યાસક્રમ છે. તા. ૧૫-૫-૧૯૬૯ પહેલાં અરજી કલકત્તા પહોંચવી જરૂરી છે.

(૨) તેમનો હાલ મૂળ માસિક પગાર રૂા. ૫૫૦ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. બી. ગોવિંદાણી તા. ૧૫-૨-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-અ પ્રમાણે તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે તેમની તા. ૨૩-૪-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૬-૨-૧૯૬૦ના રોજ જોડાયા હતા અને તા. ૧૫-૨-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. બી. ગોવિંદાણીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૫૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. બી. ગોવિંદાણી તા. ૧૫-૨-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ અને યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ અંગે તેમની તા. ૨૩-૪-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૬-૨-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૧૫-૨-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. બી. ગોવિંદાણીને તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫૫. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં અને તારીખે કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દા	પગારધોરણ	હાલનો મૂળ પગાર	અંતરાય ઓળંગવાની તારીખ
(૧)	શ્રી. પી. એમ. ગાંધી	હેડ કંપોઝીટર	રૂા. ૧૦૦-૫-૧૫૦-ઇ.બી. ૫-૧૮૦	રૂા. ૧૫૦	૨૧-૬-૧૯૬૯
(૨)	શ્રી. એ. સી. આચાર્ય	જુનિયર કંપોઝીટર	રૂા. ૫૦-૩-૮૦-ઇ.બી. ૪-૧૦૦	રૂા. ૮૦	૨૨-૬-૧૯૬૯
(૩)	શ્રી. જે. કે. પરમાર	,,	,,	રૂા. ૮૦	૨૫-૬-૧૯૬૯
(૪)	શ્રી. બી. પી. ત્રિવેદી	,,	,,	રૂા. ૮૦	૧૪-૭-૧૯૬૯

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ચારેય સભ્યોને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં અને તારીખે કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૬. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં ૧૯૬૯-૭૦ના વર્ષ માટે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણને અનુલક્ષીને સિન્ડિકેટે ઠરાવ કર્યો છે, તેના સંદર્ભમાં ૬૦ ને બદલે ૭૫ વિદ્યાર્થીઓ લેવા દેવા અંગેની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે તેઓની મજકૂર વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૫૭. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, ધંધુકાએ ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન છાત્રાલયની વ્યવસ્થા વગર ચલાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના આચાર્યને જણાવવું કે પ્રત્યેક કૉલેજે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓને માટે કૉલેજના અલાયદા છાત્રાલયની વ્યવસ્થા કરવી આવશ્યક છે.

૫૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક માટે તા. ૨૯-૪-૧૯૬૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૯-૪-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. સી. જી. ખત્રીને રૂા. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં અપવાદરૂપે મૂળ માસિક પગાર રૂા. ૧,૩૦૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તા. ૧૬-૬-૧૯૬૯ થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯-૪-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૯. યુનિવર્સિટી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો ગુજરાત રાજ્ય બહાર અગાઉથી છપાવી લેવા અંગે પરીક્ષા સમિતિએ કરેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**-(૧) આ વ્યવસ્થા વિચારતી વખતે પ્રશ્નપત્રો નવેમ્બર સુધીમાં તૈયાર થઈ જવાં જોઈએ.

(૨) આ યોજના પ્રમાણે પ્રશ્નપત્રો તૈયાર કરતાં જો કોઈ પ્રશ્નપત્રની ગુપ્તતા જોખમાય તો વિકલ્પે બીજી યોજના પણ તૈયાર રાખવી જોઈએ.

(૩) આ પ્રશ્નપત્રો ક્યાં અને કેવી રીતે છાપવાં તે અંગેનો તમામ પત્રવ્યવહાર ખાનગી રાહે થાય તેવી યોજના સંપૂર્ણ રીતે વિચારવી પડે.]

સદરહુ બાબતનો વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના રીડર માટે તા. ૨૬-૪-૧૯૬૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકની બાબતમાં સદરહુ વરણીસમિતિની તા. ૨૬-૪-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા શ્રી. કે. ડી. દેસાઈ ને રૂા. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૭૫૦થી સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના રીડર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૬-૪-૧૯૬૯ ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતના રીડર માટે તા. ૩૦-૪-૧૯૬૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૪-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. એ. એમ. વૈદ્યને રૂા. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૭૫૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતના રીડર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૩૦-૪-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

તે પછી બાબત ક્રમાંક ૬૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બે જગ્યા, મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ફિલોસોફીની એક જગ્યા, ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન પ્રાકૃતની એક જગ્યા તથા લેક્ચરર ઇન હિન્દીની એક જગ્યા માટે તા. ૯-૫-૧૯૬૯ અને તા. ૧૦-૫-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તાં જગ્યાઓ પરની નિમણૂકની બાબતમાં સદરહુ વરણીસમિતિની તા. ૯-૫-૧૬૧૬ અને તા. ૧૦-૫-૧૬૧૬ની સભાઓની ભલામણો મંજૂર કરવી, અને

(૧) ડૉ. આઈ. એમ. ભટ્ટને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૮૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રીના લેક્ચરર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(૨) શ્રી. કે. પી. સોનીને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૮૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રીના લેક્ચરર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ખર્ચના જે બે તબક્કા નિયત કરવામાં આવ્યા છે તે બેઉ તબક્કાઓનો વિકાસ-કાર્યક્રમ એકસાથે શરૂ કરવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ મળ્યેથી કુ. મૃણાલિની એચ. ગાંધીને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રીનાં લેક્ચરર તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવાં.

(૪) ડૉ. કે. આર. ચંદ્રને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૨૦થી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રાકૃતના લેક્ચરર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(૫) ડૉ. જે. જે. શુક્લને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં ફિલોસોફીના લેક્ચરર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(૬) શ્રી. બી. એસ. પટેલને રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી ભાષા-સાહિત્ય ભવનમાં હિન્દીના લેક્ચરર તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિઓની તા. ૯-૫-૧૯૬૯ અને તા. ૧૦-૫-૧૯૬૯ના રોજ મળેલી સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

તે પછી બાબત ક્રમાંક ૬૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૨. કુલપતિશ્રીનાં મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાનું જાહેર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
કુ. યુ. એચ. આચાર્ય	વિજ્ઞાન — વનસ્પતિશાસ્ત્ર	પીએચ.ડી.

(૨) યુનિવર્સિટીના કર્મચારી શ્રી. આર. એમ. પટેલ કે જેમને યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા છે તેમણે તે બાબતમાં ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૬૬ (૧૬૧૬)થી કરેલ રિટ અરજી અંગે સામાવાળા તરીકે તથા રજિસ્ટ્રાર તરફથી કુલપતિશ્રીએ અનુક્રમે શ્રી. બટુભાઈ દેસાઈ અને શ્રી. સુરેશ શેલતને વકીલ તરીકે રોકયાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૩. ઉચ્ચ શિક્ષણ અંગેની એજ્યુકેશન કમિશનની ભલામણો તપાસી તેને અમલમાં મૂકવાની પ્રક્રિયા અંગે યુનિવર્સિટીઓમાં ડેવલપમેન્ટ પેનલો રચવાનાં એજ્યુકેશન કમિશનનાં કેટલાંક સૂચનને યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓની સપ્ટેંબર ૧૯૬૭માં મળેલી પરિષદે આવકાર્યાં હતાં. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પણ લભ્ય સાધનોની મર્યાદામાં રહીને વિકાસકાર્યોની અગ્રિમતા નક્કી કરવા માટે આવી ડેવલપમેન્ટ પેનલની રચનાને આવકારી છે તથા એવી પેનલનું કામકાજ જોવા માટે એક અધિકારીની નિમણૂક માટે વાર્ષિક રૂા. ૬,૦૦૦(રૂા. છ હજાર)થી વધુ નહીં તે રીતે ફાળો આપવાનું પણ વિચારવા ખુશી દર્શાવી આપણી યુનિવર્સિટીને પોતાનો પ્રસ્તાવ મોકલવા જણાવ્યું છે, તો એ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૪. વિજ્ઞાનના વિષયોની પ્રાયોગિક પરીક્ષાનું આંતરિક મૂલ્યાંકન સને ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ગુજરાત કૉલેજમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૮-૬-૧૯૬૮ની બાબત ક્રમાંક ૫૧ની મંજૂર થયેલ ભલામણ મુજબ કરવામાં આવેલ છે તે માન્ય ગણવા વિચારણા કરવા અંગે.

[નોંધ —(૧) એકેડેમિક કાઉન્સિલની મંજૂર થયેલ ભલામણના આધારે રેગ્યુલેશનોમાં જરૂરી સુધારો થતો નથી.

(૨) ગુજરાત કૉલેજના આચાર્યશ્રીનો ખુલાસો માંગેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ગુજરાત કૉલેજમાં વિજ્ઞાનની વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાનું આંતરિક મૂલ્યાંકન ઉપરની હકીકતના સંદર્ભમાં સ્વીકારીને ધોરણસર (regularise) કરવું.

૬૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૬. સિન્ડિકેટે તેની તા. ૩૧-૮-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સને ૧૯૬૯-૭૮ના વર્ષ માટે આચાર્ય કે. જી. નાયક સુવર્ણચંદ્રક (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા માટે નીમેલી સમિતિના સભ્ય તરીકે શ્રી. ડોલરરાય ર. માંકડે આપેલ સંશોધનપત્રો શિક્ષણશાસ્ત્રને લગતા હોવાથી અભિપ્રાય આપવા અશક્તિ દર્શાવેલ હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યશ્રીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. ડોલરરાય ર. માંકડની જગ્યાએ શ્રી. લાલભાઈ ર. દેસાઈને નીમવા.

૬૭. માર્ચ-એપ્રિલ, ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.કોમ. પરીક્ષામાં ગેરરીતિ આચરવા અંગે વિદ્યાર્થી નં. ૪૦૧૧ અને ૪૦૧૨ ને આ કાર્યાલયના જાહેરનામા નં. ૨૯૨થી તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મના કરવામાં આવી છે તે બાબતમાં વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૮. બાંધકામ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૯ તથા તા. ૯-૫-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૯ તથા તા. ૯-૫-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૯ તથા તા. ૯-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૯. માર્ચ-એપ્રિલ અને ઑકટોબર ૧૯૬૮ તથા માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાકિ્ટક, પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૫-૪-૧૯૬૯ અને તા. ૧-૫-૧૯૬૯ ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૪-૧૯૬૯ તથા તા. ૧-૫-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૪-૧૯૬૯ તથા તા. ૧-૫-૧૯૬૯ની સભાની મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૦. જે વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યની એસ.એસ.સી.ની પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી વિષય લીધા વિના પાસ કરીને એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં દાખલ થયા હોય અને તે પછી તે યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર કરીને આ યુનિવર્સિટીમાં સેકન્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે આવે તે વખતે તેમની પ્રવેશપાત્રતા નક્કી કરવા માટે રૂટે. ૧૭૩ની જરૂરિયાતો પ્રમાણે તેમના એસ.એસ.સી.ના ગુણોની ચકાસણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી વિષય લીધા વિના પાસ કરીને એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં દાખલ થયા હોય અને તે પછી તે યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર કરીને આ યુનિવર્સિટીમાં સેકન્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે આવે અગર તો સેકન્ડ બી.એ.ની પરીક્ષા પાસ કરીને થર્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે આવે તેમને આ યુનિવર્સિટીમાં પ્રવેશપાત્ર ગણવા નહિ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રવેશપાત્રતાનો ઉપરનો સિદ્ધાંત પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં પ્રવેશપાત્રતા માટે એલજિબ્રા અને જ્યોમેટ્રીના વિષયમાં પાસ થવાની આવશ્યકતાના સંદર્ભમાં ઇજનેરી, તબીબી અને ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખાઓમાં દાખલ થવા માટે આવતા વિદ્યાર્થીઓને પણ લાગુ પાડવો.

(નોંધ.—આવા તમામ કેસોમાં પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓનું એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાનું ગુણપત્રક સ્ટે. ૧૭૩ની જરૂરિયાતના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલયે અવશ્ય તપાસવાનું રાખવું.)

૭૧. ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. ડી. એન. શુક્લને ભારતીય વિષય પર પુસ્તકોની વાઙ્મય સૂચિ તૈયાર કરવાની તથા તે અંગે વાર્ષિક રૂા. ૧,૭૦૦નું માનદ વેતન સ્વીકારવાની પરવાનગી આપવા અંગે તેઓનો તા. ૧૧-૪-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. શુક્લને સદરહુ કામગીરી તથા તે માટેનું રૂા ૧,૦૦૦નું માનદ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૭૨. ધી ઇન્ડિયન ફિલોસોફિકલ એસોસિયેશનનું ૧૯મું અધિવેશન જે મેની તા. ૨૫થી ૨૯, ૧૯૬૯ના સમય દરમિયાન પૂના મુકામે યોજાનાર છે તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમાયેલા આચાર્ય ઓ. એચ. આઈ. વોરાએ હાજર રહેવાની પોતાની અશક્તિ દર્શાવેલ હોઈ અન્ય પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એ. એચ. આઈ વોરાની જગ્યાએ આચાર્ય યુ. ડી. ભટ્ટને નામવા.

૭૩. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ઉર્દૂ, પર્શિયન અને ઇસ્લામિક કલ્ચરના વિષયોમાં કાર્યભારના પ્રમાણમાં ઓછા શિક્ષકોથી આખું શૈક્ષણિક વર્ષ કામ ચલાવાયું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કાર્યભારની જે વહેંચણી કરાયેલી છે તેનાં બે શિક્ષકોને ઑર્ડિ. ૧૨૦-એની મર્યાદા કરતાં વધુ પિરિયડો સોંપાયા છે, તેમ છતાં તે પ્રત્યેકનો કુલ કાર્યભાર ૨૧થી વધતો નથી.

(૨) આચાર્યશ્રીનું કહેવું છે કે કુલ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ છે અને ત્રણે વિષયોના ટ્યુટોરિયલ્સ એકત્રિત કરીને લેવાયા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૯થી ઉર્દૂ, પર્શિયન અને ઇસ્લામિક કલ્ચરના શિક્ષકોનો કાર્યભાર ઑર્ડિ. ૧૨૦-એની મર્યાદા મુજબ રાખવો આવશ્યક રહેશે.

૭૪. નીચે જણાવેલ કૉલેજોમાંથી તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેનાં અનુસ્નાતક કેન્દ્રો જૂન ૧૯૬૯થી સ્થાપવા માટે આવેલ અરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવાની વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	પદવી	સ્થાનિક શિક્ષકગણ અંગે નોંધ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	એમ.કૉમ.ના વિષયો	એમ.કૉમ.	૧. શ્રી. બી. એમ. પીરઝાદા, શિક્ષક ૨. શ્રી. ડી. આર. કાછિયાપટેલ શિક્ષક
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	એમ.કૉમ.ના વિષયો	એમ.કૉમ.	૧. શ્રી. કે. એમ. તલાટી, શિક્ષક ૨. એચ. ઓ. મોદી, શિક્ષક
૩.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	એમ.એ.	૧. શ્રી. વી. જી. ઉપાધ્યાય, શિક્ષક ૨. શ્રી. કે. ડી. પટેલ, શિક્ષક (નિમણૂક કરી છે, તા. ૧૫-૬-૧૯૬૯થી જોડાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલ વિષયો માટે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે કરેલી અરજીનો બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	પદવી	સ્થાનિક તપાસસમિતિના સભ્યો
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	એમ.કૉમ.ના વિષયો	એમ.કૉમ.	(૧) આચાર્ય એમ. સી. શાહ (૨) આચાર્ય એસ. આર. મહેતા
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	એમ.કૉમ.ના વિષયો	એમ.કૉમ.	(૧) આચાર્ય એમ. સી. શાહ (૨) આચાર્ય એસ. આર મહેતા
૩.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	એમ.એ.	(૧) આચાર્ય પ્રેમશંકર ભટ્ટ (૨) ડૉ. રમણલાલ જોશી

૭૫. શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનની અમદાવાદની એજ્યુકેશન કૉલેજ અંગે તેની સામે રિટ અરજી કરેલી છે, જેમાં સામાવાળા તરીકે રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, તથા સરકારને સામેલ કરેલ છે. હાઈ કોર્ટે યુનિવર્સિટીને તા. ૩-૫-૧૯૬૯ને શનિવારે નોટિસ બજાવી સોમવાર, તા. ૬-૫-૧૯૬૯ના રોજ હાજર

થવા જણાવેલ. તેમાં યુનિવર્સિટી તરફથી કુલપતિશ્રીના આદેશ અનુસાર વકીલ તરીકે એડવોકેટ સુરેશ એન. શેલતને રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

[નોંધ.—સદ્‌ગત રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેન સાહેબના દુઃખદ અવસાનના કારણે સોમવારે જાહેર રજા હોઈ મંગળવાર, તા. ૬-૫-૧૯૬૯ના રોજ રિટ અરજી દાખલ કરવાની બાબતની સુનાવણી થતાં તે અરજી દાખલ કરવામાં આવેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ રિટ અરજીની બાબતમાં જરૂરી કાર્યવાહી તથા ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા ડૉ. આઈ. એમ. ભટ્ટને વેન્કટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિમાં સમર સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૫-૭-૧૯૬૯ સુધીની ફરજ-રજા આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૦-૪-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આઈ. એમ. ભટ્ટને તિરુપતિ ખાતે સમર સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવા માટે તેમની તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૫-૭-૧૯૬૯ સુધીની રજાઓ ખાસ રજાઓ તરીકે મંજૂર કરવી અને તે સમય દરમિયાન તેમને તેમનો મૂળ માસિક પગાર આપવો.

૭૭ સેનેટના નીચેના સભ્યને તેમના નામ સામે જણાવેલ ઇચ્છિત અભ્યાસસમિતિઓ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિઓ
સી. સી. મહેતા	વિનયન	૧. શિક્ષણ ૨. મૅથેમેટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. સી મહેતાને (૧) શિક્ષણ, અને (૨) ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૭૮. માર્ચ ૧૯૬૯માં લેવાયેલ બી.એડ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૩, ૧૬૩ તેમ જ ૨૭૬એ તેમની સ્નાતક પરીક્ષા માટેનું પદવી પ્રમાણપત્ર લીધું નથી. તે સંજોગોમાં તેમનો પરીક્ષાપ્રવેશ અને પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. સરદાર પટેલ યુનિવર્સિટીએ પ્રેપરેટરી પરીક્ષામાં ગેરરીતિ આચરવા બદલ શ્રી. ચંદ્રકાંત અંબાલાલ પટેલને તા. ૩૦-૬-૧૯૬૯ સુધી ડિબાર્ડ કરેલ હોવા છતાં સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટના આધારે નડિયાદની આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજમાં પ્રી-કૉમર્સના વર્ગમાં પ્રવેશ મેળવ્યો છે, તે અંગે વિદ્યાર્થીનો આવેલ ખુલાસો અને સદરહુ વિદ્યાર્થી માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ આ યુનિવર્સિટીની પ્રથમ બી.કૉમ. પરીક્ષામાં નં. ૩૬૧૮થી બેઠેલ હોવાથી તેમનું પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિદ્યાર્થી તેના ખુલાસામાં કાયદા-કાનૂનનો ખ્યાલ ન હોવાથી પ્રવેશ મેળવ્યો હતો તેમ જણાવે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૦. સિન્ડિકેટે તેની તા. ૨૮-૪-૧૯૬૨ની સભાના ઠરાવથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા બધી જ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા લેવાની જોગવાઈ કરતા સુધારો એ. ૬૨૧-એમાં કર્યો તે અગાઉ વિજ્ઞાન સિવાય બીજી કોઈ વિદ્યાશાખામાં મૌખિક પરીક્ષા લેવાની જોગવાઈ ન હતી. આ સંજોગોમાં સિન્ડિકેટે એ. ૬૨૧-એમાં સુધારો કર્યો તે અગાઉ એટલે કે તા. ૨૮-૪-૧૯૬૨ અગાઉ વિજ્ઞાન સિવાયની વિદ્યાશાખાઓમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ તા ૨૮-૪-૧૯૬૨ કે તે પહેલાં પીએચ.ડી.ના વિદ્યાર્થી તરીકે નોંધાયા હોય તેમને માટે મૌખિક પરીક્ષા આવશ્યક ગણવી નહિ.

૮૧. શ્રીરામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે આચાર્ય એમ. એસ. પંડિત, આચાર્ય એમ. સી. દેસાઈ, આચાર્ય એમ. ડી. ભટ્ટ, શ્રીમતી હસુમતી એમ. દેસાઈ અને શ્રી. એન. સી. દેસાઈ એ રાજીનામાં આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૨. મહિલા આર્ટ્સ કોલેજ, નડિયાદનું હાલનું નામ બદલીને "યુનિ-ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજ, નડિયાદ" રાખવા અંગેના મજકૂર કોલેજના આચાર્યશ્રીના તા. ૨૬-૪-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કોલેજ, નડિયાદનું હાલનું નામ બદલીને "યુનિ-ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજ, નડિયાદ" એ નામાભિધાન રાખવા માટે પરવાનગી આપવી અને જોડાણ અંગેના રાજ્ય સરકારના જાહેરનામામાં તે ફેરફાર થયેથી તેનો અમલ કરવાનું રાખવું.

૮૩. આંતર-ભારતીય સંસ્થાના ઉપક્રમે મહારાષ્ટ્રમાં આવેલ સોમનાથ ખાતે આગામી ઉનાળાની રજાઓમાં યોજાનાર શ્રમ અને સંસ્કાર છાવણીમાં યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાંથી આશરે ૧૦૦ વિદ્યાર્થીઓને (અધ્યાપકો સહિત) મોકલવાનું તથા તે ઈન્ટર કન્સેશન હરે થતા રેલવેભાડાનું વ્યક્તિ દીઠ રૂ. ખર્ચ શિબિરાર્થીઓને આપવા વિચારણા કરવા બાબત.

[નોંધ.— પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫-૦૦ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરવામાં આવે તો આ અંગે યુનિવર્સિટીને આશરે રૂા. ૧,૫૦૦(રૂપિયા પંદરસો)ની આર્થિક જવાબદારી આવે]

આ બાબતની સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૬ની સભામાં બાબત ક્રમાંક ૨૧ થી વિચારણા થઈ હોવાથી મજકૂર બાબત પરત્વે કંઈ વિચારવાપણું રહ્યું નહિ.

૮૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઈમાંથી જૂન ૧૯૬૬થી વિનયનની વિદ્યાશાખા બંધ કરવા તથા બંધ થયેલ મજકૂર વિદ્યાશાખાને હાલની કોમર્સ કોલેજ, ડભોઈ સાથે સંયોજિત કરવા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઈ તથા કોમર્સ કોલેજ, ડભોઈના

આચાર્યો તરફથી આવેલ જોડાણઅરજીઓ જે તે આચાર્યો પાછી ખેંચતા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ બાબતની નોંધ લેવામાં આવી અને વિશેષમાં કરાવવામાં આવ્યું કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈનું જોડાણ ૧૯૭૦ સુધી મળેલું હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈના જોડાણ માટેની સદરહુ અરજી પાછી ખેંચાઈ તેને કારણે ઊભી થતી પરિસ્થિતિના સંદર્ભમાં તા. ૩૧-૫-૧૯૬૮ સુધીમાં નીચેની શરતોનું પાલન થયેથી કૉમર્સ કૉલેજ, ડભોઈને બી.કૉમ.માં એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના વિષયો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું બે વર્ષ માટેનું જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૫) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૮૫. ઑક્ટોબર ૧૯૬૭માં આપણી યુનિવર્સિટીના (૧) એમ.ડી. (મેડ. એન્ડ થેરા.), (૨) એમ.ડી. (પૅથ.), (૩) એમ.એસ. (જનરલ સર્જરી), (૪) એમ.ડી. (પેડિયાટ્રિક્સ), (૫) ડી.પેડ., અને (૬) ડી.એ.ના અભ્યાસક્રમોનું ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના ઇન્સ્પેક્ટરો દ્વારા ઇન્સ્પેક્શન કરેલ તે અભ્યાસક્રમોને માન્યતા આપેલ છે. ડી.એ.ની પરીક્ષાના અભ્યાસક્રમને ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના નિયમ મુજબ બે વર્ષનો સમય રાખવા અંગેના હાલના નિયમમાં ફેરફાર કરવામાં આવે તે શરતે માન્યતા આપેલ છે. તે અંગેના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સેક્રેટરીના તા. ૨૫-૪-૧૯૬૯ના પત્ર ક્રમાંક એમસીઆઈ-૮ (૪૦)૬૮-મેડ-૧૪૮૩થી જાણ કરેલ છે તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૬. ઑક્ટોબર ૧૯૬૭માં આપણી યુનિવર્સિટીની બી. જે. મેડિકલ કૉલેજમાં ચાલતા (૧) ડી.એમ.આર.ઈ., (૨) ડી.એ., અને (૩) એમ.ડી. ટ્યુબરકયુલોસિસના અભ્યાસક્રમોનું અને શેઠ કે. એમ. સ્કૂલમાં ચાલતા (૧) ડી.એમ.આર.ઈ., અને (૨) ડી.વી. એન્ડ ડી. ને ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે માન્યતા આપેલ છે, જ્યારે બી. જે. મેડિકલ

કૉલેજના ડી.વી. એન્ડ ડી. અને શેઠ કે. એમ. સ્કૂલના ડી.ઓ.ના અભ્યાસક્રમને માન્યતા આપેલ નથી. તે અંગેની ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સેક્રેટરીએ તેમના તા. ૨૫-૪-૧૯૬૯ના પત્ર ક્રમાંક એમ.સી.આઈ. ૮-૪૩-૬૭-મેડ-૧૪૮૮થી જાણ કરેલ છે તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૬. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૫૧ના ઠરાવ અન્વયે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત/અંદાજી બચતમાંથી તેમને તેમના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે મદદ મળે તેની સામે મેચિંગ શેર પેટે આર્થિક સહાય આપવા અંગેના નીચે જણાવેલ કાર્યાલયે તૈયાર કરેલ નિયમો મંજૂર કરવા બાબત :

પ્રસ્તુત નિયમો

(૧) અનુસ્નાતક કેન્દ્રો પોતાની અંદાજી બચતમાંથી તેમના વિકાસ માટે, આવી બચતમાં વધુમાં વધુ ૫૦ ટકા જેટલી રકમ સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે. વર્ષ આખરે ખરેખર રહેલી બચત જોઈને આ રકમ એડજસ્ટ કરવાની રહેશે.

(૨) કેન્દ્રો આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની બાદી ખરીદી માટે વાપરી શકશે, પરંતુ આ રકમ મકાન બાંધકામ માટે, લેબોરેટરીના કેમિકલ્સ, ગ્લાસવેર, બીજાં કન્ઝ્યુએબલ આર્ટિકલ્સ, ફર્નિચર કે લાઇબ્રેરીનાં કબાટો માટે વાપરી શકાશે નહિ.

(૩) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તેનું એક રજિસ્ટર રાખી તેમાં નોંધણી કરી વર્ષ આખરે તેની એક નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૪) આવાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોનો કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો યુનિવર્સિટીને પરત કરવાનાં રહેશે.

(૫) આવાં પુસ્તકો/સાધનો બીજા કોઈ કેન્દ્ર/કૉલેજોને કે કોઈ સંસ્થાને યુનિવર્સિટીની મંજૂરી મેળવ્યા સિવાય ટ્રાન્સફર કરી શકાશે નહિ.

(૬) ઉપરની શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જો બીજી કોઈ મદદ મળનાર હોય તો તેના મેચિંગ શેર તરીકે પણ વાપરી શકાશે.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

તે પછી બાબત નં. ૯૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના વિષયમાં તા. ૫-૫-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધી રાખવામાં આવેલ ગ્રીષ્મ વર્ગોમાં કામ કરવા તથા તે અંગેનું વેતન

સ્વીકારવા માટે નીચે જણાવેલ સભ્યોને પરવાનગી આપવા અંગેની અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	મૂળ માસિક પગાર	લઘુતમ
૧.	પ્રો. પી. ડી. પાઠક	રીડર તથા ભૌતિકવિજ્ઞાન વિભાગના વડા	રૂા. ૬૫૦	રૂા. ૮૦૦
૨.	ડૉ. કે. એમ. કોટડિયા	રીડર	રૂા. ૬૦૦	રૂા. ૫૦૦
૩.	શ્રી. બી. એ. મોદી	ડેમોન્સ્ટ્રેટર	રૂા. ૨૮૦	રૂા. ૫૦૦
૪.	શ્રી. જી. જી. મહેતા	સ્ટોરકીપર	રૂા. ૧૦૦	રૂા. ૨૦૦
૫.	શ્રી. એમ. એમ. પંચાલ	લેબો. આસિસ્ટન્ટ	રૂા. ૧૦૮	રૂા. ૨૦૦
૬.	શ્રી. આર. બી. આચાર્ય	લેબો. મિકેનિક	રૂા. ૧૨૬	રૂા. ૨૦૦
૭.	શ્રી. એસ. એ. ત્રિવેદી	હૉસ્ટેલ ક્લાર્ક	રૂા. ૧૧૬	રૂા. ૪૦(પ્રોરેટા)
૮.	શ્રી. એ. જે. પ્રજાપતિ	હિસાબવિભાગ	રૂા. ૧૧૬	રૂા. ૧૦૦
૯.	શ્રી. મહાજી ભુદરજી	લેબો. પટાવાળા	રૂા. ૪૮	રૂા. ૮૦
ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	પત્રાંક અને તારીખ
એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ			
૨૭૦.	શ્રી. એમ. ટી. પટેલ	વાણિજ્યના ટ્યૂટર	સિં. અખ્યા./૮/૭૬૮૫૯ તા. ૨૬-૩-૧૯૬૯
૨૭૧.	કુ. એચ. કે. હોડીવાલા	વાણિજ્યનાં વ્યાખ્યાતા	,,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ			
૨૭૨.	શ્રી. વાય. પી. પાઠક	ભૂગોળના ડેમોન્સ્ટ્રેટર	સિં. અખ્યા./૮/૭૬૮૬૦ તા. ૨૬-૩-૧૯૬૯
૨૭૩.	શ્રી. એસ. એ. હુશન	અંગ્રેજીના ટ્યૂટર	,,
૨૭૪.	શ્રી. જે. એન. ભટવાની	મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા	સિં. અખ્યા./૮/૭૬૮૬૨ તા. ૨૬-૩-૧૯૬૯
૨૭૫.	શ્રીમતી ગિરા બી. શાહ	સમાજશાસ્ત્રનાં ટ્યૂટર	,,
એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ			
૨૭૬.	શ્રીમતી સુધા ટી. દેસાઈ	એજ્યુકેશનનાં ટ્યૂટર	સિં. અખ્યા./૮/૭૬૮૬૩ તા. ૨૬-૩-૧૯૬૯
૨૭૭.	શ્રી. યુ. આર. દેસાઈ	એજ્યુકેશનના વ્યાખ્યાતા	,,
૨૭૮.	શ્રીમતી વિમળા એસ. અમવાલ	,,	,,
૨૭૯.	શ્રી. કે. કે. શુક્લ	એજ્યુકેશનના પ્રાધ્યાપક	,,
૨૮૦.	શ્રી. પી. પી. રિસવાડકર	,,	,,
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ			
૨૮૧.	ડૉ. કુ. કૈલાસ આર. શાહ	ફિઝિયોલોજીનાં જુનિ. વ્યાખ્યાતા	સિં. અખ્યા./૮/૬૬૩૬૫ તા. ૬-૩-૧૯૬૯
૨૮૨.	ડૉ. કુ. એલ. બી. ત્રિવેદી	,,	,,
સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ			
૨૮૩.	શ્રી. વાય. ડી. વ્યાસ	ગુજરાતીના પ્રાધ્યાપક તેમ જ આચાર્ય	સિં. અખ્યા./૮/૭૦૬૫૯ તા. ૨૧-૩-૧૯૬૯
જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ			
૨૮૪.	શ્રી. ડી. સી. દવે	સંસ્કૃતના વ્યાખ્યાતા	સિં. અખ્યા./૮/૭૦૪૨૪ તા. ૧૯-૩-૧૯૬૯
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ			
૨૮૫.	શ્રી. બી. એન. નાયક	રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	સિં. અખ્યા./૮/૭૬૮૬૧ તા. ૨૬-૩-૧૯૬૯
૨૮૬.	શ્રી. એસ. સી. દેસાઈ	માઇક્રોબાયોલોજીના પ્રાધ્યાપક	,,
૨૮૭.	શ્રી. આર. એ. શાહ	રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	,,
૨૮૮.	શ્રી. આઈ. એચ. ભગત	માઇક્રોબાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	પત્રાંક અને તારીખ
સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ			
૨૮૯.	શ્રી. સી. એચ. શાહ	વાણિજ્યના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧ તા. ૧-૪-૧૯૬૯
૨૯૦.	શ્રી. એચ. એ. શાહ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૯૫ તા. ૮-૪-૧૯૬૯
૨૯૧.	શ્રી. આર. ડી. પટેલ	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ			
૨૯૨.	શ્રીમતી દક્ષા વી. શાહ	સંસ્કૃતનાં વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૯૬ તા. ૮-૪-૧૯૬૯
૨૯૩.	કુ. દર્શિની સી. શાહ	અંગ્રેજીનાં વ્યાખ્યાતા	,,
૨૯૪.	શ્રી. વી. એન. જોશી	અંગ્રેજીના પ્રાધ્યાપક તેમજ આચાર્ય	સિં. અધ્યા./૮/૨૮૭ તા. ૯-૪-૧૯૬૯
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ			
૨૯૫.	ડૉ. એલ. એ. દેસાઈ	ફિઝિયોલોજીના જુનિયર વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૪૧૪ તા. ૧૧-૪-૧૯૬૯
શ્રીમતી એન. એચ. ન્યૂ મેડિકલ કૉલેજ, અમદાવાદ			
૨૯૬.	ડૉ. જે. સી. ધોળકિયા	એનેટોમીના જુનિ. વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૪૧૫ તા. ૧૧-૪-૧૯૬૯
૨૯૭.	ડૉ. એસ. ટી. રાણા	ઓપ્થેલ્મોલોજીના જુનિ. વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૧૩ તા. ૮-૪-૧૯૬૯
૨૯૮.	ડૉ. પી. સી. મહેરા	એનેટોમીના પ્રાધ્યાપક	,,
૨૯૯.	ડૉ. પી. જે. દેસાઈ	એનેટોમીના જુનિ. વ્યાખ્યાતા	,,
૩૦૦.	ડૉ. કે. પી. ખરીદિયા	,, ,, ,,	,,
૩૦૧.	ડૉ. જે. જે. ત્રિવેદી	બાયોકેમિસ્ટ્રીના જુનિ. વ્યાખ્યાતા	,,
૩૦૨.	ડૉ. પી. બી. ઠાકરે	ફિઝિયોલોજીના જુનિ. વ્યાખ્યાતા	,,
૩૦૩.	ડૉ. કે. આર. બૈયા	,, ,, ,,	,,
૩૦૪.	શ્રી. બી. જે. ભાવસાર	,, ,, ,,	,,
૩૦૫.	ડૉ. ડી. એમ. પંડિત	પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના જુનિ. વ્યાખ્યાતા	,,
ગવર્મેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ			
૩૦૬.	ડૉ. જે. જે. દોસી	ઓરલ પેથોલોજીના જુનિ. વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૧૬ તા. ૮-૪-૧૯૬૯
૩૦૭.	ડૉ. ડી. આર. સિરહટ્ટી	એનેસ્થેસિયોલોજીના જુનિ. વ્યાખ્યાતા	,,
૩૦૮.	ડૉ. બી. એસ. પરદાર	ઓરલ સર્જરીના જુનિ. વ્યાખ્યાતા	,,

સિન્ડિકેટ (મે)
તા. ૧૧-૫-'૬૯

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	પત્રાંક અને તારીખ
કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા			
૩૦૯.	કુ. છાયા બી. મોદી	ગુજરાતીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૨૮૬ તા. ૯-૪-૧૯૬૯
એમ. એન. કૉલેજ, વીસનગર			
૩૧૦.	શ્રી. જે. પી. વ્યાસ	હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૯૨ તા. ૮-૪-૧૯૬૯
	(નોંધ. માસિક વેતન રૂા. ૧૫૦ આપવાની શરતે.)		
સાયન્સ કૉલેજ, કડી			
૩૧૧.	શ્રી. જે. ટી. પટેલ	હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં. અધ્યા./૮/૧૯૧ તા. ૮-૪-૧૯૬૯
કૉમર્સ કૉલેજ, ડભોઈ			
૩૧૨.	શ્રી. એસ. પી. પટેલ	,, ,, ,, ,,	સિં. અધ્યા./૮/૧૯૦ તા. ૮-૪-૧૯૬૯
લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા			
૩૧૩.	શ્રી. જે. કે. શાહ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તેમ જ આચાર્ય	સિં. અધ્યા./૮/૧૯૩ તા. ૮-૪-૧૯૬૯
કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ			
૩૧૪.	શ્રી. એન. જે. શાહ	મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક	સિં. અધ્યા./૮/૭૧૬૪ તા. ૮-૪-૧૯૬૯
૩૧૫.	શ્રી. સી. એચ. પટેલ	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,
એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા			
૩૧૬.	શ્રી. જે. બી. પટેલ	ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તેમ જ આચાર્ય	સિં. અધ્યા./૮/૨૧૧ તા. ૨૧-૪-૧૯૬૯

પરિશિષ્ટ "બ"

કુલપતિશ્રીએ અમાન્ય કરેલા શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	તારીખ અને ક્રમાંક
એમ. એન. કૉલેજ, વીસનગર			
૧.	શ્રી. એમ. વાય. હારમી,	બંને કૉલેજનો કાર્યભાર નિયમ કરતાં વધતો હોવાથી	સિં. અધ્યા./૮/૭૪૦૧૦૦ તા. ૨૭-૬-૧૯૬૯
ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ			
૨.	શ્રી. આર. એસ. કાંટાવાલા	યુ. જી. સી.ના રિસર્ચ સ્કૉલર હોવાથી	સિં. અધ્યા./૮/૬૭૧૭ તા. ૧૧-૩-૧૯૬૯
નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ			
૩.	શ્રીમતી એમ. કે. મહેતા,	એમ.કૉમ. પદવી બૅકિંગ સાથે ધરાવતાં હોવાથી	સિં. અધ્યા./૮/૨૬૪ તા. ૮-૪-૧૯૬૯
સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ			
૪.	શ્રી. એસ. બી. શાસ્ત્રી,	એમ.એ.ની પદવી અર્થશાસ્ત્ર સાથે ધરાવતા હોવાથી	સિં. અધ્યા./૮/૭૨૧૫ તા. ૮-૪-૧૯૬૯

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૦

યુનિવર્સિટીના કર્મચારીઓ માટે મુસાફરી-ભાડા-ભથ્થાના નિયમો

યુનિવર્સિટીના કર્મચારીઓને યુનિવર્સિટીના કામકાજ માટે બહારગામ જવાનું થાય ત્યારે તેઓને નીચેના નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું, માઈલેજ ભથ્થું તથા દૈનિક ભથ્થું મળી શકે :

૧. મુસાફરી ભથ્થું :

કર્મચારીઓ રેલવેના જુદા જુદા વર્ગમાં નીચે પ્રમાણે મુસાફરી કરવાને હકદાર છે :

(૧) પહેલો વર્ગ : રૂા. ૬૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર મળતો હોય તેવા કર્મચારીઓ. (અગાઉના નિયમોમાં જે કર્મચારીઓનો રૂા. ૬૫૦થી વધુ મૂળ માસિક પગાર હોય તેમને રાત્રીની મુસાફરી હોય તો પહેલા વર્ગમાં મુસાફરી કરવાની જે જોગવાઈ હતી તે હવે રદ થઈ છે.)

(૨) બીજો વર્ગ : રૂા. ૧૭૫ કે તેથી વધુ મૂળ માસિક પગાર મેળવતા હોય તેવા કર્મચારીઓ.

(૩) ત્રીજો વર્ગ : બાકીના બધા કર્મચારીઓ.

કોઈ કર્મચારી પોતે હકદાર હોય તેના કરતાં નીચેના વર્ગમાં મુસાફરી કરે તો તેને નીચેના વર્ગનું ભાડું મળે :

૨. માઈલેજ એલાવન્સ :

રેલવેભાડા ઉપરાંત કર્મચારીઓને નીચે પ્રમાણે માઈલેજ એલાવન્સ મળી શકે :

(૧)	(૨)	(૩)
(અ) રૂા. ૬૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર મેળવતા કર્મચારી	દરેક કિલોમીટરે ૪ પૈસા લેખે	૧. પહેલા કોલમમાં દર્શાવેલા કર્મચારીઓને માઈલેજ એલાવન્સ દરેક ૨૪ કલાકની અગર તો તેના ભાગની મુસાફરી માટે વધુમાં વધુ એક દૈનિક ભથ્થાની રકમથી વધુ મળી શકશે નહીં.
(બ) રૂા. ૩૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર પરંતુ રૂા. ૬૦૦ સુધીના પગાર મેળવતા કર્મચારી	દરેક કિલોમીટરે ૩ પૈસા લેખે	૨. એરકન્ડિશન્ડ વર્ગમાં મુસાફરી કરનારા કર્મચારીને કિલોમીટરે ૩ પૈસા, પરંતુ ૨૪ કલાકની મુસાફરીના રૂા. ૧૧ વધુમાં વધુ મળી શકશે.

(૬) બાકીના કર્મચારીઓ માટે	દરેક કિલોમીટરે ૨ પૈસા લેખે	૩. હવાઈપ્રવાસ (જેઓને મળી શકે તેમ હોય તેઓને) માટે ભાડાના ૧/૫ ભાગની રકમ, પરંતુ વધુમાં વધુ એક દિવસના રોકાણના ભથ્થાથી વધુ નહીં.

૪. દૈનિક ભથ્થું :

મુસાફરી ભથ્થા અને માઈલેજ ભથ્થા ઉપરાંત કર્મચારીઓને નીચેના દરે દૈનિક ભથ્થું મળી શકે :

(૧) રૂા. ૯૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓને	રૂા. ૧૬-૦૦
(૨) રૂા. ૬૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર પરંતુ રૂા. ૯૦૦થી ઓછો પગાર મેળવતા કર્મચારીઓને	રૂા. ૧૨-૦૦
(૩) રૂા. ૩૦૦ કે તેથી વધુ મૂળ માસિક પગાર પરંતુ રૂા. ૬૦૦થી ઓછો પગાર મેળવતા કર્મચારીઓને	રૂા. ૯-૦૦
(૪) રૂા. ૧૭૫ કે તેથી વધુ મૂળ માસિક પગાર પરંતુ રૂા. ૩૦૦થી ઓછો પગાર મેળવતા કર્મચારીઓને	રૂા. ૬-૦૦
(૫) બાકીના બધા કર્મચારીઓને	રૂા. ૪-૫૦

ગુજરાત રાજ્યની બહારના નીચેના "એ" કલાસ અને "બી" કલાસ શહેરો માટે અનુક્રમે ૫૦ ટકા અને ૨૫ ટકા વધુ દૈનિક ભથ્થું મળી શકે :

(૧) "એ" કલાસ શહેરો....મુંબઈ, કલકત્તા, દિલ્હી અને મદ્રાસ

(૨) "બી" કલાસ શહેરો....બેંગલોર, હૈદરાબાદ, કાનપુર, પૂના, આગ્રા, અલ્હાબાદ, જબલપુર, લખનૌ, મદુરાઈ, નાગપુર અને વારાણસી.

(૩) અમદાવાદ શહેર માટે ૧૫ ટકા વધુ દૈનિક ભથ્થું મળી શકે.

(૪) જ્યાં રેલવે ન હોય ત્યાં બસથી મુસાફરી કરી શકાય અને તે પેટે દોઢું બસભાડું મળી શકે.

(૫) રોકાણ દરમિયાન બસભાડું, ટેક્ષી ભાડું, પોર્ટર ચાર્જીસ વગેરે તથા સ્ટેશને આવવાજવા માટે બસભાડું કે રીક્ષાભાડું મળી ન શકે અને રિઝર્વેશન ચાર્જીઝ પણ મળી ન શકે.

(૬) જો કર્મચારીને યુનિવર્સિટી તરફથી કે કોઈ સંસ્થા તરફથી વિના મૂલ્યે રહેવાની તથા જમવાની વ્યવસ્થા થઈ હોય તો તે કર્મચારીને દૈનિક ભથ્થાનો ત્રીજો ભાગ મળી શકે અને માત્ર રહેવાની કે માત્ર જમવાની વ્યવસ્થા થઈ હોય તો તે કર્મચારીને દૈનિક ભથ્થાનો ત્રીજો ભાગ મળી શકે.

(૭) જો કોઈ એક જગ્યાએ રોકાણ ૨૦ દિવસથી વધુ હોય તો દૈનિક ભથ્થાની રકમ ઓછી મળી શકે.

જો કર્મચારીને યુનિવર્સિટીના કામકાજ અંગે અમદાવાદ શહેરમાં જવાનું થાય અને જો તેઓને પોતાનું વાહન વાપરવાની મંજૂરી આપવામાં આવે તો તેમને નીચે પ્રમાણે માઈલેજ ભથ્થું મળી શકશે :

	(અ)	(બ)	(ક)
(૧) રૂા. ૩૦૦થી રૂા. ૬૦૦નો મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીને	જો પોતાની મોટરગાડીમાં જાય તો ૬૨ કિલોમીટરે ૫૦ પૈસા	જો પોતાની મોટર-સાઇકલ પર જાય તો ૬૨ કિલોમીટરે ૨૦ પૈસા	બીજા સાધન દ્વારા જાય તો ૬૨ કિલો-મીટરે ૨૦ પૈસા

	(અ)	(બ)
(૨) રૂા. ૩૦૦થી નીચેનો મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીને	જો પોતાની મોટરસાઇકલ પર જાય તો ૬૨ કિલોમીટરે ૨૦ પૈસા	જો કોઈ સાધન દ્વારા જાય તો ૬૨ કિલોમીટરે ૨૦ પૈસા.

જો કોઈ કર્મચારીને યુનિવર્સિટીની ગાડીમાં બહારગામ જવાનું થાય તો તેને નીચે પ્રમાણે માત્ર દૈનિક ભથ્થું મળી શકશે :

(૧) જો તેમને હેડક્વાર્ટર્સથી બહારગામ જવા-આવવામાં ૭ કલાકથી ઓછો સમય થયો હોય તો તેમને કાંઈ દૈનિક ભથ્થું ન મળે.

(૨) જો તેમને હેડક્વાર્ટર્સથી બહારગામ જવા-આવવામાં ૬ કલાકથી વધુ પણ ૧૨ કલાકથી ઓછો સમય થયો હોય તો તેમને મળતા દૈનિક ભથ્થાની ½ રકમ મળી શકે.

(૩) જો તેમને હેડક્વાર્ટર્સથી બહારગામ જવા-આવવામાં ૧૨ કલાકથી વધુ સમય થયો હોય તો તેમને દૈનિક ભથ્થાની ૧ રકમ મળી શકે.

ઉપરના નિયમો માત્ર સંક્ષિપ્તમાં કર્મચારીઓની જાણ માટે આપેલા છે અને આ અંગેના બી.સી. એસ.આર. ના વિગતવાર નિયમો માટે હિસાબ વિભાગમાંથી માહિતી મળી શકશે.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૬૫

તા. ૬-૧૦-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તબીબી તપાસની યોજના પર વિચારણા કરવા સિન્ડિકેટે તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ કૉલેજમાં આરોગ્યકેન્દ્રો શરૂ કરવાની બાબતમાં તે માટે જરૂરી આર્થિક સહાય આપવા બાબતમાં તબીબી તપાસ અને તેનું ફૉલો અપ કાર્ય ચીવટપૂર્વક થાય તે બાબતમાં તથા ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા ચાલુ રાખવા બાબતમાં અને યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો ઉપયોગ વિસ્તૃત કરવા અંગેની બાબત વગેરે અંગેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિએ ઘડેલી યોજના સભામાં સૂચવવામાં આવેલ ફેરફારો સાથે મંજૂર કરવી.

(સુધારેલ ભલામણોની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

પરિશિષ્ટ "ગ"

સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની, સંલગ્ન કૉલેજના વિદ્યાર્થીઓની તબીબી તપાસ અંગે કરેલી ભલામણો પર વિચારણા કરવા માટે નિયુક્ત થયેલ ઉપ-સમિતિની તા. ૨૪-૪-૧૯૬૮ના રોજ, તા. ૨૭-૫-૧૯૬૮ના રોજ અને તા. ૧-૬-૧૯૬૮ના રોજ એમ ત્રણ બેઠકો મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૨૪-૪-૧૯૬૮	તા. ૨૭-૫-૧૯૬૮	તા. ૧-૬-૧૯૬૮
૧.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર
૨.	ડૉ. વાસુદેવ ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩.	ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૪.	પ્રો. એમ. પી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૫.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	પ્રિ. હરિહર શુક્લ	હાજર	ગેરહાજર	હાજર
૭.	શ્રી. રણજિતભાઈ શાસ્ત્રી	હાજર	ગેરહાજર	હાજર
૮.	શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ	હાજર	—	—
૯.	શ્રી. શતાવત મેઢ, કાર્યકારી કુલસચિવ	—	હાજર	હાજર
૧૦.	શ્રી. વાસુદેવ મહેતા, મંત્રી	હાજર	હાજર	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ત્રણે બેઠકોમાં ડૉ. હરિભક્તિએ લીધું હતું.

ત્રણે દિવસોએ થયેલાં જુદાં જુદાં સૂચનો પર ચર્ચાવિચારણાને અંતે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રની સેવાઓ વિસ્તૃત અને ઉપયોગી કરવા, કૉલેજોમાં આરોગ્યકેન્દ્ર સ્થાપવા તેમ જ તબીબી તપાસ અને તેના ફૉલો અપ કાર્યને વધુ કાર્યક્ષમ કરવા, સમયપત્રક તપાસી તે માટેની જરૂરિયાતોને આવરી લઈને નીચે પ્રમાણેની ભલામણો સિન્ડિકેટને કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

આરોગ્યકેન્દ્ર અને વિદ્યાર્થી તબીબી તપાસ

૧. આરોગ્યકેન્દ્રના હેતુઓ

આરોગ્યકેન્દ્રના હેતુઓ નીચે પ્રમાણે વર્ણવી શકાય :

(ક) તબીબી તપાસ અને તેનું ફૉલો અપ (ઉત્તર તપાસ) કાર્ય વધુ કાર્યક્ષમ અને સફળતા આપનારું થાય.

(ખ) કૉલેજોના વિદ્યાર્થીઓને જરૂર પડયે વૈદકીય સારવાર અથવા તો તે માટે સલાહસૂચનો અને માર્ગદર્શન મળી રહે.

(ગ) શરીર સ્વાસ્થ્યની જાળવણી અને માંદગીથી બચવા માટે જરૂરી વ્યક્તિગત અને સામાન્ય આરોગ્યશાસ્ત્રના જ્ઞાન માટે તકેદારી અને વિદ્યાર્થીઓમાં જાગ્રતિ વ્યાખ્યાનો ઇત્યાદિ દ્વારા આણવી તથા સામાન્ય જનતીય જ્ઞાન વિષે પણ વિદ્યાર્થીઓને જાણકારી કરાવવી.

(ઘ) પ્રાથમિક તબીબી સહાય વિષેની માહિતી આપવી.

(ચ) આરોગ્યકેન્દ્રમાં વિદ્યાર્થીઓની શારીરિક બાબતો ઉપરાંત વિદ્યાર્થીઓના સમૂહની પસંદ કરેલી સંખ્યા માટે માનસિક અવસ્થાની તપાસ માટે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

આ માટે પ્રથમ પગલા તરીકે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર સાથે ઑનરરી સાઈકિયાટ્રિકની નિયુક્તિ કરી પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજનાનો અમલ કરવાનું વિચારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આરોગ્યકેન્દ્રની સ્થાપના

(ક) અમદાવાદમાં યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટીનું પોતાનું આરોગ્યકેન્દ્ર કામ કરતું હોઈ, આરોગ્યકેન્દ્રની બે કિલોમીટર ત્રિજ્યામાં આવેલી કૉલેજોએ તે કેન્દ્રનો લાભ લેવાનું આવશ્યક રહેશે.

(ખ) આ યુનિવર્સિટી વિસ્તાર સિવાયની બીજી જે કૉલેજો આરોગ્યકેન્દ્ર ઉપરોક્ત હેતુ માટે શરૂ કરવા માગતી હોય તે કરી શકશે અને યુનિવર્સિટી તરફથી નીચેના ક્રમાંક ૩માં જણાવ્યા પ્રમાણેની તેમાં નિર્દેશેલ શરતો પ્રમાણે આર્થિક સહાયને પાત્ર ગણાશે :

(ગ) સામાન્ય રીતે એક જ સંસ્થાની બે કે તેથી વધુ કૉલેજો સાથે મળી એક જ કેન્દ્ર શરૂ કરવા માગતી હોય તો તેઓ તેમ કરી શકશે.

(ઘ) એક જ સંસ્થાની ન હોય છતાં બે કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી ત્રણ કે ત્રણથી વધુ કૉલેજોનું જૂથ સાથે મળી એક જ કેન્દ્ર શરૂ કરવા માગતું હોય તો તે જૂથ વચ્ચે એક કેન્દ્ર શરૂ કરી શકાશે.

(ચ) નીચે જણાવેલ અનાવર્તક સહાય કેન્દ્ર દીઠ મળી શકશે, જ્યારે આવર્તક સહાય કૉલેજ દીઠ આપવામાં આવશે :

૩. આર્થિક અનાવર્તક સહાય અને શરતો

આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજ કે કૉલેજના જૂથને નીચે પ્રમાણેની અનાવર્તક સહાય દરેક કેન્દ્ર દીઠ નીચે જણાવેલી શરતોએ આપવામાં આવશે :

(ક) જે કૉલેજ કે કૉલેજોનું જૂથ કે એક જ સંસ્થાની કૉલેજો ઉપરોક્ત હેતુઓ માટે આરોગ્યકેન્દ્ર શરૂ કરવા માગતી હોય તેમને પ્રત્યેકને આરોગ્યકેન્દ્ર માટે નીચેની વ્યવસ્થા ઊભી કરવામાં આવ્યેથી યુનિવર્સિટી તરફથી રૂા. ૧,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવશે :

(ખ) આ આરોગ્યકેન્દ્ર માટે જરૂરી તમામ ફર્નિચર, જેવાં કે ખુરશી, ટેબલ, બેન્ચ વગેરે સાથેનો ઓરડો કૉલેજ કે કૉલેજોના જૂથ તરફથી સગવડવાનો રહેશે.

(ગ) તબીબી તપાસ માટેનાં જરૂરી સાધનો, જેવાં કે, વજન કરવાનો કાંટો, આંખની તાપાસ માટે ચાર્ટ વગેરે, આ સાથે જોડેલી યાદી પ્રમાણે પ્રત્યેક કેન્દ્ર માટે વસાવવા આવશ્યક રહેશે.

(ઘ) પ્રત્યેક કેન્દ્ર માટે હાલ તબીબી તપાસ માટે જે લાયકાત નિયત કરેલી છે તેવી લાયકાતવાળા (એટલે એમ.બી.,બી.એસ. અથવા એલ.સી.પી.એસ. ૨૦ વર્ષના અનુભવવાળા) ડૉક્ટરની સેવાઓ લઈ તેવી વ્યવસ્થા કરવી પડશે અને તે માટે જરૂરી માનદ વેતન પણ કૉલેજ તરફથી આપવાનું રહેશે.

૪. આરોગ્યકેન્દ્ર માટે વિદ્યાર્થીઓનો, કૉલેજોનો અને યુનિવર્સિટીનો ફાળો

(ક) આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજ કે કૉલેજનું જૂથ તેના ખર્ચને પહોંચી વળવા માટે વિદ્યાર્થી દીઠ એક સત્રમાં રૂા. ૧ સુધીની તબીબી ફી લઈ શકશે.

(ખ) યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રનો લાભ લેતી યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કૉલેજો પણ વિદ્યાર્થી દીઠ રૂા. ૧ લેખે સત્ર ફી લેશે અને તે યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.

૫. આ રીતે વિદ્યાર્થીઓ તરફથી જેટલી રકમ ભેગી થશે તેટલી જ રકમ ઓછામાં ઓછી આરોગ્યકેન્દ્રના સંચાલન માટે કૉલેજે આપવાની રહેશે અને જો વધુ રકમ આપવા માગની હશે તો તે પણ આપી શકશે અને કૉલેજે જેટલી રકમ આ પેટે આપી હશે તેટલી બીજી રકમ રૂા. ૧,૦૦૦ની મર્યાદામાં રહી તે પ્રત્યેક વર્ષ કૉલેજ દીઠ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

૬. આ આરોગ્યકેન્દ્રનો હિસાબ (આવક અને ખર્ચનો) જુદો રાખવાનો રહેશે અને દર વર્ષે તે ઑડિટ કરાવીને હિસાબની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે તથા આ કેન્દ્રની બચતમાં રાખવાની રહેશે.

૭. આવા આરોગ્યકેન્દ્રની તપાસ સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિ દ્વારા અથવા/અને ચીફ મેડિકલ ઑફિસર દ્વારા યુનિવર્સિટી તરફથી કરાવવાનું રાખવું.

વિદ્યાર્થીઓની તબીબી તપાસની યોજના

(અ) આરોગ્યકેન્દ્રવાળી કૉલેજો

૮. જે કૉલેજો કે કૉલેજ જૂથમાં આવાં આરોગ્યકેન્દ્ર શરૂ થશે ત્યાં આ કેન્દ્ર સાથે સંકળાયેલ ડાક્તર જે તે કૉલેજમાં પ્રથમ વાર દાખલ થનાર બધા વિદ્યાર્થીઓની તબીબી તપાસ યુનિવર્સિટીએ નિયત કરેલ ફૉર્મ પ્રમાણે પ્રથમ સત્રમાં પૂરી કરશે અને તેનો હેવાલ યુનિવર્સિટીએ નિયત કરેલા આવેદનપત્ર પર પ્રથમ સત્ર પૂરું થયે મોકલશે.

૯. આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજ ઉપર નં. ૫માં જણાવેલ આવકમાંથી કેન્દ્ર ચલાવનાર ડાક્તરને યોગ્ય માનદ વેતન આપશે. અને તેના ફેલો અપ (ઉત્તર તપાસ) કાર્ય માટે જવાબદાર ગણાશે.

(યુનિવર્સિટી તરફથી આવર્તક રૂા. ૧,૦૦૦ સુધીની આર્થિક સહાય અપાતી હોવાથી તબીબી તપાસ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૦૦ જે માનદ વેતન ડાક્તરોને મળતું હતું તે આવી કૉલેજોને મળશે નહિ.

૧૦. (૧) યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રથી ૨ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી કૉલેજોની તબીબી તપાસની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી ગોઠવવામાં આવશે અને આ માટેની વ્યવસ્થા યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર તરફથી ચીફ મેડિકલ ઑફિસર કરશે અને તે માટે જરૂર હશે તો બીજા ડાક્તરની મદદ પણ લઈ શકશે.

(૨) આ કૉલેજો પાસેથી વિદ્યાર્થીઓ તરફથી રૂા. ૧-૦૦ લેખે એકઠી કરેલી તબીબી સત્ર ફીના જેટલી મેચિંગ ગ્રાન્ટ યુનિવર્સિટીએ લેવી કે કેમ તે પ્રશ્ન સિન્ડિકેટના નિર્ણય ઉપર છોડવો એમ ઠરાવવામાં આવ્યું હતું.

(બ) આરોગ્યકેન્દ્ર જે કૉલેજો શરૂ ન કરે તેમને માટે તબીબી તપાસ યોજના

૧૧. આરોગ્યકેન્દ્ર જે કૉલેજો શરૂ કરવા માગતી ન હોય તેમને માટે તબીબી તપાસની યોજના આગલે વર્ષે તે પ્રમાણે જ રહેશે અને તે કૉલેજને ઉપર જણાવેલ કોઈ પણ આર્થિક સહાય મળી શકશે નહિ, પણ વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૦૦ તબીબી તપાસ માનદ વેતન જે ડાક્તરોને આપવામાં આવતું હતું તે યુનિવર્સિટી તરફથી આપવાનું ચાલુ રહેશે.

સામાન્ય

૧૨. આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર કૉલેજ અથવા તો જૂની રીતે તબીબી તપાસ ચાલુ રાખે તે બન્ને માટે વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ માટે જરૂરી લાયકાતવાળા લેડી ડાક્તરની ગોઠવણ કૉલેજે કરવાની આવશ્યક રહેશે.

૧૩. દરેક કૉલેજે વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીની તબીબી તપાસનું રેકૉર્ડ જો વિદ્યાર્થી બીજે વર્ષે કૉલેજ બદલે તો તેના ટી. સી. સાથે મોકલવાનું રહેશે.

૧૪. બાનીવાળા વિદ્યાર્થીઓનું ફેલો અપ કાર્ય ચીવટથી થાય તે માટે કાર્ડ અલગ રાખવાનું રહેશે અને તેમને જે સૂચનપત્ર હાલમાં યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવે છે તે પ્રમાણે આરોગ્યકેન્દ્ર તરફથી વાલીને મોકલવાનું ચાલુ રાખવું અને તેના અમલ અંગેનો પ્રત્યુત્તર મળે તે જાતનો ઉત્તરપત્ર વાલી તરફથી પાછો મળે એ રીતે સૂચનાપત્ર મોકલવા ઘટતું કરવું.

૧૫. વિદ્યાર્થીઓની તબીબી તપાસના ફૉર્મમાં દરેક વિદ્યાર્થીની શાળાની કારકિર્દી દરમ્યાન તબીબી તપાસ કઈ શાળામાં અને કયા વર્ષમાં થઈ હતી તેની વિગત આપવા માટેનું કૉલમ ઉમેરવું.

૧૬. મેડિકલ કૉલેજોને આરોગ્યકેન્દ્ર ખોલવાની ભલામણમાંથી બાકાત રાખવી.

૧૭. યુનિવર્સિટી કૅમ્પસ વિસ્તારની એંજિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી હેલ્થ સેન્ટરનો જ લાભ લેશે તેથી તેમનું સેન્ટર બંધ કરીને તબીબી મદદ માટે ભેગી કરવામાં આવતી રકમ યુનિવર્સિટી હેલ્થ સેન્ટરને આપવાની રહેશે.

યુનિવર્સિટી બજેટમાં આર્થિક જોગવાઈ

૧૮. આરોગ્યકેન્દ્ર શરૂ કરનાર પ્રત્યેક કૉલેજ કે કૉલેજના જૂથને કેન્દ્ર દીઠ રૂા. ૧,૦૦૦ની અનાવર્તક સહાય આપવા માટે અને રૂા. ૧,૦૦૦ની મર્યાદામાં રહીને કૉલેજ દીઠ આપવાની આવર્તક આર્થિક સહાય માટે ૧૯૬૮-૬૯ના વર્ષના અંદાજપત્રમાં નીચે પ્રમાણે રૂા. ૮૦,૦૦૦ની રકમની જોગવાઈ કરવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે:

અનાવર્તક સહાય	રૂા.	૩૦,૦૦૦
(વધુમાં વધુ ૩૦ કેન્દ્રો શરૂ થશે.)		
આવર્તક સહાય માટે	રૂા.	૫૦,૦૦૦
(વધુમાં વધુ ૫૦ કૉલેજો તૈયાર થશે તે અપેક્ષાએ)		
	રૂા.	૮૦,૦૦૦

તબીબી તપાસ અન્વયે જણાયેલ ખામી માટે વિદ્યાર્થીઓને આર્થિક સહાય

૧૯. વિદ્યાર્થીઓને આરોગ્યની ખામીને લીધે તેને માટે જરૂરી પગલાં, જેવાં કે ચશ્માં આપવાં, વજન વધારવા માટે જરૂરી મદદ, ઑપરેશન કે ઇન્જેકશન લેવા માટે આર્થિક સહાયની વ્યવસ્થા હવે આરોગ્ય કેન્દ્રે કરવાની રહેશે. ખાસ કેસમાં જો સિન્ડિકેટને યોગ્ય લાગશે તો યુનિવર્સિટી તરફથી પણ આપવાનું વિચારવામાં આવશે.

૨૦. (ક) ઉપરોક્ત યોજનાના અનુસંધાનમાં આ સમિતિ સર્વાનુમતે સિન્ડિકેટને ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા ચાલુ રાખવાની ખાસ ભલામણ કરે છે, અને તેમને તબીબી તપાસ, યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર અને કૉલેજનાં આરોગ્ય કેન્દ્રો, આર્થિક સહાય—કૉલેજોને તેમ જ વિદ્યાર્થીઓને—વગેરેના ઓવરઑલ ચાર્જમાં મૂકવા ભલામણ છે.

(ખ) યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રની આ યોજના ભારત સરકાર, રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલીને તેમના દ્વારા જે કોઈ આર્થિક સહાય મળી શકે તેમ હોય તે માટે યુનિવર્સિટીએ જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

વાસુદેવ મહેતા
મંત્રી,
બોર્ડ ઑફ સ્ટડીઝ વેલ્ફેર.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૯

પ્રી-યુનિવર્સિટી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન

નીચે આપેલી યાદીને માર્ગદર્શક મણવી :

પદ્ય : નીચેનામાંથી પસંદ કરીને એક

૧. નરસિંહ મહેતાનાં પસંદ કરેલાં પદોમાંથી (યુનિવર્સિટી દ્વારા સંપાદિત-પ્રકાશિત હોય તો) ૫૦ જેટલાં
૨. મીરાંનાં પદો (યુનિવર્સિટી દ્વારા સંપાદિત-પ્રકાશિત હોય તો) ૫૦ જેટલાં
૩. વિષ્ણનાથ જાનીકૃત "પ્રેમપચીસી"
૪. પ્રેમાનંદકૃત "સુદામાચરિત્ર", "મામેરું" અને "ચંદ્રહાસાખ્યાન"માંથી એક આખ્યાન
૫. શામળકૃત નંદબત્રીસી
૬. દયારામનાં પદો (યુનિવર્સિટી દ્વારા સંપાદિત-પ્રકાશિત હોય તો) ૫૦ જેટલાં.

ગદ્ય

એક લેખકનું ગદ્ય-પુસ્તક નિયત કરવું.

સૂચના

કૃતિના અભ્યાસ માટે નીચેના મુદ્દાઓ અપેક્ષિત છે :

૧. લેખકનું જીવન
૨. સમયસંદર્ભ (લેખકના જમાનાનો પરિચય)
૩. કૃતિમાંનું વક્તવ્ય
૪. નિરૂપણશૈલી
૫. સાહિત્યસ્વરૂપનાં લક્ષણો.

૧૦ ગુણ ભાષાશુદ્ધિ માટે નિયત કરવામાં આવ્યા છે. જોમાં જોડણી, વ્યાકરણ અને વિરામચિહ્ન વગેરેની ભૂલો સુધારવા માટે પરિચ્છેદ મૂકવામાં આવશે. આ પ્રશ્ન પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષામાં પુછાશે.

આ પ્રશ્નપત્રના ગુણોનું વિભાજન નીચે મુજબ થશે :

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન :

નિબંધ	...	૨૦
ગદ્યકૃતિ	...	૨૦
પદ્યકૃતિ	...	૨૦
ભાષાશુદ્ધિ	...	૧૦

પ્રથમ વર્ષ બી.એ.

પ્રશ્નપત્ર ૧—પદ્ય બે કૃતિઓ
પ્રશ્નપત્ર ૨—ગદ્ય બે કૃતિઓ.

મુદ્દાઓ

૧. લેખકનો સાહિત્યકાર તરીકેનો પરિચય
૨. કૃતિનો સાહિત્યસ્વરૂપની દૃષ્ટિએ વિગતે અભ્યાસ
૩. કૃતિનો તેના જમાના સાથેનો સંબંધ
૪. કૃતિનિષ્ઠ વિવેચનાત્મક પ્રશ્નોની ચર્ચા અપેક્ષિત છે.
૫. આ કૃતિઓનો પાઠચપુસ્તક તરીકે તલસ્પર્શી અને કૃતિનિષ્ઠ વિવેચનરૂપ અભ્યાસ અપેક્ષિત છે. પૂર્વાપર સંદર્ભને લગતા પ્રશ્નને પણ અવકાશ છે.

પ્રશ્નપત્ર ૧

પઠિત યા અપઠિત પદ્યખંડની, છંદ, અલંકાર, કાવ્યભાષા આદિ અંગોને આવરી લેતા વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા સમીક્ષા. આ પ્રશ્નના ૧૫ ગુણ રહેશે.

પ્રશ્નપત્ર ૨

પઠિત યા અપઠિત ગદ્યખંડની વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા વિગતે સમીક્ષા. આ પ્રશ્નના ૧૫ ગુણ રહેશે.

(નોંધ.—ઉપરના મુદ્દાઓના અભ્યાસને અનુલક્ષીને દર સત્રે પ્રશ્ન દીઠ ઓછામાં ઓછાં બે લખાણો દરેક વિદ્યાર્થીએ તૈયાર કરવાં આવશ્યક છે.)

દ્વિતીય વર્ષ બી.એ.

પ્રશ્નપત્ર ૩

નીચેનામાંથી કોઈ એક સાહિત્યસ્વરૂપનો અભ્યાસ : (૧) ટૂંકી વાર્તા, (૨) એકાંકી, (૩) ચરિત્ર, અને (૪) બે કાવ્યસ્વરૂપો. (સૉનેટ અને ખંડકાવ્ય) નમૂનારૂપે બે પુસ્તકો જે તે પ્રકારના અભ્યાસ માટે નિયત કરવામાં આવશે.

મુદ્દાઓ

૧. સાહિત્યકલામાં સ્વરૂપ (ફૉર્મ)ની વિભાવના
૨. જે તે સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. જે તે સાહિત્યસ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો
૪. ગુજરાતીમાં તેનો વિકાસ
૫. મુખ્ય કૃતિઓ અને સર્જકો
૬. તેની આધુનિક સ્થિતિ.

સૂચના

૧. કૃતિઓમાંથી પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહિ.
૨. નમૂનારૂપ કૃતિઓનો સ્વરૂપ-દૃષ્ટિએ ઘનિષ્ઠ અભ્યાસ અપેક્ષિત છે.

પ્રશ્નપત્ર ૪

નીચેની યાદીમાંથી કોઈ એક ગ્રંથકારનો અભ્યાસ :

નરસિંહ, પ્રેમાનંદ, દયારામ, નર્મદ, મહાનાલાલ, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, રામનારાયણ પાઠક, ધૂમકેતુ, રમણલાલ વસંતલાલ દેસાઈ.

મુદ્દાઓ

(અ) લેખકના જન્મસમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ : લેખકના વ્યક્તિત્વનું ઘડતર

(બ) સાહિત્યિક કાર્ય : મુખ્ય કૃતિઓ

(ક) લેખક તરીકેની વિશેષતાઓ, લેખકના સાહિત્યિક કાર્યનો પ્રભાવ, ઐતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ તેમનાં સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

સૂચના

૧. લેખકની કોઈ પણ બે કૃતિઓ નિયત થશે.

૨. પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહિ.

પ્રશ્નપત્ર ૫ : ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

(હેમચંદ્રાચાર્યથી દયારામ સુધી)

પ્રારંભિક

સાહિત્યનો ઇતિહાસ—તે વિષયક ખ્યાલ

ઇતિહાસદૃષ્ટિ—સાહિત્યપ્રવાહ

સહાનુભૂતિશીલ કલ્પના—સંસ્કૃતિ અને સાહિત્ય.

૧. પ્રાગ્-નરસિંહ સમય

(૧) અપભ્રંશનો ગૂર્જર પ્રવાહ—જૂની ગુજરાતી

(૨) સમકાલીન સાંસ્કૃતિક સંદર્ભ—સોલંકીઓનું રાજત્વ-સિદ્ધરાજ જયસિંહના સમયનું ગુજરાત—ધાર્મિક સહિષ્ણુતા અને સમન્વયકારી વલણ—સાંસ્કૃતિક સમુત્થાન—સાંસ્કૃતિક વ્યક્તિત્વ—જૈન અને શૈવ સાહિત્યપરંપરાઓ.

(૩) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય
'સિદ્ધહેમવ્યાકરણ'માંનાં અવતરણોનો પરિચય.

(૪) (અ) વાઘેલાઓના સમયનું સાંસ્કૃતિક વાતાવરણ (અલાઉદ્દીનના આક્રમણ પર્યન્ત)

(બ) આ સમયના સાહિત્યનાં સામાન્ય લક્ષણો : રાસા-ફાગુ-પ્રબંધ-બારમાસી—એ સાહિત્ય પ્રકારોનો પરિચય

(ક) નીચેની કૃતિઓનો વસ્તુ વગેરેની દૃષ્ટિએ સામાન્ય પરિચય :
ભરતેશ્વર બાહુબલિરાસ-શાલિભદ્ર-નેમિનાથ ચતુષ્પદિકા, સ્થૂલિભદ્ર ફાગ.

(૫) (અ) ઈ. સ. ૧૨૯૭માં ખીલજીનું આક્રમણ. ત્યાર પછી ગુજરાતની બદલાતી સાંસ્કૃતિક આબોહવા-ગુજરાતનું અલગ રાજ્ય-સાંસ્કૃતિક સંક્ષોભ-સાહિત્ય પર અસર. મારુ-ગુર્જરમાંથી રાજસ્થાની અને ગુજરાતીનું જુદું પડવું.

(બ) અસાઇત-પદ્મવાર્તા-વિશિષ્ટ સાહિત્ય સ્વરૂપ. ભંસાઉલિ-લોકનાટ્ય અને ભવાઈ વેશ.

(૬) વિશિષ્ટ કૃતિઓ

માધવાનલ કામકંડલા દોગ્ધક-ગણુપતિ-ત્રિભુવનદીપકપ્રબંધ-સદયવત્સચરિત્ર-ભીમ-રણમલ્લ છંદ-વસંતવિલાસ.

(૬) ગદ્યસાહિત્ય

પૃથ્વીચંદ્ર ચરિત્ર-માણિક્યસુંદર-દૃષ્ટાંતકથાઓ-તરુણપ્રભ અને સોમસુંદર-પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ.

૨. પંદરમાંથી સોળમા શતક પર્યન્તનો સમયગાળો—

(૧) ગુજરાતી મુસ્લિમ સલ્તનત—રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિ

(૨) ભાગવતધર્મ-સંતપરંપરા અને ભક્તિપ્રવાહ-ભારતમાં અને ગુજરાતમાં-પ્રેમલક્ષણા ભક્તિ-રામાયણ-મહાભારત-ભાગવત અને પુરાણસાહિત્ય

(૩) નરસિંહ : જીવન અને સાહિત્ય-"આદિકવિ" સમય-પદ કવિતા અને પદસ્વરૂપ-ભક્તિ અને જ્ઞાનનો કવિતામાં વિનિયોગ-નરસિંહની કૃતિઓ-આખ્યાનનું બીજ-પદાવલિરૂપ આખ્યાન-કાવ્યસિદ્ધિ.

(૪) ભાલણ

સમય-સાહિત્યસેવા-કૃતિઓ-આખ્યાનનું સ્વરૂપ

'કાદંબરી'-અનુવાદ. નળાખ્યાન-પદો.

(૫) અન્ય વિશિષ્ટ કૃતિઓ

કાન્હડદે પ્રબંધ-પદ્મનાભ-તથા અન્ય પ્રબંધ-કવિતા

પંચદંડ

નંદબત્રીસી નરપતિ

(૬) પંદરમી સદીના અન્ય નોંધપાત્ર કવિઓ તથા કૃતિઓનો નિર્દેશ

(૭) મીરાં : સમય-જીવન-મીરાંનાં પદ-ભાષાની વિશેષતા-રાજસ્થાની પદ-કવિતાનો પ્રવાહ-કવિત્વ

(૮) મધ્યકાલીન રાસસાહિત્ય-નાનાશ્રયી શાખા

(૯) માંડલ-"પ્રબોધબત્રીસી".

(૧૦) કેટલીક કૃતિઓ—

માધવાનલ કામકંડલા દોગ્ધક-ગણુપતિ-હંસાઉલિ-'વિક્રમચરિત્ર'-મધુસૂદન વ્યાસ. 'કપૂરમંજરી'-મતિસાર માધવાનલ અને મારુઢોલા-કુશળલાભ. રૂપચંદ કુંવરરાસ-નયસુંદર વિમલપ્રબંધ-લાવણ્યસમય.

૩. (૧) (અ) મુઘલ સમય-સાંસ્કૃતિક પરિસ્થિતિ-સાહિત્યચર્ચા

(બ) ૧. જ્ઞાનમાર્ગી કવિતા-નરહરિ વગેરે.

૨. જ્ઞાની કવિ અખો-જીવન-કૃતિઓ-છપ્પા, અનુભવબિન્દુ 'અખેગીતા'.

ભાષા, કટાક્ષ, કવિતા

(૨) (ક) આખ્યાનપ્રવાહ — અને આખ્યાનવિકાસ. આખ્યાનો અને માણભટ્ટની પરંપરા. ભાલણથી નાકર — વિશ્વનાથ, પ્રેમાનંદ "મહાભારતનાં પર્વો".

(ડ) પ્રેમાનંદ — જીવન અને કૃતિઓ : નળાખ્યાન, દશમ, મામેરું, સુદામાચરિત્ર, ઓખા-હરણ, અભિમન્યુ, ચંદ્રહાસ, રણયજ્ઞ, નરસિંહના જીવનવિષયક આખ્યાનો.

(ઢ) પ્રેમાનંદ અને સમકાલીન સમાજ

(ણ) સમકાલીન સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભ —મુઘલો —મરાઠાઓનાં આક્રમણો— શિવાજી—દુર્ગાદાસ રાઠોડ વ.

(૩) (અ) મરાઠાઓનાં આક્રમણો —રાજકીય અનવસ્થા—મરાઠીસત્તા —ગાયકવાડ—અંગ્રેજોનું આગમન.

(બ) ૧. મધ્યકાલીન પદ્યવાર્તા—ગુજરાતની પરંપરા—લોકવાર્તા, પદ્યવાર્તામાં વપરાતાં રહેલાં કેટલાંક કથાઘટકો;

૨. વાર્તાકાર શામળ-કૃતિઓ —સિંહાસનબત્રીશી, મદનમોહના, પદ્માવતી—નંદબત્રીશી—

(ક) અખા પછીની જ્ઞાનમાર્ગી કવિતા—ધીરાની કાફી—ભોજાના ચાબખા—નિરાંતનાં પદો

(ડ) મીરાં પછીની ભક્તિમાર્ગી કવિતા રાજે—પ્રીતમ—ગરબી—વલ્લભ—નરભો—સ્ત્રીકવિઓ

(ઢ) દયારામ : જીવન અને કવિતા—પુષ્ટિસંપ્રદાય—ગરબીઓ—ગદ્યશાસ્ત્રીય ગ્રંથો— ગુજરાતીના ઇતર ભાષાના ગ્રંથો.

(૪) સહજાનંદસ્વામી : જીવન અને સામાજિક કાર્ય — વૈષ્ણવ ધર્મ અને સ્વામીનારાયણ સંપ્રદાય "વચનામૃત" — સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ. પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ.

(૫) ઈ. સ. ૧૬૫૦ પછીનું ગદ્ય : બાલાવબોધો, વર્ણકો, પારસી લેખકો.

૪. સમગ્રદર્શન.

(૧) મધ્યકાલીન કવિતામાં છંદોરચના, દેશીઓ, શૈલી, બાની વગેરેની દૃષ્ટિએ નોંધપાત્ર મુદ્દા.
(૨) મધ્યકાલીન કવિઓની સંસ્કૃતસેવા
(૩) મધ્યગુજરાતના કવિઓએ વ્રજભાષામાં કરેલી રચનાઓના નિર્દેશ
(૪) મધ્યકાલીન ગુજરાતનાં સમાજ અને સાહિત્ય
(૫) મધ્યકાલીન સાહિત્યનું મૂલ્યાંકન

સૂચના : આ પ્રશ્નપત્રના ગુણની વહેંચણી નીચે મુજબ રહેશે :

સાંસ્કૃતિક સંદર્ભને લગતા મુદ્દાઓ	—	૨૦ ગુણ
સાહિત્યને લગતા મુદ્દાઓ	..	૫૦ ગુણ

નોંધ.— ઉપરના ત્રણે પ્રશ્નપત્રોના મુદ્દાઓને આવરી લે તેવાં ઓછામાં ઓછાં ત્રણ લખાણો વિદ્યાર્થીએ સત્ર દીઠ તૈયાર કરવાં આવશ્યક છે.

ટી.વાય.બી.એ.

પ્રશ્નપત્ર ૬ : ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

અર્વાચીન યુગ—ખંડ ૧ : પ્રથમ ભૂમિકા

૧. (અ) સાંસ્કૃતિક ભૂમિકા

૧. અંગ્રેજ રાજ્યસત્તા સ્થપાઈ તે પૂર્વેની અંધાધૂંધી–ગુજરાતમાં અંગ્રેજી રાજ્ય–પશ્ચિમની સંસ્કૃતિ સાથેના સંપર્કનું નિમિત્ત–પશ્ચિમી સંસ્થાઓનું અવતરણ–વર્તમાનપત્રો–મુદ્રણાલયો, થિયેટર, શાળાઓ, યુનિવર્સિટીઓ.

૨. પશ્ચિમી કેળવણી પામેલા વર્ગ ઉપર અંગ્રેજી અને અંગ્રેજી દ્વારા યુરોપિયન સાહિત્યનો પ્રભાવ.

૩. અંગ્રેજી સાહિત્યનાં મુક્તતા, પ્રકૃતિશ્રેય, મનુષ્યકેન્દ્રી પ્રણયભાવ વગેરે તત્ત્વોની ગુજરાતી સાહિત્ય પર અસર.

૪. એ અસરના પરિણામે ઉદ્ભવ પામેલાં નવાં સાહિત્યસ્વરૂપો—નવલકથા, નાટક, ટૂંકી વાર્તા, નિબંધ, ચરિત્રસાહિત્ય, પ્રવાસ, ઇતિહાસ.

૫. પરંપરાગત સ્વરૂપોમાં નૂતન ભાવસંચાર.

૬. ગદ્યાશ્રિત સાહિત્ય—મનુષ્ય અને પ્રકૃતિને કેન્દ્રમાં રાખીને સર્જાયેલું સાહિત્ય.

૨. સાંસ્કૃતિક નવજાગૃતિનો પૂર્વાર્ધ :

બુદ્ધિતત્ત્વ(Reason)નો મહિમા

વૈચારિક સંચલનો—'સુધારક' પ્રવૃત્તિઓ, સાહિત્યપ્રવૃત્તિ

(અ) દુર્ગારામ મહેતા અને માનવધર્મસભા

(આ) ફાર્બસ અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

(ઇ) બુદ્ધિવર્ધક સભા

(ઈ) દલપતરામ—ભક્તિ, પ્રવૃત્તિ, સાહિત્યકાર્ય

(ઉ) નર્મદ—ભક્તિ, પ્રવૃત્તિ, સાહિત્યકાર્ય

(ઊ) નવલરામ—વિવેચનપ્રવૃત્તિનો ઉદ્ભવ

(એ) પત્રકારત્વનો વિકાસ

૩. સાંસ્કૃતિક નવજાગૃતિનો ઉત્તરાર્ધ :

(૧) ધર્મજાગૃતિ, સંરક્ષક પરિબળો સામે બુદ્ધિપૂત ધર્મશ્રદ્ધા, પ્રાર્થના સમાજ, થિયોસોફી–આર્યસમાજ

(૨) પારસીઓનું રચેલું ગુજરાતી સાહિત્ય–મલબારી

(૩) નંદશંકર–કરસનદાસ

(૪) મ. ન. ત્રિવેદીની બુદ્ધિપૂત સંરક્ષક પ્રવૃત્તિ

(૫) 'સરસ્વતીચંદ્ર'–ગો. મા. ત્રિ.નું પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનું સમન્વયદર્શન

(૬) બાળાશંકર

(૭) કુસુમમાળા–શુદ્ધ કાવ્યની સમજની દિશામાં લઈ જતો વળાંક

(૮) ગુજરાતી ગદ્યનો વિકાસ–૧

૪. યુનિવર્સિટી શિક્ષણનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ :

(૧) મણિલાલ
(૨) રમણભાઈ
(૩) નરસિંહરાવ
(૪) કે. હ. ધ્રુવ
(૫) આનંદશંકર
(૬) મણિશંકર (કાન્ત)
(૭) બળવંતરાય
(૮) ન્હાનાલાલ
(૯) કલાપી.

૫. કેટલાંક સાહિત્ય સામયિકો :

બુદ્ધિપ્રકાશ, દાંડિયો, જ્ઞાનસુધા, સુદર્શન, પ્રિયંવદા, વસંત.

૬. સંસ્કૃત સાહિત્યના અનુવાદો.

૭. ગુજરાતી રંગભૂમિ :

સાહિત્યકારો અને રંગભૂમિ વચ્ચે સેતુ બાંધવાનો પ્રયત્ન

(૧) ભવાઈ
(૨) પારસીઓનો રંગભૂમિમાં ફાળો
(૩) શેક્સપિયરનો પ્રભાવ
'શેક્સપિયર કથાસમાજ' સંગ્રહ
(૪) રણછોડભાઈ ઉદયરામ

કેટલીક કૃતિઓ–નાટકો :

'મિથ્યાભિમાન', 'ભટનું ભોપાળું', 'વીરમતી', 'લલિતાદુઃખદર્શક', 'કાન્તા', 'રાઈનો પર્વત', 'ઇન્દુકુમાર', 'જયાજયંત'.

રંગભૂમિનાં નાટકો–

ડાહ્યાભાઈ ધોળશાજી, મૂળશંકર મૂલાણી

૮. ઉપસંહાર

(૧) સ્વરાજ્ય માટેના આંદોલનની ભૂમિકા
(૨) ગુજરાતી ગદ્યનો વિકાસ
(૩) કાવ્યભાવનાની સ્પષ્ટતા — કાન્ત, કલાપી, ન્હાનાલાલ, બ. ક. ઠાકોર, — પરિબળો તરીકે.
(૪) ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના.

અર્વાચીન યુગ—બીજી ભૂમિકા—સાંસ્કૃતિક ભૂમિકા

૧. (૧) ગાંધીજીનું સ્વદેશાગમન—અસહકારનાં આંદોલનો
રાષ્ટ્રભાવનાનો વિકાસ—ગ્રામ-અભિમુખતા—નવી પ્રવૃત્તિઓ, નવાં દૃષ્ટિબિંદુઓ, જીવન અને કલાનાં નવાં મૂલ્યો—"નવાં" ધોરણો.

(૨) ગાંધીજીનો સાહિત્ય પર પ્રભાવ

(૩) ગાંધીજીનું સાક્ષરમંડળ—ગાંધીજી, કાલેલકર, રા. વિ. પાઠક, મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, કિશોરલાલ મશરૂવાળા

(૪) કનૈયાલાલ મુનશી, સરસતાવાદ—મુનશીનું વાર્તાસાહિત્ય—પરાક્રમી સ્વતંત્ર અને આદર્શવાંચ્છુ પાત્રોની સૃષ્ટિ, મુનશીની ઐતિહાસિક નવલકથાઓ અને ઐતિહાસિક નવલકથા. મુનશીની સામાજિક નવલકથાઓ; મુનશીનાં નાટકો—કાકાની શશી, પૌરાણિક નાટકો, સામાજિક નાટકો, મુનશીની ટૂંકી વાર્તાઓ, મુનશીના નિબંધો—તેમનું વિવેચન

૨. (૧) ગાંધીદર્શન અને સમાજવાદનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ, 'દરિદ્રનારાયણ' –દીનજનવાત્સલ્ય–માનવતાવાદ

(૨) શુદ્ધ કવિતા—અંતર્મુખતા, કંઈક વધુ રસલક્ષિતા
ભાનીના પ્રયોગો—છંદપ્રયોગો, મિશ્રણો, યતિસ્વાતંત્ર્ય, પ્રવાહિતા, પરંપરિત છંદો, ખેડ છંદો વગેરે છંદશાસ્ત્રનો અભ્યાસ

(૩) લોકસાહિત્યનું સંશોધન તથા તેનો પ્રભાવ

(૪) સૉનેટ—કથાકાવ્ય—ખંડકાવ્ય – મુક્તકો—ગીતો

(૫) શ્રીધરાણી, ચંદ્રવદન મહેતા, શેષ, ઉમાશંકર, સુંદરમ્, મેઘાણી

(૬) બ. ક. ઠા., વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિવેચન—રા. વિ. પાઠક, વિજયરાય વૈદ્ય.

૩. (૧) પ્રગતિશીલ સાહિત્ય–સાહિત્યમાં વાસ્તવિકતા–પ્રચારલક્ષિતા

(૨) ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, ર. વ. દેસાઈ, પન્નાલાલ, દર્શક, જયંતી દલાલ, ચૂનીલાલ મડિયા, આદિનું વાર્તાસાહિત્ય

ત્રીજી ભૂમિકા

૧. (૧) સ્વતંત્રતા, પરચક્રમાંથી મુક્તિ–સ્વરાજ્યનો પ્રથમાનુભવ, ઉત્સાહ, રાજકીય અને આર્થિક પરિબળો–સામાજિક ગતિશીલતા.

(૨) મૂલ્ય–વિરોધો, યુદ્ધોત્તર હતાશા અને છિન્નતાનો ભાવ–માનવભાવિની અનિશ્ચિતતા, સાંસ્કૃતિક સંકર, આંતરરાષ્ટ્રીયતા

(૩) સાહિત્યમાં પ્રયોગશીલતા

(૪) વધુ અંતર્મુખ, વધુ આત્મલક્ષી, પ્રગલ્ભ, પ્રયોગશીલ રચનાઓ

(૫) શુદ્ધ સૌંદર્યલક્ષિતાનો આગ્રહ–નવી આકારનિર્મિતિઓ, અછાંદસ પ્રયોગો

(૬) પ્રલાયનનો સમાજસંદર્ભનો અને કાવ્યમાં અર્થનો વિરોધ

અર્વાચીન યુગ, ખંડ ૨

(અ) સાહિત્યસ્વરૂપોનો વિકાસ અને પ્રવાહો

૧. નવલકથા :
(ક) 'કરણઘેલો', 'સરસ્વતીચંદ્ર', 'ગુજરાતનો નાથ', 'માનવીની ભવાઈ', 'ઝેર તો મીઠાં જાણી જાણી' (તથા અન્ય નવલકથાઓ)
(ખ) અર્વાચીન પ્રયોગો.

૨. ટૂંકી વાર્તા
(ક) 'ગોવાલણી' : ધૂમકેતુ, ઠિરેફ, સુંદરમ્, જયંતી દલાલ તથા અન્ય લેખકો
(ખ) 'અર્વાચીન'–'આધુનિક' અથવા 'નવી નવલિકા' (સુરેશ જોષી વગેરે)

૩. નાટક
(ક) 'મિથ્યાભિમાન', 'લલિતાદુઃખદર્શક', 'કાન્તા', 'રાઈનો પર્વત', 'જયાજયંત', 'કાકાની શશી', 'આગગાડી', 'શર્વિલક'.
(ખ) નાટ્યક્ષેત્રે રણછોડભાઈ, નાનાલાલ, ચંદ્રવદન વગેરેનું પ્રદાન
(ગ) એકાંકી : બટુભાઈ, ઉમાશંકર, જયંતી દલાલ વગેરે અર્વાચીન પ્રયોગો
(ઘ) પદ્યનાટકના પ્રયોગો.

૪. ચરિત્રસાહિત્ય (આત્મ, જીવન, ડાયરી વ.)

૫. નિબંધસાહિત્ય

૬. ગુજરાતી વિવેચનાનો વિકાસ

૭. ભાષાવૈજ્ઞાનિક સંશોધન-અધ્યયનની તવારીખ

૮. અનુવાદ-પ્રવૃત્તિ :

(બ) સાહિત્યપ્રવૃત્તિઓ, સંસ્થાઓ, સામયિકો વ.

૧. સામયિકો : 'યુગધર્મ', 'પ્રસ્થાન', 'કૌમુદી', 'કુમાર', 'સંસ્કૃતિ'

૨. ગુજરાત સાહિત્ય પરિષદ : સાહિત્યસભા, ફાર્બસ સભા, નર્મદ સભા, પ્રેમાનંદ સાહિત્ય સભા વગેરે.

૩. સાહિત્યિક પારિતોષિકો અને ચંદ્રકો.

નોંધ.— આ પ્રશ્નપત્રના ગુણની વહેંચણી નીચે મુજબ રહેશે :

સાંસ્કૃતિક સંદર્ભને લગતા મુદ્દાઓ	૨૦ ગુણ
સાહિત્યને લગતા મુદ્દાઓ	૫૦ ગુણ

પ્રશ્નપત્ર ૭ : ગુજરાતી ભાષાના ઐતિહાસિક વિકાસનો અને ગુજરાતી ભાષાના સ્વરૂપનો અભ્યાસ

૧. ભાષાનો સામાન્ય પરિચય ... ૧૫ ગુણ
(૧) ભાષા : લાગણી અને વિચાર વ્યક્ત કરવાનું સાધન, સામાજિક વ્યવહારનું સાધન, સાહિત્યનું માધ્યમ, જ્ઞાનસાધન.
'ભાષા' : શબ્દના વિવિધ અર્થો, ભાષા અને વાણી-ઉચ્ચાર અને જોડણી

(૨) ભાષાનું સ્વરૂપ અને ઇતિહાસ :

ઉચ્ચારણ, વ્યાકરણ (શબ્દસિદ્ધિ, પદરચના, વાક્યરચના), શબ્દકોશ, બોલીઓ, માન્ય ભાષા અને પ્રાદેશિક બોલીઓ, વ્યવહારભાષામાં સામાજિક-સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપભેદો. બંધારણની દૃષ્ટિએ ભાષાઓનું વૈવિધ્ય.

ભાષાની પરિવર્તનશીલતા, ભાષાનાં વિવિધ અંગોમાં થતું પરિવર્તન, ભાષાકુળો, ભારતીય ભાષાકુળો.

૨. ગુજરાતીનો વિકાસક્રમ ... ૨૫ ગુણ

(૧) ભારત-યુરોપીય ભાષાકુળ, ભારતીય આર્યનો વિકાસક્રમ, અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધી. ગુજરાતીની પડોશભાષાઓ.

(૨) ગુજરાતીનું ધ્વનિપરિવર્તન :

નીચેનાં ધ્વનિપરિવર્તનોનો અને તે અનુસાર શબ્દોની વ્યુત્પત્તિનો અભ્યાસ :

(૧) સંસ્કૃતથી ગુજરાતી સુધીમાં—

૧. આદ્ય, મધ્ય અને અંત્ય સ્થાનના એકવડા સ્પર્શવ્યંજનનું પરિવર્તન
૨. સ્પર્શવ્યંજન અને ઉષ્મવ્યંજનના સંયોગનું તથા ઉષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનના સંયોગનું પરિવર્તન.

(૨) અપભ્રંશથી ગુજરાતી સુધીમાં—

૧. સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન
૨. અઇ અને અઉ એ સ્વરયુગ્મોનું પરિવર્તન.

(૩) ગુજરાતીના વ્યાકરણમાં અને શબ્દરાશિમાં થયેલું પરિવર્તન, પરભાષામાંથી સ્વીકૃત શબ્દો (તત્સમ, તદ્ભવ, દેશ્ય અને વિદેશી).

૩. અર્વાચીન ગુજરાતીનું સ્વરૂપ ... ૩૦ ગુણ

(૧) માન્ય ગુજરાતી (સાહિત્યિક ગુજરાતી), ગુજરાતીની બોલીઓ. (મુખ્ય બોલી વિભાગો, માન્ય ગુજરાતીથી તેમના થોડાક લાક્ષણિક ભેદો —ઉચ્ચારણના, વ્યાકરણના, શબ્દપ્રયોગોના.)

(૨) (૧) માન્ય ગુજરાતીના ધ્વનિઓ (માન્ય ગુજરાતીનું ઉચ્ચારણ અને જોડણી, શબ્દસિદ્ધિ (નામિક અને આખ્યાતિક/અંગસાધક પ્રત્યયો, સંધિ), સમાસો.

(૨) રૂપાખ્યાન: નામ (સંજ્ઞા, વિશેષણ, સર્વનામ, લિંગ, વચન, વિભક્તિ, અનુગો); આખ્યાત (મૂળ અને સાધિત અંગો, કાળ, અર્થ, પ્રયોગ, પુરુષવચન, લિંગ, પુરુષવાચક રૂપો, ઇતર પૂર્ણરૂપો, કૃદંતો સંયુક્ત રૂપો, સંયુક્ત ક્રિયાપદો), ક્રિયા વિશેષણ, સંયોજકો, વિવિધ રૂપોના અર્થો, દ્વિરુક્ત પ્રયોગો.

(૩) વાક્યરચના સંવાદ (consord), શબ્દવિન્યાસ, વાક્યના પ્રકારો, વાક્યરૂપાંતર.

સૂચિત પુસ્તકો

(ઉપરના વિષયો સાથે તેમનો જેટલો ભાગ સંબંધિત હોય તેટલા પૂરતા જ મર્યાદિત.)

૧. 'ધી લૅંગ્વેજ ઑફ ગુજરાત' ... ટી. એન. દવે
૨. 'ગુજરાતીનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન' ... પી. બી. પંડિત
૩. 'ભાષાવિજ્ઞાન' ... કે. બી. વ્યાસ
૪. 'ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર' ... કે. કા. શાસ્ત્રી.

પ્રશ્નપત્ર ૮

સાહિત્યવિવેચનના સિદ્ધાંતોનો અભ્યાસ :

૧. સાહિત્યનું સ્વરૂપ ... ૨૮ ગુણ (બે પ્રશ્નો)
૨. સાહિત્યનું પ્રયોજન, ભાવન વિવેચન ... ૪૨ ગુણ (ત્રણ પ્રશ્નો).

૧. સાહિત્યનું સ્વરૂપ

(૧) ભૂમિકા

સાહિત્ય એક કલા, લલિત અને લલિતેતર સાહિત્ય.

(૨) સાહિત્યનાં ઘટકતત્ત્વો

સાહિત્યનું ઉપાદાન : ભાષા, સાહિત્ય-ભાષા અને વ્યવહાર-ભાષા, શબ્દનું સ્વરૂપ (વર્ણ, લય, અર્થ), શબ્દની શક્તિ (અભિધા, લક્ષણા, વ્યંજના), ધ્વનિ, અલંકાર (શબ્દના, અર્થના), કલ્પન કે પ્રતિરૂપ, પ્રતીક, પુરાકલ્પન (Myth), છંદ (અક્ષરસંખ્યા ઉપર, અક્ષરસ્વરૂપ ઉપર, માત્રા ઉપર અને ગેય લય ઉપર આધારિત પરંપરિત લયનું સ્વરૂપ), ગદ્ય અને પદ્ય, મુખ્ય સાહિત્યપ્રકારો, સાહિત્યમાં "ક્લાસિકલ" (સૌષ્ઠવવાદી), રોમેન્ટિક (કૌતુકવાદી) અને વાસ્તવવાદી વલણો, શૈલી.

૨. સાહિત્યનું પ્રયોજન, ભાવન અને વિવેચન.

(૧) સાહિત્યનાં પ્રયોજન : જ્ઞાન ઉદ્બોધન, આનંદસાહિત્ય અને પ્રચાર

(૨) સાહિત્યનું ભાવન : સર્જન અને ભાવન અભિવ્યક્તિ (expression) અને પ્રત્યાયન (communication), અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર, વિચાર, ઊર્મિ, કલ્પના, તરંગ, ઉપાદાન અને સ્વરૂપ, અનુકરણ અને પ્રતિનિધાન, સાધારણીકરણ, ઔચિત્ય, સાહિત્યનો રસાસ્વાદ, સુરુચિ, કાવ્યનું સત્ય, પ્રતિભા અને દર્શન.

૩. સાહિત્યનું વિવેચન : વિવેચનનાં પ્રયોજનો, વિશ્લેષણ અને વિવરણ, રસદર્શન, મૂલ્યાંકન, અવલોકન અને સમીક્ષા, સાહિત્યમાં પરંપરા અને પ્રયોગ, સમકાલીન સાહિત્યનું વિવેચન, તુલનાત્મક વિવેચન.

૪. સાહિત્ય અને સમાજ, સાહિત્ય અને શીલ, નીતિ, ધર્મ તથા સંસ્કૃતિ, સાહિત્યકાર અને સમાજ.

(નોંધ.—આ પ્રશ્નપત્રમાં સામાન્ય રીતે પાંચ પ્રશ્નો અપેક્ષિત છે.)

સૂચિત પુસ્તકો

(પહેલું પુસ્તક સમગ્રપણે અને બાકીનાં પુસ્તકો તેમનો જેટલો ભાગ ઉપરના વિષયો સાથે સંબંધિત હોય તેટલા પૂરતાં.)

૧. 'પ્રિન્સિપલ્સ ઑફ લિટરરી ક્રિટિસિઝમ' (એબરક્રોમ્બી) (સાહિત્યવિવેચનના સિદ્ધાંતો — નગીનદાસ પારેખ કૃત ગુજરાતી અનુવાદ) (વર્સ ફ્રેન્ડ)
૨. 'સાહિત્યવિવેક' — નગીનદાસ પારેખ કૃત ગુજરાતી અનુવાદ
૩. 'કાવ્યપ્રકાશ' (ઉલ્લાસ ૧–૨) — મમ્મટ
૪. 'અભિનવગુપ્તનો રસસિદ્ધાંત અને બીજા લેખો' — નગીનદાસ પારેખ
૫. 'શૈલી અને સ્વરૂપ' — ઉમાશંકર જોશી.

પ્રશ્નપત્ર ૯

અનુવાદ, સારાંશલેખન અને અપઠિત કંડિકાઓનું વિવરણ

૧. અનુવાદ: આશરે ૨૦ લીટીનો એક અથવા કુલ વીસેક લીટીના બે ગદ્ય ફકરાઓનો અનુવાદ ... ૧૫ ગુણ
૨. સારાંશલેખન (ગદ્યખંડનું) ... ૨૦ ગુણ
૩. અપઠિત કંડિકાઓનું વિવરણ
(અ) બે ગદ્ય કંડિકાઓમાંથી એકનું વિવરણ ... ૧૫ ગુણ
(બ) બે પદ્ય કૃતિઓમાંથી એકનું છંદ, અલંકાર, ધ્વનિ, રસ આદિ દૃષ્ટિએ વિવરણ ... ૨૦ ગુણ

પ્રશ્નપત્ર ૧૦

એક મધ્યકાલીન અને એક અર્વાચીન સાહિત્યની એમ બે શિષ્ટ કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ.

પ્રશ્નપત્ર ૧૧

તૃતીય વર્ષ બી.એ.ના ગુજરાતી વિષયના નિબંધના પ્રશ્નપત્ર માટેના મુદ્દાઓ

૧. પ્રશિષ્ટ કૃતિ: ક્લાસિક એટલે શું?
૨. ફાગુ: મધ્યયુગમાં તેનો વિકાસ
૩. રાસો: મધ્યયુગમાં તેનો વિકાસ
૪. પ્રબંધ: મધ્યયુગમાં તેનો વિકાસ
૫. આખ્યાન: સ્વરૂપ અને તેનો વિકાસ
૬. જ્ઞાની કવિ અખો
૭. પ્રેમાનંદની સિદ્ધિઓ
૮. મધ્યયુગીન સાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિ
૯. નરસિંહ — મીરાંનાં ભક્તિકાવ્યોમાં પ્રકટતું તેમનું જીવન
૧૦. લોકવાર્તાકાર શામળની લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ

૧૧. કવિ દયારામની સાહિત્યસેવા

૧૨. ગુજરાતી સાહિત્યમાં સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓનો ફાળો

૧૩. પશ્ચિમના સાંસ્કૃતિક સંપર્કનો ગુજરાતી સાહિત્ય ઉપર પ્રભાવ

૧૪. દલપત-નર્મદ યુગનું સાહિત્ય

૧૫. ધર્મજાગૃતિનો પ્રભાવ

૧૬. નવલકથાનું સ્વરૂપ

૧૭. ગુજરાતી નવલકથાનો વિકાસ

૧૮. કલાકૃતિ તરીકે સરસ્વતીચંદ્રની આલોચના

૧૯. અર્વાચીન ગુજરાતી કવિતાની આજ સુધીની વિકાસરેખા — એના મુખ્ય વળાંકોને અનુલક્ષીને

૨૦. ખંડકાવ્યનું સ્વરૂપ અને તેના પ્રવાહનું દિગ્દર્શન

૨૧. સોનેટનું કલાસ્વરૂપ અને ગુજરાતીમાં તેનું અવતરણ

૨૨. ટૂંકી વાર્તાનો કલાપ્રકાર અને તેનો વિકાસ

૨૩. સાહિત્યસ્વરૂપ તરીકે નાટકની વિશેષતા

૨૪. ગુજરાતી નાટ્યસાહિત્યની વિકાસરેખા

૨૫. એકાંકી — તેનો ઉદ્ભવ અને વિકાસ

૨૬. અર્વાચીન કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતા

૨૭. ગાંધીજીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ

૨૮. આપણું લોકસાહિત્ય

૨૯. આપણું પ્રવાસસાહિત્ય

૩૦. હાસ્યરસનું ગુજરાતી સાહિત્ય

૩૧. આપણું વિવેચનસાહિત્ય

૩૨. અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય

૩૩. સાહિત્યમાં શ્લીલ અને અશ્લીલ

૩૪. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં દેખાતી પ્રમુખ લાક્ષણિક શૈલીઓ

૩૫. નર્મદથી આજ સુધી વિકસતી આવતી કાવ્યવિભાવનાનો આલેખ.

સૂચના.— ઉપરની યાદી કેવળ માર્ગસૂચક છે અને પરીક્ષકને બંધનકર્તા નથી. વિદ્યાર્થીઓ ત્રણ વર્ષ દરમિયાન કરેલા અભ્યાસને લક્ષમાં લઈને સાહિત્યસ્વરૂપ, પ્રવાહ, કૃતિ, ગ્રંથકાર કે કોઈ મહત્ત્વના વિવેચનાત્મક પ્રશ્ન વિષે નિબંધ પૂછી શકાશે.

નોંધ.—ઉપરના છએ પ્રશ્નપત્રોના મુદ્દાઓને આવરી લે તેવા ઓછામાં ઓછા પાંચ લખાણો વિદ્યાર્થીએ સત્ર દીઠ તૈયાર કરવા આવશ્યક છે.

એમ.એ.

પ્રશ્નપત્ર ૧

સાહિત્યસ્વરૂપ

નીચેનાં સાહિત્યસ્વરૂપોમાંથી ક્રમ પ્રમાણે નિયત થયેલા એક સ્વરૂપનો અભ્યાસ :

નાટક, નવલકથા, નિબંધ, ચરિત્ર

નમૂનારૂપે ગુજરાતી ઉપરાંત ભારતીય અને વિદેશી સાહિત્યમાંથી પસંદ કરેલી કૃતિઓ જે તે સ્વરૂપના અભ્યાસ માટે નિયત કરવામાં આવશે.

મુદ્દાઓ

૧. સાહિત્યકલામાં સ્વરૂપ (form)ની વિભાવના
૨. જે તે સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. જે તે સાહિત્યસ્વરૂપનાં આવર્તક લક્ષણો
૪. સ્વરૂપના ઉદ્‌ભવની પીઠિકા
૫. ગુજરાતીમાં તેનો વિકાસ
૬. મુખ્ય કૃતિઓ અને સર્જકો
૭. તેની આધુનિક સ્થિતિ

પ્રશ્નપત્ર ૨

(મૂળ પ્રમાણે — શ્રી. નગીનદાસ પારેખે તૈયાર કરેલા મુદ્દાઓ સહિત)

સૂચિત પુસ્તકો

મૂળ ત્રણ પુસ્તકો ઉપરાંત ચોથું 'અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો' : નગીનદાસ પારેખ.

પ્રશ્નપત્ર ૩

(અ) મધ્યકાલીન સાહિત્યમાંથી પસંદ કરેલી બે કે ત્રણ કૃતિઓ

(બ) અર્વાચીન સાહિત્યમાંથી પસંદ કરેલી બે કે ત્રણ કૃતિઓ, જેમાંથી એક સ્વાતંત્ર્યોત્તર કાળની પ્રતિનિધિ હોવી આવશ્યક છે.

સૂચના.—કૃતિલક્ષી અભ્યાસ અપેક્ષિત છે.

પ્રશ્નપત્ર ૪

નીચેની યાદીમાંથી એક મધ્યકાલીન અને એક અર્વાચીન —એમ બે ગ્રંથકારોનો તલસ્પર્શી અભ્યાસ:

નરસિંહ, ભાલણ, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ, નર્મદ, ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, રમણભાઈ નીલકંઠ, ક્રાન્ત, કલાપી, ન્હાનાલાલ, બળવંતરાય ઠાકોર, ગાંધીજી, કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ, રામનારાયણ પાઠક, કાકાસાહેબ કાલેલકર, રમણલાલ વસંતલાલ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જોશી.

મુદ્દાઓ

(અ) લેખકના જન્મસમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, લેખકના વ્યક્તિત્વનું ઘડતર

(બ) સાહિત્યિક કાર્ય – મુખ્ય કૃતિઓ

(ક) લેખક તરીકેની વિશેષતાઓ — લેખકના સાહિત્યિક કાર્યનો પ્રભાવ — ઐતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ તેના સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

પ્રશ્નપત્ર ૫

મૂળ પ્રમાણે.

પ્રશ્નપત્ર ૬

(અ) 'સરસ્વતીચંદ્ર', ભાગ ચોથો (પૂર્વાર્ધ અથવા ઉત્તરાર્ધ)	...	૨૫ ગુણ
(બ) નિબંધ	...	૩૦ ગુણ
(ક) અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર	...	૨૦ ગુણ
(ડ) કોઈ એક કાવ્યકૃતિનું વિવેચન	...	૨૫ ગુણ

સૂચના.—આ પ્રશ્નપત્રમાં નિબંધ, ભાષાંતર તથા કાવ્યકૃતિનું વિવેચન એમ પ્રત્યેક વિશે દસ લખાણો, આ પરીક્ષામાં બેસવાની યોગ્યતા પ્રમાણિત કરવા માટે વિદ્યાર્થીએ કરેલાં હોય તે આવશ્યક છે. પ્રોફેસર-ઇન-ચાર્જનું એ વિશેનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક છે.

પરિશિષ્ટ "છ"
કારોબારી કમાંક ૫૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Professor of Statistics in the University School of Sciences, Gujarat University was held on Tuesday, 29th April, 1969 at 12-30 p.m. Shri Umashankar J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri Umashankar J. Joshi, Vice-Chancellor	Present
2. Prof. V. S. Huzurbazar	Absent
3. Prof. M. C. Chakrabarti	Absent
4. Dr. S. K. Mitra	Present
5. Dr. N. M. Bhatt	Present.

The following candidate called for an interview :

1. Dr. C. G. Khatri	Present

After interviewing the candidate and considering his qualifications and experience, the Committee resolved as follows :

"Recommended that Dr. C. G. Khatri be appointed to the post of Professor of Statistics on a starting salary of Rs. 1,300/- in the pay-scale of Rs. 1,100-50-1,300-60-1,600 in view of his outstanding contribution in the subject."

U. J. Joshi
S. K. Mitra
N. M. Bhatt.

29-4-1969.

પરિશિષ્ટ "બ"
ઠરાવનો ક્રમાંક ૬૦

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in political Science in University School of Social Sciences was held on Saturday, 26th April 1969 at 12-30 p.m. at the Office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members:

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Shri S. P. Verma	Present
3. Shri D. K. Garde	Present
4. Prof. S. K. Kshirsagar	Present
5. Kum. Alu Dastur	Present
6. Prof. D. N. Pathak	Present.

The following candidates appeared for interview:

1. Shri H. J. Baxi
2. Shri K. D. Desai
3. Shri P. J. Shah.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under:

"It is recommended that Shri K. D. Desai be appointed to the post of a Reader in Political Science on a starting basic salary of Rs. 750/- in the pay-scale of Rs. 700-50-1,250."

U. J. Joshi
S. P. Varma
D. K. Garde
Shiwaram K. Kshirsagar
Alu Dastur
D. N. Pathak.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૧

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Reader-in-Mathematics in the University School of Sciences, Gujarat University was held on Wednesday, 30th April, 1969 at 12-30 p.m. at the Office of the Gujarat University, Ahmedabad. Shri Umashankar J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding :

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Shri S. S. Shrikhande	Present
3. Shri V. Krishnamurty	Present
4. Shri B. S. Gai	Present
5. Prof. Hansraj Gupta	Present
6. Prof. P. C. Vaidya	Present.

The following candidates were called for interview :

1. Dr. J. K. Rao	Absent
2. Dr. A. M. Vaidya	Present
3. Dr. Kasavajiula Anjaneyulla	Present.

At the outset Dr. P. C. Vaidya, a member of the committee apprised the other members of the committee that his nephew being one of the candidates for the post he would like to absent himself when that candidate would be interviewed and then withdrew himself at the time of Dr. A. M. Vaidya's interview.

The committee then proceeded to interview the candidates who remained present for the interview.

The letter, dated 15-4-1969 from Shri Surendra Nath Patnaik from the University of Illinois, U.S.A., requesting to consider himself for the position of Reader-in-Mathematics was also placed before the committee.

The committee then considered the candidates as well as the aforementioned letter of Shri Surendra Nath Patnaik and resolved as follows :

"Recommended at the Dr. A. M. Vaidya be appointed to the post of a Reader-in-Mathematics on a starting basic salary of Rs. 750/- in the payscale of Rs. 700-50-1,250.

Dt. 30-4-1969.

U. J. Joshi
S. S. Shrikhande
V. Krishnamurty
B. S. Gai
Hansraj Gupta
P. C. Vaidya.

પરિશિષ્ટ "૮"
કાર્યકાજ ક્રમાંક ૬૫

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૯-૫-૧૯૬૯ના રોજ ૧૨-૩૦ વાગ્યે તથા તા. ૧૦-૫-૧૯૬૯ના રોજ ૧૧-૩૦ વાગ્યે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બે જગ્યા, મનોવિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન ફિલોસોફીની એક જગ્યા તથા ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન પ્રાકૃત અને લેક્ચરર ઇન હિન્દીની એક-એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૯-૫-૧૯૬૯	તા. ૧૦-૫-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. ડી. એમ. શીખ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	હાજર
૫.	શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	ગેરહાજર	હાજર
૬.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૧૧.	શ્રી. આઈ. એ. મોદી	હાજર	હાજર
૧૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	ડૉ. જે. જે. મિનોચ	હાજર	ગેરહાજર
૧૫.	શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર	ગેરહાજર
૧૬.	શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર	હાજર
૧૭.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર	હાજર
૧૮.	શ્રી. કે. એન. શાહ	ગેરહાજર	ગેરહાજર.

(અ) લેક્ચરર ઇન કેમિસ્ટ્રી—બે જગ્યા

લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) ડૉ. આઈ. એમ. ભટ્ટ	હાજર
(૨) ડૉ. એસ. એસ. રાણા	ગેરહાજર
(૩) શ્રી. અગસાલાતની એન.	હાજર
(૪) શ્રી. આર. એસ. શાહ	ગેરહાજર
(૫) શ્રી. એમ. આર. ત્રિવેદી	ગેરહાજર
(૬) શ્રી. એ. એ. શેખ	ગેરહાજર
(૭) શ્રી. બી. એન. પટેલ	હાજર
(૮) શ્રી. એ. ડી. સતવેદી	ગેરહાજર
(૯) ડૉ. એ. એ. મુનશી	હાજર
(૧૦) ડૉ. કે. પી. સોની	હાજર
(૧૧) શ્રી. આર. જે. શાહ	હાજર
(૧૨) શ્રી. કે. બી. ભટ્ટ	હાજર
(૧૩) કુમારી મૃણાલિની એચ. ગાંધી	હાજર
(૧૪) શ્રી. આર. સી. શાહ	હાજર
(૧૫) શ્રી. એફ. બી. નાયક	ગેરહાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આઈ. એમ. ભટ્ટને શરૂઆતમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નીમવા અને તે પછીના બીજા ક્રમમાં કુમારી મૃણાલિની એચ. ગાંધી અને શ્રી. કે. પી. સોનીને સરખા ગણીને (bracket કરીને) તેમની યથાયોગ્ય નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કુ. મૃણાલિની એચ. ગાંધીની નિમણૂક કરવામાં આવે તો તેઓને શરૂઆતમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી અને શ્રી. કે. પી. સોનીને નીમવામાં આવે તો શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૪૮૦થી નીમવા માટે ભલામણ કરવી."

(બ) લેક્ચરર ઇન પ્રાકૃત—એક જગ્યા

લેક્ચરર ઇન પ્રાકૃતની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) ડૉ. કે. આર. ચન્દ્ર	હાજર
(૨) શ્રી. વી. જે. ચોકસી	હાજર
(૩) શ્રી. કે. એમ. પટેલ	હાજર
(૪) શ્રી. એન. કે. પ્રસાદ	ગેરહાજર
(૫) શ્રી. વી. એમ. શાહ	ગેરહાજર.

નિષ્ણાત તરીકે ભાષા-સાહિત્ય ભવનના લિંગ્વિસ્ટિકસના પ્રાધ્યાપક શ્રી. એચ. સી. ભાયાણી હાજર રહ્યા હતા. હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"હાજર રહેલા ત્રણ ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી તથા શ્રી. વી. એમ. શાહનો તા. ૮-૫-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી તેઓનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળ માસિક પગાર
(૧)	ડૉ. કે. આર. ચન્દ્ર	રૂા. ૫૨૦
(૨)	શ્રી. કે. એમ. પટેલ	રૂા. ૪૦૦."

(૬) લેક્ચરર ઇન ફિલોસોફીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧)	શ્રી. એસ. પી. દુબે	ગેરહાજર
(૨)	શ્રી. ડી. એન. ગાંધી	હાજર
(૩)	શ્રી. એલ. વી. મીને	ગેરહાજર
(૪)	શ્રી. એચ. એમ. જોષી	હાજર
(૫)	શ્રી. ઝેડ. વી. કોઠારી	ગેરહાજર
(૬)	શ્રી. એસ. વી. નિગમ	હાજર
(૭)	શ્રી. એન. જે. શાહ	હાજર
(૮)	ડૉ. જે. જે. શુકલ	હાજર
(૯)	શ્રી. વી. કે. શાહ	હાજર
(૧૦)	શ્રી. યુ. એ. યાજ્ઞિક	હાજર.

નિષ્ણાત તરીકે મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રી ડૉ. સી. ટી. ભોપટકર હાજર રહ્યા ન હતા. બી. જે. ઇન્સ્ટિટ્યૂટના શ્રી. આર. સી. પરીખને નિષ્ણાત તરીકે નીમવામાં આવ્યા હતા અને તેઓ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી તેઓનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળ માસિક પગાર
(૧)	ડૉ. જે. જે. શુકલ	રૂા. ૪૦૦
(૨)	શ્રી. એચ. એમ. જોષી	રૂા. ૪૦૦."

(૬) લેક્ચરર ઇન હિન્દી એક જગ્યા :

લેક્ચરર ઇન હિન્દીની જગ્યા માટે નીચેનાં ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યાં હતાં :

(૧) શ્રી. બી. એસ. અગ્રવાલ	હાજર
(૨) શ્રી. પી. ડી. અગ્રવાલ	હાજર
(૩) શ્રી. ડી. આર. ભારદ્વાજ	હાજર
(૪) શ્રી. એ. આર. લાલ	હાજર
(૫) શ્રી. એ. પી. ભાયાણી	હાજર
(૬) શ્રી. એમ. પી. દધીચ	ગેરહાજર
(૭) શ્રી. આર. જી. ગુપ્તા	હાજર
(૮) શ્રી. એમ. ડી. ચૌહાણ	હાજર
(૯) શ્રી. એ. એમ. જાની	હાજર
(૧૦) શ્રી. એ. ટી. જોષી	હાજર
(૧૧) શ્રી. બી. એન. જોષી	હાજર
(૧૨) શ્રી. એન. એમ. મહેતા	હાજર
(૧૩) શ્રી. બી. એસ. પટેલ	હાજર
(૧૪) શ્રી. સી. એફ. પટેલ	ગેરહાજર
(૧૫) શ્રી. એસ. કે. રાઈના	હાજર
(૧૬) ડૉ. મિસ. ટી. એમ. સંત	હાજર
(૧૭) શ્રી. પી. સી. શર્મા	હાજર
(૧૮) શ્રી. એચ. જી. શુકલ	હાજર
(૧૯) શ્રી. આર. એલ. શુકલ	ગેરહાજર
(૨૦) શ્રી. ડી. એસ. નારાયણ	ગેરહાજર
(૨૧) શ્રી. આર. પી. ત્રિવેદી	ગેરહાજર
(૨૨) શ્રી. એસ. કે. વર્મા	ગેરહાજર.

નિષ્ણાત તરીકે ભાષા-સાહિત્ય ભવનના હિન્દીના રીડર ડૉ. એ. એસ. નાગર હાજર રહ્યા હતા.

હાજર રહેલાં ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી તથા શ્રી. દધીચનો તા. ૬-૫-૧૯૬૯નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂા. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

(૧) શ્રી. બી. એસ. અગ્રવાલ] આ બેઉ ઉમેદવારોને સરખા ગણીને તેમને bracket
(૨) શ્રી. બી. એસ. પટેલ] કરવામાં આવ્યા.
(૩) શ્રી. પી. સી. શર્મા
(૪) શ્રી. આર. જી. ગુપ્તા."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "૪"
કામકાજ ક્રમાંક ૬૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૮-૪-૧૯૬૯ ને શુક્રવારના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૩.	શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	ગેરહાજર
૪.	શ્રી. જે. જે. ચિનેાય	ગેરહાજર
૫.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૬.	શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૯ની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ઝૂલેાજીના બાંધકામ અંગે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી આવેલ પ્લાન તથા એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજીના મકાનના બાંધકામ માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી તૈયાર કરવામાં આવેલ પ્લાન તથા રૂા. ૬૪,૫૦૦નેા અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. ઝૂલેાજી માટે એનિમલ હાઉસના બાંધકામ અંગે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી આવેલા પ્લાન તથા એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજી વિભાગના એનિમલ હાઉસનેા પ્લાન તથા રૂા. ૨૦,૦૦૦નેા અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે એનિમલ હાઉસનેા સાઇટ પ્લાન સભામાં રજૂ થયેલાં સૂચનેા અનુસાર તૈયાર કરીને આ સમિતિની આગામી સભા સમક્ષ રજૂ કરવેા.

૪. ફિઝિકલ રિસર્ચ લેબેારેટરીથી યુનિવર્સિટીના "ડી" ટાઇપ ક્વાર્ટર્સ સુધી સ્ટ્રીટ લાઇટના કામ અંગે આવેલાં ટેન્ડરેા પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લેબેારેટરીથી યુનિવર્સિટીના "ડી" ટાઇપ ક્વાર્ટર્સ સુધીના રસ્તા પર ઝેાલાઇટ ફિટિંગ વડે સ્ટ્રીટ લાઇટ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આ સ્ટ્રીટ લાઇટનાં ટેન્ડર્સ તપાસવા તથા થાંભલાના અંતર વગેરે બાબતેા અંગે મ્યુનિસિપલ કેાર્પેારેશનના ઇલેક્ટ્રિકલ ઇજનેર શ્રી. એન. પી. શાહની સલાહ લઈને ચેાગ્ય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી ફિઝિકસ ડિપાર્ટમેન્ટ માટે ટ્રાન્સમીટર રૂમના બાંધકામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ ડિપાર્ટમેન્ટના ટ્રાન્સમીટર રૂમના બાંધકામ માટે આવેલાં કુલ પાંચ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. રાજ-ચિરાગ કોર્પોરેશનનું રૂા. ૧૮,૭૨૨-૬૦ પૈસાનું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. ફિઝિકસ ડિપાર્ટમેન્ટના ટ્રાન્સમીટર રૂમમાં તે વિભાગની માગણી પ્રમાણે સ્લેબ નીચે સિલિટેકસ બોર્ડની સીલિંગ કરવા માટે વધારાનું રૂા. ૩,૨૨૦નું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ખર્ચની વિગતો નીચે મુજબ છે :

૧. મૂળ સ્લેબથી ૨'-૦" નીચે સેલિટેકસ બોર્ડની ફોલ્સ સીલિંગ જેને કારણે
રૂમ વધુ ઠંડો રહે ૨૦' × ૧૬' = ૩૨૦ ચો. ફૂટ રૂા. ૧૦ ચો. ફૂટ લેખે રૂા. ૩,૨૦૦-૦૦

૨. બારી ૨' × ૧' = ૨ ચો. ફૂટ રૂા. ૧૦ ચોરસ ફૂટ લેખે
ટ્રાન્સમીટર રૂમમાંથી એન્ટેના તરફ લાઈન લઈ જવા માટે રૂા. ૨૦-૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ ડિપાર્ટમેન્ટના ટ્રાન્સમીટર રૂમમાં સિમેન્ટ શીટ તથા તેની ઉપર ગ્લાસવુલ નાખીને "ફોલ્સ સીલિંગ" કરવા માટે તથા એન્ટેના માટે એક બારી મૂકવા માટે નીચે મુજબનો કુલ રૂા. ૧,૩૦૦નો વધારાના અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. સ્લેબથી ૨ ફૂટ નીચે
એસ્બેસ્ટોઝ સિમેન્ટ શીટની
સીલિંગ સિમેન્ટ શીટ પર
ગ્લાસવુલ પાથરવા સહિત
૨૦' × ૧૬' = ૩૨૦ ચો. ફૂટ રૂા. ૪ લેખે રૂા. ૧,૨૮૦-૦૦

૨. ૨' × ૧' ફૂટની બારી
એન્ટેનાની લાઇન લઈ જવા માટે રૂા. ૨૦-૦૦

રૂા. ૧,૩૦૦-૦૦.

૭. સ્થપતિ સાથે મકાનોના બાંધકામ અંગે કરવાના કરારનામાનો મુસદ્દો તપાસી ભલામણ કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના દરેક બાંધકામ માટે બધા સ્થપતિ સાથે કરવાના કરારનામાનો મુસદ્દો આ સાથેની યાદી "અ" મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આ કરારનામું દરેક વખતે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(કરારનામાની મુસદ્દાની નકલ આ સાથે યાદી "અ" તરીકે સામેલ છે.)

૮. "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સમાં ૧૪"ની દીવાલ તોડીને ત્યાં ગેપ કરી લિંટલ તથા ફિનિશિંગ કરીને સ્ટીલનું ૬' × ૩' × ૧૮"નો સાઇઝનું કબાટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

અંદાજી ખર્ચ નીચે મુજબ છે :

સ્કેચ મુજબ લોખંડનું કબાટ.

કબાટનું પતરું ૨૨ ગેઇજ અને બારણાનું પતરું ૨૦ ગેઇજ ઉપર કપડાં ભેરવવાના એક રોડ સહિત	રૂા. ૪૫૦-૦૦
૨. તોડાણ કામ, પ્લાસ્ટર, વ્હાઇટ વૉશ વગેરે	રૂા. ૫૦-૦૦
	એક કબાટના રૂા. ૫૦૦-૦૦.

૨૬ કબાટના રૂા. ૧૩,૦૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે "બી" ટાઇપના ૨૬ સ્ટાફ ક્વાર્ટર્સમાં ૧૪" જાડી દીવાલ તોડીને ત્યાં ગેપ કરીને લિન્ટલ તથ ફિનિશિંગ કરીને સ્ટીલનું કબાટ બનાવવા માટે નીચે મુજબનો રૂા. ૧૩,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ૬'×૩'×૧૮" ની સાઇઝનું સ્ટીલનું કબાટ. કબાટનું પતરું ૨૨ ગેજ તથા શટરનું પતરું ૨૦ ગેજનું વાપરવા સાથે ઉપર કપડાં ભેરવવા રોડ શટરમાં બે હૂક પેપર પોકેટ, ટાઇ રટ્રીપ તથા સ્ટેપલ લૉકિંગની વ્યવસ્થા સાથે	રૂા. ૪૫૦-૦૦
૨. દીવાલમાં ગેપ માટે તોડકામ, પ્લાસ્ટર, લિન્ટલ, ફિનિશિંગ તથા વ્હાઇટ વૉશ	રૂા. ૫૦-૦૦
	એક યુનિટના રૂા. ૫૦૦-૦૦

કુલ ૨૬ યુનિટના રૂા. ૧૩,૦૦૦.

૯. યુનિવર્સિટી હૉસ્ટેલ "એ" તથા "બી" બ્લૉકમાં હાલ દીવાલમાં ગેપ રાખેલા છે તેમાં લાકડાનાં બારણા કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ–અંદાજી ખર્ચ રૂા. ૭૬,૦૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટી હૉસ્ટેલ "એ" તથા "બી" બ્લૉકમાં હાલ દીવાલમાં ગેપ (કુલ નં. ૧૬૬) રાખેલાં છે તેમાં લાકડાનાં બારણાં કરી આપવા માટે રૂા. ૭૬,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આ કબાટનાં બારણાં કરવા માટેની ડિઝાઈન સ્થપતિ શ્રી. બી. વી. દોશીનાં સલાહસૂચનો લઈ ને શ્રી. એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટે તૈયાર કરવાનું રાખવું.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચે ત્રણ બાબતો રજૂ કરવામાં આવી :

૧૦. લેકચરર ક્વાર્ટર્સ માટેના સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ તૈયાર કરેલ પ્લાન મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં રજૂ થયેલા લેકચરર માટેના ક્વાર્ટર્સના સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ તૈયાર કરેલા પ્લાન નં. ૩ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. રીડર્સ કવાર્ટર્સ માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાએ તૈયાર કરેલા પ્લાન મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં સૂચવાયેલા સુધારા સાથેના પ્લાન ફરી રજૂ કરવા સ્થપતિને જણાવવું.

૧૨. બાંધકામ રિપિટેશન જ્યાં આવે ત્યાં સ્થપતિના મહેનતાણાં અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામમાં જ્યાં રિપિટેશન આવે ત્યાં નીચે મુજબના દર રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) એક જ રિપિટેશન એટલે કે એક મૂળ મકાન અને બીજું એક માત્ર રિપિટેશન હોય ત્યાં તે રિપિટેશન માટે બાંધકામની કિંમત પર ૧ (એક) ટકાના દરે સ્થપતિને મહેનતાણું આપવાનું રાખવું.

(૨) બે રિપિટેશન (એટલે કે મૂળ મકાન અને બીજાં બે રિપિટેશન) હોય ત્યાં પહેલા રિપિટેશન માટે ૧ ટકા અને ત્રીજા રિપિટેશન માટે બાંધકામની કિંમત ઉપર ½ (અર્ધા) ટકાના દરે સ્થપતિને મહેનતાણું આપવાનું રાખવું.

(૩) બે કરતાં વધુ રિપિટેશન હોય ત્યાં એક યુનિટ માટે કુલ ટકા જે હોય તે અને વધારે રિપિટેશન માટે ૧ ટકો તથા ત્યાર બાદનાં બધાં જ રિપિટેશન માટે ½ ટકાના દરે સ્થપતિને મહેનતાણું આપવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

यादी "अ"

Draft Agreement

AGREEMENT MADE THIS day of between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the '*Employers*' (which expression shall, wherever the context so requires or admits, include their successors and assignees) of the one part and

Hindu residents of Ahmedabad and carrying on business as Architects under the name of at Ahmedabad, hereinafter referred to as '*The Architect*' (which expression shall, wherever the context so requires or admits, include their respective heirs, executors, administrators and assignees) of the other part.

WHEREAS the Employers are desirous for construction of a project hereafter referred to as the '*Project*' of obtaining the services of the Architects to get the project constructed, and whereas the architects have agreed to serve the Employers as Architects on the terms and conditions hereinafter set out.

Now, THEREFORE, THIS AGREEMENT WITNESSETH AND THE EMPLOYERS do hereby agree with the Architects :

1. That they, the Employers, will pay to the Architects as follows :

Terms :

The employer will pay to the Architect a sum equalling per cent of the oproject for his services as architect. The amount payable to the Architect as aforesaid shall be paid to him on the following basis, provided the Architect has given full satisfaction to the Employers in respect of his various services under this agreement:

(*i*) Preparing sketches, plans, sections, Elevations, details to the required scales in collaboration with the structural Engineer and as per requirement of Gujarat University ½%.

(*ii*) Obtaining necessary permission from the Local Authority, Collector and other authorities to secure cement and steel, if necessary.

Preparing bills of quantities and specifications, and working drawings with all relevant details, etc., in consultation with the Site Engineer and preparing all documents for inviting tender 1%.

(*iii*) Periodical supervision and supplying details and working drawings to the required scales to the contractors through the site Engineer and checking and certifying the bills submitted by the contractor through Site Engineer and doing all acts during the construction to facilitate the smooth progress of the work 1% or 1½% or 2% (As per total Fees).

The amount payable to the Architects as aforesaid shall be paid to them from time to time as the work of preparing plans, etc., proceeds as stated above. The final fee of % will be adjusted as per the actual cost of works.

And the Architects do, in consideration of the covenant aforesaid, hereby undertake and agree with the Employers:

2. That they, the Architects, shall take all instructions, prepare preliminary plans, final and detailed plans, a bill of quantities, prepare requirements of steel and cement, assist to obtain the N. A. permission, advise to prepare necessary tender forms, specifications and conditions of contract for the purpose of obtaining tenders and advise on all tenders and in the preparation of all contracts, and work in collaboration with the Site Supervisor and consultants as selected by the Employer and furnish to all contractors and the Employers all copies of plans, specifications and conditions through the Site Engineer and render all services in the construction of the project, measure, check, materials, workmanship, value and

issue all certificates for payments and pass and certify all accounts and generally perform each and all duties including getting the plans passed by and obtaining occupancy certificate from Municipal Corporation and perform all such duties, and formalities whatsoever necessary for the completion of construction and occupation of the building or buildings as Architects and do otherwise everything incidential to the carrying out and completion of the project without any extra charge whatever and shall be responsible for seeing that the completed project is handed over to the entire satisfaction of the Vice-Chancellor of the Gujarat University, Ahmedabad.

3. The Architect shall prepare the plans and estimates for minor alterations and variations in the works to be carried out and he shall advise the Employers for settling the rates of extra items.

4. And it is hereby mutually agreed between the parties:

   (1) The Architect will give such instructions and orders to the contractors for making variations and alterations after obtaining and only after obtaining the approval of the Employer through the Site Engineer.

   (2) That all drawings, specifications and documents prepared by the Architect shall remain their property, the copyright in the same being reserved to them.

   (3) The Architects shall supply two copies of the final plans when the building is completed.

   (4) Architects shall be totally responsible for the construction of the project.

   And it is further agreed that this engagement may be terminated by either party by giving one month's notice.

In witness the parties hereto have here into set their hands the day and year first above written.

Signed by On behalf of the Gujarat University

in the presence of

Vice-Chancellor
Gujarat University

Signed by

in the presence of *Architect*

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૮૮

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૫૧મી સભા ગુરુવાર, તા. ૧૩-૩-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ડી. પી. ઠાકર	હાજર
૩. શ્રી. આર. એચ. શાહ	હાજર
૪. શ્રી. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૫. ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર
૬. શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૭. ડૉ. એસ. સી. પંડ્યા	હાજર
૮. શ્રી. ડી. એમ. શીખ	હાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૧૦. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૧૨. શ્રી. જે. જે. ત્રિનોય	હાજર
૧૩. શ્રી. ય. પ્રા. શુક્લ	હાજર
૧૪. પ્રો. એ. એમ. ત્રિવેદી	ગેરહાજર
૧૫. ડૉ. પી. એલ. શાહ	હાજર
૧૬. શ્રી. એસ. આર. મહેતા	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની ૫૦મી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી ૫૦મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્યતા મેળવવા માટેની અરજીઓ પરત્વે તેમના પ્રસિદ્ધ થયેલા સંશોધનપત્રો પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતનો અભિપ્રાય મેળવી તેમની અરજીઓ પરત્વે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	ડૉ. પ્રભાશંકર વાસુદેવ કુલકર્ણી, રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિક્સ	પ્રો. એન. એસ. પંડ્યા, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૨.	ડૉ. રાવ નરસિંહ માધવ, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	અંગ્રેજી	ડૉ. જી. સી. બેનર્જી, મુંબઈ
૩.	ડૉ. ઈ. એમ. બેસ્ટ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ફિઝિયોલોજી	ડૉ. ડી. એમ. તેલંગ, મુંબઈ
૪.	ડૉ. હરકાંત ધીરજલાલ બદામી, મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	સાયકોલોજી	ડૉ. એ. એસ. પટેલ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૫.	ડૉ. જે. સી. વોરા, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	ડૉ. સી. એલ. પટેલ, કુલપતિશ્રી, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૬.	ડૉ. તેવીલે એડવીન ડવેલ્ટ્ઝ, અટિરા, અમદાવાદ	ફિઝિક્સ	ડૉ. એન. એસ. પંડ્યા, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૭.	ડૉ. તપસ્વી શંભુપ્રસાદ નાન્દી, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	સંસ્કૃત	શ્રી. ડોલરરાય માંકડ, કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૮.	ડૉ. સોમાભાઈ હીરાભાઈ પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	Diseases of Children (i.e., Pediatrics)	ડૉ. કોહેલો, મુંબઈ.

૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. એમ. વૈદ્યને તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવને ધ્યાનમાં લઈ આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫-એમના આધારે એમ.એસસી. (મેડ.) ફિઝિયોલોજી તથા એમ.ડી. ફિઝિયોલોજીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના માર્ગદર્શન શિક્ષક તરીકેની માન્યતા આપી રાખવા કે કેમ તે અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૬-૧૦-૧૯૬૮ની સભાના

ઠરાવ અનુસાર મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીનો અભિપ્રાય મગાવેલો, જે નીચે નોંધ (૧)માં જણાવેલ છે.

તે દરમ્યાનમાં તેમના તરફથી આવેલ એમ.ડી. ફિઝિયોલોજીમાં મદદનીશ તરીકેની માન્યતા માટેની તા. ૪-૧-૧૯૧૯ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી જણાવે છે કે—

"....the Executive Committee reiterated its earlier decision that Dr. R. M. Vaidya cannot be recommended for recognition as Asst. to post-graduate teacher for M.Sc. and M.D. Course in Physiology.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે (૧) ડૉ. આર. એમ. વૈદ્યને એમ.એસસી. (મેડ.) અને એમ.ડી. પદવીઓમાં ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્યતા આપવી નહીં, અને (૨) ડૉ. આર. એમ. વૈદ્યની એમ.એસસી. (મેડ.) પદવીમાં આયોકેમિસ્ટ્રી વિષયની મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવી.

૪. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી., બ્રા. ૧૧—ડર્મેટોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણના કેન્દ્ર માટે આવેલ અરજી પરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદને તપાસસમિતિએ મૂકેલી શરતોનું પરિપાલન થાય તે શરતે એમ.ડી., બ્રાન્ચ ૧૧—ડર્મેટોલોજીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૧૯થી સ્થાપવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સ્થાનિક તપાસસમિતિએ મૂકેલી શરતોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૫. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલ ફિઝિકસ વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં ભાગ ૨ માં 'એડવાન્સ્ડ ક્વૉન્ટમ મિકેનિકસ'ને બદલે 'સ્પેકટ્રોસ્કોપી' વિષય શીખવવા માટેની આચાર્યશ્રીની માગણીના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૧૮ની સભામાં તપાસસમિતિ પર નીમેલા શ્રી. પી. ડી. પાઠક તરફથી આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં ફિઝિકસ વિભાગના અનુસ્નાતક કેન્દ્રમાં ભાગ ૨માં એડવાન્સ્ડ ક્વૉન્ટમ મિકેનિકસનો વિષય શીખવવા માટેની અરજી મંજૂર નહિ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ તથા એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે જે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજીઓ પરથી સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૧૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોવાથી તે પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે યુનિવર્સિટી પોતાના વિદ્યાભવનમાં જરૂરી વ્યવસ્થા કરી શકે તે અંગે ઘટતી વ્યવસ્થા કરવી અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ જરૂરી રજૂઆત કરવાનું રાખવું.

(૨) ઉપર (૧)માં કરવામાં આવેલી ભલામણ જોતાં બિઝનેસ મૅનેજમેન્ટનાં અનુસ્નાતક કેન્દ્રો માટેની (૧) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અને (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજની અરજીઓ પરત્વે હાલ કાંઈ કરવાપણું રહેતું નથી.

૭. નેશનલ સુગર ઇન્સ્ટિટ્યૂટ, કાનપુરના અધ્યક્ષની તેમની સંસ્થાને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫-ડબલ્યુ અનુસાર એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂટ તરીકે ઑર્ગેનિક કેમિસ્ટ્રી, બાયોકેમિસ્ટ્રી, એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી અને સુગર ટેકનોલોજી વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન અંગે માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ સુગર ઇન્સ્ટિટ્યૂટ, કાનપુરને ઑર્ગેનિક કેમિસ્ટ્રી, બાયોકેમિસ્ટ્રી, એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી અને સુગર ટેકનોલોજી વિષયોમાં ઑર્ડિ. ૬૫-ડબલ્યુ અન્વયે એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન તરીકે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એલએલ.એમ. પદવી ગ્રુપ ૧ના અનુસ્નાતક કેન્દ્ર માટે વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૧,૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદ કરવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદને ૧૯૬૭-૬૮ના વર્ષની બચતમાંથી રૂા. ૯૦૦નાં પુસ્તકો ખરીદવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવ્યેથી તપાસસમિતિને આપવાની વિગતવાર સૂચનાઓ તથા તે અંગેના ફૉર્મના નમૂના તૈયાર કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૭-૧-૧૯૬૯ની મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી ભલામણો તથા તે અંગેના પત્રકના નમૂના મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સમિતિની ભલામણ તથા પત્રકના નમૂના **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના ઑર્ડિ. ૬૫-એફમાં શિક્ષકની લાયકાતના કૉલમમાં જ્યાં "Teaching experience as a Lecturer in the subject" એમ છે તેના પછી નીચેના શબ્દો ઉમેરવા કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

"or as an Assistant to Post-graduate Teacher in the subject."

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું ઉપરોક્ત સૂચન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

કાર્યાલયનું સૂચન સ્વીકારાતાં ઑર્ડિ. ૬૫-એચમાં આપેલા કોષ્ટકમાં કૉલમ નં. ૪ નીચે પ્રમાણે વંચાશે :

"Teaching experience as a Lecturer or as an Assistant to a Post-graduate Teacher in the subject."

૧૧. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાએ ઑર્ડિ. ૬૫-એચ આ સાથે આપેલા **પરિશિષ્ટ "ગ"** મુજબ વંચાય તે રીતે સુધારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાઓની ભલામણો આ સભામાં કરવામાં આવેલા સુધારાવધારા સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

[સભાએ સૂચવેલા સુધારાવધારા સાથે સુધારેલી ભલામણો **પરિશિષ્ટ "ગ"** (*i*) તરીકે સામેલ છે]

૧૨. મેડિકલ ફૅકલ્ટીની તા. ૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

એમ.ડી., બ્રાન્ચ ૯ – રેડિયો ડાયેાગ્નોસિસ અને એમ.ડી., બ્રાન્ચ ૧૦ – રેડિયોથેરાપી તથા એમ.ડી. સ્કિન, ડી.વી. એન્ડ ડી. વિષયો માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા ઑર્ડિ.૬૫-કેના વિભાગ 'બી' — ક્લિનિકલ સબ્જેક્ટ્સ હેઠળ ૬-સી અને ૬-ડી તરીકે નીચે મુજબ ઉમેરો કરવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરવી :

O. 65-K (b) Clinical subjects :

6 (*c*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. (Radiodiagnosis) and M.D. (Radiotherapy) will be M.D., D M.R.D., D.M.R.T. or equivalent qualification and five years' teaching experience as Senior Lecturer or higher post, or as assistant to post-graduate teacher in an X-ray Department of a teaching Hospital.

6 (*d*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. Dermatology will be M.D. or D.V. & D. or equivalent qualification and five years' teaching experience as Senior Lecturer or higher post, or as assistant to post-graduate teacher in skin and V.D. Department of a teaching Hospital.

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફૅકલ્ટીની તા. ૬-૯-૧૯૬૮ની સભાની ભલામણ સ્વીકારવા તથા તે મુજબ ઑર્ડિ. ૬૫-કેમાં (બી) ક્લિનિકલ સબ્જેક્ટ્સના મથાળા હેઠળ છેવટે નીચેનો પેટા-કલમ

૬ (સી) અને ૬ (ડી) ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 65-K (b) Clinical subjects :

6 (*c*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. (Radio-diagnosis) and M.D. (Radio-therapy) will be M.D., D.M.R.D., D.M.R.T. or equivalent qualification and five years' teaching experience as Senior Lecturer or higher post, or as assistant to post-graduate teacher in an X-ray Department of a teaching Hospital.

6 (*d*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. Dermatology will be M.D. or D.V. & D. or equivalent qualification and five years' teaching experience as Senior Lecturer or higher post or as assistant to post-graduate teacher in Skin and V.D. Department of a teaching Hospital.

૧૩. સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવ પર સિન્ડિકેટની તા. ૫-૬-૧૯૬૫ની સભાએ કરેલ ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભાનો ઠરાવ

" આ યુનિવર્સિટીની એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ની પરીક્ષામાં ૧૯૬૪ કે તે પહેલાં જે વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા ૪૮ ટકા કે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા હોય તેવાઓને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ કે યુનિવર્સિટીનાં ભવનોમાં શિક્ષકની જગ્યા પર નિમણૂકના હેતુ માટે અનુક્રમે બીજા અને પહેલા વર્ગના પદવીધરોની સમકક્ષતાના ધોરણવાળા ગણવાનું રાખવું અને તેવા કેસો સિન્ડિકેટની જાણ માટે મૂકવાનું રાખવું."

સિન્ડિકેટની તા. ૫-૬-૧૯૬૫ની સભાનો ઠરાવ

" સિન્ડિકેટનો તા. ૩-૪-૧૯૬૫નો ઉપર જણાવેલ ઠરાવ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે લાગુ પાડવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના ઉપરોક્ત ઠરાવમાં ફેરફાર કરવાની આ સભાને કોઈ જરૂર જણાતી નથી.

૧૪. યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક શિક્ષણ અંગેની વ્યવસ્થા કયા પ્રકારની હોવી જોઈએ અને તેને માટે કઈ કઈ જરૂરિયાતો સંતોષાવી જોઈએ તથા અનુસ્નાતક કેન્દ્રો કઈ યુનિવર્સિટીઓ સ્થાપી શકે તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની તા. ૬-૧૨-૧૯૬૮ના રોજ મળેલી સભાનો ઠરાવ યોગ્ય લાગે તો તે પગલાં લેવા માટે આપણને મોકલવામાં આવેલો છે તે પર વિચારણા કરવા બાબત.

આ બાબતની વિચારણા હાથ ધરવામાં આવી. તેના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ચેરમેન ડૉ. કોઠારીના તા. ૫-૩-૧૯૬૯ના પત્ર ઉપર પણ વિચારણા કરવામાં આવી. તે પછી

ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે આ સભા નીચેનાં પગલાં સૂચવે છે :

હાલ અનુસ્નાતક કેન્દ્રના સ્થાનિક અધ્યાપકગણ માટે સંખ્યાનું જે ધોરણ છે તે સુધારીને ઓછામાં ઓછું નીચે પ્રમાણે રાખવામાં આવે તેમ સિન્ડિકેટને ભલામણ કરવી :

(ક) ઓછામાં ઓછા બે માન્ય અનુસ્નાતક શિક્ષકો અને બે મદદનીશ અનુસ્નાતક શિક્ષકો અથવા ઓછામાં ઓછા ત્રણ માન્ય અનુસ્નાતક શિક્ષકો કોઈ પણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે હોય તે આવશ્યક ગણવું;

(ખ) ઉપરાંત જ્યાં ગૌણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર અપાયું હોય ત્યાં તે વિષયના શિક્ષક સ્થાનિક અધ્યાપકગણ ઉપર હોવા જરૂરી ગણવા;

(ગ) અનુસ્નાતક કેન્દ્રોમાં શક્ય હોય ત્યાં સુધી શિક્ષણકાર્ય ચાર દિવસનું વિચારવું, પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ તો તે થાય જ તેમ આવશ્યક ગણવું;

(ઘ) ગ્રંથાલય અને પુસ્તકોની પૂરતી સગવડ હોય તે આવશ્યક ગણવું;

(ચ) યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોના શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા તથા તેને સઘન બનાવવા જરૂર જણાય તો યુનિવર્સિટી ધારામાં ઘટતા ફેરફાર કરવા માટે તજવીજ કરવામાં આવે; તથા

(છ) અનુસ્નાતક શિક્ષણને સુધારવા માટે સૂચવવામાં આવેલા ઉપરના તેમ જ યોગ્ય લાગે તે બીજા પલાજો વિચારવા માટે આ સમગ્ર બાબત યુનિવર્સિટી ધારાસુધારણા સમિતિની વિચારણા માટે મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૧૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧-૧૯૬૮ની સભામાં ડિપ્લોમા ઇન બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસ માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા માટે નિયમો ઘડવા અંગે જે સમિતિ નીમી હતી તે સમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ વિચારણા માટે ઍકેડેમિક કાઉન્સિલને મોકલી આપવો.

૧૬. પીએચ.ડી. પદવીના મહાનિબંધની ત્રપરેખા રજૂ કરતી વખતે પરીક્ષા-ફી પેટે ઑર્ડિ. ૩૨૦ મુજબ હાલમાં રૂા. ૧૦૦ પરીક્ષા-ફી પેટે લેવાય છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૫મી જૂન ૧૯૬૯થી મહાનિબંધની ત્રપરેખા રજૂ કરનાર વિદ્યાર્થી પાસેથી લેવાતી પરીક્ષા-ફીનું ધોરણ હાલ રૂા. ૧૦૦ છે તે રૂા. ૨૦૦નું કરવું અને તે અંગેના ઑર્ડિ. ૩૨૦માં સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આ રીતે સુધારેલો ઑર્ડિ. ૩૨૦ નીચે મુજબ વંચાશે :

O. 320 :

"Two months before submitting the thesis, the candidate shall forward to the Registrar through his guiding teacher, a statement giving

title and synopsis of thesis along with a fee of Rs. 200. The Thesis may be submitted any time during the year and shall be forwarded by the candidate through his guiding teacher."

૧૭. હિંદી વિષયની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાએ પીએચ.ડી. પદવીના રજિસ્ટ્રેશન અંગે નીચે પ્રમાણે કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત :

ભલામણો

"પીએચ.ડી.ના રજિસ્ટ્રેશન માટે આજના ક્રમમાં નીચે પ્રમાણે ફેરફાર કરવો જરૂરી છે :

જે વિદ્યાર્થીને પીએચ.ડી. માટે રજિસ્ટ્રેશન કરાવવું હોય તેણે પોતાના વિષયની પૂરી વિગતોની સમજણ આપતો નિબંધ રજૂ કરવો જોઈએ અને તેમાં સંશોધન કઈ દિશામાં અને શું શું કરવા અંગેની સ્પષ્ટતા તેમાં હોય તે જરૂરી છે.

આવા નિબંધ બોર્ડના દરેક સભ્યને મોકલવામાં આવે તેવી વ્યવસ્થા કરવી. આ ઉપરાંત રજિસ્ટ્રેશન વખતે બોર્ડના સભ્યોને માત્ર પત્ર દ્વારા અનુમતિ આપવા જણાવવામાં આવે છે તેને બદલે બોર્ડની બેઠકમાં જ આ અંગે નિર્ણય થાય તે જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે છે કે હિંદી વિષયની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટીના સ્ટેચ્યુટ્સ તથા અનુસ્નાતક નિયમ નીચે પ્રમાણે સુધારવાનાં ડૉ. એચ જી. શાસ્ત્રીનાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત :

સ્ટે. ૧૧૮

Add 4 (*b*) Heads of recognised institutions. Add (7) One representative of Professors-in-charge of post-graduate centres in each subject to be elected from amongst themselves.

સ્ટે. ૧૨૧-ડી

Delete "only" after "imparted" and add at the end "On the recommendation of the Board of University Teaching, the Syndicate may, however, institute a post-graduate centre in a recognised institution or an affiliated college in this area in any of these subjects which it deems necessary."

સ્ટે. ૧૨૧-આઈ

Read the second sentence as follows :

As regards the tuition and laboratory fees collected from post-graduate students at a centre, three-fourths of the estimated amount

of expenditure will be retained by the centre; and the remaining amount shall be forwarded to the University within one month from the date of the commencement of the term.

પી.-જી. સબ. ૧ (૩)

Add after "Tuition fees" in line 5 :

"deducting 75 per cent of the estimated expenditure" substitute "each" for "the first" before "term" in line 6.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. **હરિપ્રસાદ ગં. શાસ્ત્રીનાં સૂચનો** પરત્વે સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવી :

(૧) રૂટે. ૧૧૮ સુધારવાનું ડૉ. **શાસ્ત્રીનું સૂચન સ્વીકારવું નહિ.**

(૨) રૂટે. ૫૨૩-ડી સુધારવાનું ડૉ. શાસ્ત્રીનું **સૂચન યુનિવર્સિટી ધારાસુધારણા સમિતિના વિચારણા** માટે મોકલવું.

(૩) રૂટે. ૧૨૧-આઈ રદ થયેલો હોઈ તે સુધારવા માટેના ડૉ. શાસ્ત્રીના સૂચન પરત્વે કાંઈ કરવાપણું રહેતું નથી.

(૪) અનુ. નિયમ ૧(૩)માં સુધારો કરવાનું ડૉ. **હરિપ્રસાદ શાસ્ત્રીનું સૂચન સ્વીકારવું.** ડૉ. શાસ્ત્રીના **સૂચન પ્રમાણે સુધારેલો અનુ નિયમ ૧ (૩) નીચે પ્રમાણે વંચાશે :**

1 (*m*) :

Apply to the University in the prescribed form for registration as a post-graduate student of the University. The institution which the students join shall collect the registration fee and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/- or Rs. 20/-, as the case may be, and also the tuition fees after deducting 75% of the estimated expenditure to be retained by it on an account advance by the University to the Centre and the counterfoils of the receipts of the tuition fees for each term together with the applications (in the prescribed form) for registration as post-graduate students, to the University within one month from the date of the commencement thereof; while in the case of registration for the post-graduate Medical Degrees and Diplomas, the last date for forwarding the applications (in the prescribed forms) for registration as post-graduate students, registration fees and counterfoils of the tuition fees receipts shall be as mentioned in the post-graduate Rule 1 (*b*).

૧૯. અનુસ્નાતક શિક્ષણ અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ભલામણ પરથી નિયમ ઘડવાની બાબત આ બોર્ડે તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી હતી તે પરથી તે વિદ્યાશાખાની નીચેની ભલામણની નોંધ લેવા બાબત :

તબીબી વિદ્યાશાખાની તા. ૬-૯-૧૯૬૮ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પદવી અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાના નિયમો મેડિકલ કાઉન્સિલનાં સૂચનો ધ્યાનમાં રાખીને ઘડેલ, તેથી આ અંગે કાંઈ કરવાનું રહેતું નથી.

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પદવીના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે એકીસાથે એક શિક્ષકના હાથ નીચે એક જ વિદ્યાર્થી જે નોંધી શકાય તેવું ધોરણ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૨૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખામાં પદવી પરીક્ષા માટે પ્રોફેસરની નિમણૂક માટેની લાયકાતની જેમ અનુસ્નાતક મદદનીશ શિક્ષકોની લાયકાત રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની ઉપર્યુક્ત ભલામણ સ્વીકારવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આ અભ્યાસસમિતિને એમ લાગે છે કે અનુસ્નાતક કક્ષાએ અન્ય પેપરો કરતાં સંશોધન નિબંધ(ડિઝર્ટેશન)નું સ્વરૂપ અને અગત્ય જુદાં હોવાથી આ વિષય માટે માર્ગદર્શક માટે લાયકાત નક્કી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિએ ઉપર સૂચવ્યા મુજબ ડિઝર્ટેશનના માર્ગદર્શક શિક્ષકની લાયકાતનું અલગ ધોરણ સ્થાપવાની જરૂર નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર માટે વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૩,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદ કરવાની માગણી પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર માટે ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૧,૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીનો તેમને ત્યાંના અનુસ્નાતક કેન્દ્ર માટે વર્ષ ૧૯૬૭-૬૮ની રૂા. ૮,૨૪૬-૦૨ પૈસાની બચતમાંથી રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ખરીદ કરવાની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ કેન્દ્ર માટે ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૪,૧૦૦નાં પુસ્તકો ખરીદવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર માટે રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદ કરવાની આચાર્યશ્રીની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર માટે ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂા. ૨,૮૦૦નાં પુસ્તકો ખરીદવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢમાં વર્ષ ૧૯૬૬-૬૭માં જે અનુસ્નાતક કેન્દ્ર ચાલતું હતું તેમાં આવેલ રૂા. ૫૦૦ની ખાધ ભરપાઈ કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રને ૧૯૬૬-૬૭ના વર્ષમાં આવેલી રૂા. ૫૦૦ની ખાધ ભરપાઈ કરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬. મેડિકલ ફેકલ્ટીની તા. ૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Resolved to recommend to the Board of University teaching that one post-graduate teacher and one assistant to post-graduate teacher recognised in subjects of M.D.S. Degree be considered adequate while granting post-graduate centre in a subject or subjects of M.D.S. Degree and accordingly following be added as O. 65-P(4)(*v*):

O. 65-P(4) (*v*):

"In the case of post-graduate centre for M.D.S. Degree Course the centre shall have on its local staff one post-graduate teacher and one assistant to a post-graduate teacher in the subject concerned."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનું ઉપરોક્ત સૂચન સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. મેડિકલ ફેકલ્ટીની તા. ૬-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨(ડી) મુજબ તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાના વિષયમાં પ્રત્યેક યુનિટ દીઠ વધુમાં વધુ છ વિદ્યાર્થીઓ દાખલ કરી શકાય તેવી જોગવાઈ છે તેમાં ફેરફાર કરી આઠ વિદ્યાર્થીઓને દાખલ કરવાના બી. જે. મેડિકલ કૉલેજના ડીનના સૂચન સાથે આ વિદ્યાશાખા સહમત છે. પરંતુ વધારાના બે વિદ્યાર્થીઓ કન્સેશન્સના નિયમોને આધારે રજિસ્ટ્રેશન કરાવતા હોવા જોઈએ તે ધ્યાનમાં લઈને સદરહુ નિયમ સુધારવા બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીની ઉપરોક્ત ભલામણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ફેકલ્ટીની ભલામણ પ્રમાણે સુધારેલો અનુસ્નાતક નિયમ ૧ (ડી) નીચે પ્રમાણે વંચાશે :

"While in case of the post-graduate Diploma Courses prescribed under the faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher shall be three, subject to a maximum of eight students per unit, of which two shall be those who come under the concession rules."

૨૮. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોની જુદા જુદા વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકો/માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્યતા આપ્યાની મુદત તા. ૧૪-૬-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તે માન્યતા લંબાવી આપવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુદા જુદા વિષયોમાં માન્યતા ધરાવતા અનુસ્નાતક શિક્ષકો અને માર્ગદર્શક શિક્ષકોની માન્યતાની મુદત હાલ તારીખ ૧૫ જૂન ૧૯૬૯થી તા. ૧૪ જૂન ૧૯૭૦ સુધી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાના કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

Apply to the University in the prescribed form for registration as a post-graduate student of the University. The institution which the students join shall collect the registration and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/- or Rs. 20/-, as the case may be, along with the tuition fees and the counterfoils of the receipts of the tuiton fees for the first term together with the applications (in the prescribed form) for registration as post-graduate students to the University within one month from the date of commencement thereof. The fees for the second term will be remitted to the University within one month from the commencement thereof.

In the case of registration for the post-graduate Medical Degree and Diploma, the last date for forwarding the applications (in the prescribed forms) for registration as post-graduate students, registration fees and the counterfoils of the tuition fees receipts shall be as mentioned in the post-graduate Rule 1 (*b*).

An affiliated college or a recognised institution where a post-graduate centre or centres have been instituted shall be allowed a permanent advance of Rs 1,000/- for all the centres taken together, so as to enable the Centre to meet its running expenditure on

approved items, such as honorarium, T.A. and D.A. payable to the teachers; freeships and scholarships to students, etc. as per rules in force in this behalf from time to time.

The College/Institution where the post-graduate centre or centres have been instituted shall submit at the end of each term, statement of accounts regarding honorarium, the H.A. and T.A. to be paid to the teachers, the scholarships and freeships to be paid or paid to the students, and other miscellaneous expenses incurred. After due scrutiny of the accounts, the University shall reimburse the amount that becomes payable on account.

આ અંગે આગળ બાબત નં. ૧૮માં અનુસ્નાતક નિયમ ૧(૩) સુધારવાનું શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીનું સૂચન મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલી હોઈ આ બાબતમાં વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી.

૩૦. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા (સાથેના **પરિશિષ્ટ "ઘ"**માં જણાવેલા) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા (સાથેના **પરિશિષ્ટ "ઘ"**માં જણાવેલા) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા (સાથેના **પરિશિષ્ટ "ઘ"**માં જણાવેલા) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના બદલીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા (સાથેના **પરિશિષ્ટ "ઘ"**માં જણાવેલા) શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના;

(૫) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર માટે વર્ષ ૧૯૬૭-૬૮ની અંદાજી બચતમાંથી રૂા. ૬૦૦નાં પુસ્તકો ખરીદ કરવાની પરવાનગી આપેલી, તેના બદલે આચાર્યશ્રીએ રૂા. ૬૪૩-૨૯ પૈસાનાં પુસ્તકો ખરીદ કરેલ હોવાથી વધારાની રકમ રૂા. ૪૩-૨૯ પૈસા માન્ય કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. (શ્રીમતી) બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતમાં એમ.એડ. એજ્યુકેશન વિષયમાં અનુસ્નાતક શિક્ષણના કેન્દ્ર માટે આવેલ અરજી પરથી સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતમાં એમ.એડ.નો બે વર્ષનો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન થાય તો

૧૫મી જૂન ૧૯૬૯થી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) નિયમ પ્રમાણે પૂરતા સ્થાનિક અધ્યાપકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે;

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધવી જોઈએ નહિ; અને

(૪) અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે.

૩૨. ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૯થી એમ.એ.-એમ.એસસી. ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોરમાં એમ.એ.-એમ.એસસી. ગણિતશાસ્ત્ર જૂથ "એ"ના વિષયનું શિક્ષણ આપવા માટે નીચેની શરતોનું પરિપાલન થાય તો ૧૫મી જૂન ૧૯૬૯થી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) નિયમ પ્રમાણે પૂરતા સ્થાનિક અધ્યાપકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦નાં તે વિષયનાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે; અને

(૩) અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે.

૩૩. નીચેનાં અનુસ્નાતક કેન્દ્રોની વર્ષ ૧૯૬૮-૬૯ની અંદાજી બચતમાંથી અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો ખરીદ કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કેન્દ્રનું નામ	અંદાજેલ બચતની રકમ રૂા.	મંજૂર કરેલ રકમ રૂા.
૧.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	૩ ૫૭૯	૧,૫૦૦
૨.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	૨૪,૪૧૮	૧૧,૬૦૦
૩.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	૫,૬૬૪	૨,૮૦૦
૪.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ-૯	૯૩૦	૪૫૦
૫.	નવગુજરાત કૉમર્સ કૉલેજ અમદાવાદ	૩૮,૭૪૦	૧૬,૦૦૦
૬.	એમ. એન. કૉલેજ, વીસનગર	૨૫,૫૫૭	૧૨,૦૦૨
૭.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ	૨૭,૦૬૩	૧૩,૨૦૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૪. (૧) ઑર્ડિનન્સ ૬૫(કે) (એ)ની નીચે ટાંકેલ નોંધમાં જણાવેલ હેતુઓ માટે શ્રીમતી શારદાબહેન ચિમનલાલ હૉસ્પિટલ, અમદાવાદને માન્યતા આપવાની અરજી પર વિચારણા કરવા બાબત :

N.B.—For the purpose of registration as a post-graduate student for the M.D., M.S. and other post-graduate qualifications, the posts held by graduates under a person who has seven years' standing after the post-graduate qualification, and is attached constantly to a non-teaching hospital, will be considered valid for a period of six months to 1½ years, provided the person under whom the post is held has an assistant with a post-graduate qualification and other required facilities, such as actual teaching, guidance, the laboratories, X-Rays Departments, etc., are made available at the hospital and provided further that the rest of the requisite post-graduate course is done under a recognised post-graduate teacher at a recognised teaching institution. The persons under whom the posts are held shall be considered as ordinary teachers and be deemed as holding teaching appointments.

(૨) ઉપરોક્ત ૧માં જણાવેલી નોંધમાં નીચેના મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કરવા બાબત :

૧. જે વ્યક્તિના હાથ નીચે આવા તબીબી સ્નાતકો કામ કરતા હોય તેમની લાયકાત અંગે "A person who has seven years' standing after the post-graduate qualification and is attached constantly to a non-teaching hospital" એમ જણાવ્યું છે. અહીં કેટલા વખતથી 'constantly attached' હોવા જોઈએ તે સ્પષ્ટતા થવી જરૂરી છે.

૨. 'Non-teaching' હૉસ્પિટલોમાં કામ કરતી આવી વ્યક્તિઓને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાની જરૂર છે કે નહિ તથા "The persons under whom the posts are held shall be considered as ordinary teacher" એમ છે તેમાં 'Ordinary teachers'નો અર્થ શું કરવો તે વિષે સ્પષ્ટતા કરવા બાબત.

(૧) આથી ઠરાવામાં આવે છે કે શ્રીમતી શારદાબહેન ચિમનલાલ હૉસ્પિટલ ઑર્ડિ. ૬૫-કે(એ)ની ઉપર નોંધમાં જણાવેલા હેતુઓ માટે માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

([redacted]) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે(એ)ની ઉપર નોંધમાં નીચેના સુધારા કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(અ) નોંધમાંથી "Constantly to a non-teaching Hospital" શબ્દો રદ કરી "to an approved Hospital" એ શબ્દો મૂકવા.

(બ) નોંધનું નીચેનું છેલ્લું વાકય રદ કરવું :

"The persons under whom the posts are held shall be considered as ordinary teachers and be deemed as holding teaching appointments."

ઉપરના સુધારા સાથે નોંધ નીચે પ્રમાણે વંચાશે :

N.B. — For the purpose of registration as a post-graduate student for the M.D., M.S. and other post-graduate qualifications, the posts held by graduates under a person who has seven years' standing after the post-graduate qualification, and is attached to an approved hospital, will be considered valid for a period of six months to 1½ years, provided the person under whom the post is held has an assistant with a post-graduate qualification and other required facilities, such as actual teaching, guidance, the laboratories, X-Rays Departments, etc., are made available at the hospital and provided further that the rest of the requisite post-graduate course is done under a recognised post-graduate teacher at a recognised teaching institution.

૩૫. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૯થી એમ.એ. અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના આચાર્યશ્રીની તેમની કૉલેજમાં જૂન ૧૯૬૯થી એમ.એ. અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી સ્વીકારવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના લેક્ચરર ડૉ. આઈ. જી. વશીની ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આઈ. જી. વશીની ઑર્ગેનિક કેમિસ્ટ્રીના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની અરજી પરત્વે તેમનાં સંશોધન-પ્રકાશનો આવી માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે અંગે ડૉ. સુરેશ શેઠનાનો અભિપ્રાય મેળવી ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. ઑર્ડિનન્સ ૬૫ (એફ)માં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેના નિયમોમાં સ્નાતક થયા પછી સીધી પીએચ.ડી.ની પદવી મેળવી હોય એવા શિક્ષકોને માન્યતા આપવા

અંગે કોઈ જોગવાઈ ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ઑર્ડિ. ૬૫ (એફ)માં આપેલા કોઠામાં નીચેની જોગવાઈ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelor's Degree	*Master's Degree*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
(*I*)	—	and Ph.D.	Three years
(*II*)	—	and Ph.D.	Four years.

૩૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તારીખ ૯-૧૦-૧૯૬૮ની સભામાં અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ, શિક્ષકગણ તથા આનુષંગિક બાબતો અંગે તથા અનુસ્નાતક અભ્યાસ અંગે ભલામણો કરવા માટે જે બે સમિતિઓ નીમવામાં આવી હતી તે સમિતિએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સમિતિઓની નીચેની ભલામણો ઉપર ચર્ચાવિચારણા કરી આ સભામાં કરવામાં આવેલા સુધારાવધારા સાથેની ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભામાં અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ/ભવનોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ, શિક્ષકગણ અંગેની જરૂરિયાત તથા આનુષંગિક બાબતો અંગે ભલામણો કરવા નિમાયેલ સમિતિની તા. ૨૫-૨-૧૯૬૯ની સભાની ભલામણો.

સમિતિની ભલામણો

૧. ભવનો/કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં નીચેનાં ધોરણો અપનાવવા આ સમિતિ ભલામણ કરે છે :

(૧) વિજ્ઞાનના વિષયોમાં બી.એસસી.ની યુનિવર્સિટીની પરીક્ષાના પ્રિન્સિપલ વિષયના થિયરીના ગુણ પર ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે.

(૨) જૂના અભ્યાસક્રમ પ્રમાણે બી.એસસી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં પરીક્ષા પાસ કર્યાના વર્ષથી શરૂ કરીને દરેક વર્ષ દીઠ અમુક ગુણ ઓછા ગણવામાં આવે.

(૩) બહારની યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરી અહીં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે પ્રવેશપરીક્ષા (test) રાખવી અને તેની પોતાની યુનિવર્સિટીની પરીક્ષાના થિયરીના ગુણવત્તા ટેસ્ટના ગુણ એ બંને મળીને જેટલા ગુણ થાય તેના આધારે ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો

અનુસ્નાતક પદવીના અભ્યાસના વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેનાં ધોરણો અંગે

(૧) સમિતિની ભલામણ નં. (૧) નીચે મુજબ સુધારા સાથે સ્વીકારવી :

"પ્રત્યેક વિદ્યાર્થીને તેની ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે તથા વિજ્ઞાનના વિષયોમાં બી.એસસી.ની યુનિવર્સિટીની પરીક્ષાના પ્રિન્સિપલ વિષયના થિયરીના ગુણ પર ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે.

(૨) સમિતિની ભલામણ નં. (૨) સ્વીકારવી નહીં.

(૩) સમિતિની ભલામણ નં. (૩) સ્વીકારવી.

સમિતિની ભલામણ

૨. ભવનો/કેન્દ્રોમાં વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયંત્રણ કરવા માટે નીચેનાં ધોરણો અપનાવવા સમિતિ ભલામણ કરે છે :

(૧) ભવન/કેન્દ્રમાં કોઈ પણ વિષયના એકથી વધુ વર્ગ કુલપતિશ્રીની પૂર્વમંજૂરી વિના ખોલી શકાશે નહીં.

(૨) વર્ગદીઠ વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :

(૧) વિજ્ઞાન વિદ્યાશાખા (વર્ગ દીઠ) વધુમાં વધુ ૭૫ વત્તા ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ કુલપતિશ્રીની મંજૂરીથી પ્રયોગશાળાની સગવડ જેટલા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોય તેથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે નહીં એ શરતને આધીન રહીને લઈ શકાશે.

(૨) વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ (વર્ગ દીઠ) વધુમાં વધુ ૧૦૦ વત્તા ૧૦ વધુ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકાશે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

સમિતિની ભલામણ નં. (૧) અને (૨) સ્વીકારવી.

સમિતિની ભલામણ

૩. અનુસ્નાતક શિક્ષણ અંગે દેખભાળ સમિતિની ભલામણ નં. ૨ અને ૪ અંગે અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોના કાર્યબોજ અંગે નીચેનાં ધોરણો અપનાવવા આ સમિતિ ભલામણ કરે છે :

(૧) દરેક સત્રમાં પેપર દીઠ બે સેમિનાર અને એક ટર્મ પેપર રાખવામાં આવે;

(૨) દરેક શિક્ષકે સત્ર દીઠ ઓછામાં ઓછાં આઠ વ્યાખ્યાનો લેવાં જોઈએ;

(૩) વિજ્ઞાનના વિષયોમાં દરેક ૨૦ વિદ્યાર્થીઓ દીઠ એક ડેમોન્સ્ટ્રેટરનું ધોરણ આ સમિતિ સૂચવે છે;

(૪) ડેમોન્સ્ટ્રેટરની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત — દ્વિતીય વર્ગના એમ.એસસી.ની ડિગ્રી હોવી જરૂરી છે;

(૫) ડેમોન્સ્ટ્રેટરોને દરેક પ્રયોગ દીઠ મહેનતાણું આપવાનો પ્રશ્ન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે વિચારવો એમ આ સમિતિનું મંતવ્ય છે.

(૬) દરેક અનુસ્નાતક કેન્દ્રમાં ઓછામાં ઓછા ત્રણ દિવસ શિક્ષણકાર્ય થાય તે ફરજિયાત ગણવું જોઈએ અને એ નિયમનું પરિપાલન નહિ કરનાર કેન્દ્રોને બંધ કરવાં જોઈએ.

(૭) અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક ઝોનના શિક્ષકો વચ્ચે શિક્ષણકાર્યની વહેંચણી સરખી રીતે થાય તે માટે વર્ષમાં એક વાર ઝોનના બધા પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવી કામની વહેંચણી કરવાનું રાખવું.

(૮) પ્રત્યેક ભવનો અને અનુસ્નાતક કેન્દ્રે પોતપોતાના વિષયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું ધોરણ યુનિવર્સિટીની પરીક્ષાના આધારે રાખવું અને પ્રવેશપાત્રતા માટેની વિશેષ વિગતો, જેવી કે સ્નાતક પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, ગૌણ વિષય ઇત્યાદિ અંગેનાં વસ્તુલક્ષી (objective) ધોરણો સ્નાતક પરીક્ષાનું પરિણામ બહાર પડે તે પહેલાં તૈયાર કરીને નોટિસ બોર્ડ પર મૂકવાનું તથા એક નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં મોકલવાનું રાખવું.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

અનુસ્નાતક શિક્ષણ અંગેની—

૧. સમિતિની ભલામણ નં. ૧ અને ૨ સ્વીકારવી.

૨. સમિતિની ભલામણ નં. ૩, ૪ અને ૫ની નોંધ લેવી.

૩. સમિતિની ભલામણ નં. ૬, ૭ અને ૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને સ્વીકારવી :

(૬) દરેક અનુસ્નાતક કેન્દ્રમાં શક્ય હોય તો ચાર દિવસ, પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ શિક્ષણકાર્ય થાય તે રીતે ફરજિયાત ગણવું અને આ નિયમનું પરિપાલન નહિ કરનાર કેન્દ્રોને બંધ કરવાં.

(૭) અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક ઝોનના શિક્ષકો વચ્ચે શિક્ષણકાર્યની વહેંચણી સરખી રીતે થાય તે માટે વર્ષમાં એક વાર બધા ઝોનના બધા પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવી કામની વહેંચણી કરવાનું રાખવું. આ સભાના કન્વીનર તરીકે ભવનના જે તે વિભાગના વડા અને ભવનમાં જે વિષય ન શિખવાડાતો હોય તેમાં કુલપતિશ્રી નીમે તે પ્રોફેસર ઇન ચાર્જ કામ કરશે.

(૮) પ્રત્યેક ભવનો અને અનુસ્નાતક કેન્દ્રે પોતપોતાના વિષયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું ધોરણ ઉપર નં. ૧ને આધીન યુનિવર્સિટીની પરીક્ષાના આધારે રાખવું અને પ્રવેશપાત્રતા માટેની વિશેષ વિગતો, જેવી કે સ્નાતક પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, ગૌણ વિષય ઇત્યાદિ અંગેનાં વસ્તુલક્ષી (objective) ધોરણો સ્નાતક પરીક્ષાનું પરિણામ બહાર પડે તે પહેલાં તૈયાર કરીને નોટિસ બોર્ડ પર મૂકવાનું તથા એક નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં મોકલવાનું રાખવું.

સમિતિની ભલામણ

૪. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના સ્ટાફ પર કામ કરતા ડેમોન્સ્ટ્રેટરો માટે અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ આપવા અંગે અનામત જગ્યાઓ રાખવા અંગે આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીના સૂચન અંગે આ સમિતિ ભલામણ કરે છે કે આ યુનિવર્સિટી અને તેની કૉલેજ/સંસ્થાઓના ડેમોન્સ્ટ્રેટરો/ટયૂટરો અને પોતાના શૈક્ષણિક લાયકાતના વિષયોમાં વ્યવસાય કરતી (those practicing in their own subjects) વ્યક્તિઓનો કુલપતિશ્રીને જે દસ ટકા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા આપવામાં આવેલી છે તેમાં સમાવેશ કરવામાં આવે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભામાં અનુસ્નાતક અભ્યાસને લગતા વિવિધ પ્રશ્નો અંગે ભલામણો કરવા નિમાયેલી સમિતિની તા. ૨૫-૨-૧૯૬૯ની સભાની ભલામણો.

સમિતિની ભલામણ

(૧) પેટલાદની કૉલેજના તથા માણસાની કૉલેજના આચાર્યશ્રીનાં સૂચનો પરની બાબત નં. ૧ અને ૨ અંગે સાથે વિચારણા કરવામાં આવી અને ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૬૫-ઓ હેઠળ ઝોનની પુનર્રચના કરવા માટે તે ઑર્ડિનન્સ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ભલામણ કરવી :

O. 65-O :

For the purpose of organisation and co-ordination of post-graduate instruction, teaching, training and research in the University there shall be the following five zones :

(1) *Ahmedabad City Zone* : It will comprise of colleges/institutions in the city of Ahmedabad and the Sabarmati Town Area.

(2) *North Zone* : It will comprise of colleges/institutions in Ahmedabad District (excluding the City of Ahmedabad and Sabarmati Town Area), Mehsana and Banaskantha Districts.

(3) *Kaira Zone* : It will comprise of colleges/institutions in the Kaira District.

(4) *East Zone* : It will comprise of colleges/institutions in the Sabarkantha District and the Panchmahals District.

(5) *Kutch Zone* : It will comprise of colleges/institutions in the Kutch District.

Note.—In the zone, all post-graduate instructions—teaching and research—will be conducted at such centres and in one or more such subjects as may be specified when granting the recognition.

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે કોઈ એક ઝોનમાં ઑર્ડિ. ૬૫-એસ અનુસાર એક વિષયમાં ત્રણ કેન્દ્રો સ્થપાયેલાં હોય અને તે જ વિષયમાં ચોથા કેન્દ્ર માટે માગણી આવે તો તે કૉલેજ/સંસ્થામાં તે વિષયના અનુસ્નાતક કેન્દ્રની જરૂરિયાત અને શિક્ષકો તથા સાધનસામગ્રીની સગવડો લક્ષમાં લઈ ને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને યોગ્ય લાગે તો ચોથા અનુસ્નાતક કેન્દ્ર માટે કેવળ અપવાદરૂપે ચોથા કેન્દ્ર માટે પરવાનગી આપવા માટે ઑ. ૬૫-એસમાં ઘટતી જોગવાઈ કરવી.

(૩) અનુસ્નાતક અભ્યાસ વધુ સુગ્રથિત, સંયોજિત અને સુવ્યવસ્થિત બને તે હેતુથી આ સમિતિ ભલામણ કરે છે કે જે તે વિષયમાં યુનિવર્સિટી વિદ્યાભવનના સંબંધકર્તા વિભાગના વડા તથા તે વિષયનાં તમામ અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની એક સભા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં બોલાવવી અને તેમાં તે વર્ષ પૂરતી શિક્ષકોની ફાળવણી યુનિવર્સિટીનાં સામાન્ય ધારાધોરણોને આધીન કરવામાં આવે. આ સભા જે યુનિવર્સિટી વિદ્યાભવનના સંબંધકર્તા વિષયના વડા અને કોઈ વિષય માટે ભવનમાં જોગવાઈ ન હોય તો કુલપતિશ્રી નિયત કરે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને બોલાવવાનું રાખે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

૧ અને ૨. હાલનો ઑર્ડિ. ૬૫-એસ સુધારવા અંગે આવેલા સૂચન બાબત.

(૧) અનુસ્નાતક કેન્દ્રોના ઝોનની પુનર્રચના કરવા માટે ઑર્ડિ. ૬૫-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટેની સમિતિની ભલામણ સ્વીકારવી :

O. 65–O :

For the purpose of organisation and co-ordination of post-graduate instruction, teaching, training and research in the University there shall be the following five zones :

(1) ***Ahmedabad City Zone :*** It will comprise of colleges/institutions in the City of Ahmedabad and the Sabarmati Town Area.

(2) ***North Zone*** : It will comprise of colleges/institutions in Ahmedabad District (excluding the City of Ahmedabad and Sabarmati Town Area), Mehsana District and Banaskantha District.

(3) ***Kaira Zone:*** It will comprise of colleges/institutions in the Kaira District.

(4) *East Zone* : It will comprise of colleges/institutions in the Sabarkantha District and the Panchmahals District and Baroda District.

(5) *Kutch Zone* : It will comprise of colleges/institutions in the Kutch District.

Note.—In the zone, all post-graduate instructions—training, teaching and Research—will be conducted at such centres and in one or more such subjects as may be specified when granting the recognition.

(૨) સમિતિની ભલામણ નં. ૨ સ્વીકારવી.

(૩) સમિતિની ભલામણ નં. ૩ અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે નીમેલી બીજી એક સમિતિની ભલામણ આ સભાએ સ્વીકારી હોવાથી તે પરત્વે કંઈ વિશેષ કરવાપણું રહેતું નથી.

સમિતિની ભલામણ

૩. "વિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કામ માટે મદદ કરનાર ડેમોન્સ્ટ્રેટરોને અનુસ્નાતક નિયમોમાં કોઈ મહેનતાણું મળે એવી કોઈ જોગવાઈ ન હોવાથી તેવી જોગવાઈ કરવા અંગેના ભવન્સ કૉલેજ, ડાકોરના અને જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રી તરફથી આવેલ સૂચન અંગે સમિતિ નીચેની ભલામણ કરે છે :

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રયોગશાળામાં ડેમોન્સ્ટ્રેશનનું કામ માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષકને સોંપવું જોઈએ.

(૨) પ્રાયોગિક કામ માટે વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓના એક જૂથનું ધોરણ આ સમિતિ સૂચવે છે અને કેન્દ્રમાં બે માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય તો તે દરેકને પાર્ટ ૧ અને પાર્ટ ૨ એમ દરેક માટે ૨૦-૨૦ વિદ્યાર્થીઓનું એક જૂથ સોંપવું અને જો એક માન્ય અનુસ્નાતક શિક્ષક અને બે મદદનીશ શિક્ષકો હોય તો તે દરેકને ૨૦-૨૦નું એક જૂથ સોંપવું એમ પણ આ સમિતિ સૂચવે છે.

(૩) પ્રાયોગિક કામ સંભાળનાર શિક્ષકોને મહેનતાણું આપવાનો પ્રશ્ન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે પોતે વિચારવો એમ આ સમિતિનું મંતવ્ય છે.

(૪) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે અનુસ્નાતક કૉલેજોની વ્યવસ્થા કરવા માટે તથા તે માટે યુનિવર્સિટી ધારામાં ઘટતો સુધારો કરવા માટે યુનિવર્સિટીનાં સત્તા-મંડળોએ વિચારવું. દરમ્યાન હાલની પરિસ્થિતિ ચાલુ રહે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

આ અંગે સમિતિની ભલામણો સ્વીકારવી.

સમિતિની ભલામણ

૪. 'મેડિકલ કૉલેજોમાં સ્થપાયેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક/માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોએ લેવાનાં વ્યાખ્યાનોનું ભારણ ખૂબ વધારે હોવાથી જો એવા શિક્ષકોને એમ.ડી.એસ.ના અભ્યાસક્રમમાં વ્યાખ્યાનો લેવાનું કામ સોંપાય તો તે કામ માટે એમ.ડી.,એમ.એસ. વગેરે બીજા અભ્યાસક્રમો માટે અનુસ્નાતક નિયમ ૩૭ પ્રમાણે પ્રત્યેક સત્રમાં વધુમાં વધુ રૂા. ૨૪૦ જેટલું મહેનતાણું મળે તે ઉપરાંત એમ.ડી.એસ.નાં જેટલાં વ્યાખ્યાનો લે તેને માટે પણ મહેનતાણું આપવામાં આવે એવી જોગવાઈ કરવા અંગેની ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજના ડીનશ્રીની ભલામણ નહિ સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની આ સભા સમિતિની ભલામણ સાથે સહમત છે.

સમિતિની ભલામણ

૫. અનુસ્નાતક કેન્દ્રો અંગે આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીએ તેમના આ સાથેના **પરિશિષ્ટ "ચ"**માં જણાવેલા તા. ૩-૧-૧૯૬૮ના પત્રાંક આર.આર.એલ. ૨૬-૬૮માં કરેલ સૂચનો અંગે સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે:

(૧) અનુસ્નાતક કૉલેજો કે પૂર્વ સમયનાં કેન્દ્રોની વ્યવસ્થા અસ્તિત્વમાં આવે ત્યાં સુધી દરેક અનુસ્નાતક કેન્દ્રમાં યુનિવર્સિટીના વિદ્યાભવનના લેક્ચરરની કક્ષાના એક પૂરા સમયના શિક્ષકનો નિમણૂક કરવાના સૂચનનો આ સમિતિ સૈદ્ધાન્તિક રીતે સ્વીકાર કરે છે તથા તે અંગે ઘટતી વ્યવસ્થા વિચારવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે.

(૨) બાકીની બાબતોની નોંધ લેવામાં આવી.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

સમિતિની ભલામણો સ્વીકારવી.

સમિતિની ભલામણ

૬. અનુસ્નાતક કક્ષાએ કોઈ પણ એક ડિવિઝનમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવો નહિ અને કોઈ પણ એક જ કક્ષાએ બે કરતાં વધુ ડિવિઝનો નહિ તેમ છતાં પરિસ્થિતિને લક્ષમાં લઈને જો દાખલામાં કુલપતિશ્રીને જણાય ત્યાં વધુ ડિવિઝનની છૂટ આપવાની તેઓને સત્તા આપવા અંગેની બાબતમાં સમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે:

(૧) ભવનો/કેન્દ્રોમાં વર્ગ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાનું નિયંત્રણ કરવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની બાબત નં. ૧૯ ઉપર નોંધેલી સમિતિની આજરોજ મળેલી સભાની ભલામણ સાથે આ સમિતિ સંમત છે.

(૨) કેન્દ્રોમાં શનિવાર અને રવિવારે કેન્દ્રના સ્થાનિક અધ્યાપકગણના સભ્યો સામાન્ય રીતે વ્યાખ્યાનો આપી ન શકે એવી નિયમોમાં જ જોગવાઈ કરવામાં આવે તથા બહારથી આવતા મુલાકાતી શિક્ષકોને આ નિયમ લાગુ પાડવામાં ન આવે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

આ બાબતમાં સમિતિની ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સમિતિની ભલામણ

૭. અનુસ્નાતક કેન્દ્રોમાં મુલાકાતી શિક્ષકો વચ્ચે કામની વહેંચણી કરવા માટે વર્ષની શરૂઆતમાં દરેક ઝોનના પ્રોફેસર્સ-ઇન-ચાર્જની સભા બોલાવવાનું રાખવામાં આવે એમ આ બાબતમાં સમિતિ ભલામણ કરે છે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

આ બાબત અંગે આગળ ભલામણ થઈ ગઈ હોઈ કાંઈ કરવાનું રહેતું નથી.

સમિતિની ભલામણ

૮. અનુસ્નાતક શિક્ષણ વ્યવસ્થિત બને તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ચાલુ વર્ષથી અપનાવેલ પદ્ધતિનું ગુજરાત યુનિવર્સિટીએ અનુકરણ કરવાની જરૂર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દરેક વિદ્યાશાખામાંના ડીનને ફરજ સોંપવામાં આવી હતી કે તેમણે પોતાના વિષયનાં બધાં જ અનુસ્નાતક કેન્દ્રો માટે શિક્ષણની વ્યવસ્થા કરવી. આથી ડીને માન્ય અનુસ્નાતક શિક્ષકોને દરેક કેન્દ્રની જરૂરિયાત પ્રમાણે ફાળવી આપ્યા, તેથી દરેક કેન્દ્રની જરૂરિયાત પ્રત્યે સમાન ધ્યાન આપવામાં આવ્યું. ત્યાર બાદ અમુક કૉલેજમાં સ્થાનિક બે શિક્ષકો હોવા છતાં નવું કેન્દ્ર આપવામાં આવેલ નહિ, કેમ કે તે શિક્ષકો બીજા કેન્દ્રમાં કામ કરતા હતા. જ્યારે સરકારશ્રીએ બદલી કરીને બે વધારે અનુસ્નાતક શિક્ષકો આપ્યા, ત્યાર બાદ જ કેન્દ્રની મંજૂરી આપવામાં આવી. આપણે ત્યાં કેન્દ્રો અંગે વધુ વ્યવસ્થિત વિચારણા થાય તે અંગે કેન્દ્રોએ સંખ્યા વધારવાને બદલે ગુણવત્તા વધારવા ધ્યાન આપવામાં આવે, તે અંગેનું આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીનું સૂચન સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડીનને એ કામગીરી સોંપાઈ હતી તેને બદલે આપણે ત્યાં જે તે વિદ્યાભવનના જે તે વિષયના સિનિયર પ્રોફેસરને એ કામગીરી સોંપવામાં આવે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે સદરહુ બાબતની નોંધ લીધી.

સમિતિની ભલામણ

૯. યુનિવર્સિટી દ્વારા સંચાલિત અનુસ્નાતક કેન્દ્રો જે કૉલેજ/સંસ્થામાં સ્થાપવામાં આવ્યાં હોય તે કૉલેજ/સંસ્થાને વહીવટી ખર્ચ પેટે ગ્રેજ્યુએશન મિનિમમ પેટે અપાતી રકમ રૂ. ૨૦૦ને બદલે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ પ્રત્યેક સત્રના રૂપિયા એક લેખે અપાતી રકમને બદલે રૂ. ૧-૫૦ (એક રૂપિયો પચાસ પૈસા) કે રૂ. ૨-૦૦ વધારી આપવા અંગેના એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીના સૂચન અંગે આ સમિતિ ભલામણ કરે છે કે કેન્દ્રોને વહીવટી ખર્ચ માટે ઓછામાં ઓછા દસ વિદ્યાર્થી હોય તો કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦ અને પ્રત્યેક સત્રમાં વિદ્યાર્થી દીઠ રૂ. ૧-૫૦ પૈસા આપવાનું ધોરણ રાખવું.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

ઉપરોક્ત સૂચન સ્વીકારવા અને તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૯થી કરવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

સમિતિની ભલામણ

૧૦. અનુસ્નાતક શિક્ષણ અંગેની દેખભાળ સમિતિની **પરિશિષ્ટ "છ"**માં જણાવેલ ભલામણો અંગે સમિતિ ભલામણ કરે છે કે—

(૧) ઉપર બાબત નં. ૩ની ભલામણ નં. ૪ સ્વીકારવામાં આવે તો આ અંગે કાંઈ કરવાપણું રહેતું નથી.

(૨) આ અંગે બાબત નં. ૬માં ભલામણ નં. ૧થી સમિતિએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

(૩) આ સૂચન સ્વીકારવું નહિ એમ સમિતિ ભલામણ કરે છે.

(૪) આ સૂચન ભવન અને માન્ય સંસ્થાનો સમાવેશ કરીને સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

(૫) આ સૂચન નીચે મુજબ સુધારીને સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે :

વિજ્ઞાનના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછા ત્રણ કલાકના એક એવા અઠવાડિયાના ત્રણ પ્રયોગો જેટલું પ્રાયોગિક કામ કરવાનું ફરજિયાત રાખવું.

(૬) આ અંગે ઉપર બાબત નં. ૭માં સમિતિએ પોતાની ભલામણ કરેલી હોઈ કાંઈ કરવાપણું રહેતું નથી.

(૭) આ સમિતિ ભલામણ કરે છે કે અનુસ્નાતક કેન્દ્રોમાં શિક્ષણકાર્ય ચાલતું હોય તે દરમિયાન તો ગ્રંથાલય ખુલ્લું રહેવું જ જોઈએ.

(૮) સદરહુ સૂચન સ્વીકારવા આ સમિતિ ભલામણ કરે છે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

(૧) આ બાબતમાં કાયદાનો સુધારો થાય ત્યાં સુધી રાહ જોવી.

(૨) આ બાબત અંગે આગળ વિચારણા થઈ ગઈ છે, તેથી વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી.

(૩) બોર્ડ સમિતિની ભલામણ સાથે સહમત છે.

(૪) કેન્દ્રોમાં ભવન અને માન્ય સંસ્થામાં સત્ર દીઠ એક એમ ઓછામાં ઓછા વાર્ષિક બે ટેસ્ટ લેવા અને દરેક ટેસ્ટના ગુણ યુનિવર્સિટીને ટેસ્ટ લેવાયા બાદ પંદર દિવસમાં મોકલી આપવા. આવા ટેસ્ટના ગુણ યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામમાં મેળવવા નહિ, પરંતુ બંને ટેસ્ટ મળીને કુલ ૩૬ ટકા જેટલા ગુણ જે વિદ્યાર્થી ન મેળવી શકે તેનું યુનિવર્સિટી પરીક્ષા માટેનું આવેદનપત્ર અટકાવવા માટે કેન્દ્ર, ભવન તથા માન્ય સંસ્થાના નિયામકને સત્તા આપવી.

(૫) સદરહુ સૂચન સ્વીકારવું.

(૬) આગળ આ બાબતની વિચારણા થઈ ગઈ હોઈ આ અંગે કાંઈ કરવાપણું રહેતું નથી.

(૭) સદરહુ ભલામણ સ્વીકારવી.

(૮) સદરહુ સૂચન સ્વીકારવા તથા તે માટે ભવનોની જેમ અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા ભલામણ કરે છે.

સમિતિની ભલામણ

૧૧. ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની રાજકોટ ખાતે તા.૧-૬-૧૯૬૮ના રોજ મળેલી સભાની (નીચે જણાવેલ) બાબત પરત્વે કરવામાં આવેલ ઠરાવ અંગે નોંધ લેવામાં આવી.

બાબત

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક શિક્ષણના કામનો સમન્વય કેમ થાય તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ

"જુદી જુદી યુનિવર્સિટીઓ તરફથી આવેલ માહિતીઓ પરથી તથા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના કુલપતિશ્રી તરફથી આવેલી નોંધો પર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં નવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવાં જોઈએ નહિ."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાતની જે યુનિવર્સિટીઓમાં હાલ જે અનુસ્નાતક કેન્દ્રો અસ્તિત્વમાં છે તેમાં તેના શિક્ષણને સઘન બનાવવા માટે પૂર્ણ સમયના શિક્ષકો નીમવાની યુનિવર્સિટીએ વ્યવસ્થા કરવી ઘટે.

(**નોંધ.**—ઉપરોક્ત બાબત અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૮ની સભામાં ઠરાવ્યું છે કે બને ત્યાં સુધી પૂર્ણ સમયનાં કેન્દ્રો વધારતાં જવાય તે દિશામાં આગળ વધવું.)

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૩૯. નીચેની કૉલેજોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવીમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરથી સિન્ડિકેટે તપાસ કરી અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમી હતી, પરંતુ તેમના તરફથી તે અંગેનો કોઈ અહેવાલ આવ્યો ન હોઈ તે

અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	અનુ. કેન્દ્ર જે પદવી માટે માગ્યું છે તે પદવી	વિષય	સિન્ડિકેટની તારીખ	સ્થાનિક તપાસ-સમિતિના સભ્યોનાં નામ
૧.	એમ. એન. કૉલેજ, વીસનગર	એમ.એ.	અંગ્રેજી	૭-૧૨-૧૯૬૮	પ્રિ. એસ. આર. ભટ્ટ ડૉ. કે. આર. ચંદ્રશેખરન
૨.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬	એમ.એસ.	ઑપ્થાલ્મોલોજી	૪/૫-૧-૧૯૬૯	ડૉ. આર. પી. ધાંડા ડૉ. એમ. ડી. દસ્તૂર
૩.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬	એમ.ડી., બ્રાન્ચ ૯ એમ.ડી. બ્રાન્ચ ૧૦	રેડિયો-ડાયાગ્નોસિસ રેડિયોથેરાપી	૯/૧૦-૧૧-૧૯૬૮	ડૉ. એસ. જી. દફ્તરી ડૉ. જે. બી. હરિભક્તિ ડૉ. વી. જી. વોરા
૪.	આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	એમ.એ.	અર્થશાસ્ત્ર, ગ્રૂપ "સી" અને "ડી"	૮/૯-૨-૧૯૬૯	પ્રિ. એચ. કે. ત્રિવેદી શ્રી. ટી. એમ. મિસ્ત્રી
૫.	રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	એમ.એ.	અર્થશાસ્ત્ર, ગ્રૂપ "સી" અને "ડી"	૩૦-૧૧-૧૯૬૮	પ્રિ. એમ. સી. દેસાઈ શ્રી. ટી. એમ. મિસ્ત્રી
૬.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬	એમ.એસ., બ્રાન્ચ ૨	ઈ.એન.ટી.	૪/૫-૧-૧૯૬૯	ડૉ. એસ. એસ. બાલ્ગે ડૉ. એલ. એચ. હીરાનંદાની
૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	એમ.એ.	અંગ્રેજી	૪/૫ ૧-૧૯૬૯	પ્રિ. એસ. આર. ભટ્ટ શ્રી. કે. આર. ચંદ્રશેખરન.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપર ક્રમાંક ૧થી ૬માં જણાવેલ સંસ્થાઓની અરજીઓ પરત્વે સ્થાનિક તપાસસમિતિના અહેવાલો આવ્યેથી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) ક્રમાંક ૭માં જણાવેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરની અરજી પરત્વે તપાસ-સમિતિનો અહેવાલ આવી ગયો હોવાથી તે પર વિચારણા કરી સભાએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો :

"આથી ઠરાવવામાં આવે છે કે હિંમતનગરની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં જૂન ૧૯૬૯થી એમ.એ. અંગ્રેજીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી મંજૂર કરવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

૪૦. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભામાં ડિઝર્ટેશનના મહેનતાણા અંગે નવા ઉમેરાયેલ અનુસ્નાતક નિયમ નં. ૩૭-એ માં એમ એડ.ના ડિઝર્ટેશનના મહેનતાણાનો પણ સમાવેશ કરવાના મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સદરહુ સૂચન સ્વીકારાતાં અનુસ્નાતક નિયમ ૩૭-એ નીચે પ્રમાણે વંચાશે :

"The recognised post-graduate teacher guiding students for the subject or subjects of Master of Arts or Master of Science or M.Ed. Examinations or in the subjects comprised under the faculty of Medicine as the case may be shall be paid an honorarium of Rs. 50/- per Dissertation submitted and accepted, subject to a maximum of Rs. 200/- in all in any particular year."

૪૧. ડૉ. જનાર્દન શાન્તિલાલ જોશીની એમ.એસ., બ્રાન્ચ ૨ના ઇ.એન.ટી. વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જનાર્દન શાંતિલાલ જોશીને એમ એસ., બ્રાન્ચ ૨ના ઇ.એન.ટી. વિષયમાં ૧૫ જૂન ૧૯૬૯થી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી.એસ.ના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રથમ અને દ્વિતીય સત્રમાં બી. જે. મેડિકલ કૉલેજના નીચે જણાવેલ શિક્ષકોએ મજકૂર કેન્દ્રમાં યુનિવર્સિટીની પરવાનગી વગર અનુસ્નાતક વ્યાખ્યાનો આપ્યાં છે તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વિષય	પદવીનું નામ
૧.	ડૉ. એમ. એન. જિન્દાલ	ફાર્માકોલોજી	બી.એસસી. (મેડ.) એમ.એસસી. (મેડ.) એમ.ડી., બ્રાન્ચ ૪ એમ.એસ. તથા પીએચ.ડી.
૨.	ડૉ. એમ. જી. અમીન	ફિઝિયોલોજી	એમ.એસસી. (મેડ.) એમ.ડી.
૩.	ડૉ. બી. ડી. મિશ્રા	એનેટોમી	એમ.એસસી. (મેડ.) એમ.એસ., પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એન. જિન્દાલ અને ડૉ. એમ. જી. અમીનને એમ.ડી.એસ. પદવીના વિષયો શીખવવા માટે માન્યતા મળી ન હોવા છતાં ચાલુ વર્ષે તે વિષયોમાં વ્યાખ્યાનો આપ્યાં છે તે તથા ડૉ. બી. ડી. મિશ્રાને એમ.એસ. પદવી માટે એનેટોમી વિષયમાં માન્યતા મળી નહિ હોવા છતાં તે વિષયમાં વ્યાખ્યાનો આપ્યાં છે તે અપવાદ તરીકે માન્ય રાખવા અને તેમને આપવાના મહેનતાણાની રકમ બધાં જ વ્યાખ્યાનોનાં મળીને કુલ ૨૪૦ રૂપિયાથી વધી ન જાય તે રીતે મહેનતાણું આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૭. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના:

ક્રમાંક	નામ	પદવી	વિષય
૧.	શ્રી. એન. જે. શાહ, એમ.એ., પીએચ.ડી., આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	એમ.એ.	સાયકોલોજી
૨.	ડૉ. (મિસિસ) એચ. એન. શાહ, એમ.ડી., બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	એમ.ડી, ક્રા. ૩	ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી
૩.	શ્રી. જે. એમ. પટેલ,એમ.એસસી., આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"
૪.	શ્રી. એસ. એ. મોદી, નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	એમ.કૉમ.	કૉસ્ટ એકાઉન્ટિંગ
૫.	શ્રી. બી. એમ. પીરજાદા, એમ.એ., આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	એમ.કૉમ.	૧. મેક્રો. પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. મોડર્ન ફાઇનાન્સ—પેપર્સ ૧ અને ૨
૬.	શ્રી. આર. એમ. દેસાઈ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	એમ.એ.	ગુજરાતી
૭.	ડૉ. બી. ડી. મિશ્રા, એમ.એસ., બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	એમ.ડી.એસ.	ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રી
*૮.	શ્રી. બી. એમ. મૂલે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ	એમ.કૉમ.	૧. મેક્રોનોમિક પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. મેન્ડસ્ટ્રી એન્ડ લેબર ૩. મેક્રોનોમિક્સ ઑફ એગ્રિકલ્ચર ૪. કો-ઑપરેટિવ એન્ડ રુરલ ડેવલપમેન્ટ

*(તેમની અગાઉની એમ.કૉમ. અર્થશાસ્ત્રની માન્યતા રદ કરવામાં આવી છે.)

(૨) નીચે જણાવેલ શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાના :

નામ	પદવી	વિષય
ડૉ. એમ. સી. શાહ, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૬	એમ.ડી. ડી.પેડ.	પેડિયાટ્રિક્સ

(૩) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ કૉલેજમાં માન્યતા બદલી આપ્યાના :

ક્રમાંક	નામ	પહેલાંની કૉલેજ	માન્યતા બદલી આપી તે કૉલેજ
૧.	શ્રી. એમ. સી. શાહ (શિક્ષક)	બી. ડી. કૉલેજ, અમદાવાદ	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૨.	શ્રી. ડી. આર. કાળિયાપટેલ (મદદનીશ)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

(૪) નીચે જણાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના :

ક્રમાંક	નામ	પદવી	વિષય
૧.	ડૉ. સી. એ. દેસાઈ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	એમ.એસસી. (મેડ.) એમ.ડી.	ફિઝિયોલોજી
૨.	ડૉ. લીલાવતી ગોગટે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	એમ.ડી., બ્રાન્ચ ૨	પેથોલોજી ઍન્ડ બેક્ટીરિયોલોજી

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૯થી એમ.એડ. એજ્યુકેશન વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં એમ.એડ.નો બે વર્ષનો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન થાય તો ૧૫મી જૂન ૧૯૬૯થી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) નિયમ પ્રમાણે પૂરતા સ્થાનિક અધ્યાપકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે;

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધતી ન જોઈએ; અને

(૪) અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે."

૪૫. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

ડૉ. આર. જી. ભટ્ટને પીએચ.ડી. પદવી એજ્યુકેશનના વિષયમાં માન્યતા આપવા અંગે :

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. જી. ભટ્ટને એજ્યુકેશનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની અરજી બાબતમાં તેમનાં સંશોધનપ્રકાશનો અંગે માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે અંગે ડૉ. મુખર્જી (દિલ્હી)નો અભિપ્રાય મેળવી ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગ્યાનો લાયકાતના ધોરણ અંગે સમાજવિદ્યા ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રી તરફથી આવેલ મંતવ્યો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં લેક્ચરરની જગ્યા પર નિમણૂક કરવા માટે નક્કી કરેલાં લાયકાતનાં ધોરણોમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગ્યા માટે નીચેની વધારાની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Provided, however, that in the case of appointment to the post of a Lecturer in Labour Welfare, a candidate with a degree or degrees in Law and who has professional experience of the Labour Court or the Industrial Court or experience as a Labour Officer will also be considered."

૪૭. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૪-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ડૉ. એમ. ડી. દેસાઈના તા. ૨૦-૭-૧૯૬૬ના પત્રમાં જણાવેલા ઠરાવો ઉપર વિચારણા કરી નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

This Faculty recommends that the following should be the requirements of the teachers for the various Diploma Courses in Medicine at this University :

(*a*) Number of Teachers :

At least two teachers are necessary for each course :

1. One Recognised Post-graduate Teacher
2. One Assistant to the Recognised Teacher.

(*b*) Qualifications :

(*a*) For the Recognised Teacher—

(*i*) Post-graduate Degree with at least four years' teaching experience in the subject as an Assistant to the Recognised Teacher;

or

(*ii*) Post-graduate Diploma in the subject with at least five years' teaching experience as an Assistant to the Recognised Teacher, in a teaching college or any institution.

(*b*) For the Assistant to the Recognised Post-graduate Teacher :

(*i*) Post-graduate Degree in the subject with at least one year's teaching experience as a Registrar or its equivalent post;

or

(*ii*) Post-graduate Diploma with three years' experience as a Registrar or an equivalent post in a teaching college or institution.

(*c*) For Examinership, the Examiner must have—

(1) teaching experience in the subject in a College or a Recognised Institution of at least five years, either as a Recognised Post-graduate Teacher or seven years' as an Assistant to the Recognised Post-graduate Teacher."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ફેરવિચારણા માટે તબીબી વિદ્યાશાખાને મોકલવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
નાયબ કુલસચિવ.

परिशिष्ट "क"

CONDITIONS

(1) The Prof. teacher Dr. Shah should devise a programme of teaching of 3 sessions per week which should consist of lecture, clinics, seminar journal review and practical work by the post-graduates.

(2) No. of post-graduates for M.D. should be restricted to 2 only for the present.

(3) Recording system in O.P.D. should be on modern lines, i.e., depicting the pattern of various major diseases typical of the ecologic feature of the geographical area.

(4) Library : At least there should be 100 books. They should be as far as possible post 1960 editions distributed as follows : (*i*) Text-books, (*ii*) Differential diagnosis, (*iii*) Treatment, (*iv*) Atlas, (*v*) Special like genodermatoses, etc.

(5) Possibility of pooling of clinical material of both the colleges should be explored.

(6) For O.P.D. : (*i*) A laboratory technician is a must to carry out all staining procedures in the O.P.D. itself. (*ii*) A health visitor should be provided to do contact tracing in V.D. Epidemiological survey for leprosy and to emphasize preventive and social aspect of diseases.

(7) Library : Enough grant should be provided to have all important test-books, monographs, routine and research journals, etc. There should be all books and journals published in India.

परिशिष्ट "ख"

અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવ્યેથી તપાસસમિતિને આપવાની વિગતવાર સૂચનાઓ તથા તે અંગેના ફૉર્મના નમૂના તૈયાર કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની તા. ૯-૧૦-૧૯૬૮ની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં નીચેની સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧૦-૧૦-૧૯૬૮ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૩. આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર.

મજકૂર સમિતિ ચર્ચાવિચારણાને અંતે એ નિર્ણય પર આવી કે જુદા જુદા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા માટે જરૂરી ઓછામાં ઓછી સગવડો, જેવી કે પુસ્તકાલય, પ્રયોગશાળા, સાધનસામગ્રી વગેરે કેટલી જોઈએ તે અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓના અધ્યક્ષો પાસેથી સૂચનો મગાવવાં અને તે આવ્યેથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની વિચારણા તથા નિર્ણય માટે મૂકવાં અને તે મંજૂર થયેથી તેની એક નકલ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓને જાણ માટે મોકલવી અને એક નકલ અનુસ્નાતક કેન્દ્રની સ્થાપના માટે નિમાતી તપાસસમિતિઓને માર્ગદર્શન માટે પૂરી પાડવી. અભ્યાસસમિતિઓના અધ્યક્ષો પાસેથી મગાવવાનાં સૂચનોમાં નીચેની વિગતોનો સમાવેશ કરવો :

૧. પ્રયોગશાળાનું ક્ષેત્રફળ અને ફિટિંગ્સ
૨. પ્રયોગશાળામાં પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ટેબલ સ્પેસ
૩. જરૂરી સાધનોની યાદી
૪. જરૂરી ડેમોન્સ્ટ્રેટર/ડેમોન્સ્ટ્રેટરોની સંખ્યા
૫. અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી જુદા જુદા પ્રશ્નપત્રવાર પુસ્તકોની યાદી
૬. વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈ જે તે પુસ્તકની કેટલી નકલો વસાવવી તે માહિતી.

વધુમાં આ સમિતિ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરે છે કે અનુસ્નાતક કેન્દ્ર માટે અરજી કરનાર સંસ્થા જરૂરી માહિતી પૂરી પાડે તે માટે આ સાથે જોડેલા નમૂના મુજબનું પત્રક રાખવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરવી. તે પત્રકમાં આવેલી માહિતી ચાર નકલોમાં મંગાવી જે તે તપાસસમિતિના સભ્યોને તેમની તપાસના કાર્યમાં મદદરૂપ થાય તે માટે મોકલવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

એમ. સી. દેસાઈ
જે. જે. ત્રિવેદી.

કૉલેજ/સંસ્થાએ અનુસ્નાતક કેન્દ્ર મેળવવા માટે ભરવાની માહિતીનું પત્રક

૧. કૉલેજ/સંસ્થાનું નામ :

૨. કયા વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર મેળવવા માગ્યું છે ?

૩. કૉલેજ/સંસ્થા કયા ઝોનમાં આવેલી છે અને તે ઝોનમાં કયા કયા સ્થળે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો આવેલાં છે ?

૪. કૉલેજ/સંસ્થા ખાનગી હસ્તક છે કે સરકારી છે ?

૫. ખાનગી હસ્તક હોય તો સભ્ય/સભ્યો અથવા મંડળનું નામ અને રજિસ્ટ્રેશન નંબર

૬. કૉલેજ/સંસ્થા શરૂ કર્યાનું વર્ષ

૭. જે વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાનું હોય તે વિષયમાં મુખ્ય વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા — એફ.વાય. — એસ.વાય. — ટી.વાય.

૮. કૉલેજમાં કુલ શિક્ષકોની સંખ્યા — પૂરા સમયના — ખંડ સમયના

૯. જે વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર માગ્યું હોય તે વિષયના શિક્ષણ માટે સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી.

ક્રમાંક	શિક્ષકોનાં નામ	શૈક્ષણિક લાયકાત	કેટલા વર્ષનો શૈક્ષણિક અનુભવ	બીજા કયા કયા અનુ. કેન્દ્રમાં વ્યાખ્યાનો આપે છે ?	શિક્ષક કે મદદનીશ

૧૦. જો ભાષાનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવામાં આવનાર હોય તો ગૌણ ભાષા શીખવવા માટે સ્થાનિક શિક્ષકગણ પર શિક્ષકોની માહિતી.

ક્રમાંક	શિક્ષકોનાં નામ	શૈક્ષણિક લાયકાત	કેટલા વર્ષનો શૈક્ષણિક અનુભવ	માન્ય અનુ. શિક્ષક કે મદદનીશ	માન્યતાનો વિષય	બીજા કયા અનુ. કેન્દ્ર પર કામ કરે છે ?

૧૧. સ્થાનિક શિક્ષકગણ ઉપરાંત સ્થાનિક કૉલેજો/સંસ્થામાંથી તથા ઝોનમાંથી જે તે વિષયના અનુસ્નાતક શિક્ષણ માટે કેટલા માન્ય અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ શિક્ષકો અનુસ્નાતક કાર્ય માટે મળી શકે એમ હોઈ તે અંગેની વિગત.

શિક્ષક/મદદનીશ શિક્ષકોનાં નામ	કઈ કૉલેજ/સંસ્થામાં નોકરીમાં છે?	કયા પ્રશ્નપત્ર માટે બોલાવવાના છે?	માન્ય અનુ. શિક્ષક કે મદદનીશ	બીજા કયા અનુ. કેન્દ્રમાં કાર્ય કરે છે?

૧૨. ઝોન બહારથી શિક્ષકો બોલાવવાની જરૂર પડશે કે કેમ? જો જવાબ "હા"માં હોય તો તેવા શિક્ષકો અંગેની માહિતી.

શિક્ષક/મદદનીશ શિક્ષકોનાં નામ	કૉલેજ/સંસ્થાનું નામ	માન્યતાનો વિષય અને કયા પ્રશ્નપત્ર માટે?	માન્ય અનુ. શિક્ષક કે મદદનીશ શિક્ષક	બીજા કયા અનુ. કેન્દ્રમાં કાર્ય કરે છે?

૧૩. લાઇબ્રેરી સગવડ:

લાલમાં કુલ પુસ્તકોની સંખ્યા	જે તે વિષયના અનુ. કેન્દ્ર માટે પુસ્તકોની સંખ્યા	લાઇબ્રેરી માટે અલગ વ્યવસ્થા છે કે કેમ?	અનુ. વિદ્યાર્થીઓ માટે લાઇબ્રેરી ખુલ્લી રહેશે કે કેમ?

૧૪. વિજ્ઞાનના વિષયનું અનુસ્નાતક કેન્દ્ર આપવાની વધુ માહિતી (અહીં જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્રને લગતી માહિતી આપવી).

જરૂરી સાધનો છે?	અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી જોઈતાં સાધનોની વિગત

૧૫. જે તે વિષયના અનુસ્નાતક અભ્યાસમાં પ્રાયોગિક કામ આવતું હોય તો નીચેની માહિતી ભરવી:

પ્રાયોગિક કામ માટે પૂરતી સગવડ છે?	પ્રાયોગિક કામ માટે લેબોરેટરીનું કદ	પ્રાયોગિક કામ માટે બેઠકોસાથે કેટલા વિદ્યાર્થીઓની સગવડ થઈ શકે એમ છે?	પ્રાયોગિક કામ માટે કેટલા ડેમોન્સ્ટ્રેટર વગેરે છે?

૧૬. તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક કેન્દ્ર માટે કૉલેજ/સંસ્થાએ આપવાની વધારાની માહિતી.

કેટલાં યુનિટ છે?	પ્રત્યેક યુનિટમાં માન્ય અનુ. શિક્ષક/મદદનીશ શિક્ષકોનાં નામ	કાયમી કે પાર્ટ-ટાઇમ કે ઑનરરી?	માન્ય અનુ. શિક્ષક કે મદદનીશ શિક્ષક?

૧૭. તબીબી વિદ્યાશાખાના મંજૂર વિષયના અનુસ્નાતક શિક્ષણ માટે બીજાં કયાં ડિપાર્ટમેન્ટોનો ઉપયોગ થશે તે અંગેની માહિતી.

ડિપાર્ટમેન્ટનું નામ	પૂરતી સગવડ છે કે કેમ?	જો હોય તો કયા પ્રકારની?

૧૮. અનુસ્નાતક કેન્દ્ર ભાગનાર કૉલેજ/સંસ્થામાં જે વિષય અને પદવીનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં હોય તે અંગેની માહિતી.

તા. - -૧૯૬ .

આચાર્ય / ડીન / અધ્યક્ષશ્રી

કૉલેજ / સંસ્થાનું નામ :

परिशिष्ट "ग"

ARTS FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which rocognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research and/or critically interpretative treatise of recognised merit.

or

(*b*) Ten independent research or critically intepretative articles in the subject published in learned journals.

SCIENCE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research or critically interpretative treatise of recognised merit.

or

(*b*) Ten independent research or critically interpretative articles in the subject published in learned journals of repute.

COMMERCE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65–F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' teaching experience in the subject as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised university in the subject in which the recognition is sought with at least ten years' teaching experience as a recognised post-graduate teacher for Master's Degree in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research and/or critically interpretative treatise of recognised merit.

or

(*b*) Ten independent research or critically interpretative articles in the subject published in learned journals of repute.

N.B.—The term 'subject' shall comprise those subjects for which a teacher can be recognised at post-graduate level.

MEDICINE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research or critically interpretative treatise of recognised merit.

or

(*b*) Ten independent research or critically interpretative articles in the subject published in learned journals of repute.

પરિશિષ્ટ "ગ-૧"

ઑર્ડિ. ૬૫-એચ સુધારવા વિદ્યાશાખાની ભલામણ પરથી બી. યુ. ટી.એ કરેલ સુધારા અંગે ભલામણ.

ARTS FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research treatise and / or published papers of recognised merit.

or

(*b*) Ten independent research papers in the subject published in learned journals.

SCIENCE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research treatise and/or published papers of recognised merit.

or

(*b*) Ten independent research papers in the subject published in learned journals of repute.

COMMERCE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' teaching experience in the subject as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which the recognition is sought with at least fifteen years' teaching experience as a recognised post-graduate teacher for Master's Degree in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research treatise and/or published papers of recognised merit.

or

(*b*) Ten independent research papers in the subject published in learned journals of repute.

N.B.—The term 'subject' shall comprise those subjects for which a teacher can be recognised at post-graduate level.

MEDICINE FACULTY

O. 65-H :

A teacher to be recognised for the Ph.D Degree shall have the following qualifications over and above prescribed for recognition vide O. 65-F as a teacher for Master's Degree :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree.

or

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with fifteen years' teaching experience in the subject at the post-graduate level.

and

(*b*) Independent published research treatise and/or published papers of recognised merit.

or

(*b*) Ten independent research papers in the subject published in learned journals of repute.

પરિશિષ્ટ "ઘ"

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. સી. એ. ટોપીવાલા, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
૨.	શ્રી. એમ. વી. શાહ, એમ.એ.	,,	,,	ટી. સી. કે. આર્ટ્સ કૉલેજ, મોડેલી
૩.	શ્રી. એલ. વી. જોશી, એમ.એ.	,,	સંસ્કૃત	પેટલાદ કૉલેજ, પેટલાદ
૪.	શ્રી. પી. કે. ઠાકર, એમ.એ.	,,	અંગ્રેજી	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. કે. જે. મહેતા, એમ.એ.	,,	અર્થશાસ્ત્ર, જૂથ "સી" અને "ડી"	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૬.	શ્રીમતી મધુરી બી. ઉમરવાડિયા, એમ.એ.	,,	મનોવિજ્ઞાન	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી. વી. એસ. વણીકર, બી.એ., બી.ટી., એમ.એ.	એમ.એડ.	૧. સાયકોલોજી ઑફ એજ્યુકેશન ૨. ફિલોસોફી ઑફ એજ્યુકેશન	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
	(નોંધ.—શ્રી. વણીકરને જૂન ૧૯૬૯થી માન્યતા આપવામાં આવી છે.)			
૮.	શ્રી. બી. સી. પટેલ, એચ.એસસી., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	,,
૯.	શ્રી. સત્યપ્રકાશ, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	ફિઝિક્સ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
૧૦.	શ્રી. કે. કે. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	,,	એમ. એન. કૉલેજ, વીસનગર

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૧.	શ્રી. એલ. ડી. ત્રિવેદી, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઇનૉર્ગેનિક કેમિસ્ટ્રી	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૨.	કુ. કુમુદા સી. અમીન, એમ.એસસી., પીએચ.ડી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૧૩.	શ્રી. આર. કે. શાહ, એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૧૪.	શ્રી. બી. એમ. પટેલ	એમ.ઈ. (મિકે.)	મિકેનિકલ એન્જિનિયરિંગ	ડી. ડી. ઇન્સ્ટિ. ઑફ ટેક્નોલોજી, નડિયાદ
૧૫.	ડૉ. ડી. એમ. છત્રપતિ, એમ.એસસી. (મેડ.)	એમ.એસ. બાન્ચ ૫	એનેટોમી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૬.	ડૉ. પી. વી. પ્રભુને, એમ.ડી.	એમ.ડી., બા. ૨ એમ.એસસી. (મેડ.)	પેથોલોજી એન્ડ બેક્ટીરિયોલોજી	,,
૧૭.	ડૉ. એન. એફ. શાહ, ડી.વી. એન્ડ ડી.	એમ.ડી., બા. ૧૧	ડર્મેટોલોજી	શેઠ કે. એમ. રૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ–૬
૧૮.	શ્રી. જી. કે. જોશી, એમ.કૉમ.,એમ.બી.એ.	એમ.કૉમ.	૧. બિઝનેસ મૅનેજમેન્ટ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૪. ઇકોનોમિક પૉલિસી એન્ડ પ્લાનિંગ	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ–૧
૧૯.	શ્રી. જી. બી. પરીખ, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૨૦.	ડૉ. એમ. જી. અમીન, એમ.બી.,બી.એસ., એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) એમ.ડી.	ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી નથી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કોલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. જે. વી. જોષી, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	એમ. એન. કૉલેજ, વીસનગર
૨.	ડૉ. જે. સી. સિકંદર, પીએચ.ડી., ડી.લિટ.	પીએચ.ડી.	ભારતીય સંસ્કૃતિ	એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદ
૩.	શ્રી. પી. એસ. સતપંથી, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત
૪.	શ્રી. વી. એસ. મોદી, એમ.એસસી.	એમ.એસસી.	ઇનૉર્ગેનિક કેમિસ્ટ્રી	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૫.	શ્રી. સી. એચ. પ્રજાપતિ, એમ.એસસી.	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"	બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત
૬.	શ્રી. એમ. એસ. પટેલ, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૭.	શ્રી. વી. એમ. સૂહાવાલા, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	બોટાની	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૮.	શ્રી. એસ. જી. દેસાઈ, એમ.એસસી., પીએચ.ડી.	,,	માઇક્રોબાયોલોજી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ
૯.	ડૉ. એમ. ડી. ભાટિયા, એમ.ડી., ડી.એ.	ડી.એ. ડિપ્લોમા	એનેસ્થેસિયા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૦.	ડૉ. બી. એચ. શાહ, ડી.વી.એન્ડ ડી., એમ.ડી.	ડી.વી.એન્ડ ડી.	ડર્મેટોલોજી એન્ડ વેનેરિયોલોજી	,,
૧૧.	ડૉ. એન. કે. દવે, એમ.કૉમ.	એમ.કૉમ.	ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર એગ્રિકલ્ચર કો-ઑપરેશન	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

કુલપતિશ્રીએ જે શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. આર. બી. વર્મા, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	વાય. એસ. આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
૨.	શ્રી. જે. પી. વ્યાસ, એમ.એ.	એમ.એ.	હિંદી	એમ. એન. કૉલેજ, વીસનગર
૩.	શ્રી. એસ. એમ. પટેલ, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
૪.	શ્રી. કે. એસ. પટેલ, એમ.એ.	એમ.એ.	ઇતિહાસ જૂથ "એ"–"બી"	યુ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૫.	શ્રી. આર. એન. પાઠક, એમ.એ.	એમ.એ.	મનોવિજ્ઞાન	વાય. એસ. આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
૬.	શ્રીમતી મહેન્દ્રિકા સી. ભટ્ટ એમ.એ.,એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી. જે. એચ. શાહ, એમ.એડ.	એમ.એડ.	,,	,,
૮.	શ્રી. એન. એમ. શાહ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	ભવન્સ કૉલેજ, ડાકોર
૯.	શ્રી. બી. કે. પટેલ, એમ.એસસી.	,,	,,	,,
૧૦.	શ્રી. એન. સી. સાલવી, એમ.એસસી.	,,	ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૧.	શ્રી. જી. સી. પટેલ, એમ.એસસી.	,,	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨.	શ્રી. કે. વી. પંચાલ, એમ.એસસી.	,,	સ્ટેટિસ્ટિક્સ	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૧૩.	શ્રી. એચ. આર. વ્યાસ, એમ.એસસી.	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૧૪.	શ્રી. એસ. જી. દેસાઈ, એમ.એસસી.,પીએચ.ડી.	,,	માઇક્રો-બાયોલોજી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૧૫.	ડૉ. એન. કે. બોડીવાળા, એમ.ડી.	એમ.ડી. પા. ૧	મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

આંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
૧૬.	ડૉ. પી. બી. હરિભક્તિ, એમ.ડી.,એમ.આર.સી.પી.	એમ.ડી. બ્રા. ૧૧	ડર્મેટોલોજી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ
૧૭.	ડૉ. એ. જી. અમીન, એમ.બી.,બી.એસ.,ડી.વી. ઍન્ડ ડી.	,,	,,	,,
૧૮.	ડૉ. (શ્રીમતી) કુસુમ એમ. ડાંગરવાળા, એમ.એસસી.(મેડ.)	એમ.એસસી. (મેડ.) એમ.એસ., બ્રા.૫., એમ.ડી.એસ. (ફક્ત એનેટોમી માટે)	એનેટોમી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૯.	શ્રી. એસ. એમ. એસ. કાદરી, એમ.ફાર્મ.,ડી.એસ.સી.	એમ.ફાર્મ.	ફાર્માકોગ્નોઝી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૨૦.	ડૉ. વી. જે. દલાલ, એમ.બી.,બી.એસ., ડી.એમ.આર.ઈ.	એમ.ડી.એસ. (બ્રા. ૭)	ઓરલ ડાયાગ્નોસિસ ઍન્ડ ડેન્ટલ રેડિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૧.	ડૉ. (મિસિસ) એસ. બી. દામાણી, એમ.એસ.	એમ.એસ. (બ્રા. ૧)	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૨.	શ્રી. આઈ. બી. પટેલ, એમ.એસસી.	એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૩.	શ્રી. જે. ડી. પટેલ, એમ.એસસી.	એમ.એ., એમ.એસસી. એમ.કૉમ.	,,	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૪.	શ્રી. આર. એમ. શાહ, એમ.કૉમ., એ.આઈ.સી.ડબલ્યુ.એ.	એમ.કૉમ., કૉસ્ટિંગ	(કૉસ્ટ એકા. પે. ૨) મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી (એડ. એકાં. પે. ૪)	,,
૨૫.	ડૉ. એન. એન. શાહ, એમ.એસ., એફ.આર.સી.એસ.	એમ.એસ. બ્રા. ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષકની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	પ્રથમ કૉલેજ	જે કૉલેજમાં માન્યતા બદલી આપી છે તે
૧.	શ્રી. બી. એમ. મૂલે (શિક્ષક)	એમ.કૉમ.	અર્થશાસ્ત્ર	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નિરંજનનગર, અમદાવાદ
૨.	શ્રી. એમ. એન. શાહ (શિક્ષક)	,,	એડ. એકાઉન્ટિંગ એન્ડ કૉસ્ટિંગ	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એસ. જે. આર્ટ્સ કૉલેજ, સિદ્ધપુર
૩.	ડૉ. ઈ. એમ. બલસારા (શિક્ષક)	એમ.એસસી.	ફિઝિક્સ	કૉટક સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪.	શ્રી. એન. એન. શાહ (શિક્ષક)	એમ.એ.	અર્થશાસ્ત્ર, જૂથ "સી" અને "ડી"	ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિવેકાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. બી. એ. પટેલ (શિક્ષક)	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર, જૂથ "બી"	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
૬.	શ્રી. એન. કે. દવે (મદદનીશ)	એમ.કૉમ.	૧. ઇકો. ઑફ. એગ્રિ. ૨. કો-ઑપરેટિવ એન્ડ રુરલ ડેવલપમેન્ટ ૩. ઇન્ડસ્ટ્રી ૪. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી. કે. સી. પટેલ (મદદનીશ)	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"	પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

परिशिष्ट "च"

Suggestions for improving the working of Post-graduate Centres

[*Vide No. 7, Proforma, O. 65-N (2)*]

1. The number of Post-graduate Centres should be limited by the number of recognised post-graduate teachers and assistants available in the Gujarat University area, e.g., for the Post-graduate Centre for M.A. in History or Economics, the minimum requirement will be 8 persons, i.e., one per paper. If total number of available teachers is 40, not more than 5 Post-graduate Centres should be instituted by the University.

2. The location of the Post-graduate Centre should be decided, keeping in view the geographical situation and the needs of the surrounding colleges, it is required to serve. Roughly, it may be suggested that one centre may be instituted for a group of about 5 to 7 colleges in the region.

While deciding the location, the availability of local staff should not be the only criteria. It may be instituted at a college, if it is found more suitable from all the relevant view-points. Then in the same region, even if other colleges have on their staff sufficient number of recognised teachers another centre should not be instituted but they may be asked to serve at the Post-graduate Centre already established in the same region.

Notwithstanding anything mentioned above, at least one Post-graduate Centre in each district must be instituted for the subject taught as Principal or Special subjects by the College in that district.

The Post-graduate Centres are instituted and run on behalf of the University. Therefore, no condition regarding appointment of recognised teachers by the College, should be insisted upon.

3. Even in Ahmedabad, more Post-graduate Centres should be instituted. It is impossible for the University departments to cope up with the growing needs of the large number of students in Ahmedabad. It should be considered the right of every student who has secured a Second Class Honour's degree, to have an opportunity to carry on further studies. The students of Ahmedabad should not be denied this opportunity especially when a large number of recognised post-graduate teachers are available in the city. It is very strange that Ahmedabad students have to go to outside places for study and Ahmedabad Professors to go to outside places for taking post-graduate lectures. There is a huge waste of time, energy and money of all concerned which a poor country like ours can ill afford.

It is sometimes argued that this will lead to unhealthy competition. This fear is absolutely unjustified. In fact, there will be a healthy competition to improve standards. The University departments need not be afraid of competition and take shelter under a monopoly position. In fact, most to the teachers in University departments do not entertain any such fears at all.

4. On the Science side, some of the colleges (e.g., Gujarat College) possess adequate facilities for post-graduate instruction. In fact, even now, work for Ph.D. is undertaken by such colleges but not for M.Sc. This is again a criminal waste of our limited resources. Even first class students do not get admission in University departments, while the facilities available in the colleges remain unutilised. The steps should be taken to remove technical difficulties, if any, so that maximum advantage can be taken of all the avaitlable facilities, in affiliated colleges.

5. The work among recognised post-graduate teachers may be distributed by the University according to their preferences, consistant with the needs of Post-graduate Centres. The unseemly competition among Post-graduate Centres to attract post-graduate teachers should be avoided.

6. The present practice of giving honorarium to post-graduate teachers (and assistants) should be abolished. Instead, recognised post-graduate teachers or assistants working at any Post-graduate Centre, should be given the scales of Readers and Lecturers respectively or at least the scale of a Post-graduate teacher, i.e., Rs. 700–40–1,100.

7. The benefit of the knowledge of the teachers of University departments should be made available to Post-graduate Centres also. Each teacher of the department must visit a Post-graduate Centre at least once per fortnight and deliver at least 2 lectures. This should be considered a part of their duty and no extra remuneration need be paid to them. Similarly, visiting post-graduate teachers should also be invited to deliver lectures in the University departments.

8. The present method of sanctioning the library grants only out of the profits of the centre is absolutely unsatisfactory. Instead, a basic grant of a fixed amount (say Rs. 2,000/- per subject) per year should be sanctioned for all Post-graduate Centres plus an additional grant from the profits, if the University cannot easily change the existing system. The rational criteria should be the need of the centre, rather than the profits.

9. The Board of University teaching should be reconstituted so that adequate representation can be given to Professors-in-chorge and the post-graduate teachers working in Post-graduate Centres. At least one Professor-in-charge from each zone should be given a place on the board. At present, there is too much predominance of persons from Ahmedabad only.

10. It seems that it is not properly realised that Gujarat University is not a residential University but also an affiliating University, so that the pattern of other residential Universities is not the best pattern to imitate. Gujarat University has its responsibilities to the students and the people of the entire area of its jurisdiction. So far, the University has concentrated its attention in Ahmedabad only and neglected the Post-graduate Centres. Unless the policy is suitably changed, there is likely to be increasing demand for starting more and more Universities in each

region which may not be in the interest of maintaining high educational standards. Therefore, it is requested that steps may please be taken before it becomes too late for improving the standards, especially at post-graduate level which is entirely the responsibility of the University.

Bhuj.
Dt. 3-1-1968.

Sd. (. . . . .)
Principal,
R. R. Lalan College,
Bhuj.

પરિશિષ્ટ "છ"

અનુસ્નાતક શિક્ષણ અંગેની દેખભાળ સમિતિની ભલામણ

૧. હાલ જે વિષયો યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં શીખવવામાં આવે છે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો અમદાવાદ શહેરની બીજી કૉલેજમાં આપવામાં આવતાં નથી. તે નીતિ પર પુનર્વિચારણા કરી જે કૉલેજો અનુસ્નાતક કેન્દ્ર અંગેના નિયમોનું સંપૂર્ણ પાલન કરે તેને કેન્દ્રો આપવા માટે વિચારવું અને આ અંગેની નીચેની ભલામણોમાં દર્શાવ્યું છે તે રીતે અનુસ્નાતક કેન્દ્રોના નિયમો થોડા વખારે સખત કરવા અને તેનું સંપૂર્ણ પાલન ન કરી શકે તેવાં કેન્દ્રો ચાલવા દેવાં નહિ.

આ સૂચન સાથે સમિતિના એક સભ્યશ્રી રણજિતરામ ગં. શાસ્ત્રી સંમત ન હતા.

૨. કોઈ પણ અનુસ્નાતક વર્ગમાં એકીસાથે વિદ્યાર્થીઓની સંખ્યા ૭૫થી વધવી ન જોઈએ.

૩. અનુસ્નાતક શિક્ષણ માટે ટ્યુટોરિયલ પદ્ધતિ ફરજિયાત બનાવવી અને દરેક પ્રશ્નપત્ર દીઠ અઠવાડિયામાં ઓછામાં ઓછો એક ટ્યુટોરિયલ ફરજિયાત રાખવો. ટ્યુટોરિયલ માટેની વધુમાં વધુ વર્ગ-સંખ્યા ૨૫ વિદ્યાર્થીઓની રાખવી અને ટ્યુટોરિયલ માટે પણ વ્યાખ્યાન માટે અપાય છે તે દરે અનુસ્નાતક શિક્ષકોને મહેનતાણું આપવાનું રાખવું.

૪. દરેક અનુસ્નાતક કેન્દ્રમાં સત્ર દીઠ એક એમ ઓછામાં ઓછા વાર્ષિક બે ટેસ્ટ લેવા અને દરેક ટેસ્ટના ગુણ યુનિવર્સિટીને ટેસ્ટ લેવાયા બાદ ૫૦ દિવસમાં મોકલી આપવા. આવા ટેસ્ટના ગુણ યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામમાં મેળવવા નહિ. પરંતુ બંને ટેસ્ટ મળીને કુલ ૩૬ ટકા જેટલા ગુણ જે વિદ્યાર્થી મેળવી ન શકે તેનું યુનિવર્સિટીની પરીક્ષા માટેનું આવેદનપત્ર અટકાવવાની કેન્દ્રના નિયામકને સત્તા આપવી.

૫. વિજ્ઞાનના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછા ત્રણ કલાકના એક એવા અઠવાડિયાના ત્રણ પ્રયોગો જેટલું પ્રાયોગિક કામ કરવાનું ફરજિયાત રાખવું. મહેનતાણા માટે એક પ્રયોગનું કામ બે વ્યાખ્યાન જેટલું ગણવું. કોઈ પણ પ્રયોગ માટેની બેચમાં ૧૫થી વધુ વિદ્યાર્થીઓ લેવા નહિ.

૬. દરેક વર્ષની શરૂઆતમાં દરેક વિષયના ભવનના સિનિયર શિક્ષક તથા દરેક વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવી તેમાં આખા વર્ષ દરમ્યાન આખા યુનિવર્સિટી વિસ્તારને માટે તે વિષયમાં થનાર વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ તથા પ્રાયોગિક કામ માટેનો એકસરખો કાર્યક્રમ નક્કી કરવો અને તે પ્રમાણે શૈક્ષણિક કામ સમગ્ર યુનિવર્સિટી વિસ્તારમાં થાય તે માટે બધાં જ કેન્દ્રો તે કાર્યક્રમનો ચુસ્તપણે અમલ કરે તેમ કરવું અને આવા વાર્ષિક કાર્યક્રમની નકલ જે તે વિષયના દરેક અનુસ્નાતક શિક્ષક અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત પહોંચાડવી.

૭. દરેક અનુસ્નાતક કેન્દ્રનું ગ્રંથાલય અનુસ્નાતક કેન્દ્રનું શિક્ષણકામ થાય તે ઉપરાંત ઓછામાં ઓછું ચાર કલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખુલ્લું રહે તેવી જોગવાઈ કરવી. અનુસ્નાતક ગ્રંથાલયનું કોઈ પણ પુસ્તક રજાના દિવસ સિવાય પુસ્તકાલયની બહાર વાંચવા આપવું નહિ.

૮. અનુસ્નાતક કેન્દ્રોનું શિક્ષણકામ તથા સંચાલન યુનિવર્સિટીનાં ધોરણ અને નિયમો અનુસાર થાય તે માટે અનુસ્નાતક કેન્દ્રોની પણ અવારનવાર તપાસ કરવાની જોગવાઈ કરવી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 228-450-6-69

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની મે માસની વિશેષ સભા શુક્રવાર, તા. ૩૦-૫-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને શનિવાર, તા. ૩૧-૫-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૫-૧૯૬૯	તા. ૩૧-૫-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	હાજર
૫.	શ્રી. ડાહ્યાભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. ચન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ચન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	હાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	ગેરહાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર

૧. તા. ૧૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) સદરહુ સભામાં સભ્યોની હાજરીની નીચે જે વિગતો નોંધાઈ છે તેમાં શ્રી. પી. આર. ચૌહાણના પદના ઉલ્લેખમાંથી 'સંયુક્ત' શબ્દ કમી કરવો.

(૨) બાબત નં. ૬૦ના ઠરાવમાં શ્રી. કે. ડી. દેસાઈનો શરૂઆતનો મૂળ માસિક પગાર રૂ. ૭૫૦ને બદલે રૂ. ૮૦૦ કરવો.

૨. સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાની બાબતો ક્રમાંક ૫૪ અને પપના ઠરાવો ક્રમાંક (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન નં. ૧ બાબત નં. ૬૧ અંગે નીમવામાં આવેલ સમિતિની વિચારણા માટે મોકલવું."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. તા. ૨૩/૨૪-૧૧-૧૯૬૮ના રોજ બોર્ડ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ અને સમાજ-વિદ્યા ભવનના ઉપક્રમે "**The formulation of Fourth Five Year Plan Resources and Priorities**" એ વિષય પર યોજાયેલ સેમિનારમાં પ્લાનિંગ કમિશનના ડે. ચેરમેન ડૉ. ડી. આર. ગાડગીલ પધાર્યા હતા. સેમિનાર અંગે થયેલ ખર્ચ રૂ. ૧,૫૫૬-૬૦ પૈસા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ અંગે થયેલા રૂ. ૧,૫૫૬-૬૦ પૈસાનો ખર્ચ મંજૂર કરવો.

૪. સને ૧૯૬૯-૭૦ના અંદાજપત્રમાં યુનિવર્સિટી પ્રેસની "મોનોટાઇપ" મશીનરી આવી જશે તેવી ધારણાથી રૂ. ૨,૦૫,૦૦૦ની જોગવાઈ કરેલી. પરંતુ "મોનોટાઇપ" મશીનરી ચાલુ વર્ષમાં એટલે કે સને ૧૯૬૯-૭૦માં આવી હોવાથી, તેમ જ તે માટે મકાનવિષયક ફેરફાર કરવાની જરૂર રહેશે. તેથી ચાલુ વર્ષમાં "યંત્રસામગ્રી અને બાંધ કામ ફેરફારો"ના મથાળા હેઠળ રૂ. ૨,૦૫,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષના અંદાજપત્રમાં 'યંત્રસામગ્રી અને બાંધ કામ ફેરફારો'ના મથાળા હેઠળ રૂ. ૨,૦૫,૦૦૦ના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૫. સિન્ડિકેટની તા. ૧, ૨-૩-૧૯૬૯ની સભાના ઠરાવ પ્રમાણે પાછલાં વર્ષોનું ડિપોઝિટ ઉપરનું ગ્રોકરેજ ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ને આપવા અંગે

બધી બેંકોને જણાવતાં સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા લિ.એ આ પ્રોફેસર આપી શકશે નહિ તેમ જણાવતાં તેઓના તા. ૯-૫-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી અને તેની સાથે બીજી સંબંધકર્તા બેંકોના જવાબો પણ સદરહુ સમિતિ સમક્ષ રજૂ કરવા.

૬. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીમાં એકાઉન્ટન્સીના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય તા. ૧-૯-૧૯૬૬થી આજદિન સુધી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગ વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એન. એમ. શાહ બી. કોમ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે તથા સી. એ. અને બે વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીમાં એકાઉન્ટન્સીના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય તા. ૧-૯-૧૯૬૬થી તા. ૧૫-૩-૧૯૬૯ સુધી કામ ચલાવ્યું તે માટે સદરહુ કોલેજના આચાર્યને સખત ઠપકો આપવો.

સદરહુ બાબતના સંદર્ભમાં યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક સિવાય હિંમતનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગરમાં પણ ચાલુ વર્ષ દરમ્યાન શિક્ષણકાર્ય કરવામાં આવ્યું તે હકીકત તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કોલેજના આચાર્યને તે અંગે ઘટતો ઠપકો આપવો.

વધુમાં, ઉપરની બંઉ કોલેજોના આચાર્યોને જણાવવું કે જૂન ૧૯૬૯થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક છે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષય માટે તેમની કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

૭. નેશનલ સાયન્સ ફાઉન્ડેશન ઑફ યુ.એસ.એ.ના એક્સચેન્જ ઑફ સ્કૉલર્સ પ્રોગ્રામ હેઠળ અમેરિકાની કેટલીક પ્રયોગશાળાઓની મુલાકાતે જવા વિજ્ઞાન વિદ્યાભવનના બોટેની વિભાગના પ્રોફેસર જે. જે. વિનોયને આશરે રૂ. ૯,૫૦૦નો હવાઈ-મુસાફરી અર્થ આપવા અંગેના તેઓના તા. ૧૯-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે આર્થિક સહાય આપવા અંગે પ્રો. વિનોયની વિનંતી મંજૂર કરવી નહીં.

૮. સર્વશ્રી એમ. સી. દેસાઈ, મણિશંકર પંડ્યા અને અશ્વિન ત્રિવેદીના તા. ૧૨-૧૨-૧૯૬૮ના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"The total marks earned by the candidate in any paper [illegible] be indicated both in words and figures. This refers to front[illegible] main answer-books as well as in mark-sheets."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તપાસવાની બાબતમાં પરીક્ષકોને નીચે મુજબ સૂચના આપવી :

"The total marks earned by a candidate in any paper or section thereof must be indicated both in words and figures on the front page of the main answer-book."

૯. સરદાર પટેલ યુનિવર્સિટી જૂનની ૨૩થી ૨ જુલાઈ, ૧૯૬૯ સુધી Department of Psychological Foundation, N.I.E., N.C.E.R.T., New Delhi તરફથી "Zonal Seminar on programmed learning" યોજનાર છે તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. નિરંજનભાઈ ત્રિવેદીને મોકલવા.

૧૦. તા. ૮-૪-૧૯૬૯ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં ભાગ લેવા જતી આ યુનિવર્સિટીની ટુકડીઓની જવાબદારી સાથે લઈ જતા મેનેજરોની તેમના અહેવાલમાં મુસાફરી બાબતે અંગેની ફરિયાદ જોતાં આ બોર્ડ સિન્ડિકેટના ધ્યાન પર લાવવા માગે છે કે આ મેનેજરોએ પ્રથમ વર્ગની મુસાફરીના અધિકારી હોવા છતાં ટુકડીની સાથે, ત્રીજા વર્ગમાં મુસાફરી કરવી એમ બોર્ડ ઑફ સ્પોર્ટ્સે ઠરાવ્યું છે, અને તેમને અગવડ વેઠીને લાંબી મુસાફરીઓ કરવાની થતી હોવાથી અને સારો એવો ખર્ચ પણ થતો હોવાથી તેમને રસ્તાખર્ચ (incidental) તરીકે એક વધુ પ્રથમ વર્ગનું ભાડું આપવાની ભલામણ સિન્ડિકેટને બે વખત કરતાં તે નામંજૂર કરવામાં આવી હતી, છતાં આ બોર્ડ માને છે કે આ મેનેજરોને તે મળવું જોઈએ તેમ વધુ એક વાર ભારપૂર્વક મંજૂર કરવા ભલામણ કરે છે અને જો તે સાથે સિન્ડિકેટ સહમત ન થઈ શકે તો પ્રત્યેક મેનેજરને રૂ. ૫૦નું માનદ વેતન આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. તા. ૮-૪-૧૯૬૯ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ, ન્યૂ દિલ્હીને ફૂટબૉલ પાશ્ચમ વિભાગની આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓ યોજવાનું આમંત્રણ આપવાનું અને તે સ્વીકારાય નહિ તો આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ જો કોઈ રમતની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજવાનું આ યુનિવર્સિટીને સોંપવા માટે નક્કી કરે અને જો શક્ય હોય તો સ્વીકારવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણની નોંધ લેવી.

૧૨. યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો ગુજરાત રાજ્ય બહાર અગાઉથી છપાવી લેવા અંગે પરીક્ષા-સમિતિએ કરેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો અગાઉથી છપાવી લેવાની નીતિ સ્વીકારવી નહિ.

૧૩. એન.સી.સી. ગ્રૂપ હેડક્વાર્ટર્સના કમાન્ડિંગ ઑફિસરે તેમના તા. ૯-૪-૧૯૬૯ના પત્રાંક ૩૧-જી થી કુલ ૪૫ વિદ્યાર્થીઓની એન.સી.સી.ની પરેડની હાજરી ખૂટે છે એવી જાણ કરી હોઈ અને દરમિયાનમાં આ વિદ્યાર્થીઓની પરીક્ષા પૂરી થયેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ તેમની ખૂટતી કવાયત (પરેડ) જેટલી વધારાની (extra) પરેડ ભરે તો તે વિદ્યાર્થીઓનો પરીક્ષાપ્રવેશ માન્ય ગણવો અને તેમનું પરિણામ જાહેર કરવું.

૧૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૫. માર્ચ ૧૯૬૯માં લેવાયેલ બી.એડ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૩, ૧૬૩ તેમ જ ૨૭૬ એ તેમની સ્નાતક પરીક્ષા માટેનું પદવી પ્રમાણપત્ર લીધું નથી, તે સંજોગોમાં તેમનો પરીક્ષા-પ્રવેશ અને પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓનું બી.એડ.નું પરિણામ અપવાદ તરીકે બહાર પાડવું; પરંતુ તેમને જણાવવું કે તેઓ તેમની પ્રથમ પદવી મેળવે નહીં ત્યાં સુધી તેમને બી.એડ.ની પદવી આપી શકાશે નહીં.

૧૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.કૉમ. પરીક્ષામાં ગેરરીતિ બજમાવવા અંગે વિદ્યાર્થી નં. ૪૦૧૧ અને ૪૦૧૨ને આ કાર્યાલયના જાહેરનામા નં. ૨૯૧થી તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મના કરવામાં આવી છે તે બાબતમાં કંઈક સજા ઓછી કરવા વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. સરદાર પટેલ યુનિવર્સિટીએ પ્રેપરેટરી પરીક્ષામાં ગેરરીતિ બજમાવવા બદલ શ્રી. ચંદ્રકાંત અંબાલાલ પટેલને તા. ૩૦-૬-૧૯૬૯ સુધી ડિબાર્ડ કરેલ હોવા છતાં સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટના આધારે નડિયાદની આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજમાં પ્રી-યુનિ. કૉમર્સના વર્ગમાં પ્રવેશ મેળવ્યો છે તે અંગે વિદ્યાર્થીનો આવેલ ખુલાસો અને સદરહુ વિદ્યાર્થી માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ આ યુનિવર્સિટીની પ્રથમ બી.કૉમ. પરીક્ષામાં નં. ૩૬૨૮થી બેઠેલ હોવાથી તેનું પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિદ્યાર્થી તેના ખુલાસામાં કાયદા-કાનૂનનો ખ્યાલ ન હોવાથી પ્રવેશ મેળવ્યો હતો તેમ જણાવે છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો ચાલુ વર્ષે આપવામાં આવેલો કૉલેજ પ્રવેશ અને તેણે ભરેલાં સત્રો તથા તેનો પરીક્ષાપ્રવેશ અને પરિણામ રદ કરવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં પ્રવેશ ન આપવાની સજા ફરમાવવામાં આવી હોય તે વિદ્યાર્થીઓનાં નામોની યાદી રાજ્યની બીજી યુનિવર્સિટીઓને તથા આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોને પરિપત્રિત કરવી.

૧૮. સ્વ. જયાલક્ષ્મી કૃષ્ણલાલ ધ્રુવની શ્રી અંબિકા મિલની જમીનની ભાડાની વાર્ષિક આવક રૂ. ૭૦૦ સુવર્ણચંદ્રક અથવા પારિતોષિક પ્રતિવર્ષે આપવા અંગે તેમના એક્ઝિકયુટર શ્રી. અંબરીષલાલ કંદુલાલ હજરતના તા. ૫-૪-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર અસ્વીકાર કરવો.

૧૯. આંતરિક મૂલ્યાંકનના રે. B.A. R. Arts(Gen.)-1, B.Sc. R. Sc.-1 (Gen.), B.Com. R. Com-1 (Gen.)ના 2(ii)માં નીચે જણાવ્યા મુજબ સંબંધકર્તા ભાગમાં સુધારો કરવા બાબત:

નિયમનો પાઠ :

If a mistake is found in the internal evaluation the Principal shall communicate, the amended result within three days provided that no refund for any amendment in internal evaluation shall be entertained by the University, if it is received after 10th May in case of March/April Examinations and 30th Sept. in case of October examinations or seven days before the date of the declaration of the result whichever is earlier.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. B.A. R. Arts (Gen.)-1, B.Sc. R.Sc -1 (Gen.), B.Com.R.Com.-1 (Gen.)ના 2(*ii*)નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા:

If a mistake is found in the marks of the internal evaluation the Principal shall communicate the amended marks within three days, provided that no request for any amendment in the marks of internal evaluation shall be entertained by the University, if it is received after 10th May in case of March/April Examinations and 30th September in case of October examinations, or seven days before the date of the declaration of the result, whichever is earlier.

૨૦. ટીચર્સ હૉસ્ટેલના ખાલી ક્વાર્ટર્સ અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટાસમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન શિક્ષકોની કેટલીક નવી જગ્યા ઊભી કરવામાં આવી છે અને તેમની નિમણૂંકો અંગેની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૧. ફેડરેશન ઑફ કૉલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશન ઑફ ગુજરાતના એક પ્રતિનિધિ એકમ તરીકે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિયેશનને માન્યતા આપવા અંગેના તેના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી અને મંડળોની માન્યતાની બાબતમાં રાજ્ય સરકારના નિયમો લક્ષમાં લઈ પોતાની ભલામણો રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું.

૨૨. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૨-૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક પરથી ઠરાવ અન્વયે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત/અંદાજી બચતમાંથી તેમને તેમના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે મદદ મળે તેની સામે મૅચિંગ શૅર પેટે આર્થિક સહાય આપવા અંગેના કાર્યાલયે તૈયાર કરેલ નીચેના નિયમો મંજૂર કરવા બાબત :

सूचित नियमो

(૧) અનુસ્નાતક કેન્દ્રો પોતાની અંદાજી બચતમાંથી તેમના વિકાસ માટે આવી બચતના વધુમાં વધુ ૫૦ ટકા જેટલી રકમ સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે. વર્ષ આખરે ખરેખર રહેલી બચત જોઈને આ રકમ એડજસ્ટ કરવાની રહેશે.

(૨) કેન્દ્રોની આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી માટે જરૂરી રકમ વાપરી શકશે; પરંતુ આ રકમ મકાન-બાંધકામ માટે, લેબોરેટરીના કેમિકલ્સ, ગ્લાસવેર, બીજાં કન્ઝ્યુએબલ આર્ટિકલ્સ, ફર્નિચર કે લાઇબ્રેરીનાં કબાટો માટે વાપરી શકશે નહિ.

(૩) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તેનું એક રજિસ્ટર રાખી તેમાં નોંધણી કરી વર્ષ આખરે તેની એક નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૪) આવાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોનો કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો યુનિવર્સિટીને પરત કરવાનાં રહેશે.

(૫) આવાં પુસ્તકો/સાધનો બીજો કોઈ કેન્દ્ર/કોલેજોને કે કોઈ સંસ્થાને યુનિવર્સિટીની મંજૂરી મેળવ્યા સિવાય ટ્રાન્સફર કરી શકાશે નહિ.

(૬) ઉપરની શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જે બીજી કોઈ મદદ મળનાર હોય તો તેના મેચિંગ શેર તરીકે પણ વાપરી શકાશે.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં થયેલી ચર્ચાને અનુલક્ષીને સદરહુ નિયમો ચુંવાળીને તેના મુસદ્દો ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૨૩. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે પુસ્તકો, સામયિકો અને સાધનો માટે મળનાર રકમ રૂ. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય સામે મેચિંગ શેર તરીકે રૂ. ૬૨,૫૦૦ની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આઈ. સી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના (મેચિંગ શેર) પેટે તે કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂ. ૪,૦૦૦ની રકમ તથા વર્ષ ૧૯૬૮-૬૯ની તે અનુસ્નાતક કેન્દ્રની અંદાજી બચતમાંથી રૂ. ૪,૦૦૦ની રકમ ખર્ચવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરથી આવી માગણીઓ માટે બચતની વધુમાં વધુ પચાસ ટકા જેટલી રકમ આપવાનું ધોરણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. આઈ. સી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનુસ્નાતક કેન્દ્રનાં પુસ્તકો ખરીદ કરવા રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે તેના સામે મેચિંગ શેર તરીકે વર્ષ ૧૯૬૭-૬૮ને અંતે રહેલ તમામ બચત રૂ. ૭,૬૪૭-૩૦ પૈસાની રકમની માગણી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટમાં સ્થાપવામાં આવેલ આ યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કેન્દ્રના વિકાસ અંગે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ પુસ્તકો અને સામયિકો વસાવવા માટે રૂ. ૪૦,૦૦૦નો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. તેની સામે કૉલેજે 'મેચિંગ શેર' તરીકે

અર્થવાના રૂ. ૧૦,૦૦૦ આ કેન્દ્રે યુનિવર્સિટીમાં જમા કરાવેલ બચતની રકમમાંથી આપવાની કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. આપણી યુનિવર્સિટી તરફથી યોજાયેલ અધ્યાપકો માટેના નાટ્યપ્રવૃત્તિ તાલીમ શિબિરની ગ્રાન્ટ માટે આપણે ભારત સરકારને વિનંતી કરી હતી તેના અનુસંધાનમાં ભારત સરકારે હવે આવા શિબિરો માટે ગ્રાન્ટ આપવાનું આ વર્ષથી બંધ કરેલ છે તેમ જણાવતો પત્ર આવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૮. યુનિવર્સિટીમાં 'ડિપ્લોમા કોર્સ ઇન હેલ્થ એજ્યુકેશન' શરૂ કરવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવું.

૨૯. ઉચ્ચ શિક્ષણ અંગેની એજ્યુકેશન કમિશનની ભલામણો તપાસી તેને અમલમાં મૂકવાની પ્રક્રિયા અંગે યુનિવર્સિટીઓમાં ડેવલપમેન્ટ પેનલો રચવાના એજ્યુકેશન કમિશને કરેલા સૂચનને યુનિવર્સિટીમાં ઉપકુલપતિઓની સપ્ટેંબર ૧૯૬૭માં મળેલી પરિષદે આવકાર્યું હતું. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પણ લભ્ય સાધનોની મર્યાદામાં રહીને વિકાસકાર્યોની અગ્રિમતા નક્કી કરવા માટે આવી ડેવલપમેન્ટ પેનલની રચનાને આવકારી છે તથા એવી પેનલનું કામકાજ જોવા માટે એક અધિકારીની નિમણૂક માટે વાર્ષિક રૂ. ૬,૦૦૦ (રૂપિયા છ હજાર)થી વધુ નહિ તે રીતે ફાળો આપવાનું પણ વિચારવા ખુશી દર્શાવી આપણી યુનિવર્સિટીને પોતાનો પ્રસ્તાવ મોકલવા જણાવ્યું છે. તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું સદરહુ સૂચન સ્વીકારવું.

૩૦. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ઓછી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૬-૨-૧૯૬૯ની સભાએ એપ્રિલ ૧૯૬૭માં બેઠક નં. ૨૦૬ થી બેઠેલ વિદ્યાર્થિની કુ. શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલની બાબતમાં કુ. શર્મિષ્ઠાએ ભરેલ બીજી એલએલ.બી. પરીક્ષા માટેની હાજરી માન્ય રાખી શકાય તેમ ન હોવાથી તેણીનાં પત્રો માન્ય રાખી શકાય નહિ એમ કરેલ ભલામણ કે જે પર વિચારણા કરી સિન્ડિકેટની તા. ૨-૩-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલ તે અન્વયે કુ. શર્મિષ્ઠા પટેલનો બીજી એલએલ.બી. પરીક્ષાનો પ્રવેશ રદ ગણી તેનું તે પરીક્ષાનું પરિણામ પણ રદ થાય છે તે અંગેની નોંધ લેવા સારુ.

(નોંધ.—જાહેરનામા નં. ૨૫ પરીક્ષા 'અ'/૧૯૬૮-૬૯, તા. ૭-૪-૧૯૬૯થી શર્મિષ્ઠાબહેન પટેલનો બીજી એલએલ.બી. પરીક્ષામાંથી પ્રવેશ રદ કરી પરિણામ પણ રદ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગ સિન્ડિકેટે નીમેલ સમિતિની તા. ૮-૪-૧૯૬૯ અને તા. ૧૧-૪-૧૯૬૯ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૪-૧૯૬૯ અને તા. ૧૧-૪-૧૯૬૯ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮-૪-૧૯૬૯ અને તા. ૧૧-૪-૧૯૬૯ની સભાઓની ભલામણો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૨. અભ્યાસને માટે પ્રતિકૂળ એવાં વસવાટોમાં રહેતા વિદ્યાર્થીઓ શાંતિમય અને સાનુકૂળ વાતાવરણમાં વાચન-અધ્યયન કરી શકે તે હેતુથી તેમને માટે બેસવાની જગ્યા, ગ્રંથાલય, ઉપાહારગૃહ તથા અન્ય સગવડો ધરાવતાં વિદ્યાર્થીગૃહો બાંધવા માટે યુનિવર્સિટીઓ અને કોલેજોને આર્થિક સહાય આપવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના અંગ તેમના તારીખ ૭-૪-૧૯૬૯ના પત્રાંક એફ. ૩૩-૧૦૭ (સીયુપી-જી.એસ.) પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સને ૧૯૭૦-૭૧માં પૂરા થતા નિયોજનગાળા દરમ્યાન યુનિવર્સિટીના વિકાસ કાર્યક્રમો માટે કમિશન તરફથી મળનાર ૭૦ ટકા ગ્રાન્ટમાં આ યોજનાના ખર્ચનો સમાવેશ કરવાનો હતો, પરંતુ હવે આવાં વિદ્યાર્થીગૃહો માટે આ ૭૦ ટકા ઉપરાંત મદદ આપવા કમિશન સમંત થયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. આર્ટ્સ કોલેજ, સંખેડાના મકાનની ફેરબદલી અંગની બાબત પરત્વે સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાએ નીમેલી સમિતિનો અહેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને તેમાં જણાવ્યા મુજબ ૮૦૦ ચોરસ ફૂટના એક એવા ચાર ઓરડા બાંધવામાં આવે તો સદરહુ કોલેજને મકાનની ફેરબદલી કરવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ચાર ઓરડાઓનું બાંધકામ સંતોષકારક રીતે થયું છે કે કેમ તે માટે પ્રિન્સિ. એચ. કે. ત્રિવેદીને સ્થાનિક તપાસ કરવા માટે જણાવવું.

૩૪. ગ્રામ્ય વિસ્તારની કોલેજોના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ તરફથી સર્વિસ કંડિશનો, કાર્યભારની વહેંચણી, ગ્રાન્ટ્સના પ્રશ્નો ઇત્યાદિ વિગતોની છણાવટ કરતો પત્ર આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના તા. ૬-૫-૧૯૬૯ના પત્રમાં જણાવેલ નીચેની બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી :

"યુનિવર્સિટી કોલેજોનાં વેતન, ભથ્થાં અને સર્વિસની સલામતી વિષે જેટલું ચિંતન કરે છે તેટલું તેના કામ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા વિશે નથી કરતી એવું અમને લાગ્યા કરે છે.

થોડાં વર્ષોથી વેતનનાં ધોરણ, મોંઘવારી, ઘરભાડું, પ્રોવિડન્ટ ફંડ, સર્વિસના નિયમોની સગવડ વગેરે વધારવા માટે યુનિવર્સિટી તરફથી આદેશો નીકળતા ગયા છે, જેથી કૉલેજને ઉપર અનહદ આર્થિક બોજો વધ્યો છે, પરંતુ શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે ખાસ કોઈ લાભ થયો નથી. શિક્ષકોને વધુ આર્થિક લાભ અને રક્ષણ આપતાં જતાં શિક્ષકો અને સંચાલકો વચ્ચે તંગદિલી પેદા થઈ છે. સર્વિસના નિયમો અંગે તો અમને સવિશેષ લાગે છે કે તે અન્યાયકારી છે, કારણ બન્ને પક્ષે નિયમો એકસરખા હોવા જોઈએ. આપશ્રીએ અમારું ધ્યાન દોર્યું હતું કે કેટલાક અધ્યાપકો અને પ્રિન્સિપાલો પ્રત્યે કૉલેજ, મંડળો કે ટ્રસ્ટો તરફથી ગેરવર્તણૂક દાખવવામાં આવી હતી, તેથી સર્વિસના નિયમોમાં તેમને રક્ષણ આપવાની વધુ જરૂર જણાઈ હતી. જ્યાં અન્યાય થતો હોય ત્યાં ચોક્કસ તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં જોઈએ, પરંતુ બધી જ કૉલેજો માથે અસમાન નિયમો લાદવા તે સામાન્ય ન્યાય અને હક્કના સિદ્ધાંતની વિરુદ્ધ કહેવાય એવો મત અમે દર્શાવ્યો હતો અને સર્વિસ નિયમોનું ધોરણ પુર્વવત્ રાખવા આગ્રહ વ્યક્ત કર્યો હતો. હવે અમે માનીએ છીએ કે આ નિયમોમાં તરતમાં ફેરફાર નહિ થઈ શકે તો આ વર્ષ પૂરતા મોકૂફ રાખવા માટે આપશ્રી સિન્ડિકેટને ભલામણ કરશોજી."

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના તા. ૬-૫-૧૯૬૯ના પત્રમાં જણાવેલ નીચેની બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી :

"અધ્યાપક-પ્રાધ્યાપકના કાર્યભાર અંગે ચર્ચા કરતાં અમે રજૂઆત કરી હતી કે ઓછામાં ઓછાં ૧૮ વ્યાખ્યાનો વત્તા ૬ ટ્યુટોરિયલનો કાર્યભાર દરેક શિક્ષકને ફાળે આપવો જોઈએ. ૧૫ વ્યાખ્યાન-સમયો પણ ઘણા ઓછા કહેવાય. જ્યારે આખી પ્રજા ઓછામાં ઓછા આઠ કલાક કામ કરે તેવી આશા રાખીએ છીએ ત્યારે એક બુદ્ધિમાન યુવાનવર્ગ નિયત કાર્ય માત્ર બેત્રણ કલાકમાં પતાવે, અને તે પણ વર્ષના ૬ મહિના પૂરતું જ અને બાકીના ૬ મહિના સ્વૈરવિહારમાં ગાળે ત્યારે સમાજને ગ્લાનિ થાય છે, અને વિચારે છે કે કૉલેજ-અધ્યાપકો ઘણું ઓછું કામ કરે છે, ઘણો સારો પગાર મેળવે છે, અને પ્રજા ઉપર ખોટો બોજો નાખે છે. અધ્યાપકો પોતાના શિક્ષણ માટે તૈયારી કરતા હશે, છતાં તેમની પાસે પુષ્કળ ફાજલ સમય રહે છે તે નજરે જોઈ શકાય છે. તેથી વિદ્યાર્થીઓના હિતને ખાતર અને સમાજમાં તેમનાં માન-દરજ્જો જળવાય તે ખાતર પણ કાર્યભાર, અમે સૂચન કર્યું છે તે પ્રમાણે, વધારવો જોઈએ. તેથી વિશેષમાં કૉલેજોના સંચાલકોનો અને સરકારનો આર્થિક બોજો ઓછો થશે, તે અત્યારના સમયે નાનોસૂનો લાભ ન ગણાય. આપશ્રીએ અમારી ચિંતાને લક્ષમાં લઈ ઘણું આવકારદાયક સૂચન કર્યું હતું કે શિક્ષણ-સમયોમાં ફેરફાર થાય કે ન થાય છતાં અધ્યાપકોએ વિદ્યાપ્રવૃત્તિઓમાં વધુ સમય આપવો જોઈએ, તે આવશ્યક છે. સંવાદ-પરિષદો, નિબંધલેખન, સાંસ્કૃતિક અને અધ્યયનપ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વધુ ને વધુ શિક્ષણ મળે, શિક્ષકો પોતાનો સમય અને ચિંતન તે પ્રત્યે વધુ ને વધુ અર્પે એવી યોજનાઓ સંચાલકોએ આદરવી જોઈએ. એ પ્રવૃત્તિઓમાં ઊલટભેર ભાગ લેવા આપ પોતે શિક્ષકોને અનુરોધ કરશો એવી આપે કરેલી ભાવનાથી અમને આનંદ થયો છે. અમે તે માર્ગે શિક્ષકોને દોરવા પ્રયત્ન કરીશું અને આપની સહાનુભૂતિ અને સહકારની અપેક્ષા રાખીશું."

૩૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગેની તપાસસમિતિના અહેવાલ પરના સિન્ડિકેટના તા. ૧૬-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલયનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— સદરહુ સમિતિએ કરેલી ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૧૧(૧) અને ૭ તથા તે પર રજૂ કરવામાં આવેલ કાર્યાલયનાં સૂચનો પર સિન્ડિકેટની અનુક્રમે તા. ૧૪-૧૨-૧૯૬૮, તા. ૪/૫-૧-૧૯૬૯ અને તા. ૮/૯-૨-૧૯૬૯ની સભાઓમાં નિર્ણયો લઈ લેવામાં આવેલ છે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણો નં. ૨, ૩, ૪ અને ૬ મંજૂર કરવી:

૨. પ્રાશ્નિકોની નિમણૂકનાં સ્વીકૃતિપત્રોમાં કોઈ પણ પરીક્ષાના વિદ્યાર્થીને ટ્યૂશન આપતા નથી એવું નિવેદન લેવાની જોગવાઈ કરવી.

૩. પ્રાશ્નિક/પરીક્ષકોની નિમણૂક અંગેના પત્રો ટાઇપિસ્ટોને એક અલાયદા ખંડમાં, જ્યાં કાર્યાલયના અન્ય સભ્યોની અવરજવર થતી ના હોય ત્યાં સુપરવાઈઝરી સ્ટાફની હાજરીમાં તૈયાર કરવાનું તથા તે રવાના કરવાનું કામ પણ અલાયદા રૂમમાં રવાનગી ક્લાર્ક મારફત કરવાનું રાખવું.

૪. પ્રાશ્નિકો પ્રશ્નપત્રો કાઢવા કાર્યાલયમાં આવે ત્યારે તેમના માટે પત્રક નિયત કરી તેમની પાસેથી જરૂરી માહિતી, જેવી કે સભાની તારીખ અગર તારીખો, પ્રાશ્નિકોની સંખ્યા, સાયક્લોસ્ટાઇલિંગ કે અન્ય કામ અંગે કોઈની મદદ લેવામાં આવી હોય તો તેનું નામ તથા સાયક્લોસ્ટાઇલિંગ કરાવતી વખતે હાજર રહેલા પ્રાશ્નિકોનાં નામ તથા પ્રશ્નપત્રો સુપરત કર્યા હોય તે વ્યક્તિનું નામ તથા હોદ્દો વગેરે માહિતીપત્રકમાં મેળવવાનું રાખવું.

૬. પરીક્ષકોને ૧૯૬૮ની પરીક્ષા માટે આપવામાં આવેલ સૂચનાની પુસ્તિકાની સૂચના નં. ૧૮માંના સંદર્ભમાં પ્રશ્નપત્રોનાં સીલ કવરો સાથે પ્રાશ્નિકો જે પ્રમાણપત્ર આપે છે તેમાં ઘટતો ફેરફાર કરવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નં. ૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી:

૫. પ્રશ્નપત્રોનાં સીલબંધ પરબીડિયાં સ્વીકારવા માટે અમુક સિનિયર સભ્યોને અધિકૃત કરવા માટે તથા તે અંગે પ્રાશ્નિકોને ઘટતી સૂચના આપવા માટે શ્રી. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સને સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ નં. ૮ની વિચારણા મોકૂફ રાખવી :

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
૮. કેન્દ્ર ઉપરથી પરીક્ષાની ઉત્તરવહીઓ જે તે પરીક્ષકને રવાના થાય છે તેને બદલે ઉત્તરપત્રો યુનિવર્સિટી હેડ-ક્વાર્ટર્સ પર મંગાવી લેવા અને તમામ પરીક્ષકોને હેડક્વાર્ટર્સ પર બોલાવી પરીક્ષણ માટેનું કામ યુનિવર્સિટીએ જ સુપરત કરવાનું રાખવું.	પરીક્ષકો/મોડરેટરોને રહેવાજમવા વગેરેની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડે તે જોતાં આ સૂચન સ્વીકારવા જેવું જણાતું નથી. તેવા સમિતિના સૂચન જે સિન્ડિકેટ સમક્ષ મૂકવું તે સાથે કાર્યાલય સંમત છે.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ નં. ૯ વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને મોકલવી :

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
૯. વિનયન/વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યા-શાખાઓમાં હાલમાં ચાલતી પરીક્ષાઓ યુનિવર્સિટી લે છે તેમાંથી કોઈ એકાદ પરીક્ષા જેવી કે સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. અને સેકન્ડ બી.કોમ. પરીક્ષાઓ કૉલેજોને સોંપી દેવી અને તે માટેના પ્રશ્નપત્રો કઢાવવાનું કામ યુનિવર્સિટીએ રાખવું.	આ બાબત એકેડેમિક કાઉન્સિલની મંજૂરી માટે મૂકવી પડે અને ત્યાર બાદ ઘટતું કરી શકાય અને જો તેમ કરવા નિર્ણય લેવાય તો નીચેનાં સૂચનો પણ વિચારવાનાં થાય : (અ) આ પરીક્ષાઓના પ્રશ્નપત્રો યુનિવર્સિટી કાઢે જ્યારે પ્રશ્નપત્રો તપાસવાનું કામ કૉલેજના સત્તાવાળાઓને સોંપી શકાય. (બ) એ.ટી.કે.ટી. અંગેના તેમ જ ક્રેડિટ અંગેના રેગ્યુલેશનોમાં ઘટતો ફેરફાર કરવો પડે.

(૫) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ નં. ૧૦ મંજૂર કરવી નહીં :

૧૦. આ યુનિવર્સિટીના એન્જિનિયરિંગ અને તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે યુનિવર્સિટીએ એન્ટ્રન્સ એક્ઝામિનેશન લેવાનું વિચારવું.

૩૬. ગુજરાતની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૧૧-૩-૧૯૬૯ની સભાની ભલામણો પ્રમાણે યુનિવર્સિટીઓની વિવિધ પરીક્ષાઓની ફી નક્કી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યની બીજી યુનિવર્સિટીઓએ લીધેલાં પગલાં અંગેની માહિતી મગાવવી, અને તે આવ્યેથી તે માહિતી સાથે આ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩૭. **સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પૂર્વ જર્મનીના વૈજ્ઞાનિકોના સહયોગથી ચાલતી સંશોધન યોજના માટે શ્રી. કે. જી. જાની (ભૌતિક-શાસ્ત્રના વ્યાખ્યાતા) ને છ માસ માટે પૂર્વ જર્મની મોકલવામાં આવેલ, તેઓ અમુક સાધનસામગ્રી સમયસર ન મળવાને કારણે વધુ પખવાડિયાં માટે રોકાશે તેની નોંધ લેવા બાબત.**

(નોંધ.—૬ માસ તા. ૧૭-૪-૧૯૬૯ના રોજ પૂરા થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૮. **જૂન ૧૯૬૯થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે જે તે કૉલેજ/સંસ્થાએ અરજી કરેલ હોય અને તે કેન્દ્ર માટે નીમવામાં આવેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવી ગયો હોય તે અંગે યોગ્ય કરવાની સત્તા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૬-૩-૧૯૬૯ની સભાએ કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરેલ. પરંતુ તે દરમ્યાન નીચે જણાવેલ કૉલેજ તરફથી અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ તરફથી અહેવાલ આવી ગયો હોવાથી તે પર વિચારણા કરવા બાબત:**

કૉલેજ/સંસ્થાનું નામ	**પદવી**	**વિષય**
૧. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિચર્સ, અમદાવાદ-૧	એમ.એસ., આ. ૪	ઑપ્થાલ્મોલોજી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. **ભારતનાં સંરક્ષણદળોમાં તાત્કાલિક જરૂરિયાતના ધોરણે ભરતી કરાયેલા અફસરો (Emergency Commissioned Officers) તથા બીજા લશ્કરી કર્મચારીઓ, જેમને છૂટા કરવામાં આવ્યા છે તેમને માટે ધંધા સાથે સંકળાયેલા હોય એવા (job-oriented) ટૂંકી મુદતના અભ્યાસક્રમો શરૂ કરવાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં ત્રણ મહિનાથી માંડીને બે વર્ષ સુધીના ટૂંકાગાળા વ્યવસાયલક્ષી (job-oriented) અભ્યાસક્રમો સૂચવવા માટે નીચે

જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય કે. એન. શાહ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) આચાર્ય દર્શનસિંગ શીખ
(૫) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૬) પ્રો. કે. જે. ભટ્ટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નિવૃત્ત લશ્કરી અધિકારીઓ માટે પણ જુદા અભ્યાસક્રમો કરવાની જરૂર જણાય તો તે બાબત પણ સદરહુ સમિતિને રજૂ કરવા જણાવવું.

૪૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના નવા મકાનની યોગ્યતા અંગે નિમાયેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો અને સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજને સરખેજ માર્ગ પરના તેના નવા મકાનમાં ફેરબદલી કરવા માટે પરવાનગી આપવી.

૪૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) ઑર્ડિ. ૭ નીચે મુજબ સુધારવો તથા આ અંગેનો બીજો ઑર્ડિ. ૧-એ ૨૬ કરવા અંગેની :

'A candidate who has passed the B.Com. Examination of this University will be permitted to appear in any of the additional optional subjects and will on passing in such an additional subject be awarded a degree to that effect. A candidate will have to appear simultaneously or in part in the additional optional subject at F.Y.B.Com., S.Y.B.Com. and T.Y.B.Com. and shall be declared to have passed if he secures 36% or more marks at every paper. Such a candidate who secures at the First trial 60% of the total marks will be placed in First Class if he has got First Class at the B.Com. level and such a candidate who secures at the First trial 48% of the total marks will be placed in Second Class, if he has got Second Class at the B.Com. level. Such a candidate will not be eligible for any prize or any other award.'

(૨) આ ઑર્ડિનન્સ હેઠળ પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓ માટે આંતરિક મૂલ્યાંકન હોઈ શકે નહિ, તેથી તેમાં પ્રમાણસર કરીને ગુણની ગણતરી રાખવા અંગેની."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૪૨. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોને તથા પ્રાશ્નિક અને પરીક્ષકોને માટે ગુજરાતની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૨૧-૩-૧૯૬૯ની સભાનો ભલામણ પ્રમાણે મુસાફરી ભથ્થાં અને દૈનિક ભથ્થાં આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોને માટે, (૨) પ્રાશ્નિકોને અને પરીક્ષકોને માટે મુસાફરી તથા દૈનિક ભથ્થા અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

[સદરહુ સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "બ-૧" અને "બ-૨" તરીકે સામેલ છે.]

૪૩. જૂન ૧૯૬૯થી શરૂ કરાનાર નવી કૉલેજો. ચાલુ કૉલેજોનાં વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણ-અરજીઓ પર સેનેટે મૂકેલ શરતોના પરિપાલનના આવેલા અહેવાલો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— નવી કૉલેજને માટે શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેઓની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેવું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવાની શરત અંગે સંસ્થાઓ તરફથી જણાવવામાં આવે છે કે તેઓશ્રીની કચેરી આવું પ્રમાણપત્ર આપતી નથી.)

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે નીચે જણાવેલી પ્રત્યેક કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનની બાબતમાં પરિસ્થિતિ તપાસતાં પહેલાં સૌપ્રથમ ઉપરની નોંધને અનુલક્ષીને ઠરાવવામાં આવ્યું કે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત અંગે ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર કોઈ પણ કૉલેજને પ્રાપ્ય થઈ શકતું નથી તે સંજોગમાં તે માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર પર્યાપ્ત ગણવું.

તે પછી પ્રત્યેક કૉલેજના નામ સામે જણાવેલી તારીખે તે અંગે વિચારણા હાથ ધરવામાં આવી, અને જોડાણ અંગેની શરતોના પરિપાલનની પરિસ્થિતિ તપાસવામાં આવી અને તે બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનની શિક્ષણની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

કેટલીક ચર્ચાવિચારણા પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

" વિવેકાનંદ ફાઉન્ડેશનની કૉલેજો અંગે નિમાયેલી કમિટીઓના રિપોર્ટ પર સેનેટમાં ઊભા થયેલા પ્રશ્નોને અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ને અનુલક્ષીને કાર્યવાહી

કરવા ઠરાવવામાં આવે છે. દરમ્યાનમાં નાણાકીય બાબતની સ્પષ્ટતા કરવા આ કૉલેજને જણાવવું, ત્યાં સુધી શરતોનું પરિપાલન થયું છે તેમ સરકારને રિપોર્ટ કરવો નહીં."

શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીનો સદરહુ પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વિચારણા માટે આવેલી બાબતના સંદર્ભમાં સંગત નથી એમ કુલપતિશ્રીએ જણાવ્યું, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજની નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

(ક) ત્રણ વ્યાખ્યાતા અને એક ટ્યૂટરને નીમવામાં આવ્યા છે તેને બદલે ચાર વ્યાખ્યાતાને નીમવામાં આવે;

(ખ) કૉલેજનું અલાયદું મકાન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે; અને

(ગ) સદરહુ કૉલેજના સંચાલકોની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૨. લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર સંચાલિત શિક્ષણની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

(ક) સદરહુ કૉલેજના સંચાલન માટે જે બાધ આવે તે ભરપાઈ કરવા અંગેની જવાબદારીની બાબતમાં સંચાલકમંડળનો જરૂરી ઠરાવ રજૂ કરવામાં આવે; અને

(ખ) સદરહુ કૉલેજના સંચાલકોની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ રકમ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૩. ડીસા નગરપંચાયત સંચાલિત વિનયન અને વાણિજ્યની કૉલેજ (તા. ૩૦/૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની ત્વરિત જાણ કરવા જણાવવું અને આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી :

(ક) સદરહુ કૉલેજ માટે શરત મુજબ શિક્ષકોની જગ્યાઓ ઊભી કરવાની બાબતમાં જિલ્લા પંચાયતની મંજૂરી મેળવવામાં આવે;

(ખ) વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦ની કિંમતનાં પુસ્તકોની ખરીદી કરવામાં આવી છે તેની ખાતરી કરાવવામાં આવે;

(ગ) સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા મુજબ કૉલેજના મકાનનું બાકી રહેલું બાંધકામ પૂર્ણ કરવામાં આવે;

(ધ) નગરપંચાયતની અસ્કામતો અને તેની અંદાજી કિંમતની યાદી રજૂ કરવામાં આવે; અને

(ચ) સદરહુ કૉલેજના સંચાલકો પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ રકમ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૪. બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત વિનયન અને વાણિજ્યની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને, તેના સંચાલકો પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યેથી, જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫. શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત કાયદા અને વાણિજ્યની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને, નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન થયેથી, જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

(ક) જોડાણ અંગેની શરત નં. ૫ મુજબ વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદ કરવામાં આવ્યાં છે તેની ખાતરી કરાવવામાં આવે; અને

(ખ) સદરહુ કૉલેજના સંચાલકોની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૬. શ્રીરામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ સંચાલિત કૉમર્સ કૉલેજ (તા. ૩૦-૫-૧૯૬૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને, તેના સંચાલકો પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યેથી, જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૭. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કાયદાની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનની બાબતમાં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિની મુલાકાતની તારીખ નક્કી કરવામાં આવી નથી તે બાબતમાં સદરહુ કૉલેજના સંચાલકોને તાકીદ કરીને મુલાકાતની તારીખ ત્વરિત નક્કી કરવા માટે જણાવવું.

૮. ધી ઊંઝા એજ્યુકેશન બોર્ડ સંચાલિત કાયદાની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯):

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને, તેના સંચાલકો પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યેથી, જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૯. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત શિક્ષણની કૉલેજ (તા. ૩૦-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન થયેથી, તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

(ક) જૂન ૧૯૭૦ સુધીમાં કૉલેજનું અલાયદું મકાન બાંધવામાં આવશે તે મતલબની બાંયધરી આપવામાં આવે;

(ખ) કૉલેજના આચાર્યને તથા ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે; અને

(ગ) સદરહુ કૉલેજના સંચાલકો પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તે મતલબનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૧૦. તોલાણી આર્ટ્સ કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનની બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવેલો ન હોઈ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વિનયન અને વાણિજ્યની કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનની બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવેલો ન હોઈ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૩. આર્ટ્સ કૉલેજ, મહુધા (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની નીચે જણાવેલી બાકી રહેલી શરતોનું પરિપાલન થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

(ક) સદરહુ કૉલેજના મકાનનું બાકી રહેલું બાંધકામ સંતોષકારક રીતે પૂરું કરવામાં આવે; અને

(ખ) ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

વધુમાં આ બાકી રહેલી શરતોના પરિપાલનની બાબતમાં શ્રી. રસિકલાલ બાલચંદ શાહને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે મોકલવા.

૧૪. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનની અને વિનયન અને વાણિજ્યની કૉલેજોમાં કુલ રૂ. ૯૭,૫૦૦ની કિંમતનાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. તેની ખાતરી કરાવવા માટે મંત્રી, સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસાને જણાવવું.

૧૫. વિવેકાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ (તા. ૩૦-૫-૧૯૬૯) :

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજોને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૬. કપડવંજ કેળવણી મંડળ સંચાલિત કૉલેજ (તા. ૩૧-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનની બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવેલો ન હોઈ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. નવગુજરાત લા કૉલેજ (તા. ૩૦-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજોને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૮. સી. યુ. શાહ કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ (તા. ૩૦-૫-૧૯૬૯) :

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની શરતો મુજબ પ્રયોગશાળામાં કુલ રૂ. ૪૫,૦૦૦નાં સાધનો અને ગ્રંથાલયમાં વાણિજ્યનો વિદ્યાશાખા માટે રૂ. ૪,૦૦૦ તથા વિજ્ઞાનની વિદ્યાશાખા માટે રૂ. ૩,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે તેનું અનુમોદન મળ્યેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

તે પછી સભાગૃહના કેટલાક સભ્યોએ બાબત નં. ૫૯ને વિચારણા માટે હાથ ધરવા માટે અગ્રિમતા આપવાની માગણી કરી, અને સભાગૃહની સંમતિથી બાબત નં. ૫૯ આ તબક્કે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૯. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન કરતા હાલના સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદે સદરહુ કૉલેજનું સંચાલન જૂન ૧૯૬૯થી 'મંગળ પ્રભાત' ટ્રસ્ટને સોંપેલ છે તથા 'મંગળ પ્રભાત' ટ્રસ્ટે સંચાલન સ્વીકારેલ છે તે મતલબના સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રીના તા. ૨૦-૫-૧૯૬૯ના પત્રાંક અ. વિ. ૩૮ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સિન્ડિકેટના એક સભ્યે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની એકેડેમિક કાઉન્સલની અને સિન્ડિકેટની ભલામણ

સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ અને તા. ૪-૪-૧૯૬૯ની સભામાં નામંજૂર કરેલી છે તેના સંદર્ભમાં વાણિજ્ય વિદ્યાશાખાના શિક્ષણનું કામ સદરહુ કૉલેજમાં ચાલુ રહી શકશે નહીં તેમ જણાય છે. તે સંજોગોમાં સદરહુ કૉલેજે વર્તમાનપત્રોમાં જે જાહેરાતો આપી છે તે જાહેરાતો વાંધાપાત્ર ગણાય અને તેથી તે બાબતમાં સદરહુ કૉલેજને ઠપકો આપીને તે બાબતમાં યુનિવર્સિટી તરફથી જરૂરી સ્પષ્ટતા કરતી અખબારી વાદી પ્રસિદ્ધ કરવી જોઈએ.

આ બાબતમાં પ્રમુખશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે સદરહુ કૉલેજે વાણિજ્યની વિદ્યાશાખાનું જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારને વિનતિપત્ર પેશ કર્યું છે.

તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ની સભામાં કરી નથી તેની જાણ સદરહુ કૉલેજને કરવામાં આવેલી છે તેમ છતાં વર્તમાન-પત્રોમાં વાણિજ્યના વર્ગોમાં પ્રવેશ માટેની જાહેરાતો આપી તે ઉપરોક્ત તરફ તા. ૨૨-૫-૧૯૬૯ના પત્રથી યુનિવર્સિટી કાર્યાલયે કૉલેજનું ધ્યાન ખેચ્યું, તેમ છતાં તે પછી પણ તેવી જાહેરાતો આપી તે કૃત્યને આ સભા અક્ષમ્ય ગણે છે, અને હવે પછી આવી જાહેરાતનું પુનરાવર્તન ન થાય તે જોવા માટે તેમને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

(૨) જોડાણનું જાહેરનામું બહાર ન પડે ત્યાં સુધી વાણિજ્યના વિદ્યાર્થીઓનો પ્રવેશ કેવળ કામચલાઉ (provisional) ગણાશે એમ દાખલ થનાર પ્રત્યેક વિદ્યાર્થીને તેની ફી-રસીદ પર લેખિત જાણ કરવી આવશ્યક રહેશે. વધુમાં, આ પહેલાં જો કોઈ વિદ્યાર્થીઓને વાણિજ્યની વિદ્યાશાખામાં દાખલ કરવામાં આવ્યા હોય તો તેમને પણ કૉલેજે વિના વિલંબે લેખિત જાણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન કરતા હાલના સરસ્વતી વિદ્યામંડળ પાસેથી તે 'મંગળ પ્રભાત'ને ફેરબદલી કરી આપવાની બાબત અંગે નીચેના સભ્યોની બનેલી તપાસસમિતિ રચવી :

(૧) શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી
(૨) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
(૫) આચાર્ય કે. એન. શાહ.

સદરહુ સમિતિને નીચેના મુદ્દાઓ અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે જણાવવું :

(૧) મકાનની જોગવાઈ (સ્કૂલનું મકાન છે કે કેમ) અને કૉલેજ ચલાવવા માટેની આર્થિક ક્ષમતા.
(૨) શિક્ષકોનો પગાર, પ્રોવિડન્ટ ફંડ વગેરે અંગેની જૂની જવાબદારીઓનું પાલન થયું છે કે કેમ !
(૩) પુસ્તકો, સાધનો, ફર્નિચર વગેરેની અસ્કામત.

૪૪. વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા માટે તા.૨૩-૫-૧૯૬૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તત્ત્વજ્ઞાનશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા માટે તા. ૨૧-૫-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧-૫-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતની તા. ૨૧-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇનગુજરાતીની જગ્યા માટે તા. ૨૭-૫-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. એન. પરમારનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૫-૭-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૬-૭-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

મનોવિજ્ઞાન ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. એન. પરમારની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એન. પરમારને મનોવિજ્ઞાન ભવનમાં તા. ૧૬-૭-૧૯૬૯થી ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કાયમ કરવા.

૪૮. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૯-૧૯૬૮ની સભાની ભલામણને અનુલક્ષીને ફન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. અભ્યાસક્રમની પરીક્ષાઓ પાસ કરેલા વિદ્યાર્થીઓ માટે ઓર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ પદવી મેળવવા માટેની ફરજિયાત રેસિડેન્સિ હાઉસમેનશિપ કરવાની જોગવાઈ કાઢી નાખવાની અને તે પ્રમાણે ઓર્ડિ. ૨૫૬ને સુધારીને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૫-૧૨-૧૯૬૮ની સભાની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં મંજૂર કરી હતી તેની જાણ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને કરતાં તે અંગે સેક્રેટરી, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી આવેલ તા. ૭-૫-૧૯૬૯ના પત્રાંક એમ.સી. આઈ. ૧૬ (૬૯)/૬૮-મેડ-૩૪૪૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૪૯. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાએ ૧૯૬૭-૬૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન છાત્રાલયની વ્યવસ્થા વગર ચલાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાએ ૧૯૬૭-૬૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન છાત્રાલયની વ્યવસ્થા વગર ચલાવ્યું તે માટે તેને ઘટતો ઠપકો આપવો, અને જણાવવું કે જૂન ૧૯૬૯થી ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી તેને માટે આવશ્યક રહેશે.

૫૦. ધી અમેરિકન એકેડેમિક ઑફ ઇનારસ તરફથી તૈયાર થઈ રહેલ "Encyclopaedia of Indian Temple Architectural Terms"માં વ્યુત્પત્તિવિષયક નોંધો આપવાનું કાર્ય બજાવવા તથા તે અંગેનું માનદ વેતન રૂ. ૧,૫૦૦ સ્વીકારવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યાપક શ્રી. એચ. સી. ભાયાણીના તા. ૨૨-૪-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય અને તે માટેનું માનદ વેતન સ્વીકારવા માટે પ્રો. એચ. સી. ભાયાણીને પરવાનગી આપવી.

૫૧. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"This faculty recommends that First M.B.,B.S. Examination in Anatomy should be held in one institution while examination in Physiology should be held in another institution during that year (i.e., alternate examinations should be held in the next year in institutions, vice-versa)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. ભાષા-વિભાગ, હરિયાણા ડિસેંબર ૧૯૬૯ની આસપાસ અખિલ ભારતીય કક્ષાએ એક લેખક-સંમેલન યોજે છે. આ સંમેલનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભાષા-વિભાગ, હરિયાણાના નિર્દેશક તરફથી તા. ૮મી મેના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૩. બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) હાલ જે પરીક્ષાનાં પરિણામો હોલેરિથ મશીન ઉપર તૈયાર કરવામાં આવે છે તેનાં ગુણપત્રકો કૉલેજો ઉપર મોકલવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને કૉલેજો તરફથી તે અંગે

નક્કી કરેલ ફી લઈ આપવામાં આવે છે. જે ગુણપત્રકો વિદ્યાર્થીઓ ન લઈ જાય તે કૉલેજો યુનિવર્સિટીને પરત કરે છે. આ અંગેના હિસાબો જોતાં અમોને જણાયું છે કે આ ખાતે કૉલેજો પાસેથી લેવાની સારી રકમ બાકી રહે છે. ઉપરાંત કૉલેજો સાથે ઘણો પત્રવ્યવહાર કરવાની જરૂર પડે છે. આ સંજોગોમાં અમે સૂચવીએ છીએ કે ગુણપત્રક અંગે રૂ. ૫ની ફી પરીક્ષા-ફીની સાથે લેવામાં આવે તો ઘણું જ વહીવટી કામ ઓછું થાય તો તે પ્રમાણે કરવા અમારી ભલામણ છે.

(૨) માલ-ખરીદી માટે યુનિવર્સિટી તરફથી જે ટેન્ડર-ફૉર્મ નક્કી કરવામાં આવ્યું છે તેમાં તે અંગેની બધી શરતો આપવામાં આવી છે. આવી જાતનું ટેન્ડર-ફૉર્મ એસ્ટેટ વિભાગ તરફથી જે જે કામો કરવામાં આવે તે માટે તૈયાર કરવામાં આવે તેમ અમારી ભલામણ છે.

(૩) એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સાહિત) હિસાબ, હિસાબવિભાગ સાથે સામાન્ય રીતે સંકળાયેલો ન હોવાથી તેને અલગ કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે રાખવા અમારી ભલામણ છે.

(૪) યુનિવર્સિટી કર્મચારીઓને મુસાફરી ભથ્થું ગુજરાત રાજ્યના નિયમો પ્રમાણે આપવામાં આવે છે તેને બદલે તે માટે યુનિવર્સિટીએ પોતાના અલગ નિયમો કરવાના આ બોર્ડે તેની તા. ૪-૫-૧૯૬૮ની સભામાં કરેલા સૂચન અંગે પગલાં લેવા અમારી ભલામણ છે.

(૫) વર્ષ દરમ્યાન યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જે વેપારી બૅંકોમાં ફિક્સ્ડ ડિપૉઝિટ તરીકે મૂકવામાં આવ્યાં તે અંગે કાંઈ બ્રોકરેજ લેવામાં આવ્યું હોય તેમ જણાતું નથી.

આથી અમારી ભલામણ છે કે આ વેપારી બૅંકોને તે વર્ષ દરમિયાનની ડિપૉઝિટો ઉપર ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સને અથવા યુનિવર્સિટીના કોઈ અધિકૃત અધિકારીને બ્રોકરેજ આપવાનું જણાવવું અને જો કોઈ બૅંક તે બ્રોકરેજ આપવા સંમત થાય નહિ તો તે બૅંકો સાથે ભવિષ્યમાં ફિક્સ્ડ ડિપૉઝિટોનું રોકાણ કરવું નહિ તથા ચાલુ ડિપૉઝિટોની મુદત પૂરી થયે તે નાણાંનું બીજે રોકાણ કરવું અને તેમાં પણ કો-ઑપરેટિવ બૅંકોમાં રોકાણ કરવા અમારી ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતમાં એમ.એડ.નો બે વર્ષનો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન થાય તો તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. નિયમ પ્રમાણે પૂરતા સ્થાનિક અધ્યાપકગણની નિમણૂક કરવામાં આવે.

૨. અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછા રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે, તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે.

૩. વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણુના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધવી જોઈએ નહીં.

૪. અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં એમ.એડ.નો બે વર્ષનો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન થાય તો તા. ૧૫મી જૂન, ૧૯૬૯થી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. નિયમ પ્રમાણે પૂરતા સ્થાનિક અધ્યાપકગણુની નિમણૂક કરવામાં આવે.

૨. અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછા રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે.

૩. વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણુના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધવી ન જોઈએ.

૪. અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે."

ક્ષંબાણુ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આથી ઠરાવવામાં આવે છે કે બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતમાં એમ.એડ.નો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં થયેથી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે મંજૂરી આપવી :

(અ) નિયમ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતો પૂરતો સ્થાનિક અધ્યાપકગણુ જોડાયાની જાણ કરવામાં આવે;

(બ) અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછાં રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે;

(ક) વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણુના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધવી જોઈએ નહીં;

(ડ) અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે; અને

(ઈ) શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ પરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને સિન્ડિકેટ નીચેની બાબતો અંગે જે નિર્ણય કરે તે નિર્ણયનો અમલ પશ્ચાદ્વર્તી (retrospectively) કરવામાં આવે :

(૧) અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં શિક્ષક-વિદ્યાર્થીઓનું પ્રમાણ;

(૨) અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોનો કાર્યભાર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવો યોગ્ય થશે કે કેમ તે અંગે પણ શિક્ષણની અભ્યાસસમિતિ અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય મેળવવો.

૨. આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં એમ.એડ.નો ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોનું સંતોષકારક પરિપાલન તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં થયેથી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે મંજૂરી આપવી :

(અ) નિયમ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતો પૂરતો સ્થાનિક અધ્યાપકગણ જોડાયાની જાણ કરવામાં આવે;

(બ) અનુસ્નાતક કેન્દ્ર માટે ઓછામાં ઓછા રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા પૂરતી સંખ્યામાં પ્રતિષ્ઠિત સામયિકો (standard journals) મગાવવામાં આવે;

(ક) વિદ્યાર્થીઓની સંખ્યા સ્થાનિક અધ્યાપકગણના દરેક શિક્ષક દીઠ ત્રણથી વધવી જોઈએ નહીં;

(ડ) અનુસ્નાતક વિદ્યાર્થીઓને જરૂર પ્રમાણે છાત્રાલયની સગવડ પૂરી પાડવામાં આવે; અને

(ઈ) શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ પરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને સિન્ડિકેટ નીચેના બાબતો અંગે જે નિર્ણય કરે તે નિર્ણયનો અમલ પશ્ચાદ્વર્તી (retrospectively) કરવામાં આવે :

(૧) અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં શિક્ષક-વિદ્યાર્થીઓનું પ્રમાણ;

(૨) અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોના કાર્યબોજ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવવો યોગ્ય થશે કે કેમ તે અંગે પણ શિક્ષણની અભ્યાસસમિતિ અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય મેળવવો.

૫૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૬-૫-૧૯૬૯ની સભાએ મંજૂર રાખેલી હોવાથી ઑર્ડિ. ૬૫-એસ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

ઑર્ડિ. ૬૫-એસ. નીચે મુજબ વંચાશે :

"There shall not generally be more than three post-graduate centres in the same subject in a zone. Provided, however, that the Syndicate may in its discretion permit only as an exception the opening of a *fourth* centre for the same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in the three centres already instituted in the preceding year, and (*ii*) the institution applying for the new post-

graduate centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for the opening of a post-graduate centres. In no case there shall be more than four centres in the subject in the same zone."

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૬૫-એસ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૬. એમ. એન. કૉલેજ, વીસનગર તથા આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી આવેલ જોડાણ-અરજીઓ પર સેનેટ મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ બંને કૉલેજોમાં સરકારના નિયમ મુજબ શિક્ષકોને પગારચોરણ, મોંઘવારી ભથ્થું વગેરે ચૂકવવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. જોડાણ મેળવવા માટે કરવાની અરજી અંગેના નિયત પત્રકમાં જરૂરી ફેરફાર કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિએ સદરહુ પત્રકોના ઘડેલા મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અરજીપત્રકનો સદરહુ મુસદ્દો સભામાં સૂચવેલા ફેરફારો સાથે મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાની બાબત ક્રમાંક ૧૮ (૩)ના પાદમાં અનુવાદકનું નામ "ડૉ. કે. એફ. સોમપુરા"ને બદલે "ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી" વંચાય તે રીતે સુધાર્યાની;

(૨) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કોલાબામાં એમ.એસસી. પદવી ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં વર્ષ ૧૯૬૯-૭૦માં પાર્ટ ૧માં ૩૦ અને પાર્ટ ૨માં ૨૦ અને વર્ષ ૧૯૭૦-૭૧માં પાર્ટ ૧માં ૩૦ અને પાર્ટ ૨માં ૩૦ વિદ્યાર્થીઓ લેવાની શરત સાથે કેન્દ્રને બે વર્ષ માટે પરવાનગી આપ્યાની.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૪ પહેલાં કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક-પરીક્ષકો, નિરીક્ષકોના કેસો પર તેમજ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો

અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૬-૫-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની ભલામણોની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૬૧. આંધ્રકામ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૨. શેખ તાહેરભાઈ યુસુફઅલી વડનગરવાલા મ્યુનિસિપલ હૉસ્પિટલ, સિદ્ધપુરને ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ અનુસાર રેટેટિંગ હાઉશમેનશિપ માટે માન્યતા આપવા અંગે નીમેલ તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"We recommend that the above Hospital should be recognised for 2 internees (2 internees either males or females can be accommodated in the Hospital compound) provided a post-graduate trained Medical Officer, Surgeon or Gynaecologist is appointed in charge of this Hospital."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

The course focusses on basic aspects of managing manufacturing operations, both to provide an understanding of problems faced by production management and concepts applicable thereto and to relate the production functions to the business organisation as a whole. Students are asked to examine and analyse actual production situations and problems and to make specific recommendations and formulate plans of action for dealing with them.

7. Marketing :

Objective :

The purpose of this subject is to give the student a basic understanding of the character and scope of marketing and to help him develop a body of skills analysis and resolution of management problems that arise in the marketing process.

8. Written Executive Communication :

Objective :

The objective of this course is to help the student develop his skills on the logic and on the use of language in communicating to others and in the analysis of business situation.

9. Management Principles :

Objective :

The purpose of this subject is to acquaint the student with the theory of management so far as it has been built up as a body of knowledge, and to develop in him an integrated approach to management problems.

10. Management Practice:

Objective :

The subject seeks to develop an understanding of the relationships and intergroup behaviour in a organisation. The course aims at bringing together the approaches of sociology and psychology for an improved and more comprehensive understanding of organisational structures.

11. Personnel Management :

Objective :

The purpose of this subject is to develop in the student administrative capacity and know-how, in handling with in an appropriate policy frame-work, problems relating to the personnel both as a line executive and a personnel manager.

12. Organisation and Methods and Research & Development :

Objective :

The coures is primarily meant to provide an understanding of the concepts of office management and technological innovations that will be useful to general management, financial analysis, enterpreneurs and managers of office, and research and develodment activities. Special attention is given towards decision-making about research development and technological innovations in the light of greatly uncertain and overchanging technology.

One paper in each subject

Optional subjects (Any one group—Two papers in each group) :

(*a*) Marketing :

(*i*) Sales Management
(*ii*) Advertising
(*iii*) Marketing Research
(*iv*) International Marketing.

(Two papers)

Objectives :

(*i*) The subject is developed to the study of the factors relating to the marketing of goods and to the process of decision-making pertinent to this function of management.

(*ii*) To equip the student with the art of public relations, publicity and propaganda to capture the market for his products as an executive.

(*iii*) To help the student to understand and appreciate the need and value of marketing information, to give him a workable knowledge of the process involved in

gathering and analysing marketing information with a view to develop in him the skills and attitudes required to specify, evaluate and utilise marketing information in making marketing decisions.

(*iv*) To give an understanding of the basic marketing principles and commercial relationships underlying foreign trade and to provide knowledge of factors affecting India's foreign trade.

(*b*) Materials Management and Transportation :

(Two papers)

Objective :

The subject seeks to impart knowledge of the concepts and systems useful for policies and decisions relating to materials and transportation.

(*c*) Higher Management Techniques and Operational :

(Two papers)

Research :

Objective :

The subject is designed to present the scope of various quantitative methods with enough specialisation so that the manager understands the reasoning behind the methods and is able to interpret their results. It is meant to deal with the problems of optimisation of systems and sub-systems.

(*d*) Financial Control and Taxation :

(Two papers)

Objective :

The course seeks to systematise the practical application of control and accounting techniques in relation to management control problems. In addition to pure accounting functions, controllership function extends to obtain the required resources for the business and thereafter, in ensuring that the resources are used effectively and efficiently. For this purpose, the course examines in some depth the problems of development and design of proper control systems for use of higher management.

(*e*) Production Management and Control :

(*i*) Factory Management

(*ii*) Production Planning and Control

(Two Papers—one paper each).

Objective :

(*i*) The subject is aimed at acquainting the student with the process of organising the physical resources required in building a manufacturing enterprise.

(*ii*) The purpose of this subject is to introduce the student to the processes of planning and control concerned with translating the sales orders into finished goods.

(*f*) Personnel Functions and Laws relating to Personnel Functions :

(Two papers)

Objective :

This course is concerned primarily with the problems that arise in the day-to-day administration of an employer-employee relationship, both individually and collectively, between management and an employee and unions. This will cover briefly the following :

(*a*) The characteristics of the labour movement and brief history of trade unions.

(*b*) A very brief acquaintence with the prevailing labour and industrial laws in as much as they restrict the functions of management, such as discipline, grievance settlement, etc. and handling of industrial disputes, negotiations and collective bargaining, wages and fringe benefits, etc.

(*c*) Union–management relations.

(*d*) Governments' labour policy, and the frame-work within which industrial relations have to be maintained.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

G.U.P. 241-450-7-69

સિન્ડિકેટ (જૂન)
તા. ૧૪-૬-'૬૯

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જૂન માસની સભા શનિવાર, તા. ૧૪-૬-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૬-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોષલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. હ. ન. શાહ નાયબ શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૪.	શ્રી. બાબુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૫.	શ્રી. કાંકારભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જહાંગીર ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

૧. બાબત નં. ૪૨ ઉપરના ઠરાવ સાથે જે પરિશિષ્ટ "ખ-૨" જોડવામાં આવ્યું છે તેમાં નિયમ નં. ૭માંથી "provided prior approval of Vice-Chancellor is obtained" એ શબ્દો કમી કરવા; અને

૨. બાબત નં. ૭૧ના ઠરાવમાં તથા તેની નોંધમાં એમ બેઉ જગ્યાએ સમિતિની તારીખ જે '૧૨/૧૩-૪-૧૯૬૯' બતાવવામાં આવી છે તેને બદલે 'તા. ૨૮-૪-૧૯૬૯ અને તા. ૧-૫-૧૯૬૯' લખવી.

તે પછી સિન્ડિકેટના એક સભ્ય શ્રી. ઝીણાભાઈ દેસાઈએ રજૂઆત કરી કે સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં બાબત નં. ૫૯ અંગે જે ઠરાવ કરવામાં આવ્યો છે તે બાબતમાં તેઓ કેટલીક હકીકત રજૂ કરવા ઇચ્છે છે. તે અંગે પ્રમુખશ્રીએ સૂચવ્યું કે સદરહુ બાબત સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજને લગતી હોઈ તે કૉલેજ અંગે સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિનો રિપોર્ટ સિન્ડિકેટની ચાલુ સભા સમક્ષ મૂકવામાં આવેલો છે અને તેથી તે અંગે પોતાની રજૂઆત તે બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવે ત્યારે સભ્યશ્રી કરે તે યોગ્ય થશે.

તે પછી બાબત નં. ૨ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૨. મહાત્મા ગાંધી જનરલ હોસ્પિટલ, વીરમગામને ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ અનુસાર રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાએ નીમેલી તપાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Only two male interns can be sent after the sanitary arrangements are made in the quarters reserved for them."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. આઈ. બી. પટેલની તેઓની તા. ૧-૫-૧૯૫૪થી તા. ૯-૧૧-૧૯૫૪ સુધીની હંગામી જગ્યા પર હતાં તે સમય દરમિયાન પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવા અંગેની તેમની તા. ૧૬-૫-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. આઈ. બી. પટેલને તા. ૧-૫-૧૯૫૪થી તા. ૯-૧૧-૧૯૫૪ સુધીની તેમની હંગામી નિમણૂક દરમ્યાન પણ પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવો.

૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના રીડર તરીકે કામ કરતા શ્રી. એસ. સી. પાંડે તા. ૩૦-૫-૧૯૬૯ની સાંજથી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ આપવા અંગે તેમની તા. ૭-૫-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓ તા. ૫-૧૦-૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૩૦-૫-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. સી. પાંડેને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"This faculty recommends that First M.B.,B.S. Examination in Anatomy should be held in one institution while examination in Physiology should be held in another institution during that year (i.e., alternative examinations should be held in the next year in institutions, vice-versa)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણની નોંધ લેવી.

૬. બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૪-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) હાલ જે પરીક્ષાનાં પરિણામો હૉલેરિથ મશીન ઉપર તૈયાર કરવામાં આવે છે તેનાં ગુણપત્રકો કૉલેજો ઉપર મોકલવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને કૉલેજો તરફથી તે અંગે નક્કી કરેલ ફી લઈ આપવામાં આવે છે. જે ગુણપત્રકો વિદ્યાર્થીઓ ન લઈ જાય તે કૉલેજો યુનિવર્સિટીને પરત કરે છે. આ અંગેના હિસાબો જોતાં અમોને જણાયું છે કે આ ખાતે કૉલેજો પાસેથી લેવાની સારી રકમ બાકી રહે છે. ઉપરાંત કૉલેજો સાથે ઘણો પત્રવ્યવહાર કરવાની જરૂર પડે છે. આ સંજોગોમાં અમે સૂચવીએ છીએ કે ગુણપત્રકો અંગે રૂ. ૫ની ફી પરીક્ષા-ફીની સાથે લેવામાં આવે તો ઘણું જ વહીવટી કામ ઓછું થાય તો તે પ્રમાણે કરવા અમારી ભલામણ છે.

(૨) માલ-ખરીદી માટે યુનિવર્સિટી તરફથી જે ટેન્ડર-ફોર્મ નક્કી કરવામાં આવ્યું છે તેમાં તે અંગેની બધી શરતો આપવામાં આવી છે. આવી જાતનું ટેન્ડર-ફોર્મ એસ્ટેટ વિભાગ તરફથી જે જે કામો કરવામાં આવે તે માટે તૈયાર કરવામાં આવે તેમ અમારી ભલામણ છે.

(૩) એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સાહત) વિભાગ, હિસાબવિભાગ સાથે સામાન્ય રીતે સંકળાયેલો ન હોવાથી તેને અલગ કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે રાખવા અમારી ભલામણ છે.

(૪) યુનિવર્સિટી કર્મચારીઓને મુસાફરી ભથ્થું ગુજરાત રાજ્યના નિયમો પ્રમાણે આપવામાં આવે છે તેને બદલે તે માટે યુનિવર્સિટીએ પોતાના અલગ નિયમો કરવાના આ બોર્ડે તેની તા. ૪-૫-૧૯૬૮ની સભામાં કરેલા સૂચન અંગે પગલાં લેવા અમારી ભલામણ છે.

(૫) વર્ષ દરમ્યાન યુનિવર્સિટીનાં ફાજલ નાણાં જે વેપારી બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે મૂકવામાં આવ્યાં તે અંગે કાંઈ બ્રોકરેજ લેવામાં આવ્યું હોય તેમ જણાતું નથી.

આથી અમારી ભલામણ છે કે આ વેપારી બેંકોને તે વર્ષ દરમિયાનની ડિપોઝિટો ઉપર ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સને અથવા યુનિવર્સિટીના કોઈ અધિકૃત અધિકારીને બ્રોકરેજ આપવાનું જણાવવું અને જો કોઈ બેંક તે બ્રોકરેજ આપવા સંમત થાય નહિ તો તે બેંકો સાથે ભવિષ્યમાં ફિક્સ્ડ ડિપોઝિટોનું વેકાણ કરવું નહિ તથા ચાલુ ડિપોઝિટોની મુદત પૂરી થયે તે નાણાનું બીજે વેકાણ કરવું અને તેમાં પણ કો-ઓપરેટિવ બેંકોમાં વેકાણ કરવા અમારી ભલામણ છે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં પરીક્ષા-ફીની બાબત અંગે રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની ભલામણની સાથે સદરહુ ભલામણ પર પણ વિચારણા કરવાનું રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના મુસાફરી ભથ્થા અંગેના નિયમો સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર કર્યા છે તે જોતાં સદરહુ ભલામણ અંગે વિશેષ કાંઈ કરવાનું જરૂરી જણાતું નથી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા બેંકો પાસેથી પાછળનાં વર્ષોનું બ્રોકરેજ લેવા અંગેની બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં કરેલા ઠરાવ અન્વયે તે પ્રશ્ન ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલ્યો છે. તેના સંદર્ભમાં સદરહુ ભલામણ પણ ફાઇનાન્સ કમિટિની વિચારણા માટે મોકલવી.

૭. શ્રી. એસ. એમ. જૈનને તેમના પ્રાકૃત ભાષાના જ્ઞાન, તેમને કરેલ પ્રાકૃત-ભાષી પુસ્તકોનો અનુવાદ તેમ જ લેખનના આધારે પ્રાકૃત વિષયના વ્યાખ્યાતા તરીકે માન્યતા આપવા અંગે એલ. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી તારીખ ૨૩-૫-૧૯૬૯ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. જૈનને પ્રાકૃત ભાષાના વિષયના વ્યાખ્યાતા (લેક્ચરર) તરીકે માન્ય કરવા.

૮. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇન-ગુજરાતીની જગ્યા માટે તા. ૨૭-૫-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. રમણલાલ જે. જોશીને યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર-ઇન-ગુજરાતીની જગ્યા પર રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી તા. ૧૬-૬-૧૯૬૬થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૭-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપકની જગ્યા માટે તા. ૨૩-૫-૧૯૬૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૨૩-૫-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવામાં આવી. તે પછી બહુમતે ઠરાવવામાં આવ્યું કે ડૉ. વી. સી. શાહને રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તા. ૧૬-૬-૧૯૬૯થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૩-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિક-વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને રની રૂઇ અંગેના તપાસસમિતિના અહેવાલના નીચે દર્શાવેલ સૂચન ૮ પર તથા સિન્ડિકેટની તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલય તરફથી તે અંગે કરવામાં આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

સમિતિનું સૂચન	**કાર્યાલયનું સૂચન**
૮. કેન્દ્ર ઉપરની ઉત્તરવહીઓ જે તે પરીક્ષકને રવાના થાય છે તેને બદલે ઉત્તરપત્રો હેડ-ક્વાર્ટર્સ પર મગાવી લેવાં અને તમામ પરીક્ષકોને હેડક્વાર્ટર્સ પર બોલાવી પરીક્ષણ માટેનું કામ યુનિવર્સિટીએ જ સુપરત કરવાનું રાખવું.	૮. પરીક્ષકો-મોડરેટરોને રહેવા-જમવા વગેરેની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડે તે જોતાં, આ સૂચન સ્વીકારવા જેવું જણાતું નથી, તેવું સમિતિનું સૂચન જે સિન્ડિકેટ સમક્ષ મૂકવું તે સાથે કાર્યાલય સંમત છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. જૂન ૧૯૬૯થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે જે તે કૉલેજ/સંસ્થાએ અરજી કરેલ હોય અને તે કેન્દ્ર માટે નીમવામાં આવેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવી ગયો હોય તે અંગે યોગ્ય કરવાની સત્તા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની

તા. ૧૩-૩-૧૯૬૯ની સભાએ કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરેલ, પરંતુ તે દરમ્યાન નીચે જણાવેલ કૉલેજ તરફથી અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ તરફથી અહેવાલ આવી ગયો હોવાથી તે પર વિચારણા કરવા બાબત :

કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.	એમ.એસ., બા. ૪	ઑપ્થાલ્મોલોજી

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.એસ., બ્રાન્ચ ૪(ઑપ્થાલ્મોલોજી)ના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર હાલ સ્થાપવું નહિ.

૧૨. તા. ૮-૪-૧૯૬૯ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં ભાગ લેવા જતી આ યુનિવર્સિટીની ટુકડીઓની જવાબદારી સાથે લઈ જતા મૅનેજરોની તેમના હેવાલમાં મુસાફરી ભથ્થા અંગેની ફરિયાદ જોતાં આ બોર્ડ સિન્ડિકેટના ધ્યાન પર લાવવા માગે છે કે આ મૅનેજરોએ પ્રથમ વર્ગની મુસાફરીના અધિકારી હોવા છતાં ટુકડીની સાથે ત્રીજા વર્ગમાં મુસાફરી કરવી એમ બોર્ડ ઑફ સ્પોર્ટ્સે ઠરાવ્યું છે, અને તેથી અગવડ વેઠીને લાંબી મુસાફરીઓ કરવાની થતી હોવાથી અને સારો એવો ખર્ચ પણ થતો હોવાથી તેમને રસ્તા ખર્ચ (incidental) તરીકે એક વધુ પ્રથમ વર્ગનું ભાડું આપવાની ભલામણ સિન્ડિકેટને બે વખત કરતાં તે નામંજૂર કરવામાં આવી હતી. છતાં આ બોર્ડ માને છે કે, આ મૅનેજરોને તે મળવું જોઈએ. તેથી વધુ એક વાર ભારપૂર્વક મંજૂર કરવા ભલામણ કરે છે અને જો તે સાથે સિન્ડિકેટ સહમત ન થઈ શકે તો પ્રત્યેક મૅનેજરને રૂ. ૫૦ નું માનદ વેતન આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં ભાગ લેવા જતી આ યુનિવર્સિટીની ટુકડીઓના મૅનેજરોને રેલવેના ત્રીજા વર્ગના ભાડા જેટલું હાલ આપવામાં આવે છે તે પ્રમાણેનું મુસાફરી ભથ્થું આપવું; તે ઉપરાંત રસ્તાના આનુષંગિક ખર્ચ (incidental expenses) તરીકે રેલવેના પહેલા વર્ગ અને ત્રીજા વર્ગના ભાડા વચ્ચેનો જે તફાવત થાય તે અથવા રૂ. ૫૦ એ બેમાંથી જે ઓછી હોય તે રકમ આપવી.

૧૩. એમ. એન. કૉલેજ, વીસનગર તથા આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી આવેલ અરજીઓ પર સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બન્ને કૉલેજોમાં સરકારના નિયમ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું વગેરે ચૂકવવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજો તરફથી તેના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારા-ધોરણ મુજબ પગારધોરણ અને મોંઘવારી ભથ્થું આપવામાં આવે તે માટે આગ્રહ રાખવો. દરમ્યાન સદરહુ કૉલેજોને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૪. ફર્સ્ટ બી.એસસી. (નર્સિંગ) પરીક્ષાની બે વિદ્યાર્થિનીઓ તરફથી તેમને નૉન-નર્સિંગ વિષયોમાં પાસ થવાનું ધોરણ ૩૬ ટકા રહેશે અને નર્સિંગ વિષયોમાં પાસ થવાનું ધોરણ ૫૦ ટકા રહેશે તે મુજબની કૉલેજ સત્તાવાળાઓ તરફથી સમજૂતી આપવામાં આવેલ, જ્યારે પરિણામ જાહેર થતાં અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા પાસ થવાનું ધોરણ ગણેલ છે અને નાપાસ જાહેર કરેલ છે. તો તેમના કેસમાં મુક્તિ આપી વર્ષ ન બગડે તે અંગે વિદ્યાર્થિનીઓની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—કૉલેજના આચાર્યશ્રી તેમના તા. ૧૬-૫-૧૯૬૯ અને તા. ૨૦-૫-૧૯૬૯ના પત્રોથી સદરહુ બન્ને વિદ્યાર્થિનીઓને બીજા વર્ષમાં અભ્યાસ કરવાની મંજૂરી આપવા અને ઑક્ટોબર ૧૯૬૯માં તેમની અંગ્રેજી વિષયની પરીક્ષા ફરી લેવા ભલામણ કરે છે.

ફર્સ્ટ બી.એસસી. નર્સિંગ પરીક્ષા પ્રથમ જ લેવાઈ હોઈ અને તેમના નિયમો વગેરેમાં પૂરી સ્પષ્ટતા ન હોઈ તથા અંગ્રેજી વગેરે નૉન-નર્સિંગ વિષયો માટેના પાસ થવાના ધોરણ અંગે તેમની માન્યતા જુદી હતી તેથી આ પ્રમાણે બનવા પામ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેના વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈને અપવાદ તરીકે સદરહુ બન્ને વિદ્યાર્થિનીઓને નર્સિંગના અભ્યાસક્રમના બીજા વર્ષમાં અભ્યાસ કરવા માટે છૂટ આપવી, અને નર્સિંગના અભ્યાસક્રમના પહેલા વર્ષના અંગ્રેજીના વિષયમાં તેમને ફરીથી પરીક્ષા આપવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તે વિદ્યાર્થિનીઓ પહેલા વર્ષના અંગ્રેજીના વિષયમાં ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી તેમનું નર્સિંગનું બીજા વર્ષની પરીક્ષાનું પરિણામ અનામત રાખવામાં આવશે એમ પણ તેમને જણાવવું.

૧૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.કૉમ. પરીક્ષામાં ગેરરીતિ આચરવા અંગે વિદ્યાર્થી નં. ૪૦૧૧ અને ૪૦૧૨ને આ કાર્યાલયના જાહેરનામા નં. ૨૯૨થી તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મના કરવામાં આવી છે તે બાબતમાં કંઈક સજા ઓછી કરવા વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર આ સભાને જણાતી નથી.

૧૬. તા. ૭-૪-૧૯૬૯ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાએ કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

"ઠરાવ નં. ૧ : આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૬-૬૭ના સમગ્ર રિપોર્ટની નોંધ લઈ હેવાલને છાપવાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઠરાવ નં. ૨ : આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કક્ષાએ લેવાયેલ સુદઢ હરીફાઈનાં પરિણામોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે પ્રથમ વિજેતા વિદ્યાર્થીને રૂ. ૧૦૦નું ઇનામ આપવું.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ટી. મિસ્ત્રીને ગુજરાત પુસ્તકાલય મંડળ તરફથી ગુજરાત વિદ્યાપીઠમાં તા. ૮મી મેથી ગ્રંથાલય તાલીમ વર્ગમાં સૂચીકરણ પ્રાયોગિક વિષય શીખવવા માટેની પરવાનગી આપ્યાના;

(૨) સિન્ડિકેટે તેની તા. ૮-૬-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા પ્રમાણે માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની અવેજી નિમણૂંકો મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યના ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઍડવાન્સ્ડ સ્ટડીઝ તરફથી વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા તા. ૧-૧-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધીની રજા આપવાના તેમના તા. ૨૦-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) તેઓને હાલ રૂ. ૧,૩૦૦ મૂળ પગાર મળે છે.

(૨) ઉપરોક્ત કામગીરી માટે તેઓને માસિક £ ૩૦૦ વેતન મળશે.

(૩) તેઓને બ્રિટિશ કાઉન્સિલની કોમન વેલ્થ યુનિવર્સિટી, ઇન્ટર ચેન્જ યોજના હેઠળ ઑક્ટોબર ૧૯૬૯થી ડિસેંબર ૧૯૬૯ના ગાળામાં ૬ અઠવાડિયાની ખાસ રજા તરીકે સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર કરી છે જે રજા દરમિયાન તેમને મૂળ માસિક પગાર મળશે. આ રજાના અનુસંધાનમાં તેઓ ઉપરની ૬ માસની વધુ રજા લેવા ઇચ્છે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઍડવાન્સ્ડ સ્ટડીઝમાં તા. ૧-૧-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધી વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા માટે તથા તે માટે માસિક £ ૩૦૦નું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ૬ માસના ગાળા દરમ્યાન ડૉ. પી. સી. વૈદ્યને વગર-પગારની રજાઓ તરીકે તેમની રજા મંજૂર કરવી.

૧૯. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં તા. ૧-૧૨-૧૯૬૮થી ઉછીની સેવા આપી રહેલા મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈનું રાજીનામું તા. ૩૦-૬-૧૯૬૯થી મંજૂર કરવા અંગે તેઓના તા. ૧૨-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં તેઓની સેવાઓ તા. ૧-૧૨-૧૯૬૮થી તા. ૩૧-૮-૧૯૬૯ સુધી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને આપવાનું ઠરાવ્યું છે.

(૨) તે અગાઉ સિન્ડિકેટે ઑક્ટોબર ૧૯૬૭થી તા. ૩૦-૧૧-૧૯૬૮ સુધી તેમને અહીં પદાધિકાર રાખવાની છૂટ આપી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. દેસાઈનું રાજીનામું તા. ૩૦-૬-૧૯૬૯થી મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧-૧૨-૧૯૬૮થી તા. ૩૦-૬-૧૯૬૯ સુધીના જે સમય માટે તેઓની સેવાઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ઉછીની આપવામાં આવી તે સમય માટેનું લીવ કૉન્ટ્રિબ્યુશન તથા ગ્રેચ્યુઇટી કૉન્ટ્રિબ્યુશન તેઓ પાસેથી નિયમ પ્રમાણે લેવાનું રાખવું.

તે પછી એક સભ્યની માગણી પરથી અને પ્રમુખશ્રીની પરવાનગીથી બાબત નં. ૬૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૦. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન 'સરસ્વતી વિદ્યામંડળ' પાસેથી 'મંગળપ્રભાત ટ્રસ્ટ'ને ફેરબદલી કરી આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ હેવાલ પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે **સરસપુર આર્ટ્સ** એન્ડ કૉમર્સ કૉલેજના આ યુનિવર્સિટી સાથેના જોડાણને લાગેવળગે છે ત્યાં સુધી તે કૉલેજનું સંચાલન સરસ્વતી વિદ્યામંડળને બદલે મંગળપ્રભાત ટ્રસ્ટને સોંપવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવા.

તે પછી સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટના એક સભ્ય શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:

"સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહીમાં બાબત નં. ૫૯ અંગે જે ઠરાવો કરવામાં આવ્યા છે તે પૈકી નીચેના ઠરાવ નં. ૧ ઉપર, આ સભાગૃહના ધ્યાનમાં જે કેટલીક હકીકતો પાછળથી આવી છે તેને અનુલક્ષીને પુનર્વિચારણા કરવામાં આવે:

(૧) આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ની સભામાં કરી નથી તેની જાણ સદરહુ કૉલેજને કરવામાં આવેલી છે તેમ છતાં વર્તમાનપત્રોમાં વાણિજ્યના વર્ગોમાં પ્રવેશ માટેની જાહેરાતો આપી તે હકીકત તરફ તા. ૨૨-૫-૧૯૬૯ના પત્રથી યુનિવર્સિટી કાર્યાલયે કૉલેજનું ધ્યાન ખેંચ્યું, તેમ છતાં તે પછી પણ તેવી જાહેરાતો આપી તે કૃત્યને આ સભા અક્ષમ્ય ગણે છે, અને હવે પછી આવી જાહેરાતનું પુનરાવર્તન ન થાય તે જોવા માટે તેમને ભારપૂર્વક જણાવવામાં આવે છે."

સદરહુ પ્રસ્તાવ અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભાએ કરેલો ઉપરનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ (સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ) કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ની સભામાં કરી નથી તેની જાણ સદરહુ કૉલેજને કરવામાં આવેલી, તેમ છતાં વર્તમાનપત્રોમાં વાણિજ્યના વર્ગોમાં પ્રવેશ માટેની જાહેરાતો આપી તે પરથી યુનિવર્સિટી કાર્યાલયે તેના તા. ૨૨-૫-૧૯૬૯ના પત્રથી કૉલેજનું ધ્યાન ખેંચ્યું, તે પછી સદરહુ કૉલેજે જે જાહેરાતો આપી તેમાં તેણે ફક્ત વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ ચાલુ છે એ મતલબની સ્પષ્ટતા કરી હોત તો તે યોગ્ય થાત એમ આ સભાનું મંતવ્ય છે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૨. કલકત્તા મુકામે ડી.પી.એચ. પરીક્ષાના અભ્યાસ માટે યુનિવર્સિટી તરફથી ચાલુ પગારે મોકલવા માટે યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર શ્રી. સી. આર. ત્રિવેદીની તા. ૧૦-૪-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં ડૉ. ત્રિવેદીને આ અભ્યાસક્રમ માટે નોમિનેટ કરેલ છે અને તે પ્રમાણેની નોંધ સાથે તેમની અરજી તે સંસ્થાને મોકલી આપેલી છે.

(૨) ઉપરોક્ત અભ્યાસક્રમ કલકત્તા ખાતે ઑલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇજીન એન્ડ પબ્લિક હેલ્થમાં તા. ૧-૭-૧૯૬૯થી શરૂ થાય છે અને ૧૦ માસનો અભ્યાસક્રમ છે.

(૩) તેમનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૫૫૦ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીને કલકત્તા ખાતે ડી.પી.એચ.નો અભ્યાસ કરવા માટે તા. ૧-૭-૧૯૬૯થી દસ માસ માટે રજા મંજૂર કરવી, અને તે રજાઓ પૈકી તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જેટલી રજાઓ પૂરા પગાર સાથે આપી શકાય તેટલી આપવી અને બાકીના સમય માટે તેમની રજાઓ ખાસ રજા તરીકે મંજૂર કરવી અને તેમને માસિક રૂ. ૨૫૦(ઉચ્ચક)નું વેતન બાકીના સમય દરમિયાન તેમને નીચેની શરતોએ આપવું :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી દસ માસ માટે તેમને માસિક રૂ. ૨૫૦નું વેતન આપવું, અને તે ઉપરાંત તેમને કશું ભથ્થું કે વેતન આપવું નહિ;

(૨) દસ માસની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૩) દસ માસની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે; અને

(૫) ઉપર જણાવેલ શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૪૭. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને જૂન ૧૯૬૬થી આપવાના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલન અંગે તથા ૩૦ને બદલે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૬ની સભાએ નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના રિપોર્ટની નકલ તે કૉલેજના આચાર્યને તેમની જાણ અને ઘટતું કરવા માટે મોકલવી અને જુલાઈ ૧૯૬૯ના અંત ભાગમાં નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ ફરીથી તપાસ માટે મોકલવી. દરમ્યાન સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી
૨. પ્રો. કે. જે. ભટ્ટ.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ય્યૂન-કમ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. વી. ઝાલા તા. ૩૦-૪-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨-૬-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એ. વી. ઝાલા તા. ૧૬-૨-૧૯૫૨ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૦-૪-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. વી. ઝાલાને તેમને ખાતે નીકળથા પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ય્યૂન-કમ-એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. વી. ઝાલા તા. ૩૦-૪-૧૯૬૯ના રોજ રાજીનામું આવી છૂટા થયા હોવાથી તેઓને સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૨-૬-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એ. વી. ઝાલા તા. ૧૬-૨-૧૯૫૨ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૦-૪-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. વી. ઝાલાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની ૨૪મ ચૂકવી આપવી.

૧૨. (૧) જૂન ૧૯૬૯થી અમલમાં આવતી નવી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોમાં ઓલવામાં આવનાર આરોગ્યકેન્દ્રોની તપાસ કરવા સમિતિ નીમવા બાબત.

[નોંધ—(૧) આ માટે તા. ૬-૭-૧૯૬૮ની સિન્ડિકેટમાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આવા આરોગ્યકેન્દ્રની તપાસ સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિ દ્વારા અને/અથવા ચીફ મેડિકલ ઑફિસર દ્વારા યુનિવર્સિટી તરફથી કરાવવાનું રાખવું."

(૨) ચીફ મેડિકલ ઑાફસરની જગ્યા પર નિમણૂક થાય નહિ ત્યાં સુધી આર.એમ.ઓ.-સી.એમ.ઓ.—બન્ને ચાર્જ સંભાળતા ડૉકટર માટે તપાસ કરવા જવું શકય નથી.]

(૨) કૅમ્પસ પર આવેલી જે કૉલેજો પોતાનું આરોગ્યકેન્દ્ર શરૂ ન કરે તે કૉલેજોના વિદ્યાર્થીઓની જૂન ૧૯૬૯થી તબીબી તપાસ કરવા જરૂરી ડાકતરો (૧ આંખના નિષ્ણાત, ૧ સ્ત્રી ડાકતર અને નવા સી.એમ.ઓ. ન નિમાય ત્યાં સુધી ૧ સામાન્ય ડાકતર એમ.બી.,બી.એસ.)ની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—આ બાબતમાં તા. ૬-૭-૧૯૬૮ની સિન્ડિકેટમાં નીચે મુજબ ઠરાવ્યું છે : ૧૧-૫-૧૯૬૯થી મંજૂર થયેલો સુધારો ધ્યાનમાં લેતાં તેનો પાઠ આ પ્રમાણે થાય :

"કૅમ્પસ પરની જે કૉલેજો આરોગ્યકેન્દ્ર શરૂ ન કરે તે કૉલેજોની તબીબી તપાસની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી ગોઠવવામાં આવશે. આ માટેની વ્યવસ્થા યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્ર તરફથી સી.એમ.ઓ. કરશે અને તે માટે જરૂર હશે તો બીજા દાકતરની મદદ પણ લઈ શકશે.")

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તબીબી તપાસ કરવા માટે જરૂરી દાકતરોની નિમણૂકની કાર્યવાહી કરવા માટે ચીફ મેડિકલ ઑાફસરને જણાવવું.

૧૩. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી ૧૯૬૯થી ચાલુ જોડાણ મેળવવા માટે આવેલ અરજી પર સેનેટે મૂકેલી શરતોના પાલન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વધુ બે ખંડોની જોગવાઈ કરવા અંગેની શરત બાબતમાં કૉલેજ જણાવે છે કે વર્ગો, વિષયો અને વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ હાલના ખંડોની સંખ્યા પૂરતી છે.

(૨) વિદ્યાર્થીઓ માટેના ખંડની જોગવાઈ અંગે ચકાસણી સમિત જણાવે છે કે નવો ખંડ બાંધવામાં આવ્યો નથી, પરંતુ જે ખંડ વાચન ખંડ તરીકે વપરાતો હતો તે ખંડને વિદ્યાર્થીઓ માટેના ખંડમાં ફેરવવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૫ થવાની આચાર્યની અપેક્ષા હોઈ આ વ્યવસ્થા પર્યાપ્ત ગણી શકાય.

(૩) ભૂતપૂર્વ આચાર્યનું વેતન હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ માટે વધુ બે ખંડોની જોગવાઈ કરવાની શરતનું પાલન કરવું આવશ્યક હોઈ તેના પરિપાલન માટે આગ્રહ રાખવો અને સદરહુ કૉલેજના ભૂતપૂર્વ આચાર્યનું બાકી રહેલું વેતન ચૂકવી યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું.

૨૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની નીચેની ભલામણ સિન્ડિકેટ તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલ હોવાથી તે અંગે યોગ્ય પગલાં લેવા વિચારણા કરવા બાબત :

૪. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે અનુસ્નાતક કૉલેજોની વ્યવસ્થા કરવા માટે તથા તે માટે યુનિવર્સિટી ધારામાં ઘટતો સુધારો કરવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોએ વિચારવું. દરમ્યાન હાલની પરિસ્થિતિ ચાલુ રહે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે નિમાયેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૫. જાદવપુર યુનિવર્સિટીના ઉપક્રમે ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સનું ૨૫મું સત્ર તેમ જ એક પંડિત પરિષદ (આ જ સમયે) કલકત્તા મુકામે ઑક્ટોબર ૨૯થી ૩૧ ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સના ૨૫મા સત્રમાં તેમ જ સદરહુ પંડિત પરિષદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. કે. કા. શાસ્ત્રીને અને તેઓ ન જઈ શકે તો આચાર્ય સી. એલ. શાસ્ત્રીને મોકલવા.

૨૬. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી ૧૯૬૯થી મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે ચાલુ માન્યતા મેળવવા માટે આવેલ અરજી પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શન માટે માન્ય અનુ. શિક્ષકની નિમણૂક તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં કરવાની શરત મૂકી હતી. પરંતુ યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નહીં મળતા હોવાથી શરતના પાલન અંગે મુદત વધારી આપવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૮-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શરતોના પરિપાલન માટે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને તા. ૧૬ ઓગસ્ટ ૧૯૬૯ સુધીની મુદત વધારી આપવી.

૨૭. (૧) Indian Adult Education Associationના ઉપક્રમે All-India Adult Educationનું ૨૩મું અધિવેશન ગૌહત્તી મુકામે ઑક્ટોબર ૩૦ અને ૩૧, ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(૨) Indian Adult Education Associationના ઉપક્રમે Adult Education and National Integrationનો ૧૭મો રાષ્ટ્રીય પરિસંવાદ ગૌહત્તી મુકામે ઑક્ટોબર ૨૬થી ૨૮, ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના ૨૩મા અધિવેશનમાં તેમ જ સદરહુ રાષ્ટ્રીય પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈને મોકલવા.

૨૮. લક્ષ્મી કેળવણી મંડળ, વીસનગર દ્વારા વીસનગર ખાતે શરૂ થનાર શિક્ષણની કૉલેજ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.— (૧) નવા નિયમો મુજબ આચાર્ય તરીકે નિમાતા જી. બી. પટેલને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થવા માટે પાંચ વર્ષનો ટીચિંગ કાર્યનો શૈક્ષણિક અનુભવ જે જોઈએ તે નથી. પરંતુ નવા નિયમો જૂન માસની ૧૫મી તારીખથી અમલમાં આવે છે, જ્યારે શિક્ષણની કૉલેજ જૂન માસની ૧લી તારીખથી શરૂ થઈ હોઇ અને તે પ્રમાણે શ્રી. પટેલની નિમણૂક થઈ હોઈ વિચારવાનું રહે.

(૨) વ્યાખ્યાતા તરીકે નિમાતા શ્રી. પી. આર. ભટ્ટનું એમ.એડ.નું પરિણામ તા. ૨૯મીએ બહાર પડનાર હોઈ તેઓની જગાએ યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા નીમવા જણાવવું કે નહીં તે વિચારવાનું રહે.

(૩) કન્ટેન્ટ કોર્સના હિન્દીના શિક્ષકની વિગતો અધૂરી છે.

(૪) રૂ. ૧૦,૦૦૦ની અનામત મોકલવાની બાકી છે તથા રૂ. ૫૦,૦૦૦ની ઋણમુક્ત અસ્કામત કે રોકડ રકમ સંસ્થા પાસે છે તે અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મોકલવાનું બાકી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. બી. પટેલને સદરહુ કૉલેજના આચાર્ય તરીકે માન્ય ગણવા અને સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને જણાવવું કે—

૧. શ્રી. પી. આર. ભટ્ટની જગ્યાએ જરૂરી લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની ત્વરિત નિમણૂક કરવી.

૨. કન્ટેન્ટ કોર્સના હિન્દીના શિક્ષકની પૂરી વિગતો મોકલી આપવી.

૩. રૂ. ૧૦,૦૦૦ની અનામત મોકલી આપવી, અને

૪. રૂ. ૫૦,૦૦૦ની ઋણમુક્ત અસ્કામત અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મોકલી આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની બાબતો અંગેની શરતોનું સંતોષકારક પરિપાલન થયેથી સદરહુ કૉલેજને ગ્રેડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨૯. બિનહિન્દીભાષી વિસ્તારોમાં હિન્દી ભાષાનું શિક્ષણ યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ ઊંચું લાવવા માટે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગરના ઉપક્રમે આ અંગે ઑગસ્ટની તા. ૧૦થી ૧૩, ૧૯૬૯ના સમય દરમિયાન એક પરિસંવાદ યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી તા. ૫ જૂનના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ક્રમાનુવર્તી બે પ્રતિનિધિઓ નીચે મુજબ નીમવા :

૧. ડૉ. અંબાશંકર નાગર
૨. ડૉ. રણધીર ઉપાધ્યાય
૩. શ્રી. આર. એચ. ગાંધી
૪. શ્રી. ભોળાભાઈ પટેલ.

૩૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગના પ્રો. એ. એમ. ત્રિવેદીના Studies on Corrosion by Condenser waterના વિષયમાં સંશોધનયોજના માટે બે વર્ષ માટે સી.એસ.આઈ.આર., ન્યૂ દિલ્હી તરફથી આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના તેમના તા. ૬-૬-૧૯૬૯ના પત્રાંક નં. ૧૦-૩૯-૬૯ GAU/IIની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગના ડૉ. આઈ. જી. વશીની Optical Activity and Research Mechanismના વિષયમાં સંશોધનયોજના માટે બે વર્ષ માટે સી.એસ.આઈ.આર., ન્યૂ દિલ્હી તરફથી આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના તેમના તા. ૬-૬-૧૯૬૯ના પત્રાંક નં. 1(459)/69 GAU-IIની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૯ અને તે પછી બાબત નં. ૬૦ની પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૩. નીચેની સંસ્થાઓ/કૉલેજો તરફથી જૂન ૧૯૬૯થી ગ્રેડાણ મેળવવા માટે આવેલ અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલની વિચારણા, સદરહુ અહેવાલની ચકાસણી માટે નિમાયેલ ચકાસણી સમિતિઓના અહેવાલો નહીં

આવવાથી, સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં મોકૂફ રહેલી તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	જે અભ્યાસક્રમ માટે જોડાણ માગ્યું છે તે	કાર્યાલયની નોંધ
૧.	કપડવણજ કેળવણી મંડળ, કપડવણજ	વિનયન અને વિજ્ઞાનની કૉલેજના વિભાગીકરણને અંતે છૂટી પડતી વિનયનની વિદ્યાશાખાને હાલની કૉમર્સ કૉલેજ, કપડવણજ સાથે સંયોજિત કરવા અંગે	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના ગ્રંથાલય માટે રૂા. ૨,૦૦૦ના અનાવર્તક ખર્ચની શરતના સંદર્ભમાં રૂા. ૧,૦૦૦નાં પુસ્તકોનો ઑર્ડર મૂકયો છે. બાકીના રૂા. ૧,૦૦૦નો ઑર્ડર મૂકી દેશે તેમ જણાવે છે.
૨.	તોલાના આર્ટ્સ કૉલેજ, આદિપુર	વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા ઉભેરવા માટે	૧. જીવવિજ્ઞાનની પ્રયોગશાળા નવા મકાનમાં જૂન ૧૯૬૯ સુધીમાં સુસજ્જ થઈ જશે તથા ભૌતિક-વિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનની વ્યવસ્થા પાસે આવેલ પૉલિ-ટેકનિકની પ્રયોગશાળામાં કરવામાં આવી છે. આ વ્યવસ્થા મંજૂર કરવા વિનંતી છે. ૨. વિજ્ઞાનની વિદ્યાશાખા માટેનાં રૂા. ૭,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર મૂકેલ છે. તા. ૧૫-૬-૧૯૬૯ સુધીમાં પુસ્તકો આવી જશે તેવી અપેક્ષા રાખે છે.
૩.	ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ	કાનૂની વિદ્યાશાખા	૧. આચાર્યની નિમણૂક માટે થયેલ નવા નિયમ મુજબ શ્રી. કે. એચ. દેસાઈને ૬ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે. તેઓ અગાઉ ત્રણ વર્ષ ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્ય-પદે હતા. ૨. ગ્રંથપાલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી. ઍન્યુએટ વ્યાક્તને રૂ. ૨૦૦ના પગારથી ક્લાર્ક-કમ-લાઇબ્રેરિયન તરીકે કામચલાઉ ધોરણે નીમેલ છે.

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	જે અભ્યાસક્રમ માટે જોડાણ માગ્યું છે તે	કાર્યાલયની નોંધ
			૩. આચાર્યના રહેઠાણનું ક્ષેત્રફળ હજુ સુધી જણાવ્યું નથી. ૪. રૂ. ૫૦,૦૦૦ અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ હજુ સુધી આવ્યું નથી.
૪.	બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા	વિનયનની કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખાનું વધારાનું જોડાણ.	૧. વાણિજ્યના વ્યાખ્યાતા અને એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા— એમ બે જગ્યાઓ માટે એકાઉન્ટન્સી સાથે બી.કૉમ. અને એમ.કૉમ. થયેલ શ્રી. પી. જે. ઝાણાવાલાની નિમણૂક કરી છે તો ચલાવી લેવું કે નહીં તે નક્કી કરવાનું રહે. ૨. અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક જૂની હોઈ તે વિષયનો કુલ્લે કાર્યબોજ તથા તે વિષયના શિક્ષકો વચ્ચે તેની વહેંચણી કેવી રીતે કરી છે તે અંગે સ્પષ્ટતા નથી. ૩. ગ્રંથપાલને યુનિવર્સિટી આયોજિત ગ્રીષ્મ તાલીમ વર્ગમાં તાલીમ લેવા મોકલ્યા છે. ૪. વાણિજ્યની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦ની અનાવર્તક ખર્ચની શરત અંગે ચકાસણી સમિતના અહેવાલ મુજબ નીચે પ્રમાણેની હકીકત છે : રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો આવ્યાં છે. રૂ. ૩,૦૦૦નાં પુસ્તકો માટે ઑર્ડર મૂકચો છે. રૂ. ૧,૦૦૦નાં સામયિકો માટે ઑર્ડર મૂકેલો છે પરંતુ તે અંગે કોઈ સ્વીકૃતિ અથવા લવાજમ ભર્યા અંગેનો પુરાવો હતો નહીં. રૂ. ૧,૦૦૦ના સંદર્ભગ્રંથો માટે ખર્ચ કરવાનો બાકી છે.

(૧) કપડવણજ કેળવણી મંડળ, કપડવંણજ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શરતના પરિપાલન માટે આગ્રહ રાખવો.

(૨) તોલાની આર્ટ્સ કૉલેજ, આદિપુર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની જીવવિજ્ઞાનની પ્રયોગશાળા નવા મકાનમાં સુસજ્જિત કરીને તથા વિજ્ઞાનની વિદ્યાશાખા માટેનાં રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો વસાવીને તેની ત્વરિત જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું તથા ભૌતિકવિજ્ઞાનની અને રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળાઓની વ્યવસ્થા હાલ પોલિટેકનિકના મકાનમાં કરવામાં આવી છે તે ફક્ત આ સત્ર પૂરતી જ માન્ય રાખવી અને નવેંબર ૧૯૬૯થી કૉલેજના નવા મકાનમાં બેઉ વિષયોની પ્રયોગશાળાઓ સુસજ્જિત કરવામાં આવશે તેની બાંયધરી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

(૩) ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એચ. દેસાઈની નિમણૂક અગાઉ ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરીકે માન્ય કરવામાં આવી હતી તે જોતાં સદરહુ કૉલેજના આચાર્ય તરીકેની તેમની નિમણૂક મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવા માટે, આચાર્યના રહેઠાણના ક્ષેત્રફળની વિગતો મોકલવા માટે અને રૂ. ૫૦,૦૦૦ની ઋણમુક્ત અસ્કામત અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ મોકલવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું

(૪) બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય અને એકાઉન્ટન્સી—એમ બેઉ વિષયોના વ્યાખ્યાતા તરીકે શ્રી. પી. જે. દાણાવાલાની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ માન્ય કરવી. વાણિજ્યની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો-સામયિકો અંગેની શરતના પરિપાલન માટે આગ્રહ રાખવો તથા અર્થશાસ્ત્રના વિષય માટે શિક્ષકોના કાર્યબોજ અંગે જરૂરી ખાતરી કરી લેવી.

૩૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩૧-૫-૧૯૬૯ના પત્રમાં જણાવ્યા પ્રમાણે નીચેની માગણીઓ પર વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ માટે સ્ટોર્સને સ્ટોકિસ્ટ તરીકે ગણી તેની પાસેના સ્ટોકમાંથી જે વેચાણ થાય તે યુનિવર્સિટીને ચૂકવવામાં આવે અને યુનિવર્સિટી તે વેચાણ ઉપર સિન્ડિકેટે ઠરાવેલું કમિશન આપે તેવી વ્યવસ્થા કરવા બાબત.

૨. સ્ટોર્સના કામકાજ માટે હાલની જગ્યા પૂરતી ન હોવાથી નીચેની સગવડ કરી આપવા બાબત :

(૧) હાલ હિસાબ વિભાગ બેસે છે તે યુનિવર્સિટીના મકાનની પાશ્ચમ પાંખનો વચ્ચેના દરવાજાથી શરૂ કરીને પશ્ચિમ તરફનો ભોંયરા સાથેનો ભાગ સ્ટોર્સને માટે કાયમી વ્યવસ્થા થાય ત્યાં સુધી ફાજલ પાડવામાં આવે.

(૨) સ્ટોર્સને માટે કાયમી ધોરણે ગોડાઉન સહિતના મકાનના બાંધકામ માટે સ્ટોર્સનો લાભ લેનાર સૌને અનુકૂળ પડે એવી જગ્યાએ ૧૦૦૦થી ૧૫૦૦ ચોરસ વાર જેટલી જમીન યુનિવર્સિટી કેમ્પસ ઉપર સ્ટોર્સને માટે આપવામાં આવે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિમિટેડને રૂ. ૧૦,૦૦૦ની કિમંત સુધીનાં પુસ્તકો વેચાણ માટે લોન તરીકે ઍડવાન્સમાં આપવાં.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે—

(ક) યુનિવર્સિટી કાર્યાલયના મકાનની જે પાંખ(wing)માં હાલ હિસાબ વિભાગ બેસે છે અને પહેલાં ગ્રંથાલય રાખવામાં આવતું હતું તે પાંખમાં વચ્ચેના દરવાજાથી શરૂ કરીને પશ્ચિમ તરફનો ભાગ સદરહુ ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ લિમિટેડને હાલ એક વર્ષ માટે ભાડાપટ્ટેથી આપવો અને તે માટે તેની પાસેથી રૂ. ૧,૫૦૦ની રકમ માસિક બાર હપ્તામાં વસૂલ લેવી.

(**નોંધ.**—તે પાંખનો બોંયરાનો ભાગ સદરહુ સ્ટોર્સને આપી શકાય તેમ નથી એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

(ખ) સદરહુ પ્રસ્તાવ બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવો.

૩૫. **સિન્ડિકેટે તેના તા. ૧૧-૫-૧૯૬૯ના ઠરાવ ક્રમાંક ૮૭ અન્વયે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત—અંદાજી બચતમાંથી તેમના વિકાસ માટે જે પેટ આર્થિક સહાય આપવા અંગેના મંજૂર કરેલા નિયમોમાં જરૂરી સુધારો કરવા અંગેના આદેશ અનુસાર સદરહુ નિયમોમાં જરૂરી સુધારો જણાવી તે માટેનો મુસદ્દો નીચે પ્રમાણે તૈયાર કરેલ છે અને તેથી સુધારેલા નિયમો નીચે પ્રમાણે વંચાશે :**

નિયમો

(૧) અનુસ્નાતક કેન્દ્રો પોતાની ચાલુ વર્ષથી અંદાજી બચત **તથા ચાલુ વર્ષના તુરતના અગાઉના વર્ષની** બચતમાંથી તેમના વિકાસ માટે, વધુમાં વધુ બચતના ૫૦ ટકા જેટલી રકમ સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે. વર્ષ આખરે ખરેખર રહેલી બચત જોઈને આ રકમ ઍડજસ્ટ કરવાની રહેશે.

(૨) કેન્દ્રો, આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી માટે **કે અનુસ્નાતક કેન્દ્રોના** મકાન માટે વાપરી શકશે; પરંતુ આ રકમ લેબોરેટરીના કેમિકલ્સ, ગ્લાસવેર, બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ, ફર્નિચર કે લાઇબ્રેરીનાં કબાટો માટે વાપરી શકશે નહિ.

(૩) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ [redacted] તથા મકાન અંગેનું રજિસ્ટર રાખી તેમાં નોંધણી કરી વર્ષ આખરે તેની [redacted] યુનિવર્સિટીને મોકલવાની રહેશે. **તથા મકાન માટે આવી રકમ વાપરવામા [redacted] હશે તો તે મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે.**

(૪) આવાં મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો/મકાન યુનિવર્સિટીને સુપ્રત કરવાનાં રહેશે.

(૫) આવાં પુસ્તકો/સાધનો/મકાન બીજાં કોઈ કેન્દ્ર/કૉલેજોને કે કોઈ સંસ્થાને યુનિવર્સિટીની મંજૂરી મેળવ્યા સિવાય ટ્રાન્સફર કરી શકાશે નહિ.

(૬) ઉપરની શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જો બીજી કોઈ મદદ મળનાર હોય તો તેના મૅચિંગ શેર તરીકે પણ વાપરી શકાશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૩૬થી ૪૬ અને ૪૮ થી ૫૩ સુધીની વિચારણા બાબત નં. ૫૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નંબર ૫૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૪. ડીસા, નગરપંચાયત ડીસા તરફથી ડીસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ અંગે સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા મુજબ મજકૂર કૉલેજને જૂન ૧૯૬૯થી આપવાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પાલનમાં રહેલ ક્ષતિઓ અંગે મજકૂર સંસ્થા તરફથી આવેલ પૂરક માહિતી અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિગત	પૂરક માહિતી
૧.	સદરહુ કૉલેજ માટે શરત મુજબ શિક્ષકોની જગ્યાઓ ઊભી કરવાની બાબતમાં જિલ્લા પંચાયતની મંજૂરી મેળવવામાં આવે.	આ અંગેની કાર્યવાહી ચાલુ છે.
૨.	વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦ની કિંમતનાં પુસ્તકોની ખરીદી કરવામાં આવી છે તેની ખાતરી કરવામાં આવે.	વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં છે.
૩.	સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે કૉલેજનું બાકી રહેલું બાંધકામ પૂરું કરવામાં આવે.	આ વર્ષે પ્રી-યુનિ.ના જ વર્ગો શરૂ કરવાના હોઈ વધારાના બાંધકામની જરૂર રહેશે નહીં.
૪.	નગર[illegible]તની અસ્કામતો અને તેની અંદાજી કિંમત[illegible] રજૂ કરવામાં આવે.	નગરપંચાયતની પાસે રૂ. ૩૪,૪૯,૦૦૦ની મિલકત છે. તથા રૂ. ૯૪,૩૩૭ની રોકડ રકમ છે.

(**નોંધ.**—સંસ્થાએ મોકલેલા શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં મજદૂર સંસ્થા પાસેથી નીચે જણાવ્યા મુજબની માહિતી મગાવવામાં આવી છે તે હજુ સુધી આવી નથી:

૧. ઇતિહાસ અને રાજ્યબંધારણના વ્યાખ્યાતા શ્રી. બી. એસ. જોષી નિયમ મુજબ લાયકાત ધરાવતા નહીં હોવાથી તેઓની જગ્યાએ બીજા યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવી.

૨. કૉમર્સના વ્યાખ્યાતા શ્રી. એમ. એમ. મોદી અંગે માહિતી મોકલવી.

૩. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવી.

૪. છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીને માટે વ્યવસ્થા કરી છે તથા ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપ્યા અંગેની માહિતી મોકલવી.

૫. આચાર્યશ્રીને આપેલ રહેઠાણનું ક્ષેત્રફળ જણાવવું.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને જણાવવું કે જોડાણની શરત મુજબ શિક્ષકોની જગ્યાઓ ઊભી કરવાની બાબતમાં જિલ્લા પંચાયતની મંજૂરી મેળવીને ત્વરિત રજૂ કરવી.

(૨) ઇતિહાસ અને રાજ્યબંધારણના વિષયો માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની અને ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે; અને

(૩) વાણિજ્યના વ્યાખ્યાતા અંગેની માહિતી, છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓની વ્યવસ્થા કરી છે તથા ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપ્યા અંગેની માહિતી તથા આચાર્યશ્રીને આપેલ ભાડામુક્ત રહેઠાણના ક્ષેત્રફળ અંગેની માહિતી મોકલવામાં આવે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૫૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૫. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૧૨ જૂન ૧૯૬૯ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાત રાજ્યની એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર કર્યા સિવાય જે વિદ્યાર્થીઓએ એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં પ્રી-યુનિ. વિનયનના વર્ગમાં જોડાયા પછી તે પરીક્ષામાં બેસીને જે વર્ષે તેમાં ઉત્તીર્ણ થાય તે જ શૈક્ષણિક વર્ષમાં કે તે પહેલાં એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય પસાર કરેલો હોય તો તેમને આ યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા માટે ભલામણ કરવામાં આવે છે.

(૨) જૂન ૧૯૬૮થી સુધારેલો સ્ટે. ૧૭૩ અમલમાં આવ્યો છે તેના સંદર્ભમાં જે વિદ્યાર્થીઓ માર્ચ ૧૯૬૭ કે તે પહેલાં ગુજરાત રાજ્યની એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં તે વર્ષે પ્રી-યુનિ. વિજ્ઞાનના વર્ગમાં જોડાવાને પાત્ર હતા તે પૈકી કોઈ વિદ્યાર્થીઓએ તે જ વર્ષે અન્ય યુનિવર્સિટીના પ્રી-યુનિ. સાયન્સના વર્ગમાં દાખલ થઈને તે પરીક્ષા પાસ કરી હોય અને તે પરીક્ષા આ યુનિવર્સિટીએ માન્ય કરેલી હોય,

તો તેમને આ યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં કે બી.ઈ. ૧ના વર્ગમાં કે ડિપ્લોમા ઇન ફાર્મસીના પહેલા વર્ષના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું, એમ ભલામણ કરવામાં આવે છે.

(૩) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય ગણવા બાબતમાં ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓના અધ્યક્ષોને વિગતે તપાસીને પોતાનો અભિપ્રાય આપવા જણાવવું.

દરમ્યાન ચાલુ વર્ષ પૂરતી ભલામણ કરવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ સદરહુ પરીક્ષા હાયર મૅથેમેટિક્સ સાથે પસાર કરી હોય તેમને આ યુનિવર્સિટીના એફ.વાય.બી.એસસી. કે બી.ઈ. ૧ના કે ડિપ્લોમા ઇન ફાર્મસીના પ્રથમ વર્ષના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું. હાયર મૅથેમેટિક્સનો વિષય લીધા વિના તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને તેમના ઐચ્છિક વિષયોના અનુલક્ષમાં અને તે મુજબ એફ.વાય.બી.એ. કે એફ.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સ્પષ્ટતા કરવામાં આવી કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરી છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૬. અર્થશાસ્ત્ર-આંકડાશાસ્ત્ર સાથે પ્રથમ વર્ષ બી.એ.માં પાસ થનાર વિદ્યાર્થીની વાલીની સરકારે નડિયાદ બદલી કરતાં, વિનયન કૉલેજમાં આંકડાશાસ્ત્રનો વિષય શીખવાતો ન હોઈ, વિજ્ઞાન કૉલેજના શિક્ષકોનું માર્ગદર્શન આપવાની વ્યવસ્થા અપવાદ તરીકે મંજૂર કરવા સી. બી. આર્ટ્સ કૉલેજ, નડિયાદના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ કેસમાં અપવાદ તરીકે મજકૂર વિદ્યાર્થીને પોતાનો ગૌણ વિષય બદલવા માટે પરવાનગી આપવી.

૫૭. પોતાની પસંદગીના વિષયો સાથે એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થી શ્રી. નિસેફરા રોડરીઝને પ્રશિષ્ટ ભાષા ફ્રેન્ચ ખાનગી રાહે શીખવા પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૮. સિન્ડિકેટે તેની તા. ૨૧-૫-૧૯૬૯ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર રાખેલ હોવાથી તે અનુસાર તબીબી

વિદ્યાશાખાના અનુસ્નાતક પદવીના અભ્યાસમાં વિદ્યાર્થીને દાખલ કરવા માટે નિયમ ૧(ઈ) નીચે મુજબ ચંચાય તે રીતે ઉમેરવા વિચારણા કરવા બાબત:

P.-G. Rule No. 1 (e) :

"In case of the post-graduate degree courses prescribed under the Faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher at a time shall not exceed one per year."

[નોંધ.—મૂળ ઠરાવમાં શિક્ષક દીઠ નોંધવાના વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષ માટે છે તે સરતચૂકથી મુકાયેા નથી. નિયમના મુસદ્દામાં એ શબ્દ (per year) ઉમેરી લીધેા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પોસ્ટ-ગ્રેજ્યુએટ રૂલ નં. ૧ (ઈ) મંજૂર કરવેા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવેા.

૫૯. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણેા મંજૂર રાખ્યા અનુસાર વિજ્ઞાનના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે સ્નાતક પરીક્ષાના થિયરીના જ ગુણ ધ્યાનમાં લેવાનું ઠરાવ્યું છે તેને બદલે થિયરી ઉપરાંત પ્રાયેાગિક કાર્યમાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણ ધ્યાનમાં લેવામાં આવે તે રીતે આ ઠરાવ સુધારવાના ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી તથા ડૉ. એમ. એન. દેસાઈના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું.

૬૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૬. નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટમાં સ્થાપવામાં આવેલ આ યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કેન્દ્રના વિકાસ અર્થે ચેાથી પંચવર્ષીય યેાજના હેઠળ પુસ્તકેા અને સામયિકેા વસાવવા માટે રૂ. ૪૦,૦૦૦નેા પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યેા છે, તેની સામે કૉલેજે 'મેચિંગ શેર' તરીકે ખર્ચવાના રૂ. ૧૦,૦૦૦ આ કેન્દ્રે યુનિવર્સિટીમાં જમા કરાવેલ બચતની રકમમાંથી આપવાની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૩૭. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને ચેાથી પંચવર્ષીય યેાજના હેઠળ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે પુસ્તકેા, સામયિકેા અને સાધનેા માટે મળનાર રકમ રૂ. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય સામે મેચિંગ શેર તરીકે રૂ. ૬૨,૫૦૦ની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૩૮. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો ખરીદ કરવા રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મળેલું છે, તેની સામે કૉલેજે આપવાના મૅચિંગ શૅર પેટે વર્ષ ૧૯૬૭-૬૮ની બચત રૂ. ૭,૯૪૭-૩૦ પૈસા ખર્ચવાની માગણી ઉપરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂ. ૪,૦૦૦ ખર્ચવા તથા વર્ષ ૧૯૬૮-૬૯ની અંદાજી બચતમાંથી રૂ. ૪,૦૦૦ ખર્ચવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરેલી તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મજકૂર કૉલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મળનાર છે, તે પેટે કૉલેજે અનુસ્નાતક કેન્દ્રની બચતનો ઉપયોગ કરવા માટે માગણી કરેલી છે.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનુદાન મળે તો અનુસ્નાતક કેન્દ્રની બચતનો ઉપયોગ કરવા માટે જે નિયમો ઘડેલા તેની ફેરવિચારણા કરી નવેસરથી નિયમો ઘડવા એમ સિન્ડિકેટે ઠરાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં પ્રથમ વર્ષ બી.એ.માં અર્ધમાગધી વિષય શીખવવામાં આવતો હોવા છતાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા સિવાય શૈક્ષણિક કાર્ય ચલાવ્યું હોઈ, તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—અર્ધમાગધીના કુલ ૬ તાસ હતા, જે સંસ્કૃતના અધ્યાપકો શ્રી. એમ. એન. બ્રહ્મા તથા શ્રી. ડી. સી. દવે વચ્ચે સરખે હિસ્સે વહેંચાયેલા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની વરણીસમિતિના સભ્ય શ્રી. ઈ. આઈ. જ્યૉર્જ અને શ્રી. એ. કે. પી. સિંહાએ તા. ૧૮-૩-૧૯૬૮ના રોજ તે અંગેની વરણીસમિતિની સભામાં હાજર રહેવા માટે કુલપતિશ્રીના આદેશથી હવાઈ મુસાફરી કરી તેના ખાસ કેસ તરીકે તેઓને દરેકને રૂ. ૩૦નું ઇન્સિડેન્ટલ ભથ્થું આપ્યાના;

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં ક્રમાંક નં. ૨૫થી એફ.બી.એ., એસ.બી.એ., ટી.બી.એ., એમ.એ., ભાગ ૧ તથા એમ.એ., ભાગ ૨ની ગૃહવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાઓના ખર્ચ તરીકે વિદ્યાર્થી દીઠ રૂ. ૩-૦૦ લેખે ઉચક રકમ સંબંધકર્તા કૉલેજને આપવા ઠરાવ્યું છે, પરંતુ આ ઠરાવનો અમલ ઑક્ટોબર ૧૯૬૯ના બદલે ઑક્ટોબર ૧૯૭૦થી કરવો તેમ ભૂલથી છપાયેલું છે તો આ છાપભૂલ સુધારી લીધાના;

(૩) સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯નો સભાએ એમ.બી.,બી.એસ.ની પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકન અંગેના રેગ્યુ. ૧૬૫, ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૭ અને ૧૭૯ને તાત્કાલિક અમલમાં લાવવા ઠરાવ્યું હતું તેને બદલે મજકૂર રેગ્યુલેશનોને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૧. Board for Production of Literature in Indian languages for use as media of instruction at the University stage ના વિષય પર ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ પત્રાંક ટી.ઈ.એમ. ૨૬૬૫-ખ, તા. ૧૬મી મે ૧૯૬૯ મુજબ થયેલ ઠરાવની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. "આબીગામીન" પર્વતના પ્રવાસે તા. ૨-૬-૧૯૬૯થી તા. ૧૬-૭-૧૯૬૯ સુધીના સમય માટે જનાર ટુકડીમાં મ્યુનિસિપલ મેડિકલ કૉલેજમાં હાઉસમૅનશિપ કરી રહેલ શ્રી. સુધાંશુ ભટ્ટાચાર્યની તબીબી અધિકારી તરીકે ગુજરાત રાજ્યની સ્ટેટ કાઉન્સિલ ઑફ સ્પૉર્ટ્સે નિમણૂક કરી હોઈ, સદરહુ સમયની તેમની કામગીરી હાઉસમૅનશિપના ભાગ તરીકે ગણવા અંગેનો ગુજરાત રાજ્યની સ્ટેટ કાઉન્સિલ ઑફ સ્પૉર્ટ્સના સેક્રેટરીના તા. ૩૦-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સુધાંશુ ભટ્ટાચાર્યના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તેમના રોટેટિંગ હાઉસમૅનશિપના કુલ ૪૫ દિવસની ગેરહાજરી માફ કરવી અને તે સમય એડજસ્ટ કરવા માટે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૩. સને ૧૯૬૯ના બીજા છ માસમાં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની ઑર્ડિ. ૧૨૯ મુજબ આવતી શરૂ થવાની તારીખોને બદલે કાર્યાલયે સૂચવેલ તારીખો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ શરૂ કરવા માટેની કાર્યાલયે સૂચવેલી તારીખો મંજૂર કરવી.

(કાર્યાલયે સૂચવેલ તારીખોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો અને નિરીક્ષકોના કેસો ઉપર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ધલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૬-૬-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬-૬-૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ.—સદરહુ સમિતની તા. ૬-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૪૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જરૂર પડયે પ્રાશ્નિક-પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૬. સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. પી. એન. શેઠને પેન્સિલવેનિયા યુનિવર્સિટી(યુ.એસ.એ.)માં એમ.એ.નો અભ્યાસ કરવા માટે તા. ૧૬-૮-૧૯૬૯થી તા. ૧૪-૮-૧૯૭૦ સુધીની અભ્યાસ-રજા પૂરા પગારે આપવા અંગે તેઓની તા. ૪-૬-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એન. શેઠની પેન્સિલવેનિયા યુનિવર્સિટી(યુ.એસ.એ.)માં એમ.એ.નો અભ્યાસ કરવા માટે તા. ૧૬-૮-૧૯૬૯થી તા. ૧૪-૮-૧૯૭૦ સુધીની રજાઓ ખાસ રજાઓ તરીકે નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી એક વર્ષ માટે તેમને માસિક રૂા. ૪૦૦નું વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહિ.

(૨) એક વર્ષની અભ્યાસ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) એક વર્ષની તેમની અભ્યાસ-રજાની મુદ્દતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાની રહેશે.

૪૭. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૯, ૬૦ અને ૩૨ પછી કરવામાં આવેલ હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન ઝૂલોજી તરીકે કામ કરતા ડૉ. એમ. એસ. દુબલેને નેશનલ કાઉન્સિલ ફૉર સાયન્સ એજ્યુકેશનના ઉપક્રમે ત્રણ માસ માટે અમેરિકા જવા માટે અમદાવાદથી દિલ્હી જવાઆવવા માટેનું ખર્ચ યુનિવર્સિટી ભોગવે તે અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ-૫-૨-૬૯(એસગ્માઈ), તા. ૨-૬-૧૯૬૯ ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં ઉપરોક્ત નિમંત્રણ માટે ત્રણ માસની અભ્યાસ-રજા માસિક રૂ. ૯૦૦ના વેતનથી મંજૂર કરેલ છે.

(૨) અમદાવાદથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદનું રેલવેનું પ્રથમ વર્ગનું ભાડું રૂ. ૧૬૧-૩૦ પૈસા તથા રૂ. ૩૨ ઇન્સિડેન્ટલ ખર્ચ—એમ કુલ રૂ. ૧૯૩-૩૦ પૈસા અંદાજી ખર્ચ થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને સદરહુ બાબત અંગે રૂ. ૨૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૪૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્લબને સને ૧૯૬૯ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ ક્લબના સામાન્ય મંત્રીના તા. ૯-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૬-૬-૧૯૬૮ની સભામાં ૧૯૬૮ના વર્ષ માટે સદરહુ ક્લબને રૂ. ૨,૦૦૦(બે હજાર)ની આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્લબને સને ૧૯૬૯ના વર્ષ માટે રૂ. ૨,૫૦૦(અઢી હજાર)ની રકમ આર્થિક સહાય તરીકે આપવી.

૫૦. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની સહાયથી યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના તથા એ. જી. ટીચર્સ કૉલેજના ઉપક્રમે ૧૯૬૯ના મે-જૂનમાં યોજનાર ગણિતશાસ્ત્રના વિષયમાં ટ્રેનિંગ કૉલેજના શિક્ષકો માટેની ગ્રીષ્મ સંસ્થામાં વધારાની સેવાઓ આપવા તથા તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે નીચે જણાવેલ કર્મચારીઓને પરવાનગી આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૪-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	હોદ્દો	મહેનતાણાની રકમ રૂ.	કુલ માસિક મૂળ પગાર રૂ.
૧.	શ્રી. પી. સી. વૈદ્ય	પ્રોફેસર	૫૦૦	૧,૩૬૦
૨.	શ્રી. ડી. એસ. બસન	રીડર	૫૦૦	૮૫૦
૩.	શ્રી. એ. એમ. વૈદ્ય	લેક્ચરર	૫૦૦	૬૪૦
૪.	શ્રી. આઈ. એચ. શેઠ	લેક્ચરર	૫૦૦	૪૪૦
૫.	શ્રી. એચ. એન. રાવલ	રીડર	૨૦૦	૯૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રીષ્મ સંસ્થામાં સેવાઓ આપવા માટે ઉપર જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ મહેનતાણાની રકમ સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૧. અર્થશાસ્ત્ર અને ભૂગોળના વિષયો સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એફ.વાય.-બી.એ.ની પરીક્ષા પસાર કરી પિતાની બદલીને કારણે અમદાવાદ આવેલ વિદ્યાર્થિનીને તેના તે વિષયો હોય તેવી એકમાત્ર કૉલેજ(એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ)માં નિયત વિદ્યાર્થી-સંખ્યા પૂરેપૂરી થઈ ગઈ હોવાને કારણે પ્રવેશ ન મળતો હોવાથી ખાસ કેસ તરીકે પ્રવેશ આપવા અથવા તો ગૌણ વિષય બદલવા માટે છૂટછાટ આપવા અંગેની વિદ્યાર્થિનીના વાલી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તે કેસમાં સદરહુ વિદ્યાર્થિનીને અપવાદ તરીકે પોતાનો ગૌણ વિષય બદલવા માટે પરવાનગી આપવી.

૫૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલ હોવાથી તે અંગે આગળ ઘટતી વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક કૉલેજને કે પૂર્ણસમયનાં કેન્દ્રોની વ્યવસ્થા અસ્તિત્વમાં આવે ત્યાં સુધી દરેક અનુસ્નાતક કેન્દ્રમાં યુનિવર્સિટીના વિદ્યાભવનના લેક્ચરરની કક્ષાના એક પૂરા સમયના શિક્ષકની નિમણૂક કરવાના સૂચનનો આ સમિતિ સૈદ્ધાન્તિક રીતે સ્વીકાર કરે છે તથા તે અંગે ઘટતી વ્યવસ્થા વિચારવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૬૯થી જોડાણ અંગે આવેલ શરતોના પરિપાલનના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કૉલેજે હજુ સુધી યુનિવર્સિટીનાં પગારધોરણ અપનાવ્યાં નથી અને યુ.જી.સી.નાં પગારધોરણ અમલમાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજના શિક્ષકોને માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પગારધોરણના અમલનો આગ્રહ રાખવો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૬૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના લેક્ચરર તરીકે નિમાયેલ ડૉ. જે. ડી. તલાટીએ સદરહુ નિમણૂક પોતે સ્વીકારી હતી તેમ છતાં હવે તેઓ તે નિમણૂક સ્વીકારવા ઇચ્છતા નથી તેમ જણાવતા તેમના તા. ૧૨-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના લેક્ચરર ડૉ. જે. ડી. તલાટીની નિમણૂક રદ કરવી તથા તેમની જગ્યાએ વરણીસમિતિની તા. ૯-૫-૧૯૬૯ અને તા. ૧૦-૫-૧૯૬૯ની સભાની ભલામણોને અનુસરીને કુ. મૃણાલિની એચ. ગાંધીની નિમણૂક રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ક્રમાંક સિ./ ૧૧૬૭૮/૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૧-૭-૧૯૬૯.

ફં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮

યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના રીડરની નિમણૂક કરવા માટે ઉમેદવારોની ભલામણ કરવા અંગે વરણી સમિતિની એક સભા મંગળવાર, તા. ૨૭-૫-૧૯૬૯ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ લીધું હતું.

સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. સુંદરજી બેટાઈ	હાજર
૩. ડૉ. કે. બી. વ્યાસ	હાજર
૪. શ્રી. મનસુખલાલ ઝવેરી	હાજર
૫. શ્રી. બી. જે. સાંડેસરા	હાજર.

મુલાકાત માટે નીચેના સાત ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. બિપિનચંદ્ર જે. ઝવેરી	હાજર
૨. શ્રી. શિવલાલ ટી. જેસલપુરા	ગેરહાજર
૩. શ્રી. રમણલાલ જે. જોશી	હાજર
૪. શ્રી. જે. એસ. કોઠારી	હાજર
૫. શ્રી. ડી. એમ. માસ્તર	ગેરહાજર
૬. શ્રી. જે. એચ. પાઠક	ગેરહાજર
૭. શ્રી. એન. પી. વ્યાસ	હાજર.

ઉમેદવારોની મુલાકાત લીધા પછી તેઓની લાયકાત અને અનુભવો ધ્યાનમાં લઈ સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો :

"રીડરની જગ્યા પર નિમણૂક માટે અમને સર્વાનુમતે નીચેના ઉમેદવારો લાયક જણાયા છે અને તેમનાં નામો પસંદગીક્રમે નીચે પ્રમાણે છે :

૧. શ્રી. રમણલાલ જે. જોશી
૨. શ્રી. જયંતિલાલ એસ. કોઠારી."

શ્રી. જોશીએ તેમને શરૂઆતનો મૂળ માસિક પગાર વધુ આપવા વિચારણા કરવા વિનંતી કરી હતી.

ઉમાશંકર જોશી
સુંદરજી બેટાઈ
મનસુખલાલ ઝવેરી
બી. જ. સાંડેસરા
કે. બી. વ્યાસ.

પરિશિષ્ટ "અ"
કાર્યક્રમ ક્રમાંક ૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Zoology in University School of Sciences was held on Friday, 23–5–1969, at 12–00 Noon at the office of the Gujarat University, Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding :

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Dr. D. V. Bal	Present
3. Dr. N. M. Murti	Present
4. Dr. Krishnaswami	Present
5. Prof. B. V. Rangnekar	Present.

The following candidates appeared for interview :

1. Shri Vinodkant C. Shah
2. Shri M. S. Duble.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved to recommend as under :

" The Committee is of the unanimous view that Dr. M. S. Dubale is most suitable in view of his research work and successful research, guidance and long teaching and administrative experience.

The Committee considers Dr. Shah also suitable and puts him as second in order of prefernce.

Both the candidates have requested for a higher initial salary. We leave it to the University Authorities. "

U. J. Joshi
D. V. Bal
N. M. Murti
Dr. Krishnaswami
B. V. Rangnekar.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૩

ક્રમાંક	પરીક્ષાનું નામ	એ.ા. ૧૨૯ મુજબ આવતી શરૂ થવાની તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૧.	પ્રી-યુનિ. આર્ટ્સ (એકસ્ટર્નલ)	૧૩-૧૦-૧૯૬૯	૧૬-૧૦-૧૯૬૯
૨.	ફર્સ્ટ બી.એ. (એકસ્ટર્નલ)	૨૭-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૩.	સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ)	૧૩-૧૦-૧૯૬૯	૧૬-૧૦-૧૯૬૯
૪.	થર્ડ બી.એ. (એકસ્ટર્નલ અને રેગ્યુલર)	૨૭-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૫.	થર્ડ બી.એસસી.	૨૦-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૬.	થર્ડ બી.કોમ.	૨૦-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૭.	એફ.વાય. ફાર્મસી (ડિપ્લોમા)	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૮.	ઇન્ટર ફાર્મસી (ડિપ્લોમા)	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૯.	ફર્સ્ટ બી.ફાર્મ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૦.	સેકન્ડ બી.ફાર્મ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૧.	ફાઇનલ બી.ફાર્મ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૨.	એમ.ફાર્મ	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૩.	પહેલી એલએલ.બી. (નવો કોર્સ)	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૪.	બીજી એલએલ.બી. (જૂનો અને નવો કોર્સ)	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૫.	પહેલી એમ.બી., બી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૬.	બીજી એમ.બી., બી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૭.	ત્રીજી એમ.બી., બી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૮.	પહેલી બી.ડી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૧૯.	બીજી બી.ડી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૨૦.	ત્રીજી બી.ડી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૨૧.	ફાઇનલ બી.ડી.એસ.	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૨૨.	એમ.ડી.એસ., ભાગ ૧	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૩.	બી.એસસી. (મેડિકલ)	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૪.	એમ.એસસી. (મેડિકલ)	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૫.	એમ.ડી	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૬.	એમ.એસ.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૭.	ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૨૮.	ડી.એમ.આર.ઈ.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯

ક્રમાંક	પરીક્ષાનું નામ	એ. ૧૨૯ મુજબ આવતી શરૂ થવાની તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૨૯.	ડી.જી.ઓ.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૦.	ડી.ઓ.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૧.	ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૨.	ડી.પી. એન્ડ ડી.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૩.	ટી.ડી.ડી.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૪.	ડી.એલ.ઓ.	૬-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૩૫.	એસ.ઈ. (સિવિલ મિકેનિકલ એન્ડ ઇલે.) (જૂનો કોર્સ)	૨૦-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૩૬.	બી.ઈ. (સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેકટ્રકલ)	૨૦-૧૦-૧૯૬૯	૨૭-૧૦-૧૯૬૯
૩૭.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૨૦-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૩૮.	પીએચ.ડી. (ટ્રાન્સ. ટેસ્ટ)	૧૩-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૩૯.	ફસ્ટ બી.એસસી. (નર્સિંગ)	૧૩-૧૦-૧૯૬૯	૧૩-૧૦-૧૯૬૯
૪૦.	બી.ઈ. ૧ (સિવિલ, મિકેનિકલ, ઇલે., કેમિ. એન્જિ.)	૨૦-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૪૧.	બી.ઈ. ૨	૨૦-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૪૨.	બી.ઈ. ૩	૨૦-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૪૩.	બી.ઈ. ૪	૨૦-૧૦-૧૯૬૯	૨૧-૧૦-૧૯૬૯
૪૪.	બી.ઈ. ૧ (સેમેસ્ટર)	—	૨૧-૧૦-૧૯૬૯

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ.

G.U.P.311-450-7-69

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની સભા રવિવાર, તા. ૬–૭–૧૯૬૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૭-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. લ. ન. શાહ, નાયબ શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રાજેન્દ્રરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર

૧. તા. ૧૪-૬-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૪-૬-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી કેટલાક સભ્યોની માગણી પરથી અને સભાગૃહની સંમતિથી નીચેની બે બાબતો નં. ૧-અ અને ૧-બ રજૂ કરવામાં આવી :

૧--અ. એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની તા. ૨૪-૬-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧--બ. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરીની પરીક્ષાની માન્યતા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં નીચે મુજબની સમકક્ષતા માન્ય રાખી છે તે અંગે પુનર્વિચારણા કરવા માટે હાઈ પાવર કમિટી, અમદાવાદના અધ્યક્ષ વતી શ્રી. આર. વી. રામસ્વામીના તા. ૩-૭-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

"સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય ગણવા બાબતમાં ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓના અધ્યક્ષોને વિગતે તપાસીને પોતાનો અભિપ્રાય આપવા જણાવવું. દરમિયાન ચાલુ વર્ષ પૂરતી ભલામણ કરવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ સદરહુ પરીક્ષા હાયર મૅથેમેટિક્સ સાથે પસાર કરી હોય તેમને આ યુનિવર્સિટીના એફ.વાય. બી.એસસી. કે બી.ઈ.-૧ના કે ડિપ્લોમા ઇન ફાર્મસીના પ્રથમ વર્ષના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું. હાયર મૅથેમેટિક્સનો વિષય લીધા વિના તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને તેમના ઑપ્શનલ વિષયોના અનુલક્ષમાં અને તે મુજબ એફ.વાય.બી.એ. કે એફ.વાય.બી.કોમ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા ગણિતનો વિષય લીધા વિના પસાર કરી હોય તે વિદ્યાર્થીઓને નીચેની શરતોએ એફ.વાય.બી.એસસી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા :

(૧) સદરહુ વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં ગણિતના વિષયમાં, તેઓ એફ.વાય.-બી.એસસી.ની પરીક્ષામાં બેસે તે મોસમમાં કે તે પહેલાં બેસીને પાસ થવું આવશ્યક રહેશે;

(૨) સદરહુ વિદ્યાર્થીઓ પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં ગણિતના વિષયમાં ઉત્તીર્ણ થાય નહીં ત્યાં સુધી તેમનું એફ.વાય.બી.એસસી.નું પરિણામ અનામત રાખવામાં આવશે; અને

(૩) જો સદરહુ વિદ્યાર્થીઓનું એફ.વાય.બી.એસસી.નું પરિણામ ઉપર શરત નં. (૨) મુજબ અનામત રાખવામાં આવ્યું હોય તો તે વિદ્યાર્થીઓએ પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં ગણિતના વિષયમાં પરિણામ અનામત રાખ્યાની તારીખથી વધુમાં વધુ બે વર્ષની મુદતમાં પાસ થવું આવશ્યક રહેશે અને જો તેઓ તે મુદત દરમિયાન પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ગણિતના વિષયમાં ઉત્તીર્ણ થશે નહીં તો તેમનું અનામત રાખેલું પરિણામ રદ કરવામાં આવશે.

૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. એ. એમ. ત્રિવેદીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૬-૮-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૭-૮-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. એ. એમ. ત્રિવેદીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એ. એમ. ત્રિવેદીને વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તા. ૭-૮-૧૯૬૯થી કાયમ કરવા.

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. સબકસિંગ પી. ઝાલાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૭-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૭-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ચોકીદાર શ્રી. સબકસિંગ પી. ઝાલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. સબકસિંગ પી. ઝાલાનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૪. Indian Sociological Society તરફથી નવેંબર ૨૨થી ૨૫, ૧૯૬૯ના સમય દરમિયાન Indian Institute of Technologyના નેજા હેઠળ All-India Sociological Conferenceનું નવમું અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર હોઈ તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્યા ઊર્મિલાબહેન પટેલને મોકલવાં અને સંજોગવશાત્ આચાર્યા ઊર્મિલાબહેન પટેલ સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા ન જઈ શકે તેમ હોય તો તેમને બદલે ડૉ. સુધાબહેન દેસાઈને મોકલવાં.

૫. ઑલ-ઇન્ડિયા હિંદુ લૉ રિસર્ચ ઍન્ડ રિફૉર્મ ઍસોસિયેશન, મુંબઈનો સુવર્ણચંદ્રક દર વર્ષે બીજી એલએલ.બી. પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર અને હિંદુ લૉ પેપરમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને એનાયત કરવાનો હોય છે. બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમમાં હિંદુ લૉ અને મુસ્લિમ લૉ બંનેનો એક ભેગો પેપર હોઈ, ચાલુ વર્ષે બીજી એલએલ.બી. જૂના અભ્યાસક્રમના હિંદુ લૉ પેપરમાં સૌથી વધારે ગુણાંક મેળવનાર પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષે આ ચંદ્રક જૂના અભ્યાસક્રમમાં આપવા માટે લૉ ફેકલ્ટીના ડીનશ્રી આચાર્ય એમ. એસ. પંડિતનું મંતવ્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ માટેનો સદરહુ સુવર્ણચંદ્રક જૂના અભ્યાસક્રમ પ્રમાણે બીજી એલએલ.બી.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ ગુણાંક મેળવતા વિદ્યાર્થીને આપવાનો રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચન્દ્રક ભવિષ્યમાં આપવા અંગે શો નિયમ રાખવો તે બાબતમાં ધારાશાસ્ત્રની વિદ્યાશાખાને પોતાનો અભિપ્રાય આપવા જણાવવું.

૬. જૂન ૧૯૬૯થી અમલમાં આવતી નવી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોમાં ખોલવામાં આવનાર આરોગ્યકેન્દ્રોની તપાસ કરવા સમિતિ નીમવા બાબત.

[નોંધ.—(૧) આ માટે તા. ૬-૭-૧૯૬૮ની સિન્ડિકેટમાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આવા આરોગ્યકેન્દ્રની તપાસ સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિ દ્વારા યુનિવર્સિટી તરફથી કરાવવાનું રાખવું.

(૨) ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પર નિમણૂક થાય નહિ ત્યાં સુધી આર.એમ.ઓ / સી.એમ.ઓ. અને ચાર્જ સંભાળતા ડૉક્ટર માટે તપાસ કરવા જવું શક્ય નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ચાલુ વર્ષ દરમિયાન જે આરોગ્યકેન્દ્રો ખોલવામાં આવે તેની તપાસ કરવા અંગે એક કે વધુ સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગેની તપાસસમિતિના અહેવાલના નીચે દર્શાવેલ સૂચન ૮ પર તથા સિન્ડિકેટની તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલય તરફથી તે અંગે કરવામાં આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
૮. કેન્દ્ર ઉપરની ઉત્તરવહીઓ જે તે પરીક્ષકને રવાના થાય છે તેને બદલે ઉત્તરપત્રો હેડ-ક્વાર્ટર્સ પર મંગાવી લેવા અને તમામ પરીક્ષકોને હેડક્વાર્ટર્સ પર ભેગાવી પરીક્ષણ માટેનું કામ યુનિવર્સિટીએ જ સુપરત કરવાનું રાખવું.	૮. પરીક્ષકો-મોડરેટરોને રહેવાજમવા વગેરેની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડે તે જોતાં આ સૂચન સ્વીકારવા જેવું જણાતું નથી તેવું સમિતિનું સૂચન જે સિન્ડિકેટ સમક્ષ મૂકવું તે સાથે કાર્યાલય સંમત છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પરીક્ષા વિભાગની નોંધ સાથે સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે ફરીથી રજૂ કરવાનું રાખવું.

૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૧-૧-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલી હોવાથી તે અંગે આગળ ઘટતી વિચારણા કરવા બાબત.

"અનુસ્નાતક કૉલેજો કે પૂર્ણ સમયનાં કેન્દ્રોની વ્યવસ્થા અસ્તિત્વમાં આવે ત્યાં સુધી દરેક અનુસ્નાતક કેન્દ્રમાં યુનિવર્સિટીના વિદ્યાભવનના લેક્ચરરની કક્ષાના એક પૂરા સમયના શિક્ષકની નિમણૂક કરવાના સૂચનનો આ સમિતિ સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરે છે તથા તે અંગે ઘટતી વ્યવસ્થા વિચારવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં સ્થાપવામાં આવેલા હિંદી વિષયના અનુસ્નાતક કેન્દ્રના વડા શ્રી. એચ. એમ. શુકલ મજકૂર કૉલેજમાંથી ફારેગ થતા હોવાથી તેમની જગ્યાએ તા. ૧૬-૬-૧૯૬૯થી આચાર્યશ્રી ડી. એસ. જોશીની હિંદી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં સ્થાપવામાં આવેલા હિન્દીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એચ. એમ. શુકલને બદલે આચાર્ય ડી. એસ. જોશીને નીમવા.

૧૦. તા. ૨૦-૬-૧૯૬૯ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૧. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૮ પછી કરવામાં આવેલી લાઈ તેની નોંધ ને ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઈન ઈંગ્લિશની જગ્યા માટે તા. ૨-૭-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨-૭-૧૯૬૯ની સભાની ભલામણ મુજબ રીડર ઈન ઈંગ્લિશની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ સમિતિની તા. ૨-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૩. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઈન સંસ્કૃતની જગ્યા માટે તા. ૨૬-૬-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૬-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. જ. એમ. શુકલને રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઈન સંસ્કૃત તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૬-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૪. મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે તા. ૨૪-૬-૧૯૬૯ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૬-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. કે. જી. દેસાઈને રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૫૦થી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશન તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૪-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૫. મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા માટે તા. ૨૫-૬-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫-૬-૧૯૬૯ની સભાની ભલામણ મુજબ મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ સમિતિની તા. ૨૫-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૬. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઈન સાયકોલોજીની જગ્યા માટે તા. ૨૫-૬-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫-૬-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ડૉ. એચ. ડી. બદામીને રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઈન સાયકોલોજી તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૫-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઈન બોટાનીની જગ્યા માટે તા. ૨૮-૬-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૬-૧૯૬૯ની સભાની ભલામણ મુજબ રીડર ઈન બોટાનીની સદરહુ જગ્યા માટે તથા ડૉ. એચ. સી. પાંડેયના રાજીનામાથી ખાલી પડેલી રીડર ઈન બોટાનીની બીજી જગ્યા એમ બેઉ જગ્યાઓ માટે જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૮. સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાએ ખૂટતી હાજરી બાબતના ઑ. ૭૮માં સુધારો સૂચવવા નીમેલી સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૭૮ મંજૂર કરવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

(સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ. પદવીના વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન ચાર્જ આચાર્યશ્રી એસ. વી. દેસાઈ તા. ૧૬-૬-૧૯૬૯થી નિવૃત્ત થતાં તેમની જગ્યાએ કાર્યકારી પ્રોફેસર ઈન ચાર્જ તરીકે શ્રી. એન. જી. ગુજ્જરની નિમણૂક કર્યાના;

૨. સ્વ. ચંદ્રપ્રસાદ હરિપ્રસાદ દેસાઈની અંગત લાઈબ્રેરીનાં કુલ ૧૨૬૦ જેટલાં પુસ્તકો તેમનાં ધર્મપત્ની શ્રીમતી શકુન્તલાબહેન ચંદ્રપ્રસાદ દેસાઈ તરફથી યુનિવર્સિટી ગ્રંથાયલ માટે ભેટરૂપે થયેલ છે તે સાભાર સ્વીકાર્યાના;

૩. યુનિવર્સિટીના કર્મચારીઓ કે જેમનું કુલ માસિક વેતન રૂ. ૪૦૦ કે તેથી વધુ હોય તેમનો પગાર ચેકથી કે બૅન્ક ટ્રાન્સફર દ્વારા મહિનાની આખર તારીખ પહેલાં અને જે સભ્યોનું કુલ માસિક વેતન રૂ. ૪૦૦ કરતાં ઓછું હોય તેમને તેઓ રોકડ રકમ માગે તો પગાર નવા મહિનાના પહેલા દિવસે રોકડેથી ચૂકવવાના;

૪. જૂન ૧૯૬૯થી નીચે જણાવેલ કૉલેજોને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોઈ, રાજ્ય સરકારને જાહેરનામા માટે ભલામણ કર્યાના:

(૧) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
(૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

(૪) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૫) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૬) ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
(૭) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૮) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૯) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
(૧૦) શેઠ એચ. પી. ટી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, નડિયાદ
(૧૧) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ (ઉ.ગુ.)
(૧૨) શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
(૧૩) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ અન્ડ શ્રી. એસ. કે. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા
(૧૪) શ્રી. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, ધંધુકા
(૧૫) દેસાઈ બી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૧૬) નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
(૧૭) શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૮) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
(૧૯) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
(૨૦) કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
(૨૧) કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
(૨૨) શ્રીમતી બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત
(૨૩) સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨૪) શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૨૫) બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૬) બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
(૨૭) મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૮) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ
(૨૯) એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
(૩૦) શ્રીમતી ના. ક. લ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૩૧) ગવર્મેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ;

૫. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાનું જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. કે. કે. જિનવાલા	વિજ્ઞાન - રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	શ્રી. સી. એચ. મહેતા	વિનયન હિંદી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૦. કાર્યાલયના નીચે દર્શાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં જણાવેલ તારીખથી કાર્યક્ષમતા-અંતરાય (efficiency bar) ઓળંગવા અંગે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	પગારધોરણ	હાલ મળતો પગાર	કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની તારીખ
(૧)	શ્રી. કે. જે. શાહ	સિનિયર ટાઈપિસ્ટ	રૂ. ૧૩૦-૮-૧૭૦ ઈ.બી. ૧૨-૨૯૦-૧૫-૩૧૦	રૂ. ૧૭૦	૩૦-૭-૧૯૬૯
(૨)	શ્રી. આર. એમ. શેઠ	સિનિયર ટાઈપિસ્ટ	રૂ. ૧૩૦-૮-૧૭૦ ઈ.બી. ૧૨-૨૯૦-૧૫-૩૧૦	રૂ. ૧૭૦	૩૦-૭-૧૯૬૯

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બંધ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં તા. ૩૦-૭-૧૯૬૯થી કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૧. યુનિવર્સિટી પ્રેસમાં નીચે જણાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા-અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ	હાલ મળતો પગાર	કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની તારીખ
(૧)	શ્રી. યુ. એ. શેખ	જુનિ. કંપોઝીટર	રૂ. ૫૦-૩-૮૦ ઈ.બી. ૧૦૦	રૂ. ૮૦	૧૪-૯-૧૯૬૯
(૨)	શ્રી. બી. વી. માલવણિયા	મશીનમેન	રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી.૧૨૦	રૂ. ૧૦૦	૧૦-૮-૧૯૬૯

(૧) જુનિયર કંપોઝીટર શ્રી. યુ. એ. શેખની કામગીરી અંગેના ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. યુ. એ. શેખને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટરની જગ્યા પર તા. ૧૪-૯-૧૯૬૯થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

(૨) શ્રી. બી. વી. માલવણિયાનો કામગીરી અંગેનો ખાનગી અહેવાલ આવ્યેથી તે સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં માળી તરીકે કામ કરતા શ્રી. દેવીપ્રસાદ અમરનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૪-૧૨-૧૯૬૮ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૫-૧૨-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

માળી શ્રી. દેવીપ્રસાદ અમરની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના માળી શ્રી. દેવીપ્રસાદ અમરનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૨૩. ઑર્ડિ. ૬૬ અન્વયે રીડર ઈન સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યોને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ઇન સ્ટેટિસ્ટિકસની જગ્યા અંગેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના ત્રણ સભ્યોને નીમવા :

(૧) ડૉ. એન. એમ. ભટ્ટ
(૨) ડૉ. રાવ
(૩) ડૉ. એમ. સી. ચક્રવર્તી.

૨૪. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નોકરીના નિયમો ઘડવાની યુનિવર્સિટીને સત્તા નથી તે બાબતના કુલાધિપતિશ્રીના નિર્ણયની તા. ૨૦-૬-૧૯૬૯ના શેરાથી આવેલા પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(કુલાધિપતિશ્રીના મંત્રીના તા. ૨૦-૬-૧૯૬૯ના પત્રની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૨૫. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લીગલ) સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ની સભાની ભલામણ નં. (૧) અંગે વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને માટે નિવૃત્તિવય અંગેના નીચેના નિયમો મંજૂર કરવા :

(1) The age of retirement of teachers working in affiliated colleges shall be 65 years, provided that a teacher may, in case the management of the college so desires, be continued up to 68 years of age if the management is satisfied regarding his physical fitness.

(2) Notwithstanding anything contained in (1) above any present incumbent working as a teacher in any affiliated college who has completed 62 years of age but has not completed 68 years of age on 14-6-1969 may at the discretion of the management of the college where he is employed, be continued as a teacher up to 70 years of his age.

(3) The provision in No. (1) and (2) above shall be effective from 15th June 1970.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના નીચેના મંતવ્ય સાથે આ સભાગૃહ સંમત છે :

(ક) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) હેઠળ "Class-II, Ordinary Members" એ મથાળા હેઠળ Proviso (*i*)માં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સનો સમાવેશ થતો નથી એટલે સેનેટ પર એક વાર ચૂંટાયા પછી તેઓ જે તે ફેકલ્ટીના સભ્ય મટી જાય, તેમ છતાં પણ તેમનું સભ્યપદ તેઓ જે મુદત માટે ચૂંટાયા હોય તે મુદત માટે ચાલુ રહે છે. તે જોતાં તબીબી વિદ્યાશાખાના સ્નાતકોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને જો ફાર્મસી કે ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખામાં મૂકવામાં આવે તોપણ તેમનું સભ્યપદ પાંચ વર્ષનું હોઈ, સેનેટની મુદત પૂરી થાય ત્યાં સુધી ચાલુ રહે છે.

(ખ) સ્ટે. ૭ મુજબ પ્રત્યેક વર્ષે મતદારયાદીઓ ડિસેંબરની ૩૧મીએ સુધારવામાં (revise કરવામાં) આવે છે તે મુજબ ૧૯૬૮માં તૈયાર થયેલ મતદારયાદીઓ ૧૯૬૯માં ફરી સુધારવાની (revise કરવાની) થાય છે, જેથી તે પહેલાં યાદીઓ સુધારવાનું બની શકે તેમ નથી, તે જોતાં ૧૯૬૯ના ડિસેંબરમાં મતદારયાદીઓ સુધારતી વખતે ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખાઓની મતદારયાદીઓ પણ તૈયાર કરવી જોઈએ.

(ગ) ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની કૉલેજોના આચાર્યો લાદાની રૂએ જે તે નવી ફેકલ્ટીના સભ્યો થાય છે તેવું કાર્યાલયનું મંતવ્ય યથાર્થ છે અને તેને આ સમિતિ અનુમોદન આપે છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ અન્વયે સદરહુ બાબત સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું :

'સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ નં. ૧૦ કે જેનો અમલ જે તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.'

(સદરહુ સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૨૬. **ભૂગોળની એમ.એ., ભાગ ૨ ની ડિઝર્ટેશનના પેપરની મૌખિક પરીક્ષા માટે પરીક્ષાકેન્દ્ર પર એક એક્સપર્ટ આસિ. અને એક હમાલની નિમણૂક કરવા અને કૉલેજને ઠંડું પાણી, સ્ટેશનરી, ઘસારા વગેરે ખર્ચ માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૦-૧૦ પૈસા (ફ્લેટ રેટ) તરીકે આપવા એચ. કે. આર્ટ્સ કૉલેજના ભૂગોળના અનુસ્નાતક કેન્દ્રના કેન્દ્રનિયામક શ્રી. અંબુભાઈ દેસાઈ તરફથી આવેલ તેમના તા. ૫-૪-૧૯૬૯ના સૂચન પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ભૂગોળની એમ.એ., ભાગ ૨ની મૌખિક પરીક્ષા માટે એક હમાલની નિમણૂક કરવાનું રાખવું.

૨૭. **સિન્ડિકેટે તેના તા. ૧૧-૫-૧૯૬૯ના ઠરાવ ક્રમાંક ૮૭ અન્વયે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત – અંદાજી બચતમાંથી તેમના વિકાસ માટે જે પેટે આર્થિક સહાય આપવા અંગેના મંજૂર કરેલા નિયમોમાં જરૂરી સુધારો કરવા અંગેના આદેશ અનુસાર સદરહુ નિયમોમાં જરૂરી સુધારો જણાવી તે માટેનો મુસદ્દો તૈયાર કરેલ છે તે પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત અને/અથવા અંદાજી બચતમાંથી અનુસ્નાતક શિક્ષણના વિકાસ માટે આર્થિક સહાય આપવાની બાબતમાં નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) (ક) આ નિયમો લેકળ અનુસ્નાતક કેન્દ્રોને જે આર્થિક સહાય આપવામાં આવે તે આર્થિક સહાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જો કોઈ પ્રકારની આર્થિક સહાય અનુસ્નાતક અભ્યાસના વિકાસ માટે કૉલેજને મળતી હોય અને કૉલેજે તે માટે પોતાનો મેચિંગ શેર આપવાની શરત હોય તો તેવા મેચિંગ શેર પેટે આપવાની રકમ તરીકે નીચેની શરતોને આધીન, વાપરવા માટે સિન્ડિકેટ મંજૂરી આપી શકશે :

(ખ) નીચેની શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સિવાયની અન્ય કોઈ સંસ્થા કે કોઈ વ્યક્તિ તરફથી મદદ મળનાર હોય તો સિન્ડિકેટની પરવાનગી લઈને તેના મેચિંગ શેર તરીકે વાપરી શકાશે;

(૨) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર ચાલુ વર્ષના તુરતના અગાઉના (immediately preceding) પોતાની એક વર્ષની કુલ બચતથી વધે નહીં તેટલી રકમ, સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે;

(૩) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કે અન્ય જે કોઈ બાબતો, જે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળેલી હોય તેની ખરીદી માટે કે અનુસ્નાતક કેન્દ્રના મકાનના બાંધકામ માટે વાપરી શકશે, પરંતુ આ રકમ લેબોરેટરીનાં રાસાયણિક દ્રવ્યો, કાચનાં સાધનો કે બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ કે અન્ય કોઈ perishable વસ્તુઓ માટે વાપરી શકશે નહીં;

(૪) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તો તેનું તથા મકાન બાંધ્યું હોય તો તે અંગેનું અલાયદું રજિસ્ટર રાખીને તેની યાદી તૈયાર કરવાની રહેશે, અને તે યાદી આચાર્યે ચકાસીને પોતાની સહી કરીને તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે. આ રીતે ખરીદાયેલ સાધનો તથા બંધાયેલ મકાનની કે અન્ય મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે;

(૫) આવી મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો, જે તે અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે તેણે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો / સાધનો / મકાન યુનિવર્સિટીને સુપરત કરવાનાં રહેશે;

(૬) આવાં પુસ્તકો / સાધનો / મકાનને બીજા કોઈ કેન્દ્રને કે કૉલેજને કે સંસ્થાને કે અન્ય કોઈ વ્યકિતઓને ગીરો, વેચાણ, બક્ષિસ કે ભાડેથી આપી શકાશે નહીં કે કોઈ પણ પ્રકારે 'ટ્રાન્સફર' કરી શકાશે નહીં.

(૭) આ રકમમાંથી ખરીદેલ સાધનો કે બંધાયેલ મકાનોની વિગતો દર્શાવતું એક જુદું પત્રક કેન્દ્ર ચલાવતી કૉલેજ કે સંસ્થાના સંચાલકોએ રાખવું જોઈશે, અને તે અંગેનો હેવાલ પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં મોકલવાનો રહેશે. આ રજિસ્ટર યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીને કે સિન્ડિકેટ કે કુલપતિશ્રી નીમે તે પ્રતિનિધિને તપાસ માટે ઉપલબ્ધ કરવું આવશ્યક રહેશે; અને

(૮) આ બચતમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોના હિસાબો પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને કેન્દ્ર ધરાવનાર કૉલેજ/સંસ્થાના આચાર્યે/અધ્યક્ષે મોકલી આપવા આવશ્યક રહેશે.

૨૮. નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટમાં સ્થાપવામાં આવેલા આ યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્ર માટે યુ.જી.સી. તરફથી કેન્દ્રના વિકાસ અર્થે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ પુસ્તકો અને સામયિકો વસાવવા માટે રૂ. ૪૦,૦૦૦નો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. તેની સામે કૉલેજે "મેચિંગ શૉર" તરીકે ખર્ચવાના રૂ. ૧૦,૦૦૦ આ કેન્દ્રે યુનિવર્સિટીમાં જમા કરાવેલ બચતની રકમમાંથી આપવાની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૨૭માં મંજૂર કરવામાં આવેલા નિયમો અન્વયે સદરહુ પ્રસ્તાવ તપાસીને કાર્યાલયે પોતાની નોંધ સાથે સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે પુસ્તકો, સામયિકો અને સાધનો માટે મળનાર રકમ રૂ. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય સામે મેચિંગ શૉર તરીકે રૂ. ૬૨,૫૦૦ની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૨૭માં મંજૂર કરવામાં આવેલા નિયમો અન્વયે સદરહુ પ્રસ્તાવ તપાસીને કાર્યાલયે પોતાની નોંધ સાથે સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૦. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો ખરીદ કરવા રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મળેલું છે, તેની સામે કૉલેજે આપવાના મેચિંગ શૅર પેટે વર્ષ ૧૯૬૭-૬૮ની બચત રૂ. ૭,૯૪૭-૩૦ પૈસા ખર્ચવાની માગણી ઉપરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે વર્ષ ૧૯૬૭-૬૮ની બચતમાંથી રૂ. ૪,૦૦૦ ખર્ચવા તથા વર્ષ ૧૯૬૮-૬૯ની અંદાજી બચતમાંથી રૂ. ૪,૦૦૦ ખર્ચવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરેલી તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મજકૂર કૉલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મંજૂર થનાર છે. તે પેટે કૉલેજે અનુસ્નાતક કેન્દ્રની બચતનો ઉપયોગ કરવા માટે માગણી કરેલી છે.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનુદાન મળે તો અનુસ્નાતક કેન્દ્રની બચતનો ઉપયોગ કરવા માટે જે નિયમો ઘડેલા તેની ફેરવિચારણા કરી નવેસરથી નિયમો ઘડવા એમ સિન્ડિકેટે ઠરાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૨૭માં મંજૂર કરવામાં આવેલા નિયમો અન્વયે પ્રસ્તાવ તપાસીને કાર્યાલયે પોતાની નોંધ સાથે સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૧. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ ઇકોનોમિકસની જગ્યા માટે તા. ૧-૭-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

" આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ ઇકોનોમિકસની બે જગ્યાઓ હાલ ખાલી છે તે માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી. "

(સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીનો નોંધ **પરિશિષ્ટ " ડ "** તરીકે સામેલ છે.)

૩૨. સમાજવિદ્યા ભવનમાં રીડર ઈન ઇકોનોમિકસની જગ્યા માટે તા. ૧-૭-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ શ્રી. ટી. એમ. મિસ્ત્રીને રૂ. ૭૦૦-૧૦-૧,૨૧૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી સમાજવિદ્યા ભવનમાં રીડર ઈન ઇકોનોમિકસ તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ " ઢ "** તરીકે સામેલ છે.)

૩૩. તા. ૧૭-૬-૧૯૬૯ના રોજ મળેલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૬-૧૯૬૯ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણો પૈકી બાબત નં. ૧ની ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી અને બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ " ણ "** તરીકે સામેલ છે.)

૩૪. જૂન ૧૯૭૦થી (અ) નવી કૉલેજો માટે, (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો વિચારણા મોકૂફ રાખવી.

૩૫. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોને અપાતાં મુસાફરી ભથ્થાં અને દૈનિક ભથ્થાં અંગેના ઑર્ડિ. ૧૫૨, ૧૫૪ અને ૧૫૬ આ સાથેના પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૧૫૨, ૧૫૪ અને ૧૫૬ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિ. ૧૫૨, ૧૫૪ અને ૧૫૬ની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૩૬. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદના ઉપક્રમે યોજાયેલ તા. ૨૭-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવને અનુલક્ષીને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાંથી ઓછામાં ઓછા એક રીડરને સને ૧૯૬૯-૭૦ના વર્ષમાં એક-બે સત્ર માટે કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદમાં મોકલવા અંગે તે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. વિક્રમભાઈ સારાભાઈના તા. ૧૧-૬-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. — આ અંગે શિક્ષકોના પગાર તથા બીજાં ભથ્થાં વગેરેનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે વધુ વિગતો મેળવીને તે આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

૩૭. સર્વશ્રી એમ. પી. ભટ્ટ તથા જી. સી. જૈનના રસાયણવિજ્ઞાન વિષયમાં રજૂ થયેલ મહાનિબંધ પીએચ.ડી, પદવી માટે સ્વીકારવા અંગે મતભેદ પડેલ હોવાથી ઑર્ડિનન્સ ૩૨૧ અનુસાર ચોથા રેફરીની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી એમ. પી. ભટ્ટ અને જી. સી. જૈનના સદરહુ મહાનિબંધો તપાસવા માટે ઑર્ડિ. ૩૨૧ હેઠળ ચોથા રેફરી તરીકે ડૉ. માતા પ્રસાદ(આગ્રા)ની નિમણૂક કરવી.

૩૭ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી માટે ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન ચાર્જ અને આચાર્ય ડૉ. ટી. એન. મહેતા તે કૉલેજમાંથી ફારેગ થયા હોવાથી તેમની જગ્યાએ તે કૉલેજમાં આચાર્ય તરીકે શ્રી. સી. સી. શાહ જોડાતાં તેમની ઉપરોકત વિષયના પ્રોફેસર ઈન ચાર્જ તરીકે નિમણૂક કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન ચાર્જ તરીકે ડૉ. ચન્દ્રકાન્ત છોટાલાલ શાહને નીમવા.

૩૮. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરની જૂન ૧૯૬૯થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પાલન અંગે મજકૂર કૉલેજ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) તા. ૧૪-૬-૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે વધુ બે વર્ગખંડોની જોગવાઈ કરવા અંગે કૉલેજ જણાવે છે કે—

નવેથી વ્યવસ્થા પ્રમાણે કૉલેજમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પૂરતા વર્ગખંડો અને અન્ય ખંડો છે એટલું જ નહિ, પરંતુ ત્રણેક ખંડો ફાજલ પડ્યા છે.

(૨) જ્યારે ભૂતપૂર્વ આચાર્યનું વેતન ચૂકવવા કૉલેજ જણાવે છે કે—

ભૂતપૂર્વ આચાર્યના પગારના પ્રશ્ન અંગે ઉભયપક્ષે સમજૂતી સાધતાં આ પ્રશ્ન પતી ગયાનું હાલના આચાર્ય જણાવે છે.

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરેલ, પરંતુ તેઓ લાજરૂ નહિ થતાં શ્રી. એમ. ટી. પટેલ લાઈબ્રેરી સાયન્સનું સર્ટિફિકેટ ધરાવતા હોવાથી નિમણૂક કરી છે, તે ચલાવી લેવા વિનંતી કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલન અંગે ઉપરના મુદ્દાઓના સંદર્ભમાં સ્થાનિક તપાસ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ.

૩૯. આર્ટ્સ કૉલેજ, સંખેડા તથા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં ગુજરાતી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આવેલ અરજીઓ પરથી સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિઓ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલ આ કૉલેજો પૂર્વ વિભાગમાં આવેલી છે અને તે ઝોનમાં નીચેનાં ૩ સ્થળે ગુજરાતી વિષયમાંનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવેલાં છે :

(૧) નડિયાદ, (૨) મોડાસા, અને (૩) દાહોદ.

(૨) સુધારેલા ઓર્ડિ. ૬૫ આસ અનુસાર સિન્ડિકેટ અપવાદ તરીકે ચોથું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપી શકે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે સદરહુ બેઉ કૉલેજો પૈકી એક પણ કૉલેજમાં ગુજરાતીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું નહિ.

૪૦. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. રજિસ્ટ્રાર તરીકે ફારેગ થયેલા શ્રી. જી. એ. દેસાઈ તા. ૩૦-૬-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ હોઈ, તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૧૨-૫-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જી. એ. દેસાઈ તા. ૧૫-૨-૧૯૫૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૦-૬-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. દેસાઈનો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ લોન સર્વિસ અંગે ગ્રેચ્યુઈટી તથા લીવ સેલેરી માટે જે ફાળો આપવાનો છે તેની રકમ આવ્યેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શ્રી. જી. એ. દેસાઈને પ્રૉવિડન્ટ ફંડની રકમ ચૂકવી આપવી.

૪૧. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. રજિસ્ટ્રાર તરીકે ફારેગ થયેલા શ્રી. જી. એ. દેસાઈ તા. ૩૦-૬-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ, સ્ટે. ૧૯૩-અ પ્રમાણે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેમની તા. ૧૨-૫-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જી. એ. દેસાઈ તા. ૧૫-૨-૧૯૫૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૦-૬-૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. દેસાઈને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી આપવી.

૪૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્ર વિભાગમાં તા. ૧-૧૧-૧૯૬૯થી તા. ૧૦-૬-૧૯૬૯ સુધી રાખવામાં આવેલ જીવવિજ્ઞાન વિષયના કૉલેજ-શિક્ષકોની ગ્રીષ્મસંસ્થામાં કામ કરવા તથા તે અંગેનું વેતન સ્વીકારવા માટે નીચે જણાવેલ સભ્યોને પરવાનગી આપવા અંગેની અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	મૂળ માસિક પગાર રૂ.	સૂચિત વેતન રૂ.
૧.	શ્રી. એમ. એસ. દુબલે	રીડર ઇન ઝૂલોજી	૯૧૦	૧૦૦
૨.	શ્રી. પુ. એમ. રાવલ	લેક્ચરર ,,	૪૦૦	૧૦૦
૩.	શ્રી. આર. કે. મલ્હોત્રા	,, ,,	૪૦૦	૧૦૦
૪.	મિસ એન. જે. ચિનોય	,, ,,	૪૦૦	૧૦૦
૧.	શ્રી. આર. જી. મહેતા	રિસર્ચ સ્ટુડન્ટ ઇન ઝૂલોજી	-	૨૦૦
૬.	શ્રી. એન. એ. શાહ	ફોટોગ્રાફર (યુ.એસ.એસ.)	૧૪૦	૧૦
૭.	શ્રી. પી. કે. મોદી	સ્ટોરકીપર (ઝૂલોજી)	૯૦	૨૦૦
૮.	શ્રી. બી. એન. મોદી	લેબોરેટરી આસિસ્ટન્ટ	૯૦	૨૦૦
૯.	શ્રી. એસ. આર. પરમાર	ક્લાર્ક (વિજ્ઞાન વિદ્યાભવન)	૧૦૮	૧૧૦
૧૦.	શ્રી. એન. કે. જયાણી	ક્લાર્ક (હિસાબ વિભાગ)	૧૩૨	૧૧૦
૧૧.	શ્રી. એસ. એ. ત્રિવેદી	,, (,, ,,)	૧૧૬	૪૦
૧૨.	શ્રી. આર. સી. ત્રિવારી	પટાવાળા	૪૮	૩૧
૧૩.	શ્રી. રામાજી ખોડાજી	પટાવાળા	૪૬	૩૧
૧૪.	શ્રી. છનાજી	પટાવાળા (હૉસ્ટેલ)	૧૦	૧૦
૧૫.	શ્રી. પી. એન. મકવાણા	મશીનમૅન	૧૩	૧૦
૧૬.	શ્રી. નરસિંહ	સ્વીપર	૪૬	૧૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામકાજ માટે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૩. સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ની તેમ જ તા. ૪-૪-૧૯૬૯ની વાર્ષિક સભામાં થયેલ વિવિધ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. સ્વ. આચાર્ય આનંદશંકર ધ્રુવની સ્મૃતિમાં એમ.એ.માં ભારતીય દર્શનશાસ્ત્રના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ એક સુવર્ણચંદ્રક આપવા અંગે રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર)નું પ્રદાન આપવાની હરિઓમ આશ્રમ, શેઢી નદી, નડિયાદના પૂ. મોટા મહારાજની તા. ૨૦-૬-૧૯૬૯ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનની રકમનો સાભાર સ્વીકાર કરવા અને તેની શરતો અંગે પત્ર-વ્યવહાર કરીને તેને આખરી રૂપ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. વિજ્ઞાન વિદ્યાભવનની પ્રયોગશાળાઓ તથા ગ્રંથાલયનાં પુસ્તકોનો ઉપયોગ બહારના વિદ્યાર્થીઓને કરવા દેવા અંગેના જરૂરી નીતિનિયમો ઘડવા અંગે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે વ્યક્તિગત કેસો પર વિચારણા કરીને યુનિવર્સિટીની પ્રયોગશાળાઓ તથા ગ્રંથાલયની સેવાઓનો લાભ આપવાનું રાખવું અને તે અંગે જે તે વિભાગના વડાની સાથે ચર્ચાવિચારણા કરીને કે સલાહસૂચનો મેળવીને ફીનું ધોરણ નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. (૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ, તથા (૨) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણની કૉલેજોમાંથી એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલી અરજીઓ અંગે સિન્ડિકેટે નીમેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સુધારેલા ઑર્ડિનન્સ ૬૫-એલ પ્રમાણે ઉપરનાં બે સ્થળો પૈકી એકને જ કેન્દ્ર આપવાનું વિચારી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રીના શિક્ષણ માટે નીચેની શરતોએ અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું :

(૧) ૨૦થી વધુ વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ;

(૨) જ્યારે અનુસ્નાતક વર્ગોનું કાર્ય ચાલતું હોય ત્યારે અનુસ્નાતક કેન્દ્રને લેબોરેટરી આસિસ્ટન્ટ, પટાવાળા અને પુસ્તકાલયની જરૂરી સગવડ પૂરી પાડવામાં આવે;

(૩) અનુસ્નાતક પ્રાયોગિક અને વ્યાખ્યાનોનું કાર્ય પ્રત્યેક અઠવાડિયે ૩ દિવસનું રાખવામાં આવે;

(૪) અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે કૉલેજ તરફથી વર્ષ ૧૯૬૯-૭૦ દરમિયાન રૂ. ૧,૦૦૦નાં તથા વર્ષ ૧૯૭૦-૭૧ દરમિયાન રૂ. ૧,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે; અને

(૫) રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે અને રૂ. ૧,૦૦૦નાં આ વિષયનાં સામયિકો મંગાવવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રીના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું નહિ, પરંતુ સદરહુ કૉલેજ જો ઇચ્છતી હોય તો તેમાં એનાલિટિકલ કે ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રીના શિક્ષણ માટે નીચેની શરતોએ અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું :

(૧) જ્યારે અનુસ્નાતક વર્ગોનું કાર્ય ચાલતું હોય ત્યારે અનુસ્નાતક કેન્દ્રને લેબોરેટરી આસિસ્ટન્ટ, પટાવાળા અને પુસ્તકાલયની જરૂરી સગવડ પૂરી પાડવામાં આવે;

(૨) અનુસ્નાતક પ્રાયોગિક અને વ્યાખ્યાનોનું કાર્ય પ્રત્યેક અઠવાડિયે ૩ દિવસનું રાખવામાં આવે;

(૩) અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે કૉલેજમાં વર્ષ ૧૯૬૯-૭૦ દરમિયાન રૂ. ૧,૦૦૦નાં તથા વર્ષ ૧૯૭૦-૭૧ દરમિયાન રૂ. ૧,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;

(૪) રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે અને રૂ. ૧,૦૦૦નાં આ વિષયનાં સામયિકો મંગાવવામાં આવે; અને

(૫) ૧૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ.

૪૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા, કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પરથી સિન્ડિકેટે નીમેલ તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સમિતિએ ૧૯૭૦-૭૧થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરમાં ચાલુ વર્ષે અંગ્રેજીના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવું નહીં.

૪૮. ઑર્ડિનન્સ ૩૭ હેઠળ રચાયેલી ગ્રાન્ટ યુટિલાઇઝેશન સમિતિ ઉપર પ્રિ. એસ. વી. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ સમિતિની ખૂટતી મુદત માટે અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ ઉપર શ્રી. એસ. વી. દેસાઈની ખાલી પડેલી જગ્યા પર આચાર્ય દર્શનસિંગ શીખની નિમણૂક તા. ૧૬-૧૧-૧૯૬૯ સુધીની મુદત માટે કરવી.

૪૯. સેંટ ઝેવિયર્સ કૉલેજના ડૉ. જે. પી. ત્રિવેદી પરદેશ જતા હોવાથી તેમના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. એમ. એસ. સોલંકીની પીએચ.ડી. પદવી માટેની મૌખિક પરીક્ષા માટે બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રી જે. જે. ત્રિવેદી, જેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્ય થયેલા છે, તેમની નિમણૂક કરવા પરવાનગી આપવાની ડૉ. જે. પી. ત્રિવેદીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) ડૉ. જે. પી. ત્રિવેદી ચાલુ માસમાં પરદેશ જવાના છે.
(૨) ડૉ. જે. જે. ત્રિવેદી વિદ્યાર્થીના કાર્યથી માહિતગાર છે એમ ડૉ. જે. પી. ત્રિવેદીએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એસ. સોલંકીની મૌખિક પરીક્ષા લેવા માટે ડૉ. જે. પી. ત્રિવેદીને બદલે ડૉ. જે. જે. ત્રિવેદીની નિમણૂક કરવી.

૫૦. આચાર્ય કે. એન. શાહ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં શિખવાડાતા વિષયોમાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓમાંથી પ્રવેશ માટેની બધી જગ્યાઓ પુરાઈ ગયા પછી પ્રવેશ વિના રહી જાય તો તેવા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન, અમદાવાદ શહેરની કોઈ કૉલેજમાં સવાર અને/અથવા સાંજ, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના તે વિષયના પ્રોફેસરની રાહબરી નીચે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ વતી, વર્ગો શરૂ કરવાની વ્યવસ્થા કરવા યુનિવર્સિટીના પ્રોફેસરને સૂચવવું. જો કોઈ કૉલેજમાં શક્ય ન થાય તેમ તેમને લાગે તો યુનિવર્સિટીમાં આવા વર્ગો શરૂ કરી ઉપરોકત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે—
(૧) સદરહુ પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.
(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શક્ય તેટલા તમામ વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે સાંજના વર્ગો ચલાવવા માટે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું, અને વિજ્ઞાન વિદ્યાભવનમાં સાંજના વર્ગોમાં જોડાનાર વિદ્યાર્થીઓને માટે નોકરીની શરત આવશ્યક ગણવી નહિ.

૫૧. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યિનકો-પરીક્ષકોના અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧-૭-૧૯૬૯ તથા તા. ૪-૭-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ અને તા. ૪-૭-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૭-૧૯૬૯ અને તા. ૪-૭-૧૯૬૯ની સભાની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૫૨. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૫૩. યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોમાં રમતગમત અને યુવક-કલ્યાણ પ્રવૃત્તિના સરળ સંચાલન અને વિસ્તરણ અંગે યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૧-૬-૧૯૬૯ના પત્રમાં કરેલ સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. નેશનલ સર્વિસ કોર (એન.એસ.સી.) અંગે ભારત સરકારના શિક્ષામંત્રાલયના તા. ૭-૬-૧૯૬૯ના પત્રાંક ડી. ઓ. એફ. ૧૦-૨૪-૬૯, વાય.એસ.આઈ. પર વિચારણા કરીને તે માટે વીસ કૉલેજો પસંદ કરવાની છે, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.સી.ની યોજનાના અમલ માટે અગાઉ પસંદ કરેલ ૧૯ કૉલેજો પૈકી પ્લાનિંગ ફૉરમ ધરાવતી ૨૨ કૉલેજો સહિત જે ૨૮ કૉલેજોએ માહિતી મોકલી છે તે ૨૮ કૉલેજોને આ માટે પસંદ કરીને તેમની યાદી ભારત સરકારને મોકલી આપવી.

૫૫. આર્ટ્સ કૉલેજ, મહુધાની સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણનું જાહેરનામું બહાર પાડવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૬. ડીસા નગરપંચાયત તરફથી શરૂ કરવામાં આવેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાનો વહીવટ સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસાને સોંપવાની ડીસા નગરપંચાયત, ડીસાના ચૅરમૅનના તા. ૪-૭-૧૯૬૯ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સદરહુ કૉલેજના સંચાલનની જવાબદારી સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા લેવા સંમત છે તેમ તેના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૪-૭-૧૯૬૯ના પત્રથી જણાવ્યું છે.)

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું સંચાલન ડીસા નગરપંચાયત પાસેથી સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશનને સોંપવાના પ્રસ્તાવની બાબતમાં નીચેના મુદ્દાઓ અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) મકાનની પૂરતી જોગવાઈ અને કૉલેજ ચલાવવા માટેની આર્થિક ક્ષમતા;

(૨) શિક્ષકોના પગાર, પ્રૉવિડન્ટ ફંડ વગેરેની જવાબદારીઓના પાલન અંગે ક્ષમતા છે કે કેમ ? અને

(૩) પુસ્તકો, સાધનો, ફર્નિચર વગેરેની અસ્કામત.

૧. આચાર્ય વી. આર. રણદીવે
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. ઈન્દ્રવદન એ. મોદી
૪. આચાર્ય એમ. સી. દેસાઈ.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બે બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૫૭. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ઇન ઝૂલોજીના ડૉ. એમ. એસ. દુબલેની તા. ૨૭-૬-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એસ. દુબલેને સિન્ડિકેટે તેની તા. ૮/૯-૨-૧૯૬૯ની સભામાં બાબત નં. ૧૩ના ઠરાવથી જે શરતોએ અમેરિકા જવા માટે પરવાનગી આપી છે તે શરતો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી ત્રણ માસ માટે તેમની રજાઓના પ્રારંભ વખતે તેમને જે મૂળ માસિક પગાર મળતો હોય તે આપવો અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહિ,

(૨) ત્રણ માસની રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૩) ત્રણ માસની તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૫૮. એફ.વાય.બી.એ.માં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે પરીક્ષામાં બેસીને નીચેના વિદ્યાર્થીઓએ એ.ટી.કે.ટી. મેળવી હતી અને તે પછી તેઓ નિયમિત વિદ્યાર્થીઓ તરીકે એસ.વાય.બી.એ.માં જોડાયા પછી તેમનું એસ.વાય.બી.એ.નું પરિણામ અનામત રહેવા છતાં તેમનાં નામ સામે જણાવેલ કૉલેજોએ તેમને ટી.વાય.બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપ્યો અને તે વિદ્યાર્થીઓ એપ્રિલ ૧૯૬૯માં ટી.વાય.બી.એ.ની પરીક્ષામાં બેઠા હતા. આ સંજોગોમાં તેમનું પરિણામ અટકાવવામાં આવેલું હોઈ સદરહુ કેસો અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજનું નામ
(૧)	શ્રી. મહંમદનખાન ભીખેખાન પઠાણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
(૨)	કુ. રાગિણી મૂળશંકર પંડ્યા	ગુજરાત કૉલેજ, અમદાવાદ
(૩)	શ્રી. જયેશચન્દ્ર હરિભાઈ પરમાર	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગર.

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે સદરહુ વિદ્યાર્થીઓને ઑક્ટોબર ૧૯૬૯માં એફ.વાય.બી.એ.ની પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે બેસવા માટે પરવાનગી આપવી અને તેમાં તેઓ પાસ થયેથી તેમનું ટી.વાય.બી.એ.નું પરિણામ જાહેર કરવાનું રાખ્યું.

તે પછી બાબત નં. ૧૧ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧. શ્રી. જે. એમ. મહેતા જેઓ કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ તરીકે તા. ૫-૨-૧૯૬૯થી જોડાયા છે તેઓને નવી નિમણૂકમાં તેઓની અગાઉની ડેપ્યુટી રજિસ્ટ્રારની જગ્યાની પગારવધારાની તારીખ એટલે કે તા. ૬-૪-૧૯૬૯થી પગારવધારો આપવા અંગેની તેઓની તા. ૨૪-૪-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાની તા. ૧૬-૬-૧૯૬૯ની અરજી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. આ બેઉ અરજીઓ સભાગૃહમાં વંચાયા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીઓ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. / ૧૫૦૮૪ / ૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જુલાઈ ૨૪, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૦

ફાઇનાન્સ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાની સિન્ડિકેટને ભલામણ

૮. પ્રૉવિડંટ ફંડનાં નાણાં દશ વર્ષનાં ડિફેન્સ ડિપૉઝિટ સર્ટિફિકેટમાં રોકાણ કરવા અંગે ગુજરાત રાજ્યના નાણા તથા ઉદ્યોગ મંત્રીશ્રીના તા. ૧૦-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ગુજરાત રાજ્યના નાણા તથા ઉદ્યોગ મંત્રીશ્રીની ભલામણ મુજબ ભલામણ કરવામાં આવે છે કે પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી દરેક વર્ષે લગભગ ૨૦થી ૨૫ ટકા જેટલું રોકાણ ડિફેન્સ ડિપૉઝિટ સર્ટિફિકેટમાં કરવું.

૯. કામચલાઉ ધોરણે બૅન્કો પાસેથી ઓવરડ્રાફ્ટ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હાલની નાણાકીય સ્થિતિ જોતાં કામચલાઉ ધોરણે બૅન્કો પાસેથી ઓવરડ્રાફ્ટ લેવાની વ્યવસ્થા કરવી સલાહભરેલું છે. અને તે કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૨

A meeting of the Selection Committee for recommending names for appointment to the Post of Reader in English in University School of Languages was held on 2–7–1969, the Wednesday at 12–00 noon at the office of the the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Prof. V. Y. Kantak	Present
3. Prof. V. K. Gokak	Absent
4. Prof. S. S. Bhandarkar	Present
5. Prof. G. C. Banarjee	Present
6. Prof. K. R. Chandrashekharan	Present.

The following candidates were called for interview :

1. Shri Agrawala Dinesh Chandra	Present
2. Shri Chitanand Tryambak Pandharinath	Absent
3. Shri Kulshreshta Ram Bahadur	Present
4. Shri Malagi Rangnath Annarao	Present
5. Shri Mehta Digish Nanubhai	Present
6. Dr. Misra Kripa Shanker	Absent
7. Shri Patil Birje Jaysinh	Absent
8. Shri Tengshe Laxman Hanmant	Present
9. Shri Thangeti Venkata Satyanarayana	Absent
10. Shri Trivedi Hariprasad Chimanlal	Present
11. Shri Vasavada Rajnikant Deviprasad	Present.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved to recommend as under :

"Resolved that none of the candidates was found suitable for the post of Reader in English and the committee has not been able to recommend any of the candidates who remained present for the interview. The post of the Reader in English may therefore be readvertised.

U. J. Joshi
V. Y. Kantak
S. S. Bhandarkar
G. C. Banarjee
K. R. Chandrashekharan

પરિશિષ્ટ "ગ"
કાર્યકાજ ક્રમાંક ૧૩

A meeting of the Selection Committee for recommending names for appointment to the Post of Reader in Sanskrit in University School of Languages was held on 26-6-1969, the Thursday at 9-00 a.m. at the office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Prof. G. C. Jhala	Present
3. Prof. K. V. Abhyankar	Present
4. Shri P. M. Modi	Present
5. Prof. G. K. Bhatt	Present.

The following candidates were called for interview :

1. Shri S. D. Mahulikar	Present
2. Shri K. I. Valanguppam	Absent
3. Shri K. H. Trivedi	Present
4. Shri G. C. Tripathi	Present
5. Shri J. M. Shukla	Present
6. Shri R. S. Betai	Absent
7. Shri T. S. Nandi	Present
8. Shri A. D. Shastri	Absent
9. Shri H. D. Sharma	Present
10. Shri R. D. Shukla	Absent
11. Shri R. S. Pandey	Present
12. Shri B. P. Pandya	Present
13. Shri M. V. Joshi	Present
14. Shri H. B. Jain	Present.

The Committee interviewed the candidates who remained present for the interview and resolved as follows :

" The following candidates are found suitable for the post of a Reader in Sanskrit and the Committee recommends them in the following order for appointment to the post of a Reader in Sanskrit in the University School of Languages and Literature:

1. Dr. J. M. Shukla
2. Dr. G. C. Tripathi
3. Dr. T. S. Nandi. "

Ahmedabad.
Date : 26-6-1969.

U. J. Joshi
G. C. Jhala
K. V. Abhyankar
P. M. Modi
G. K. Bhatt

પરિશિષ્ટ "ઘ"
કાર્યકારી ક્રમાંક ૧૪

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Education in the University School of Psychology, Philosophy and Education was held on 24–6–1969, the Tuesday at 12–30 p.m. at the office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi. Vice-Chancellor and Chairman	Present
2. Prof. P. K. Roy	Present
3. Dr. Madhuri R. Shah	Present
4. Dr. K. G. Saiyaduin	Absent
5. Prof. S. N. Mukherjee	Present.

The following candidates were called for interview :

1. Dr. R. G. Bhatt	Present
2. Dr. K. G. Desai	Present
3. Dr. (Miss) C. L. Bhatt	Present
4. Shri Marni Tata Ramji	Present
5. Shri Rajendrapal Singh	Absent.

After interviewing the candidates and considering their qualifications and experience, the committee resolved as under :

" Dr. K. G. Desai is found suitable for the post of Professor of Education and recommend that he may be appointed to that post and be given a starting salary of Rs. 1,150/- in the pay-scale of Rs. 1,100-50-1,300-60-1,600.

In case Dr. Desai is not able to accept the post, Dr. Champaben Bhatt who is also found suitable may be appointed to the post on a starting salary of Rs. 1,100/-."

Ahmedabad,
Dt. 24-6-1969.

Sd/- U. J. Joshi
P. K. Roy
Madhuri R. Shah
S. N. Mukherjee.

પરિશિષ્ટ "ચ"
ક્રમાનુસાર ક્રમાંક ૧૫

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Psychology in University School of Psychology, Philosophy and Education was held on 25-6-1969, the Wednesday at 12-00 noon at the office of the Gujarat University, Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor and Chairman	Present
2. Shri A. K. P. Sinha	Present
3. Shri E. I. George	Present
4. Shri B. Kuppuswami	Absent
5. Dr. S. K. Mitra	Absent

The following candidates were called for interview :

1. Shri K. G. Desai	Absent
2. Shri N. M. Parikh	Present
3. Shri B. A. Parikh	Absent
4. Dr. Hazari Anandi	Absent
5. Dr. A. N. Desai	Present
6. Dr. (Miss) C. L. Bhatt	Present
7. Dr. C. T. Bhopatkar	Present.

After interviewing the candidates and considering their qualifications and experience, the committee resolved as under.

The committee interviewed the candidates who remained present for the interview and resolved as follows :

"None of the candidates who were interviewed is found suitable for the Post of the Professor of Psychology. The Committee, therefore cannot recommend any of them for appointment to this post."

U. J. JOSHI
A. K. P. SINHA
E. I. GEORGE

Ahmedabad–9.
25–6–1969.

પરિશિષ્ટ "ક"
સમજાવ કમાંક ૧૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Psychology in University School of Psychology, Philosophy and Education was held on 25-6-1969 the Wednesday at 3-30 p.m. at the office of the Gujarat University, Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Shri A. K. P. Sinha	Absent
3. Prof. E. I. George	Present
4. Dr. S. K. Mitra	Absent
5. Prof. V. V. Akolkar	Present.

The following candidates were called for interview :

1. Shri P. K. Garg	Absent
2. Shri V. D. Dave	Present
3. Shrimati K. K. Bhatt	Present
4. Shri H. D. Badami	Present
5. Shri N. M. Parikh	Present
6. Shri Pratap Swarn	Present
7. Shri M. M. Patel	Absent
8. Shri Jaiprakash	Absent
9. Shri R. C. Dixit	Present
10. Dr. A. N. Desai	Present.

The committee interviewed the candidates who remained present for the interview and resolved as follows :

The committee has found Dr. H. D. Badami as suitable for the post of a Reader in Psychology and recommends that he be appointed to that post in Gujarat University.

U. J. JOSHI
E. I. GEORGE
V. V. AKOLKAR.

પરિશિષ્ટ "જ"
ઠરાવકાજ ક્રમાંક ૧૭

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Botany in University School of Sciences was held on 28-6-1969 the Saturday at 3-30 p.m. at the Vice-Chancellor's Residence, Shri U. J. Joshi, Vice-Chancellor presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Dr. R. S. Chaudhari	Present
3. Prof. G. S. Sirohi	Absent
4. Prof. R. D. Adatia	Present
5. Shri S. H. Sircar	Absent
6. Dr. J. J. Chinoy	Present.

The following candidates were called for interview :

1. Dr. B. S. Vaidya	Present
2. Shri B. P. Deshpande	Absent
3. Shri U. H. Acharya	Present
4. Shri A. B. Vora	Present
5. Dr. A. K. Bagga	Absent
6. Shri H. P. Gandhi	Present
7. Shri C. B. Shah	Present.

After interviewing the candidates and considering their qualifications and experience the committee resolved to recommend as under :

Recommended that the post be readvertised.

U. J. Joshi
R. S. Chaudhari
R. B. Adatia
J. J. Chinoy.

Ahmedabad-9.
Dt. 28-6-1969.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૮

સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં બાબત નં. ૩૬-અથી ઑ. ૭૯ સુધારવા અંગે નીમેલી સમિતિની એક બેઠક તા. ૨૦-૬-૧૯૬૯ના રોજ બપોરે ૩-૩૦ કલાકે મળી હતી, તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૨. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩. આચાર્ય કે. એન. શાહ	હાજર
૪. શ્રી. જ. મ. મહેતા, કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ.	હાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. ઍકેડેમિક કાઉન્સિલ તરફથી રજૂ થયેલો ઑ. ૭૯ તથા એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીના પત્રાંક એસ.ટી.-૪૨૬૨, તા. ૩૧-૧૨-૧૯૬૮ના પત્ર પર ઑ. ૭૮ના સંદર્ભમાં જરૂરી વિચારણા કરી રજૂ થયેલો ઑ. ૭૯ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવા આ સમિતિ ભલામણ કરે છે :

ઑ. ૭૯ :

When on account of bonafide illness, or any other reason deemed sufficient by the Syndicate, the total attendance of a student of an affiliated college in any one term falls short of the minimum required by Ordinance 78, by not more than 20 days, it shall be competent for the Principal to permit a candidate in such a case, to add together the attendance registered by him in two consecutive terms in any one class, provided that the total of the attendance registered in the two terms so counted together amounts to the total recquired for the minimum attendance of two terms under Ordinance 78; provided nevertheless, that where the deficiency exceeds 20 days in a term or is such that total the attendance registered in the two terms taken together falls short of the total of the minimum attendance of two terms prescribed by O. 78, it shall be competent for the Syndicate to condone the deficiency. In the case of a student in the Faculty of Engineering the deficiency in attendance may be condoned by the Principal if it does not exceed 30% of the lectures in a subject or subjects as required under O. 78, subject to the condition that the total number of periods so condoned need not exceed 20% of the minimum of the total number of periods required to be attended in all the subjects taken together for both the terms.

૨. કુલપતિશ્રી લાલ વાજબી કારણ હોય તો જેઓએ બે સત્રની ભેગી મળી ઓછામાં ઓછા ૧૦૦ દિવસની હાજરી રાખી હોય તેમની ખૂટતી હાજરી માફ કરે છે. દરેક સત્રમાં હવે ઓ. ૭૮માં ૭૫ લેખે કુલ ૧૫૦ દિવસની ઓછામાં ઓછી હાજરી આવશ્યક રાખી હોવાથી, હાલની ૧૦૦ની મર્યાદાને વધારવા અંગેના કાર્યાલયના સૂચનની વિચારણા કરવા બાબત.

નોંધ.—આ બાબત કુલપતિશ્રીએ સમિતિને વિચારણા માટે મોકલી હતી. (અગાઉ તા. ૪-૧૧-૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત નં. ૪૫થી ઓછામાં ઓછા ૧૦૦ દિવસની હાજરી અંગેની મર્યાદામાં ફેરફાર કરવા અંગેનું કાર્યાલયનું સૂચન નામંજૂર કરેલ હતું.)

ચર્ચાવિચારણા કરી ઠરાવવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીની બન્ને સત્રોની ભેગી હાજરી ૧૧૧ દિવસ કરતાં ઓછી હોય તેમની ખૂટતી હાજરી માફ કરવાનું રાખવું નહીં એવો કુલપતિશ્રીને અભિપ્રાય આપવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું.

જ. મ. મહેતા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૮"
ક્રમાંક ૨૪

No. G.S.XI./2503/'69.
Raj Bhavan,
Ahmedabad.
Dt. 20th June, 1969.

The Secretary to the Govt. of Gujarat,
Education and Labour Department,
Sachivalaya, Ahmedabad–15.

Sub.--Question as to whether the Gujarat University has powers to prescribe the conditions of employment for members of non-teaching staff of the colleges affiliated to the University.

Sir,

With reference to your Department's U.O.R. No. 1364 dated 29-2-1968 on the subject mentioned above, I am to state as under :

1. The Gujarat University is an affiliating University at undergraduate stage and exercise of their control over the affiliated colleges is limited to academic matters only.

2. As per Section 20 (1) (*xxi*), the University is authorised to recognise a member of the staff of affiliated colleges or recognised institutions only as Professor, Reader, Lecturer or Teacher of the University and withdraw such recognition. There is, however, no such authority conferred on University for recognition or withdrawal of recognition of any member belonging to non-teaching staff.

3. It can be seen from Section 20(1) (*xv*) of the Act that the Syndicate has the power to recommend modification of the conditions of affiliation, and indeed, modification thereof relate exclusively to academic matters and therefore, relate to conditions of employment of the members of their teaching staff only.

4. As per Section 28 (*ix*) of the Act, the qualifications of Professors, Readers, Lecturers and Teachers in affiliated colleges and recognised institutions are to be prescribed under Statutes of the University. There is no corresponding clause enabling the University to lay down qualifications of the members of non-teaching staff working in affiliated colleges and recognised institutions.

5. The matter was examined by the Syndicate at its meeting held on 16-11-1963, when it was resolved that as the University is affiliating University, it has not to consider about the conditions of services of non-teaching staff of affiliated colleges.

6. In an affiliating University the colleges should have a sort of semi-autonomous status in so far as matters relate to their internal administration, and it would be worth while to respect this kind of limited autonomy of colleges, even as a University would like zealously to guard its own autonomous status.

In view of the position explained above, the Chancellor has felt that the University is not concerned with non-teaching staff of affiliated colleges and recognised institutions and has given his decision that under Section 20(1)(xv) of the Gujarat University Act, 1949, the Gujarat University has no powers to prescribe proper conditions of employment for members of non-teaching staff of the colleges affiliated therewith.

Your Department's file No. NGC. 1066/KH-Genl. under U.O.R.No. 1364 dated 24-2-1968 is returned herewith.

Yours faithfully,

(Sd.).....

Secretary to the Governor of Gujarat.

પરિશિષ્ટ "હ"
કામકાજ ક્રમાંક ૨૫

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લીગલ) સમિતિની સભા તા. ૧૯-૬-૧૯૬૯ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. સિન્ડિકેટની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ તે અંગે વિચારણા કરવા બાબત:

કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિવયની બાબતમાં બીજી યુનિવર્સિટીઓમાં શી પરિસ્થિતિ પ્રવર્તે છે તેની માહિતી મગાવવી અને તે માહિતી આવ્યેથી સદરહુ પ્રશ્ન પર પોતાનો અભિપ્રાય જણાવવા સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ-વય અંગેના નિયમો ઘડવા માટે ગુજરાત યુનિવર્સિટીને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ (૧૪) હેઠળ જરૂરી સત્તા છે એમ આ સમિતિનો અભિપ્રાય છે.

(૨) સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોની નિવૃત્તિ-વયમર્યાદા અંગે નીચે મુજબ નિયમો ઘડવા માટે આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે:

(1) The age of retirement of teachers working in affiliated colleges shall be 60 years, provided that a teacher may, if the Management of the College so desired be continued up to 65 years of age if the Management is satisfied regarding his physical fitness.

(2) Notwithstanding anything contained in (1) above, any present incumbent working as a teacher in any affiliated college who has completed 58 years of age but has not completed 65 years of age on 14-6-1969 may at the discretion of the Management of the College who he is employed, be continued as a teacher up to 68 years of his age.

(3) The provisions in No. (1) and (2) above shall be effective from 15th June 1970.

૨. સ્ટે. ૯૭ (એ) સુધરવાથી ફાર્મસી અને ડેન્ટલ સર્જરીની નવી વિદ્યાશાખાઓ અસ્તિત્વમાં છે. આ અંગે નીચેના મુદ્દાઓ ઉપર કાનૂની દૃષ્ટિએ અભિપ્રાય આપવા બાબત :

૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) હેઠળ "Class II : Ordinary Members એ મથાળા હેઠળ Proviso (*i*) માં જે લેસિયનથી સેનેટ પર ચૂંટાઈ આવ્યા હોય તે લેસિયન ચાલુ રહે ત્યાં સુધી જ સભ્યપદ ચાલુ રહી શકે એવા સેનેટ-સભ્યોના પ્રકાર આપવામાં આવ્યા છે. તેમાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સનો સમાવેશ થતો ન હોઈ એક વાર સેનેટ પર ચૂંટાયા પછી તેઓ જે તે ફેકલ્ટીના સભ્ય મટી જાય તોપણ સેનેટની મુદત પૂરી થાય ત્યાં સુધી સભ્ય તરીકે ચાલુ રહી શકે એવો ફલિતાર્થ નીકળે છે. તે જોતાં તબીબી વિદ્યાશાખાના સ્નાતકો ચૂંટાયેલા પ્રતિનિધિઓને ફાર્મસી કે ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખામાં મૂકવામાં આવે તો કાનૂની દૃષ્ટિએ શી પરિસ્થિતિ સર્જાય તે મુદ્દો વિચારવાનો થાય છે.

૨. આ વિદ્યાશાખાની મતદારયાદીઓ તૈયાર નથી. સ્ટે. ૭માં જણાવેલ છે કે પ્રત્યેક વર્ષની ૩૧મી ડિસેંબરે જે યાદીઓ હોય તે યાદીઓ પર પેટાચૂંટણી થઈ શકશે, તો વર્ષની અધવચ્ચે તબીબી વિદ્યાશાખાની મતદારયાદીમાં ફેરફાર કરીને તેમ જ ફાર્મસી અને ડેન્ટલ સર્જરીની પદવી ધરાવતા સભ્યોને ફાર્મસી અને ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખામાં મૂકી શકાય કે કેમ તે પણ વિચારવાનું રહે છે.

૩. ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની કૉલેજોના આચાર્યો પોતાના હોદ્દાની રૂએ આપોઆપ જે તે નવી ફેકલ્ટીના સભ્યો થઈ જ જાય છે, એમ કાર્યાલય માને છે.

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે આ સમિતિ પોતાનો અભિપ્રાય નીચે મુજબ જણાવે છે :

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૧) હેઠળ "Class II : Ordinary Members" એ મથાળા હેઠળ Proviso (*i*)માં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સનો સમાવેશ થયો નથી, એટલે સેનેટ પર એક વાર ચૂંટાયા પછી તેઓ જે તે ફેકલ્ટીના સભ્ય મટી જાય, તેમ છતાં પણ તેમનું સભ્યપદ તેઓ જે મુદત માટે ચૂંટાયા હોય તે મુદત માટે ચાલુ રહે છે. તે જોતાં તબીબી વિદ્યાશાખાના સ્નાતકોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને જો ફાર્મસી કે ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખામાં મૂકવામાં આવે તોપણ તેમનું સભ્યપદ પાંચ વર્ષનું હોઈ સેનેટની મુદત પૂરી થાય ત્યાં સુધી ચાલુ રહે છે.

(૨) સ્ટે. ૭ મુજબ પ્રત્યેક વર્ષે મતદારયાદીઓ ડિસેંબરની ૩૧મીએ સુધારવામાં (revise કરવામાં) આવે છે તે મુજબ ૧૯૬૮માં તૈયાર થયેલ મતદારયાદીઓ ૧૯૬૯માં ફરી સુધારવાની (revise કરવાની) થાય છે, જેથી તે પહેલાં યાદીઓ સુધારવાનું બની શકે તેમ નથી તે જોતાં ૧૯૬૯ના ડિસેંબરમાં મતદારયાદીઓ સુધારની વખતે ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની વિદ્યાશાખાઓની મતદારયાદીઓ પણ તૈયાર કરવી જોઈએ.

(૩) ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની કૉલેજોના આચાર્યો હોદ્દાની રૂએ જે તે નવી ફેકલ્ટીના સભ્યો થાય છે તેવું કાર્યાલયનું મંતવ્ય યથાર્થ છે અને તેને આ સમિતિ અનુમોદન આપે છે.

૩. સિન્ડિકેટની તા. ૩૦/૩૧--૫--૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ તે અંગે વિચારણા કરવા બાબત :

"ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ તરફથી સર્વિસ કંડિશનો, કાર્યભારની વહેંચણી, ગ્રાન્ટ્સના પ્રશ્નો ઇત્યાદિ વિગતોની છણાવટ કરતો પત્ર આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના તા. ૬--૫--૧૯૬૯ના પત્રમાં જણાવેલ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી :

યુનિવર્સિટી કૉલેજોનાં વેતન, મોભો અને સર્વિસની સલામતી વિષે જેટલું ચિંતન કરે છે તેટલું તેના કામ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા વિશે નથી કરતી એવું અમને લાગ્યા કરે છે. થોડાં વર્ષોથી વેતનનાં ધોરણ, મોંઘવારી, ઘરભાડું, પ્રૉવિડન્ટ ફંડ, સર્વિસના નિયમોની સગવડ વગેરે વધારવા માટે યુનિવર્સિટી તરફથી આદેશો નીકળતા ગયા છે, જેથી કૉલેજો પર અનહદ આર્થિક બોજો વધ્યો છે; પરંતુ શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે ખાસ કોઈ લાભ થયો નથી. શિક્ષકોને વધુ આર્થિક લાભ અને રક્ષણ આપવા જતાં શિક્ષકો અને સંચાલકો વચ્ચે તંગદિલી પેદા થઈ છે. સર્વિસના નિયમો અંગે તો અમને સવિશેષ લાગે છે કે તે અન્યાયકારી છે; કારણ બન્ને પક્ષે નિયમો એકસરખા હોવા જોઈએ. આપશ્રીએ અમારું ધ્યાન દોર્યું હતું કે કેટલાક અધ્યાપકો અને પ્રિન્સિપાલો પ્રત્યે કૉલેજ, મંડળો કે ટ્રસ્ટો તરફથી ગેરવર્તણૂક દાખવવામાં આવી હતી, તેથી સર્વિસના નિયમોમાં તેમને રક્ષણ આપવાની વધુ જરૂર જણાઈ હતી. જ્યાં અન્યાય થતો હોય ત્યાં ચોક્કસ તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં જોઈએ, પરંતુ બધી જ કૉલેજોના માથે અસમાન નિયમો લાદવા તે સામાન્ય ન્યાય અને હક્કના સિદ્ધાંતની વિરુદ્ધ કહેવાય એવો મત અમે દર્શાવ્યો હતો અને સર્વિસના નિયમોનું ધોરણ પૂર્વવત્ રાખવા આગ્રહ વ્યકત કર્યો હતો. હવે અમે માનીએ છીએ કે આ નિયમોમાં તરતમાં ફેરફાર નહિ થઈ શકે તો આ વર્ષ પૂરતા મોકૂફ રાખવા માટે આપશ્રી સિન્ડિકેટને ભલામણ કરશોજી."

ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ તરફથી આવેલો તા. ૬--૫--૧૯૬૯નો પત્ર તથા પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી આવેલ તા. ૧૫--૫--૧૯૬૯નો પત્ર સભા સમક્ષ મૂકવામાં આવ્યો. તે પર ચર્ચાવિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ નં. ૧૦ કે જેનો અમલ જે તા. ૭--૩--૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"
ઠરાવ અંક ૩૧

A meeting of the selection committee for recommending names for appointment to the post of Professor of Economics in University School of Social Sciences was held on 5-7-1969, the Saturday at 12-30 p.m. at the Office of the Gujarat University, Shri U. J. Joshi Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Prof. M. V. Mathur	Absent
3. Dr. J. J. Anjaria	Present
4. Dr. I. G. Patel	Absent
5. Prof. M. L. Dantwala	Absent.

The following candidates were called for interview :

1. Shri M. P. Bhatt	Present
2. Shri J. L. Dholakia	Present
3. Shri V. N. Kothari	Absent
4. Dr. Rajendra Kumar	Absent
5. Shri V. G. Patel	Absent
6. Shri D. K. Shukla	Present
7. Shri H. K. Trivedi	Absent.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved to recommend as under :

The Commitee interviewed the three candidates who remained present for the interview, but regrets to report that none of them was found suitable for the post of a Professor of Economics. The Committee, therefore, recommends that the post be readvertised.

U. J. Joshi
J. J. Anjaria.

પરિશિષ્ટ "૬"
બાબત ક્રમાંક ૩૨

A meeting of the selection committee for recommending names for appointment to the post of Reader in Economics in University School of Social Sciences was held on 5-7-1969, the Saturday at 3-30 p.m. at the Office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Prof. M. L. Dantwala	Absent
3. Shri D. T. Lakdawala	Present
4. Prin. H. C. Malkani	Absent
5. Shri M. B. Desai	Present

The following candidates were called for interview :

1. Shri Paresh M. Majmudar	Absent
2. Shri R. L. Sanghavi	Absent
3. Shri V. H. Joshi	Present
4. Shri S. B. Mehta	Absent
5. Shri H. K. Trivedi	Absent
6. Shri B. M. Peerzada	Absent
7. Shri B. M. Patel	Absent
8. Shri P. T. George	Absent
9. Shri J. I. Laliwala	Present
10. Shri T. M. Mistry	Present.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved to recommend as under :

The Committee interviewed the three candidates who remained present and resolved as under :

Shri T. M. Mistry has been found suitable for the Post of Reader in Economics in the University School of Social Sciences and is recommended for appointment to that post.

U. J. Joshi
D. T. Lakdawala
M. B. Desai.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક 33

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૭-૬-૧૯૬૯ના રોજ ૧૨-૦૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જ. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જ. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૪. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. આચાર્ય વી. આર. રાવદીવે	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૨-૩-૧૯૬૯ની આ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૨-૩-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓની તા. ૧૪-૬-૧૯૬૮ની માગણીઓ પૈકીની માંદગીની રજાઓ અંગેની માગણી આ સમિતિએ તેની તા. ૨૨-૩-૧૯૬૯ની સભામાં વિચારણા માટે મુલતવી રાખી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને હાલ જે સાત દિવસની માંદગીની રજાઓ આપવામાં આવે છે તે પેટે યુનિવર્સિટી પ્રેસ કામદાર આરોગ્ય યોજનાના ધોરણ આવરી લેવામાં આવેલું હોઈ, તેના તરફથી કામદારોને જો તેઓ એક દિવસથી વધારે દિવસ માંદગીની રજા ઉપર હોય તો તેમને વળતર આપવામાં આવે છે તે જોતાં હવેથી તેમને માંદગીની રજા માટે નીચેના નિયમો મંજૂર કરવા :

૧. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને માંદગીની વધુમાં વધુ કુલ સાત રજાઓ આપી શકાશે.
૨. માંદગીની નજીકની રજાઓ માટે નજીકનાં પ્રમાણપત્ર આવશ્યક રહેશે.
૩. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પહેલા એક દિવસની પૂરા પગારની માંદગીની રજા આપવી અને જો એક કરતાં વધુ દિવસની માંદગીની રજા એકસાથે આપવામાં આવે તો પહેલો એક દિવસ બાદ કરીને વધુ છ દિવસ સુધીની રજા અર્ધા પગારે આપવી.

૩. યુનિવર્સિટી પ્રેસના કેટલાક કર્મચારીઓની રજાઓ, ઓવરટાઈમ વગેરે માગણીઓ અંગે તા. ૧૩-૨-૧૯૬૮ અને તા. ૧૯-૧૧-૧૯૬૮ની સંયુક્ત અરજીઓ પર વિચારણા કરવા બાબત.

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને વાર્ષિક સાત દિવસની આકસ્મિક રજાઓ આપવામાં આવે છે તે વધારીને વર્ષની દસ આકસ્મિક રજાઓ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે આપવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કાર્યાલયના કર્મચારીઓને તથા પ્રૂફરીડરો અને કોપીહોલ્ડરોને હાલ જે ધોરણે હક રજાઓ આપવામાં આવે છે તે હાલના કાયમી થયેલા પ્રેસના કર્મચારીઓને તથા પ્રૂફરીડરોને અને કોપીહોલ્ડરોને આપવાનું ચાલુ રાખવું, પરંતુ તે જગ્યાઓ પર હવે પછી નિમાતા કે કાયમ થતા કર્મચારીઓને ફેક્ટરી એક્ટ પ્રમાણે જેટલી રજાઓ આપવી આવશ્યક હોય તેટલી જ હક રજાઓ આપવી.

૪. મનોવિજ્ઞાન ભવનમાં સાંજના વર્ગો માટે કુલપતિશ્રીએ એક લંગામી લેબોરેટરી આસિસ્ટન્ટની બીજા સત્રમાં ચાલુ રાખવાની સિન્ડિકેટની અપેક્ષાએ મંજૂરી આપી છે તે જગ્યા કાયમી જગ્યામાં ફેરવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તા. ૧૧-૧-૧૯૬૯ની સભામાં એક લંગામી લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા તા. ૧૧-૩-૧૯૭૦ સુધી ચાલુ રાખવાનું ઠરાવ્યું હોવાથી આ બાબતમાં કાંઈ કરવાનું રહેતું નથી.

૫. સ્થાયી સમિતિની તા. ૧૪-૨-૧૯૬૯ની સભામાં કર્મચારીઓને પોતાનાં રહેઠાણ બાંધવા માટે યુનિવર્સિટી કર્મચારીઓની માગણીના સંદર્ભમાં ઠરાવેલ કે સભા દરમિયાન થયેલ ચર્ચાને ધ્યાનમાં રાખીને કર્મચારીઓને રહેઠાણ બાંધવા માટે લોન આપવા અંગેના નિયમોનો મુસદ્દો ઘડીને આગામી સભા સમક્ષ રજૂ કરવો. તેને અનુલક્ષીને આ અંગે ઘડેલ નિયમો પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા કાયમી કર્મચારીઓને રહેઠાણ બાંધવા માટે નીચેના નિયમો પ્રમાણે લોન આપવી :

મકાન બાંધવા અંગેના લોનના નિયમો

યુનિવર્સિટીના કર્મચારી કે જેઓની કાયમી જગ્યા ઉપર ઓછામાં ઓછા પાંચ વર્ષની સેવાઓ યુનિવર્સિટીને આપી હશે તેઓને નીચેના નિયમો પ્રમાણે મકાન બાંધવા માટે લોન આપવામાં આવશે :

૧. આ લોન હક્ક તરીકે માગી શકાશે નહીં અને તે લોન આપવી કે ન આપવી તે અને આપવી તો કેટલી આપવી તે નક્કી કરવા માટેના સિન્ડિકેટના હક્ક અબાધિત રહેશે.

૨. જે કર્મચારીને પોતાના નામે કે પોતાના કુટુંબના સભ્યના નામે અમદાવાદ શહેરમાં મકાન ન હોય તેઓને જ આ લોન મળી શકશે.

૩. આવી લોન મકાનના ખર્ચના ૭૫ ટકા કે કર્મચારીના પ્રોવિડંટ ફંડના ફાળા તથા યુનિવર્સિટીના ફાળા સહિતની જે રકમ તેમના ખાતે જમા હશે તેમાંથી જે ઓછી હશે તેની મર્યાદામાં રહીને આપી શકાશે.

૪. લોન વ્યાજ સાથે પૂરેપૂરી પરત ન થાય ત્યાં સુધી પ્રોવિડંટ ફંડમાંથી બીજી લોન મળી શકશે નહીં.

૫. આપવામાં આવેલી લોન ૧૨૦ સરખા માસિક હપતામાં પરત કરવાની રહેશે.

૬. લોન ઉપર યુનિવર્સિટી સિન્ડિકેટ વખતોવખત જે દર નક્કી કરે તે દરે વ્યાજ આપવાનું રહેશે.

૭. લોનમાંથી તૈયાર કરવામાં આવેલું મકાન કર્મચારીએ યુનિવર્સિટીને ગીરે મૂકી આપવાનું અને આ ગીરોખત સદરહુ લોન વ્યાજ સાથે પૂરેપૂરી ભરપાઈ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૮. આ લોનની મદદથી બાંધવામાં આવેલ મકાન માટે મકાનના આગના વીમા લોન લેનાર સભ્યે પોતાના ખર્ચે લેવો આવશ્યક રહેશે.

૯. લોનમાંથી જો કોઈ કો-ઑપરેટિવ સોસાયટીમાં મકાન બાંધવાનું હશે તો કો-ઑપરેટિવ સોસાયટીએ પણ ગીરો કરારમાં એક પક્ષ તરીકે જોડાવવું આવશ્યક રહેશે અને તે સોસાયટીને આ પ્રમાણે કરારમાં પક્ષ તરીકે સામેલ કરાવવાની જવાબદારી લોન લેનાર સભ્યની રહેશે.

૧૦. મકાન બાંધકામના ખર્ચ અંગે જો કોઈ કો-ઑપરેટિવ સોસાયટી કે સરકાર કે કોઈ બીજી સંસ્થા તરફથી લોન લીધી હશે તો તે રકમ મકાનના કુલ ખર્ચમાંથી બાદ કરીને બાકીના ખર્ચ ઉપર જ લોન મળી શકશે.

૧૧. કોઈ કર્મચારી યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ થાય અથવા નિયમિત હપતા ભરપાઈ ન કરે તો બાકી રહેલા હપતા તથા વ્યાજની રકમ તેણે તાત્કાલિક ચૂકવવાનાં રહેશે.

૧૨. મંજૂર થયેલી લોન નીચે પ્રમાણે આપવામાં આવશે :

(૧) મકાન પ્લિન્થ સુધી આવ્યેથી ૪૦ ટકા

(૨) મકાનનું પહેલું ધાબું ભરાય ત્યારે વધુ ૩૦ ટકા, અને

(૩) મકાન પૂરું થાય ત્યારે બાકીના ૩૦ ટકા.

૧૩. પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી તથા બીજી કોઈ બાબત પેટે લોન લેનાર સભ્ય પાસે યુનિવર્સિટીનું કશું લેણું નીકળતું હશે તો તે લેણી નીકળતી રકમ સદરહુ સભ્ય પાસેથી બાકી નીકળતી લોન પેટે વસૂલ કરવા અંગેની બાંયધરી કર્મચારીએ આપવાની રહેશે, અને

૧૪. આવી લોનમાંથી તૈયાર કરવામાં આવેલું મકાન કર્મચારી બીજે કયાંય વેચી કે બક્ષિસ કરી શકશે નહીં કે ગીરો મૂકી શકશે નહીં કે બીજા કોઈને કોઈ પણ રીતે લખી આપી શકશે પણ નહીં.

૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો બહારની યુનિવર્સિટીઓની પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે કામ કરી શકે તે અંગે નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીની પરવાનગીથી યુનિવર્સિટીના શિક્ષકો આવા પ્રકારની કામગીરી હાલ સ્વીકારી શકે છે તે પ્રથામાં હાલ કોઈ ફેરફાર કરવો નહીં, પરંતુ દરેક વર્ષની આખરે યુનિવર્સિટીનાં ભવનોના દરેક શિક્ષકે તેઓએ બીજી યુનિવર્સિટીઓ કે સંસ્થાઓ તરફથી વર્ષ દરમિયાન થયેલી જે જે કામગીરી સ્વીકારી હોય તેની યાદી તથા તે પ્રત્યેક કામગીરી માટે મળેલા મહેનતાણાની પૂરેપૂરી વિગતો મેળવી સિન્ડિકેટને જાણ માટે રજૂ કરવાનું રાખવું.

૭. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિનો વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અને પ્રેસ બેઉ વિભાગો પર દેખરેખ રાખી શકે તેવા અધિકારીના નામાભિધાન, કામગીરી, પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મગાવી તે માહિતીના સંદર્ભમાં આપણા પ્રેસ અને પબ્લિકેશન વિભાગોનું કામ જવાબદારીપૂર્વક સંભાળી શકે તેવી કક્ષાની જગ્યા ઊભી કરવાની બાબતમાં પોતાનાં મંતવ્યો સાથે રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં આરોગ્યકેન્દ્ર માટે ઓનરરી સાઇકિયાટ્રિકસની જગ્યા ઊભી કરી હોઈ, તે જગ્યાનું માનદ વેતન તથા લાયકાતનું ધોરણ શું રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભાની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૮ની અરજી પણ વિચારણામાં લેવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીના સંદર્ભમાં સદરહુ સમિતિની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

શ્રી. એસ. કે. ઝવેરીનો નીચેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એકટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો સ્ટે. ૧૯૩-બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The Employees of the University, both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of 200 or less .. Rs. 3,000
2. Employees drawing basic pay from 201 to 400 .. Rs. 3,500
3. Employees drawing basic pay from 401 to 800 .. Rs. 4,000
4. Employees drawing basic pay from Rs. 801 and onwards ... Rs. 4,500
5. The policies shall be endownment policies.

On any employees ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endownment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી. એન. જે. પાઠકની તેઓની ઑફિસિયેટિંગ નિમણૂક દરમિયાન જે સમય માટે કામ કરેલ તે સમયનો લાભ તેઓને ને જગ્યાના ઈન્ક્રીમેન્ટ માટે મળવા અંગેની તા. ૨-૧૨-૧૯૬૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી. એન. જે. પાઠકની તા. ૨-૧૨-૧૯૬૮ની અરજી મંજૂર કરવી નહીં.

૧૨. કાર્યકારી મદદનીશ કુલસચિવ શ્રી. બી. એમ. વૈશ્યની તેઓએ કુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર તરીકે જે ડ્યૂટી એલાવન્સ મળતું હતું તે તેમના મૂળ માસિક પગારના ભાગરૂપ ગણીને તે રકમ મેળવતાં જે પગથિયું આવે તે પગથિયા પર તેમને મદદનીશ કુલસચિવની જગ્યાનો પગાર નક્કી કરવા અંગેની તેમની તા. ૧૪-૨-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યકારી કુલસચિવ શ્રી. બી. એમ. વૈશ્યની તા. ૧૪-૨-૧૯૬૯ની અરજી મંજૂર કરવી નહીં.

૧૩. લેટ્રાઈપિસ્ટ શ્રી. કે. જે. શાહ તા. ૧૦-૨-૧૯૬૯થી તા. ૭-૩-૧૯૬૯ સુધીની માંદગીની તથા હક રજા ઉપર હોવાથી લેટ્રાઈપિસ્ટને મળતું માસિક રૂ. ૩૦નું ભથ્થું તેઓને આપવા અંગેની સિનિયર ટાઈપિસ્ટ શ્રી. આર. એમ. શેઠની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભવિષ્યમાં લેટ્રાઈપિસ્ટ તરીકે આપવામાં આવતું એલાવન્સ પર્સનલ એલાવન્સ ન ગણતાં ડ્યૂટી એલાવન્સ ગણીને જે કર્મચારી તે કામ સંભાળે તેઓને આપવાનું રાખવું. બીજા પર્સનલ અલાવન્સને પણ આ જ સિદ્ધાન્ત લાગુ પાડવો.

૧૪. વિજ્ઞાનવિદ્યા ભવનમાં રસાયણવિભાગમાં વધુ વર્ગો શરૂ કર્યા હોવાથી નીચેની વધારાની જગ્યાઓ ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૧-૩-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(૧) સ્ટોર ઓફિસર-કમ-સિનિયર ક્લાર્ક	...	એક જગ્યા
(૨) જનરલ ક્લાર્ક	...	એક જગ્યા
(૩) મિકેનિક	...	એક જગ્યા

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાનના વિભાગમાં વધુ વર્ગો માટે નીચેની વધારાની જગ્યાઓ એક વર્ષ માટે હંગામી ધોરણે મંજૂર કરવી :

ક્રમાંક	જગ્યાનું નામ	કુલ સંખ્યા	પગારધોરણ
૧.	લેબોરેટરી આસિસ્ટન્ટ	ત્રણ	રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી.-૧૨-૩૦૦
૨.	જુ. ક્લાર્ક	એક	રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી.-૧૨-૩૦૦
૩.	સ્ટોર-કીપર	એક	રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી.-૧૨-૩૦૦
૪.	પટાવાળા	ત્રણ	રૂ. ૪૦-૨-૬૦-૩-૭૫

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૩૫

Ordinances relating to travelling and halting allowance for members of the Senate and other Authorities, Committees and other bodies of the University

O. 152 :

Whenever a member of the Senate or any other Authority or Committee of the University other than (*i*) the Vice-Chancellor, or (*ii*) a delegate appointed by the University or (*iii*) an employee of the University has to travel to attend a meeting or meetings called by the Registrar or for transection of any business connected with the University, he will be paid in accordance with the following rules :

1. If a person signs a declaration to the effect that he travelled by First Class by rail or by motor car, when a rail route is available he will be paid a single First Class fare each way.
2. If a person signs a declaration that he travelled by Second Class each way, he will be paid a single Second Class railway fare each way. If he travels by Third Class, he will be paid actual fare of the Third Class.
3. If a person travels by Steamer, he shall be paid the actual fare each way.
4. If a person travels by Air, he will be paid the actual fare each way, provided the Vice-Chancellor's sanction is obtained.
5. If a person travels by Public Bus, he will be paid the actual fare each way.
6. When a person has travelled different portions of the rail journey in different classes or has performed different parts of the journey by rail, steamer, etc., fares will be calculated for each part in accordance with the provisions contained in Nos. 1, 2, 3, 4 and 5 above.
7. If there is no Steamer, Rail, Bus or Air communication for a part or for the whole of the journey and it has to be performed by private car, the road journey will be paid for at 35 paise per k.m., but if two or more such members travel in the same car, only one member will be entitled to the travelling allowance.

8. If the Railway station is at a distance exceeding 8 k.m. from the registered address of a member he will be paid for the journey from his registered address to the Railway station and back in the manner prescribed in rules 5 and 7 above.

9. Whenever the same person has to attend a meeting or meetings on consecutive days, travelling allowance for only one journey (both ways) shall be payable.

10. When concessional fares are available, actual cost of travelling will be paid at the concessional rates, irrespective of whether the claimant has availed himself of the concession.

11. In all cases, travelling allowance is to be calculated by the shortest possible route.

12. Whenever a person has claimed travelling allowance for any part of journey from any public authority, this part shall be excluded from the total distance.

13. In all cases, travelling allowance, is to be calculated from the registered address of the person to the actual place of duty.

14. In addition to the travelling allowance, the members, other than those travelling by air, will be paid incidental charges at the rate of 3 Paise per k.m. subject to a minimum of Rs. 5/- and a maximum of Rs. 12-50 P. per journey each way.

O. 154 :

In addition to the travelling allowance, members will be entitled to receive a halting allowance of Rs. 10/- for each day of attending one or more meetings for each day spent by him on University work. Halting allowance may be given for a day on which there is no meeting, provided there is a meeting on the day before and on the day after, both of which, the member or other person travelling on University work attend.

O. 156 :

Local members residing in the city of the University Headquarters will be paid a conveyance allowance of Rs. 5/- per day for a meeting or meetings attended by them.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૫૨

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪-૫-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની એક સભા તા. ૨૦-૬-૧૯૬૯ને શુક્રવારના રોજ સાંજના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૨. શ્રી. કે. એન. શાહ	હાજર
૪. શ્રી. એમ. સી. શાહ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૧૧-૪-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લાં કૉલેજમાં ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન શ્રી. જગદીશચંદ્ર માધવજી ગોધાણીએ પ્રથમ વર્ષ એલએલ.બી.ના વર્ગમાં ખોટી હાજરી પુરાવ્યા બાબત તા. ૧૬-૧-૧૯૬૯ના રોજ મળેલ આ સમિતિના ઠરાવ અન્વયે શ્રી. ગોધાણી, જે મોટર દ્વારા કોલકીથી રાજકોટ જતા હતા તે મોટરનો નંબર, તેનું નામ, મોટરનું લાઈસન્સ તેમ જ મોટર અંગેની તમામ વિગત, શ્રી. ગોધાણી ઈન્કમટેક્સ ભરે છે કે કેમ અને જો ઈન્કમટેક્સ ભરતા હોય તો તે અંગેનું સર્ટિફિકેટ મગાવતાં શ્રી. ગોધાણી તરફથી આવેલ તા. ૧૧-૩-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ કેસના તમામ કાગળો તથા શ્રી. જગદીશચંદ્ર માધવજી ગોધાણીએ કરેલા તમામ લેખિત ખુલાસા લક્ષમાં લેતાં સમિતિ શ્રી. જગદીશચંદ્ર માધવજી ગોધાણીએ ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં અયોગ્ય નીતિરીતિ અપનાવી હાજરી પુરાવી સત્રો માન્ય કરાવ્યાં હોવાથી શ્રી. જગદીશચંદ્ર ગોધાણીનાં ૧૯૬૫-૬૬માં રાખેલ ફર્સ્ટ એલએલ.બી.નાં સત્રો રદ્દ ગણી તેમનું એપ્રિલ ૧૯૬૬નું જાહેર થયેલ પરિણામ રદ્દ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

(નોંધ.—સમિતિનો આ અંગેનો રિપોર્ટ આ સાથે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

* * *

શ્રી. જગદીશચંદ્ર માધવજી ગોધાણી અંગેનો સમિતિનો રિપોર્ટ

શ્રી. જગદીશચંદ્ર માધવજી ગોધાણી કે જેઓ રાજકોટથી આશરે ૩૦ માઈલ દૂર કોલકી ગામે માધ્યમિક શાળામાં નોકરી કરતાં કરતાં રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લાં કૉલેજ, રાજકોટમાં પ્રથમ એલએલ.બી.ના વર્ગમાં હાજરી પુરાવી ભરેલાં સત્રો અંગે તપાસ કરતાં તે અંગેના તમામ કાગળો તથા શ્રી. જગદીશચંદ્ર ગોધાણીએ કરેલા તમામ લેખિત ખુલાસાઓ તથા આ અંગે તેઓ જ્યાં નોકરી કરતા હતા તે કેળવણી મંડળના

મંત્રીશ્રીના પત્રો ધ્યાનમાં લેતાં શ્રી. જગદીશચંદ્રે કોલકી ગામે નોકરી કરતાં કરતાં રાજકોટની કૉલેજના સમય દરમિયાન ૧૯૬૧-૬૬માં પ્રથમ એલએલ.બી.ના વર્ગમાં પૂરતી હાજરી આપી હોય તે સંભવિત નથી.

આથી સમિતિ એ અભિપ્રાય પર આવે છે કે શ્રી. જગદીશચંદ્રે રાજકોટની લો કૉલેજમાં ૧૯૬૧-૬૬માં રાખેલ પ્રથમ એલએલ.બી.નાં બે સત્રો દરમિયાન જરૂરી પૂરતી હાજરી આપી નથી. તેમના માટે તે શક્ય પણ નહોતું. આથી તેમનાં પ્રથમ એલએલ.બી.નાં સત્રો માન્ય કરી શકાય નહીં. સત્રો માન્ય કરાવવા માટે અયોગ્ય નીતિરીતિ તેમણે અપનાવી હોય તેમ બની શકે. આથી આ સમિતિ તેમનું પ્રથમ એલએલ.બી.નું એપ્રિલ ૧૯૬૬નું જાહેર થયેલું પરિણામ રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે. સમિતિની ભલામણ સિન્ડિકેટ જો સ્વીકારે તો આ અંગે આનુષંગિક પગલાં સિન્ડિકેટે લેવાનાં રહેશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 610–450–9–69

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભા શનિવાર, તા. ૯-૮-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૦-૮-૧૯૬૯ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૯-૮-૧૯૬૯	તા. ૧૦-૮-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૯ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬-૭-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહની માગણી પરથી કુલપતિશ્રીએ નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પરવાનગી આપી :

૧-અ. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં સાંજના વર્ગો શરૂ કરવા માટે સિન્ડિકેટે તા. ૬-૭-૧૯૬૯ના રોજ સભામાં ઠરાવેલું તે બાબતમાં શાં પગલાં લેવાયાં છે તે અંગે વિચારણા કરવા બાબત.

તે અંગે સિન્ડિકેટના એક સભ્ય અને વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. જે. જે. ચિનોયે વિજ્ઞાન વિદ્યાભવને લીધેલાં પગલાંનો ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે જો કોઈ પણ વિષયમાં વિજ્ઞાન વિદ્યાભવનના ધોરણ પ્રમાણે પ્રવેશની પાત્રતા ધરાવતા હોય એવા ૬ વિદ્યાર્થીઓ વધારાના વર્ગમાં પ્રવેશ ઇચ્છતા હોય તો તે માટે વધારાના વર્ગો ચલાવવાનો નિર્ણય લેવામાં આવેલો છે, પરંતુ હજી સુધી કોઈ વિષયમાં જરૂરી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે તૈયાર થયા નથી અને તેથી ભવનમાં વધારાના વર્ગો શરૂ કરવાનું બની શકયું નથી.

તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની ચાલુ વર્ષે આવેલી અરજીઓ જોઈતપાસીને કોઈ પણ વિષય કે વિષયોમાં (૧) વધારાના વર્ગો અને (૨) વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની શકયાશકયતાઓ તપાસીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જે. જે. ચિનોય, કન્વીનર
(૨) શ્રી. આર. એચ. શાહ
(૩) ડૉ. કે. એન. શાહ
(૪) શ્રી. આઈ. એ. મોદી
(૫) શ્રી. આઈ. એમ. નાણાવટી
(૬) શ્રી. આર. જી. શાસ્ત્રી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. પી. એચ. વી. વાસુદેવ રાવ	વિજ્ઞાન—વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. આર. સી. શાહ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રી. આર. જયરામ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૪.	શ્રી. કે. શિવ સુબ્રમણ્યિમ	વિનયન—અંગ્રેજી	પીએચ.ડી.

(૨) પી.એલ. ૪૮૦ની બીજી સંશોધન યોજનાનો છેલ્લો અહેવાલ તૈયાર કરાવવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ કર્મચારીઓને ઊંચક મહેનતાણું આપવા અંગે મંજૂરી આપ્યાના :

ક્રમાંક	નામ	મૂળ પગાર રૂપિયા	કામની વિગત	ભથ્થું રૂપિયા
૧.	શ્રી. એન. એ. ગઢવી, સ્ટેનોગ્રાફર	૨૪૦	સ્ટેન્સિલ ટાઇપ કરવા (૫૦૦ પાનાં)	૨૦૦
૨.	શ્રી. એન. એ. શાહ, ફોટોગ્રાફર	૧૪૦	ફોટોગ્રાફ પ્લેટ ૧૧૦	૧૦૦
૩.	શ્રી. એસ. બી. વાળંદ, આર્ટિસ્ટ	૧૮૦	૧૧૦ આકૃતિઓના સ્કેચ માટે	૧૦૦
૪.	શ્રી. એન. બી. શાહ, હર્બેરિયમ આસિસ્ટન્ટ	૧૦૦	,,	૧૦૦
૫.	શ્રી. પીટર મેકવાન	૫૦	ઉપરોકત સ્ટેન્સિલોની ૫૦૦ નકલ કાઢવા માટે	૫૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ઑકટોબર ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિનક / પરીક્ષકોની નિમણૂકો સૂચવવા મળેલ જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑકટોબર ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાધ્યિનકો-પરીક્ષકોની નિમણૂકોની યાદી સભાગૃહમાં સૂચવવામાં આવેલા ફેરફારો સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪. જૂન ૧૯૭૦થી (અ) નવી કૉલેજો માટે, (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસ-સમિતિઓ નીમવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત ખાતે શરૂ કરવામાં આવનાર ફાર્મસી કૉલેજની જોડાણઅરજીની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) શ્રી. ઈન્દ્રવદન એ. મોદી
(૨) ડૉ. સી. એસ. શાહ
(૩) ડૉ. બી. વી. પટેલ.

(૨) ઉપર નં. (૧)માં જણાવેલ સિવાયની બાકીની જોડાણઅરજીઓની બાબતમાં તપાસસમિતિઓ નીમવાનું મોકૂફ રાખવું. દરમિયાન સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના રિપોર્ટની રાહ જોવી અને સદરહુ સમિતિનો રિપોર્ટ આવ્યેથી ઘટતાં પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ તેમ જ તા. ૪-૪-૧૯૬૯ની વાર્ષિક સભામાં થયેલ વિવિધ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર રાખેલ હોવાથી તે અંગે આગળ ઘટતી વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક કૉલેજો કે પૂર્ણ સમયનાં કેન્દ્રોની વ્યવસ્થા અસ્તિત્વમાં આવે ત્યાં સુધી દરેક અનુસ્નાતક કેન્દ્રોમાં યુનિવર્સિટીના વિદ્યાભવનના લેક્ચરરની કક્ષાના એક પૂરા સમયના શિક્ષકનો નિમણૂક કરવાના સૂચનનો આ સમિતિ સૈદ્ધાન્તિક રીતે સ્વીકાર કરે છે તથા તે અંગે ઘટતી વ્યવસ્થા વિચારવા યુનિવર્સિટીનાં સત્તા-મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થાની બાબતમાં સિન્ડિકેટે નીમેલી પ્રો. જી. ડી. પરીખ, પ્રો. જી. સી. બેનરજી અને ડૉ. કે. આર. રામનાથનની બનેલી સમિતિનો હેવાલ આવ્યેથી સદરહુ બાબત પર વિચારણા કરવાનું રાખવું.

૭. સ્થાયી કાનૂનવિષયક (legal) સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ નં. ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોમાં રમતગમત અને યુવક કલ્યાણ પ્રવૃત્તિના સરળ સંચાલન અને વિસ્તરણ અંગે યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૧-૬-૧૯૬૯ના પત્રમાં કરેલ સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. જે. જે. ચિનોય
(૨) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૩) પ્રો. ડી. એન. પાઠક
(૪) ડૉ. સી. ટી. ભોપટકર
(૫) પ્રો. દર્શનસિંગ બસન
(૬) ડૉ. રમણલાલ જી. ભટ્ટ
(૭) ડૉ. ટી. એસ. નાન્દી
(૮) શ્રી. વી. પી. મહેતા.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. ડી. ભટ્ટને રૂ. ૧૩૦-૮-૧૭૦-ઈ.બી. ૧૨-૨૯૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં તા. ૩-૭-૧૯૬૯થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમના મૂળ માસિક પગાર હાલ રૂ. ૧૭૦ છે.)

સિનિયર કલાર્ક શ્રી. એસ. ડી. ભટ્ટની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. ડી. ભટ્ટને સિનિયર કલાર્ક તરીકે રૂ. ૧૩૦-૮-૧૭૦-ઈ.બી.૧૨-૨૯૦ ૧૫-૩૫૦ના પગારધોરણમાં તા. ૩-૭-૧૯૬૯થી રૂ. ૧૭૦થી આગળ કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૦. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનમાં એજ્યુકેશનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. ડી. આઈ. વ્યાસ તા. ૩૧-૫-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૫-૬-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ડી. આઈ. વ્યાસ તા. ૧૧-૯-૧૯૬૫ના રોજ મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. આઈ. વ્યાસને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એન. સી. જોશી તા. ૨૦-૬-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા, તથા (બ) સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૪-૭-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. એન. સી. જોશી તા. ૨૫-૮-૧૯૬૮ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૨૦-૬-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. સી. જોશીને તેમને ખાતે નીકળતી (અ) પ્રોવિડન્ટ ફંડની રકમ અને (બ) ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૧૨. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં વૉર્ડબૉય તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પાટિલનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૫-૮-૧૯૬૯ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૬-૮-૧૯૬૯થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વૉર્ડબૉય શ્રી. ડી. એમ. પાટિલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વૉર્ડબૉય શ્રી. ડી. એમ. પાટિલનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૧૩. યુનિવર્સિટીનાં પ્રકાશનોને વિદ્વાનો, સામયિકો તથા વર્તમાનપત્રોને અવલોકનાર્થે મોકલવા માટે સિન્ડિકેટના તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં કરેલ ઠરાવ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી પ્રસિદ્ધ થનાર યુનિવર્સિટીના પ્રત્યેક પ્રકાશનની વધુમાં વધુ ૨૦ નકલો સંબંધકર્તા વિદ્વાનો, સામયિકો તથા વર્તમાનપત્રોના અવલોકન માટે વિનામૂલ્યે મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. થર્ડ બી.કૉમ. પરીક્ષા, એપ્રિલ ૧૯૬૯ માટેનો "શ્રી. ડાહ્યાભાઈ રવચંદ ગોલ્ડ મેડલ" એનાયત કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ ચંદ્રકના પ્રદાન અંગેનો નિયમ નીચે મુજબ છે:

A Gold Medal in the name of "Shri Dahyabhai Ravchand, Ahmedabad" of the value of about Rs. 145/- shall be awarded annually to a candidate who secures the highest number of marks at the B.Com. Degree examination.

(*N.B.*— The marks of Third Year B.Com. & credit marks of F.Y.B.Com, and S.Y.B.Com. will be counted.)

(૨) વિદ્યાર્થી નં. ૧૧૮૯ને કુલ ગુણાંક ૮૦૦માંથી ૫૪૮ ગુણાંક અને વિદ્યાર્થી નં. ૬૪ને ૮૦૦માંથી ૫૪૭ ગુણાંક મળે છે; પરંતુ વિદ્યાર્થી નં. ૧૧૮૯ બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયો છે, જ્યારે વિદ્યાર્થી નં. ૬૪ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો છે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક બાબતમાં યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો જોતાં એપ્રિલ ૧૯૬૯થી થર્ડ બી.કૉમ.ની પરીક્ષા માટેના સદરહુ સુવર્ણચંદ્રક વિદ્યાર્થી નં. ૧૧૮૯ને આપવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં સુવર્ણચંદ્રકો, ઇનામો, પારિતોષિકો વગેરે માટે પાત્ર થનાર વિદ્યાર્થીઓએ સંબંધકર્તા પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવવો એ આવશ્યક ગણવું જોઈએ અને તે માટે સંબંધકર્તા પ્રદાનોના દાતાની અનુમતિ મેળવીને નિયમોમાં જરૂરી સુધારા કરવા માટેનો પ્રસ્તાવ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. સી. સી. દેસાઈએ કરેલા પ્રદાનની બાબત પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રદાનના દાતાની સંમતિ મેળવીને ભવિષ્યમાં શિષ્યવૃત્તિને બદલે ઇનામ આપવા અંગે નિયમોમાં ઘટતો ફેરફાર કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિનક-પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૨-૭-૧૯૬૯ તેમ જ તા. ૨૨-૭-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૯ અને તા. ૨૨-૭-૧૯૬૯ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૯ અને તા. ૨૨-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ થર્ડ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૮૫૦ કે જેમને આ યુનિવર્સિટીની ૧૯૬૫માં પ્રી-યુનિ. સાયન્સની પરીક્ષામાં ગેરરીતિ અજમાવવા બદલ તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધી ડિબાર્ડ કરવામાં આવ્યા હોવા છતાં આ વિદ્યાર્થી એસ.એસ.સી.ના આધારે ૧૯૬૬માં સરદાર પટેલ યુનિવર્સિટીમાં દાખલ થઈ અને પ્રી-યુનિ.સાયન્સ અને ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષા તે યુનિવર્સિટીની પસાર કરી, સેકન્ડ બી.એસસી.માં આ યુનિવર્સિટીમાં ફરી દાખલ થઈ પસાર કરી થર્ડ બી.એસસી.માં બેઠા છે તે અંગે આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ વિદ્યાર્થીનું આ વર્ષનું થર્ડ બી.એસસી.નું પરિણામ હાલ અનામત રાખવામાં આવ્યું છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. સમાજવિદ્યા ભવનમાં સોશિયોલોજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. એચ. સી. દોશીને મૂળ માસિક પગાર રૂ. ૪૦૦ને બદલે રૂ. ૫૨૦ આપવા અંગેના તેઓના તા. ૧૯-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

શ્રી. દોશીના તા. ૧૯-૬-૧૯૬૯ના પત્રની તથા સમાજવિદ્યા ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીની તા. ૨૫-૬-૧૯૬૯ની નોંધની નકલ સામેલ છે.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં શ્રી. દોશીની સોશિયોલોજીના વ્યાખ્યાતા તરીકે રૂ. ૪૦૦ના મૂળ માસિક પગારથી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં નિમણૂક કરી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયાનું ૧૧મું નેશનલ અધિવેશન આગામી દિવાળીની રજાઓ દરમિયાન અમદાવાદ ખાતે યોજવા માટે યુનિવર્સિટી પાસે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાયની માગણી કરતો, યૂથ હૉસ્ટેલ ઍસોસિશયેન ઑફ ઈન્ડિયાની અમદાવાદ શાખાના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (*iii*) (*b*) અનુસાર વરણી સમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

	જગ્યા
(૧) પ્રોફેસર ઈન બિઝનેસ મૅનેજમેન્ટ	એક
(૨) પ્રોફેસર ઈન માર્કેટિંગ	એક
(૩) રીડર ઈન ફાઇનેન્સિયલ મૅનેજમેન્ટ	એક
(૪) રીડર ઈન પ્રોડક્શન મૅનેજમેન્ટ	એક
(૫) લેક્ચરર	ત્રણ

(નોંધ.—**O. 66**(*iii*) Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed to be selected as follow namely :

(*b*) Three by the Syndicate, who shall not be the members of the Senate members of the Faculties of Teachers.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૦. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૭-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે હૉસ્પિટલમાં કામ કરતા ઑનરરીઝને રૂ. ૧૦૦ ઉપરાંત દરેક અન્ડર-ગ્રેજ્યુએટ લેક્ચર દીઠ રૂ. ૨૦ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ લેક્ચર દીઠ રૂ. ૧૫ અથવા રૂ. ૧૦ આપવામાં આવતા હોવાથી બીજી ફેકલ્ટીમાંના ખંડ સમયના શિક્ષકોની માફક રૂ. ૨૦૦, ૧૫૦ અને ૧૦૦નું માનદ વેતન આપવાનું જરૂરી જણાતું નથી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૧. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This Faculty resolves that in Third M.B., B.S. Practical examinations half the candidates in each subject will be examined in one Medical college and the remaining in the other Medical college, next year the order will be reversed."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. ડૉકટરેટ પદવી માટેના મહાનિબંધો સહિત સંશોધન કાર્યોના પ્રકાશનની યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૧૦,૦૦૦ની "ઑન એકાઉન્ટ" આર્થિક સહાય મંજૂર કરવામાં આવી તે અંગેના તેમના તા. ૩-૩-૧૯૬૯ના પત્રાંક એફ-૩૧-૧૯-૬૧-એચ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૩. ટીચર્સ હૉસ્ટેલના ખાલી કવાર્ટર અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટાસમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૪. આપણી યુનિવર્સિટીમાં વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ (W.U.S.)ની ઈન્ડિયન નેશનલ કમિટીનું સભ્યપદ સ્વીકારી આપણી યુનિવર્સિટીમાં લોકલ કમિટીની સ્થાપના કરવાનું સૂચન કરતા ઈન્ડિયન નેશનલ કમિટીના પ્રમુખ તરફથી આવેલ તા. ૧૭-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસની નેશનલ કમિટીના સભ્યપદનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦૦નું ભરવાનું હોય છે અને લોકલ કમિટીના પ્રમુખપદે કુલપતિશ્રી હોય છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૫. Functional literacy પર એક રાષ્ટ્રીય અધિવેશન કલકત્તા મુકામે સપ્ટેંબર ૬થી ૮ના સમય દરમિયાન યોજનાર છે, તેમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ અધિવેશનની પ્રેપરેટરી કમિટીના કાર્યકારી પ્રમુખશ્રીના તા. ૧૨-૭-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૨૬. સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૯થી ચાલુ તથા વધારાનું જોડાણ આપવાની ભલામણ સેનેટે નામંજૂર કરેલ, પરંતુ સદરહુ જોડાણ આપતું જાહેરનામું રાજ્ય સરકારે બહાર પાડયું હોઈ તે અંગે નોંધ લેવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે કે કે યુનિવર્સિટીનાં ધારાધોરણનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે સદરહુ કૉલેજના આચાર્યને તથા તે કૉલેજના સંચાલકમંડળના પ્રમુખશ્રીને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના જોડાણની બાબતોમાં યુનિવર્સિટીને તથા રાજ્ય સરકારને માટે પરસ્પર મતભેદને અવકાશ ન રહે તે દૃષ્ટિએ હાલનાં ધારાધોરણોમાં જરૂરી ફેરફાર કરવાની વિચારણા કરવી ઘટે.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના રીડર ડૉ. એમ. એન. દેસાઈની (*i*) studies in Corrosion inhibition of 60 / 40 and 80 / 20 brasses, (*ii*) Atmospheric Corrosion of tipical metals and alloys at UBUARAT (sea climate) સંશોધન યોજના અંગે બે વર્ષ માટે સી.એસ.આઈ.આર., ન્યૂ દિલ્હી તરફથી રૂ. ૪,૫૩૩ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના તેમના પત્રાંક ૧૦ (૩૬) ૬૯-જીએમ, તા. ૬-૭-૧૯૬૯ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૮. સ્થાની સમિતિની તા. ૧૯-૭-૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૭-૧૯૬૯ની સભાની ભલામણો નીચેના ફેરફાર સાથે મંજૂર કરવી:

યુનિવર્સિટીના કર્મચારીઓને ઘર બાંધવા કે ખરીદવા માટે લોન આપવાની બાબતમાં પાત્રતા અંગેની નીચેની શરતમાં '૧૫ વર્ષ કે તેથી વધુ' એ શબ્દોને બદલે '૧૨ વર્ષ કે તેથી વધુ' એ શબ્દો મૂકીને તે સુધારવી તથા તે સુધારા સાથેની સમિતિની નીચેની ભલામણ મુજબ સ્ટેચ્યૂટમાં ઘટતા સુધારા કરવા માટે જરૂરી પગલાં લેવાં:

'સદરહુ બાબત ઉપર પુનર્વિચારણા કરી, આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા કાયમી કર્મચારીઓ જેઓએ પોતાની સેવાઓ ૧૨ વર્ષ કે તેથી વધુ આપી હોય તેઓને રહેઠાણ બાંધવા માટે નીચેના નિયમો પ્રમાણે લોન આપવી:

મકાન બાંધવા અંગેના લોનના નિયમો

૧. આ લોન હક્ક તરીકે માંગી શકાશે નહીં, અને તે લોન આપવી કે ન આપવી અને આપવી તો કેટલી આપવી તે નક્કી કરવા માટેનો સિન્ડિકેટનો હક્ક અબાધિત રહેશે.

૨. જે કર્મચારીને પોતાના કે તેમની પત્ની કે તેમના પતિના કે સગીર બાળકના નામે અમદાવાદ શહેરના મ્યુનિસિપલ વિસ્તારમાં મકાન ન હોય તેઓને જ આ લોન મળી શકશે.

૩. આર્કિટેકટે પ્રમાણિત કરેલ અંદાજી ખર્ચને આધીન આવી લોન જમીન સાથેના મકાનના કુલ અંદાજી ખર્ચના ૭૫ ટકાથી વધુ નહીં તેટલી રકમ કે કર્મચારીના પોતાના પ્રોવિડંટ ફંડના પૂરેપૂરા ફાળા (વ્યાજ સહિત) ઉપરાંત તેમના પ્રોવિડંટ ફંડના ફાળામાં આપેલ યુનિવર્સિટીના ફાળા (વ્યાજ સહિત)ના ૫૦ ટકા તથા તેમની ગ્રેચ્યુઈટીની જે રકમ માટે તેઓ સ્ટે. ૧૯૩-એ મુજબ અન્ય પાત્ર થયા હોય તેના ૫૦ ટકા જેટલી રકમ થશે તેમાંથી જે ઓછી હશે તેની મર્યાદામાં રહીને આપી શકાશે.

૪. લોન વ્યાજ સાથે પૂરેપૂરી પરત ન થાય ત્યાં સુધી પ્રોવિડંટ ફંડમાંથી બીજી લોન મળી શકશે નહીં.

૫. આપવામાં આવેલી લોન ૧૨૦ સરખા માસિક હપતામાં પરત કરવાની રહેશે.

૬. લોન ઉપર સિન્ડિકેટ વખતોવખત જે દર નક્કી કરે તે દરે વ્યાજ આપવાનું રહેશે.

૭. મંજૂર થયેલી લોન નીચે પ્રમાણે આપવામાં આવશે:

(અ) નવું મકાન બંધાવવાનું હોય તે માટે કે હાલના પોતાના મકાનના એકસ્ટેન્શન માટે—
(૧) પ્રથમ હપતો ૨૫ ટકા,
(૨) મકાન પ્લિન્થ સુધી આવ્યેથી વધુ ૨૫ ટકા,
(૩) મકાનનું પહેલું ધાબું ભરાય ત્યારે વધુ ૨૫ ટકા, અને
(૪) મકાન પૂરું થાય ત્યારે બાકીના ૨૫ ટકા.

(બ) તૈયાર મકાન ખરીદવા બાબત—
(૧) બાનાખત માટે ૧૦ ટકા,
(૨) દસ્તાવેજ થયા પછી બાકીના ૯૦ ટકા.'

(સદરહુ સમિતિની તા. ૧૯-૭-૧૯૬૯ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

તે પછી શનિવાર, તા. ૯-૮-૧૯૬૯ના રોજ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને સભા રવિવાર, તા. ૧૦-૮-૧૯૬૯ના રોજ ફરીથી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૨૯. તા. ૨૦-૬-૧૯૬૮ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે હવેથી પ્રકાશિત થનાર યુનિવર્સિટી પ્રકાશનોનાં મુખપૃષ્ઠને આકર્ષક બનાવવા માટે કલાકારોની એક યાદી તૈયાર કરવી અને જરૂર પડયે ભાવ મંગાવી કામ કરાવી લેવાનું રાખવું તેમ જ તે અંગેનું જરૂરી ખર્ચ મંજૂર કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે હવેથી પ્રકાશિત થનાર યુનિવર્સિટી પ્રકાશનોનાં મુખપૃષ્ઠને આકર્ષક બનાવવા માટે કલાકારોની એક યાદી તૈયાર કરવી અને જરૂર પડયે ભાવ મંગાવી કામ કરાવી લેવાનું રાખવું.

૩૦. તા. ૨૦-૬-૧૯૬૯ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં હવે પછી પ્રગટ થનાર પ્રકાશનોનાં જૅકેટ કવરના અંદરથી વાળેલા ફ્લેપ ઉપર જે તે લેખકનો સંક્ષિપ્ત પરિચય નીચે દર્શાવ્યા પ્રમાણે લેવાનો રાખવો તેમ જ પુસ્તકની ટૂંકી માહિતી લેવાની રાખવી :

(૧) નામ, (૨) જન્મ, (૩) શૈક્ષણિક લાયકાત, (૪) પુસ્તક પ્રકાશિત થાય તે સમયનો લેખકનો હોદ્દો અને (૫) લેખકનાં શૈક્ષણિક પ્રકાશનોની માહિતી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. તા. ૨૦-૬-૧૯૬૯ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"'ભારતીય કરાર ધારો', 'ભારતીય ભાગીદારી ધારો' અને 'ભારતીય ફોજદારી ધારો'—આ પુસ્તકોના પ્રકાશકો મેસર્સ એન. એમ. ત્રિપાઠી અને મેસર્સ બાલગોવિંદ કુબેરદાસ પાસેથી સદરહુ ત્રણેય પુસ્તકોની બાંધ્યા વગરની નકલો નીચેની શરતોએ ખરીદવી :

(૧) 'ભારતીય ભાગીદારી ધારો', 'ભારતીય કરાર ધારો' અને 'ભારતીય ફોજદારી ધારો'ની અનુક્રમે ૭૬૧, ૬૦૦ અને ૧૪૧ એ મુજબની ત્રણેય પુસ્તકોની બાંધ્યા વગરની નકલો ખરીદવા પ્રકાશકોને રૂ. ૬,૦૦૦ ખર્ચ માટે આપવા.

(૨) પુસ્તકોના લેખકોને સદરહુ પુસ્તકો માટે યુનિવર્સિટી નક્કી કરે તેવી ઘટાડેલી વેચાણ કિંમત પર ૧૦ ટકા રૉયલ્ટી ગણી જે રકમ થાય તે સામટી આપી દેવી અને પુસ્તકના તમામ આવૃત્તિના કૉપીરાઈટ હક ખરીદી લેવા.

(૩) ઉપર જણાવેલ નકલોની વેચાણ કિંમત નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૪) આ કામ અંગે પ્રકાશકો તથા લેખકો સાથે સંયુકત રીતે કરાર કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. તા. ૨-૭-૧૯૬૯ ને બુધવારના રોજ મળેલ શિલ્પ-સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળાઓની પરિભાષા અંગેની સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"લલિતકળાઓના જુદા જુદા વિષયો અંગે જે તે કળાના અનુભવીઓનો લાભ મળી શકે તે હેતુથી જે તે વિષયનું પ્રારંભિક કાર્ય કરવા નીચે પ્રમાણે પેટાસમિતિઓની રચના કરવી :

નાટ્યવિદ્યા :

૧. શ્રી. જશવંત ઠાકર
૨. શ્રી. ધનંજય ઠાકર (અતુલ પ્રોડક્ટ્સ, વલસાડ)
૩. ડૉ. ધીરુભાઈ ઠાકર (મોડાસા)
૪. શ્રી. જયંતીભાઈ દલાલ

સંગીત :

૧. શ્રી. કંચનલાલ મામાવાળા
૨. પ્રો. મધુસૂદન એમ. ઠક્કર (કૉલેજ ઑફ મ્યુઝિક, વડોદરા)
૩. પ્રો. આર. સી. મહેતા (ફાઇન આર્ટ્સ ફેકલ્ટી, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા)

નૃત્ય :

૧. શ્રી. મૃણાલિનીબહેન સારાભાઈ
૨. શ્રી. કુમુદિનીબહેન લાખિયા
૩. શ્રી. ઈલાક્ષીબહેન ઠાકોર
૪. શ્રી. દર્શનાબહેન ઝવેરી, દ્વારા : શ્રી. એન. સી. ઝવેરી, ૨૧૫, મરિન ડ્રાઈવ, મુંબઈ-૧.

શિલ્પ-સ્થાપત્ય :

૧. ડૉ. પ્રિયબાળાબહેન શાહ
૨. શ્રી. કે. એફ. સોમપુરા
૩. શ્રી. બી. પી. સોમપુરા
૪. ડૉ. પનુભાઈ ભટ્ટ
૫. શ્રી. કાંતિલાલ કાપડિયા (ફાઈન આર્ટ્સ ફેકલ્ટી, વડોદરા)
૬. ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ (ડેપ્યુટી ડિરેક્ટર, વડોદરા)

ચિત્રકળા :

૧. શ્રી. રવિશંકર મ. રાવળ
૨. ડૉ. મંજુલાલ મજમુદાર, ચૈતન્યધામ, પ્રતાપગંજ, વડોદરા-૨
૩. ડૉ. પનુભાઈ ભટ્ટ.

શિલ્પ, સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળાની પરિભાષા વિષયની આ ઉપસમિતિમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીને કો-ઑપ્ટ કરવા સિન્ડિકેટને વિનંતી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. કાયમી જોડાણ મળેલ નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો માટે ૧૯૬૯-૭૦ની ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિદ્યાશાખા
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન-વિજ્ઞાન
૨.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
૩.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન
૪.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
૫.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
૬.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાનૂન
૭.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	ઇજનેરી
૮.	બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગે તેનાં નામ સામે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન-વિજ્ઞાન	(૧) ડૉ. એ. એમ. ત્રિવેદી (૨) આચાર્ય પ્રેમશંકર એચ. ભટ્ટ
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન	(૧) આચાર્ય ધીરુભાઈ ઠાકર (૨) આચાર્ય વિઠ્ઠલદાસ પી. પરીખ
૩. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન	(૧) પ્રો. જે. જે. ચિનોય (૨) આચાર્ય વી. એ. વ્યાસ
૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય	(૧) આચાર્ય કે. એમ. તલાટી (૨) આચાર્ય બી. એમ. પીરઝાદા
૫. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય	(૧) આચાર્ય એસ. આર. મહેતા (૨) આચાર્ય એચ. કે. બુખારી
૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાનૂન	(૧) આચાર્ય વી. આર. રણદીવે (૨) આચાર્ય સી. ડી. વ્યાસ
૭. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	ઇજનેરી	(૧) શ્રી. ગિરીશભાઈ દેસાઈ (૨) શ્રી. શાંતિભાઈ અમીન
૮. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન	(૧) પ્રો. એચ. સી. ભાયાણી (૨) આચાર્ય જે. એસ. જેટલી

૩૪. એન્જિનિયરિંગ વિદ્યાશાખાની સેમેસ્ટર નં. ૧ થી ૧૦ અને પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સની પરીક્ષાઓ (સિવિલ, મિકેનિકલ અને ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગની પરીક્ષામાં) શરૂ થવાની તારીખો અંગે ઑ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૯ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સંબંધકર્તા સુધારાનો મંજૂર કરેલો ભાગ **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૩૫. બાંધકામ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૬. પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા માટે તા. ૨૪-૭-૧૯૬૯ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૪-૭-૧૯૬૯ની સભાની ભલામણની નોંધ લેવી અને પ્રોફેસર ઑફ ફિઝિકસની જગા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી તથા વધુમાં ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ ડૉ. ડી. એસ. કોઠારીને તેમ જ એટમિક એનર્જી કમિશનના અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈને પત્રો લખીને સદરહુ જગ્યાને માટે પાત્ર ઉમેદવારોનાં નામોનાં સૂચનો મગાવવાં.

(સદરહુ સમિતિની તા. ૨૪-૭-૧૯૬૯ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામના ૧૯૬૯-૭૦ના વર્ષના કેપિટલ અંદાજપત્ર તથા મરામત અને ખાસ ફેરફારો અને છાત્રાલય ફર્નિચર વગેરેમાં જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના કેપિટલ અંદાજપત્રમાં તથા મરામત અને ખાસ ફેરફારો અને છાત્રાલય ફર્નિચર વગેરેના અંદાજપત્રમાં કાર્યાલયે સૂચવ્યા મુજબ ફેરફાર કરવા.

(સદરહુ કામોના સુધારેલા અંદાજી ખર્ચની યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૮. Numismatic Society of Indiaની ૫૮મી વાર્ષિક પરિષદ તેમ જ Indian Archaeology Societyની વાર્ષિક પરિષદ પટણા યુનિવર્સિટી કેમ્પસ, પટણામાં ઑકટોબર ૨૬ થી ૨૯, ૧૯૬૯ દરમિયાન યોજનાર છે, તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧લી જુલાઈ ૧૯૬૯ના પત્રાંક ૨૩/૬૯/૨૩૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૩૯. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નોકરીના નિયમો ઘડવાની સત્તા યુનિવર્સિટીને નથી તે અંગેની સ્પષ્ટતાના સંદર્ભમાં કૉલેજોના ગ્રંથપાલનાં પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેના નિયમો અંગેની પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કાર્યમાં સક્રિય ભાગ લેવા અંગે લોકસભાના સભ્ય શ્રી. મધુ લિમયેએ લોકસભામાં રજૂ કરેલ પ્રસ્તાવ (The Central Universities Students Participation Bill, 1969) અંગે યુનિવર્સિટીનો અભિપ્રાય માંગતા ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ તા. ૧૯-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, દરમિયાન લોકસભામાં શ્રી. મધુ લિમયેએ રજૂ કરેલા ખરડાની નકલ સિન્ડિકેટના સભ્યોને પરિપત્રિત કરવી.

૪૧. સ્ટે. ૯૭-એ નીચે મુજબ સુધારવામાં આવ્યો હોવાથી સ્ટે. ૧૧૮ (૭) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત :

સુધારેલો સ્ટે. ૯૭-એ નીચે મુજબ છે :

In addition to the seven faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery, the faculty of Pharmacy and the Faculty of Ayurvedic Medicine.

સુધારેલો સ્ટે. ૧૧૮ (૭) નીચે મુજબ વંચાશે :

Ten recognised Post-graduate teachers to be nominated, one from each Faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be principals of colleges or heads of recognised institutions or University Departments.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટે. ૯૭-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ સ્ટે. ૧૧૮ (૭) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૪૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં એન.એસ.સી.ની યોજના દાખલ કરવા માટે ભારત સરકારના સૂચન પ્રમાણે તા. ૬-૭-૧૯૬૯ની સભામાં ૨૮ કૉલેજોનાં નામો મોકલવાના નિર્ણયના અનુસંધાનમાં વધુ ૧૨ કૉલેજોની માહિતી આવતાં તે પૈકીના સિન્ડિકેટે આગળ પસંદ કરેલ ૫૯માંની આઠ કૉલેજોને પણ ૨૮ કૉલેજોની સાથે સામેલ કરી કુલ ૩૬ કૉલેજોની યાદી ભારત સરકારને મોકલવાનું મંજૂર કર્યાના;

(૨) ઑક્ટોબર ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો મંજૂર રાખ્યાના;

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં ડબ્લિન ઈન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા તા. ૧-૧-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધીની જે બિનપગારી રજાઓ મંજૂર કરી છે તેમાં તેમના કાર્યક્રમમાં ફેરફાર થવાથી તેઓને તા. ૧-૧૨-૧૯૬૯ થી તા. ૩૧-૫-૧૯૭૦ સુધીની બિનપગારી રજાઓ મંજૂર કર્યાના તથા તા. ૧-૬-૧૯૭૦થી તા. ૧૫-૬-૧૯૭૦ સુધી વેકેશનના સમયનો લાભ આપી આ પંદર દિવસના સમય માટે તેમને પૂરો પગાર આપ્યાના;

(૪) એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી. બી. એમ. શાહની તા. ૪-૭-૧૯૬૬થી પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કર્યાના;

(૫) ફર્સ્ટ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવ્યાને આધારે સેકન્ડ બી.એ.ના વર્ગમાં નિયમિત વિદ્યાર્થિની તરીકે કૉલેજમાં દાખલ થયેલ કુ. ચંદ્રિકાબહેન હીરાલાલ શાહને આગામી ઑક્ટોબર ૧૯૬૯ની ફર્સ્ટ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષામાં નામ નોંધાવવા અંગે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૩. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજી ભાષાના વિષયમાં એપ્રિલ-મે ૧૯૬૯માં યોજવામાં આવેલા ગ્રીષ્મસંસ્થાના કામ માટે ભાષા-સાહિત્ય ભવનના નીચે જણાવેલા કર્મચારીઓએ આપેલ સેવા અંગે વેતન આપવા માટે અધ્યક્ષશ્રીના વિનંતીપત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	મૂળ માસિક પગાર રૂપિયા	સૂચિત વેતન રૂપિયા
૧.	શ્રી. એન. એસ. ઠાકોર	સ્ટેનોગ્રાફર	૨૧૦	૨૦૦
૨.	શ્રી. એચ. એચ. શાહ	જુ. ટાઇપિસ્ટ	૮૫	૧૫૦
૩.	શ્રી. જે. એ. વાઘેલા	પ્યૂન	૫૪	૫૦
૪.	શ્રી. જી. સી. વાઘેલા	,,	૫૨	૫૦
૫.	શ્રી. સી. પી. પરમાર	,, (ફક્ત પંદર દિવસ માટે)	૪૬	૧૭
૬.	શ્રી. કે. પી. રાવલ	સફાઈ કામદાર	૫૨	૩૦

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજી ભાષાના વિષયમાં એપ્રિલ-મે ૧૯૬૯માં યોજવામાં આવેલ ગ્રીષ્મસંસ્થા-(Summer Institute)ના કામ માટે ભાષા-ભવનના ઉપર જણાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૪. ઇન્ટરનેશનલ લૉ ઍસોસિયેશન, નૈનિતાલ મુકામે ઑક્ટોબર ૨૨થી ૨૫ના સમય દરમિયાન ખાસ કરીને 'ઇન્ટરનેશનલ લૉ'ના શિક્ષકો માટે એક પરિસંવાદ યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઍસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૬મી જુલાઈ ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલને અને તેઓ જઈ શકે તેમ ન હોય તો આચાર્ય પી. આર. દેસાઈને મોકલવા.

૪૫. ૧૯૭૦ના વર્ષ માટે યુનિવર્સિટી ડેસ્ક ડાયરી પ્રસિદ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— યુનિવર્સિટી ડેસ્ક ડાયરીની ૧૫૦૦ નકલ છપાવવાનો અંદાજી ખર્ચ રૂ. ૪,૩૦૦ થવા સંભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી ડેસ્ક ડાયરી પ્રસિદ્ધ કરવાની હાલ જરૂર જણાતી નથી.

૪૬. ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચર ઇકોનોમિકસની ૨૯મી વાર્ષિક પરિષદ આંધ્ર યુનિવર્સિટીના આશ્રયે વોલ્ટેર મુકામે ડિસેંબર ૧૯૬૯ના છેલ્લા સપ્તાહમાં યોજનાર હોઈ તેમાં હાજરી આપવા યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા સદરહુ સંસ્થાના પ્રમુખશ્રીના તા. ૨૫મી જૂન ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે પ્રો. ઠાકોરભાઈ મિસ્ત્રીને અને તેઓ જઈ શકે તેમ ન હોય તો પ્રો. વી. એચ. જોશીને મોકલવા.

૪૭. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીને સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં કલકત્તા મુકામે ડી.પી.એચ.નો અભ્યાસ કરવા માટે રજા મંજૂર કરેલી હતી. પરંતુ હવે તેઓ સંજોગવશાત્ મજકૂર અભ્યાસક્રમ માટે ના જઈ શકયા તેમ તેઓએ તેમના તા. ૩૦-૬-૧૯૬૯ના પત્રથી જણાવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૮. ઈજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થઈ હોવાથી તેનાં પરિણામો ક્રમાનુવર્તી (in order of merit) રે. એન્જ. ૧૫ મુજબ જાહેર કરવાનાં રહેતાં નથી, તો ઑ. ૧૩૬માં તે મતલબનો સુધારો કરવા બાબત.

[**નોંધ.**—સુધારેલો ઑ. ૧૩૬ ઈજનેરી વિદ્યાશાખાની સેમેસ્ટર પદ્ધતિએ લેવાનાર પરીક્ષાઓને જ લાગુ પડશે. હાલની પદ્ધતિએ લેવાતી પરીક્ષાઓને તે પદ્ધતિ ચાલુ રહેશે ત્યાં સુધી અત્યારનો ઑ. ૧૩૬ લાગુ પાડવાનો ચાલુ રહેશે :

Name of the examination	*The result how published*
Faculty of Engineering	
B.E. I to VIII (Semester system exams.)	In one class]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૩૬માં ઉપર મુજબ સુધારો કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈજનેરી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને વર્ગ આપવાની બાબતમાં જે ફેરફારો કરવામાં આવ્યા છે તે ફેરફારોને અનુલક્ષીને આ યુનિવર્સિટીનાં ચંદ્રકો, ઈનામો, શિષ્યવૃત્તિઓ વગેરે પ્રદાનો અંગેના નિયમોમાં જો કોઈ સુધારા કરવાની જરૂર જણાય તો તે કરવા માટે જરૂરી પ્રસ્તાવ મૂકવા માટે કાર્યાલયને જણાવવું.

૪૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી યુ. બી. ધ્રુવ તા. ૧૦-૫-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૩૧-૭-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રીમતી યુ. બી. ધ્રુવ તા. ૨-૨-૧૯૬૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયાં હતાં અને તા. ૧૦-૫-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી યુ. બી. ધ્રુવને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૫૦. ફાઈનાન્સ સમિતિની તા. ૨૩-૭-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૪-૭-૧૯૬૯ના પત્રાંક F.4-1/69/(G) સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે unassigned ગ્રાન્ટ માટે રૂ. ૨૮,૦૦૦ મંજૂર કરેલ તે ગ્રાન્ટ જુદાં જુદાં મથાળાં નીચે ફાળવવી તે અંગે નક્કી કરવા બાબત.

સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં આ અંગે નીચે પ્રમાણે ખર્ચ થયું હતું :

Sr. No.	*Schemes*	*Expenses incurred during* 1968–69	*Contribution of U.G.C.'s share*
1.	Travel grant to teachers in Universities for attending international conferences abroad	Nil	50 %
2.	(*a*) Travel grant to teachers/scholars/ technicians for visiting centres of research or to attend academic conferences/ seminars, arranged by other Universities and non-University organisations within India	9,057–00	100 %
	(*b*) Travel grant to research scholars in connection with their research work at other centres	2,356–70	100 %
3.	Exchange of teachers	1,715–00	100 %
4.	U.G.C. Unit	6,000–00	Up to Rs. 6,000 only
5.	Employment of N.I.S. Patiala trained coaches in athletics	6,028–46	50 %
6.	Setting up of National Integration Samiti	Nil	
7.	Extension work by University teachers	2,252–66	
	Total Rs. ..	27,409–82	

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સદરહુ ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવી તથા તેને જુદાં જુદાં મથાળાં હેઠળ ફાળવી આપવા માટે અને જરૂર જણાય તો યથાસમયે તેમાં ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. ગુજરાતી ભાષામાં મૌલિક તથા અનુવાદના કામ અંગે રાજ્ય સરકારને એક કરોડની આર્થિક સહાયની યોજનાની બાબતમાં પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૦-૬-૧૯૬૯ની સભાએ ગુજરાત રાજ્યના શિક્ષણ અને

મજૂર ખાતા તરફથી આવેલ પરિપત્ર ક્રમાંક ટી.ઈ.એમ. ૨૬૬૧-ખ, તા. ૧૬-૫-૧૯૬૯ અંગે કરેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) હાલમાં જે અનુવાદ અંગેનાં કામો હાથ ધરેલાં છે અને જેને માટે લેખકો-અનુવાદકો સાથે કરારનામાં કરવામાં આવેલાં છે તે સિવાયનાં નવાં અનુવાદનાં કામો હાથ ધરવાનું રાખવું નહીં.

(૨) ખાસ કેસમાં આવશ્યક અનુવાદના કામ અંગે જરૂર પડયે વિચારવાનું રાખવું.

(૩) લઘુગ્રંથ પુસ્તિકાઓ હાથ ધરવા નક્કી કરેલ છે તે પ્રમાણે તે કામને આગળ ચલાવવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૩. મસ્કતી ચેરિટેબલ હૉસ્પિટલ, સુરતમાં બે વિદ્યાર્થીઓને બદલે સાત વિદ્યાર્થીઓને ઓ. ૨૭૨ તથા ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે મોકલવા માન્યતા આપવા અંગે વિનંતી કરવા સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર તરફથી તા. ૨૧-૭-૧૯૬૯ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને સાત વિદ્યાર્થીઓની રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્ય કરવી.

૫૪. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે ૧૯૬૯-૭૦ના વર્ષની "ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા" માટે કોને નિમંત્રણ આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૮-૬૯ના વર્ષમાં તા. ૮/૯/૧૦-૪-૧૯૬૯ના રોજ શ્રી. જયપ્રકાશ નારાયણનાં ત્રણ પ્રવચનો યોજાયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળાના વક્તા તરીકે ક્રમાનુવર્તી નીચે જણાવેલી વ્યકિતઓને નિમંત્રણ મોકલવું:

(૧) શ્રી. મોરારજીભાઈ દેસાઈ

(૨) આચાર્ય જે. બી. કૃપલાણીજી

(૩) દાદા ધર્માધિકારી.

૫૫. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે ૧૯૬૯-૭૦ના વર્ષની ટાગોર વ્યાખ્યાનમાળા માટે કોને નિમંત્રણ આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯-૭૦ના વર્ષમાં ટાગોર વ્યાખ્યાનમાળાના વક્તા તરીકે ક્રમાનુવર્તી નીચે જણાવેલી વ્યકિતઓને નિમંત્રણ મોકલવું:

(૧) શ્રી. અશોક મિત્ર

(૨) શ્રી. નિરદ ચૌધરી

(૩) શ્રી. સૈયદ મુસ્તફા અલિ.

૫૬. સત્રનો આરંભ થવાની તૈયારી અંગેની તે તે વખતે સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના નીચે જણાવેલા નિયમ ૯ પર પુનર્વિચારણા કરવા બાબત:

નિયમ નં. ૯

No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities three months' notice, if he is

confirmed or one month's notice, if he is temporary or on probation provided that such notice shall end with the end of a vacation. In case however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. ઓસ્માનિયા યુનિવર્સિટી વિસ્તારમાં અશાંતિને કારણે કૉલેજો હજુ બંધ હોઈ ઓસ્માનિયા યુનિવર્સિટીના બી.ડી.એસ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની જે તે બી.ડી.એસ. પરીક્ષા ઓસ્માનિયા યુનિવર્સિટીના બી.ડી.એસ.ના અભ્યાસક્રમ મુજબ લેવા અંગે ગોઠવણ કરવા બાબત તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૨૨-૭-૧૯૬૯ના પત્રાંક ૪૭૧—PR/Acod પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદના બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓની પરીક્ષા તે યુનિવર્સિટી વતી અને તેના અભ્યાસક્રમ મુજબ લેવાની વ્યવસ્થા કરી શકાશે એમ સદરહુ યુનિવર્સિટીને જણાવીને તેમને સૂચવવું કે તે માટે તેમણે ગુજરાત રાજ્ય સરકાર મારફતે (ડેન્ટલ કૉલેજ ગુજરાત રાજ્ય સંચાલિત હોઈ) જરૂરી વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે.

૫૮. "વારસાવિજ્ઞાન"ના વિષય પર ડૉ. કે. એ. શાહે લખેલી પુસ્તિકાને લોકોપયોગી પ્રકાશનશ્રેણી હેઠળ પ્રસિદ્ધ કરવા અંગે તેમણે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. (અ) નીચે જણાવેલ સેનેટના ડોક્ટરાત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઈચ્છિત અભ્યાસસમિતિ
૧.	આચાર્ય કે. સી. ક્ષત્રિય	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન, અને ૨. વનસ્પતિવિજ્ઞાન
૨.	આચાર્ય રમેશ એમ. ભટ્ટ	શિક્ષણ સહિત વિનયન વિદ્યાશાખા	૧. અર્થશાસ્ત્ર, અને ૨. સહકાર
૩.	કાર્યકારી આચાર્ય રમેશચંદ્ર એમ. દેસાઈ	,,	૧. ગુજરાતી, અને ૨. હિંદી
૪.	આચાર્ય ચંદ્રકાન્ત સી. શાહ	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન, અને ૨. ઝૂલોજી.

(બ) નીચે જણાવેલ સભ્યને યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અનુસાર તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની ભલામણ પર તથા યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઈચ્છિત અભ્યાસસમિતિઓ
૧.	શ્રીમતી નિર્મળાબહેન એ. પટેલ	વિનયન	૧. સોશિયોલોજી ઍન્ડ એન્થ્રોપોલોજી અને ૨. હોમસાયન્સ.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી નિર્મળાબહેન એ. પટેલને વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ અને તે વિદ્યાશાખા હેઠળ, ઉપર તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૦. નીચે જણાવેલ અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

૧. સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ

ક્રમાંક	**વિદ્યાર્થીનું નામ**	**વિષય**	**રેફરીનું નામ**
૧.	શ્રીમતી એન. એસ. શાહ	એ સ્ટડી—ક્રિટિકલ સ્ટડી ઑફ ભક્તિકાવ્ય	ઈન્ટર્નલ રેફરી ડૉ. એચ. જી. શાસ્ત્રી એકસ્ટર્નલ રેફરી (૧) ડૉ. જી. કે. ભટ્ટ, એલફિન્સ્ટન કૉલેજ, મુંબઈ (૨) ડૉ. વી. એમ. કુલકર્ણી, શ્રી. રાજારામ કૉલેજ, કોલ્હાપુર (૩) શ્રી. જી. સી. ઝલા, ૧૫/૧૭, પાર્વતી મેન્શન, ગ્રાન્ટ રોડ, મુંબઈ (૪) શ્રી. અભ્યંકર, દ્વારા: શ્રી. ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટ, પૂના મૌખિક પરીક્ષા માટે (૧) ડૉ. જી. કે. ભટ્ટ, એલ્ફિસ્ટન કૉલેજ, મુંબઈ (૨) ડૉ. વી. એમ. કુલકર્ણી, શ્રી. રાજારામ કૉલેજ, મુંબઈ, કોલ્હાપુર

૨. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Sr. No.	*Name of the student*	*Subject*	*Referees*
1.	Shri M. B. Pathak	Psychology—Trained and untrained personnel on job success	*Internal Referee* Dr. C. T. Bhopatkar *Suggested Referee* (1) Dr. Thomas M. Risk, Prof. of Education, University of South. Dakota, Vermiltion

Sr. No.	*Name of the student*	*Subject*	*Referees*
			(2) Dr. R. H. Dave, (*Also for Viva-voce*) Head of Dept. of Curriculum & Evaluation, NCERT, New Delhi. (3) Herma J. Peters, Ohio State University, U.S.A.
2.	Shri S. M. Apte	Psychology— Productivity Correlates	*Internal Referee* Dr. C. T. Bhopatkar *External Referee* Dr. N. R. F. Maier, Professor, Department of Psychology, University of Michigan, Ann Arbor, Michigan, 48103, U.S.A. *or* Dr. Arnold Shewood, Tennenbaum Survey Research Centre, University of Michigan, Ann Arbor, Michigan, 48103, U.S.A. *For Viva-voce* Dr. H. G. Ganguly, Professor and Head of the Department of Psychology, University of Delhi, New Delhi. *or* Prof. S. K. Bose, Head of the Department of Psychology, University of Calcutta, 92, Acharya Prafulchandra Road, Calcutta-7.

૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Sr. No. Name of the student	*Subject*	*Referees*
1. Shri M. C. Vaidya	Studies of some adsorbent Magnesium compounds	*Internal Referee* Dr. D. S. Datar, Central Salt & Marine Chemicals Research Institute, Bhavnagar. *External Referees* (1) Dr. D. F. Evans, Lecturer, Chemistry Laboratories, Royal College of Science, Imperial College of Science & Technology, South Kessington, London, S.W.-7. (2) Dr. Les Pratt, Lecturer, Chemistry Laboratories, Royal College of Science, Imperial College of Science & Technology, South Kessington, London, S.W.-7. (3) Dr. F. A. Cotton, Chemistry Department, Massechussets Institute of Technology (M.I.T.), U.S.A. *For Viva-voce* Dr. V. V. Deshpande, Professor and Head, Chemistry Dept. of Govt. Science College, Nagpur.

Sr. No. Name of the student	*Subject*	*Referees*
2. Shri I. C. Mody	Chemical constituents of Algin Bearing Algae	*Internal Referee* Dr. D. S. Datar, Central Salt & Marine Chemicals Research Institute, Bhavnagar–2. *External Referees* (1) Dr. J. R. Turvey, Algal Carbohydrate Chemist, Chemist Department, University College of North Wales, Bangor, Caernarvonshire, Wales, U.K. (2) Dr. W. E. Jones, Marine Algologist, Marine Science Laboratories, Menai Bridge, Anglesey, North Wales, U.K. (3) Dr. E. G. V. Percival, Carbohydrate Chemist, The University of Edinburgh, Scotland, U.K. *For Viva-voce* (1) Dr. B. V. Shah, Chief Chemist, Atul Products, Balsar (Gujarat) (2) Dr. A. B. Kulkarni, Prof. of Organic Chemistry, University of Bombay, Bombay

Sr. No.	*Name of the student*	*Subject*	*Referees*
			(3) Dr. D. N. Mankad, Prof. of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, Anand.
3.	Shri S. K. Patel	Studies in Co-ordination Compounds	*Internal Referee* Dr. A. M. Trivedi *External Referees* (1) Dr. C. V. Banks, Chemistry Department, Iowa State University, Ames, Iowa. U.S.A. (2) Dr. W. C. Purdy, Department of Chemistry, University of Maryland, College Park, Maryland. U.S.A. (3) Dr. R. K. Murmann, Department of Chemistry, University of Missouri, Missouri. U.S.A. (4) Dr. R. C. Jhonson, Professor of Chemistry, Emory University, Atlanta, Georgia, U.S.A. (5) Dr. R. E. Connic, Dean, College of Chemistry, University of California, Berkley-4, California, U.S.A. *For Viva-voce* (1) Dr. C. C. Patel, Department of Inorganic Chemistry, Indian Institute of Science, Bangalore (Mysore State).

Sr. No.	*Name of the student*	*Subject*	*Referees*
			(2) Dr. Wahid U. Malik, Professor of Chemistry, University of Roorkee, Roorkee (Uttar Pradesh).
			(3) Dr. R. C. Malhotra, Professor of Chemistry, University of Rajasthan, Jaipur (Rajasthan).
4,	Shri D. R. Bavi,	—	*for Viva-voce*
			(1) Prof. K. M. Joshi, Institute of Science, Bombay–1.
			(2) Dr. J. Gupta, Dy. Director, National Chemical Laboratory, Poona–8.
			(3) Prof. S. R. Sivraja Iyer, Professor of Physical Chemistry, University of Bombay, Matunga, Bombay-19.

(નોંધ.—આ વિદ્યાર્થીનો મહાનિબંધ તપાસવા માટે રેફરીની નિમણૂક તા. ૮/૯-૨-૧૯૬૯ની સિન્ડિકેટની સભામાં કરેલી છે.)

૪. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

1.	Miss M. S. Shah	A study of Pion Capture in Three body systems ^{3}He and ^{6}Li	*Internal Referee* Dr. K. R. Ramnathan, Physical Research Laboratory, Ahmedabad–9.
			External Referees
			(1) Prof. M. K. Banerjee, Department of Physics, University of Maryland, College Park, Maryland, U.S.A.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Referees*
			(2) Prof. H. P. Noyes, Stanford Linear Accelerator Centre, Stanford University, Stanford, California, U.S.A.
			For Viva-voce
			(1) Prof. A. N. Mitra, Dept. of Physics & Astrophysics, Delhi University, Delhi–7
			(2) Prof. M. K. Pall, Saha Institute of Nuclear Physics, 92, Acharya Prafulla Chandra Roy Road, Calcutta–9.
2.	Shri Harish Chandra	Studies of Law Latitude Ionosphere	*Internal Referee* Prof. R. G. Rastogi, Physical Research Laboratory, Ahmedabad–9.
			External Referee
			(1) Mr. J. W. Wright, Inst. if Telecommunication Sciences, ESSA Research Laboratories, Boulder, Colorado, 80,302, U.S.A.
			(2) Prof. A. J. Lyon, Department of Physics, University of Hongkong, Hongkong.

Sr. No.	*Name of the student*	*Subject*	*Referees*
			For Viva-voce
			(1) Dr. B. M. Reddy, Asst. Secretary, Radio Telecommunication Research Committee, National Physical Laboratory, Hillside Road, New Delhi-12.
			(2) Dr. M. W. Chiplonker, Professor of Physics, Poona University, Poona-5.
			(3) Dr. S. Sethuraman, Electronics Faculty, Madras Institute of Technology, Chrompet (P. O. Madras-44).

૫. પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

1.	Shri A. P. Mansuri	The Functional anatomy of the feeding apparatus in certain Indian Herons and Egrets (FAM : Ardeiade)	*Internal Referee* Dr. M. S. Duble *External Referee* Dr. Harvey I. Fisher, Chairman, Department of Zoology, Southern Illinois University, Carbonedale, Illinois, 62903, U.S.A. *or* Dr. Richard L. Zusi, Smith[redacted] Institute, W[redacted] D.C., 25060,

Sr. No.	*Name of student*	*Subject*	*Refereet*
			External Referee (*From India, for Viva-voce*) Prof. D. R. Sharma, M.Sc., Ph.D., Prof. of Zoology, Government Science College, Jabalpur. *or* Prof. H. B. Tivari, M.Sc., Ph.D., D.Sc., M. B. College, University Department of Zoology, Udaipur.

૬. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Smt. S. R. Kale	Botany— Physiological reponses of Ulva rigida C. Agardh to nutrients and growth substances	*Internal Referee* Dr. V. Krishnamurthy, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar. *External Referees* (1) Dr. E. Fogg, Department of Botany, University College, London. (2) Dr. Hirosh Tamaya, University of Tokyo, Japan. (3) Dr. H. V. Witsch, Botanisches Institute, Friesing–Washonstophan, Germany.

Name of the student	*Subject*	*Referees*
		For Viva-voce
		(1) Dr. R. N. Singh, Department of Botany, Banaras Hindu University, Varanasi.
		(2) Dr. J. N. Misra, Banaras Hindu University, Varanasi.
		(3) Dr. K. R. Rammatham, Council of Scientific and Industrial Research, New Delhi.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

૬૦-અ. ઉપલ્લ બાબત નં. ૬૦ના સંદર્ભમાં નીચેની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

શ્રી. યોગેન્દ્ર વ્યાસના મહાનિબંધ અંગે ચોથા રેફરી સહિત તમામ રેફરીઓના આવેલા રિપોર્ટો પર વિચારણા કરવા બાબત.

સદરહુ રેફરીઓના રિપોર્ટો, મૌખિક પરીક્ષાના રિપોર્ટ સહિત, સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. યોગેન્દ્ર વ્યાસનો મહાનિબંધ સ્વીકારવો અને તેમને પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણવા.

૬૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ડેપ્યુટી રજિસ્ટ્રારની અને ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-લિંગ્વિસ્ટિક્સની જગ્યા માટે તા. ૮-૮-૧૯૬૯ના રોજની વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ડેપ્યુટી રજિસ્ટ્રાર ([illegible]ક)ની જગ્યા પર નિમણૂકની બાબતમાં સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ શ્રી. શતાગ્રત પી. મેઢને તે જગ્યા પર રૂ. ૫૦૦-૩૦-૬૨૦-૪૦-૧,૦૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૩૦૦થી એક વર્ષના અજમાશ્રથી લેવલે નીમવા.

(૨) લેકચરર ઇન લિંગ્વિસ્ટિકસની જગા પરની નિમણૂક અંગે સદરહુ સમિતિની ભલામણ ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવ્યું કે સદરહુ જગ્યા પર શ્રી. યોગેન્દ્ર ડી. વ્યાસને રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૮-૮-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૨. ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદમાં વાણિજ્યના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહીં હોવાથી, સદરહુ વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. એચ. દેસાઈની કરેલી વ્યવસ્થા અંગે સદરહુ કોલેજના આચાર્યશ્રીના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજમાં વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. બી. એચ. દેસાઈને કામ કરવા માટે અપવાદ તરીકે ફકત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને સદરહુ કોલેજના પુરસ્કર્તાઓને જણાવવું કે જૂન ૧૯૭૦થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહિ તો તેઓ તે વિષય માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહીં.

૬૩. વિજ્ઞાન વિદ્યાશાખાની ફર્સ્ટ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનનો અભ્યાસક્રમ, જે જૂન ૧૯૬૯થી અમલમાં આવતો હતો તે, જૂન ૧૯૭૦થી અમલમાં મૂકયા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો, જે અનુક્રમે જૂન ૧૯૭૦ અને ૧૯૭૧થી અમલમાં આવે છે તેમ ઠરાવવામાં આવ્યું છે તેને બદલે, અનુક્રમે જૂન ૧૯૭૧ અને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુલેશનો અનુક્રમે જૂન ૧૯૭૧ અને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

૬૪. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. અને બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ તેમને ૩જી ઑકટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. સુધારેલા સ્ટે. ૭૯ મુજબ સત્રની ઓછામાં ઓછી જરૂરી હાજરી ૭૫ દિવસની (મૂળ ૭૦ દિવસના બદલે) કરવામાં આવી છે તેના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ની સભામાં બાબત ક્રમાંક ૧૪૪ના નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત:

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં [illegible]ણીના કારણસર જો કોઈ વિદ્યાર્થીની હાજરી ખૂટતી હોય તો તેની બન્ને સત્રની કુલ હાજરી ૧૦૦ દિવસ અથવા તેથી વધુ થતી હોય તો તેવા કેસમાં સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ખૂટતી હાજરી માફ કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં માંદગીના કારણસર કે કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા કારણસર જો કોઈ વિદ્યાર્થીની હાજરી ખૂટતી હોય અને તેની બન્ને સત્રોની કુલ હાજરી ૧૧૦ દિવસ અથવા તેથી વધુ થતી હોય તો તેવા કેસમાં ખૂટતી હાજરી માફ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રીની પરીક્ષામાં પેટ્રોકેમિકલના વિષય સહિત સૌથી વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રી. મણિભાઈ ઝવેરભાઈ પટેલ ગોલ્ડ મેડલ ફૉર પેટ્રોકેમિકલ" આપવા અંગે શ્રી. મણિભાઈ ઝવેરભાઈ પટેલ તરફથી રૂ. ૫,૦૦૧નું પ્રદાન સ્વીકારવા અંગે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રીના તા. ૪-૮-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન સ્વીકારવા માટે સિન્ડિકેટની આ સભા સંમત છે, પણ તે અંગેના નિયમો પરસ્પર વિચારવિનિયમ કરીને ઘડવાના રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૬૭. યુનિવર્સિટીના વિકાસ માટેની ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૫-૪-૧૯૬૯ના પત્રાંક એફ. ૯-૧ (૯) ૬૮ (સી.ડી.)થી ૭૦ ટકા પ્રમાણેની યોજનાઓ મંજૂર કરી તે સામે તેમના ફાળાની ગ્રાન્ટ રૂ. ૪૭,૩૧,૦૦૦ આપવાનું મંજૂર કર્યું હતું. હવે તેમના તા. ૩૧-૭-૧૯૬૯ના પત્રાંક એફ. ૯-૧ (૯) ૬૮ (સીડી)થી બાકીની ૩૦ ટકા પ્રમાણેની યોજનાઓ માટે તેમના ફાળાની ગ્રાન્ટ રૂ. ૨૦,૨૭,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે જરૂરી તમામ પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે ભારત સરકારની યોજના તથા તે અંગે રાજ્ય સરકાર તરફથી કરવામાં આવેલી સ્પષ્ટતા અને તે બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયની સાથે થયેલ તમામ પત્રવ્યવહાર જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તારીખ ૬/૭-૩-૧૯૬૯ની સભામાં રચેલી સમિતિઓના વચગાળાના અહેવાલ સુપરત કર્યા ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સમિતિના વચગાળાના અહેવાલની નકલ આ સાથે સામેલ છે.

(૨) રાજ્ય સરકારે તેના તા. ૨૮મી એપ્રિલ ૧૯૬૯ના ઠરાવ મીસ, ૧૦૬૬-ખથી શિક્ષકોએ પગાર-ધોરણ અંગે વિકલ્પ સ્વીકારવાની મુદત તા. ૩૧-૮-૧૯૬૯ સુધી લંબાવી છે.

(૩) આ અંગે સેનેટના સભ્ય શ્રી. રમેશ એમ. ભટ્ટ તરફથી આવેલ તા. ૨૨-૫-૧૯૬૯ના પત્રની નકલ આ સાથે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સમિતિના વચગાળાના અહેવાલની નોંધ લેવી.

(૨) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારાની બાબતમાં પોતાનો નિર્ણય ત્વરિત કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

(૩) સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં રચેલી સમિતિ પર નીચેના વધુ બે સભ્યોની નિમણૂક કરવી:

(૧) પ્રો. ડી. ડી. ત્રિવેદી

(૨) પ્રો. ડી. એચ. સુતરિયા.

૬૯. પંડ્યા રાજિશ્રી મૂળશંકરે સેકન્ડ બી.એ.ની પરીક્ષા એપ્રિલ ૧૯૬૮માં પસાર કરેલી ન હોવા છતાં તેમણીએ ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવવા અંગેના આવેદનપત્રમાં રજૂ કરેલ માહિતીને આધારે ૧૯૬૮-૬૯ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત કૉલેજમાં થર્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ અપાયા બાબતના કેસ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) વિદ્યાર્થિનીએ એપ્રિલ ૧૯૬૮માં સેકન્ડ બી.એ.ની પરીક્ષા બેઠક નં. ૩૦૩૮થી આપી હતી, જેમાં તેઓ નાપાસ થયાં હતાં.

(૨) તેમનું એપ્રિલ ૧૯૬૭નું પરિણામ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર ન કરવાને લઈને ઑ. ૧૨૭ લેઠળ અનામત હતું.

(૩) ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા એપ્રિલ ૧૯૬૯માં બેઠક નં. ૩૪૩૨થી આપીને તેમાં તેઓ નાપાસ થયાં હતાં. તેથી તેમનું સેકન્ડ બી.એ. ૧૯૬૭નું ઑ. ૧૨૭ હેઠળ અનામત રાખેલ પરિણામ રદ કરેલ છે. ત્યાર પછીના વર્ષમાં સેકન્ડ બી.એ.નું પરિણામ પણ રદ કરવાનું થાય છે.

(૪) થર્ડ બી.એ.ની પરીક્ષા બેઠક નં. ૩૮૧થી આપી હતી અને તે પરિણામ અનામત રાખવામાં આવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૦. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોએ જૂન ૧૯૭૦થી જોડાણ ચાલુ રાખવા માટે ઑ. ૧૨૦ મુજબ તા. ૩૦ જૂન પહેલાં જોડાણઅરજી કરવી જોઈતી હતી, પરંતુ તેઓએ યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૨-૬-૧૯૬૯ના પરિપત્રાંક ૦૨૬૬૦થી આ અંગે યાદ દેવડાવવા છતાં જોડાણઅરજી મોડી મોકલી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આવ્યાની તારીખ
૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	૨-૭-૧૯૬૯
૨.	સાયન્સ કૉલેજ, કડી	૫-૭-૧૯૬૯
૩.	શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૫-૭-૧૯૬૯
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કરજણ	૧૭-૭-૧૯૬૯
૫.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૮-૭-૧૯૬૯
૬.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૯-૭-૧૯૬૯

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજોએ જે વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે ફક્ત ચાલુ જોડાણ માગ્યું છે તે વિષયો શીખવવા માટે જોડાણ આપવા અંગેની તેમની વિનંતી, તે કેસોના વિશિષ્ટ સંજોગો જોતાં, વિચારણા માટે હાથ ધરવી પણ કોઈ પણ વિષયના શિક્ષણ માટે વધારાના જોડાણ માટેની વિનંતી પર વિચારણા કરવી નહીં.

(૨) સદરહુ કૉલેજોના આચાર્યોને જોડાણ માટેની અરજીની બાબતમાં થયેલા પ્રમાદ બદલ સખત ઠપકો આપવો.

(૩) ભવિષ્યમાં જોડાણ અંગેની હાલની કાનૂની પ્રક્રિયાના સંદર્ભમાં સમગ્ર રીતે વિચારણા કરીને વિગતવાર સમયપત્રક સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ

(૨) આચાર્ય વી. આર. રણદીવે

(૩) આચાર્ય દર્શનસિંગ શીખ

(૪) આચાર્ય કે. એન. શાહ

(૫) શ્રી. કુલસચિવ.

૭૧. સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે "આચાર્ય કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત:

A Gold Medal named "Principal Dr. K. G. Naik Gold Medal" of the value of about Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person from amongst the teachers in the affiliated colleges or recognised institutions or Departments of the Gujarat University whose Research work published during the years preceding the convocation is adjudged to be of the highest merit by a special committee of experts, who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

(૧) શ્રી. એ. એસ. દિવેટિયા

(૨) શ્રી. આર. બી. આડતિયા

(૩) શ્રી. એસ. એન. શેઠના

(૪) શ્રી. સિંગ (દિલ્હી યુનિવર્સિટી).

૭૨. યુનિવર્સિટીની રૂ. ૭,૬૦,૦૦૦(અંકે રૂપિયા સાત લાખ સાઠ હજાર)ની ગુજરાત સ્ટેટ ડેવલપમેન્ટ લોન, ૧૯૬૯, તા. ૨૮-૮-૧૯૬૯ના રોજ પાકતી હોવાથી તે વટાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ લોન વટાવવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૩. યુનિવર્સિટીના વિકાસ માટેની જરૂરિયાત અંગેનું કામ સંભાળવા માટે યુનિવર્સિટી જો એક અધિકારીની રૂ. ૭૦૦-૧,૨૫૦ના પગારધોરણમાં નિમણૂક કરવા માંગે તો તે માટેની વાર્ષિક આવર્તક આર્થિક સહાય પાંચ વર્ષ સુધીના સમય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે તેમ જણાવતા તેમના તા. ૩૦-૭-૧૯૬૯ના પત્રાંક એફ. ૨. ૩૯-૬૮ (સીડીએન) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. તા. ૫-૮-૧૯૬૯ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિવર્સિટી ફૉર્મ, કેસ્ટ, રમતનાં સાધનો ખરીદવાં, કોચિંગ આપવું, આંતર-યુનિવર્સિટી રમતની હરીફાઈ યોજવા માટે જરૂરી ખર્ચ કરવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર કરેલ રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા)ની રકમમાંથી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા તથા તે બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૫. તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભામાં યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં ત્રણ મહિનાથી માંડી બે વર્ષ સુધીના કેટલાક વ્યવસાયલક્ષી (Job-oriented) અભ્યાસક્રમો સૂચવવા તથા નિવૃત્ત લશ્કરી અધિકારીઓ માટે પણ જુદા જુદા અભ્યાસક્રમો કરવાની જરૂર જણાય તો તે રજૂ કરવા નીમેલ સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા વિદ્યાશાખાને ઘટતી વિચારણા કરવા માટે જણાવવું.

૭૬. બી.ઈ. મિકેનિકલ પરીક્ષામાં સૌથી વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "બાંકો ફાઉન્ડેશન સુવર્ણચંદ્રક" આપવા અંગે બાંકો ફાઉન્ડેશન તરફથી રૂ. ૫,૦૦૦નું પ્રદાન સ્વીકારવા અંગે તેઓના તા. ૩૧-૭-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન સ્વીકારવા માટે સિન્ડિકેટની આ સભા સંમત છે, પણ તે અંગેના નિયમો પરસ્પર વિચારવિનિમય કરીને ઘડવાના રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૭૭. તા. ૫-૮-૧૯૬૯ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલ કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચની જરૂરિયાતોને તથા કૉલેજોની સંખ્યાની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ આંતર-કૉલેજ માટે મંજૂર થયેલા રૂ. ૧૦,૦૦૦ની ગ્રાન્ટમાંથી વિભાગો વચ્ચે નીચે પ્રમાણેની વહેંચણીને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

૧. અમદાવાદ વિભાગ	...	રૂ. ૨,૧૦૦
૨. ઉત્તર વિભાગ	...	રૂ. ૩,૫૦૦
૩. દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૪૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૮. ઑક્ટોબર ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૬૯માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રોમાં મુખ્ય નિરીક્ષકોને માટેની યાદી મંજૂર કરવી તથા તે યાદીમાંથી જરૂર મુજબ નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૯. નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાના વહીવટી મંડળની ફેરબદલી અંગે તથા ૧૯૬૯થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતોની ચકાસણી અંગે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને જણાવવું કે સેનેટે મૂકેલ શરતોનું પરિપાલન મોડામાં મોડું તા. ૩૧મી ઑગસ્ટ ૧૯૬૯ સુધીમાં કરવામાં આવશે નહીં તો સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકાશે નહીં.

૮૦. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને જૂન ૧૯૬૯થી જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોની ચકાસણી માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કૉલેજના મકાનમાં કેટલા માળ છે, તથા તે પ્રત્યેક માળ ઉપર કેટલા ખંડો છે અને તે ખંડોનો શો ઉપયોગ કરવામાં આવે છે તે માહિતી, ખંડોનાં માપ અને નકશાઓ મોકલી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

(૨) સદરહુ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય હરજીવન સુથારના પગારની બાબતમાં સદરહુ કૉલેજના સંચાલકોનું ધ્યાન યુનિવર્સિટીના નિયમ તરફ ખેંચવું અને તે મુજબ ચુકવણી કરીને યુનિવર્સિટી કાર્યાલયને રિપોર્ટ કરવા માટે જણાવવું.

(૩) સદરહુ કૉલેજમાં શ્રી. મણિભાઈ ડી. પટેલની ગ્રંથપાલ તરીકેની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી મંજૂર કરવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૦થી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૮૧. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૧૧-૩-૧૯૬૯ની ભલામણો પ્રમાણે યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની ફીના ધોરણોની પુનર્વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સિન્ડિકેટે તેનાં તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા મુજબ ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાં આ અંગે શાં પગલાં લીધાં છે તેની માહિતી મંગાવી છે જેનું તારણ આ સાથે સામેલ છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૨. યુનિવર્સિટી પ્રેસમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. બી. વી. માલવણિયાને તા. ૧૦-૮-૧૯૬૯થી ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. બી. વી. માલવણિયાની કામગીરી અંગેનો શ્રી. પ્રેસ-મૅનેજરનો ખાનગી અહેવાલ તથા તે અંગે નિમાયેલ તપાસ અધિકારી શ્રી. બી. એમ. પટેલનો લેવાલ એમ બેઉ લેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૮૩. એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ આ યુનિવર્સિટીની ફાઈનલ એમ.બી., બી.એસ. (condensed course) પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી શ્રી. મહેન્દ્ર ઈશ્વરલાલ વ્યાસે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૯૦૯ (૧૯૬૯)થી કરેલ રિટ

અરજી અંગે સામાવાળા તરીકે રજિસ્ટ્રાર તરફથી કુલપતિશ્રીએ અનુક્રમે શ્રી. ભટુભાઈ દેસાઈ અને શ્રી. સુરેશભાઈ શેલતને વકીલ તરીકે રોકવા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

[**નોંધ.**— તા. ૮-૮-૧૯૬૯ના રોજ નામદાર કોર્ટ સમક્ષ શ્રી. મહેન્દ્રકુમાર વ્યાસને આપવાના સર્ટિફિકેટનો મુસદ્દો બન્ને પક્ષે મંજૂર રાખતાં શ્રી. વ્યાસને સદરહુ રિટ પાછી ખેંચવાની કોર્ટે મંજૂરી આપી હતી અને રિટ અરજી પાછી ખેંચવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૪. એલએલ.બી.ના નવા અભ્યાસક્રમ મુજબ સેકન્ડ એલએલ.બી.ના (નવા અભ્યાસક્રમની) પરીક્ષા પસાર કરનારને એલએલ.બી. (જનરલ)ની પદવી આપવા માટેના પ્રમાણપત્રના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમ મુજબ સેકન્ડ એલએલ.બી.ની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને એલએલ.બી.(જનરલ)ની પદવી આપવા માટેના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૫. આચાર્ય કે. એન. શાહ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) ડેમોન્સ્ટ્રેટરો માટે હાલ જે પગારધોરણો છે તે બંધ કરીને ફક્ત એક જ પગારધોરણ રાખવું.

(૨) એમ.એ.માં જેમ અર્થશાસ્ત્ર-રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર-માનસશાસ્ત્ર વગેરે જેવા મિક્સ અભ્યાસક્રમો હોય છે તેમાં અર્થશાસ્ત્ર-આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ પણ દાખલ કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. વિક્રમ યુનિવર્સિટીના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતો "કાળિદાસ સમારોહ" ચાલુ વર્ષે નવેંબર ૧૯થી ૨૫, ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સમારંભના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમારોહમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે આચાર્ય સી. એલ. શાસ્ત્રીને અથવા તેઓ જઈ શકે તેમ ન હોય તો ડૉ. ટી. એસ. નાન્દીને મોકલવા.

૮૭. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રી તા. ૨૨-૭-૧૯૬૯ના પત્રથી બી.એસસી. જનરલ અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણની કાર્યવાહી કરવાની જરૂરિયાત અંગે સ્પષ્ટતા કરવા પુછાવે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ડીનને અગાઉ આ અંગે પુછાવેલું, તેઓનો અભિપ્રાય નીચે મુજબ છે :

" In my opinion there is no necessity for any extra affiliation proceedings for teaching the general subjects in which the college is already granted affiliation for the Principal subjects at B.Sc. Classes. A college can teach the general subjects in which affiliation is granted to it, provided that it has the necessary staff and is able to fulfil the usual conditions regarding laboratories, materials, etc. satisfactorily."]

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજમાં બી.એસસી.માં સ્પેશિયલ વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટેનું જોડાણ મળેલું હોય તે કૉલેજ બી.એસસી.માં તે જ વિષયો જનરલ વિષયો તરીકે શીખવી શકશે એમ સ્પષ્ટતા કરવી.

૮૮. "લેક્ચરર ઈન લેબર વેલ્ફેર"ની જગ્યાના લાયકાતના ધોરણમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણ મુજબ સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા લાયકાતના ધોરણ અન્વયે કાર્યાલયમાં આ અંગેની જગ્યાના લાયકાતનું ધોરણ સુધાર્યા અગાઉ જાહેરખબર આપી આવેલી અરજીઓ અંગે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે સૂચવેલ સુધારો નીચે મુજબ છે:

"Provided, however that in the case of appointment to the post of a Lecturer in Labour Welfare, a candidate with a degree or degrees in Law and who has professional experience of the Labour Court or the Industrial Court or experience as a Labour Officer will also be considered."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઈન લેબર વેલ્ફેરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતના નિયમોની બાબતમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે કરેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

દરમિયાન લેક્ચરર ઈન લેબર વેલ્ફેરની જગ્યા માટે મંગાવવામાં આવેલી અરજીઓ પર આગળ પગલાં લેવાનું બંધ રાખવું.

૮૯. દ્વારકા સિમેન્ટ ફેક્ટરીમાં નોકરી કરતાં કરતાં શ્રી. માધવલાલ મોહનલાલ શાહે નડિયાદની લૉ કૉલેજમાં સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં ખોટી હાજરી પુરાવી સત્રો માન્ય કરાવી એપ્રિલ ૧૯૬૯માં તે પરીક્ષા પાસ કરી હોવાથી તે પરિણામ રદ કરવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ખોટી હાજરી બાબતની તપાસમાં કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીનું પરિણામ રદ કરવાની ભલામણ કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં બાબત નં. ૪૩ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી. દરમિયાન સદરહુ વિદ્યાર્થી શ્રી. માધવલાલ મોહનલાલ શાહને એલએલ.બી.ની પદવી આપવી નહીં.

૯૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) "વધુમાં ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટનો બે વર્ષનો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ હાલના ખંડ સમયના અભ્યાસક્રમ ઉપરાંત દાખલ કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

(૨) "વધુમાં ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટના વિષય સોશિયલ સાયન્સના શીર્ષક હેઠળ દાખલ કરવા તથા તે વિષય માટે વિનયન, વાણિજ્ય અને ઈજનેરીની સંયુક્ત વિદ્યાશાખાઓ હેઠળ અભ્યાસ-સમિતિ રચાય તેવી જોગવાઈ કરવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણો મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સ્ટે. ૯૯ અને ૧૦૮માં જરૂરી સુધારા કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૧. યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનમાં બિઝનેસ મૅનેજમેન્ટના શિક્ષકોની નિમણૂકો માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સ્વીકારવી અને યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં બિઝનેસ મૅનેજમેન્ટના શિક્ષકોની નિમણૂકો માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૯૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અર્ધમાગધીના વિષય માટે માસિક રૂ. ૨૦ની એક એવી બે ગુણવત્તા શિષ્યવૃત્તિઓ સ્થાપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૩. ઑર્ડિનન્સ ૨૬૦-એફ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

Standard of Passing for M.D.S., Part I Examination

O. 260--F :

(1) If a candidate gets at least 50% of marks in a paper, he will be considered to have passed in that paper.

(2) The candidate thus passing in all the six papers of the examination will be declared as pass.

(3) If a candidate fails to pass the whole examination he may, at his option, be exempred from reappearing in the paper in which he has passed.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૨૬૦-એફ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ મુજબની હવે વધુ કોઈ પરીક્ષા લેવી નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ હેઠળ જે વિદ્યાર્થીઓનાં ચારે સત્રો મંજૂર થયાં છે તે વિદ્યાર્થીઓને માટે નવેસરથી સત્રો ભરવાનું આવશ્યક ગણવું નહીં, પરંતુ હાલનાં ધારાધોરણો હેઠળ તેઓ એમ.એ., એમ.એસસી. કે. એમ.કૉમ., ભાગ ૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે પછી ભાગ ૨ના અભ્યાસક્રમમાં પ્રવેશ પામી શકશે તે પરિસ્થિતિ યથાવત્ ચાલુ રાખવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ મુજબની હવે વધુ કોઈ પરીક્ષા લેવાનું રાખવું નહીં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ હેઠળ જે વિદ્યાર્થીઓનાં ચારેય સત્રો મંજૂર થયાં છે તે વિદ્યાર્થીઓને માટે નવેસરથી સત્રો ભરવાનું આવશ્યક ગણવું નહીં, પરંતુ હાલનાં ધારાધોરણો હેઠળ તેઓ એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ., ભાગ ૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વિના ભાગ ૨ની પરીક્ષામાં બેસી શકશે નહીં તે પરિસ્થિતિ યથાવત્ ચાલુ રાખવી.

૯૫. રેગ્યુ. સાયન્સ(જનરલ ૧)માં પેટાકલમ (૪) પછી નીચેની પેટાકલમ (૫) ઉમેરવા તથા તેમ કરીને સદરહુ સુધારેલો રેગ્યુલેશન મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Instead of holding one Practical examination every term, a college, if it so desires, shall have the option to assess continuously throughout the year the students in the practical work done by them in their regular periods, in which case the average marks of this assessment per term shall be accepted as the internal evaluation marking for the concerned practical work for the term."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૯૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન ઇકોનોમિક્સની એક જગ્યા લેક્ચરર ઇન ઇકોનોમેટ્રિક્સ ઍન્ડ એપ્લાઇડ સ્ટેટિસ્ટિક્સની જગ્યામાં ફેરવવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન ઇકોનોમિક્સની એક જગ્યા રદ કરીને તેને લેક્ચરર ઇન ઇકોનોમેટિક્સ ઍન્ડ એપ્લાઇડ સ્ટેટિસ્ટિક્સની જગ્યામાં ફેરવવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૭. જૂન ૧૯૬૯થી નીચે જણાવેલ કૉલેજોને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોઈ રાજ્ય સરકારને જાહેરનામા માટે ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. તોલાણી આર્ટ્સ કૉલેજ, આદિપુર
૨. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
૩. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૪. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા

૫. શાહ સી. એન. આર્ટ્સ એન્ડ બી. ટી. કૉમર્સ કૉલેજ, કડી
૬. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગર
૭. શ્રી. ગોસ્વામી એમ. એન. લાલજી આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ, દહેગામ
૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ
૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૧૦. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૬. અંગ્રેજી, મનોવિજ્ઞાન અને સંસ્કૃત વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના વિકાસ માટે પાટણની શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી તપાસસમિતિના અહેવાલના સંદર્ભમાં આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણની પુનર્રચના કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૮-૭-૧૯૬૯ના પત્ર નં. એફ.-૯-૧-૬૮ (એચ)થી કરેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના વર્ગોમાં અંગ્રેજી વિષયમાં જુદા જુદા લેખકોની પસંદ કરેલી કૃતિઓનો સંગ્રહ પાઠ્યપુસ્તક તરીકે નિયત કરવાનું રાખવા અને તે સંગ્રહ તૈયાર કરવાનું કામ તે વિષયની અભ્યાસસમિતિને સોંપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના વર્ગોમાં અંગ્રેજી વિષયમાં જુદા જુદા લેખકોની પસંદ કરેલી કૃતિઓનો સંગ્રહ પાઠ્યપુસ્તક તરીકે નિયત કરવાનું રાખવું અને તે સંગ્રહ તૈયાર કરવાનું કામ તે વિષયની અભ્યાસસમિતિને સોંપવું.

૧૦૦. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(અ) આ સભા ઠરાવે છે કે કન્ડેન્સ્ડ એમ.બી., બી.એસ. કોર્સ વિદ્યાર્થીઓએ એમ.બી., બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ એક વર્ષની ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ ઑ. ૨૭૨ અને ઑ. ૨૭૨-એ મુજબ એમ.બી., બી.એસ.ની પદવી પ્રાપ્ત કરતાં પહેલાં કરવાની રહેશે.

(બ) જે વિદ્યાર્થીઓએ(કન્ડેન્સ્ડ કોર્સ)ની ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષા આ ઑર્ડિનન્સ અમલમાં આવ્યા તે પહેલાં પાસ કરેલી હોય, એટલે કે એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષામાં પાસ થયેલ હોય, તેમને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપમાંથી મુક્તિ આપવી.

(ક) જે વિદ્યાર્થીઓને સાર્ટિસેન્સિયેટ ડિપ્લોમા મેળવ્યા બાદ ઓછામાં ઓછાં ૬ વર્ષનો હૉસ્પિટલના કામનો અનુભવ હોય તેઓને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપમાંથી મુક્તિ આપવી.

(ડ) This faculty resolves that the period of availability for the condensed M.B., B.S. course be extended by another five years, i.e. up to 31st December 1975.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે અધ્યક્ષશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે કન્ડેન્સ્ડ એમ.બી., બી.એસ. કોર્સની પરીક્ષા પાસ કરનાર એક વિદ્યાર્થીએ પોતે એમ.બી., બી.એસ.ની પદવીને પાત્ર થયા છે તે મુજબનું પ્રમાણપત્ર આપવા માટેની માગણી અંગેની કરેલી રિટ ગુજરાતની વડી અદાલતમાં દાખલ કરવામાં આવી છે અને તેની સુનાવણી તા. ૪-૮-૧૯૬૯ના રોજ રાખવામાં આવેલી છે."

તે પછી ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલના તા. ૭-૫-૧૯૬૯ અને તા. ૨૫-૭-૧૯૬૯ના બે પત્રોની વિગતો સભાગૃહે લક્ષમાં લીધી અને નીચે મુજબ ઠરાવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની એક્ઝિક્યુટિવ કમિટી, જે તા. ૮મી સપ્ટેંબર ૧૯૬૯ના રોજ મળનાર છે, તેના નિર્ણયની રાહ જોવી અને તે દરમિયાન સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. યુનિવર્સિટીઓમાં સંશોધન પ્રવૃત્તિઓ : ઉચ્ચ અભ્યાસ અને સંશોધનની અગત્ય જોતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને એવી પ્રવૃત્તિઓ ઉચ્ચ અભ્યાસનાં ધોરણો નીચે લઈ જવાના પ્રયત્નોના અંતર્ગત ભાગ તરીકે વિકસે અને દૃઢ બને તે હેતુથી યુનિવર્સિટીઓને માટે ચોક્કસ રકમ ફાળવવા વિચાર્યું છે અને તે અનુસાર ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન આપણી યુનિવર્સિટીને માટે આ હેતુઓ માટે રૂપિયા એક લાખની ગ્રાન્ટ ફાળવી છે. આ ગ્રાન્ટની સહાયથી કયા કયા સંશોધન કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરવાં તે નક્કી કરવા એક બોર્ડની રચના કરવા પણ કમિશને સૂચવ્યું છે. આ અંગે કમિશનના જુલાઈ ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે જરૂરી વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીને જણાવવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૨. દિવાળીના તહેવારો ચાલુ વર્ષે તા. ૯/૧૦ અને ૧૧ નવેંબરના રોજ આવતા હોઈ દિવાળી વેકેશનમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અપવાદ તરીકે દિવાળીનું વેકેશન તા. ૧૫મી ઑકટોબરથી ૧૪મી નવેંબર સુધી રાખવું અને બીજું સત્ર ચાલુ વર્ષે તા. ૧૫મી નવેંબરથી શરૂ કરવું.

૧૦૩. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ને યુનિવર્સિટી કાર્યાલયના મકાનની જે પાંખમાં હાલ હિસાબ વિભાગ બેસે છે અને પહેલાં ગ્રંથાલય રાખવામાં આવતું હતું તે પાંખમાંનો જે ભાગ સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ના ઠરાવ અન્વયે ભાડે આપવાનું ઠરાવવામાં આવ્યું હતું તે બાબતમાં સદરહુ સ્ટોર્સના માનદમંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા. ૧૪-૬-૧૯૬૯ની સભાએ બાબત નં. ૩૪થી કરેલો ઠરાવ રદ કરવો અને ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ને યુનિવર્સિટીના મકાનમાં હાલ હિસાબ વિભાગ બેસે છે તે પાંખનો ભાગ બે વર્ષ માટે નીચેની શરતોએ ભાડે આપવો :

(૧) સદરહુ હિસાબ વિભાગની પાંખમાં લાકડાનું પાર્ટિશન ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ. પોતાને ખર્ચે કરી આપે.

(૨) સદરહુ સ્ટોર્સ પાસે માસિક રૂ. ૧ લેખે ભાડું લેવામાં આવે.

(૩) સદરહુ પાંખનો ભાગ યુનિવર્સિટીને જ્યારે જરૂર પડે ત્યારે એક માસની નોટિસથી ખાલી કરી આપવામાં આવે.

૧૦૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ. કાર્યવાહક સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની મુદત તા. ૩૦-૬-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. પી. સી. વૈદ્ય
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) શ્રી. બી. એમ. પટેલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટોર્સની કાર્યવાહક સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) શ્રી. રસિકલાલ બાલચંદ શાહ
(૩) ડૉ. પી. સી. વૈદ્ય
(૪) શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ

૧૦૫. ઑડિ. કૉમ. ૫-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Com. 5-B :

A candidate who has passed the B.A. Special Degree Examination of this University with Economics as a Special subject shall be held admissible to the Second B.Com. Examination of this University provided that—

(*i*) the seven papers he will, notwithstanding anything contained elsewhere, be required to appear in will be as follows :

1. Accoutancy, Paper I (Compulsory)
2. Commercial Correspondence
3. Elements of Statistics, provided he has not offered Statistics and Statistical Methods for his B.A. Examination.
4. Optional Paper I in any one of the subjects under R.Com. 1.
5. Accountancy, Paper II (Compulsory)
6. Business Administration, Paper I
7. Optional Paper II in the subject under R.Com. 7.

Note.— The syllabus for papers nos. 1 to 4 will be identical with that prescribed for the corresponding papers for the First B.Com. Examination under Regulation Com. No. 2 and the syllabus for papers nos. 5 to 7 will be identical with that prescribed for the corresponding papers for the Second B.Com. Examination under Regulation Com. No. 8.

(*ii*) He has kept two terms in an affiliated college.

Explanation : The rules governing, passing and allowing to keep terms as also the rules governing the internal evaluation prescribed for the Second B.Com. Examination shall apply 'mutatis mutandis' to the candidates appearing for the Second B.Com. Examination under this Ordinance also.

A candidate who is allowed to keep term for the Third B.Com. Examination or who has passed the Second B.Com. Examination and appears at the Third B.Com. Examination under the provisions of this Ordinance will be entitled to claim exemption at the Third B.Com. Examination from the papers in (*i*) English and (*ii*) Problems of Indian Economic Development. A candidate not availing himself of the benefit of exemption under this clause and appearing in all subjects at the Third B.Com. Examination will be eligible for a class but not for any prize, medal, scholarship or any other award.

Explanation : The rules governing, passing and allowing to keep terms shall apply mutatis mutandis to these cases also.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. કૉમ. ૫–બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૨૧૧૦૩/૧૯૬૯.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
સપ્ટેંબર ૩, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૨૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૯-૭-૧૯૬૯ના રોજ ૧૨-૩૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૪. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. આચાર્ય વી. આર. રાવદીવે	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૧૭-૬-૧૯૬૯ની આ સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૭-૬-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અને પ્રેસ બેઉ વિભાગો પર દેખરેખ રાખી શકે તેવા અધિકારીનાં નામાભિધાન, કામગીરી, પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવી તે માહિતીના સંદર્ભમાં આપણા પ્રેસ અને પ્રકાશન વિભાગોનું કામ જવાબદારીપૂર્વક સંભાળી શકે તેવી કક્ષાની જગ્યા ઊભી કરવાની બાબતમાં પોતાનાં મંતવ્યો સાથે રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પુસ્તકોના પ્રકાશન અંગેની રાજ્ય સરકારની યોજના અમલમાં આવી રહે તે જોતાં હવે તે કામકાજ શરૂ થાય ત્યાં સુધી આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં આરોગ્યકેન્દ્ર માટે ઑનરરી સાઇકિયાટ્રિસ્ટની જગ્યા ઊભી કરી હોઈ, તે જગ્યાનું માનદ વેતન તથા લાયકાતનું ધોરણ શું રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્ર માટે માનદ સાઇકિયાટ્રિસ્ટની જગ્યાનું માનદ વેતન માસિક રૂ. ૧૦૦નું રાખવું અને તે જગ્યાની લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

M.B.,B.S. & D.P.M.
or
M.D. or M.R.C.P.
or
Any equivalent qualification in Psychiatrics.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ જગ્યા ઉપર જૂન ૧૯૭૦થી નિમણૂક કરવી. હાલ એક કે બે વર્ષ માટે પ્રયોગાત્મક ધોરણે આ યોજનાનો અમલ કરવો.

૪. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભાની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૯ની અરજી વિચારણામાં લેવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીના સંદર્ભમાં સદરહુ સમિતિની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"શ્રી. એસ. કે. ઝવેરીનો નીચેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો સ્ટે. ૧૯૩–બી મંજૂર કરવામાં આવે :

St. 193–B :

The employees of the University both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 200 or less .. Rs. 3,000/–
2. Employees drawing basic pay from Rs. 201 to 400 .. Rs. 3,500/–
3. Employees drawing basic pay from Rs. 401 to 800 .. Rs. 4,000–
4. Employees drawing basic pay from Rs. 801 and onwards .. Rs. 4,500/–
5. The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આ સમિતિ હાલને તબક્કે સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી.

૬. સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"ફેડરેશન ઑફ કૉલેજ ઍન્ડ યુનિવર્સિટી ટીચર્સ ઍસોસિયેશન ઑફ ગુજરાતના એક પ્રતિનિધિ એકમ તરીકે ગુજરાત યુનિવર્સિટી એરિયા ટીચર્સ ઍસોસિયેશનને માન્યતા આપવા અંગેના તેના મંત્રીશ્રી તરફથી

આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી અને મંડળોની માન્યતાની બાબતમાં રાજ્ય સરકારના નિયમો લક્ષમાં લઈ પોતાની ભલામણો રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વ્યકિત કે વ્યકિતસમૂહ (individual or group) તરફથી મળતાં સૂચનોની રજૂઆત પર તેના ગુણદોષ(merit)ના આધારે વિચારણા કરવામાં આવે છે તે જોતાં કોઈ પણ મંડળને માન્યતા આપવાનો પ્રશ્ન રહેતો નથી.

૭. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

"તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ વલ્લભ વિદ્યાનગર મુકામે મળેલી વિધિનિર્મિત યુનિવર્સિટીઓમાં કુલપતિઓની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

Resolved that the recommendations of the Sarela Pay Commission to merge the Dearness Allowances in existing pay-scales of Government employees and the rates of travelling and halting allowances as recommended by the said Commission and accepted by the Government of Gujarat vide its Govt. Resolution N.o. PRA–1468/P, dated 31–1–1969, be made applicable to the employees of the Universities in the State of Gujarat.

Resolved further that the State Government be requested to pay additional Block Maintenance Grant on cent per cent basis of the Universities in the state consequent upon the implementation of the above recommendations of the Sarela Pay Commission."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાનો અંશત: ભાગ મેળવવા અંગેની સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સરેલા પગારપંચની ઉપરની ભલામણોનો સ્વીકાર કરવામાં આવે તો તેથી આ યુનિવર્સિટીના ખર્ચમાં જે વધારો થાય તે અર્થ વધારાની ગ્રાન્ટ દ્વારા પૂરેપૂરો ભરપાઈ કરવા માટે રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલા બિનશિક્ષકવર્ગની નીચેની જગ્યાના પગારધોરણ તથા લાયકાતના ધોરણ અંગે નીચેની બે જગ્યાઓ માટે વધુ માહિતી મંગાવી આ બાબત ફરીથી વિચારણા માટે આ સમિતિ સમક્ષ રજૂ કરવી :

(૧) ફીલ્ડવર્ક આસિસ્ટન્ટ,

(૨) ટ્રેન્ડ મેડિકલ વર્કર.

બીજી યુનિવર્સિટીમાંથી મંગાવેલી માહિતી આવ્યેથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૪-૨-૧૯૬૯ની ભલામણ નં. ૩

"એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ હિસાબ વિભાગ સાથે સામાન્ય રીતે સંકળાયેલો ન હોવાથી તેને અલગ કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે રાખવા અમારી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર કાર્યાલય હવે પછી આ સમિતિ સમક્ષ એક રૂપરેખા રજૂ કરવી. ત્યાં સુધી આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"શ્રી. જે. એમ. મહેતા, જેઓ કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ તરીકે તા. ૫-૨-૧૯૬૯થી જોડાયા છે તેઓને નવી નિમણૂકમાં તેઓની અગાઉની ડે. રજિસ્ટ્રારની જગ્યાની પગારવધારાની તારીખ એટલે કે તા. ૬-૪-૧૯૬૯થી પગારવધારો આપવા અંગેની તેઓની તા. ૨૪-૪-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત."

સમગ્ર રીતે આ સમિતિ સદરહુ બાબત પરત્વે વિચારણા કરીને સિન્ડિકેટને આથી એમ ભલામણ કરે છે કે કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાને હવે એક્સ્ટ્રામ્યુરલ બોર્ડના મંત્રી તરીકે કામ સોંપવામાં આવ્યું નથી અને તેમને તેમની નવી જગ્યા પર જે કુલ વેતન આપવામાં આવ્યું છે તે જોતાં તેમને કોઈ અન્યાય થયો હોય તેમ આ સમિતિ માનતી નથી, તેથી તેઓની તા. ૨૪-૪-૧૯૬૯ અને તા. ૧૬-૬-૧૯૬૯ની અરજીઓ દફ્તરે કરવી.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૭-૬-૧૯૬૯ની સભાની ભલામણો પૈકી બાબત નં. ૫ ની ભલામણો આ સમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલી હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

ભલામણ નં. ૫

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા કાયમી કર્મચારીઓને રહેઠાણ બાંધવા માટે નીચેના નિયમો પ્રમાણે લોન આપવી :

મકાન બાંધવા અંગેની લોનના નિયમો

૧. આ લોન હક્ક તરીકે માગી શકાશે નહીં અને તે લોન આપવી કે ન આપવી તે અને આપવી તો કેટલી આપવી તે નક્કી કરવા માટેનો સિન્ડિકેટનો હક્ક અબાધિત રહેશે.

૨. જે કર્મચારીને પોતાના નામે કે પોતાના કુટુંબના સભ્યના નામે અમદાવાદ શહેરમાં મકાન ન હોય તેઓને જ આ લોન મળી શકશે.

૩. આવી લોન મકાનના ખર્ચના ૭૫ ટકા કે કર્મચારીના પ્રોવિડંટ ફંડના ફાળા તથા યુનિવર્સિટીના ફાળા સહિતની જે રકમ તેમના ખાતે જમા હશે તેમાંથી જે ઓછી હશે તેની મર્યાદામાં રહીને આપી શકાશે.

૪. લોન વ્યાજ સાથે પૂરેપૂરી પરત ન થાય ત્યાં સુધી પ્રૉવિડંટ ફંડમાંથી બીજી લોન મળી શકશે નહીં.
૫. આપવામાં આવેલી લોન ૧૨૦ સરખા માસિક હપતામાં પરત કરવાની રહેશે.
૬. લોન ઉપર યુનિવર્સિટી સિન્ડિકેટ વખતોવખત જે દર નક્કી કરે તે દરે વ્યાજ આપવાનું રહેશે.
૭. લોનમાંથી તૈયાર કરવામાં આવેલું મકાન કર્મચારીએ યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું અને આ ગીરોખત સદરહુ લોન વ્યાજ સાથે પૂરેપૂરી ભરપાઈ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.
૮. આ લોનની મદદથી બાંધવામાં આવેલ મકાન માટે મકાનનો આગનો વીમો લોન લેનાર સભ્યે પોતાના ખર્ચે લેવો આવશ્યક રહેશે.
૯. લોનમાંથી જો કોઈ કો-ઑપરેટિવ સોસાયટીમાં મકાન બાંધવાનું હશે તો કો-ઑપરેટિવ સોસાયટીએ પણ ગીરો કરારમાં એક પક્ષ તરીકે જોડાવું આવશ્યક રહેશે અને તે સોસાયટીને પણ આ પ્રમાણે કરારમાં પક્ષ તરીકે સામેલ કરાવવાની જવાબદારી લોન લેનાર સભ્યની રહેશે.
૧૦. મકાન બાંધકામના ખર્ચ અંગે જો કોઈ કો-ઑપરેટિવ સોસાયટી કે સરકાર કે કોઈ બીજી સંસ્થા તરફથી લોન લીધી હશે તો તે રકમ મકાનના કુલ ખર્ચમાંથી બાદ કરીને બાકીના ખર્ચ ઉપર જ લોન મળી શકશે.
૧૧. કોઈ કર્મચારી યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ થાય અથવા નિયમિત હપતા ભરપાઈ ન કરે તો બાકી રહેલા હપતા તથા વ્યાજની રકમ તેણે તાત્કાલિક ચૂકવવાનાં રહેશે.
૧૨. મંજૂર થયેલી લોન નીચે પ્રમાણે આપવામાં આવશે :
(૧) મકાન પ્લિન્થ સુધી આવ્યેથી ૪૦ ટકા,
(૨) મકાનનું પહેલું ધાબું ભરાય ત્યારે વધુ ૩૦ ટકા, અને
(૩) મકાન પૂરું થાય ત્યારે બાકીના ૩૦ ટકા.
૧૩. પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી તથા બીજી કોઈ બાબત પેટે લોન લેનાર સભ્ય પાસે યુનિવર્સિટીનું કશું લેણું નીકળતું હશે તો તે લેણી નીકળતી રકમ સદરહુ સભ્ય પાસેથી બાકી નીકળતી લોન પેટે વસૂલ કરવા અંગેની બાંયધરી કર્મચારીએ આપવાની રહેશે.
૧૪. આવી લોનમાંથી તૈયાર કરવામાં આવેલું મકાન કર્મચારી બીજે કયાંય વેચી કે બક્ષિસ કરી શકશે નહીં કે ગીરો મૂકી શકશે નહીં કે બીજા કોઈને કોઈ પણ રીતે લખી આપી શકશે પણ નહીં.

સદરહુ બાબત ઉપર પુનર્વિચારણા કરી, આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા કાયમી કર્મચારીઓ જેઓએ પોતાની સેવાઓ ૧૫ વર્ષ કે તેથી વધુ આપી હોય તેઓને રહેઠાણ બાંધવા માટે નીચેના નિયમો પ્રમાણે લોન આપવી :

મકાન બાંધવા અંગેના લોનના નિયમો

૧. આ લોન હક્ક તરીકે માગી શકાશે નહીં અને તે લોન આપવી કે ન આપવી અને આપવી તો કેટલી આપવી તે નક્કી કરવા માટેનો સિન્ડિકેટનો હક્ક અબાધિત રહેશે.
૨. જે કર્મચારીને પોતાના કે તેમની પત્ની કે તેમના પતિના કે સગીર બાળકના નામે અમદાવાદ શહેરના મ્યુનિસિપલ વિસ્તારમાં મકાન ન હોય તેઓને જ આ લોન મળી શકશે.
૩. આર્કિટેકટે પ્રમાણિત કરેલ અંદાજી ખર્ચને આધીન આવી લોન જમીન સાથેના મકાનના કુલ અંદાજી ખર્ચના ૭૫ ટકાથી વધુ નહીં એટલી રકમ કે કર્મચારીના પોતાના પ્રૉવિડંટ ફંડના પૂરેપૂરા ફાળા (વ્યાજ સહિત) ઉપરાંત તેમના પ્રૉવિડંટ ફંડના ફાળામાં આપેલ યુનિવર્સિટીના ફાળા(વ્યાજ સહિત)ના ૫૦ ટકા તથા તેમની ગ્રેચ્યુઈટીની જે રકમ માટે તેઓ સ્ટે. ૧૯૩૭-એ મુજબ અન્યથા પાત્ર થયા હોય તેના ૫૦ ટકા જેટલી રકમ થશે તેમાંથી જે ઓછી હશે તેની મર્યાદામાં રહીને આપી શકાશે.

૪. લોન વ્યાજ સાથે પૂરેપૂરી પરત ન થાય ત્યાં સુધી પ્રૉવિડંટ ફંડમાંથી બીજી લોન મળી શકશે નહીં.
૫. આપવામાં આવેલી લોન ૧૨૦ સરખા માસિક હપતામાં પરત કરવાની રહેશે.
૬. લોન ઉપર સિન્ડિકેટ વખતોવખત જે દર નક્કી કરે તે દરે વ્યાજ આપવાનું રહેશે.
૭. મંજૂર થયેલી લોન નીચે પ્રમાણે આપવામાં આવશે :

(અ) નવું મકાન બંધાવવાનું હોય તે માટે કે હાલના પોતાના મકાનના એકસટેન્શન માટે—
(૧) પ્રથમ હપતો ૨૫ ટકા,
(૨) મકાન પ્લિન્થ સુધી આવ્યેથી વધુ ૨૫ ટકા,
(૩) મકાનનું પહેલું ધાબું ભરાય ત્યારે વધુ ૨૫ ટકા, અને
(૪) મકાન પૂરું થાય ત્યારે બાકીના ૨૫ ટકા.

(બ) તૈયાર મકાન ખરીદવા બાબત—
(૧) બાનાખત માટે ૧૦ ટકા,
(૨) દસ્તાવેજ થયા પછી બાકીના ૯૦ ટકા.

૧૨. હાલમાં સાઇકલ માટેની લોન કર્મચારીને સાઇકલ ખરીદ કરી બિલ રજૂ કર્યા પછીથી આપવામાં આવે છે તેને બદલે તે લોનની રકમ પહેલાં જે તે કર્મચારીને આપી તે પછીથી સાઇકલનું બિલ રજૂ કરવા અંગે કાર્યાલયના સંયુક્ત કર્મચારીઓની તા. ૮-૭-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાઇકલ માટેની લોનની રકમ કર્મચારીને સાઇકલ ખરીદીનું બાકી બિલ કાર્યાલયમાં રજૂ કર્યેથી આપવી, પરંતુ લોનનાં નાણાં મળ્યેથી એક અઠવાડિયામાં સદરહુ બાકી બિલ વેપારીને ભરપાઈ કરીને પાવતી સાથે કર્મચારીએ તે કાર્યાલયને આપવાનું રહેશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"
ક્રમાંક ૬૪

Sr. No.	*Name of the Examination*	*Date of commencement*	*Last Date of Application*	*Examination fee Rs.*
1.	Semester I(B.E. I, Part I) Exam. in Engg. (C.,M..E. & Ch.)	First week in April & Third week in October	1st March and 25th August	25
2.	Semester II (B.E. I, Part II)	,,	,,	25
3.	Semester III (B.E. II, Part I)	,,	,,	30
4.	Semester IV (B.E. II, Part II)	,,	,,	30
5.	Semester V (B.E. III, Part I) (C. or M. & E. or Ch.)	,,	,,	40
6.	Semester VI (B.E. III, Part II)	,,	,,	40
7.	Semester VII (B.E. IV, Part I) (C. or M. or E. or Ch.)	Third Monday in April and October	,,	50
8.	Semester VIII (B.E. IV, Part II)	,,	,,	50
9.	Semester IX (B.E. V, Part I)	,,	,,	70
10.	Semester X (B.E. V, Part II)	,,	,,	70
11.	First Examination in Engg. (C.,M. or E.) Post-Diploma degree course	,,	,,	50
12.	Second Examination in Engg. (C.,M. or E.) Post-Diploma degree course	,,	,,	75
13.	Final Examination for the degree in Bachelor of Engineering Post-Diploma degree course	,,	,,	100

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૫

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૮-૭-૧૯૬૯ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૬-૫-૧૯૬૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી બાબત નં. ૨ અને ૧૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં મકાનોના પ્લાનમાં ક્ષેત્રફળમાં ઘટાડો કરવા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશી તરફથી આવેલા પત્ર નં. પ્રોજ-૬-૨૫૮-૬૯, તા. ૧૨-૭-૧૯૬૯ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ પત્રની નકલ આ સાથે સામેલ છે.

(૨) ક્ષેત્રફળ તથા અંદાજી ખર્ચ અંગેની વિગતો નીચે પ્રમાણે છે:

મકાનનું નામ	અંદાજી કિંમત રૂપિયા	પહેલાંના પ્લાન મુજબ ક્ષેત્રફળ	નવા પ્લાન પ્રમાણે ક્ષેત્રફળ	ઘટાડો
ફિઝિક્સ	૮૦,૦૦૦	૪૪૦ ચો.મી.	૨૫૭ ચો.મી.	૧૮૩ ચો.મી.
કેમિસ્ટ્રી	૧,૭૫,૦૦૦	૭૩૦ ,,	૫૬૪ ,,	૧૬૬ ,,
મેથેમેટિક્સ	૧,૫૦,૦૦૦	૬૧૬ ,,	૪૩૩ ,,	૧૮૩ ,,
બોટેની	૧,૫૦,૦૦૦	૭૩૨ ,,	૪૮૪ ,,	૨૪૮ ,,]

(અ) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વિકાસકામના સ્કેચપ્લાનમાં ક્ષેત્રફળનો ઘટાડો કરવામાં આવ્યો છે તે હાલના મકાનને અનુકૂળ છે કે કેમ તે તપાસવું.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે હાલના બાંધકામ મુજબ આ મકાનમાં વિકાસકામોનો અંદાજ તૈયાર કરી આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૧૦. સ્થપતિ સાથે મકાનના બાંધકામ માટે કરવામાં આવતા કરારનામાના મુસદ્દા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે બાબત તેઓના તા. ૧૧-૭-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ. (૧) આ મુસદ્દો તા. ૧૮-૪-૧૯૬૯ની બાંધકામ સમિતિની ભલામણથી તા. ૧૧-૫-૧૯૬૯ની સિન્ડિકેટે મંજૂર કરેલ છે જેની નકલ સામેલ છે.

(૨) આ માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશી તરફથી આવેલો પત્ર આ સાથે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ કામના સ્થપતિ શ્રી. બી. વી. દોશીને આગામી સભાગૃહમાં બોલાવવા અને તે દરમિયાન આ બાબત વિચારણા માટે મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીનાં મકાનોમાં ઇલેક્ટ્રિક કામકાજની બાબતમાં કન્સલ્ટિંગ ઇજનેરની સેવાઓ આપવા અંગે કન્સલ્ટિંગ એન્જિનિયર વકીલ-મહેતા-પરીખ-શેઠના તા. ૬-૬-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇ.એમ.આઈ.(ઇલેક્ટ્રિકલ બ્રાન્ચના ઇજનેર)ના ઇજનેરનું નામ તથા શૈક્ષણિક લાયકાત તથા આવાં કામોમાં તેઓના અનુભવ વગેરે અંગેની વિગતવાર માહિતી મંગાવીને આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા મકાનોના બાંધકામ અંગેના પરિપત્ર નં. એફ. ૧-૧૨૬-૬૮ (સીટી) તા. ૨૨-૧૧-૧૯૬૮ પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિપત્રની નોંધ લેવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામના અંદાજ માટે પી.ડબ્લ્યુ.ડી.નું સર્ટિફિકેટ આપવાનો આવશ્યકતા કાઢી નાખવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સૂચવવું.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે કેટલાંક અનિવાર્ય કારણોને લીધે બાંધકામ મોડું થાય તો તે એક વર્ષમાં જ કામ શરૂ કરવાનો કે પૂરું કરવાનો આગ્રહ ન રાખવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સૂચવવું.

૫. ગુજરાત યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સને કાયમી ધોરણે ૧૦૦૦થી ૧૧૦૦ ચો. વાર જમીન મકાન બાંધવા માટે આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તા. ૧૪-૬-૧૯૬૯ની સિન્ડિકેટની સભાએ નીચે મુજબનો ઠરાવ કરીને આ બાબત બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલેલ છે :

બા. નં. ૩૪ (૨) (૫૫) સ્ટોર્સને કાયમી ધોરણે ગોડાઉન સહિતના મકાનના બાંધકામ માટે સ્ટોર્સનો લાભ લેનાર સૌને અનુકૂળ પડે એવી જગ્યાએ ૧૦૦૦થી ૧૧૦૦ ચો. વાર જેટલી જમીન યુનિવર્સિટી કેમ્પસ ઉપર સ્ટોર્સને માટે આપવામાં આવે.]

(**નોંધ.**—સદરહુ પ્રસ્તાવ બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવો.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સને કાયમી ધોરણે ૧૦૦૦થી ૧૧૦૦ ચો. વાર જમીન મકાન બાંધવા માટે ફાજલ પાડવાની બાબતનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવા તથા યથાસમયે તે માટેની શરતો અને વિગતો નક્કી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટીની નવી બૉયઝ હૉસ્ટેલની સાઈટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ તા. ૨૪-૮-૧૯૬૮ની બાંધકામ સમિતિએ સ્થળ પર જઈને સાઈટ નક્કી કરી હતી, પરંતુ તે જગ્યા પર રસ્તો આવે છે તેથી રસ્તો બદલીને રિવાઈઝ્ડ લે-આઉટ કૉર્પોરેશનમાં મૂકવો પડે અથવા હૉસ્ટેલની સાઈટ ફેરવવી પડે તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રની સામે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની હદની પશ્ચિમ તરફ વિદ્યાર્થીઓના છાત્રાલયની સાઈટ, સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર પાસે બાંધવામાં આવનાર કમ્પાઉન્ડર ક્વાર્ટર્સ માટે શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલા સ્કેચપ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કામ માટે કોઈ ગ્રાન્ટ મળી નથી તેથી યુનિવર્સિટીના ફંડમાંથી આ ખર્ચ કરવાનું રહેશે. આ માટે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૧૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્ર પાસે બાંધવામાં આવનાર કમ્પાઉન્ડરના રહેઠાણ માટે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલો પ્લાન તથા તે માટેનું અંદાજી ખર્ચ આશરે રૂ. ૨૦,૫૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ચણતરના વધુ ત્રણ થર લઈને ૧૦ ફૂટ ઊંચાઈ વધારવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલ ટાંકીની ઊંચાઈ ફ્લોર લેવલથી ૯'-૦" છે અને વધુ ત્રણ થર લેવાથી તેની ઊંચાઈ ૯'-૧૦" ઊંચી થશે.

(૨) આ માટે આશરે ખર્ચ રૂ. ૧,૦૦૦ થશે. આ ખર્ચ કુલ મંજૂર થયેલ રકમ રૂ. ૨૧,૦૦૦ની મર્યાદામાં આવી જાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ચણતરના વધુ ત્રણ થર લેવાનો પ્રસ્તાવ તથા તે માટે વધારાનું ખર્ચ આશરે રૂ. ૧,૦૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. રીડર્સ ક્વાર્ટર્સનું બાંધકામ ચણતરની દીવાલોવાળું અથવા તો આર.સી.સી.નું બનાવવું તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા તરફથી આવેલો તા. ૧૦-૭-૧૯૬૯નો પત્ર આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રીડર્સ ક્વાર્ટર્સનું બાંધકામ સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાના અભિપ્રાય મુજબ ચણતરની દીવાલોવાળું (load-bearing) કરવા માટેના પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી કેમ્પસમાં ઉનાળાની ઋતુ દરમિયાન પાણીની મુશ્કેલી પડી તે સંદર્ભમાં પાણીપુરવઠા અંગેની યોજના અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં બીજા એક વધુ બોર (tube-well) કરવાની જરૂર છે એમ આ સમિતિનો અભિપ્રાય સિન્ડિકેટને જણાવવો.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે પાણીપુરવઠા અંગે રાજ્ય સરકારના સુપરિન્ટેન્ડિંગ ઇજનેર (Mechanical) શ્રી. પરીખનાં સલાહસૂચનો લઈને આ યોજના પરિપૂર્ણ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું રાખવું. દરમિયાન ટાંકી પરના હાલના ટરબાઈન પંપની મરામત (repairs) કરવાના પ્રસ્તાવ પરની વિચારણા કરવાનું મોકૂફ રાખવું.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે રહેઠાણવાળા વિસ્તાર માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસેથી વૉટરમીટરના દરે પાણીનું કનેક્શન મેળવવા માટેના ખર્ચનો અંદાજ કઢાવવો.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૨. રીડર્સ ક્વાર્ટર્સના પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભાગૃહમાં રજૂ થયા મુજબ રીડર્સનાં રહેઠાણોના પ્લાન (પ્લાનમાં બતાવ્યા મુજબ એક સ્ટોર રૂમ તથા બે બાલ્કની સહિત) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૬

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Physics in the University School of Sciences was held on 24–7–1969, the Thursday at 12–30 p.m. at the Office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University presiding :

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor and Chairman	Present
2. Dr. N. R. Tawade	Present
3. Shri A. S. Divatia	Present
4. Prof. A. R. Patel	Present
5. Shri R. C. Majmudar	Absent

The following candidates were called for interview :

1. Shri P. D. Pathak	Present
2. Dr. K. M. Kotadia	Present.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

The Committee interveiwed both the candidates named above, but has not been able to recommend any one of them for appointment to the post of a Professor of Physics in the University School of Sciences.

N. R. Tawade
A. S. Divatia
A. R. Patel
U. J. Joshi.

પારિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૩૭

ક્રમાંક	મકાનનું નામ	મૂળ અંદાજી ખર્ચ	પુનર્નિર્મિત અંદાજ (૧૯૬૮-૬૯ની બજેટની જોગવાઈ સાથે)	તા. ૩૧-૩-૧૯૬૯ સુધી થયેલ કુલ ખર્ચ	૧૯૬૮-૬૯નો અંદાજ	૧૯૬૮-૬૯માં કુલ ખર્ચ	હાલ ૧૯૬૯-૭૦માં પુનર્નિર્મિત અંદાજ
૧		૨	૩	૪	૫	૬	૭
		રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.
૧.	આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓનાં મકાન	૨૭,૧૬૬-૭૦	૩૧,૭૦૦-૦૦	૩૦,૮૧૦-૩૯	૨૦,૦૦૦-૦૦	૧૯,૧૧૦-૩૯	૮૦૦-૦૦
૨.	વિદ્યાર્થીઓના છાત્રાલયના ગૃહપતિનું મકાન	૪૧,૭૦૭-૦૦	૪૮,૮૨૬-૬૩	૩૫,૮૨૬-૯૭	૨૨,૦૦૦-૦૦	૯,૦૦૦-૦૦	૮,૪૦૦-૦૦
૩.	અતિથિગૃહ	૧,૭૧,૦૦૦-૦૦	૧,૮૦,૩૧૨-૬૩	૧,૬૨,૮૮૧-૦૦	૨૨,૦૦૦-૦૦	૪,૧૨૮-૬૨	૧૯,૩૦૦-૦૦
૪.	ગ્રંથાલય	૮,૦૦,૦૦૦-૦૦	૮,૪૯,૧૦૮-૨૩	૮,૧૨,૨૬૧ ૬૧	૪૧,૦૦૦-૦૦	૮,૧૫૭-૩૮	૬,૦૦૦-૦૦
૫.	ઝૂલોજીનું મકાન	૨,૫૫,૦૦૩-૦૦	૨,૭૧,૭૮૮-૮૩	૨,૧૮,૬૮૯-૪૧	૩૧,૦૦૦-૦૦	૨૧,૮૦૦-૦૦	૩,૦૦૦-૦૦
૬.	શિક્ષકો માટે છાત્રાલયનું મકાન	૬,૧૬,૦૦૦-૦૦	૬,૬૬,૬૦૫-૦૦	૬,૩૯,૦૮૯ ૮૪	૪૦,૦૦૦-૦૦	૧૨,૪૮૪-૪૪	૩૦,૬૦૦-૪૦

ક્રમાંક	મકાનનું નામ	મંજૂર થયેલો અંદાજ	૧૯૬૯-૭૦માં કરેલ જોગવાઈ	હાલ કેટલી જોગવાઈ કરવાની છે તેની વિગત ૧૯૬૯—૭૦	ખર્ચ વધવા માટેનાં કારણો
		રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	
	નવાં કામો—કેપિટલ				
૭.	યુનિ. પ્રેસનું વિકાસ-કામ	૧૬,૨૫૦-૦૦	—	૧૬,૨૫૦-૦૦	બાંધકામ સમિતિ તા. ૯-૧૧-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૧૧-૧૧-૧૯૬૯, બાબત નં. ૬૮થી મંજૂર થયેલ છે.
૮.	પાણી પુરવઠાની યોજના ખાતે	૧૦,૦૦૦-૦૦	—	૧૦,૦૦૦-૦૦	બાંધકામ સમિતિ તા. ૨૪-૨-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૬/૭-૩-૧૯૬૯, બાબત નંબર ૯૧થી મંજૂર.

૧	૨	૩	૪	૫
મરામત અને ખાસ ફેરફારો [બજેટ હેડ-૧૩ (૧)]				
	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	
૧. 'બી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં લોખંડનાં કબાટ બનાવીને ફિટ કરવા અંગે	૧૩,૦૦૦-૦૦	—	૧૩,૦૦૦-૦૦	બાંધકામ સમિતિ ૧૮-૪-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૧૧-૧૧-૧૯૬૯માં મંજૂર થયેલ છે.
૨. 'બી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના ટાઈલ્સ અંગે	૧૧,૬૦૦-૦૦	—	૧૧,૬૦૦-૦૦	બાંધકામ સમિતિ તા. ૨૪-૨-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૬/૭-૩-૧૯૬૯માં મંજૂર થયેલ છે.
૩. 'એ', 'બી' બ્લોક : વિદ્યાર્થીઓની હૉસ્ટેલમાં કબાટ અંગે	૩૬,૦૦૦-૦૦	—	૩૬,૦૦૦-૦૦	બાંધકામ સમિતિ તા. ૧૮-૪-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૧૧-૧૧-૧૯૬૯માં મંજૂર થયેલ છે.
૪. વિદ્યાર્થીઓના છાત્રાલય, વિજ્ઞાન વિદ્યાભવનમાં ડ્રેનેજ યોજના	૩૭,૨૮૦-૦૦	—	૩૭,૨૮૦-૦૦	બાંધકામ સમિતિ તા. ૨૪-૨-૧૯૬૯, સિન્ડિકેટ તા. ૬/૭-૩-૧૯૬૯થી મંજૂર થયેલ છે.
યુનિવર્સિટી છાત્રાલયો [ફર્નિચર તથા સામગ્રી બજેટ હેડ ૧૪ (૨)]				
વિદ્યાર્થીઓના છાત્રાલય 'સી' તથા 'ડી' બ્લોક માટે સ્ટીલનાં કબાટ તથા વિદ્યાર્થીઓના છાત્રાલય માટે સ્ટીલનાં કબાટ તથા ડાઇનિંગ ટેબલ વગેરે માટે	૮૦,૦૦૦-૦૦	૧૦,૦૦૦-૦૦	૭૦,૦૦૦-૦૦	બૉયઝ તથા લેડીઝ હૉસ્ટેલ માટે સ્ટીલ કબાટ ખરીદવાનું તા. ૨૧-૨-૧૯૬૯ની ફાઇનાન્સ કમિટીમાં મંજૂર થયેલું છે તથા ૨૦ નંગ ડાઇનિંગ ટેબલ મંગાવવાની મંજૂરી મળી છે.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૦

ફાઇનાન્સ સમિતિની તા. ૨૩–૭–૧૯૬૯ની બાબત ક્રમાંક ૩ની સિન્ડિકેટને ભલામણ

ક્રમાંક	વસ્તુનું નામ	યુનિ. કાર્યાલય માટે	વિજ્ઞાન વિદ્યાભવન માટે	વેપારીનું નામ	ભાવ રૂ. પૈ.	નોંધ
૧.	કાળી પેન્સિલ, ચેલેન્જર	૬૦ ડઝન	૫ ડઝન	ધીરજ સ્ટેશનરી માર્ટ	૧-૫૮ ડઝનના	સારી જાતની હોવાથી
૨.	રબર બેન્ડ પૅકેટ, ઓથેલો	૧૭૫ પૅકેટ	૨૫ પૅકેટ	મનુભાઈ લાલભાઈની કું.	૧-૬૭ પૅકેટના	સારી જાતનાં હોવાથી
૩.	ટાંકણી પૅકેટ, ઈગલ	૬૫૦ પૅકેટ	૫૦ પૅકેટ	,,	૦-૮૩ પૅકેટના	,,
૪.	યુ ક્લિપ પૅકેટ, ઈગલ **મિડિયમ**	૨૫૦ પૅકેટ	૬૦ પૅકેટ	,,	૦-૩૩ પૅકેટના	,,
૫.	યુ ક્લિપ પૅકેટ, ઈગલ **ચાર્જ**	૨૫૦ પૅકેટ	૬૦ પૅકેટ	ઑલ-ઈન્ડિયા સ્ટેશનરી માર્ટ	૦-૩૪ પૅકેટના	,,
૬.	ટાઇપ કાર્બનપેપર. ડબલ **ફૂલ્સકેપ સાઈઝ,** કોરસ ૧૦૬૭	૧૦ પૅકેટ	—	રવાણી એન્ડ કું.	૧૮-૮૦ પૅકેટના	,,
૭.	ટાઇપ કાર્બનપેપર **ફૂલ્સકેપ સાઈઝ**	૧૦ પૅકેટ	૭૨ પૅકેટ	રવાણી એન્ડ કું.	૯-૪૦ પૅકેટના	,,
૮.	સીલિંગ વેક્ષ-લાખ, બૅંક **ઑફ ઈંગ્લૅંડ**	૫૦ પૅકેટ	—	મનુભાઈ લાલભાઈની કું.	૧-૫૮ પૅકેટના	,,
૯.	ગુંદરના સફેદ બાટલા ૩૦૦ **મિલિમીટરના** કેમલ	૨૫૦ નંગ	૩૬ નંગ	મનુભાઈ લાલભાઈની કું.	૨-૬૦ નંગના	,,
૧૦.	ટૂ પેર ફોલિયા દોરી સાથે **ક્લમખુશ** બનાવટના	૧૧૦ નંગ	—	,,	૮૯-૦૦ સો નંગના	,,
૧૧.	ઑફિસ ફાઈલ, ક્લમખુશ **બનાવટની** છપાઈ સાથે	૧૨૦ ડઝન	૧ ડઝન	,,	૨-૮૮ એક ડઝનના	,,
૧૨.	ટૂ પેર ફોલિયા દોરી સાથે **ક્લમખુશ** બનાવટના	૧૧૦ નંગ	—	ધીરજ સ્ટેશનરી માર્ટ	૮૯-૦૦ સો નંગના	,,
૧૩.	વિન્ડો કવર ૯-૪ છપાઈ **સાથે નં. ૮૧**	૭૦૦૦ નંગ	૧૦૦૦ નંગ	મજમુદાર એન્ડ કું.	૨૭-૯૦ ૧૦૦૦ કવરના	,,
૧૪.	કાર્ડ્‌કવર ૯-૪ છપાઈ **સાથે નં. ૮૫**	૨૦૦૦ નંગ	૩૦૦૦ નંગ	,,	૨૧-૭૦ ૧૦૦૦ કવરના	,,

ક્રમાંક	વસ્તુનું નામ	યુનિ. કાર્યાલય માટે	વિજ્ઞાન વિદ્યાભવન માટે	વેપારીનું નામ	ભાવ રૂા. પૈ.	નોંધ
૧૫.	કરેક્ટિંગ ફ્લ્યૂડ બોટલ	૩૫ નંગ	૨૪ નંગ	જસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	૪-૦૦ ટેક્ષ	સારી જાતના હોવાથી
૧૬.	હાથે લખવાના સ્ટેન્સિલ બ્લ્યૂ	૮૦ ક્વાયર	—	,,	૧૯-૮૦ ટેક્ષ	,,
૧૭.	સ્ટેન્સિલ પેપર ફૂલ્સકેપ સાઈઝ	૩૦૦ ક્વાયર	૧૦ ક્વાયર	,,	૧૧-૭૫ ટેક્ષ	,,
૧૮.	ડુપ્લિકેટિંગ પેપર. ૨. ૫. કે. જી., ગોપાલ મિલ, સનરાઈઝ બ્રાન્ડ	૩૦૦૦ રીમ	૧૦ રીમ	એન. દેસાઈ એન્ડ કું.	૧૧-૮૭ એક રીમના	,,

૧૯. ડુપ્લિકેટિંગ ઈન્ક : આથી ઠરાવવામાં આવે છે કે જસ્ટેટનર ડુપ્લિકેટર્સ તથા કોરસ શાહીના નમૂના મંગાવી તેમાંથી કેટલી કોપીઓ નીકળે છે તે અંગેનો રિપોર્ટ આઈ ખરીદવાની કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૨૦. ફૂલસ્કેપ ફોલિયા : આ અંગે જુદા ભાવ મંગાવી યુનિવર્સિટીની જરૂરિયાત પ્રમાણે ખરીદી કરવી.

૨૧. પેન્સિલ કાર્બન : પેપર ડબલ ફૂલ્સકેપ સાઈઝ શીટ ખરીદવાનો બક્કત ન હોવાથી કાંઈ કરવાનું રહેતું નથી.

૨૬૨૧-૨-૧૦/૨ તા. ૨૬-૧૦-૧૯૭૨ (સ્થગિત) (૨૬૬૩)

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૬૧

સિન્ડિકેટની વરણીસમિતિની અક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૮-૮-૧૯૬૯ના રોજ બપોરના ૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ડેપ્યુટી રજિસ્ટ્રારની એક જગ્યા માટે અને ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન લિંગ્વિસ્ટિકસની એક જગ્યા માટે મુલાકાત લેવા માટે મળી હતી. કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. શ્રી. ડી. એમ. શીખ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૫. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૬. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૭. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૮. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. આર. બી. શાહ	હાજર
૧૧. શ્રી. આઈ. એ. મોદી	હાજર
૧૨. શ્રી. એમ. પી. પંડ્યા	હાજર
૧૩. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૫. શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર
૧૬. શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર
૧૭ શ્રી. એમ. સી. શાહ	હાજર
૧૮. ડૉ. કે. એન. શાહ	હાજર.

(૧) ડેપ્યુટી રજિસ્ટ્રાર.....એક જગ્યા

ડેપ્યુટી રજિસ્ટ્રારની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા.

૧. શ્રી. એસ. પી. દેસાઈ	ગેરહાજર
૨. શ્રી. અમર બી. જાદવ	હાજર
૩. શ્રી. એસ. પી. મેઢ	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"હાજર રહેલા બે ઉમેદવારો પૈકી માત્ર શ્રી. એસ. પી. મેઢ ડેપ્યુટી રજિસ્ટ્રારની જગ્યા માટે આ સમિતિને યોગ્ય ઉમેદવાર જણાયા છે. તેઓ બી.એ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે, પણ તે ઉપરાંત તેઓ એલએલ. બી.ની પદવી ધરાવે છે અને તેઓ પરીક્ષાના કામકાજ સહિત ઉચ્ચ કક્ષાનો જે વહીવટી અનુભવ ધરાવે છે તે જોતાં આ સમિતિ તેમને રૂ. ૫૦૦-૩૦-૬૨૦-૪૦-૧,૦૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૭૦૦ (રૂપિયા સાતસો)ના પગારથી નીમવા સર્વાનુમને ભલામણ કરે છે."

(૨) લેક્ચરર ઇન લિંગ્વિસ્ટિકસ.....એક જગ્યા

લેક્ચરર ઇન લિંગ્વિસ્ટિકસની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. રવિ પ્રકાશ	હાજર
૨. શ્રી. રામસ્વામી મહાદેવન	ગેરહાજર
૩. શ્રી. વાય. ડી. વ્યાસ	ગેરહાજર.

નિષ્ણાત તરીકે ભાષા-સાહિત્ય ભવનના લિંગ્વિસ્ટિકસના પ્રાધ્યાપક શ્રી. એચ. સી. ભાયાણી નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

હાજર રહેલ એકમાત્ર ઉમેદવાર ડૉ. રવિ પ્રકાશની મૂલાકાત લેવામાં આવી અને ડૉ. ભાયાણીનો તા. ૬-૮-૧૯૬૯નો પત્ર તથા ઉમેદવાર શ્રી. યોગેન્દ્ર વ્યાસનો તા. ૫-૮-૧૯૬૯નો પત્ર—એમ બે પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી સભાગૃહે નીચે પ્રમાણે ઠરાવ્યું :

"નીચેના બે ઉમેદવારો આ જગ્યા માટે લાયક જણાયા છે અને તે પૈકી એકની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. રવિ પ્રકાશ

૨. શ્રી. યોગેન્દ્ર ધીરુભાઈ વ્યાસ."

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૮૪

WE, THE CHANCELLOR, VICE-CHANCELLOR AND MEMBERS OF THE SENATE of the GUJARAT UNIVERSITY certify _____ that the withinsigned _____ _____ of _____ College, having been examined for the Degree of Bachelor of Laws and placed in the _____ Class, the Degree of

BACHELOR OF LAWS

(General)

has been conferred on h at AHMEDABAD, on the _____ day of the month of _____ in the year one thousand nine hundred and sixty _____

IN TESTIMONY whereof are set the Seal of the said University and the Signature of the said Chancellor.

_____

Chancellor.

પરિશિષ્ટ "૬"
ઠરાવકાજ ક્રમાંક ૬૨

The following shall be the minimum qualifications for appointment to the various categories of teachers :

(1) Professor :

(*a*) A post-graduate degree or diploma at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., and seven years' combined experience of post-graduate teaching, research (in addition to the research work for the doctoral degree) and / or practical experience.

and

(*b*) A doctoral degree on the basis of research in problems of Organisation Management or Marketing in Industry and Trade.

(2) Reader :

(*a*) A post-graduate degree or diploma at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., and five years' combined experience of teaching and / or practical experience and doctoral degree in any of the concerned fields.

(3) Lecturer :

(*a*) A post-graduate degree at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., and three years' combined experience of teaching and / or practical experience.

or

(*b*) A doctoral degree on the basis of research in problems of Organisation Management or Marketing in Industry and Trade.

(4) Demonstrator / Instructor :

A post-graduate degree in Business Administration or a Second Class Master's Degree in any discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., with some practical experience in organising field work.

Notwithstanding anything contained above it will be competent for the Selection Committee to make its recommendations in view of the qualitative work put in by a candidate.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

ગુ. યુ. પ્રેસ ૬૭૬-૪૫૦-૯-૬૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની સભા શનિવાર, તા. ૬-૯-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૯-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુકત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. ઈન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૯/૧૦-૪-૧૯૬૯ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૯/૧૦-૪-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચેના વિદ્યાર્થીઓના માનાનિર્બંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. એન. કે. ભટ્ટ	વિનયન—ગુજરાતી	પીએચ.ડી.
(૨)	શ્રી. કે. એફ. મોદી	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૩)	શ્રી. વાય. બી. દેસાઈ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૪)	શ્રી. એસ. જી. ડોકટર	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૫)	શ્રી. એચ. જી. શુકલ	વિનયન—હિન્દી	,,
(૬)	શ્રી. વી. કે. શાહ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૭)	શ્રી. એસ. એન. રાવ	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન	,,
(૮)	શ્રી. ઓ. પી. સકસેના	વિજ્ઞાન—વનસ્પતિવિજ્ઞાન	,,
(૯)	શ્રી. એમ. એસ. ધનજૂ	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન	,,
(૧૦)	શ્રી. એ. એન. સાવજી	ફાર્મસી—ફાર્માકોગ્નોસી	,,
(૧૧)	શ્રી. એમ. એ. દવે	વિનયન—ગુજરાતી	,,
(૧૨)	શ્રી. એ. આર. વામદત્ત	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન	,,

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩. નવી કૉલેજોની જરૂરિયાતો નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨ / ૧૩-૪-૧૯૬૯નો સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના રિપોર્ટ પર વિચારણા કર્યા પછી સિન્ડિકેટે નીચે મુજબનાં સૂચનો તૈયાર કર્યાં અને ઠરાવ્યું કે સદરહુ સૂચનો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવાં :

(૧) (ક) સત્તા(locality)ની દૃષ્ટિએ અમદાવાદ શહેરને એક જ એકમ ગણવો જોઈએ. આ સાથે આપેલ પરિશિષ્ટ જોતાં વિનયન વિદ્યાશાખામાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તથા વિજ્ઞાન વિદ્યાશાખામાં લગભગ ૧૦૦૦ જેટલા વધુ વિદ્યાર્થીઓને તથા વાણિજ્યની વિદ્યાશાખામાં લગભગ ૨૦૦૦ જેટલા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ક્ષમતા અમદાવાદની કૉલેજોમાં હોઈ ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન અમદાવાદમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની નવી કૉલેજોની જરૂર રહેશે નહીં.

(૫) ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણની નવી કૉલેજોના જોડાણ માટે જે અરજીઓ આવે તે કૉલેજોમાં વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂગોળ અને અંગ્રેજીના વિષયોની પદ્ધતિ શીખવવાનો પ્રબંધ કરવામાં આવે તો જ તે અરજીઓ મંજૂર કરવા અંગે વિચારવું જોઈએ. વળી જૂની કૉલેજોએ પણ ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષથી વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂગોળ અને અંગ્રેજીના વિષયોની પદ્ધતિ શીખવવાની જોગવાઈ કરવી જોઈએ.

(૨) ગ્રામ્ય વિસ્તારોમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની નવી કૉલેજો અંગે ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન આવેલ જે તે જોડાણ-અરજીઓના ગુણદોષ, દા.ત. જિલ્લાની જરૂરિયાત, શાળાઓની સંખ્યા, આજુ-બાજુ આવેલ તે જ વિદ્યાશાખાની કૉલેજો વગેરેની ચકાસણી કરીને જોડાણ આપવા અંગે નિર્ણય કરવો જોઈએ.

(૩) (ક) નવી કૉલેજોની બાબતમાં એક કૉલેજમાં વિનયનની વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની વિદ્યાશાખા તથા વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી શકાય અને તે સિવાયની કોઈ પણ બે વિદ્યાશાખાઓને એક જ કૉલેજમાં સંયોજિત કરવી જોઈએ નહીં.

(ખ) જે ચાલુ કૉલેજોમાં વિનયનની વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની વિદ્યાશાખા તથા વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ સંયોજિત થયેલી હોય તો તેવી કૉલેજોને ૧૯૭૩ના જૂન સુધીમાં વિભાગીકરણ કરીને ઉપર ક્રમાંક (૩) (ક)માં સૂચવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવા જણાવવું જોઈએ.

(૪) શિક્ષણની કૉલેજ સાથે વિનયન વિદ્યાશાખાની બીજી પ્રશાખા કે બીજી કોઈ વિદ્યાશાખા સંયોજિત કરવી જોઈએ નહીં તથા શિક્ષણની કૉલેજ એક સ્વતંત્ર એકમ તરીકે જ કામ કરે તે યોગ્ય છે.

(સદરહુ સમિતિના રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪. જૂન ૧૯૭૦થી (અ) નવી કૉલેજો માટે, (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણ-અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૯થી ચાલુ માન્યતા આપવા માટે મૂકેલ શરત મુજબ પૂર્ણ સમયના મનોવિજ્ઞાનના માન્ય અનુસ્નાતક શિક્ષકને બદલે જરૂરી લાયકાત ધરાવતા મુલાકાતી પ્રાધ્યાપકથી ચલાવવા માટે પરવાનગી આપવા સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઈન્સ્ટિટ્યૂટને આગામી નવેંબર માસ સુધી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવા માટે પરવાનગી આપવી અને જણાવવું કે ડિસેંબર ૧૯૬૯થી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવા આવશ્યક રહેશે.

૬. Indian Association of Teacher Educatorsનું ૧૨મું અધિવેશન જોધપુર મુકામે નવેંબર ૪થી ૬ ૧૯૬૯ના સમય દરમ્યાન યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષને કે શિક્ષણની કૉલેજના આચાર્યને મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) આચાર્ય સી. કે. અકુવાલા
(૨) આચાર્ય વી. એસ. વણીકર.

૭. **" Human Relations in Industry " પર The South India Textile Research Associationનું ૧૦મું અધિવેશન કોઈમ્બતુર મુકામે સપ્ટેંબર ૧૨ અને ૧૩ ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના મજકૂર એસોસિયેશનના અધ્યક્ષશ્રીના તા. ૧૧-૮-૧૯૬૯ના પત્રાંક ૭/૪/૩૭૯૯ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. ટી. ભોપટકરને મોકલવા.

૮. **The Association of Physiologists and Pharmacologists of Indiaનું ૧૫મું વાર્ષિક અધિવેશન G.S.V.M. મેડિકલ કૉલેજ, કાનપુર મુકામે ડિસેંબર ૨૭થી ૨૯ ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર હોઈ, તેમાં ફાર્માકોલોજી, ફિઝિયોલોજી અને બાયોકેમિસ્ટ્રીના વિષય માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩૦મી જુલાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. આર. દેશાસરીને મોકલવા.

૯. **સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો અંગે નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત:**

(૧) સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે કરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) સત્રનો આરંભ થવાની તૈયારીમાં હોય તેવે સમયે સંલગ્ન કૉલેજોની સેવા અંગેના નીચે જણાવેલ નિયમ ૯ પર વિચારણા કરવા બાબત:

" No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities three months' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation provided that such notice shall end with the end of a vacation. In case, however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice."

(૩) કયા નિયમો ખંડ સમયના શિક્ષકોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(૪) છૂટા કરાયેલ શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય તો તેના સંદર્ભમાં છ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવા અંગેના ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૫) શિક્ષકોની માંદગીની રજા એકીસાથે કેટલી જમા કરાવી શકાય તથા એકીસાથે માંદગીની રજા કેટલી ભોગવી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નોકરીના નિયમો ઘડવાની સત્તા યુનિવર્સિટીને નથી તે અંગેની સ્પષ્ટતાના સંદર્ભમાં કૉલેજોના ગ્રંથપાલના પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેના નિયમો અંગેની પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કાનૂનવિષયક સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧. ૧૯૬૮-૬૯ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણેની માહિતી જોતાં બી. ડી. કૉલેજ, અમદાવાદમાં સંસ્કૃતમાં એક પૂરા સમયના પ્રાધ્યાપકને સ્થાને ખંડ સમયના બે પ્રાધ્યાપકો હતા તથા તત્ત્વજ્ઞાનના વિષય માટે પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક આખા વર્ષ દરમિયાન થઈ ન હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સમાયેલી બે નિયમિતતા માટે બી. ડી. કૉલેજ, અમદાવાદના આચાર્યને ઘટતો ઠપકો આપવો.

૧૨. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયામાં ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીના નિયમ પ્રમાણે વ્યાયામશિક્ષક ન હોવાથી સિન્ડિકેટની તા. ૧૧-૫-૧૯૬૯ની સભાના ઠરાવ પ્રમાણે આખા વર્ષની બાકી નીકળતી રકમ ચૂકવવા જણાવતાં આચાર્યશ્રીએ જણાવ્યું છે કે સરકારી બેઝિક ટ્રેનિંગ સ્કૂલના શિક્ષકની સેવાઓ રૂ. ૧૦૦ ફિક્સ્ડ આપવાની શરતે સરકારે તેમને તે શિક્ષકની સેવાઓ લેવાની પરવાનગી આપી હોવાથી રકમની ચુકવણી બાબતમાં ફેરવિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયામાં ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નિમાયેલા ખંડ સમયના વ્યાયામ શિક્ષકની સેવાઓ માટે વધુ વેતન આપવા માટે આગ્રહ રાખવો નહીં.

૧૩. શ્રી. મહેન્દ્રસિંહજી હૉસ્પિટલ, મોરબી તથા કૉટેજ હૉસ્પિટલ, લુણાવાડાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨–એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિઓ ઉપર ડૉ. જે. બી. હરિભક્તિએ કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિ પર ડૉ. જે. બી. હરિભક્તિની જગ્યાએ ડૉ. કે. આર. શ્રોફની નિમણૂક કરવી.

૧૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty resolves that in Third M.B.,B.S. practicals examinations half the candidates in each subject will be examined in one medical college and the remaining in the other medical college, next year the order will be reversed."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણની નોંધ લેવી.

૧૫. આચાર્ય કે. એન. શાહ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "ડેમોન્સ્ટ્રેટરો માટે હાલ જે પગારધોરણો છે તે બંધ કરી અને ફક્ત એક જ પગારધોરણ રાખવું."

(૨) "એમ.એ.માં જેમ અર્થશાસ્ત્ર-રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર-મનસશાસ્ત્ર વગેરે જેવા મિક્સ અભ્યાસક્રમો હોય છે તેમાં અર્થશાસ્ત્ર-આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ દાખલ કરવો."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ૧૧મી જૂન ૧૯૭૦ના રોજ કે તે પછી નિમાતા ડેમોન્સ્ટ્રેટરો માટે હાલ જે બે પગારધોરણો છે તે દૂર કરીને રૂ. ૧૮૦-૧૦-૩૦૦નું એક જ પગારધોરણ રાખવું.

(**નોંધ.** - આ ઠરાવને કારણે હાલ કામ કરતા કૉલેજોના ચાલુ ડેમોન્સ્ટ્રેટરોના હાલના પગારધોરણમાં કશો ફેરફાર થતો નથી.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો.

૧૬. સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ તેમ જ તા. ૪-૪-૧૯૬૯ની વાર્ષિક સભામાં થયેલ વિવિધ સૂચનો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સૂચનો પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

અનુસ્નાતક શિક્ષણ

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની જે નવી વ્યવસ્થા વિચારવામાં આવી છે તેમાં આ સૂચન ધ્યાનમાં લેવામાં આવેલું હોઈ તે અંગે વિશેષ વિચારવાપણું રહેતું નથી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ભવનોના શિક્ષકોના કાર્યભાર અંગે સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-'૬૮ની સભામાં નીમેલી સમિતિની ભલામણો આવ્યેથી તે બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ અને સંશોધનનું કામ એકસાથે ચાલે એ ઇચ્છવાયોગ્ય છે.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી જર્નલ 'વિદ્યા'ના પ્રકાશનની હાલ જે વ્યવસ્થા છે તે ચાલુ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાનું પ્રકાશન નિયમિત થતું રહે તે જોવા માટે તેના સંપાદક મંડળને તથા યુનિવર્સિટીના પ્રેસ અને પ્રકાશન વિભાગોને જણાવવું.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષોનાં સૂચનો મગાવીને તે ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મૂકવાં.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ કરવાનો સિદ્ધાન્ત સ્વીકારવામાં આવેલ હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૮) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૯) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારના વિભાગોની અને તે વિભાગોમાં પ્રત્યેક વિષયની સંખ્યાની બાબતમાં ઑડિ. દા-એસ સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૧૧-૧૯૬૯ની સભામાં સુધારેલો હોઈ તે અંગે વિશેષ વિચારણા કરવાપણું રહેતું નથી.

પરીક્ષા

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિનો હેવાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

પ્રેસ અને પ્રકાશન

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

પ્રકીર્ણ

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલમાં કૉલેજો અંગેની કેટલીક વિશિષ્ટ માહિતી ઉમેરવાનું વિચારવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલયે રાજ્ય સરકારને લખ્યું હતું અને કૉલેજોની ગ્રાન્ટ અંગેના નિયમમાં તે બાબત અંગે ઘટતી જોગવાઈ કરવામાં આવેલી હોઈ તે અંગે વિશેષ વિચારણા કરવાપાત્ર રહેતું નથી.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૮) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(સેનેટની સભામાં થયેલાં સૂચનોની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૭. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાયેલ પ્રથમ બી.એસસી.ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૧ અને ૨ની ફૂટ અંગેની તપાસસમિતિના અહેવાલની નીચે દર્શાવેલ સૂચન (૮) પર તથા સિન્ડિકેટના તા. ૧૩-૧૦-૧૯૬૮ની સભાના ઠરાવ અન્વયે કાર્યાલય તરફથી તે અંગે કરવામાં આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

સમિતિનું સૂચન	કાર્યાલયનું સૂચન
(૮) કેન્દ્ર ઉપરની ઉત્તરવહીઓ જે તે પરીક્ષકને રવાના થાય છે તેને બદલે ઉત્તરપત્રો લેડકવાર્ટર્સ પર મગાવી લેવા અને તમામ પરીક્ષકોને લેડકવાર્ટર્સ પર બોલાવી પરીક્ષણ માટેનું કામ યુનિવર્સિટીએ જ સુપરત કરવાનું રાખવું.	(૮) પરીક્ષકો-મોડરેટરોને રહેવા-જમવા વગેરેની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડે તે જોતાં, આ સૂચન સ્વીકારવા જેવું જણાતું નથી તથા સમિતિનું સૂચન જે સિન્ડિકેટ સમક્ષ મૂકવું તે સાથે કાર્યાલય સંમત છે.

સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભાના ઠરાવ મુજબ કાર્યાલયની નોંધ નીચે મુજબ છે:

"પ્રસ્તાવમાંના સમિતિના સૂચન પર વિગતે ચર્ચાવિચારણા કરતાં એમ લાગે છે કે યુનિવર્સિટીના મથકે પરીક્ષકોને બોલાવી તેમની પાસે યુનિવર્સિટીએ એક સ્થળે ઉત્તરવહીઓ તપાસાવવા માટેની વ્યવસ્થા કરવાનું અત્યંત મુશ્કેલ અને અવ્યવહારુ બનશે, પરંતુ જો કોઈ એકાદ પરીક્ષા, જેવી કે એફ.વાય.બી.એસસી. કે પ્રી-યુનિ. સાયન્સમાં માત્ર ફિઝિસિયસ નંબરો નાખી, હાલની પ્રથા પ્રમાણે જ પરીક્ષણકાર્ય કરવાનું, જો જરૂરી વ્યવસ્થા અને ગુપ્તતા જળવાય તેવું કરી શકાય તો બની શકે તેમ લાગે છે. તે અંગેનું બધું કામ એક અગર બે વ્યકિત સિવાય બીજાઓ પાસે જાય નહીં તેવી ચોકસાઈથી જો આયોજન થાય તો જ તે યોજના વ્યવસ્થિત બને."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયના સૂચનનો પ્રયોગરૂપે અમલ કરવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૮. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. અને બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે, ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ, તેમને ૩જી ઑકટો. ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. કુલસચિવે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે શ્રી. કેલાએ કુલાધિપતિશ્રીને અરજી કરી છે અને તે બાબતમાં કુલાધિપતિશ્રીએ માગેલી માહિતી તેઓશ્રીને મોકલવામાં આવી રહી છે. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ થર્ડ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૮૫૦ કે જેમને આ યુનિવર્સિટીની ૧૯૬૫ની પ્રી-યુનિ. સાયન્સની પરીક્ષામાં ગેરરીતિ અજમાવવા બદલ તા.૩૧-૧૨-૧૯૬૬ સુધી ડિબાર્ડ કરવામાં આવ્યા હોવા છતાં આ વિદ્યાર્થી એસ.એસ.સી.ના આધારે ૧૯૬૬માં સરદાર પટેલ યુનિવર્સિટીમાં દાખલ થઈ પ્રી-સાયન્સ અને ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષા તે યુનિવર્સિટીની પસાર કરી સેકન્ડ બી.એસસી.માં આ યુનિવર્સિટીમાં ફરીથી દાખલ થઈ પસાર કરી થર્ડ બી.એસસી.માં બેઠા છે તે અંગે આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થીનું આ વર્ષનું થર્ડ બી.એસસી.નું પરિણામ હાલ અનામત રાખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૦. યુનિવર્સિટીના વિકાસ માટેની જરૂરિયાત અંગેનું કામ સંભાળવા માટે યુનિવર્સિટી જો એક અધિકારીની રૂ. ૭૦૦-૧,૨૫૦ના પગારધોરણમાં નિમણૂક કરવા માગે તો તે માટેની વાર્ષિક આવર્તક આર્થિક સહાય પાંચ વર્ષ સુધીના સમય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે તેમ જણાવતા તેમના તા. ૩૦-૭-૧૯૬૯ના પત્રાંક અફ-૨-૩૯-૬૮ (સી.ડી.એન.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૧. શ્રી. કે. કે. શુકલ(પ્રોફેસર ઑફ એજ્યુકેશન, એ. જી. ટીચર્સ કૉલેજ)ની USEFI ન્યૂ દિલ્હી તરફથી Teacher Development Grant માટે પસંદગી થયેલ હોઈ, તેઓ સપ્ટેંબર ૧૯૬૮થી અમેરિકા જનાર છે. તેઓના અમેરિકાના રોકાણ દરમ્યાન તા. ૧૪-૧૧-૧૯૭૦થી તા. ૧૮-૩-૧૯૭૦ સુધી સાનફ્રાન્સિસકોમાં Annual Conference of the Association for Supervision and Curriculum Development (ASCD) મળનાર હોઈ, તેમાં હાજરી આપવા તેઓને તે સંસ્થા તરફથી આમંત્રણ મળેલ હોઈ, આ પરિષદમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે તેઓને ૫૦ ડૉલરની રજિસ્ટ્રેશન ફી યુનિવર્સિટી તરફથી આપવા અંગેની એ. જી. ટીચર્સ કૉલેજના આચાર્ય ડૉ. કે. જી. દેસાઈના તા. ૬-૮-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં શ્રી. કે. કે. શુકલ આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે ૫૦ ડૉલરનું રજિસ્ટ્રેશન ફીનું ખર્ચ મંજૂર કરવું.

(નોંધ.—સદરહુ બાબત ભવિષ્યમાં શિરસ્તારૂપ ગણવામાં આવશે નહીં.)

૨૨. ટીચર્સ હૉસ્ટેલના ખાલી પડેલ ક્વાર્ટર્સ અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટા-સમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. સમાજવિદ્યા ભવનમાં સોસિયોલોજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. એચ. સી. દોશીને મૂળ માસિક પગાર રૂ. ૪૦૦ને બદલે રૂ. ૫૨૦ આપવા અંગેના તેઓના તા. ૧૯-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. સી. દોશીની નિમણૂકની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં જે પગાર આપવાનું ઠરાવ્યું છે તેમાં કશો ફેરફાર કરી શકાશે નહીં એમ તેમને જણાવવું.

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં અને ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ, તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	કાર્યાલય/ ગ્રંથાલય	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. બી. અમ. જાની	કાર્યાલય	સિનિ. ઑપરેટર	૫-૧૦-૧૯૬૯	૬-૧૦-૧૯૬૯
(૨)	શ્રી. પી. પી. મહેતા	,,	,, ,,	૫-૧૦-૧૯૬૯	૬-૧૦-૧૯૬૯
(૩)	શ્રી. એમ. ટી. સોની	ગ્રંથાલય	સિનિ. ટાઇપિસ્ટ	૨૮-૧૦-૧૯૬૯	૨૯-૧૦-૧૯૬૯
(૪)	શ્રી. આર. જે. ઝાલા	કાર્યાલય	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૨૮-૧૦-૧૯૬૯	૨૯-૧૦-૧૯૬૯
(૫)	શ્રી. પી. એમ. મકવાણા	,,	ડુપ્લિકેટિંગ મશીનમૅન	૨૮-૧૦-૧૯૬૯	૨૯-૧૦-૧૯૬૯
(૬)	શ્રી. બી. આર. ચૌહાણ	,,	ગ્રાઉન્ડમૅન કમ-વૉચમૅન	૨૮-૧૦-૧૯૬૯	૨૯-૧૦-૧૯૬૯

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. જાનીને સિનિયર ઑપરેટરની જગ્યાએ કાયમ ન કરતાં તેમને તેમની મૂળ જગ્યા પર પાછા મૂકવા.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. પી. મહેતા	સિનિયર ઑપરેટર	તા. ૬-૧૦-૧૯૬૯
૨.	શ્રી. એમ. ટી. સોની	સિનિયર ટાઇપિસ્ટ	તા. ૨૯-૧૦-૧૯૬૯
૩.	શ્રી. આર. જે. ઝાલા	ક્લાર્ક-ટાઇપિસ્ટ	તા. ૨૯-૧૦-૧૯૬૯
૪.	શ્રી. પી. એમ. મકવાણા	ડુપ્લિકેટિંગ મશીનમૅન	તા. ૨૯-૧૦-૧૯૬૯

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ગ્રાઉન્ડમૅન-કમ વૉચમૅન શ્રી. બી. આર. ચૌહાણનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૨૫. આસિ. ગ્રંથપાલ (ટીચિંગ) શ્રી. આર. એસ. ગાંધીને તા. ૨૦-૮-૧૯૬૯થી રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બાં. ૨૦-૧૦૦ના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા અંગે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એસ. ગાંધીની કામગીરી અંગેના બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એસ. ગાંધીને રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બાં. ૨૦-૧૦૦ના પગારધોરણમાં રૂ. ૪૦૦ પછીના કાર્યક્ષમતા અંતરાય તા. ૨૦-૮-૧૯૬૯થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૨૬. કલકત્તા ખાતે તા. ૨૯, ૩૦ અને ૩૧મી ઑક્ટોબરના રોજ ભરાનાર ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં ભાષા-સાહિત્ય ભવનમાંથી રીડર ડૉ. સી. આર. નાયક, કુ. ઈ. એ. સોલોમન, ડૉ. એચ. સી. ભાયાણી તથા શ્રી. ટી. એસ. નાન્દીને ભવનના ટેલિજેટ તરીકે મોકલવા અંગેના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે સદરહુ પરિસંવાદમાં શ્રી. કે. આર. ચંદ્રને પણ એક વધુ પ્રતિનિધિ તરીકે મોકલવા માટે કુલપતિશ્રીએ પરવાનગી આપેલી છે. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૭. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૧૧-૩-૧૯૬૯ની ભલામણો પ્રમાણે યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની ફીનાં ધોરણોની પુનર્વિચારણા કરવા બાબત:

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૩૦-૩૧-૫-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા મુજબ ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓએ આ અંગે શાં પગલાં લીધાં છે તેની માહિતી મંગાવેલી તે નીચે મુજબ છે:

(૧) સરદાર પટેલ યુનિવર્સિટી ... તેઓ જણાવે છે કે યુનિવર્સિટીએ આ ભલામણોના સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે અને જો રાજ્યની બીજી બધી યુનિવર્સિટીઓ તે ભલામણોનો અમલ કરે તો સરદાર પટેલ યુનિવર્સિટી પણ તે પ્રમાણે કરશે.

(૨) વડોદરા યુનિવર્સિટી ... સિન્ડિકેટે આ ભલામણોની નોંધ લીધી છે.

(૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ... તેઓ જણાવે છે કે આ બાબત વિચારણા હેઠળ છે.

(૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ... તેઓ જણાવે છે કે આ બાબત વિચારણા હેઠળ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં પરીક્ષાની ફીનાં ધોરણોની પુનર્વિચારણાની બાબતમાં કુલપતિશ્રીઓની તા. ૧૧-૩-૧૯૬૯ની સભાએ કરેલી ભલામણોના અમલ અંગે સદરહુ બાબત તેઓની વચ્ચે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું અને તે અંગે તેમનો નિર્ણય આવ્યેથી આ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૮. સ્ટે. ૧૧૮ (૪) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર સિન્ડિકેટે નીમેલા નીચેના બે સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ સભ્યોની નિમણૂક કરવા બાબત:

"સ્ટે. ૧૧૮ (૪)

The members nominated by the syndicate for a period of three years.

[નોંધ.—લાલના બે સભ્યોનાં નામ નીચે મુજબ છે:

(૧) શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ

(૨) આચાર્ય એમ. સી. દેસાઈ]"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક તા. ૧૭-૧૧-૧૯૬૯થી ત્રણ વર્ષના સમય માટે કરવી:

(૧) આચાર્ય એમ. સી. શાહ

(૨) આચાર્ય કે. એન. શાહ.

૨૯. દેખભાળ સમિતિનું નીચેનું સૂચન સ્વીકારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે સ્વીકારી લેવાથી તે અંગે આગળ શાં પગલાં લેવાં તેની વિચારણા કરવા બાબત:

દેખભાળ સમિતિનું સૂચન

"અનુસ્નાતક કેન્દ્રોનું શિક્ષણકામ તથા સંચાલન યુનિવર્સિટીનાં ધારાધોરણ અને નિયમો અનુસાર થાય તે માટે અનુસ્નાતક કેન્દ્રોની પણ અવારનવાર તપાસ કરવાની જોગવાઈ કરવી."

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"સદરહુ સૂચન સ્વીકારવા તથા તે માટે ભવનોની જેમ અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે જે અનુસ્નાતક કેન્દ્રોએ ત્રણ કે તેથી વધુ વર્ષો સુધી કામ કર્યું છે તેવાં અનુસ્નાતક કેન્દ્રોની યાદી તૈયાર કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૦. યુનેસ્કો સેન્ટર્સ/ક્લબના પ્રવૃત્તિ યુનિવર્સિટી ગ્રંથાલયમાં શરૂ કરવા અંગેના નેશનલ કમિશન ફૉર કો-ઑપરેશન વિથ યુનેસ્કો, ન્યૂ દિલ્હી તરફથી નવેંબર ૧૯૬૮માં આવેલ પત્રાંક એફ.—૧૧-૫-૬૮-આઈએનસી.ની બાબતમાં યુનિવર્સિટીના ગ્રંથપાલશ્રી તરફથી કરવામાં આવેલ સૂચનો પરત્વે તથા તે સ્વીકારવામાં આવે તો તે અંગે થનાર ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં યુનેસ્કો ક્લબ સ્થાપવા અંગેનું સૂચન સ્વીકારવું અને તેની પ્રવૃત્તિઓ યુનિવર્સિટી ગ્રંથાલયમાં શરૂ કરવા માટે શ્રી. ગ્રંથપાલને જણાવવું અને તે માટે જરૂરી ફર્નિચર ખરીદવા માટે રૂ. ૧,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૩૧. અંગ્રેજી, મનોવિજ્ઞાન અને સંસ્કૃત વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના વિકાસ માટે પાટણની શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી તપાસસમિતિના અહેવાલના સંદર્ભમાં આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણની પુનર્રચના કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૮-૭-૧૯૬૯ના પત્રાંક એફ—૯-૧-૬૮-(એચ)થી કરેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ આવ્યેથી તે અંગે ઘટતી વિચારણા કરવાનું રાખવું.

૩૨. ફોરેન યુનિવર્સિટીઝ ઈન્ફર્મેશન બ્યૂરોના સભ્યોની મુદત તા. ૧૩-૮-૧૯૬૯ના રોજ પૂરી થતાં વધુ ત્રણ વર્ષની મુદત માટે પ્રત્યેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફોરેન યુનિવર્સિટીઝ ઈન્ફર્મેશન બ્યૂરો પર નીચેના સભ્યોની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવી :

(૧) ડૉ. આર. જી. ભટ્ટ
(૨) પ્રો. જે. જે. ચિનોય
(૩) પ્રો. કે. જે. ભટ્ટ
(૩) આચાર્ય દર્શનસિંગ શીખ
(૫) ડૉ. પન્નાલાલ શાહ
(૬) આચાર્ય ગિરીશભાઈ પટેલ.

૩૩. તા. ૨૦-૬-૧૯૬૯ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"ભારતીય કરાર ધારો', 'ભારતીય ભાગીદારી ધારો', અને 'ભારતીય ફોજદારી ધારો'— પુસ્તકના પ્રકાશકો મેસર્સ એન. એમ. ત્રિપાઠી અને મેસર્સ બાલગોવિંદ કુબેરદાસ પાસેથી સદરહુ ત્રણેય પુસ્તકોની બાંધ્યા વગરની નકલો નીચેની શરતોએ ખરીદવી :

(૧) 'ભારતીય ભાગીદારી ધારો', 'ભારતીય કરાર ધારો' અને 'ભારતીય ફોજદારી ધારો'ની અનુક્રમે ૩૬૫, ૬૦૦ અને ૧૪૧ એ મુજબની ત્રણેય પુસ્તકોની બાંધ્યા વગરની નકલો ખરીદવા પ્રકાશકોને રૂ. ૬,૦૦૦ અર્થે માટે આપવા.
(૨) પુસ્તકોના લેખકોને સદરહુ પુસ્તકો માટે યુનિવર્સિટી નક્કી કરે તેવી ઘટાડેલી વેચાણકિંમત પર ૧૦ ટકા રોયલ્ટી ગણી જે રકમ થાય તે સામટી આપી દેવી અને પુસ્તકના તમામ આવૃત્તિના કોપીરાઈટ હક ખરીદી લેવા.
(૩) ઉપર જણાવેલ નકલોની વેચાણકિંમત નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.
(૪) આ કામ અંગે પ્રકાશકો તથા લેખકો સાથે સંયુક્ત રીતે કરાર કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૩૪. 'વારસાવિજ્ઞાન'ના વિષય પર ડૉ. કે. એ. શાહે લખેલ પુસ્તિકાને લોકોપયોગી પ્રકાશન શ્રેણી હેઠળ પ્રસિદ્ધ કરવા અંગે તેમણે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હસ્તપ્રત પ્રો. જે. ડી. ઓઝાના અભિપ્રાય માટે મોકલવી.

૩૫. યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયાનું ૧૧મું નેશનલ અધિવેશન આગામી દિવાળીની રજાઓ દરમિયાન અમદાવાદ ખાતે યોજવા માટે યુનિવર્સિટી પાસે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાયની માગણી કરતો, યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયાની અમદાવાદ શાખાના પ્રમુખ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનનું ૧૧મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ ખાતે મળનું હોઈ તેની સ્થાનિક શાખાને રૂ. ૧૦૦ની રકમ પ્રતીક આર્થિક સહાય (token grant) તરીકે આપવી.

(**નોંધ.**—આ બાબતને ભવિષ્યમાં શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહીં.)

૩૬. તા. ૧૧-૮-૧૯૬૯ ને સોમવારના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"(ક) વધુમાં ઠરાવવામાં આવ્યું કે આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા માટે જરૂરી પગલાં લેવા, જરૂરી પેટાસમિતિઓ નીમવા તથા જરૂરી સંખ્યાના બીજા સભ્યો કો-ઓપ્ટ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની સંચાલન સમિતિ નીમવાની સિન્ડિકેટને ભલામણ કરવી:

(૧) કુલપતિશ્રી (અધ્યક્ષ)
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય આર. બી. શાસ્ત્રી
(૪) આચાર્ય સી. એલ. શાસ્ત્રી
(૫) આચાર્ય યશવંત શુકલ
(૬) આચાર્ય હરિહર શુકલ
(૭) આચાર્ય કે. એન. શાહ
(૮) પ્રા. એસ. બી. પંચોલી
(૯) પ્રા. ચંદ્ર પંડિત
(૧૦) પ્રો. જયાબહેન ઠાકોર
(૧૧) પ્રો. એસ. કે. વસાવડા
(૧૨) પ્રો. કે. એચ. ત્રિવેદી
(૧૩) પ્રો. ચિત્રાબહેન શાહ
(૧૪) શ્રી. ચેતાંગ દીવાનજી
(૧૫) શ્રી. આઈ. એચ. ઠાકોર
(૧૬) મંત્રી, એકસ્ટ્રામ્યુરલ બોર્ડ
(૧૭) શ્રી. વી. પી. મહેતા.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટ પ્રમાણેનો યુવક મહોત્સવ યોજવા માટેનો અંદાજી ખર્ચ મંજૂર કરી તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણેના ખર્ચની ફાળવણી એક મથાળેથી બીજા મથાળે કરવા માટે અને બીજાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે નાટ્યવિદ્યા માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને માટે સંયુકત શિબિરો (આઠેક દિવસના) યોજવાનું રાખવું.

(ઘ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓનો સંયુકત નાટ્યવિદ્યા માટેનો શિબિર યોજવાનો આ સાથે જોડવા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે પ્રમાણેનો ખર્ચ કરવાની સત્તા યુવક-કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું તથા આ અંગેનાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ચ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી ઓકટોબર ૧૯૬૯માં સંલગ્ન કોલેજોના આશરે ૬૦ વિદ્યાર્થી ભાઈબહેનો માટે પાંચેક દિવસનો એક ગાંધીવિચાર શિબિર, મોડાસા મુકામે યોજવા અને તે અંગે આ

સાથે રજૂ કરેલ અંદાજપત્ર મંજૂર કરીને તે અંગે જરૂરી ખર્ચ કરવાની સત્તા યુવક-કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(છ) વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજો કે વિભાગો તરફથી યોજનાર ટ્રેકિંગ કે સાઇકલ પ્રવાસ કે એવા બીજા સાહસિક કાર્યક્રમો અંગે ઉપર મુજબની આર્થિક સહાય, વિભાગો તરફથી યોજનાર શૈક્ષણિક પ્રવાસો માટેની જે રૂ. ૪,૦૦૦ની અંદાજપત્રમાં જોગવાઈ છે તેમાંથી આપવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(જ) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના સૂચનથી યોજવા ધારેલ આ વિઝિટિંગ સ્ટુડન્ટ્સશિપની આ યોજના માટે આ સાથે પરિશિષ્ટ તરીકે જોડેલ અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક-કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું તેમ જ તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(**નોંધ.**—આ ખર્ચ પેટે રૂ. ૧,૦૦૦ યુ.જી.સી. તરફથી ગ્રાન્ટ તરીકે મળવાનો વકી છે.)

(ઝ) આથી ઠરાવવામાં આવે છે કે વિભાગીય યુવક-કલ્યાણ સમિતિ પાસ યુનિવર્સિટીના ઑર્ડિનન્સની બનેલી સમિતિ હોવાથી તેનો અને સ્થાનિક વિભાગીય રમતસમિતિ વચ્ચેના મુસાફરી ભથ્થા અંગેના ભેદભાવ દૂર કરવો જોઈએ અને તેથી હવેથી વિભાગીય યુવક-કલ્યાણ સમિતિના આચાર્ય કે અધ્યાપક સભ્યોને પ્રથમ વર્ગનું ભાડું આપવાનું મંજૂર કરવા તથા તે પેટે અમદાવાદ બહારની બે વિભાગીય સમિતિઓને થનાર ખર્ચ પેટે રૂ. ૧,૦૦૦ની વધુ આર્થિક સહાય પ્રત્યેક વિભાગને આપવાનું મંજૂર કરવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો (ક), (ખ), (ઘ), (ચ), (છ), (જ) અને (ઝ) મંજૂર કરવી.

(૨) સદરહુ સમિતિની ભલામણ (ગ) અંગે ઠરાવવામાં આવ્યું કે નાટ્યવિદ્યા માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો સંયુકત શિબિર ન યોજતાં ફકત વિદ્યાર્થીઓ માટે એક શિબિર યોજવાનું રાખવું.

૩૭. આપણી યુનિવર્સિટીમાં વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ(ડબ્લ્યુ. યુ. એસ.)ની ઇન્ડિયન નેશનલ કમિટીનું સભ્યપદ સ્વીકારી આપણી યુનિવર્સિટીમાં લોકલ કમિટીની સ્થાપના કરવાનું સૂચન કરતા ઇન્ડિયન નેશનલ કમિટીના પ્રમુખ તરફથી આવેલ તા. ૧૭-૬-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસની નેશનલ કમિટીના સભ્યપદનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦૦નું ભરવાનું હોય છે અને લોકલ કમિટીના પ્રમુખપદે કુલપતિશ્રી હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ(ડબ્લ્યુ. યુ. એસ.)ની ઇન્ડિયન નેશનલ કમિટીનું સભ્યપદ ત્રણ વર્ષ માટે સ્વીકારવું અને તે માટે વાર્ષિક રૂ. ૫૦૦નું ખર્ચ મંજૂર કરવું.

(**નોંધ.**—સદરહુ બાબત અંગે સ્થાનિક સમિતિની રચના કરવાનું ભવિષ્યમાં વિચારવું.)

૩૮. બાંધકામ સમિતિની તા. ૨૨-૮-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૯. **તબીબી વિદ્યાશાખાની તા. ૨-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :**

"આ સભા ઠરાવે છે કે હૉસ્પિટલમાં કામ કરતા ઑનરરીઝને રૂ. ૧૦૦ ઉપરાંત તે દરેકને અન્ડરગ્રેજ્યુએટ લેક્ચરર દીઠ રૂ. ૨૦ અને પોસ્ટગ્રેજ્યુએટ લેક્ચરર દીઠ રૂ. ૧૫ અથવા રૂ. ૧૦ આપવામાં આવતા હોવાથી બીજી ફેકલ્ટીમાંના ખંડ સમયના શિક્ષકોની માફક રૂ. ૨૦૦, ૧૫૦ અને ૧૦૦નું માનદ વેતન આપવાનું જરૂરી જણાતું નથી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાંના ખંડ સમયના શિક્ષકોના વેતન અંગેના નિયમોની નકલ મોકલીને સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે તબીબી વિદ્યાશાખાને જણાવવું.

૪૦. **તા. ૨૩-૮-૧૯૬૯ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૮-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૮-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૪૧. **માર્ચ–એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિનક-પરીક્ષકો-નિરીક્ષકોના કેસો પર, વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૦-૮-૧૯૬૯ તથા તા. ૨૮-૮-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૯ અને તા. ૨૮-૮-૧૯૬૯ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૯ અને તા. ૨૮-૮-૧૯૬૯ની સભાઓની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૨. **૧૯૬૬ના વર્ષમાં નીમવામાં આવેલા જુદા જુદા કુલ ૨૧ વિષયોની પ્રકાશનસલાહકાર સમિતિઓના સભ્યોની મુદત પૂરી થયેલ હોઈ તે સમિતિઓની પુનર્રચના અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારની આર્થિક સહાયની યોજનાને અનુલક્ષીને ગુજરાત રાજ્ય સરકારે યુનિવર્સિટી કક્ષાનાં પ્રકાશનો માટે એક ખાસ પ્રકાશન બોર્ડની રચના કરેલી હોઈ, આ યુનિવર્સિટીમાં જુદા જુદા વિષયોની પ્રકાશન સલાહકારસમિતિઓને ચાલુ રાખવાની જરૂર જણાતી નથી, પરંતુ નીચેના વિષયોની પ્રકાશન સલાહકારસમિતિઓનું કેટલુંક કામ હજી બાકી રહેલું હોઈ તે સમિતિઓની સમયમર્યાદા વધુ એક વર્ષ માટે લંબાવવી :

(૧) શિક્ષણના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૨) પ્રાણીશાસ્ત્રના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૩) કીટાણુ-જીવાણુના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૪) હિસાબના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૫) પત્રકારત્વના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૬) વીમાવિજ્ઞાનના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૭) ગ્રંથાલયશાસ્ત્રના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૮) ગૃહવિજ્ઞાનના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ

(૯) લલિતકળાના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૧૦) મજૂર કલ્યાણના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૧૧) રાજ્યશાસ્ત્રના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૧૨) સહકારના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ
(૧૩) ભૂસ્તરશાસ્ત્રના વિષય અંગેની પ્રકાશન સલાહકારસમિતિ.

૪૩. વિશ્વઅનુદાન આયોગની સહાયથી યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના ઉપક્રમે તા. ૧-૭-૧૯૬૯થી તા. ૧૧-૬-૧૯૬૯ સુધી યોજવામાં આવેલ રસાયણવિજ્ઞાનના ગ્રીષ્મ વર્ગોમાં વધારાની સેવાઓ આપેલ કર્મચારીઓને અગાઉ મંજૂર થયેલા વેતનમાં ફેરફાર સૂચવતા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૮-૮-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	સિન્ડિકેટની તા. ૧૧-૭-૬૯ની સભાએ અગાઉ જે વેતન મંજૂર કરેલ હોય તો તેની રકમ	વિજ્ઞાનભવનના અધ્યક્ષશ્રીએ મહેનતાણામાં સૂચવેલ ફેરફાર
(૧)	શ્રી. આર. એમ. ઓઝા	ડેમોન્સ્ટ્રેટર	૧૧૦	૨૦૦
(૨)	શ્રી. પુ. આઈ. ભટ્ટ	,,	૧૧૦	૨૦૦
(૩)	શ્રી. એમ. એફ. પરમાર	લેબો. આસિ.	૧૨૧	૧૧૦
(૪)	શ્રી. જે. એન. શાહ	,,	૧૨૧	૧૧૦
(૫)	શ્રી. વી. એમ. દરજી	,,	૧૨૧	૧૧૦
(૬)	શ્રી. પી. જે. પટ્ટાણી	ડેમોન્સ્ટ્રેટર	—	૨૦૦
(૭)	ડૉ. કે. પી. સોની	લેક્ચરર	—	૨૬૦

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાનના ગ્રીષ્મ વર્ગોમાં વધારાની સેવાઓ આપવા માટે ઉપરના કર્મચારીઓને જે વધારાનું વેતન આપવાનું સિન્ડિકેટે તેની તા. ૧૧-૭-૧૯૬૯ની સભામાં મંજૂર કર્યું હતું તેને બદલે ઉપર મુજબ વેતન આપવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની એક શાખા ખોલવા માટેના સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાના તા. ૧૫ જુલાઈ ૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી.

૪૫. જે યુનિવર્સિટીઓ મિલિટરી સાયન્સ / શિક્ષણના વિકાસ માટેના અભ્યાસક્રમનો સમાવેશ કરવા માગતી હોય તે યુનિવર્સિટીઓ તેમની આગામી વિકાસ-યોજનાઓમાં આર્થિક સહાય માટે સદરહુ અભ્યાસક્રમો માટેના પ્રસ્તાવોનો સમાવેશ કરી શકે છે એમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના પત્રાંક એફ. ૩૩-૯૭/૬૨ (સીયુપી) એમ-એલ-એચ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં મિલિટરી સાયન્સનો વિષય દાખલ કરવા માટે વિશેષ આર્થિક સહાય મળી શકે તેમ નથી તે સંજોગોમાં તે વિષયનો અભ્યાસક્રમ દાખલ કરવાનું વિચારી શકાય તેમ નથી એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જણાવવું.

૪૬. સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૬૯ની સાલામાં ઠરાવ્યા મુજબ સેનેટ અને બીજાં સત્તામંડળો, સમિતિઓ અને યુનિવર્સિટીનાં મંડળોના સ્થાનિક સભ્યો માટે ભાડાભથ્થું રૂ. ૩-૦૦ હતું તે વધારીને રૂ. ૫-૦૦ કરવામાં આવ્યું છે તેના સંદર્ભમાં સ્થાનિક શિક્ષકો યુનિવર્સિટીનાં ભવનો કે અનુસ્નાતક કેન્દ્રમાં વ્યાખ્યાન આપવા માટે જાય તે માટે હાલના નિયમ મુજબ રૂ. ૩-૦૦ જે અપાય છે તેને બદલે રૂ. ૫-૦૦નો દર કરી આપવાના બી. જે. ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી અનુસ્નાતક વિદ્યાભવનોના જે શિક્ષકો સ્થાનિક અનુસ્નાતક કેન્દ્રોમાં સેવાઓ આપતા હોય તેમના વાહનભથ્થા અંગેના નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"If a teacher working as a full-time employee of the University duly permitted by the authorities of the University to participate in the instructional programme of a post-graduate centre instituted in the City of Ahmedabad actually participates therein, he shall be entitled to payment of Rs. 5/- per day as conveyance charges payable by the post-graduate centre inviting him."

૪૭. સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૬૯ના રોજ મળેલી સભાએ યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત અને/અથવા અંદાજી બચતમાંથી અનુસ્નાતક શિક્ષણના વિકાસ માટે આર્થિક સહાય આપવા બાબતમાં જે નિયમો મંજૂર કર્યા છે તેના સંદર્ભમાં જ્યાં અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયું હોય તે કૉલેજના સંચાલકોએ આપવાની બાંયધરી તથા રાખવાનાં પત્રકોના મુસદ્દા મંજૂર કરવા બાબત.

[**નોંધ.**— કાર્યાલયે નીચેના મુદ્દાઓ સૂચવ્યા છે :

(૧) બાંયધરીપત્રનો મુસદ્દો
(૨) ગ્રાન્ટમાંથી ઊભી કરવામાં આવેલી અસ્કામતો અંગે રાખવાના પત્રકનો મુસદ્દો
(૩) કૉલેજે આપવાના પ્રમાણપત્રનો મુસદ્દો
(૪) ખર્ચના હિસાબનું પત્રક]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રકોના કાર્યાલયે ઘડેલા મુસદ્દા મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલાં પત્રકોના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૮. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સાલામાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (*iii*) (બી) અનુસાર વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) પ્રોફેસર ઇન બિઝનેસ મૅનેજમેન્ટ	... એક જગ્યા
(૨) પ્રોફેસર ઇન માર્કેટિંગ	... એક જગ્યા
(૩) રીડર ઇન ફાઇનાન્સ મૅનેજમેન્ટ	... એક જગ્યા
(૪) રીડર ઇન પ્રોડક્શન મૅનેજમેન્ટ	... એક જગ્યા

[*Note : O.* 66 (2)(*iii*)— Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed, to be selected as follows, namely

(*b*) Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.]

૪૯. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૭-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"(અ) આ સભા ઠરાવે છે કે કન્ટેન્સ્ટ એમ.બી.,બી.એસ. કોર્સ ના વિદ્યાર્થીઓએ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ એક વર્ષની ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ ઑ. ૨૭૨ અને ઑ. ૨૭૨-એ મુજબ એમ.બી.,બી.એસ.ની પદવી પ્રાપ્ત કરતાં પહેલાં કરવાની રહેશે.

(બ) જે વિદ્યાર્થીઓએ કન્ટેન્સ્ટ કોર્સની ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા આ ઑર્ડિનન્સ અમલમાં લાવ્યા તે પહેલાં પાસ કરેલી હોય એટલે કે એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષામાં પાસ થયેલ હોય તેમને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપમાંથી મુકિત આપવી.

(ક) જે વિદ્યાર્થીઓને લાઇસેન્સિયેટ ડિપ્લોમા મેળવ્યા બાદ ઓછામાં ઓછું છ વર્ષનો હૉસ્પિટલના કામનો અનુભવ હોય તેઓને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપમાંથી મુકિત આપવી."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે અધ્યક્ષશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે કન્ટેન્સ્ટ એમ.બી.,બી.એસ. કોર્સની પરીક્ષા પાસ કરનાર એક વિદ્યાર્થીએ પોતે એમ.બી.,બી.એસ.ની પદવીને પાત્ર થયા છે તે મુજબનું પ્રમાણપત્ર આપવા માટેની માગણી અંગેની કરેલી રિટ અરજી ગુજરાતની વડી અદાલતમાં દાખલ કરવામાં આવી છે અને તેની સુનાવણી તા. ૪-૮-૧૯૬૯ના રોજ રાખવામાં આવેલી છે. તે પછી ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના તા. ૭-૫-૧૯૬૯ અને તા. ૨૫-૭-૧૯૬૯ના બે પત્રોની વિગતો સભાગૃહે લક્ષમાં લીધી અને નીચે મુજબ ઠરાવ્યું :

> આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની એકિઝકયુટિવ કમિટી જે તા. ૮મી સપ્ટેંબર ૧૯૬૯ના રોજ મળનાર છે તેના નિર્ણયની રાહ જોવી અને દરમ્યાન સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે.

૫૦. કોઈ પણ કૉલેજ કે સંસ્થામાં સ્થપાયેલા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કે બીજી કોઈ સંસ્થા તરફથી અનુદાન મળે તે સામે અનુદાન મેળવનાર સંસ્થાએ આપવાના 'મૉચિંગ શૅર' પેટે કેન્દ્રની બચતમાંથી આર્થિક સહાય આપવા અંગેના જે નિયમો સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ના રોજ મળેલી સભામાં મંજૂર કર્યા છે તેના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ ઉપર સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરવા બાબત:

"સિન્ડિકેટે ઘડેલા નિયમો પૈકી (૪) અને (૧૧) મુજબ આવી સહાયથી સાધનો, મકાન, ઇત્યાદિ જે અસ્કામતો ઊભી કરવામાં આવે તેની માલિકી યુનિવર્સિટીની રહેશે અને કેન્દ્ર બંધ થાય તો તે યુનિવર્સિટીને સુપરત કરવામાં આવશે એમ ઠરાવવામાં આવ્યું છે પરંતુ આવી જ શરત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પણ તેના તરફથી મળતી ગ્રાન્ટ્સ પરત્વે મૂકે છે એટલે કોઈ પણ વિકાસકાર્ય માટે કમિશન તથા યુનિવર્સિટી બન્નેની આર્થિક સહાયથી ઊભી કરવામાં આવેલી અસ્કામતોની માલિકી કોની રહેશે તે ચોખવટ થવી આવશ્યક છે."

૫૧. ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝનું સાતમું વાર્ષિક અધિવેશન નવેંબર ૪થી ૭, ૧૯૬૯ના સમય દરમિયાન બેંગ્લોર મુકામે યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૧-૮-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઈન્સ્ટિટ્યૂટના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૫૨. ઈન્ડિયન ઍસોસિયેશન ઑફ ટીચર્સ ઑફ ફ્રેન્ચનું ૧૫મું અધિવેશન પૂના યુનિવર્સિટીના ઉપક્રમે પૂના મુકામે ઑકટોબર ૧૬થી ૨૦, ૧૯૬૯ના સમય દરમિયાન યોજનાર છે તો તેમાં ફ્રેન્ચ ભાષાના શિક્ષકોને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે મજકૂર ઍસોસિયેશનના માનદ સામાન્ય મંત્રીના ઑગસ્ટ ૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવાની જરૂર જણાતી નથી.

૫૩. ભારત સરકારના આણ્વશકિત વિભાગ તરફથી રસાયણશાસ્ત્ર પર સપ્ટેંબર ૨૩થી ૨૬, ૧૯૬૯ના સમય દરમિયાન ચંદીગઢ મુકામે યોજનાર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભારત સરકારના ૧૬મી ઑગસ્ટ, ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આઈ. એમ. ભટ્ટને મોકલવા.

૫૪. યૂથ હૉસ્ટેલ ઍસોસિયેશનની પ્રવૃત્તિઓને દેશમાં વિકસાવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૪-૮ ૧૯૬૯ના પત્રમાં કરેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

"(1) Forming a special sub-Committee in the Campus with heads of some of the colleges and representatives of students unions to consider plans and their implementation for the promotion of the movement;

(2) making token grants available to the local organization for carrying on their activities."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નવેંબર ૧૯૬૯ પછી આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

૫૫. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિની તા. ૨૦ ઑગસ્ટ ૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ના રોજ મળેલી ૫૨મી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૩૧-૮-૧૯૬૯ની સભાએ કરેલી ભલામણો પૈકી બાબત નં. ૨ અને ૧૪ ની ભલામણ મંજૂર કરવી. બાકીની ભલામણોની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

(સદરહુ બોર્ડની મંજૂર કરવામાં આવેલી ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૭. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષ ડો. સી. ટી. ભોપટકરે યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનો માટે એક મધ્યસ્થ જિમખાના ઊભું કરવાનાં તથા સગવડો મેળવી તે માટે સૂચનો કરેલ તે અંગે વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૯-૧૦ ઓગસ્ટ ૧૯૬૯ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિદ્યાર્થીઓ માટે રમતગમતની પ્રવૃત્તિઓ સંકલિત ધોરણે હાથ ધરવાનું રાખવું અને તે માટે ચાલુ વર્ષ દરમિયાન નીચે મુજબ સમિતિની રચના કરવી:

(૧) ડો. સી. ટી. ભોપટકર, અધ્યક્ષ
(૨) ભાષા સાહિત્ય ભવનના પ્રતિનિધિ
(૩) સમાજવિદ્યા ભવનના પ્રતિનિધિ
(૪) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રતિનિધિ
(૫) મનોવિજ્ઞાન વિદ્યાભવનના પ્રતિનિધિ.

આ ઉપરાંત ચારે ભવનોના વિદ્યાર્થી પ્રતિનિધિઓ, શારીરિક શિક્ષણનિયામક કે તેમના મદદનીશ, શ્રી. દર્શનસિંગ બસન અને ડો. રમણલાલ જી. નકુ સંયુક્ત મંત્રીઓ

આ ઉપરાંત વધુમાં વધુ ત્રણ અધ્યાપકોને સમિતિ બોલાવે પ્રમાણે કો-ઓપ્ટ કરી શકશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ભવનોના વિદ્યાર્થીઓની આ રમતગમતની પ્રવૃત્તિઓના કામકાજ માટે બોલાવે તારીખ તા. ૨૮ થી ૧૯૩૦ સુધી એક પડાવણાની જગ્યા મંજૂર કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ ૭૦ના વર્ષ દરમિયાન પ્રત્યેક ભવનમાંથી વિદ્યાર્થી દીઠ રૂા. રનો ફાળો રમતગમતની પ્રવૃત્તિઓ માટે લેવાનું રાખવું.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવનોના વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થી દીઠ રૂા. ૧ યુનિવર્સિટીએ ભવનોના સંયુક્ત જિમખાનાને ગ્રાન્ટ તરીકે આપવો.

(૫) વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૩૦ અને તે પછી યુનિવર્સિટી વિદ્યાભવનોના વિદ્યાર્થીઓની રમતગમતની પ્રવૃત્તિઓ સંકલિત ધોરણે ચલાવવાની બાબતમાં સમિતિએ કરેલી અન્ય ભલામણો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સૂચનના આધારે ભારતની કેટલીક યુનિવર્સિટીઓએ માઇગ્રેશન સર્ટિફિકેટ આપવા-લેવાની પ્રથા બંધ કરી હોવાથી સદરહુ યુનિવર્સિટીઓમાંથી સ્થળાંતર કરી આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને માઇગ્રેશન સર્ટિફિકેટને બદલે ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટના આધારે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે યુનિવર્સિટીઓએ ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના ઠરાવને અનુલક્ષીને પોતાના વિદ્યાર્થીઓને માઇગ્રેશન સર્ટિફિકેટ આપવાની પ્રથા બંધ કરી દીધી તે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં

દાખલ થવા માટે માઈગ્રેશન સર્ટિફિકેટ માટે આગ્રહ ન રાખતાં તેઓ અન્યથા પાત્ર હોય તો, તેમને પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કાઢી આપવાનું રાખવું.

૫૯. યુનિવર્સિટીની મિલકતો માટે આગનો વીમો ઉતરાવવામાં આવતો નથી, પરંતુ મુકરર દરે વીમાભંડોળ ઊભું કરવામાં આવે છે તેને બદલે હવે પ્રતિવર્ષ યુનિવર્સિટીની મિલકતોનો આગનો વીમો ઉતરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની મિલકતો માટે અનેકલક્ષી (Multipurpose) વીમો ઉતરાવવા માટે અંદાજી ખર્ચની વિગતો કઢાવીને સદરહુ બાબત ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૦. સ્વ. આચાર્ય આનંદશંકરભાઈ ધ્રુવની સ્મૃતિમાં એમ.એ. ભારતીય દર્શનશાસ્ત્રના વિષય માટે એક સુવર્ણચંદ્રક આપવા માટે રૂ. ૧૦,૦૦૦નું પ્રદાન આપવાની હરિઓમ આશ્રમ, નડિયાદના પૂ. મોટા મહારાજની દરખાસ્તનો સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં ક્રમાંક ૪૪થી સાભાર સ્વીકાર કર્યો હતો, પરંતુ હવે હરિઓમ આશ્રમ ટ્રસ્ટ તરફથી પ્રદાન આપવાની દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હોવાથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી આચાર્ય કે. એન. શાહ તરફથી આંકડાશાસ્ત્રના શિક્ષકો માટે દિવાળી વેકેશન દરમિયાન તા. ૨૬-૧૦-૧૯૬૯થી તા. ૪-૧૧-૧૯૬૯ સુધી દશ દિવસ માટે એસ.વાય.બી.એ., બી.એસસી. કક્ષા સુધીના અભ્યાસક્રમમાં ઘટતો ફેરફાર કરવાની વિચારણા માટે એક શિબિર યોજવા માટેના આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ શિબિર યોજવા માટે અંદાજે રૂ. ૧૭૪૨ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એક પરિસંવાદ યોજવા માટેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેની મંજૂરી માટે મોકલી આપવો.

૬૨. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝનાં તા. ૧૯-૮-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે નાટ્યશાસ્ત્ર વિશારદ શ્રી. ચંદ્રવદન મહેતાનું નાટ્યશાસ્ત્રના વિષય કે વિષયો પર ત્રણેક વ્યાખ્યાનો આ બોર્ડના ઉપક્રમે યોજવા માટે તેમને પ્રત્યેક વ્યાખ્યાનના રૂ. ૧૦૦ લેખે માનદ વેતન તથા તેમનું મુસાફરી ભથ્થું મંજૂર કરવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે નીચેની શતાબ્દી અને પંચ શતાબ્દીની ઉજવણીને અનુરૂપ કાર્યક્રમો યુનિવર્સિટી અને/અથવા સંલગ્ન કૉલેજોમાં યોજવા:

(૧) આચાર્યશ્રી આનંદશંકરભાઈ ધ્રુવની જન્મશતાબ્દી

(૨) શ્રી. બળવંતરાય ઠાકોરની જન્મશતાબ્દી

(૩) શ્રી. ગુરુનાનકની પંચજન્મશતાબ્દી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે નીચેના વિદ્વાનોને ગાંધી વિચારસરણી પર તેમની પસંદગીના વિષયો પર વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપવું અને તે

સ્વીકારાયેથી તેમનાં વ્યાખ્યાનો યોજવાં:

(૧) શ્રી. દાદા ધર્માધિકારી
(૨) શ્રી. સ્વામીનાથન
(૩) શ્રી. નિર્મળકુમાર બોઝ.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ગાંધી શતાબ્દીના વર્ષ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠમાં ખ્યાત-નામ આંતરરાષ્ટ્રીય વિદ્વાનો પ્રવચનો આપવા આવનાર હોઈ, શક્ય હોય તેટલો તેમનો આપણે લાભ લેવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૩. નીચે જણાવેલ સેનેટના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ
૧.	શ્રી. મોહનલાલ પી. વ્યાસ	આયુર્વેદિક મેડિસિન	... —
૨.	શ્રી. પી. એસ. કલવચવાલા	ઇજનેરી	... (૧) મિકેનિકલ, અને (૨) ઇલેક્ટ્રિકલ
૩.	શ્રી. એમ. શિવજ્ઞાનમ્	વાણિજ્ય	... (૧) અર્થશાસ્ત્ર, અને (૨) સહકાર
૪.	આચાર્ય તનમનીશંકર આર. શુકલ	વિનયન	... (૧) ગુજરાતી, અને (૨) સંસ્કૃત
૫.	શ્રી. રમણલાલ એચ. ગાંધી	વિનયન	... (૧) હિન્દી, અને (૨) જનરલ એજ્યુકેશન
૬.	શ્રી. ગોરધનભાઈ બી. પટેલ	વિનયન	... (૧) એજ્યુકેશન, અને (૨) સ્ટેટિસ્ટિકસ

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિ/સમિતિઓનું સભ્યપદ આપવું:

ક્રમાંક	સભ્યનું નામ	ઇચ્છિત અભ્યાસસમિતિઓ
૧.	શ્રી. મોહનલાલ પી. વ્યાસ	... આયુર્વેદ
૨.	શ્રી. પી. એસ. કલવચવાલા	... (૧) મિકેનિકલ, અને (૨) ઇલેક્ટ્રિકલ
૩.	શ્રી. એમ. શિવજ્ઞાનમ્	... (૧) અર્થશાસ્ત્ર, અને (૨) સહકાર
૪.	આચાર્ય તનમનીશંકર આર. શુકલ	... (૧) ગુજરાતી, અને (૨) સંસ્કૃત
૫.	આચાર્ય રમણલાલ એચ. ગાંધી	... (૧) હિન્દી, અને (૨) જનરલ એજ્યુકેશન
૬.	આચાર્ય ગોરધનભાઈ બી. પટેલ	... (૧) એજ્યુકેશન, અને (૨) સ્ટેટિસ્ટિકસ
૭.	આચાર્ય આર. એલ. સંઘવી	... અર્થશાસ્ત્ર

૬૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(અ) જૂન ૧૯૬૯થી નીચે જણાવેલ કૉલેજોને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોઈ રાજ્ય સરકારને જાહેરનામા માટે ભલામણ કર્યાના :

(૧) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ

(૨) પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

(૩) શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ

(૪) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા

(૫) શ્રી. બી. પી. ભટ્ટભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા

(૬) સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૭) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર

(૮) શેઠ એલ. એમ. સાયન્સ ઍન્ડ શેઠ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા (આર્ટ્સ-સાયન્સ-કૉમર્સ)

(૯) શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી;

(બ) ટીચર્સ હૉસ્ટેલના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. એસ. કે. કંસ્ટ્રક્શન કંપનીએ સિટી સિવિલ કોર્ટમાં દાવા-અરજી દાખલ કરી છે તે માટે કોર્ટમાં રજૂઆત કરવા માટે યુનિવર્સિટી તરફથી વકીલ શ્રી. એલ. ટી. શાહને રોકવાના;

(ક) નીચે જણાવેલ સભ્યોને યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અનુસાર તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની ભલામણ અનુસાર તે મુજબ સભ્યપદ એનાયત કર્યાના :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા
(૧)	શ્રી. મોહનલાલ પી. વ્યાસ	આયુર્વેદિક મેડિસિન
(૨)	શ્રી. એમ. શિવજ્ઞાનમ્	વાણિજ્ય
(૩)	શ્રી. પી. એસ. કલવચવાલા	ઇજનેરી
(૪)	પ્રિ. આર. એલ. સંઘવી	

(ડ) શિક્ષક તરીકે નોકરી કરતાં કરતાં એલએલ.બી.ના વર્ગમાં અભ્યાસ કરેલ અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કૉલેજમાં ખોટી હાજરી પુરાવ્યા અંગેના શ્રી. પ્રહ્લાદભાઈ બબલદાસ પટેલના કેસમાં તેમનાં પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.નાં સત્રો અને પરીક્ષાનાં પરિણામો તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે રદ કરેલ તે અંગે સદરહુ વિદ્યાર્થીએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ ઍપ્લિકેશન નં. ૧૧૧૧ (૧૯૬૯)થી કરેલ રિટ અરજી અંગે સામાવાળા તરીકે કુલસચિવશ્રી તરફથી શ્રી. બટુભાઈ હ. દેસાઈ અને/અથવા શ્રી. સુરેશભાઈ શેલતને ઍડવોકેટ તરીકે રોકવાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૫. જૂન ૧૯૬૯થી નીચે જણાવેલ નવી કૉલેજોને જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	ડીસા નગર પંચાયતે અનુદાનમાં રૂ. ૪૫,૦૦૦ આપવાના છે તે પૈકી સિન્ડિકેટના ઠરાવ મુજબ રૂ. ૨૨,૫૦૦ તા. ૩૧-૮-૧૯૬૯ સુધીમાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નામે ટ્રાન્સફર કરવાના હતા તેને બદલે રૂ. ૨૨,૦૦૦ ટ્રાન્સફર કર્યા છે.
૨.	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ	(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂક કરી નથી. (૨) આચાર્યશ્રીના રહેઠાણનું ક્ષેત્રફળ નિયમ મુજબ ૯૦૦ ચો. ફૂ. જોઈએ તેને બદલે ૭૦૦ ચો.ફૂ.ટ ક્ષેત્રફળવાળું છે. (૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરી નથી.
૩.	ધી ઊંઝા એજ્યુકેશન બોર્ડ લૉ કૉલેજ, ઊંઝા	રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો અંગે કરવાના ખર્ચની વિગતો નીચે જણાવ્યા પ્રમાણે છે: રૂ. ૨,૭૦૦ પુસ્તકો આવ્યાં. રૂ. ૧,૨૮૦ ઑર્ડર મૂકવા. રૂ. ૩,૨૨૦નો ઑર્ડર બે દિવસમાં મુકાશે. વધુમાં કૉલેજ જણાવે છે કે આ વર્ષે ફક્ત પ્રથમ એલએલ.બી.ના જ વર્ગો શરૂ કર્યા હોઈ ઉપર દર્શાવેલ માહિતી મુજબ શરતનું પાલન થયું ગણવા વિનંતી છે.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાના સંચાલકોને નામે વધુ રૂ. ૭૦૦ની રકમ ટ્રાન્સફર થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજને જણાવવું કે આચાર્યશ્રીને રહેઠાણ માટે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ઓછામાં ઓછા ૯૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળું રહેઠાણ આપી શકાય નહીં તો તેમને માસિક રૂ. ૨૫૦નું ઘરભાડા ભથ્થું આપવું જોઈએ અને યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક તાત્કાલિક કરવી જોઈએ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબની વ્યવસ્થા થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય સિવાયની ઇતર વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેનો હાલનો નિયમ ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવો.

(૩) ધી ઊંઝા એજ્યુકેશન બોર્ડ લૉ કૉલેજ, ઊંઝાને બાકી રહેલાં પુસ્તકોની ખરીદી થયેથી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૬. જૂન ૧૯૬૯થી નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોને જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	તા. ૧૫-૬-૧૯૬૬થી યુનિવર્સિટીના જ પગારધોરણનો સ્વીકાર કરવો જોઈએ તેમ જણાવ્યા છતાં હજુ સુધી યુનિવર્સિટીના પગારધોરણનો સ્વીકાર કર્યો નથી.
૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. કે. એમ. પટેલ તથા ગણિતના વ્યાખ્યાતા શ્રી. આઈ. એમ. પટેલ યોગ્ય લાયકાત ધરાવતા નહીં હોવાથી તે બન્ને નિમણૂકો કરવાની બાકી રહે છે.
૩.	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	(૧) વર્ગખંડોનાં માપ અને તે અંગેના નકશાઓ મોકલાવ્યાં છે. (૨) માજી આચાર્યશ્રી સુથારે શૈક્ષણિક વર્ષના અર્ધઝાઝેરા ભાગ સુધી સેવાઓ આપી હોઈ, તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનો પગાર મળવો જોઈએ જ્યારે કૉલેજ તા. ૧૫-૧-૧૯૬૯ સુધીનો પગાર આપવાનું ગણી પગાર ચૂકવ્યો છે તેમ જણાવે છે.
૪.	સાયન્સ કૉલેજ, કડી	(૧) રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક તથા ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકો કરી છે તેમ જણાવે છે, પરંતુ તે અંગે કોઈ વિસ્તૃત માહિતી મોકલી નથી. (૨) મોંઘવારી ભથ્થાના એરિયર્સની ચુકવણી બાકી છે.
૫.	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	(૧) નર્સિંગની બી.એસસી. ડિગ્રી ધરાવતા (ત્રણથી પાંચ વર્ષના શૈક્ષણિક અનુભવ સાથે) બે વ્યાખ્યાતાની નિમણૂક કરવાની શરત છે, જેના સંદર્ભમાં એક વ્યાખ્યાતા તરીકે કુ. સવિતા રેની નિમણૂક કરી છે, જેઓ જરૂરી લાયકાત ધરાવે છે, જ્યારે બીજા વ્યાખ્યાતાની જગ્યાએ મિસ લક્ષ્મીબાઈ તથા મિસ એસ. ડબલ્યુ. પટેલની સિનિયર ક્લિનિકલ ઈન્સ્ટ્રક્ટર્સ તરીકે નિમણૂક કરી છે. (૨) ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ભારતીય સંસ્કૃતિના એકલા માઈનોર વિષયો માટેના શિક્ષણ અંગેની વ્યવસ્થાની જાણ કરી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના શિક્ષકોનાં પગારધોરણોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સુધારો થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને શ્રી. કે. એમ. પટેલ અને શ્રી. આઈ. એમ. પટેલને બદલે જે તે વિષયના યોગ્ય લાયકાત ધરાવતા લેકચરરોની નિમણૂકો કરવા માટે જણાવવું અને તેમના સ્વીકૃતિપત્રો આવ્યેથી તેને જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩) વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરના જોડાણની બાબતમાં કેટલીક ચર્ચાવિચારણા પછી સભાગૃહની સંમતિથી ઠેમ ઠરાવવામાં આવ્યું કે અજન્ડા પરનાં બાકીનાં કામકાજ પરની વિચારણા પૂરી થયેથી સદરહુ બાબત વધુ વિચારણા માટે હાથ ધરવી.

(૪) સાયન્સ કૉલેજ, કડીની બાબતમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક અને ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકો યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કરવામાં આવેલી છે તેની તથા તેના શિક્ષકોની મોંઘવારી તથા બાકી રહેલી રકમની ચુકવણી કરવામાં આવી છે તેની ખાતરી થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૫) કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદમાં ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના વિષયોના શિક્ષણ માટે જરૂરી વ્યવસ્થા થયેથી તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૭. પ્રોફેસર ઑફ સોસિયોલોજીની જગ્યા માટે તા. ૧-૯-૧૯૬૯ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૯-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી અને યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ સોસિયોલોજીની જગ્યા પર ડૉ. નારાયણ પટેલને રૂ. ૧૧૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૧૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૧-૯-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૮. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈનું હાલનું નામ બદલીને "શ્રી ચૂનીભાઈ નાગજીભાઈ પટેલ ફરતી-કુઈવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ" રાખવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી તા. ૨૬-૮-૧૯૬૯ના પત્રાંક ૧૩૫-૬૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને આ યુનિવર્સિટી સાથેના જોડાણને લાગેવળગે છે ત્યાં સુધી તેનું નામ બદલીને "શ્રી ચૂનીભાઈ નાગજીભાઈ પટેલ ફરતીકુઈવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ" રાખવા માટે, સદરહુ કૉલેજના જોડાણના જાહેરનામામાં ને મુજબ ફેરફાર થયેથી મંજૂરી આપવી.

૬૯. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર પ્રિ. ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"સેનેટની આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના ત્રિવાર્ષિક અભ્યાસક્રમ ઉપરાંત આ ત્રણે વિદ્યાશાખાઓમાં ચાર વર્ષનો ઑનર્સ અભ્યાસક્રમ શરૂ કરવો. આ અભ્યાસક્રમ ઉચ્ચ કક્ષાના અને તેજસ્વી વિદ્યાર્થીઓને જે તે વિદ્યામાં પારંગત બનાવવામાં મદદરૂપ થાય તેવો હોવો જોઈએ. એ અભ્યાસક્રમના શિક્ષણ તથા પરીક્ષણ અંગે પણ વિશિષ્ટ યોજના ઘડી કાઢવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદની તપાસ માટે સિન્ડિકેટે તેની તા. ૧૪-૩-૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. એમ.એડ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા માર્ચ–એપ્રિલ ૧૯૭૦માં વધુ એક વખત લેવા અંગે શિક્ષણની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી પ્રિ. કે. જી. દેસાઈના તા. ૧૮-૮-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ને પછી ઉપર બાબત નં. ૬૬(૩)માં જણાવ્યા મુજબ વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરના જોડાણ અંગેની બાબત વધુ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી, પરંતુ તેની ચર્ચાવિચારણા ચાલુ હતી તે દરમિયાન સભાગૃહમાં ઓછામાં ઓછા આઠ સભ્યોની જરૂરી હાજરી રહેવા પામી નહીં તે સંજોગોમાં સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને સદરહુ બાબત અંગેની વધુ ચર્ચાવિચારણા અધૂરી રહી.

ને પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./૨૨૪૩૦/૧૯૬૯.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

સપ્ટેંબર ૧૭, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૩

સમાજની જરૂરિયાતો લક્ષમાં રાખી નવી કૉલેજોની જરૂરિયાત હવે પછી છે કે નહીં ઇત્યાદિ અંગે સમગ્ર વિચારણા કરી અહેવાલ આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિની ત્રણ સભાઓ નીચે જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીના પ્રમુખપદે મળી હતી. તેમાં હાજરી નીચે જણાવ્યા પ્રમાણે હતી :

	તા. ૨૩-૬-'૬૯	તા. ૨૩-૭-'૬૯	તા. ૧૨-૮-'૬૯
૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર	હાજર	હાજર
૨. શ્રી. જ્યોતિન્દ્ર મહેતા	ગેરહાજર	હાજર	હાજર
૩. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૪. આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૫. શ્રી. પુરુષોત્તમદાસ પટેલ	હાજર	હાજર	હાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર	હાજર	હાજર
૭. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર
૮. શ્રી. વી. એચ. ભણોત	ગેરહાજર	હાજર	હાજર
૯. આચાર્ય એચ. કે. ત્રિવેદી	ગેરહાજર	હાજર	હાજર
૧૦. આચાર્ય જે. બી. સેંડિલ	હાજર	હાજર	હાજર
૧૧. ડૉ. એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર
૧૨. આચાર્ય ગિરીશભાઈ પટેલ	હાજર	હાજર	હાજર.

ત્રણે સભાઓમાં થયેલી ચર્ચાવિચારણાને અંતે સમગ્ર રીતે નીચે જણાવ્યા પ્રમાણે કાર્યવાહી થઈ :

બાબત ૧

ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) અન્ય જિલ્લાઓના વિસ્તારમાં જુદી જુદી વિદ્યાશાખાઓમાં નવી કૉલેજોની જરૂરિયાત અંગે વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સિન્ડિકેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) (ક) લત્તા(locality)ની દૃષ્ટિએ અમદાવાદ શહેરને એક જ એકમ ગણવો જોઈએ એમ આ સમિતિનું માનવું છે. આ સાથે આપેલ **પરિશિષ્ટ 'અ'** જોતાં વિનયન વિદ્યાશાખામાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તથા વિજ્ઞાન વિદ્યાશાખામાં લગભગ ૧૦૦૦ જેટલા વધુ વિદ્યાર્થીઓને તથા વાણિજ્યની વિદ્યાશાખામાં લગભગ ૨૦૦૦ જેટલા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ક્ષમતા અમદાવાદની કૉલેજોમાં હોઈ ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન અમદાવાદમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની નવી કૉલેજોની જરૂર રહેશે નહીં એમ આ સમિતિનું મંતવ્ય છે.

(ખ) ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણની નવી કૉલેજોની જે અરજીઓ આવે તે કૉલેજોમાં વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજીના વિષયોની પદ્ધતિ શીખવવાનો પ્રબંધ કરવામાં આવે તો જ તે અરજીઓ મંજૂર કરવા અંગે વિચારવું જોઈએ એમ આ સમિતિનો અભિપ્રાય છે અને તેથી જે જૂની કૉલેજોને પણ ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષથી વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજીના વિષયોની પદ્ધતિ શીખવવાની જોગવાઈ કરવા માટે તથા શિક્ષણની પ્રત્યેક કૉલેજમાં કુલ વિદ્યાર્થીઓના અમુક ટકા વિદ્યાર્થીઓ આ વિષયોના વિદ્યાર્થીઓ હોવા જોઈએ તેવું નિયમન કરવા ભલામણ કરે છે.

(૨) ગ્રામ્ય વિસ્તારોમાં વિનયન, વિજ્ઞાન, અને વાણિજ્યની નવી કૉલેજો અંગે ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન આવેલ જે તે જોડાણઅરજીઓના ગુણદોષ, દા.ત. જિલ્લાની જરૂરિયાત, શાળાઓની સંખ્યા, આજુબાજુ આવેલ તે જ વિદ્યાશાખાની કૉલેજો વગેરેની ચકાસણી કરીને જોડાણ આપવા અંગે નિર્ણય કરવો જોઈએ એમ આ સમિતિનો અભિપ્રાય છે.

બાબત ૨

યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં એક કરતાં વધુ વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવાની હોય તો કઈ કઈ વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવી યોગ્ય થશે તે અંગે વિચારણા કરવા બાબત.

(ક) એક કૉલેજમાં વિનયનની વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની વિદ્યાશાખા તથા વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી શકાય અને તે સિવાયની કોઈ પણ બે વિદ્યાશાખાઓને એક જ કૉલેજમાં સંયોજિત કરવી જોઈએ નહીં એ આ સમિતિનો અભિપ્રાય છે.

(ખ) જે જૂની કૉલેજોમાં વિનયનની વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની વિદ્યાશાખા તથા વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ સંયોજિત થયેલી હોય તો તેવી કૉલેજોને ઓછામાં ઓછાં બે વર્ષનો સમય આપીને વિભાગીકરણ કરીને ઉપર ક્રમાંક ૨(ક)માં સૂચવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવા જણાવવું યોગ્ય થશે એમ આ સમિતિનું માનવું છે.

બાબત ૩

શિક્ષણની કૉલેજો—એક સ્વતંત્ર એકમ તરીકે ગણવા અંગે.

શિક્ષણની કૉલેજ સાથે તેની પ્રશાખા કે બીજી કોઈ વિદ્યાશાખા સંયોજિત કરવી જોઈએ નહીં તથા શિક્ષણની કૉલેજ એક સ્વતંત્ર એકમ તરીકે જ કામ કરે તે યોગ્ય છે એમ આ સમિતિનું દૃઢ મંતવ્ય છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ.

પરિશિષ્ટ "અ"

અમદાવાદ સ્થાનિક અંગેની માહિતી

૧૯૬૯ના વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા અને કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ક્ષમતા છે તેની યાદી:

વિનયન		વિજ્ઞાન		વાણિજ્ય		
પ્રવેશ આપ્યો	ક્ષમતા	પ્રવેશ આપ્યો	ક્ષમતા	પ્રવેશ આપ્યો	ક્ષમતા	
૨,૬૯૭	૪,૧૮૦	—	—	—	—	વિનયન કૉલેજો
૬૫૩	૧,૦૨૦	૬૨૭	૧,૧૦૦	—	—	વિનયન અને વિજ્ઞાનની કૉલેજો
૩૬૨	૬૬૦	—	—	૧૨૬	૮૮૦	વિનયન અને વાણિજ્યની કૉલેજ (બે કૉલેજોની માહિતી આવી નથી.)
—	—	૨,૨૩૪	૨,૭૧૦	—	—	વિજ્ઞાનની કૉલેજો
—	—	—	—	૪,૪૦૯	૬,૦૫૦	વાણિજ્યની કૉલેજો (નોંધ.— બે લૉ અને કૉમર્સ કૉલેજની માહિતી નથી આવી.)
૩,૭૧૨	૫,૮૬૦	૨,૮૬૧	૩,૮૫૦	૪,૯૩૫	૬,૯૩૦	
	૩,૭૧૨		૨,૮૬૧		૪,૯૩૫	
	૨,૧૪૮		૯૮૯		૧,૯૯૫	વિદ્યાર્થીઓ સમાવી શકાય.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૬

સેનેટની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૯ તેમ જ તા. ૪-૪-૧૯૬૯ની વાર્ષિક સભામાં થયેલ વિવિધ સૂચનો

અનુસ્નાતક શિક્ષણ

૧. સવારસાંજના તથા બપોરના ચાલતા યુનિવર્સિટીના અનુસ્નાતક વર્ગોમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન રાખવો જોઈએ.

૨. યુનિવર્સિટીનાં અમુક અનુસ્નાતક કેન્દ્રોમાં 'Week end' વર્ગોની પ્રથા છે તે પર હવે વધુ નિયંત્રણ મૂકવું જોઈએ.

૩. અનુસ્નાતક ભવનો અને અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓનાં પરિણામો સરખાવીએ તો યુનિવર્સિટી વિદ્યાભવનોમાં થતા ખર્ચનાં પરિણામોમાં ખાસ ફરક નથી. તેના શિક્ષકોનો કાર્યભાર ઘણો ઓછો રહે છે તે નક્કી કરવો જોઈએ. સાંજે વ્યાખ્યાન લેવાની અશક્તિ દર્શાવે છે.

૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સંશોધનકેન્દ્રમાં ફેરવવા તથા અનુસ્નાતક શિક્ષણ કૉલેજોને સોંપવા વિચારવું જોઈએ.

૫. ભવનોને વિભાગ દીઠ પોતાનાં મુખપત્રો હોવાં જોઈએ.

૬. ભવનો પાસે પોતાનું પુસ્તકાલય હોવું જોઈએ અને બધા જ ડિપાર્ટમેન્ટ પાસે સંકલિત કાર્યક્રમ હોવો જોઈએ.

૭. અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ થવી જોઈએ.

૮. અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટી વિદ્યાભવનોનાં અંદાજપત્રોની વિસંગતિઓ દૂર કરવી જોઈએ.

૯. ઑર્ડિ. ૬૫-એસ (કેન્દ્રોની સંખ્યા અંગે) સુધારવો જોઈએ.

પરીક્ષા

૧. પરીક્ષા પદ્ધતિની પુનર્વિચારણા કરવા તથા 'ગાઈડ'નાં અનિષ્ટો અને આંતરિક મૂલ્યાંકનનાં અનિષ્ટો દૂર કરવા વિચારવું જોઈએ.

૨. પરીક્ષકોની નિમણૂકમાં વિવેક હોવો જોઈએ તથા પરીક્ષકોની સિનિયોરિટી માટે ધોરણો નિયત કરવાં જોઈએ તથા આ માટે કાર્ડપદ્ધતિ દાખલ કરવી જોઈએ.

૩. જે તે વિષયની અભ્યાસસમિતિઓએ પેનલ બનાવવામાં નિયમોનું ચુસ્ત પાલન કરવું જોઈએ.

૪. પરીક્ષા કેન્દ્રો સંભાળીને આપવાં જોઈએ.

૫. પરીક્ષા ફીની આવક વધારવાનું વિચારવું જોઈએ.

પ્રેસ અને પ્રકાશન

૧. પુસ્તકોનાં પ્રકાશનોમાં વધુ વેગ લાવવો જોઈએ. યુનિવર્સિટીનાં પ્રકાશનોની બાબતમાં સંતોષ નથી. વધુ વેચાણ થાય તેવાં પુસ્તકોનું પ્રકાશનકાર્ય હાથ ધરવું જોઈએ.

૨. પ્રેસના ભાવો આંછા નથી અને તેથી ખોટ આવે તો ફરીથી વિચારવું જોઈએ. પ્રેસના આખા તંત્રની પુનરૂચના થવી જોઈએ.

પ્રકીર્ણ

૧. પ્રત્યેક કૉલેજે એકથી વધુ ખંડ સમયના શિક્ષક ન રાખવા જોઈએ. તે અંગેના નિયમો ઘડવા જોઈએ તથા ખંડ સમયના શિક્ષકોનું વેતન સુધારવું જોઈએ.

૨. વાર્ષિક હેવાલમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા કાર્યાલય ઉપરાંત કૉલેજોની માહિતી પણ ઉમેરવી જોઈએ.

૩. કૉલેજમાં પ્રતિવર્ષ કેટલાં પુસ્તકો ઉમેરાયાં તથા તેની વિષયદીઠ વિગતો મેળવવી જોઈએ.

૪. વાર્ષિક હેવાલમાં અભ્યાસસમિતિઓનાં પ્રવૃત્તિઓ વિષેની માહિતી આપવી જોઈએ.

૫. અભ્યાસસમિતિઓના કામકાજની નોંધો કૉલેજોને મોકલવી જોઈએ.

૬. કૉલેજોના શિક્ષકોનું હાઉસ રેન્ટ એલાવન્સ ગ્રાન્ટ માટે પાત્ર થાય તે માટે રાજ્ય સરકારને લખવું જોઈએ.

૭. કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સની નિમણૂક કરવામાં આવી હોઈ પરીક્ષાનાં ખર્ચ સ્ટ્રીમ લાઈન થવાં જોઈએ.

૮. સંલગ્ન કૉલેજોની તપાસ માટે ઇન્સ્પેકશન યુનિટ નથી તે હોવો ઘટે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૨-૮-૧૯૬૯ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના પ્રમુખપદે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૫. શ્રી. જે. જે. ચિનોય	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સ્થપતિ સાથે મકાનના બાંધકામ માટે કરવામાં આવતા કરારનામાના મુસદ્દા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશી, શ્રી. આર. કે. ચોકસી તથા શ્રી એચ. સી. પટેલે કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે બાબત તેઓના પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. બી. વી. દોશી, શ્રી. આર. કે. ચોકસી તથા શ્રી. એચ. સી. પટેલ તરફથી મકાનના બાંધકામ માટે કરવામાં આવતા કરારનામાના મુસદ્દામાં કોઈ ફેરફાર કરી શકાય તેમ નથી તેમ તેમને જણાવવું.

૩. યુનિવર્સિટીનાં મકાનોમાં ઈલેક્ટ્રિક કામકાજની બાબતમાં કન્સલ્ટિંગ ઈજનેરની સેવાઓ આપવા અંગે કન્સલ્ટિંગ એન્જિનિયર મે. વકીલ-મહેતા-પરીખ-શેઠના તા. ૬-૬-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મકાનોમાં ઈલેક્ટ્રિક કામકાજની બાબતમાં કન્સલ્ટિંગ એન્જિનિયર મે. વકીલ-મહેતા-પરીખ-શેઠની પાસે એકાદ કામ કરાવી જોવાનું રાખવું અને તે જોયા પછી આ બાબત અંગે વિશેષ વિચારણા કરવાનું રાખવું.

૪. યુનિવર્સિટી વિસ્તારનાં મકાનોના બાંધકામના સુપરવિઝનની વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મકાનના બાંધકામના સુપરવિઝન માટે જરૂરિયાત મુજબ ક્લાર્ક ઑફ વર્કર્સની પરીક્ષા પાસ કરેલા અનુભવી બિલ્ડિંગ મિસ્ત્રી રોજિંદા પગારથી રાખવા અને બાંધકામના સુપર-

વિઝન માટે નીચે મુજબના નિયમો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) દરેક બાંધકામ મંજૂર થયેલા પ્લાન અંદાજ તેમ જ ટેન્ડર મુજબ થાય તે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટે જોવાનું રાખવું. આમાં કાંઈ પણ ફેરફાર (deviations) થાય તો એસ્ટેટ વિભાગે તુરત કાર્યાલયનું ધ્યાન ખેંચવું.

(૨) કોઈ પણ વધારાના કામકાજ(extra items)ની મંજૂરી મેળવ્યા સિવાય હાથ પર નહિ લેવા માટે સ્થપતિને ખાસ સૂચના આપવી.

(૩) બાંધકામ અંગેની સઘળી જવાબદારી સ્થપતિની છે; પરંતુ રેસિડેન્ટ એન્જિનિયર તરીકે યુનિવર્સિટી કાર્યાલય તરફથી એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટની જવાબદારી રહેશે.

(૪) ટેન્ડરની દરેક આઈટેમમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થાય તો તે બાબત અંગે પ્રથમ સ્થપતિનું ધ્યાન ખેંચી મંજૂર થયેલ ટેન્ડરની આઈટેમ મુજબ જ બાંધકામ થાય તે જોવાનું રાખવું.

(૫) ટેન્ડરની આઈટેમમાં સ્થપતિ કોઈ પણ ફેરફાર માટે આગ્રહ રાખે તો આ માટે એસ્ટેટ વિભાગે કાર્યાલયનું ધ્યાન ખેંચવું.

(૬) બધા જ બાંધકામના અંદાજ એસ્ટેટ વિભાગે બરોબર તપાસી જોવાનું રાખવું.

(૭) કામની ગુણવત્તા તથા માપ અંગેની જવાબદારી એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટની રહેશે.

(૮) કોઈ પણ મકાન અંગે તેની જરૂરિયાત ઉપરાંત કોઈ વિશિષ્ટ ગોઠવણ પ્લાનમાં સૂચવવામાં આવી હોય તો તે પરત્વે શ્રી. એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટે ધ્યાન દોરવું.

(૯) મૂળ ટેન્ડરની આઈટેમમાં જણાવેલ જથ્થાની મર્યાદામાં જ કામ થાય તે અંગે ખાસ ધ્યાન રાખવું.

(૧૦) બાંધકામના સુપરવિઝન માટે યુનિવર્સિટી તરફથી જે બિલ્ડિંગ મિસ્ત્રી રાખવામાં આવે તેઓ પર ઝીણવટભરી દેખરેખ શ્રી. એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટે રાખવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના વિકાસ-કામના બાંધકામના પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનોમાં ક્ષેત્રફળના વધારા સાથે જે તે વિભાગની જરૂરિયાત મુજબના પ્લાન આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તથા સંબંધકર્તા વિભાગના વડા સાથે વિચારવિનિમય કરીને પછી લેબોરેટરી અને/અથવા ઓરડાઓમાં વધારો કરી સુધારેલા પ્લાન રજૂ કરવાનું રાખવું.

૬. યુનિવર્સિટી કેમ્પસમાં પાણીપુરવઠા અંગેની યોજના અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં વૉટર ટેન્ક અને વૉટર રૂમ પાસેના પાણીના હાલના બોર માટે submersible pump મંગાવવાનો પ્રસ્તાવ મંજૂર કરવા તથા તે માટે જરૂરી રૂ. ૧૧,૦૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી તથા તે માટે પાણીપુરવઠા હેઠળ રૂ. ૧૧,૦૦૦ની બજેટ-જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે હાલનો ટરબાઈન પંપ કાઢીને તે સમરાવવાનું રાખવું, જેથી તે પંપ જરૂર પડયે 'રિપેર પંપ' તરીકે પણ વાપરી શકાય.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે હાલનો ટરબાઈન પંપ કાઢીને બોર કોમ્પ્રેસર વડે સાફ કરાવવો અને તે માટેનું અંદાજી ખર્ચ આશરે રૂ. ૪૦૦ મંજૂર કરવા કુલપતિશ્રીને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કાર્યાલય પાસે તારની વાડ કરેલી છે તેમાં ઓંગલો તથા સિમેન્ટશીટ વાપરીને ૧૦૦ સાઈકલ સમાય તે પ્રમાણેનું સાઈકલ શેડ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ માટે અંદાજી ખર્ચ રૂ. ૪,૪૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય પાસે તારની વાડનું કમ્પાઉન્ડ આવેલું છે તેમાં ઓંગલો તથા સિમેન્ટશીટ વાપરીને ૧૦૦ સાયકલો સમાવી શકાય તે મુજબનું સાઈકલ શેડ બનાવવા રૂ. ૪,૪૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. સેનેટ હૉલનું સ્ટેજ મોટું કરવા માટે તથા સભાગૃહમાં જરૂરી ફેરફાર કરવા અંગેનું કામ સોંપવા માટે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. બી. વી. દોશીને આ માટેની જરૂરી ડિઝાઈન ૧૫ દિવસમાં આપવા માટે જણાવવું; અને જો તેઓ આ નિયત સમયમાં ડિઝાઈન આપી શકે નહીં તો આ કામ અન્ય કોઈ સ્થપતિને સોંપવાનું રાખવું.

૯ યુનિવર્સિટીના ટ્રાન્સમીટર રૂમમાં ઈલેકિટ્રક કામનાં આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ટ્રાન્સમીટર રૂમમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં દશ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર શ્રી. હર્ષદ આર. શાહનું રૂ. ૪૯૦૩-૫૦ પૈસાનું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો મુજબ, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટીનાં "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ માટે સ્ટીલનાં કબાટ પૂરાં પાડીને ફીટ કરવાના કામ અંગે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીનાં "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સમાં સ્ટીલનાં કબાટ પૂરાં પાડવા અંગે સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ભીંતમાં કબાટ માટે જગ્યા પાડીને તે ભીંતમાં ગોઠવવા માટેનું ખર્ચ કરવાને બદલે ૨૨ ઈંચ ઊંડાઈનાં wardrobe ટાઈપનાં છૂટાં ૨૬ કબાટ "બી" ટાઈપનાં રહેઠાણોમાં પૂરાં પાડવાં યોગ્ય થશે એમ આ સમિતિનું માનવું છે અને તેથી તેમ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

પ્રમુખશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૧. સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ રજૂ કરેલા લેક્ચરર ક્વાર્ટર્સના રિવાઈઝ્ડ પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ રજૂ કરેલા લેક્ચરર ક્વાર્ટર્સ માટેનો સુધારેલો પ્લાન તથા તે માટે ૧૬ યુનિટનો વધારાનો રૂ. ૭,૩૬૬નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્લાનમાં ત્રીજા યુનિટમાં પ્રથમ લિવિંગ રૂમ આવે તે મુજબ ફેરફાર કરવો.

૧૨. મેસર્સ એચ. કે. કન્સ્ટ્રકશન ઍન્ડ કં. તરફથી ટીચર્સ હૉસ્ટેલના મકાનના બાંધકામ અંગેનાં બિલનાં બાકી નાણાની બાબત તેમણે કરેલી દાવાઅરજી અને તે બાબતમાં વકીલ શ્રી. એલ. ટી. શાહને યુનિવર્સિટી તરફથી રોકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૦

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૩-૮-૧૯૬૯ના રોજ ૧૨-૩૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૪. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૫. આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૧૯-૭-૧૯૬૯ની આ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૯-૭-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભાની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૮ની અરજી પણ વિચારણામાં લેવામાં આવી હતી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીના સંદર્ભમાં સદરહુ સમિતિની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ વલ્લભવિદ્યાનગર મુકામે મળેલી વિધિનિર્મિત યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

'Resolved that the recommendations of the Sarela Pay Commission to merge the Dearness Allowances in existing pay-scales of Government employees and the rates of travelling and halting allowance as recommended by the said

Commission and accepted by the Government of Gujarat vide its Govt. Resolution No. PRA-1468/P, dated 31-1-1969, be made applicable to the employees of the Universities in the State of Gujarat.

Resolved further that the State Government be requested to pay additional Block Maintenance Grant on cent per cent basis the implementation of the Universities in the State consequent upon the implementation of the above recommendations of the Sarela Pay Commission.'

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાનો અંશત: ભાગ મેળવવા અંગેની સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સરેલા પગારપંચની ઉપરની ભલામણોનો સ્વીકાર કરવામાં આવે તો, તેથી આ યુનિવર્સિટીના ખર્ચમાં જે વધારો થાય તે ખર્ચ, વધારાની ગ્રાન્ટ દ્વારા પૂરેપૂરો ભરપાઈ કરવા માટે રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

" ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી બિનશિક્ષકવર્ગની નીચેની જગ્યાનું પગાર-ધોરણ તથા લાયકાતના ધોરણ અંગે નીચેની બે જગ્યાઓ માટે વધુ માહિતી મંગાવી આ બાબત ફરીથી વિચારણા માટે આ સમિતિ સમક્ષ રજૂ કરવી :

(૧) ફીલ્ડ વર્ક

(૨) ટ્રેઈન્ડ સોશિયલ વર્કર. "

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની જગ્યાનું પગારધોરણ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ભલામણ કરેલું રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ (લેકચરર્સ જેવું) રાખવું અને લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

(1) (*a*) A First or Second Class both in Bachelor's Degree and Master's Degree in the subject ;

and

(*b*) At least five years' experience of teaching the subject to post-intermediate classes or as a Demonstrator in post-graduate classes; *or* five years' experience of Field Work;

or

(2) A Ph.D. Degree.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્રેઈન્ડ સોસિયલ વર્કરની લાયકાત તથા પગારધોરણ નીચે પ્રમાણે રાખવાં :

પગારધોરણ : રૂ. ૩૦૦-૨૦-૬૦૦ (ડી.એ. મર્જ્ડ)

લાયકાત : Master's Degree in Social Work in the Second Class or an equivalent qualification.

૫. સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં પરીક્ષા આપવા માટે એડવાન્સમાં ૯૦ દિવસ સુધીની હક્ક રજાઓ આપવા અંગેનો નિયમ મંજૂરીની તારીખથી કર્યો છે, તેનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવા અંગે પ્રકાશન અધિકારી શ્રી. કે. ટી. પંડ્યા તથા જુ. કલાર્ક શ્રી. આર. જે. પટેલની તા. ૧૫-૭-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પરીક્ષા આપવા માટે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં એડવાન્સ હક્ક રજા આપવા માટે ઠરાવ્યું છે તેનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવો.

૬. સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને વાર્ષિક સાત માંદગીની રજાઓ પૈકી પહેલા એક દિવસની પૂરા પગારની માંદગીની રજા અને બાકીના છ દિવસોની માંદગીની રજા અડધા પગારે આપવાનું ઠરાવ્યું છે, તે અંગે ઈ.એસ.આઈ. યોજના હેઠળની કેટલીક જોગવાઈઓ પ્રત્યે ધ્યાન દોરતા પ્રેસ-મૅનેજરના તા. ૨૬-૭-૧૯૬૯ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં પ્રેસના કર્મચારીઓને આકસ્મિક રજા તથા માંદગીની રજા આપવાના નિયમોમાં જે સુધારો કર્યો તેમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

(૧) સુધારેલા નિયમો પ્રમાણેની આકસ્મિક રજા તથા માંદગીની રજાનો અમલ તા. ૧-૧-૧૯૭૦થી કરવાનું રાખવું.

(૨) ઈ.એસ.આઈ. યોજના હેઠળ માંદગીની રજા માટે બે દિવસનું વળતર આપવામાં આવતું નથી; તેથી જો કોઈ કર્મચારી બે દિવસ સુધીની રજા માગે તો તે પૂરા પગારે આપવી, પરંતુ એકીસાથે બે કરતાં વધુ દિવસની માંદગીની રજા માગે તો તે બે દિવસની પૂરા પગારે અને બાકીના દિવસની અડધા પગારે રજા આપવી.

(૩) જે કર્મચારીઓ ઈ.એસ.આઈ. યોજના હેઠળના દવાખાનાનો લાભ ન લે તેઓને પણ ઉપર મુજબ નં. (૨)માં જણાવ્યા પ્રમાણે માંદગીની રજાઓ આપવી.

(૪) પ્રેસના જે કાયમી કર્મચારીઓ પૈકી ઈ.એસ.આઈ. યોજના હેઠળ આવરી લેવામાં ન આવતા હોય તેવા કર્મચારીઓને પૂરા પગારે માંદગીની રજા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૭

૧. (ક) આ નિયમો વિકાસ અનુસ્નાતક કેન્દ્રોને જે આર્થિક સહાય આપવામાં આવે તે આર્થિક સહાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જો કોઈ પ્રકારની આર્થિક સહાય અનુસ્નાતક અભ્યાસના વિકાસ માટે કૉલેજને મળતી હોય અને કૉલેજે તે માટે પોતાનો મૅચિંગ શૅર આપવાની શરત હોય તો તેવા મૅચિંગ શૅર પેટે આપવાની રકમ તરીકે નીચેની શરતોને આધીન, વાપરવા માટે સિન્ડિકેટ મંજૂરી આપી શકશે :

(ખ) નીચેની શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સિવાયની અન્ય કોઈ સંસ્થા કે કોઈ વ્યકિત તરફથી મદદ મળનાર હોય તો સિન્ડિકેટની પરવાનગી લઈને તેના મૅચિંગ શૅર તરીકે વાપરી શકાશે :

૨. કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર ચાલુ વર્ષના તુરતના અગાઉના (immediately preceding) પોતાની એક વર્ષની કુલ બચતથી વધે નહીં તેટલી રકમ સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે;

૩. કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કે અન્ય જે કોઈ બાબતો, જે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળેલી હોય, તેની ખરીદી માટે કે અનુસ્નાતક કેન્દ્રના મકાનના બાંધકામ માટે વાપરી શકશે; પરંતુ આ રકમ લેબોરેટરીનાં રાસાયણિક દ્રવ્યો, કાચનાં સાધનો કે બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ કે અન્ય કોઈ perishable વસ્તુઓ માટે વાપરી શકશે નહીં;

૪. કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તેનું તથા મકાન બાંધ્યું હોય તો તે અંગેનું અલાયદું રજિસ્ટર રાખીને તેની યાદી તૈયાર કરવાની રહેશે, અને તે યાદી આચાર્યે ચકાસીને પોતાની સહી કરીને તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે. આ રીતે ખરીદાયેલ સાધનો તથા બંધાયેલ મકાનની કે અન્ય મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે;

૫. આવી મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો, જે તે અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી, તેની જરૂરિયાત માટે તેણે ઉપયોગ કરવાનો રહેશે; પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો/મકાન યુનિવર્સિટીને સુપરત કરવાનાં રહેશે;

૬. આવાં પુસ્તકો / સાધનો / મકાનને બીજા કોઈ કેન્દ્રને કે કૉલેજને કે સંસ્થાને કે અન્ય કોઈ વ્યકિતઓને ગીરો, વેચાણ, બક્ષિસ કે ભાડેથી આપી શકાશે નહીં કે કોઈ પણ પ્રકારે "ટ્રાન્સફર" કરી શકાશે નહીં;

૭. આ રકમમાંથી ખરીદેલ સાધનો કે બંધાયેલ મકાનોની વિગતો દર્શાવતું એક જુદું પત્રક કેન્દ્ર ચલાવતી કૉલેજ કે સંસ્થાના સંચાલકોએ રાખવું જોઈશે અને તે અંગેનો હવાલ પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં મોકલવાનો રહેશે. આ રજિસ્ટર યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીને કે સિન્ડિકેટ કે કુલપતિશ્રી તરફે તે પ્રતિનિધિને તપાસ માટે ઉપલબ્ધ કરવું આવશ્યક રહેશે; અને

૮. આ ભંડોળમાંથી ખરીદેલ સાધનો કે બંધાયેલ મકાનોના હિસાબો પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને કેન્દ્ર ધરાવનાર કૉલેજ/સંસ્થાના આચાર્યે/અધ્યક્ષે મોકલી આપવા આવશ્યક રહેશે.

તારીખ : (આચાર્ય)

સ્થળ : કૉલેજ

Name of the Institution _____

Statement showing the utilisation of grant received from the University during the year _____

Name of the Scheme :

Total approved cost :

Opening Balance			Grant received during the year				Total		Expenditure during the year			Unspent Balance		
Out of U.G.C.'s grant	Out of University grant	Total	No. & date of the letter sanctioning the grant	Grant received from the U.G.C.	Grant received from the University	Total (Cols. 5 plus 6)	U.G.C.'s grant (Cols. 1+5)	Grant (Cols. 2+6)	Total (Cols. 8+9)	U.G.C.'s share	University share	Total (11+12)	Out of U.G.C.'s grant (Cols. 8–11)	Out of University grant (Cols. 9–12)	Total (Cols. 10–13)
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16

Certified that the grant has been utilised for the purpose for which it was sanctioned and in accordance with the terms and conditions attaching to the grant.

(Signature) _____

Principal,

_____ College.

AUDIT CERTIFICATE

Checked and found correct. It is certified that subject to the remarks given on the reverse the grant has been utilised for the purpose for which it was sanctioned and in accordance with the terms and conditions attaching to the grant.

(Signature) _____

Chartered Accountant.

UNDERTAKING

It is certified that the inventories of permanent/semi-permanent assets created/acquired wholly or mainly out of the University grant sanctioned by the Syndicate vide resolution passed in its meeting held on.....are being maintained in the prescribed form and are being kept up to date.

Place :

Date :

Principal,

.....College.

Proforma of the Register of Assets accquired wholly or substantially out of the grant sanctioned by the Syndicate for being used as a matching share against the grant sanctioned by the _____ for the development of the post-graduate centre in _____ instituted at the _____ college (To be maintained by the grantee institution)

Serial No.	Name of the grantee institution: No. of date sanction	Amount of the sanctioned grant	Brief purpose of the grant	Particulars of assets actually created or acquited	Value of the assets as on _____	Purpose for which utilised at present	Encumbered or not
1	2	3	4	5	6	7	8

Reasons, if encumbered	Disposed of or not	Reasons & authority if any, for disposal	Amount realised on disposal	Remark
9	10	11	12	13

Note.—Separate proforma should be maintained in respect of each grant sanctioned.

ગુજરાત વિદ્યાપીઠ (સ્થાપના) : તા. ૧૬-૨-૧૯૬૨

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૫

ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની ૩૨મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તારીખ ૨૦ ઑગસ્ટ, ૧૯૬૯ના રોજ બપોરના ૩-૩૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. ય. પ્રા. શુક્લ	હાજર
૩. આચાર્ય વાય. જી. નાયક	હાજર
૪. આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર
૫. આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર
૬. આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૭. ડૉ. જે. બી. હરિભક્તિ	ગેરહાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૩૦-૧-૧૯૬૯ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૩૦-૧-૧૯૬૯ના રોજ મળેલી ૩૧મી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૬૯-૭૦ની સંશોધન ગ્રાન્ટ માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(અ) સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની સંશોધન ગ્રાન્ટ મેળવવા અંગે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ પર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે—

(૧) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલી રકમ સંશોધનકાર્ય માટે, સંશોધન ગ્રાન્ટના નિયમ ૧૧ અનુસાર તેઓ તેમનું સંશોધનકાર્ય બે વર્ષમાં પૂરું કરી સન્માન્ય સામયિકમાં છપાવશે તે શરતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ રૂપિયા
૧.	શ્રી. વી. બી. અધ્વર્યુ, આચાર્ય, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વાડાસિનોર	"Prose structures and dialogue patterns in Gujarati plays a detailed illustrated study for the developments of prose structures & prose styles as well as of language patterns and dialogue in Gujarati plays"	૫૦૦-૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ રૂપિયા
૨.	શ્રી. ડી. એન. મહેતા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	"બુદ્ધિપ્રકાશ"—એક બિબ્લિયોગ્રાફી ઈ.સ. ૧૮૫૫થી	૪૦૦-૦૦
૩.	શ્રી. એસ. સી. કાનાવાલા, ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	" Adjustment problems of College students (Gujarat University)"	૭૫૦-૦૦
૪.	શ્રી. એચ. ટી. ઠાકર, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	" Devanand—A Critical study of life and work of an important poet of Swaminarayan seat in medieval age "	૭૫૦.૦૦
૫.	શ્રી. એમ. એફ. રાવ, શ્રી. એન. વી. દવે અને શ્રી. ડી. એમ. શુકલ, સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	" The study of Demands that are being made on M.L.A.s of Gujarat State "	૧,૦૦૦-૦૦
૬.	શ્રી. જે. આર. જોશી, ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	"Collecting data with a view to preparing Reading Materials that would improve the ability of English comprehension of the Gujarat University Arts Graduate"	૭૫૦-૦૦
૭.	શ્રી. યુ. એ. કાપડિયા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	" Impact of college education on the attitudes of the students towards religion, sex, marriage, caste-system, political parties, foreign policy, University education, Indian Culture and one's own personality ideals"	૭૫૦-૦૦ (આ સંશોધન કાર્યને પૂરો ન્યાય આપી શકે તે માટે ત્રણથી ચાર ટોપિકસ પર જ સંશોધન કેન્દ્રિત કરે તે શરતે.)

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ રૂપિયા
૮.	શ્રી. સોમપુરા કે. એફ., એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	" The Architectural Treatment of the Ajitanatha Temple at Taranga (Dist. Mehsana)"	૬૦૦-૦૦ [(૧) અગાઉના સંશોધન કાર્ય સન્માન્ય સામયિકમાં છપાવવાની શરત પૂરી કરે તે શરતે. (૨) માત્ર જવા-આવવાનાં તથા ફોટોગ્રાફીના ખર્ચ પૂરતી જ આ મદદ મર્યાદિત રહેશે.]
૯.	શ્રી. રોહિત એસ. શુકલ, શ્રી. એ. એમ. મોદી અને શ્રી. સી. જી. રૂપારેલિયા, સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	" A survey of Socio-Eco. condition of hotel-boy in Ahmedabad "	૭૫૦-૦૦ (આ પ્રકારનું સંશોધન કાર્ય સરકાર કે બીજી કોઈ માન્ય સંસ્થા તરફથી થતું ન હોય તે શરતે.)
૧૦.	શ્રી. જે. જે. ત્રિવેદી, આચાર્ય, શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	" Studies in Local Anaesthesia "	૧,૦૦૦-૦૦ (તેમના સંશોધન લેખ વહેલામાં વહેલી તકે પ્રતિષ્ઠિત સામયિકમાં છપાવવા પ્રબંધ કરે અને દરમ્યાન લેખની હસ્તપ્રત યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપે તે શરતે.)
૧૧.	શ્રી. પી. બી. પટેલ, શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	" Synthesis of substituted Thia-zolidones and their Dioxides"	૧,૦૦૦-૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ રૂપિયા
૧૨.	શ્રી. પી. એસ. સતપંથી, શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	" Synthesis of 2 mercapto Quinazolinones "	૧,૦૦૦-૦૦
૧૩.	શ્રી. કે. એમ. કોટડિયા, રીડર, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	" Measurement of absorption of Radio-waves by vertical Incidence, pulse method and oblique Incidence CW method "	૫,૦૦૦-૦૦ (ફક્ત સાધનો ખરીદવા માટે)
૧૪.	શ્રી. એમ. એમ. પટેલ, સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, માણસા	" Effect of AA, GA, Coichicine and light of various wave-length on the growth of Mesocotyl in some crop plants of Gujarat "	૫૦૦-૦૦
૧૫.	શ્રી. આઈ. એમ. ભટ્ટ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	" Studies in Co-ordination compounds "	૧,૦૦૦-૦૦
૧૬.	શ્રી. કે. પી. સોની, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	" Studies in Co-ordination and Analytical Chemistry "	૧,૦૦૦-૦૦
૧૭.	શ્રી. કે. એ. ઠાકર, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	" Studies on Optical Activity "	૧,૦૦૦-૦૦
૧૮.	કુ. સી. એલ. ભટ્ટ અને કુ. યુ. જી. જોશી, યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણભવન, અમદાવાદ	" To ascertain the wastage at post-graduate level in the University of Gujarat to pin-point the causes leading to such wastage and to investigate fully some of the causes thus ascertained "	૧,૦૦૦-૦૦
૧૯.	શ્રી. આર. કે. શાહ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	1. "Geochemistry of Kharaghoda Salt Pans 2. Geochemistry and fluorite deposits in Banaskatha District 3. Wind-sand 8-Kutch to examine rocks–8 the area for its origin."	૧૦૦-૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ રકમ
૨૦.	શ્રી. એમ. એન. દેસાઈ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	"Studies in corrosion and corresion of Iron and like materials."	૧,૫૦૦-૦૦
૨૧.	શ્રી. એ. વાય. ત્રિપાઠી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મીયાગામ-કરજાણ	"Critical edition of the works of Laldas Akha's disciple."	૫૦૦-૦૦
૨૨.	શ્રી. એ. એમ. ત્રિવેદી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	"Co-ordination Chemistry and Metals and Alloys."	૧,૦૦૦-૦૦
૨૩.	શ્રી. બી. એસ. વૈદ્ય, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	"Conspactus of Indian charophyles and their geographical distribution."	૫૦૦-૦૦
૨૪.	શ્રી. આઈ. જી. વશી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, અમદાવાદ	"Preparation of optically active-unsymmetrical Ketones from (—) 2-methly butan-1-01."	૫૦૦-૦૦

(૨) ઉપર યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોને માટે જે સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તે દરેક શિક્ષકને યુનિવર્સિટી કાર્યાલયે વ્યકિતગત રીતે ન અપાતાં જે તે ભવનના શિક્ષકોને આપવાની જે કુલ રકમ થતી હોય તે ભવનને જ ચૂકવવાનું અને દરેક ભવને જે તે શિક્ષકને મંજૂર કરવામાં આવેલી રકમની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણે આ ગ્રાન્ટ ચૂકવવાનું રાખવું.

(બ) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	**શિક્ષકનું નામ**	**સંશોધનનો વિષય**
૧.	શ્રી. ડી. એમ. માસ્તર, સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, નડિયાદ	સંતરામ સંપ્રદાયનું સાહિત્ય સંશોધન, સંકલન, વર્ગીકરણ, લક્ષણ, નિરૂપણ અને વિવેચન
૨.	શ્રી. બી. જે. ઝવેરી, ગુજરાત કૉલેજ, અમદાવાદ	ગુજરાતી ઉપશિષ્ટ
૩.	શ્રી. વી. એસ. દોશી, સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	"Family planning attitude of the Panchayat members of the City Taluka—Socio-Eco. Survey."

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય
૪.	શ્રી. એસ. વી. ત્રિવેદી અને શ્રી. ડી. એચ. ઠાકર, નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	" A comparative study of problems of High Achievers and Low Achievers in the High Schools."
૫.	શ્રી. કે. જી. શુક્લ અને શ્રી. વી. સી. પરીખ, સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	" A study of the consumption pattern of various income groups residing within the City of Ahmedabad."
૬.	શ્રી. પી. એ. પટેલ, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	" The Teacher Education—A Survey on Secondary School teacher Education in the State of Gujarat."
૭.	શ્રી. જે. ડી. તલાટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	Chemistry : " Corrosion of Zinc ".
૮.	શ્રી. સી. કે. આકુવાલા, શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	" Education—Study of Dropouts in grade one in Schools of Cambay."
૯.	શ્રી. ટી. એન. વ્યાસ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ઉમાઈ	" Effect of temp. on R.I. of oil obtained after the pregermination treatment of growth homens to the oil bearing sheed."
૧૦.	શ્રી. એસ. એન. દવે, ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	**Psychology :** " Study habits of high achiever and lower achiever college students of Ahmedabad."

૩. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત કૉલેજના શ્રી. એન. એન. ઉદવાડિયાને ૧૯૬૭-૬૮ના વર્ષમાં Histochemical studies of short apies of economic plants flora of Kadi " એ વિષય પર સંશોધન કરવા રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવેલી હતી, પરંતુ મંજૂર કરેલ સંશોધન ગ્રાન્ટનો ઉપયોગ તેઓ કરી શકયા નહીં હોવાથી તે નિયમ મુજબ પાછી ખેંચાના.

(૨) એ. જી. ટીચર્સ કૉલેજના શ્રી. એસ. સી. ઠક્કરને ૧૯૬૪-૬૫ના વર્ષમાં "Surveying Problems of Pre-University Arts Students in Ahmedabad by a check list" એ વિષય પર

સંશોધન કરવા માટે રૂ. ૧૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી, પરંતુ શ્રી. એસ. સી. ઠક્કર નિયત કરેલ સમયમાં સંશોધનકાર્યનો હેવાલ તેમ જ હિસાબ મોકલાવી શક્યા નહીં હોવાથી પ્રથમ હપતાના રૂ. ૨૧૦/- વસૂલ લીધાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪. યુનિવર્સિટીઓમાં સંશોધન પ્રવૃત્તિઓ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધનની અગત્ય જોતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ આ યુનિવર્સિટીને એક લાખની ગ્રાન્ટ ફાળવી છે તેના ઉપયોગ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આ યુનિવર્સિટીને રૂ. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ પૂરા) સંશોધન પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવ્યા છે તેની નોંધ લેવી અને તે રકમ સંશોધન પ્રવૃત્તિઓને ખાતે જમા લઈ ઉપર બાબત નં. ૧માં જે ભલામણો કરવામાં આવી છે તેનો તમામ ખર્ચ આ ગ્રાન્ટની રકમમાંથી ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વર્ષમાં આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટના સંદર્ભમાં સંશોધન-કાર્ય સંશોધન ગ્રાન્ટના નિયમ ૪ અન્વયે સંશોધનકાર્ય પૂરું કરવા માટે મુદત વધારી આપ્યાના કાર્યની નોંધ લેવા :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ ગ્રાન્ટ	વર્ષ	મુદત ક્યાં સુધી વધારી ?
૧.	શ્રી. બી. એસ. વૈષ્ણવ, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	" Sociological study of Uttarasanda High School Students—Study of Social background and their behaviour."	૨૦૦/-	૧૯૬૭-૬૮	૭ માસ લંબાવી
૨.	ડૉ. આર. સી. મંકોડી, એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	" Histochemical changes in endometrium in cases of primary sterility."	૨૫૦/-	૧૯૬૭-૬૮	૩૧-૧૨-'૬૯
૩.	ડૉ. એચ. એસ. શાહ, એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	" A Hematological study of cases of cirahosis of liver. "	૨૫૦/-	૧૯૬૬-૬૭	૩૧-૧૨-'૬૯
૪.	શ્રી. બી. બી. જોષી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	" Flora of Chhota-Udepur forest and its environs."	૩૦૦/-	૧૯૬૪-૬૫	૩૧-૬-'૭૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૬. યુનિવર્સિટીના જે શિક્ષકોને સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી છે અને જેમના તરફથી સંશોધન ગ્રાન્ટ અંગેના ખર્ચનો હિસાબ, સંશોધનકાર્યને સન્માન્ય સામયિકમાં છપાયા અંગેની રિપ્રિન્ટ્સ વગેરે નિયમો પ્રમાણે આવેલ નથી તે અંગે આગળ શાં પગલાં લેવા તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વર્ષ ૧૯૬૧-૬૨થી વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન યુનિવર્સિટી તરફથી આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ/સંસ્થાના જે જે શિક્ષકોને સંશોધન માટે સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હોય, પરંતુ જે શિક્ષકો તરફથી તેમની સંશોધન ગ્રાન્ટ પેટેના હિસાબ આવ્યા ન હોય, તેમનું સંશોધનકાર્ય પૂરું થયું હોય, પરંતુ સન્માન્ય સામયિકમાં તે છપાયાની રિપ્રિન્ટ ન આવી હોય, સંશોધનકાર્ય સન્માન્ય સામયિકમાં છપાયું હોય, પરંતુ તેમાં યુનિવર્સિટીની આર્થિક સહાય મળ્યાનો ઉલ્લેખ ન કર્યો હોય અગર જે શિક્ષકે સંશોધન ગ્રાન્ટ મેળવીને સંશોધન આગળ વધાર્યું ન હોય અને તેમની પાસેથી નિયમાનુસાર સંશોધન ગ્રાન્ટની રકમ પાછી મેળવવા લખાણ કર્યું હોય અને તે પરત કરેલ ન હોય તેવા શિક્ષકોને તે તે અંગે શરત-પાલન કરવા જણાવવું અને માહિતી આવ્યેથી તે તે કેસ અંગે કુલપતિશ્રીને યોગ્ય કરવા સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. વર્ષ ૧૯૬૪-૬૫ દરમિયાન આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, મહુવાના શ્રી. એ. સી. ચાવડાને "Synthesis of optical ketonic acids and methods of resolving the same" એ વિષય પર આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટનું કાર્ય પૂરું થયું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. સી. ચાવડાનું સંશોધનકાર્ય પૂરું થયાના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ્રી. શાં. વોરા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૬

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવીની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્યતા મેળવવા અંગેની અરજીઓ પરત્વે તેમના પ્રસિદ્ધ થયેલા સંશોધનપત્રો પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિશે તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતનો અભિપ્રાય મેળવી તેમની અરજીઓ પરત્વે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	ડૉ. આર. કે. ધારૈયા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	ઇતિહાસ	શ્રી. આર. સી. મજમુદાર, ૪, બેપીન પાલ રોડ, પી. ઓ. કાલિઘાટ, કલકત્તા
૨.	શ્રી. એમ. પી. ભટ્ટ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	અર્થશાસ્ત્ર	શ્રી. સી. એન. વકીલ, કુલપતિ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
* ૩.	ડૉ. એ. એમ. વૈદ્ય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	ગણિતશાસ્ત્ર	શ્રી. યુ. એન. સિંગ, દિલ્હી
૪.	ડૉ. એ. એન. દેસાઈ, અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	મનોવિજ્ઞાન	શ્રી. એ. યુ. વસાવડા, જોધપુર (રાજસ્થાન)

* જો નિષ્ણાતના અભિપ્રાય ઉપરથી કુલપતિશ્રી માન્યતા આપે તો તે માન્યતા ૧૯૭૦ના જૂનથી આપવાનું રાખવું.

૧૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના શિક્ષક શ્રી. એન. એન. મહેતાએ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે અરજી કરી ત્યારે તેમના શૈક્ષણિક અનુભવ પૈકી બે વર્ષનો અનુભવ ટ્યૂટર તરીકેનો હોવા છતાં તે લેક્ચરર તરીકેનો હોવાની ખોટી માહિતી આપી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવેલી તેમ જ તા. ૧૮-૪-૧૯૬૯ના રોજ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની અરજીમાં પણ એવી જ ખોટી માહિતી આપી માન્યતા મેળવવા પ્રયાસ કરેલો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના શ્રી. એન. એન. મહેતાની એમ.કૉમ. પદવીના (૧) બિઝનેસ મૅનેજમેન્ટ, (૨) કૉર્પોરેશન ફાઇનાન્સ, (૩) બૅંકિંગ અને (૪) ઇન્ટરનેશનલ ફાઇનાન્સના પેપરોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪મી જૂન ૧૯૭૧ સુધી પાછી ખેંચવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૭

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Sociology in the University School of Social Sciences was held on 5–9–1969. the Friday at 2–00 p.m. at the office of the Gujarat University, Shri U. J. Joshi, Vice-Chancellor. Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor and Chairman	Present
2. Prof. A. R. Desai	Present
3. Dr. T. B. Naik	Present
4. Dr. I. P. Desai	Present
5. Prof. M. N. Srinivas	Present

The following candidates were called for interview :

1. Dr. Taraben N. Patel	Present
2. Dr. Vimal P. Shah	Absent.

After interviewing the candidate who was present and considering her qualifications and experience, the Committee resolved as under :

"The Committee is of the view that Dr. Taraben Patel is suitable for the post of a Professor of Sociology and recommends her for appointment to the post of the Professor of Sociology in the University School of Social Sciences."

U. J. Joshi
M. N. Srinivas
I. P. Desai
A. R. Desai
T. B. Naik

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

ગુ. યુ. પ્રેસ ૭૬૦-૪૫૦-૯-૬૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

શનિવાર, તા. ૨૦-૯-૧૯૬૯ અને રવિવાર, તા. ૨૧-૯-૧૯૬૯ના રોજ રાખેલી સિન્ડિકેટની બીજી (વિશેષ) સભા શનિવાર, તા. ૨૦-૯-૧૯૬૯ના રોજ 'કોરમ'ને અભાવે મળી શકી નહોતી.

તે પછી સિન્ડિકેટની સપ્ટેંબર માસની બીજી (વિશેષ) સભા રવિવાર, તા. ૨૮-૯-૧૯૬૯ના રોજ મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ લીધું હતું. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮-૯-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	ગેરહાજર.

યાદી પરના કામકાજની વિચારણા સાથે પરનાં પહેલાં સિન્ડિકેટે પ્રવર્તમાન સંજોગોની સમીક્ષા કરીને નીચે મુજબ ઠરાવ્યું :

"પ્રવર્તમાન સંજોગોની સમીક્ષા કરીને આ સભાગૃહ સર્વાનુમતે ઠરાવે છે કે આજે (એટલે કે રવિવાર, તા. ૨૮-૯-૧૯૬૯ના રોજ) સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવે અને આ સભાનાં યાદી પરનાં કામકાજ ઑક્ટોબર માસમાં મળનાર સભામાં વિચારણા માટે મૂકવામાં આવે."

નં. સિ./૦૯૪૪૯ / ૧૯૬૯.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ ૯.
સપ્ટેંબર ૩૦, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

ગુ. યુ. પ્રેસ ૭૩૧-૪૫૦-૧૦-૬૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભા શુક્રવાર, તા. ૩-૧૦-૧૯૬૯ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૧૦-૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકભાઈ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. ઈન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રણદીવે	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૬-૯-૧૯૬૯ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬-૯-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. તા. ૨૮-૯-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૮-૯-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૩ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૩. અમદાવાદમાં કર્ફ્યુને લઈને કૉલેજો બંધ રહી તેને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

તે પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ઑક્ટોબર-નવેંબરમાં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓના કાર્યક્રમમાં કશો ફેરફાર કરવો નહીં અને ઑક્ટોબર-નવેંબર(૧૯૬૯)માં યોજાયેલી પરીક્ષાઓ નિયત તારીખોએ જાહેર થયા મુજબ જ લેવામાં આવશે એમ સ્પષ્ટતા કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો/સંસ્થાઓ અને વિદ્યાભવનો માટે ચાલુ સત્રમાં અને દિવાળી વેકેશનના સમયમાં કશો ફેરફાર કરવો નહીં.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં કઈ કઈ કૉલેજો બીજી કસોટી (ટેસ્ટ) લઈ શકી નથી તે અંગેની માહિતી મગાવવી અને તે આવ્યેથી સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૨. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર પ્રિન્સિ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના ત્રિવાર્ષિક અભ્યાસક્રમ ઉપરાંત આ ત્રણે વિદ્યાશાખાઓમાં ચાર વર્ષનો ઑનર્સ અભ્યાસક્રમ શરૂ કરવો. આ અભ્યાસક્રમ ઉચ્ચ કક્ષાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓને જે તે વિદ્યામાં પારંગત બનાવવામાં મદદરૂપ થાય તેવો હોવો જોઈએ. એ અભ્યાસક્રમના શિક્ષણ અને પરીક્ષણ અંગે પણ વિશિષ્ટ યોજના ઘડી કાઢવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટની આ સભા કશો અભિપ્રાય આ તબક્કે આપવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. રણજિતરાય શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આપણા દેશમાં પ્રવર્તતી નિરક્ષરતા નિવારવા વિદ્યાર્થીઓ મહત્ત્વની કામગીરી બજાવી શકે તે હેતુથી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી મેળવવા ઇચ્છતો વિદ્યાર્થી એસ.એસ.સી. પરીક્ષા પછી

કૉલેજમાં પ્રવેશ મેળવી ન્યાર પછી વૅકેશનમાં યા તેને અનુકૂળ સમયે ૧૦૦ નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરે તેવી કામગીરી ફરજિયાત બનાવવા અને તે અંગે થતા ખર્ચ વગેરેની યોજના ઘડી રાજય સરકાર તે જવાબદારી ઉપાડે તે માટે જરૂરી કાર્યવાહી કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ઍકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા લાગતીવળગતી કમિટીઓને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવમાં રહેલા સિદ્ધાન્તની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૪. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટ, ઍકેડેમિક કાઉન્સિલ વગેરે મંડળોની બેઠકો માટેના કામકાજની યાદીમાં જાણાવેલાં તમામ કામોની વિચારણાને અવકાશ મળે તે માટે તે કામોની વિચારણા માટે જરૂરી ગુરુતમ સમય નિયત કરી સભાપતિ બેઠકની કાર્યવાહી પૂરી કરવાની પ્રથા અપનાવે તેવી ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવમાં રહેલા સિદ્ધાન્તની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

સ્ટેચ્યૂટ ૧૧૮માં નીચેની પેટાકલમ ઉમેરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ભલામણ કરે છે :

"Heads of the recognised institutions conducting post-graduate centre or centres."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય પુ. ડી. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"નવી કૉલેજના જોડાણ માટે અથવા જૂની કૉલેજના જુદી જુદી વિદ્યાશાખામાં વિભાજન માટે અથવા અસ્તિત્વ ધરાવતી કૉલેજોના ત્રિવાર્ષિક તપાસ માટે જે કમિટીઓ નીમવામાં આવે છે તેઓ અમુક રકમનાં પુસ્તકો, સામયિકો વગેરે લેવાં, અમુક પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે અમુક રકમ ખર્ચવી વગેરે એવી ભલામણ કરે છે. આના કરતાં જે શાખા માટે અને જે વર્ગ અથવા વર્ગો માટે જોડાણની અરજી કરવામાં આવી હોય તેને માટે કયાં કયાં પુસ્તકો, સામયિકો વગેરેની અનિવાર્યતા છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવે અને કયા વર્ગ અથવા વર્ગોની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે કઈ કઈ સાધનસામગ્રીની જરૂર છે તેની સ્પષ્ટ સૂચિ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રત્યેક વિદ્યાશાખામાં જુદા જુદા વિષયો માટે પુસ્તકો અને સામયિકો તથા પ્રયોગશાળાનાં સાધનોની યાદીઓ તૈયાર કરાવવા માટે જે તે વિષયની અભ્યાસસમિતિને જણાવવામાં આવેલું છે એમ સેનેટને જાણ કરવી.

૭. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો ઝડપથી વધતો જતો વ્યાપ અને નીચાં જતાં શિક્ષણનાં ધોરણો જોતાં માધ્યમિક શાળાઓમાં એમ.એડ. થયેલા નિષ્ણાત શિક્ષકો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે હાલના બી.એડ. થયેલા શિક્ષકોને એમ.એડ. થવાની તકો વિસ્તૃત બનાવવા સેનેટની આ સભા એમ.એડ. માટે વૅકેશન વર્ગો શરૂ કરવા યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ. માટે વૅકેશન વર્ગો શરૂ કરવા માટેનો એક પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે એમ સેનેટને જાણ કરવી.

૮. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અનુસ્નાતક કક્ષાએ ભાષાનો વિષય લેનારને સામાન્યત: એક મુખ્ય ભાષા સાથે એક ગૌણ ભાષા અથવા ભાષાશાસ્ત્ર લેવાની જે પ્રથા છે તે ભાષાઓના તુલનાત્મક અભ્યાસ તથા ભાષાશાસ્ત્રના અધ્યયન માટે ઘણી આવશ્યક હોઈ આ પદ્ધતિ અંગ્રેજીના વિષયને પણ લાગુ પાડવી એવી લાગતાંવળગતાં મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવમાં રહેલા સિદ્ધાન્તની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૯. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"અત્યારે ઉત્તરવહીઓ તપાસવામાં આવે છે અને એમાં પરીક્ષાર્થીને લાગે કે મને અન્યાય થયો છે અને ફી ભરી ફરી તપાસવાની અરજી કરે તો માત્ર સરવાળા તપાસી જવાનો જ કાયદો છે અને ઉત્તરો ફરી તપાસવાનું થતું નથી. આમાં કેટલેક અંશે પરીક્ષાર્થીને અન્યાય પણ થવાનો સંભવ હોઈ, સેનેટ આથી લાગતાંવળગતાં તંત્રોને ભલામણ કરે છે કે જરૂર પડે તો કાયદામાં સુધારો લાવીને પણ ઉત્તરવહી કે ઉત્તરવહીઓ ફરી તપાસવાની માગણી માટે યોગ્ય ફી લઈ એ માટે તે તે વિષયના બે અન્ય પરીક્ષકોની પેનલ નીમવાનો નિયમ દાખલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ થયો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, પરંતુ સદરહુ પ્રશ્ન વિચારવા જેવો છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૦. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એમ.એ.ના જે વિષયોની અભ્યાસસમિતિઓએ એમ.એ., ભાગ ૧ તથા ભાગ ૨ના વર્ગો સાથે લઈ શકાય તે બાબતમાં સંમતિ દર્શાવી હોય તે વિષયોમાં જૂન, ૧૯૭૦થી તેમ કરી શકાય તે માટે ધારાધોરણો તથા નિયમોમાં જરૂરી સુધારાવધારા સમયસર કરવા લાગતાંવળગતાં મંડળોને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે એમ સેનેટને જાણ કરવી.

૧૧. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજી યુનિવર્સિટીઓની પરીક્ષાઓને માન્યતા આપવા સંબંધી આપણી યુનિવર્સિટીના 'રેગ્યુલેશન્સ'માં જણાવેલ રેગ્યુલેશન નં. ૭ નીચે જણાવ્યા પ્રમાણે મંજૂર કરવામાં આવે :

R. 7 :

The following are the examinations of other Universities and bodies which have been recognised as equivalent to corresponding examinations of this University as amended up to January 1964. આ ફકરામાં up to January 1964ને બદલે up to October 1969 શબ્દો ઉમેરવામાં આવે, અને આ રેગ્યુલેશનમાં જણાવેલા આસન નં. ૧માં જણાવેલ વિક્રમ યુનિવર્સિટી સામે આસન નં. ૨માં B.Ed. (S.S.C.C.C., Bhopal) ઉમેરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ આ તબક્કે કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. પી. એફ. પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"કૉલેજ એક શૈક્ષણિક સંસ્થા હોઈ તેનો શૈક્ષણિક સ્ટાફ તેનું સૌથી મહત્ત્વનું અંગ છે. આ નરદમ સત્યને ધ્યાનમાં લેતાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના ટીચિંગ સ્ટાફને મળતું હાલનું ઘરભાડા ભથ્થું, કૉલેજના પ્રિન્સિપાલને મળતા ઘરભાડા ભથ્થાની સરખામણીમાં શિક્ષકોને મશ્કરીરૂપ છે. તેથી આ સભા ઘરભાડા ભથ્થાને સુધારવાની લગતાવળગતા મંડળને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી પરંતુ શિક્ષકોના ઘરભાડાનો પ્રશ્ન વિચારણીય છે એમ સેનેટને પોતાનો અભિપ્રાય જણાવવો.

૧૩. યુનિવર્સિટીના કર્મચારીઓને મકાન ખરીદવા, બાંધવા કે મકાન મરામત કરાવવા માટે ગ્રેચ્યુઇટી ફંડ તથા યુનિવર્સિટીના પ્રોવિડંટ ફંડફાળામાંથી લોન આપવાનું સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં ઠરાવેલ હોઈ તેને અનુલક્ષીને સ્ટે. ૧૯૩-એ અને સ્ટે. ૧૮૮માં સુધારો કરવા તથા ઑ. ૧૧૯ ૨૬ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. શારીરિક શિક્ષણ વિભાગમાં બે કોચની નિમણૂક બે વર્ષ માટે કરવામાં આવી હતી તેની મુદત તા.૨૫-૯-૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તે જગ્યાઓ ચાલુ રાખવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય 'અન-એસાઈન્ડ' ગ્રાન્ટમાંથી મળે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં હંગામી ધોરણે નીમવામાં આવેલા બે કોચ સર્વશ્રી જલાવરસીંગ ગ્રેવાલ અને પિહાલસીંગ બેનીવાલની નિમણૂકની મુદત તા. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૭૦ સુધી લંબાવવી.

૧૫. એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઈઝરની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧-૯-૧૯૬૯ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૬. એમ.એડ. ડિગ્રી શનની વિવા-વોસ પરીક્ષા માટે એક હમાલની નિમણૂક કાયમી ધોરણે કરવા અને તેના મહેનતાણાનો દર રૂ. ૩-૦૦ રાખવા અંગેની વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) એમ.એડ. વિવા-વોસ પરીક્ષા પ્રથમ વાર જ માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ છે.

(૨) મહેનતાણાના દરની પુસ્તિકામાં આ બાબતનો ઉલ્લેખ નથી.

(૩) માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ સદરહુ પરીક્ષા માટે રૂ. ૩-૦૦ના દરથી એક હમાલની નિમણૂક કરવાની મંજૂરી કાર્યાલય તરફથી આપવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ. ડિગ્રી શનની મૌખિક પરીક્ષા (viva-voce) માટે એક હમાલની નિમણૂક કરવી તથા તેના દૈનિક મહેનતાણાનો દર રૂ. ૩/- લેખે મંજૂર કરવો.

૧૭. યુનિવર્સિટીના મુખ્ય મકાનમાં ડિસ્ટેમ્પર કામ માટે રૂ. ૨૩,૨૦૦નો કુલ ખર્ચ મંજૂર કરવામાં આવેલ, પરંતુ કામ પૂરું થતાં ખર્ચ રૂ. ૨૪,૫૮૬-૭૦ પૈસા થવા જાય છે. તેથી વધારાનું રૂ. ૧,૩૮૬-૭૦ પૈસાનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે થયેલું વધારાનું રૂ. ૧,૩૮૬-૭૦ પૈસાનું ખર્ચ મંજૂર કરવું.

૧૮. જૂન ૧૯૭૦થી (અ) નવી કૉલેજો માટે, (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદની તપાસ માટે સિન્ડિકેટની તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ રિપોર્ટ પર ચર્ચાવિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ માટેની નિમણૂકો તરત કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું :

(ક) રસાયણવિજ્ઞાનના લેક્ચરર, અને

(ખ) કેમિકલ એન્જિનિયરિંગના લેકચરર.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઈજનેરી કૉલેજમાં વર્કશોપ સુપરિન્ટેન્ડેન્ટની જગ્યા માટેની લાયકાત અને પગારનાં ધોરણો અંગે પોતાની ભલામણ રજૂ કરવા માટે ઈજનેરી વિદ્યાશાખાને જણાવવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટની નીચેની કંડિકા તરફ આચાર્યનું સવિશેષ ધ્યાન ખેંચવું :

" On the whole, students have been admitted on merit, in B.E. I eight students (i.e. from total strength 60) have been submitted with less marks as

special cases. Two of them got less than 50 % marks and they should not have been admitted. It is desirable in the Engineering Colleges not to admit students with less than 50 % marks."

(૪) આથી ઠરાવવામાં આવે છે કે વધુ રૂ. ૧૦,૦૦૦ નાં પુસ્તકો અને સામયિકો ખરીદવાં ઇચ્છનીય છે એમ સદરહુ કૉલેજને જણાવવું.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શિક્ષકોનો પગાર સમયસર ચૂકવાતો નથી તે બાબતની ગંભીરતા તરફ આચાર્યશ્રીનું ધ્યાન ખેંચીને ભવિષ્યમાં આવું થવા પામે નહીં તેમ તેમને જણાવવું.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ના રોજ મળેલી બાવનમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટની તા. ૬-૯-૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૨ અને ૧૪ પરત્વે વિચારણા થઈ ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. એમ.એડ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં વધુ એક વખત લેવા અંગે શિક્ષણની અભ્યાસસમિતિના અધ્યક્ષ પ્રિન્સિપાલ કે. જી. દેસાઈના તા. ૧૮-૮-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ૧૯૭૦ના વર્ષના પૂર્વાર્ધમાં લેવાનું રાખવું.

(૨) ઉપર નં. (૧)ના સંદર્ભમાં પ્રી-યુનિવર્સિટી સાયન્સની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા લેવાનો પ્રશ્ન પણ ચર્ચવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિવર્સિટી સાયન્સની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાનું રાખવું.

૨૨. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (*iii*) (*b*) અનુસાર વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રોફેસર ઇન બિઝનેસ મૅનેજમેન્ટ	...	એક જગ્યા
(૨) પ્રોફેસર ઇન માર્કેટિંગ	...	એક જગ્યા
(૩) રીડર ઇન ફાઇનેન્શિયલ મૅનેજમેન્ટ	...	એક જગ્યા
(૪) રીડર ઇન પ્રોડક્શન મૅનેજમેન્ટ	...	એક જગ્યા

[*Note.—O.* 66(2) (*iii*) : Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed, to be selected as follows, namely

(*b*) Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો અંગે નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત:

(૧) સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ નં. ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) સત્રનો આરંભ થવાની તૈયારીમાં હોય તેવે સમયે સંલગ્ન કૉલેજોની સેવા અંગેના નીચે જણાવેલ નિયમ ૯ પર વિચારણા કરવા બાબત :

No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities three months' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation provided that such notice shall end with the end of a vacation. In case, however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

(૩) કયા નિયમો ખંડ સમયના શિક્ષકોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(૪) છૂટા કરાયેલા શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય તો, તેના સંદર્ભમાં છ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવા અંગેના ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૫) શિક્ષકોની માંદગીની રજા એકીસાથે કેટલી જમા કરાવી શકાય તથા એકીસાથે માંદગીની રજા કેટલી ભોગવી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. ટીચર્સ હૉસ્ટેલના ખાલી કવાર્ટર અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટાસમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. મિથિલા મંડળ, મુંબઈ ઑકટોબર ૧૮ થી ૨૦ ૧૯૬૯ના સમય દરમિયાન Primary Education in Mother-tongue પર એક પરિસંવાદ યોજે છે, તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર મંડળના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર નથી.

૨૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર તૃતીય વર્ષ બી.એસસી.ની કક્ષાના પ્રૅકિટકલ વર્ગો માટે દરેક બૅચમાં એમ.એસસી. થયેલા ડેમોન્સ્ટ્રેટરો હોવા જોઈએ તે અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર તૃતીય વર્ષ બી.એસસી.ની કક્ષાના પ્રૅક્ટિકલ વર્ગો માટે દરેક ટુકડી(Batch)માં એમ.એસસી. પાસ થયેલા ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક આવશ્યક ગણવી. આ ઠરાવનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૭૦થી કરવાનું રાખવું.

૨૭. વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના દ્વિતીય વર્ગના આચાર્યને એમ.એ. સમકક્ષ ગણવા અંગે સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના દ્વિતીય વર્ગના આચાર્યને આ યુનિવર્સિટીના શિક્ષણના કામ માટે એમ.એ.ની સમકક્ષ ગણવા.

૨૮. યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનમાં લેકચરર ઇન એજ્યુકેશનની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો નીચે મુજબ રાખવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

1. (*a*) A First or Second Class, both in Bachelor's degree and Master's degree in the subject, *and*

   (*b*) At least five years' experience of teaching the subject to post-intermediate classes, or 3 years' experience of teaching the subject to the post intermediate classes plus at least two years' experience as Research Assistant in a recognised institution, or as Demonstrator in the post-graduate classes.

   or

2. A Ph.D. Degree.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં લેકચરરોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણોની બાબત તેની સમગ્રતામાં તપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને જણાવવું.

૨૯. સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની તા. ૪-૧૨-૧૯૬૭ની સંયુકત સભાનો ઠરાવ જે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાએ વિનયન વિદ્યાશાખાને વિચારણા માટે મોકલેલ તે અંગેના વિનયન વિદ્યાશાખાના નીચેના ઠરાવ પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની સંયુકત સભાનો ઠરાવ

"સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિઓની આ સંયુકત સભા ઠરાવે છે કે અન્ય યુનિવર્સિટીઓની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં (૧) સંસ્કૃત, (૨) પ્રાકૃત અને જૈન અધ્યયન, અને (૩) પાલિ અને બૌદ્ધ અધ્યયન—એ ત્રણ માટે સ્વતંત્ર વિભાગો હોવા જરૂરી છે."

વિનયન વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે હાલ જે પ્રથા છે તેમાં કોઈ જ ફેરફાર કરવાની આવશ્યકતા નથી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આ સભાગૃહ વિનયન વિદ્યાશાખાના ઉપરના અભિપ્રાય સાથે સંમત છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો રિપોર્ટ સ્વીકારવો.

૩૦. તબીબી વિદ્યાશાખાની તા. ૭-૨-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર તબીબી વિદ્યાશાખામાં શિક્ષકોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં મેડિસિન અને સર્જરીની સ્પેશિયલ શાખામાં અનુસ્નાતક પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષનો રજિસ્ટ્રાર તરીકેનો અનુભવ ગણવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખામાં શિક્ષકોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં મેડિસિન અને સર્જરીની સ્પેશિયલ શાખામાં અનુસ્નાતક પરીક્ષા પાસ કર્યા પછી બે વર્ષનો રજિસ્ટ્રાર તરીકેનો અનુભવ માન્ય ગણવો.

૩૧. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૫-બી સુધારવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"O. 285-B :

(*a*) Candidate who have obtained a post-graduate diploma in a subject in the Faculty of Medicine will be required to put in a further 12 months' or 18 months' or 24 months' training, as the case may be, if the diploma they have passed was of 2 years' or 1½ years' or 1 year's duration respectively.

(*b*) In case of Post-graduate Degree Course, the number of students that can be enrolled shall not be more than one per teacher per year."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. મેડિકલ ફેકલ્ટીની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-કે (૩)(એ) (A non-clinical subject) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"O. 65-K (3) (*a*) :

(1) A teacher with M.D. in Social and Preventive Medicine in State Medicine, Specially Board of Preventive Medicine (U.S.A.) M.R.C.P. / F.R.C.P. (with Public Health as special subject), M.D. (Medicine) with Diploma in Social and Preventive Medicine / D.P.H. or equivalent qualification;

and

(2) As Reader, Asst. Professor in Social and Preventive Medicine for 5 years in a Medical College after requisite post-graduate qualification;

or

As Reader, Asst. Professor in Social and Preventive Medicine for 4 years in a Medical College after requisite post-graduate qualification and has had not less than 2 years of field experience in Public Health."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૮-૩-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષાના પરિણામ અંગે નીચે જણાવેલ ઑર્ડિનન્સ મંજૂર કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"O. 377-F :

In the case of M.D.S. Examinations the result of candidate shall be declared in terms of passing or failure and no class shall be assigned to them. Furthermore, no marks shall be allotted to any individual question or questions or answers thereto."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો ઑર્ડિ. ૩૭૭-એફ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૪. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૮-૩-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક અંગે તથા પરીક્ષાનું પરિણામ આપવા અંગેના નિયમો નીચે મુજબ રાખવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૭-૧૯૬૯ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

M.D.S., Parts I & II Examinations

(1) There shall be two Examiners in each paper of M.D.S., Part I Examination.

(2) There shall be four Examiners for each branch of M.D.S., Part II Examination.

(3) All the four question-papers in each branch shall be set jointly by all the Examiners.

(4) Each Examiner shall examine all the answers of the four question-papers in a particular branch.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. ડૉ. પી. એલ. શાહ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવના અનુસંધાનમાં ઑર્ડિ. ૬૫-કે (બી) (૬)માં (એ), (બી) "છ્ઠી પેટાકલમ (સી) ઉમેરીને ઑર્ડિ. મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"A teacher with a post-graduate qualification of M.D. or D.P.M. or its equivalent will be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in the subject concerned at the under-graduate level."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે (બી) (૬)માં (એ) (બી) પછી (સી)નો પેટાકલમ ઉપર મુજબ ઉમેરીને તે પ્રમાણે સુધારેલો સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૪-૭-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 75 :

Engineering Faculty

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
15th June	15th October	1st December	31st March

(No Christmas Holidays)

For Post-Diploma Degree Course in Engineering

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
1st December	30th April	1st June	15th October

(No Christmas Holidays)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૪-૭-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ઇજનેરીના સેમેસ્ટર પદ્ધતિના ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોના આપેલા નંબરો આગળ "S"—એસ એવી સંજ્ઞા મૂકી તે નીચે મુજબ વંચાય તે રીતે રાખવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Engg. S–1,	O. Engg. S–2,	O. Engg. S–3,	O. Engg. S–4,
R. Engg. S–1,	R. Engg. S–2,	R. Engg. S–3,	R. Engg. S–4,
R. Engg. S–5,	R. Engg. S–6,	R. Engg. S–7,	R. Engg. S–8,
R. Engg. S–9,	R. Engg. S–10,	R. Engg. S–11,	R. Engg. S–12,
R. Engg. S–13,	R. Engg. S–14,	R. Engg. S–15,	R. Engg. S–16.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોના ક્રમાંક ફેરવીને ઉપર મુજબ રાખવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૩૮. વિજ્ઞાન વિદ્યાશાખામાં કૉલેજોના વ્યાખ્યાતાની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમોમાંથી નીચેની કલમ નં. ૩ રદ કરવા માટે અને તે પછીની કલમો ક્રમાંક ૪, ૫ અને ૬ને અનુક્રમે ક્રમાંક [illegible]

અને ૫ આપવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

3. " Master's degree in Second Class with two years' teaching experience as a Tutor or a Demonstrator. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૭ની સભામાં બાબત નં. ૨૦ અંગે ઠરાવ્યું છે કે પરીક્ષકોને નિયમ મુજબ વધુમાં વધુ મહેનતાણું આપવાની રકમ કરતાં જો વધારે મહેનતાણું આપવાનું થતું હોય તો તે અંગેની બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવી; તેના સંદર્ભમાં માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષા માટે પરીક્ષકોને નિયત રકમ કરતાં વધુ રકમ આપવાની થાય છે, તો તે અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ગયા વર્ષે સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો-પરીક્ષકોનું કુલ વેતન રૂ. ૧,૦૦૦ કરતાં વધુ થતું હોય તેમને રૂ. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૧૦ ટકા જેટલું, પણ કોઈ સંજોગોમાં રૂ. ૧,૫૦૦થી વધારે નહિ તેટલું વેતન આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના જે સભ્યનું પરીક્ષા અંગેનું કુલ વેતન રૂ. ૫૦૦થી વધુ થતું હોય તેમને રૂ. ૫૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૫૦ ટકા જેટલું પણ રૂ. ૨૫૦થી વધારે નહિ તેટલું વેતન આપવું."]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો-પરીક્ષકોનું કુલ વેતન રૂ. ૧,૦૦૦ કરતાં વધુ થતું હોય તેમને રૂ. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૧૦ ટકા જેટલું પણ કોઈ સંજોગોમાં રૂ. ૧,૫૦૦થી વધારે નહીં તેટલું વેતન આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલના જે સભ્યનું પરીક્ષા અંગેનું કુલ વેતન રૂ. ૫૦૦થી વધુ થતું હોય તેમને રૂ. ૫૦૦ અને તે ગણતરી મુજબના કુલ વેતન વચ્ચેના તફાવતના ૫૦ ટકા જેટલું પણ રૂ. ૭૫૦થી વધારે નહીં તેટલું વેતન આપવું.

૪૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને એમ.ડી. બ્રાન્ચ ૯, ૧૦ અને ૧૧ના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણને લગતા ઑર્ડિ. ૬૫-કે (બી)માં નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65-K (b)—Clinical subjects :

" (6) (*c*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. (Radio-diagnosis) and M.D. (Radio-therapy) will be M.D., D.M.R.D., D.M.R.T. or equivalent qualifications and five years' teaching experince as Senior Lecturer or higher post, or as assistant to post-graduate teacher in an X-Ray Department of a teaching hospital.

(6) (*d*) up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. Dermatology will be M.D. or D.V. & D. or equivalent qualification and five years' teaching experience as Senior Lecturer or higher post or as Assistant to post-graduate teacher in Skin and V.D. Department of a teaching hospital."

આથી ઠરાવવામાં આવે છે કે ઑડિ. ૬૫-કે (બી) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૧. ઑ. ૬૬ અન્વયે રીડર ઇન સોસિયોલોજીની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યોને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. એમ. એન. શ્રીનિવાસ
(૨) ડૉ. આઈ. પી. દેસાઈ
(૩) શ્રીમતી ઈરાવત કર્વે
(૪) શ્રી. ટી. બી. નાયક (રિઝર્વ).

૪૨. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર પોસ્ટ-ગ્રેજ્યુએટ રૂલ નં. ૧(ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

P.-G. Rule No. 1 (d) :

"While in case of Post-graduate Diploma Courses prescribed under the Faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher shall be (*a*) one per teacher or assistant to a recognised teacher per year for degree, and (*b*) two separate for diploma per teacher or assistant to a recognised teacher per year.

N.B.—Students admitted under concessions only for diploma are not to be included under the above rule. Students who have registered for the degree and diploma will be counted as students for degree only. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર બી.એસસી. નર્સિંગની પદવી પરીક્ષા માટે સુધારેલાં ધારાધોરણો અને અભ્યાસક્રમો મંજૂર કરવાની તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. નર્સિંગની પદવી પરીક્ષા માટે સુધારેલાં ધારાધોરણો અને અભ્યાસક્રમો અંગેનો ઑડિ. નર્સિંગ-૧, ઑડિ. નર્સિંગ-૨, ઑડિ. નર્સિંગ-૩ અને રેગ્યુ. નર્સિંગ-૧, રેગ્યુ. નર્સિંગ-૨, રેગ્યુ. નર્સિંગ ૩, રેગ્યુ. નર્સિંગ-૪, રેગ્યુ. નર્સિંગ-૫, રેગ્યુ. નર્સિંગ-૬, રેગ્યુ. નર્સિંગ-૭, રેગ્યુ. નર્સિંગ-૮ અને રેગ્યુ. નર્સિંગ-૯ મંજૂર કરવા.

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪૪. ગુજરાત રાજ્ય પબ્લિકેશન બોર્ડ તરફથી પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની સેવાઓ ઉછીની લેવા અંગેના તા. ૨-૯-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની સેવાઓ ગુજરાત રાજ્ય પબ્લિકેશન બોર્ડને એક વર્ષ માટે ઉછીની આપવી અને તે માટેની જરૂરી શરતો નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ મેડિકલ ઑફિસરની એક કાયમી જગ્યા માટે તથા મદદનીશ કુલસચિવની બે કાયમી જગ્યા માટે તા. ૧૬-૯-૧૯૬૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનો માટે એંગલો તથા સિમેન્ટ શીટ વાપરીને ૧૬૦ સાઈકલ સમાવી શકાય તેવાં સાઈકલ શેડ બનાવવા માટે બજેટમાં મરામત અને ખાસ ફેરફારો ખાતે રૂ. ૭,૨૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે ઉપર જણાવેલ સાઈકલ શેડ તૈયાર કરાવવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં મરામત અને ખાસ ફેરફારો ખાતે રૂ. ૭,૨૦૦ની જોગવાઈ કરવી.

૪૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રોફેસર ડૉ. પી. સી. વૈદ્યની, ડબ્લિન ઈન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવા અંગે સિન્ડિકેટે તેમની તા. ૧-૧-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધીની મંજૂર કરેલી બિનપગારી રજાના સંદર્ભમાં તેઓને આ માટે યુનિવર્સિટીએ કોઈ વેતન આપવાનું ન હોઈ આ સમય દરમિયાન તેઓને પ્રૉવિડંટ ફંડની રકમનું ભરણું ભરવા તથા તે ઉપર યુનિવર્સિટીનો ફાળો આપવા અથવા તે શકય ન હોય તો સંસ્થાના ભરણા પેટે જેટલી રકમ ભરવાની થાય તેટલી રકમ ભરવાની મંજૂરી આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. સી. વૈદ્યને સિન્ડિકેટે તા. ૧૪-૬-૧૯૬૯ના ઠરાવ ક્રમાંક ૧૮થી મંજૂર કરેલી તેમની રજાઓ દરમિયાન તેમના પ્રોવિડન્ટ ફંડના ભરણામાં તેમના પોતાના ભરણા વત્તા યુનિવર્સિટીના ભરણા જેટલી રકમ તેમના થકી ભરવા માટે પરવાનગી આપવી.

બાબત નં. ૪૮ અને બાબત નં. ૭૪ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

૪૮. બાંધકામ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૯ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૭૪. યુનિવર્સિટીમાં પાણીના પુરવઠાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગની તા. ૩-૧૦-૧૯૬૯ની નોંધ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં પાણીનો એક નવો બોર કરાવવા માટે તથા તેનાં પાઈપો અને સાધનસરંજામ સજજ કરીને યુનિવર્સિટીને પાણી માટે પૂરતો પુરવઠો પૂરો પાડી શકે તેવી યોજના માટે રૂપિયા એક લાખ સુધીના ખર્ચની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં લાલનો બોર રેતી, પથ્થર વગેરેથી પુરાઈ જવાને કારણે પાણીના પુરવઠા અંગે જે મુસીબત ઊભી થઈ છે તેના સંદર્ભમાં પાણીના જોડાણ અંગે ટૂંકા ગાળાનાં પગલાં લેવા માટે તથા તે અંગે રૂ. ૧૦,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે સાયન્સના અભ્યાસક્રમને લગતો દરેક વિષયનો બે દિવસ પૂરતો એક સેમિનાર યોજવો. સદરહુ સેમિનાર નવેંબર ૧૯૬૯ના છેલ્લા અઠવાડિયામાં રાખવો અને તેમાં સાયન્સને લગતા દરેક વિષય દીઠ ૧૫ કે ૧૬ શિક્ષકોને બોલાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. સાયન્સના વિષયોના અભ્યાસક્રમને લગતા પરિસંવાદોની યોજના અને ખર્ચના અંદાજ તૈયાર કરવા માટે જે તે અભ્યાસસમિતિને વિનંતી કરવી અને તે પ્રસ્તાવો તૈયાર થયેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી માટે મોકલવા.

૫૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગેની બાબતમાં રાજ્ય સરકારે તેનો વિકલ્પ સ્વીકારવાની તારીખ જે ૩૧-૮-૧૯૬૯ની રાખેલી હતી તેને તા. ૩૦-૧૨-૧૯૬૯ સુધી લંબાવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી શિષ્યવૃત્તિની માસિક રકમ રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૨૧૦ રાખવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર સિન્ડિકેટની તા. ૧/૨-૩-૧૯૬૯ની સભાની ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવા અને તેનો અમલ તા. ૧૫-૬-૧૯૬૯થી કરવા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝામાં વાણિજ્ય અને એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકોની નિમણૂક કરવામાં આવી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગયા વર્ષે આ કૉલેજમાં અર્થશાસ્ત્ર અને વાણિજ્યમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર રાખેલી.

(૨) ચાલુ વર્ષે વાણિજ્ય અને એકાઉન્ટન્સી માટે અનુક્રમે શ્રી. આઈ. એન. પટેલ તથા શ્રી. સી. સી. શાહની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે વ્યવસ્થા મંજૂર રાખવા જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૫મી નવેંબર ૧૯૬૯ સુધીમાં જરૂરી લાયકાત ધરાવતા પૂરા સમયના વાણિજ્યના અને એકાઉન્ટન્સીના પ્રાધ્યાપકો નીમવા આવશ્યક છે. અગર જો તેમ કરવામાં આવશે નહીં તો બીજા સત્રથી તે વિષયો માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૫૩. સાયન્સ કૉલેજ, કડીમાં વનસ્પતિવિજ્ઞાનના વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ આવતા વર્ષથી વનસ્પતિવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શીખવવા ઇચ્છતી નથી તેના સંદર્ભમાં ચાલુ વર્ષે તેને વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં, જૂન ૧૯૭૦થી એસ.વાય. બી.એસસી.ના વર્ગમાં વનસ્પતિવિજ્ઞાનના મુખ્ય વિષય માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે નહીં તે શરતે મુલાકાતી પ્રાધ્યાપકથી ચલાવવા માટે તેને પરવાનગી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડીના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ૧૫મી જૂનથી ૩૦મી સપ્ટેંબર સુધીનું છેલ્લામાં છેલ્લું (unmerged) મોંઘવારી ભથ્થું ચૂકવી આપ્યાની જાણ આજથી ત્રણ દિવસમાં કરવામાં આવે તથા મોંઘવારી ભથ્થાની પાછલી રકમની ચુકવણી તા. ૩૧ માર્ચ ૧૯૭૦ સુધીમાં કરવામાં આવશે એવી બાંયધરી આજથી ત્રણ દિવસમાં આપવામાં આવે તો સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી. અગર જો તેમ કરવામાં આવે નહીં તો ઉપર જણાવેલ ત્રણ દિવસની મુદત વીત્યેથી સદરહુ કૉલેજને જોડાણ ન આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૪. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને જૂન ૧૯૬૯થી જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) વર્ગ-ખંડનાં માપ અને તે અંગેના નકશાઓ મોકલ્યા છે.

(૨) માજી આચાર્યશ્રી સુથારે શૈક્ષણિક વર્ષના અર્ધઝાઝેરા ભાગ સુધી સેવાઓ આપી હોઈ તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનો પગાર મળવો જોઈએ, જ્યારે કૉલેજે તા. ૧૫-૧-૧૯૬૯ સુધીનો પગાર મેળવવાને શ્રી. સુથાર હકદાર છે તેમ ગણી તે પ્રમાણે પગાર ચૂક્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. એચ. વી. સુથારને તા. ૧૪-૬-૧૯૬૯ સુધીના પગારની ચુકવણી અંગે full and final settlementની બાબતમાં યુનિવર્સિટીને સોમવાર તા. ૬-૧૦-૧૯૬૯ સુધીમાં ખાતરી કરાવવામાં આવે તો સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી. અગર જો ઉપર જણાવેલી મુદત સુધીમાં તેવી ખાતરી કરાવવામાં આવે નહીં તો સદરહુ કૉલેજને જોડાણ ન આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૫. સેનેટના નીચે જણાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય ઠાકોરભાઈ જે. રાણા	વાણિજ્ય	૧. કૉમર્સ, અને ૨. અર્થશાસ્ત્ર
(૨)	આચાર્ય નરહરિ કે. દવે	વાણિજ્ય	૧. એકાઉન્ટિંગ ઇન્કલ્યુડિંગ કૉસ્ટિંગ, અને ૨. કૉમર્સ
(૩)	આચાર્ય વાસુદેવ એસ. ભટ્ટ	વાણિજ્ય	૧. કૉમર્સ, અને ૨. લેબર વેલ્ફેર
(૪)	આચાર્યા પદ્માબહેન ફડિયા	શિક્ષણ-સહિત વિનયન	૧. ગુજરાતી અને ૨. ગૃહવિજ્ઞાન
(૫)	આચાર્ય એચ. જે. પંડિત	,,	૧. એજ્યુકેશન, અને ૨. જ્યુરિસ્પ્રુડન્સ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૫૬. ઈન્ડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસનું ૪૩મું સત્ર કર્ણાટક યુનિવર્સિટીના ઉપક્રમે ધારવાર મુકામે ઑક્ટોબર ૨૭થી ૩૦, ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કૉંગ્રેસના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એ. એચ. આઈ. વોરાને મોકલવા.

૫૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમાયેલા શ્રી. વી. સી. શાહના નિમણૂક સ્વીકારવા અંગેના દર્શાવતા તા. ૩-૯-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. શાહની નિમણૂક રૂ. ૧,૧૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૨૦૦ના શરૂઆતના પગારથી કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકો તથા નિરીક્ષકોના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના તથા કાર્યાલયના હસ્તક થયેલ ભૂલ અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૩-૯-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાન વિભાગમાં એમ.એસસી.ના સવારના વર્ગો માટે સવારે વધારાના કામને પહોંચી વળવા માટે રૂ. ૩-૧૦ના દૈનિક વેતનથી એક પટાવાળાની પ્રથમ સત્રના અંત સુધી નિમણૂક કર્યાના;

(૨) યુનિવર્સિટી કાર્યાલયમાં સુથારની જગ્યા ઉપર કામ કરતા શ્રી. જે. વી. સુથારને કાર્યાલયના સમય દરમિયાન હૉલેરિથ વિભાગમાં આવેલાં નવાં મશીનોની પેટી ખોલતાં તેમના પગને થયેલી ઈજાના કારણે તેમની તા. ૧૯-૮-૧૯૬૯થી તા. ૨૪-૮-૧૯૬૯ની દિવસ છની ફરજ-રજા મંજૂર કર્યાના;

(૩) યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કુ. આઈ. બી. પટેલને તા. ૯/૧૦-૧૧-૧૯૬૮ના રોજ થયેલા તેમના પગારસુધારાને અનુલક્ષીને રૂ. ૧૩૦-૮-૧૭૦ ઈ.બી. ૧૨-૨૯૦-૧૧-૩૫૦ના પગારધોરણમાં તા. ૬-૯-૧૯૬૮થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૬૦. ઑક્ટોબર ૧૯૬૬ની ફર્સ્ટ એલએલ.બી. પરીક્ષા તેમ જ ઑક્ટોબર ૧૯૬૮ની સેકન્ડ એલએલ.બી. પરીક્ષાનું શ્રી. પ્રહ્લાદભાઈ બબલદાસ પટેલનું પરિણામ, તેમણે ખોટી રીતે આ બન્ને અભ્યાસક્રમોમાં હાજરી

પુરાવ્યાને કારણે, સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે, યુનિવર્સિટી કાર્યાલયના જાહેરનામા નં. ૧૬૭થી રદ કરવામાં આવ્યું છે; તે અંગે તેમની તારીખ વિનાની અરજી અંગે વિચારણા કરવા બાબત.

શ્રીયુત પ્રહ્લાદભાઈ બબલદાસ પટેલે ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૧૧૫થી રિટ અરજી કરતાં તેની સુનાવણી તા. ૮-૯-૧૯૬૯ના રોજ નીકળતાં અરજદાર તરફથી આ અંગે પુનર્વિચારણા કરવા યુનિવર્સિટી સિન્ડિકેટને વિનંતી કરાનાર છે તેવી રજૂઆત થઈ હતી અને તેની સુનાવણી તા. ૨૧-૧૦-૧૯૬૯ પર મુલતવી રખાઈ છે.

વિદ્યાર્થી તરફથી યુનિવર્સિટી જાહેરનામું નં. ૧૬૭ કે જે દ્વારા તેનાં ફર્સ્ટ અને સેકન્ડ એલએલબી.નાં પરિણામ રદ કરવામાં આવ્યાં છે તે રદ કરવાની વિનંતી કરતી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. યુનિવર્સિટીમાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલ વધુ અભ્યાસ અર્થે પરદેશ જવેલ હોઈ તેઓને તા. ૯-૮-૧૯૬૯થી તા. ૮-૨-૧૯૭૦ સુધી યુનિવર્સિટીનો પદાધિકાર (lien) રાખી બિનપગારી રજા મંજૂર કરવા અંગેના તેઓના તા. ૨૩-૮-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. સી. એસ. પટેલની આ પહેલાં તા. ૧૫-૩-૧૯૬૮થી તા. ૮-૮-૧૯૬૯ની બિનપગારી રજા મંજૂર કરવામાં આવી હતી.

(૨) જુ. ક્લાર્ક શ્રી. એન. સી. જોશીની બાબતમાં સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની બેઠકમાં પદાધિકાર (lien) અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીની પોતાનો પદાધિકાર ચાલુ રાખવાની માગણી આવે તો તે મંજૂર કરવી નહિ એમ યુનિવર્સિટી કાર્યાલયને સૂચના આપવી."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. યુનિવર્સિટી કાર્યાલયના પ્રકાશન વિભાગમાં ભાષાન્તરકાર તરીકે કામ કરતા શ્રી. જે. પી. ગજ્જરને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૩,૪૦૦ની લોન આપવા અંગેની તેમની તા. ૧-૯-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે તથા તેના ૬૦ ટકાના રકમ એડવાન્સ તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ભાષાન્તરકાર શ્રી. જે. પી. ગજ્જરને સ્કૂટર ખરીદવા માટે રૂ. ૨,૭૦૦ની લોન નીચેની શરતોએ આપવી :

(૧) લોનની રકમ સરખા ૫૦ હપતાથી વસૂલ કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવશે.

(૩) લોન લેનાર કર્મચારીએ વાહનનો વીમો ઉતરાવીને યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.
(૪) લોન અંગે જરૂરી કરારનામું સ્ટૅમ્પ પેપર ઉપર કરવાનું રહેશે.
(૫) વાહનની કિંમતના ૮૦ ટકાથી વધુ રકમ લોન તરીકે મળી શકશે નહીં, અને
(૬) ઉપરોકત રકમની ૬૦ ટકાથી વધુ રકમ એડવાન્સ તરીકે મળી શકશે નહિ, જ્યારે બાકીની રકમ વાહન ખરીદ્યા પછી તેનું બિલ રજૂ કર્યેથી આપવામાં આવશે.

૬૩. તા. ૧૯-૯-૧૯૬૯ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રીમતી એસ. એમ. દેસાઈ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	શ્રી. એસ. પી. આચાર્ય	વિનયન—ભાષાવિજ્ઞાન	,,
(૩)	શ્રી. એમ. એસ. સોલંકી	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૪)	શ્રી. એલ. એસ. રાવ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
(૫)	શ્રી. એમ. સી. શ્રોફ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,

(૨) માર્ચ-એપ્રિલ, ૧૯૬૯ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલો જણાયાથી તે સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૬૫. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ દ્વારા આગ્રા મુકામે સપ્ટેંબર ૨૯થી ઑકટોબર ૫ સુધી Personal and Organisational Development પર યોજનાર "લેબોરેટરી પ્રોગ્રામ"માં આ યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવોને મોકલવા માટેના તેમના એડમિનિસ્ટ્રેશન ઑફિસરના તા. ૧૦-૯-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રત્યેક લાભ લેનાર દીઠ રૂ. ૭૫૦ ફી છે, જેમાં રહેવાના, જમવાની અને રીડિંગ મટિરિયલ્સના ખર્ચનો સમાવેશ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૬. સ્ટે. ૧૧૩ (ઈ) અન્વયે રસાયણવિજ્ઞાનના વિષયમાં શ્રી. જી. બી. દવે, અટિરા, અમદાવાદ, પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરી પરદેશ ગયા હોઈ ઑર્ડિ. ૩૨૧ની જોગવાઈ હેઠળ તેમની મૌખિક પરીક્ષા પરદેશમાં લેવાય છે તે માટે નીચે જણાવેલ રેફરીની નિમણૂક મંજૂર કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

રેફરીનું નામ : Prof. E. Husemann, University of Freiburg.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે Prof. E. Husemann(University of Freiburg)ની નિમણૂક કરવી.

૬૭. મુંબઈ યુનિવર્સિટીનો સમાજશાસ્ત્ર વિભાગ નવેંબર, ૧૯૬૯માં પચાસ વર્ષ પૂરાં કરતો હોઈ નવેંબર ૧થી ૬, ૧૯૬૯ના સમય દરમિયાન "Problems of Modernization of the Underdeveloped Societies" પર એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે Golden Jubilee Celebrations Committeeના ચેરમેન અને મુંબઈ યુનિવર્સિટીના કુલપતિશ્રી પી. બી. ગજેન્દ્રગડકર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. તારાબહેન પટેલને મોકલવાં.

૬૮. Anatomical Society of Indiaનું ૧૮મું વાર્ષિક અધિવેશન ડિસેંબર, ૧૯૬૯ના છેલ્લા સપ્તાહ દરમિયાન મેડિકલ કૉલેજ, ઉદેપુર ખાતે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૬ સપ્ટેંબર ૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૯. ભારત સરકારનો આણુશકિત વિભાગ "Micromolecules in Storage and Transfer of Biological Information" પર ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, ટ્રોમ્બે ખાતે ડિસેંબર, ૧૯૬૯ના મધ્યમાં એક પરિસંવાદ યોજે છે તેમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ વિભાગના નાયબ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. જે. જે. ચિનોયને મોકલવા.

૭૦. "સિન્ડિકેટના તા. ૭-૯-૧૯૬૩ના ઠરાવ નં. ૧૩ મુજબ યુનિવર્સિટીના વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયનાં નાણાની લેવડદેવડ માટે બૅંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરામાં ખાતું ખોલવામાં આવ્યું હતું અને તે અંગે રેસિડેન્ટ પ્રોફેસર તથા યુનિવર્સિટીના એકાઉન્ટન્ટની સંયુકત સહીથી લેવડદેવડ કરવાની સત્તા આપવામાં આવી હતી, પરંતુ હાલના રેસિડેન્ટ પ્રોફેસર શ્રી. એમ. એસ. દુબલે પરદેશ ગયા હોવાથી ખાતાની લેવડદેવડ અંગે તેઓની જગ્યાએ અન્ય નિમણૂક કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે બૅન્ક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા, અમદાવાદ—૯માં યુનિવર્સિટીના છાત્રાલયના ચાલુ ખાતાની નાણાની લેવડદેવડ યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ શ્રી. બી. કે. શાહ તથા ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઢની સંયુકત સહીથી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના અધિકારીઓની બદલી થાય તો તે અંગેની બૅન્કને જાણ કરવાની શ્રી. કુલપતિશ્રીને સત્તા આપવી.

આ સંદર્ભમાં રેસિડેન્ટ પ્રોફેસર ડૉ. એમ. એસ. દુબલેને પરદેશ જવા માટે ખાસ રજા આપવામાં આવેલી હોઈ તેમની ગેરહાજરીમાં રેસિડેન્ટ પ્રોફેસરની કામગીરી અંગેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે અંગે ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે જરૂરી વ્યવસ્થા કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૧. સ્ટે. ૧૧૩ (ઈ) અન્વયે રસાયણવિજ્ઞાનના વિષયમાં નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—આ વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા માટે અગાઉ રેફરીની નિમણૂક થઈ ગયેલી છે.)

Name of student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri C. J. Trivedi	"Some reactions of Hyponitrites and Nitzites : (*i*) Preparation and properties of Hyponitries of Lithium and Thallium (*ii*) The Thermal Decompositions of the Hyponitries Lithium and Thallium (*iii*) The action of Dinitrogen Textroxide and its thermal dissociation and its production (*a*) Hyponitries of Lithium-Thallium (*b*) Nitrites of Lithium and Thallium"	Dr. V. T. Oza	1. Prof. Dr. A. J. Vosper, Dept. of Chemistry, Portsmouth College, Burnaby Road, Portsmouth, Tants. 2. Prof. Dr. M. N. Hughes, Chemistry Dept., Queen Elizabeth College, Campden Hill Road, London, W.–8.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૭૨. શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમો ૪(૨૭) અને ૩૮(એ) તથા સ્ટે. ૨૦૭ના સંદર્ભમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧–અ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૮ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૫. ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલયના તા. ૧-૯-૧૯૬૯ના પત્રાંક એફ્-૨૩-૪૧/૬૯ ઈએસ.-૪ના સંદર્ભમાં "કૉમનવેલ્થ ટીચર ટ્રેનિંગ બર્સરીઝ, ૧૯૭૦-૭૧" અન્વયે ગુજરાત યુનિવર્સિટીમાં કાર્ય કરતા મદદનીશ નિયામક, યુવક કલ્યાણ વિભાગ, શ્રી. કે. એચ. દવેની અરજી ભારત સરકારને મોકલી આપવા અંગેની તેઓની તા. ૧૮-૯-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અરજી મોકલતી વખતે Sponsoring Institutionને નીચે મુજબની શરતોનું પાલન કરવાનું હોય છે :

(*i*) The candidate should be employed and sponsored.

(*ii*) The sponsoring authorities should give an undertaking in the enclosed form to meet the passage cost of their nominees both ways and also should grant leave with salary and other allowances. No nomination will be considered unless accompanied by the undertaking.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની યુવક કલ્યાણ વિભાગના મદદનીશ નિયામક શ્રી. કે. એચ. દવેની અરજી ભારત સરકારને ભલામણ સાથે મોકલી આપવી.

(**નોંધ.**— શ્રી. દવેનો પ્રવાસખર્ચ યુનિવર્સિટી તરફથી આપી શકાશે નહીં એમ સ્પષ્ટતા કરવી.)

૭૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી ગુજરાતીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. બી. પી. કોઠારી — માન્ય અનુસ્નાતક શિક્ષક.

(૨) શ્રી. બી. ડી. ઠાકર — હાલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે. સન ૧૯૭૦થી તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે તેમ આચાર્યશ્રી અરજીમાં જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૯થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શરતોના પાલનમાં રહેલ ક્ષતિઓ	કૉલેજ તરફથી આવેલ પૂરક માહિતી
૧.	આચાર્ય તરીકે નિમાયેલા શ્રી. કે. ઓ. બધેકા આચાર્યના નિમણૂક અંગેના તા.૧૫-૬-૧૯૬૯થી અમલમાં આવેલ નવા નિયમો મુજબ લાયકાત ધરાવતા નથી.	૧. કૉલેજ જણાવે છે કે શ્રી. કે. ઓ. બધેકાની નિમણૂક તા. ૧૦-૬-૧૯૬૯ના રોજ કરેલ છે તેથી તા. ૧૫-૬-૧૯૬૯થી અમલમાં આવતા નિયમો આ નિમણૂકને લાગુ પાડી શકાય નહિ. તેથી આ નિમણૂક માન્ય રાખવી. જો તે શકય ન હોય તો કોન્ડોન કરવી. વધુમાં, અનુભવ નીચે જણાવ્યા પ્રમાણે છે : (૧) એક વર્ષ લૉના વ્યાખ્યાતા (૨) પાંચ વર્ષ લૉના પ્રાધ્યાપક (૩) ૧૬ વર્ષ મુંબઈ હાઈકોર્ટનું સ્ટેન્ડિગ.
૨.	નિયમ મુજબ આચાર્યને ૯૦૦ ચો.ફૂટના ક્ષેત્રફળવાળું રહેઠાણ આપ્યું નથી.	૨. નિયમ મુજબ રહેઠાણ આપવામાં આવશે.
૩.	યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવાની બાકી છે.	૩. એક સ્નાતકની રૂ. ૨૦૦ના પગારથી ગ્રંથપાલ કલાર્ક તરીકે નિમણૂક કરી છે. યોગ્ય લાયકાત ધરાવતી વ્યકિત નહિ મળતી હોઈ આ નિમણૂક કોન્ડોન કરવા જણાવે છે.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી. કે. ઓ. બધેકાની અને ગ્રંથપાલની નિમણૂકો ફકત ચાલુ વર્ષ પૂરતી મંજૂર કરવી અને જણાવવું કે જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યની અને ગ્રંથપાલની નિમણૂકો કરવી આવશ્યક રહેશે.

Five persons having special knowledge of the subject for which the teacher is to be appointed, to be selected as follows, namely:

(*b*) Three by the Syndicate who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૨. યુનિવર્સિટીમાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલ વધુ અભ્યાસ અર્થે પરદેશ ગયેલ હોઈ તેઓને તા. ૯--૮--૧૯૬૯થી તા. ૮--૨--૧૯૭૦ **સુધી યુનિવર્સિટીનું પદાધિકાર (lien) રાખીને બિનપગારી રજા મંજૂર કરવા અંગેના તેઓના તા. ૨૩--૮--૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—(૧) શ્રી. સી. એસ. પટેલની આ પહેલાં તા. ૫—૩—૧૯૬૮થી તા. ૮—૮—૧૯૬૯ની બિનપગારી રજા મંજૂર કરવામાં આવી હતી.

(૨) જુ. ક્લાર્ક એન. સી. જોશીની બાબતમાં સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની બેઠકમાં (lien) અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીની પોતાનો પદાધિકાર ચાલુ રાખવાની માગણી આવે તો તે મંજૂર કરવી નહીં એમ યુનિવર્સિટી કાર્યાલયને સૂચના આપવી."]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૩. શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમો ૪ (૨૭) અને ૩૮ (એ) તથા સ્ટે. ૨૦૭ના સંદર્ભમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૪. સેનેટે તેની તા. ૪/૫--૧૦--૧૯૬૭ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૧૩૪ સેનેટે તેની તા. ૨૯/૩૦-૩૧-૩-૧૯૬૯ની સભામાં નીચે પ્રમાણે સુધારીને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલેલ તે તેઓશ્રીએ તેમના મંત્રીના તા. ૧૯-૧૦-૧૯૬૮ના પત્રાંક જી.એસ. ૫૭૬૬--૬૮થી સેનેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે સેનેટે તેની તા. ૧૦/૧૧—૧૦—૧૯૬૯ની સભામાં તે પરના શ્રી. એસ. કે. ઝવેરીના સુધારા સાથે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

St. 134 :

" The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may

be admissible to other whole-time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examination is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this statute shall be deemed to take effect from 1-7-1967."

ઉપરના સ્ટે. ૧૩૪ પર શ્રી. એસ. કે. ઝવેરીનો સુધારો નીચે મુજબ હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૯/૩૦-૩-૧૯૬૯ની સભામાં સ્ટેચ્યૂટ ૧૩૪નો પાઠ સુધારીને પસાર કર્યો છે તે પર કુલાધિપતિશ્રીના આદેશને અનુલક્ષીને સદરહુ સ્ટેચ્યૂટ ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો જરૂરી જણાય છે એમ કુલાધિપતિશ્રીને જણાવીને સદરહુ સુધારેલા સ્ટે. ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે તેઓશ્રીને વિનંતી કરવામાં આવે :

St. 134 :

' The pay-scale of the Registrar shall be Rs. 900-40-1300-50-1400 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other full-time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a furnished bungalow including water and telephone facility and shall be charged therefore 10% of his basic pay per month. He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this statute shall come into force the date it is assented to by His Excellency the Chancellor."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૫. સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેનો સ્ટે. ૧૯૩-બી સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં પણ પુનઃ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

St. 193-B :

" The employees of the University both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 200 or less	..	Rs. 3,000/-
2. Employees drawing basic pay from Rs. 201 to 400	..	Rs. 3,500/-

3. Employees drawing basic pay from Rs. 401 to 800 .. Rs. 4,000/-
4. Employees drawing basic pay from Rs. 801 and onward .. Rs. 4,500/-
5. The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy, provided for the higher slab of pay."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૬. સંશોધન-શિષ્યવૃત્તિઓ અંગેની સમિતિની તા. ૧૨-૯-૧૯૬૯ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૭. તા. ૨૭-૧૦-૧૯૬૯ના રોજ મળેલ ફાઈનાન્સ કમિટીની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭-૧૦-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭-૧૦-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૮. સિન્ડિકેટે તેની તારીખ ૧૦-૮-૧૯૬૯ની સભામાં સ્વીકારવામાં આવેલા "શ્રી. મણિભાઈ ઝવેરભાઈ પટેલ સુવર્ણચંદ્રક" અંગેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૯. રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે કાર્ય કરતાં કુ. સુલક્ષણા એમ. પટેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતાં નહીં હોવાથી ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન તેમની નિમણૂક ફાજલ ગણવા અંગે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૧૬-૯-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. એસ. એમ. પટેલ બી.એસસી.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૦. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજમાં પાળી પદ્ધતિથી પ્રથમ વર્ષ એલએલ.બી.ના વર્ગો આખું સત્ર ચાલ્યા હોવા બાબત અંગે તથા તે પદ્ધતિ બીજા સત્રમાં પણ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૧. ભારત સરકારના શિક્ષણખાતા તરફથી પ્રતિવર્ષ સ્ટેટિસ્ટિકસ અંગેની માહિતી ફૉર્મ બી—૧માં મગાવવામાં આવે છે તે પ્રમાણે વર્ષ ૧૯૬૭—૬૮ની માહિતી દરેક કૉલેજ પાસેથી મગાવતાં નીચેની કૉલેજો તરફથી આજ સુધી ફૉર્મ બી—૧ માહિતી સહિત આવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

૧. અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર

[**નોંધ.**—(૧) આ ફૉર્મ ભરીને મોકલવા તા. ૧૯--૩--૧૯૬૯ના પત્રાંક પીજી. સ્ટેટ. ૭૬૦૨૮-૧૦૦થી જણાવેલ હતું.
(૨) આ ફૉર્મ મોકલવા માટે આજ સુધી ૧૫ સ્મૃતિપત્રો અને એક ડી.ઓ. પત્ર લખ્યો છે.
(૩) તા. ૪-૧૦-૧૯૬૯ના પત્રાંક પીજી. સ્ટેટ. ૨૭૧૩૦-૩૭થી ફૉર્મ તા. ૧૫--૧૦--૧૯૬૯ સુધીમાં નહીં આવે તો પગલાં લેવા સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવશે તેવો પત્ર લખ્યો છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં જુલાઈ ૧થી ૧૯મી જુલાઈ સુધીના હડતાળ દરમ્યાન વિદ્યાર્થીઓના ૧૭ કામના દિવસો સત્રના ૧૦૦ કામના દિવસોમાંથી કમી કરી તે દિવસોની ગેરહાજરી માફ કરવા બાબતની વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના વિદ્યાર્થીઓના ૧૯૬૯--૭૦ના વર્ગના પહેલા સત્રના કામના દિવસો ૮૩ ગણવા અને સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું કે આ વિદ્યાર્થીઓએ બીજા સત્રમાં હાજરીની બાબતમાં પૂરેપૂરા નિયમિત રહેવું આવશ્યક રહેશે.

૫૩. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમને ત્યાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો અને સામયિકો ખરીદ કરવા માટે રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મંજૂર થયેલ છે તેની સામે રૂ. ૮,૦૦૦ મૉચિંગ શૅર તરીકે આપવાના થાય તે ૧૯૬૮—૬૯ના વર્ષની રૂ. ૯,૫૩૫—૪૦ પૈસાની બચતમાંથી આપવાની આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રથમ હપતાના રૂ. ૫,૦૦૦ તા. ૯—૧૨—૧૯૬૮ના રોજ મળ્યા છે.]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૪. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ અર્થે તે કૉલેજને યુ.જી.સી. તરફથી મંજૂર થયેલ અનુદાનની સામે મૉચિંગ શૅર આપવા અંગેની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

બાબત	યુ.જી.સી.એ. મંજૂર કરેલ યોજનાનો ખર્ચ	મૉચિંગ શૅરની રકમ કૉલેજે આપવાની	યુનિવર્સિટી પાસે કૉલેજે માગેલી રકમ	સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિ. તરફથી કેટલી સહાય મળી શકે
૧. વિજ્ઞાનનાં સાધનો	૧,૦૦,૦૦૦—૦૦	૨૫,૦૦૦	—	કુલ્લે રૂ. ૫,૭૩૦-૧૮ પૈસા સુધી આપી શકાય.
૨. પુસ્તકો માટે	૨૦,૦૦૦—૦૦	૫,૦૦૦		
૩. વધારાના સ્ટાફ માટે	૨૦,૦૦૦—૦૦	૧૦,૦૦૦		મૉચિંગ શૅર આપવા માટે કોઈ જોગવાઈ નથી.

[**નોંધ.**—(૧) વર્ષ ૧૯૬૮--૬૯ના હિસાબો તપાસતાં કુલ બચત રૂ. ૬,૨૫૧-૧૦ પૈસા નીકળે, જેમાંથી રૂ. ૫૨૦-૧૦ પુસ્તકો ખરીદવા અપાયા છે તે બાદ કરતાં આ કૉલેજને કુલ રૂ. ૫,૭૩૦-૧૮ પૈસા યુ.જી.સી.ની ગ્રાન્ટ સામે મૅચિંગ શૅર તરીકે આપી શકાય.

(૨) યુ.જી.સી. તરફથી અનુદાન સામે બીજી કોઈ ગ્રાન્ટ મળી નથી.

(૩) વધારાના સ્ટાફ માટે મૅચિંગ શૅર આપવાની જોગવાઈ યુનિ.ના નિયમોમાં નથી.

(૪) આચાર્યશ્રીની માગણી નીચે મુજબ છે :

૧. સાધનો માટે રૂ. ૧,૦૦૦--૦૦

૨. પુસ્તકો માટે રૂ. ૩૩૦--૫૪

રૂ. ૧,૩૩૦--૫૪ પૈસા]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૫. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી શિષ્યવૃત્તિની માસિક રકમ રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૨૫૦ રાખવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણ સેનેટે તેની તા. ૧૦/૧૧—૧૦—૧૯૬૯ની સભામાં સ્વીકારી છે તેની જાણ માટે તથા તે અંગે આગળ પગલાં લેવાનું વિચારવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૬. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કંઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.એ શ્રી. રસિકલાલ બાલચંદ શાહની મૅનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્તિ કરવા ઠરાવ્યું હોવાથી તેને બહાલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ સહકારી ભંડારના સંબંધમાં નિયમ નં. ૨૦ (અ) (૫)નો પાઠ નીચે મુજબ છે :

"The Managing Director shall be nominated by the Managing Committee with the approval of the University and the Registrar of Co-operative Societies, Ahmedabad. He shall be an Ex-officio member of the Managing Committee.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિમિટેડે શ્રી. રસિકલાલ બાલચંદ શાહની મૅનેજિંગ ડિરેક્ટર તરીકે કરેલી નિમણૂકને યુનિવર્સિટી તરફથી મંજૂરી આપવી.

૫૭. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કાર્યમાં સક્રિય ભાગ લેવા અંગે લોકસભાના સભ્યશ્રી મધુ લિમયે લોકસભામાં રજૂ કરેલ પ્રસ્તાવ The Central Universities (Students' Participation) Bill, 1969 અંગે યુનિવર્સિટીનો અભિપ્રાય માગતા ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ તા. ૧૯—૫—૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૮. સેનેટે તેની તા. ૧૦/૧૧—૧૦—૧૯૬૯ની સભામાં ઑર્ડિનન્સ ૬૨-બી, ૬૫-ઓ, ૬૫-એસ અને ૧૨૦-એ સિન્ડિકેટની પુનર્વિચારણા કરવા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. ઈજનેરી વિદ્યાશાખાની તા. ૪—૭—૧૯૬૯ની ભલામણ મુજબ સિવિલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ અને ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગના અનુસ્નાતક અભ્યાસક્રમો મંજૂર કરવા તથા તેને લગતાં ધારાધોરણો આ સાથેના પરિશિષ્ટ મુજબ રાખવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૦૧, ઑર્ડિ. ૦૨, ઑર્ડિ. ૦૩, ઑર્ડિ. ૦૪ તથા રેગ્યુ. ૦૧, રેગ્યુ. ૦૨, રેગ્યુ. ૦૩, રેગ્યુ. ૦૪, રેગ્યુ. ૦૫, રેગ્યુ. ૦૬, રેગ્યુ. ૦૭ અને રેગ્યુ. ૦૮ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા અનુસ્નાતક અભ્યાસક્રમ તથા તેને લગતા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૦. ઈજનેરી વિદ્યાશાખાની તા. ૪—૭—૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર સેમિસ્ટર ફર્સ્ટ બી.ઈ. ૧ પાર્ટ ૧ ૧૦૫, એન્જિનિયરિંગ ડ્રૉઈંગ ૧; સેમિસ્ટર સેકન્ડ બી.ઈ. ૧ પાર્ટ ૨ ૨૦૫, એન્જિનિયરિંગ ડ્રૉઈંગ ૨; સેમિસ્ટર ફર્સ્ટ બી.ઈ. ૧, પાર્ટ ૧ ૧૦૬, વર્કશોપ પ્રૅક્ટિસ ૨; સેમિસ્ટર બી.ઈ. ૧ સેકન્ડ પાર્ટ ૨ ૨૦૬, વર્કશોપ પ્રૅક્ટિસ ૨ના એન્જિનિયરિંગ ડ્રૉઈંગ અને વર્કશોપ પ્રૅક્ટિસના વિષયો માટેનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ફર્સ્ટ અને સેકન્ડ સેમિસ્ટરમાં ભણાવવાનો રાખવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એન્જ. ૭ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની તથા રેગ્યુ. એન્જ. ૭ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૧. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૩૦—૯—૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર ફાર્મસીની જુદી જુદી પરીક્ષાઓના પરિક્ષકો-પ્રાધ્યિનકોની નિમણૂકો માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તેનો અમલ જૂન ૧૯૭૦થી કરવો.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૨. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦—૪—૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૧(૩) ૨૮૨(૩), ૨૯૪(૩) અને ૨૯૫(૩) આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવા માટે અને તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૨૮૧(૩), ૨૮૨(૩), ૨૯૪(૩) અને ૨૯૫(૩) મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૬૩. તબીબી વિદ્યાશાખામાં ક્લિનિકલ વિષયો માટેની અભ્યાસસમિતિની તા. ૧૮—૬—૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા ઇન સાયકોલોજિકલ મેડિસિન(ડી.પી.એમ.)નો અભ્યાસક્રમ અને તેને લગતાં ધારાધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૩૭૮, ઑર્ડિ. ૩૭૮--એ, ઑર્ડિ. ૩૭૮--બી, રેગ્યુ. ૨૬૨, રેગ્યુ. ૨૬૨--એ, રેગ્યુ. ૨૬૨--બી, રેગ્યુ. ૨૬૨--સી, રેગ્યુ. ૨૬૨--ડી અને રેગ્યુ. ૨૬૨--ઈ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમ તથા તેને લગતા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૬૪. અમદાવાદમાં તાજેતરમાં થયેલ કોમી રમખાણને કારણે ફર્સ્ટ સેમેસ્ટર (બી.ઈ. ૧ પાર્ટ ૧) અને ફર્સ્ટ ઈયર ડિપ્લોમા પાર્ટ ટાઇમ ડિગ્રી પરીક્ષાઓના જે વિદ્યાર્થીઓની હાજરી ખૂટતી હોય અથવા ટર્મ વર્ક પૂરું ન કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને ઑક્ટોબર ૧૯૬૯ની પરીક્ષામાં બેસવા દેવા કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૧—૧૦—૧૯૬૯ના પત્રાંક ૩૧૭૨ અને ૩૧૯૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓનો પ્રવેશ માન્ય ગણવો અને તેમનું બાકી રહેલું ટર્મ વર્ક તાત્કાલિક પૂરું કરાવવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૬૫. વિદેશી વિશ્વવિદ્યાલય માર્ગદર્શન કેન્દ્ર(ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો)ની તા. ૧૬-૧૦-૧૯૬૯ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર(Bureau)ની તા. ૧૬--૧૦--૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બ્યૂરોની તા. ૧૬--૧૦--૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૬૬. આ યુનિવર્સિટીમાં પેટ્રોકેમિકલ સ્ટડી સેન્ટર સ્થાપવા માટે આ અગાઉ મુંબઈના શ્રી. નિરંજન રમણલાલ તરફથી કરવામાં આવેલ પ્રસ્તાવમાં હવે તેઓને રસ નહીં હોવા અંગેની જાણ કરતા તેમના તરફથી આવેલ પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૭. National Council of Educational Research and Training તરફથી સંચાલિત Science Talent Search Examination Associated Centre ગુજરાતના અધ્યક્ષ તરીકે ભવનના અધ્યક્ષ શ્રી. જે. જે. ચિનોયની નિમણૂક થયેલ હોઈ તે સંસ્થા તરફથી તેમને રૂ. ૧,૦૦૦નું માનદ વેતન સ્વીકારવા અંગેના ડૉ. ચિનોયના તા. ૧૮—૯—૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટની તા. ૪-૨-૧૯૬૯ના ઠરાવ અન્વયે યુનિવર્સિટીના શિક્ષકોને બહારની સંસ્થાઓની કોઈ પણ સંશોધનયોજના માટે કામ કરવા માટે તેમને મળતા મૂળ માસિક પગારના આશરે ૨૫ ટકા, પરંતુ વધુમાં વધુ ૩૦ ટકા જેટલું ભથ્થું આપવાનો નિયમ સામાન્ય રીતે રાખવો.]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૮. ઊંઝા એજ્યુકેશન બોર્ડ લૉ કૉલેજ, ઊંઝાનું નામ "શેઠ બ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ" એમ બદલવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૬—૧૦—૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૯. ભારતના આરોગ્ય ખાતાના સચિવ તરફથી અનુસૂચિત જાતિઓ માટે અને અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગાઓ રાખવા અંગે આવેલ તા. ૮—૯—૧૯૬૯ના પત્રાંક એફ. ૧૫-૬૫-૬૯-એમ.ઈ. (યુ.જી.) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૦. ગુજરાત યુનિવર્સિટીમાંથી આયુર્વેદ વિદ્યાશાખા રદ કરવાનું સૂચન કરતા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી આવેલ તા. ૩—૧૦—૧૯૬૯ના પત્રાંક વીસી. ૩૮૬ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. Indian Society of International Lawનું વાર્ષિક અધિવેશન Indian Society of International Law and the Indian Academy of International Law and Diplomaના ઉપક્રમે જન્યુઆરી ૯થી ૧૧, ૧૯૭૦ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગમી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પી. આર. દેસાઈને મોકલવા.

૭૨. The Iran Society of Calcutta તેની Silver Jubilee Celebration ઉપરાંત Indo-Iran-Iranian સંબંધો વિષય અંગે એક સેમિનાર ડિસેંબર ૨૦થી ૨૨, ૧૯૬૯ના સમય દરમિયાન કલકત્તા મુકામે યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે કાર્યકારી સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના રજત જયંતી મહોત્સવ ઉપરાંત Indo-Iran-Iranian સંબંધો ઉપર યોજવામાં આવેલ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એફ. સી. દાવરને મોકલવા.

[**નોંધ.**— પ્રો. એફ. સી. દાવર શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા છે તેમ છતાં તેમને આ વિષયના તેમના ઊંડા અને તલસ્પર્શી અભ્યાસને અનુલક્ષીને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવાનું સિન્ડિકેટે ઠરાવેલું છે. પરંતુ આ બાબત ભવિષ્યમાં શિરસ્તા તરીકે ગણવામાં આવશે નહિ.]

૭૩. Documentation Research and Training Centreનો સાતમો પરિસંવાદ બેંગ્લોર મુકામે ડિસેંબર ૧૫થી ૧૯, ૧૯૬૯ના રોજ યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે (DRTC) પરિસંવાદના કન્વીનરશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૭૪. ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ એસોસિયેશનનું ૨૧મું સત્ર ચંદીગઢ (પંજાબ) મુકામે ડિસેંબર ૨૯થી ૩૧, ૧૯૬૯ના રોજ યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટે તેની. તા. ૬--૯--૧૯૬૯ની સભામાં બાબત નં. ૮ અંગે કરેલા ઠરાવની પુનર્વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કાનપુર ખાતે યોજવામાં આવેલા The Association of Physiologists and Pharmacologists of Indiaના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. આર. દેરાસરીને બદલે ડૉ. એમ. એન. જિન્દાલને મોકલવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ચંદીગઢ ખાતે યોજવામાં આવેલા ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. સી. એસ. શાહ અને ડૉ. એચ. આર. દેરાસરીને મોકલવા.

૭૫. Formulation of a Common Syllabus of Audio-Visual in the B.Ed. Teacher Training Colleges of India પર Dept. of Teaching Aids ન્યૂ દિલ્હી મુકામે નવેંબર માસના છેલ્લા સપ્તાહ દરમિયાન એક વર્કશોપ યોજે છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે NCERT વિભાગના વડા તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશોપમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ઘનશ્યામભાઈ પરીખને મોકલવા.

૭૬. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૮—૧૦—૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮--૧૦-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮--૧૦--૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૭૭. અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૮. એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ સેકંડ બી.કૉમ. પરીક્ષામાં બોરસદ કૉલેજ મારફત બેઠેલ વિદ્યાર્થી નં. ૩૫૫૭ પટેલ પ્રવીણકુમાર અંબાલાલે સરદાર પટેલ યુનિવર્સિટીનું ખોટું સ્થળાંતર પ્રમાણપત્ર રજૂ કરી તેના આધારે આ યુનિવર્સિટીમાંથી ફાઇનલ એલિજિબિલિટી પ્રમાણપત્ર મેળવી બોરસદ કૉલેજમાં પ્રવેશ મેળવ્યા અંગેના કેસ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) તપાસ દરમિયાન માલૂમ પડયું છે કે મજકૂર વિદ્યાર્થીએ સરદાર પટેલ યુનિવર્સિટીના બીજા એક વિદ્યાર્થી પટેલ હીરાભાઈ ભૂરાભાઈના માઈગ્રેશન સર્ટિફિકેટનો ઉપયોગ કર્યાનું જણાયું છે.

(બ) વિદ્યાર્થી નં. ૩૧૧૫૭નું પરિણામ અનામત રાખેલ છે.]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. બાંધકામ સમિતિની તા. ૨૪—૧૦—૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૦. આચાર્ય દર્શનસિંગ શીખના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"હાલમાં પરીક્ષાનાં પેપરો છાપતી વખતે પ્રેસ-સુપરવાઈઝર નીમવામાં આવે છે તેનાં કાર્યોની સ્પષ્ટતા થયેલ નથી. તેને મહેનતાણું રૂ. ૫/— આપવામાં આવે છે.

તેનાં કાર્યોની સ્પષ્ટતા કરવા અને તેને મળતા મહેનતાણામાં વધારો કરવાની જરૂર લાગે છે. જો પ્રેસ-સુપરવાઈઝરની જરૂર ન જણાતી હોય તો પ્રેસ-સુપરવાઈઝરની નિમણૂકની પ્રથા રદ કરવી જોઈએ."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૧. ભવિષ્યમાં જોડાણ અંગેની હાલની કાનૂની પ્રક્રિયાના સંદર્ભમાં સમગ્ર રીતે વિચારણા કરીને વિગતવાર સમયપત્રક સૂચવવા માટે સિન્ડિકેટે તેની તા. ૯/૧૦—૮—૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૨. "સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇકિવવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ"ની તા. ૬—૧—૧૯૬૯ તેમ જ તારીખ ૧૨—૬—૧૯૬૯ની જે ભલામણો એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧—૭—૧૯૬૯ની સભાએ મંજૂર કરેલ છે તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૧૨-૬-૧૯૬૯ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇકિવવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની બાબત ક્રમાંક ૨, ૨૬ અને ૨૭ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટે તેની તા. ૩૧-૫-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ છે.)

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૩. "ઇન્ડિયન કૉંગ્રેસ ઑફ અમેરિકન હિસ્ટરી"નું ૬ઠ્ઠું સત્ર વારાણસી મુકામે બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપક્રમે ડિસેંબર ૩૧થી જાન્યુઆરી ૧લી ૧૯૭૦ના સમય દરમિયાન યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કૉંગ્રેસના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૮૪. ધી પી. ઈ. એન. ઑલ-ઈન્ડિયા સેન્ટરનું દશમું અધિવેશન "ઑલ-ઈન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સ" પંજાબ યુનિવર્સિટીના ઉપક્રમે પતિયાળા મુકામે ડિસેંબર ૨૬થી ૨૯ના સમય દરમિયાન યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સેન્ટરના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના ત્રણ શિક્ષકો પૈકી કોઈ પણ એકને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી:

(૧) શ્રી. ભોળાભાઈ પટેલ
(૨) શ્રી. દિગીશભાઈ મહેતા
(૩) ડૉ. રમણલાલ જોશી.

૮૫. શ્રી. કે. ડી. પંડ્યા, પ્રકાશન અધિકારીની સેવાઓ એક વર્ષ માટે ગુજરાત રાજ્ય પબ્લિકેશન બોર્ડને ઉછીની આપવાનું સિન્ડિકેટે તેની તા. ૩—૧૦—૧૯૬૯ની સભામાં ઠરાવ્યું હોઈ આ સમય દરમિયાન તેઓને યુનિવર્સિટી રહેઠાણમાં રહેવાની છૂટ આપવા અંગેની તેઓની તા. ૧૪—૧૦—૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. પંડ્યાની સેવાઓ ગુજરાત રાજ્ય પબ્લિકેશન બોર્ડને જે એક વર્ષ માટે ઉછીની આપવાનું સિન્ડિકેટે તેની તા. ૩--૧૦--૧૯૬૯ની સભામાં ઠરાવેલું છે તે વર્ષ દરમિયાન તેમને યુનિવર્સિટીએ હાલમાં આપેલ રહેઠાણમાં રહેવા માટેની પરવાનગી આપવી અને તે માટે સદરહુ બોર્ડ તરફથી તેમને જે મૂળ માસિક પગાર આપવામાં આવે તેના ૧૦ ટકા લેખે ભાડું લેવાનું રાખવું.

૮૬. પ્રો. મણિશંકર પંડ્યા તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭ / ૧૮-૯-'૬૯ની સભામાં મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટે જોગવાઈ કરવી."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૭. પ્રથમ સત્ર દરમિયાન અમદાવાદ શહેરના તંગ વાતાવરણના કારણે કોઈ અનુસ્નાતક કેન્દ્ર / કેન્દ્રોમાં અનુસ્નાતક નિયમ નં. ૪૨ અનુસાર જરૂરી વ્યાખ્યાનો લઈ શકાયાં ન હોય તો નિયમાનુસાર જરૂરી વ્યાખ્યાનો બીજા સત્રમાં પૂરાં કરવાની પરવાનગી કુલપતિશ્રીએ આપેલી છે. આવા પ્રથમ સત્રમાં બાકી રહેલાં વ્યાખ્યાનોને મહેનતાણાતા હેતુઓ માટે પ્રથમ સત્રનાં ગણવાં કે કેમ તે અંગે વિચારવા બાબત.

[નોંધ.—(૧) અનુસ્નાતક નિયમ અનુસાર પ્રત્યેક સત્રમાં પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ ૧૮થી ૨૪ વ્યાખ્યાનો આપવાની જોગવાઈ છે.

(૨) અનુસ્નાતક નિયમ નં. ૩૭ અનુસાર કોઈ પણ શિક્ષકને પ્રત્યેક સત્રમાં રૂ. ૨૪૦ મહેનતાણું આપી શકાય.

(૩) પ્રશ્ન એ છે કે બીજા સત્રમાં વધુ વ્યાખ્યાનો આપવા દેવાની પરવાનગી આપવામાં આવે તો બીજા સત્રમાં રૂ. ૨૪૦થી વધુ મહેનતાણું આપવાનું થાય તો તે આપવું કે કેમ ?]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૮. ફાર્મસીના જુદા જુદા વિષયોને આવરી લઈ તે વિષયમાં એક નવી પરિભાષાની પુસ્તિકા તૈયાર કરવા અંગે આચાર્યશ્રી સી. એસ. શાહે કરેલ સૂચનને અનુલક્ષીને તે વિષય માટે એક સમિતિ રચવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૯. સને ૧૯૬૯—૭૦ના શૈક્ષણિક વર્ષમાં સપ્ટેંબર—ઑક્ટોબર દરમિયાન અમદાવાદ તથા અન્ય સ્થળે ઊભી થયેલી અશાંતિના કારણે તા. ૩—૧૦—૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે યુનિવર્સિટી સાથે સંકળાયેલ જે તે કૉલેજો પ્રથમ સત્રના અંત થયેલાં બીજી કસોટી (ટેસ્ટ) પરીક્ષા લઈ શકી નથી તે અંગે માહિતી મગાવતાં ૪૬ જેટલી કૉલેજો બીજી કસોટી પરીક્ષા પ્રથમ સત્રમાં લઈ શકી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે સપ્ટેંબર—ઑકટોબર દરમિયાન અમદાવાદ તથા અન્ય સ્થળોએ ઊભી થયેલી કોમી અશાંતિને કારણે—

(૧) જે કૉલેજો આંતરિક મૂલ્યાંકન માટેની બીજી કસોટી પહેલા સત્રને બદલે બીજા સત્રમાં લેવાનું ઇચ્છે તો તેમને તેમ કરવા માટે પરવાનગી આપવી.

(૨) જે કૉલેજો આંતરિક મૂલ્યાંકન માટેની બીજી કસોટી યોજી શકે તેમ ન હોય તેમને અપવાદ તરીકે તે યોજવામાંથી મુકિત આપવી અને પહેલા સત્રની આંતરિક મૂલ્યાંકન માટેની કસોટીના ગુણાંક પ્રમાણસર (pro-rata) ગણવા માટે જણાવવું.

૯૦. ધી ઈન્ડિયન કાઉન્સિલ ઑફ જેગ્રોફર્સ "જેગ્રોફિકલ ટોપિકસ" પર એક પરિસંવાદ ખડગપુર મુકામે "ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસ"ના વાર્ષિક સત્રના સમયે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સંસ્થાના મંત્રીશ્રીના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એ. ટી. દેસાઈને અગર જો તેઓ જઈ શકે તેમ ન હોય તો પ્રો. વી. જી. દલાલને મોકલવા.

૯૧. માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૭—૧૦—૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭--૧૦--૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭--૧૦--૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૯૨. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ઈન બોટાની, શ્રી. એસ. સી. પાંડે તા. ૩૦—૫—૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૧૦—૧૦—૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એસ. સી. પાંડે તા. ૫--૧૦--૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૩૦--૫--૧૯૬૯થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. સી. પાંડેને તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૯૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી જે. વી. ભટ્ટ તા. ૧૬—૧૦—૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૩૦—૧૦—૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રીમતી જે. વી. ભટ્ટ તા. ૨--૩--૧૯૬૫ના રોજ કાર્યાલયમાં જોડાયાં હતાં અને તા. ૧૬--૧૦--૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી જે. વી. ભટ્ટને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૯૪. લૉ ફેકલ્ટી નીચે રચાયેલી અભ્યાસસમિતિઓની તા. ૨૯—૧૦—૧૯૬૯ની સંયુકત સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એલએલ.એમ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા માટે ઘણા વિદ્યાર્થીઓ બાકી રહેલા હોવાથી મે, ૧૯૭૦ અને મે ૧૯૭૧ માં એમ બે પરીક્ષાઓ વધુ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ એક વાર મે ૧૯૭૦માં લેવાનું રાખવું.

૯૫. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના પ્રયોગશાળાના ખર્ચમાં રૂ. ૩૪,૫૦૦ની વધુ જોગવાઈ કરવા બાબત.

(નોંધ.—રસાયણવિજ્ઞાન વિભાગમાં ૯૧ વિદ્યાર્થીઓને વધુ એડમિશન આપવાને કારણે આ જોગવાઈની જરૂર ઊભી થઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિભાગ માટે પ્રયોગશાળાના ખર્ચ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૩૪,૧૦૦ની વધુ જોગવાઈ કરવી.

૯૬. પ્રો. પી. એફ. પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોના શૈક્ષણિક સ્ટાફને મળતું ઘરભાડાભથ્થું પ્રવર્તમાન ઘરભાડાની સરખામણીમાં એટલું બધું ક્ષુલ્લક છે કે વર્તમાન સંજોગોમાં શિક્ષકોને સહન કરવા પડતા ઘર-ભાડાના બોજને હળવો કરવામાં તે તદ્ન બિનઅસરકારક છે. આથી શૈક્ષણિક વર્ગના ઘરભાડા ભથ્થામાં સારો એવો વધારો કરવાની સિન્ડિકેટને આ સભાની વિનંતી છે."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૭. સેનેટ સભ્ય આચાર્યશ્રી સી. ડી. વ્યાસને કાયદાની વિદ્યાશાખા હેઠળ આવતી (૧) જ્યુરિસ્પ્રુડન્સ અને (૨) કાઈમની એમ બે અભ્યાસસમિતિઓ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી સી. ડી. વ્યાસને સદરહુ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૯૮. જાપાનના ઈબરાકી શહેરની ઓટેમોન ગાકવીન યુનિવર્સિટી અને ભારતની યુનિવર્સિટીઓ વચ્ચે વિદ્યાર્થી-ઓની અરસપરસ આપલેના ધોરણે દર વરસે બેથી ચાર અઠવાડિયાં માટે બેથી ત્રણ વિદ્યાર્થીઓની એકબીજાની યુનિવર્સિટીઓમાં મુલાકાત ગોઠવવા ટોકિયો ખાતેના ભારતીય દૂતાવાસના ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવાઓના મંત્રાલય દ્વારા આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ યોજના હેઠળ ભારતીય વિદ્યાર્થીઓનો જાપાનમાં રહેવા-જમવાનો તથા સ્થાનિક મુલાકાતોનો ખર્ચ જાપાનની યજમાન યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે, જ્યારે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો છે. જાપાનીઝ વિદ્યાર્થીઓની ભારતની મુલાકાતનો આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીએ પોતે અને તેમનો રહેવા-જમવાનો ખર્ચ ભારતીય યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.]

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૯. ભારત સરકારના શિક્ષણ મંત્રીશ્રી વી. કે. આર. વી. રાવના કુલપતિશ્રી પટના તા. ૨૪—૯—૧૯૬૮ના પત્રાંક એફ-૧૦-૪૭-૬૯ વાય.એસ. ૧થી એન.સી.સી.ની નવી યોજના ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી અમલમાં મૂકવાનું મંજૂર થયું છે, અને તેમાં આપણી યુનિવર્સિટીને ૨૫૦૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા છે તે માટે કૉલેજોની પસંદગી કરવા બાબત તથા તે અંગે નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત:

૧. સ્ટાફની નિમણૂક હંગામી ધોરણે કરવા બાબત.

૨. અધ્યાપકોનો શિબિર યોજવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થી દીઠ રૂ. ૧૨૦નો ખર્ચ આ અંગે મંજૂર કરેલ છે.)

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૦. સરકારશ્રીએ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર નવી પદ્ધતિથી બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે અને તેથી શિક્ષકોના કામ અંગેનો માપદંડ વધારવા વિચારી જરૂરી કાર્યવાહી કરવા અંગેના શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૩-૧૦-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે કૉલેજ જોડાણ સંબંધી હાથ ધરેલ કાર્યવાહી બાબતમાં શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલા તા. ૩—૧૦—૧૯૬૯ના પત્રાંક યુજીએફ. ૧૧૬૯/સી/૨૭૪૨ (!)—ખ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) યુનિવર્સિટીના 'બી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સમાં સ્ટીલનાં કબાટ પૂરાં પાડીને ફિટ કરવાના કામ માટે તા. ૯/૧૦—૮—૧૯૬૯ની સિન્ડિકેટની સભામાં રૂ. ૧૩,૦૦૦ની જોગવાઈ મરામત અને ખાસ ફેરફારો ખાતે કરવામાં આવી હતી પરંતુ તે કબાટો હવે છૂટાં આપવાનું નક્કી થયેલ હોવાથી તે જોગવાઈ ફર્નિચર ખાતે કર્યાના;

(૨) સેનેટે મૂકેલી જોડાણની શરતોનું પાલન થતું હોઈ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને જૂન ૧૯૬૯થી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૦૩. સંલગ્ન કૉલેજોને મદદ અને માર્ગદર્શન આપવા અંગે યુનિવર્સિટીઓમાં જરૂરી યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સમિતિના અહેવાલની ભલામણો, જે સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સામાન્યત: સંમત છે તે સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવાનું સૂચન કરતા તથા નીચેની બે ભલામણો તરફ ધ્યાન દોરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૧મી જુલાઈ ૧૯૬૯ના પત્રાંક ઓ. એફ-૧-૧૨૫-૬૮ (સીડીએન) પર વિચારણા કરવા બાબત.

1. The University should be represented on the Board of Management of the colleges.
2. The University should have a say in framing of service rules for teachers in affiliated colleges.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૪. બી.એસસી. કેમિકલ એન્જિનિયરિંગના ત્રીજા, ચોથા તથા પાંચમા વર્ષના અભ્યાસક્રમ માટે મૂળભૂત જરૂરિયાતો નક્કી કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧—૧—૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિઓએ તૈયાર કરેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ.ના શિક્ષણ માટેના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એન. જી. ગુજ્જરને સ્થાને શ્રી. આર. એલ. સંઘવીને નીમવા અંગે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ગુજ્જરને કાર્યકારી પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રોફેસર એન. જી. ગુજ્જરને સ્થાને આચાર્ય આર. એલ. સંઘવીને નીમવા.

૧૦૬. અમદાવાદની (૧) વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ તથા (૩) સિટી કૉમર્સ કૉલેજના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં એમ.કૉમ.ના શિક્ષણ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તેમની અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઉપરની કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
૧.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ ...	(૧) આચાર્યશ્રી એચ. પી. પંડ્યા, શિક્ષક માટે માન્યતા મેળવવા અરજી આવી છે. માન્યતાને પાત્ર થાય છે. (૨) શ્રી. બી. એસ. જોશી—મદદનીશ (૩) શ્રી. આઈ. એન. પટેલ—મદદનીશ
૨.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. કૉસ્ટિંગ ... ૨. સ્ટેટિસ્ટિક્સ	(૧) આચાર્યશ્રી ડી. એમ. શીખ—શિક્ષક (૨) શ્રી. બી. એમ. પટેલ—શિક્ષક (૩) શ્રી. આર. બી. શાહ—શિક્ષક (૪) શ્રી. આર. એમ. શાહ—મદદનીશ (૫) શ્રી. જે. ડી. પટેલ—મદદનીશ
૩.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ ...	(૧) આચાર્યશ્રી જે. સી. ત્રિવેદી—શિક્ષક (૨) શ્રી. એસ. જે. દિવેટિયા—શિક્ષક (૩) શ્રી. જે. એલ. દેસાઈ—શિક્ષક (૪) શ્રી. વી. એસ. દોશી—શિક્ષક (૫) શ્રી. આર. એન. શાહ—મદદનીશ (૬) શ્રી. પી. એન. વડવાલા—મદદનીશ.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ અનુસ્નાતક કેન્દ્રો માટેની અરજી કરવાની છેલ્લી તારીખ વીત્યેથી સમયસર આવેલી તમામ અરજીઓ આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે એકસાથે રજૂ કરવાનું રાખવું.

૧૦૭. વિવેકાનંદ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, મહેસાણાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી એમ.એડ.ના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તેમની અરજીની બાબતમાં તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે :

(૧) શ્રી. એચ. જે. પંડિત — માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) શ્રી. એમ. બી. કર્ણિક — માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે અરજી આવેલી છે.

શ્રી. કર્ણિકને માન્યતા મળેથી પૂરતો સ્થાનિક સ્ટાફ્ થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રો માટેની અરજી કરવાની છેલ્લી તારીખ વીત્યેથી સમયસર આવેલી તમામ અરજીઓ આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે એકસાથે રજૂ કરવાનું રાખવું.

૧૦૮. કોમી અશાંતિને કારણે તથા તેના સંદર્ભમાં ફરજ પર હોવાને કારણે જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૬૯ની પરીક્ષામાં બેસી શકયા ન હોય તેવા વિદ્યાર્થીઓની ફી પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતમાં તાજેતરમાં થયેલી કોમી અશાંતિને કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ ઑક્ટોબર/નવેંબર ૧૯૬૯ની પરીક્ષામાં બેસી શકયા ન હોય તેમને અપવાદ તરીકે તેમની પરીક્ષાની પૂરેપૂરી ફી તેમના ખર્ચે પરત કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૦૯. કોમી અશાંતિને કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં યુનિવર્સિટી એક વિદ્યાસમાજ તરીકે અને યુનિવર્સિટીના શિક્ષકો અને વિદ્યાર્થીઓ અસરકારક કાર્ય કરી શકે તે અંગે સ્થાનિક શિક્ષકો અને વિદ્યાર્થીઓની તા. ૨૪-૧૦-૧૯૬૯ના રોજ મળેલી અવિધિસરની સભામાં નીમવામાં આવેલી નીચેના સભ્યોની બનેની સમિતિ નીમવામાં આવી તેને મંજૂર કરવા બાબત તથા તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ (અધ્યક્ષ)
૨. આચાર્ય રમેશભાઈ એમ. ભટ્ટ
૩. પ્રો. બબાભાઈ પટેલ
૪. આચાર્ય એસ. આર. ભટ્ટ
૫. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૬. પ્રો. વોરીસ અલ્વી
૭. આચાર્ય ય. પ્રા. શુકલ
૮. આચાર્ય આર. વી. શાસ્ત્રી
૯. આચાર્ય એમ. સી. શાહ
૧૦. આચાર્ય દર્શનસિંગ શીખ

૧૧. આચાર્ય કે. સી. ક્ષત્રિય
૧૨. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૧૩. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલ
૧૪. આચાર્ય બી. એમ. પીરઝાદા
૧૫. પ્રો. જે. જે. ચિનોય
૧૬. પ્રો. જી. એમ. નિઝામી
૧૭. પ્રો. (મિસ) મેહરુબેન મેડોરા
૧૮. ડૉ. એ. એમ. ત્રિવેદી
૧૯. પ્રો. જગદીશભાઈ વ્યાસ
૨૦. પ્રો. હસમુખભાઈ પટેલ
૨૧. પ્રો. કનુભાઈ શાહ
૨૨. પ્રો. વી. પી. ત્રિવેદી
૨૩. પ્રો. બકુલ ત્રિપાઠી
૨૪. શ્રી. બિપિન જસાણી
૨૫. શ્રી. સુભાષ એમ. બ્રહ્મભટ્ટ
૨૬. પ્રો. નિરંજન ભગત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નિમણૂક મંજૂર રાખવી અને કોમી અશાંતિના કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં રાહતકાર્ય કરવા માટે તથા ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં અન્ય પગલાં લેવા માટે નિમાયેલ સદરહુ સમિતિનું નામાભિધાન 'ગુજરાત યુનિવર્સિટી રાષ્ટ્રીય એકતા સમિતિ' રાખવું અને તેની કામગીરી અંગે જરૂરી પગલાં લેવા માટે તથા જરૂરી ખર્ચ કરવા તથા કો-ઓપ્ટ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

યાદી પરનું સભાનું કામકાજ પૂરું થયું તે પછી શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ સિન્ડિકેટના નિવૃત્ત થતા સભ્ય શ્રી. દર્શનસિંગ શીખે આપેલા સહકાર માટે સિન્ડિકેટના સૌ સભ્યો તરફથી તેમની આભારની લાગણી વ્યકત કરી, જે માટે આચાર્ય શીખે સૌ સભ્યોનો આભાર માન્યો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૩૧૭૧૦/૧૯૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
નવેંબર ૨૯, ૧૯૬૯.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજકમાંક ૨૮

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૧૨મી સભા રવિવાર, તા. ૩૧-૮-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડૉ. ડી. પી. ઠાકર	હાજર
૩. શ્રી. આર. એચ. શાહ	ગેરહાજર
૪. શ્રી. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૫. શ્રી. જી. એ. પટેલ	ગેરહાજર
૬. શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૭. ડૉ. એસ. સી. પંડ્યા	હાજર
૮. શ્રી. ડી. એમ. શીખ	ગેરહાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૧૦. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૨. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૧૩. શ્રી. ય. પ્રા. શુકલ	હાજર
૧૪. શ્રી. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૫. ડૉ. પી. એલ. શાહ	હાજર
૧૬. શ્રી. એસ. આર. મહેતા	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ના રોજ મળેલી ૫૧મી સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવીની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્યતા મેળવવા અંગેની અરજીઓ પરત્વે, તેમના પ્રસિદ્ધ થયેલા સંશોધનપત્રો પીએચ.ડી.

પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે, તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતનો અભિપ્રાય મેળવી, તેમની અરજીઓ પરત્વે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
(૧)	ડૉ. આર. કે. ધારૈયા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	ઇતિહાસ	શ્રી. આર. સી. મજમુદાર, ૪, બેપીન પાલ રોડ, પી. ઓ. કાલીઘાટ, કલકત્તા
(૨)	શ્રી. એમ. પી. ભટ્ટ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	અર્થશાસ્ત્ર	શ્રી. સી. એન. વકીલ, કુલપતિશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૩)	*ડૉ. એ. એમ. વૈદ્ય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	ગણિતશાસ્ત્ર	શ્રી. યુ. એન. સીંગ, દિલ્હી
(૪)	ડૉ. એ. એન. દેસાઈ, અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	મનોવિજ્ઞાન	શ્રી. એ. યુ. વસાવડા, જોધપુર (રાજસ્થાન).

*જો નિષ્ણાતના અભિપ્રાય ઉપરથી કુલપતિશ્રી માન્યતા આપે તો તે માન્યતા ૧૯૭૦ના જૂનથી આપવાનું રાખવું.

૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભા માટે કાર્યસાધક હાજરી(કૉરમ)ની નિયમોમાં જોગવાઈ ન હોવાથી તે કરવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ માટે સ્ટે. ૧૧૮-એ ઉમેરવા કાર્યાલયનું સૂચન છે:

St. 118-A :

One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર સૂચવાયેલો સ્ટે. ૧૧૮-એ સ્વીકારવા સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી.

૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણ ઉપરથી ઑર્ડિ. ૬૫-એફમાં આપવામાં આવેલા કોષ્ટકમાં કૉલમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવતાં તે બાબત સદરહુ બોર્ડ તરફથી પાછી મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત:

" Teaching experience as a lecturer or as an Assistant to a Post-graduate teacher."

(**નોંધ.**—જૂના નિયમોમાં આ પ્રકારની જોગવાઈ હતી, પરંતુ માન્યતાના નિયમોનું કોષ્ટક બનાવતાં તે ભાગ ઉમેરવાનો રહી ગયો હોય તેમ જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એફના કોષ્ટકમાં કૉલમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની અને તે સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી :

" Teaching experience as a lecturer or as an Assistant to a Post-graduate teacher. "

૫. એક ફેકલ્ટીની માસ્ટર્સની પદવી મેળવનારને બીજી ફેકલ્ટીની પીએચ.ડી. પદવી માટે નોંધવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑ. ૩૧૬ મુજબ વિદ્યાર્થીએ જે વિદ્યાશાખામાં માસ્ટર્સ ડિગ્રી મેળવી હોય તે જ વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે નોંધાઈ શકે, સિવાય કે વિનયન વિદ્યાશાખામાં ગણિતશાસ્ત્રના વિષય સાથે માસ્ટર્સ ડિગ્રી લીધી હોય તો વિજ્ઞાન વિદ્યાશાખામાં મૅથેમેટિકલ ફિઝિકસના વિષય સાથે તેમ જ વિનયન કે વાણિજ્યની વિદ્યાશાખામાં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર કે ભૂગોળના વિષય સાથે માસ્ટર્સ ડિગ્રી મેળવી હોય તો એક વિદ્યાશાખામાં માસ્ટર્સ ડિગ્રી મેળવેલ વિદ્યાર્થી બીજી વિદ્યાશાખાઓમાં એ જ વિષય સાથે પીએચ.ડી. માટે નોંધાઈ શકે છે. આ અપવાદો સિવાય બીજા કેસોમાં વિદ્યાર્થી એક વિદ્યાશાખામાંથી બીજી વિદ્યાશાખામાં પીએચ.ડી. માટે નોંધાઈ શકતો નથી તો તેવું નિયંત્રણ સમૂળગું દૂર કરવું કે કેમ તે મુદ્દો વિચારવાનો થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પર યોગ્ય વિચારણા કરી, રિપોર્ટ કરવા માટે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાઓ તરફ મોકલવી.

૬. એમ.એસસી. પદવીના અભ્યાસક્રમમાં ગ્રુપ "ડી" (એનાલિટિકલ કેમિસ્ટ્રી) અને ગ્રુપ "ઈ"(પેટ્રોકેમિકલ્સ)ની પ્રશાખાઓ ઉમેરવામાં આવેલી છે; પરંતુ તેમાં હાલ કોઈ શિક્ષક માન્યતા ધરાવતા ન હોવાથી એ અભ્યાસક્રમો શીખવવા માટે કેન્દ્ર સ્થાપવાની માગણી આવે તો સ્થાનિક શિક્ષકગણની લાયકાતનું ધોરણ શું રાખવું તે વિષે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ભાદરણ કૉલેજમાં એનાલિટિકલ કેમિસ્ટ્રીનું કેન્દ્ર સ્થાપવાની માગણી આવેલી હોવાથી આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત પર વિચારણા કરી ભલામણ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

સમિતિના સભ્યોનાં નામ

૧. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. ડૉ. એલ. ડી. દવે
૪. ડૉ. જે. જે. ત્રિવેદી
૫. ડૉ. ટી. એન. મહેતા.

૭. જે વિષય કે વિષય-જૂથો એક કરતાં વધુ વિદ્યાશાખાઓમાં શીખવાતાં હોય તે વિષય કે વિષય-જૂથો તેવી બધી જ વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક શીખવી શકે એવી અનુસ્નાતક શિક્ષણના સંકલન માટેના નિયમોમાં જોગવાઈ કરવાના આચાર્યશ્રી એચ. કે. ત્રિવેદીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલના નિયમો હેઠળ સામાન્યત: કોઈ પણ વિષય એક જ વિદ્યાશાખામાં શીખવવા માટે માન્યતા આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. આચાર્યશ્રી કે. એન. શાહનો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભાના ઠરાવથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના અભિપ્રાયાર્થે મોકલેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં શિખવાડાતા વિષયોમાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓમાંથી પ્રવેશ માટેની બધી જગ્યાઓ પુરાઈ ગયા પછી પ્રવેશ વિના રહી જાય તો તેવા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન અમદાવાદ શહેરની કોઈ કૉલેજમાં સવાર અને/અથવા સાંજે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના તે વિષયના પ્રોફેસરની રાહદારી નીચે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ વતી વર્ગો શરૂ કરવાની વ્યવસ્થા કરવા યુનિવર્સિટીના પ્રોફેસરને સૂચવવું. જો કોઈ કૉલેજમાં શકય ન થાય તેમ તેમને લાગે તો યુનિવર્સિટીમાં આવા વર્ગો શરૂ કરી ઉપરોકત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે નીમેલી અનુસ્નાતક શિક્ષણના સંકલન અંગેની સમિતિ તથા ભવનોના શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગે વિચારણા કરવા માટે નિમાયેલી સમિતિના અહેવાલો આવે ત્યાં સુધી મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગરમાં એમ.એ. અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની તે કૉલેજના આચાર્યશ્રીની અરજી પરથી તપાસસમિતિનો અહેવાલ તથા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટની તા. ૧૩-૪-૧૯૬૯ની સભા સમક્ષ મૂકતાં, તે બાબત વિચારણા માટે પરત મોકલી હોવાથી, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિમતનગરમાં એમ.એ. અંગ્રેજી વિષયમાં જૂન ૧૯૬૯થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટેની માગણી પર ચાલુ વર્ષે પુનર્વિચારણા માટે હવે અવકાશ રહેતો નથી એમ સિન્ડિકેટને જાણ કરવી.

૧૦. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ ભૌતિકશાસ્ત્રનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮માં સ્થાપતી વખતે, તપાસસમિતિએ મૂકેલી નીચેની શરત નં. ૭ નીચે પાર્ટ ૨નો વર્ગ ખોલવાની તે કૉલેજના આચાર્યશ્રીએ પરવાનગી માગતાં, કુલપતિશ્રી-નિયુકત પ્રો. પી. ડી. પાઠકની એક-વ્યકિત તપાસસમિતિના રિપોર્ટને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત :

શરત નં. ૭ નીચે મુજબ છે :

"અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું પરિપાલન થયેથી (જેની ખાતરી કરવા માટે સમિતિને સ્થાનિક તપાસ માટે મોકલવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે) જૂન ૧૯૬૯થી પાર્ટ ૨નો અભ્યાસક્રમ શરૂ કરવા પરવાનગી આપી શકાશે."

તપાસસમિતિનો અભિપ્રાય

"સદરહુ કૉલેજે, એમ.એસસી., પાર્ટ ૨ની પ્રયોગશાળા માટે જરૂરી સાધનો વસાવ્યાં નથી. તે ઉપરાંત મને એમ પણ જણાવવામાં આવ્યું હતું કે સદરહુ સાધનો તથા બીજી શરતોના પરિપાલન માટે આશરે

રૂ. ૨૫,૦૦૦ની જોગવાઈ આ વર્ષમાં કૉલેજ કરી શકે તેમ નથી. આ સંજોગો ધ્યાનમાં લેતાં એવી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કૉલેજને એમ.એસસી., પાર્ટ ૨માં જૂન ૧૯૬૯માં વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી આપવી નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવી ભૌતિકવિજ્ઞાન વિષયમાં પાર્ટ ૨નો અભ્યાસ શરૂ કરી શકાય કે કેમ તે અંગે શ્રી. પી. ડી. પાઠકની તપાસસમિતિનો ઉપરનો અહેવાલ સ્વીકારવા તથા ચાલુ વર્ષ દરમિયાન મજકૂર કૉલેજ વર્ષ ૧૯૭૦થી પાર્ટ ૨ના અભ્યાસક્રમ માટે પૂરતી તૈયારી કરી શકે નહીં તો જૂન ૧૯૭૦થી પાર્ટ ૧ના વિદ્યાર્થીઓ નોંધવા નહીં અને તે અનુસ્નાતક કેન્દ્ર બંધ પડેલું ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં રસાયણશાસ્ત્રના વિષયમાં એમ.એસસી. ભાગ ૧નું (ઑર્ગેનિક કેમિસ્ટ્રી સિવાયનું) અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

[**નોંધ.**— (૧) આ કૉલેજે અગાઉ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અરજી કરી હતી, પરંતુ તે કૉલેજમાં જરૂરી સગવડો નહીં હોવાથી તપાસસમિતિએ તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની ભલામણ કરેલી નહીં;

(૨) તપાસસમિતિના અહેવાલને આધારે તે કૉલેજના આચાર્યશ્રીની ઇચ્છા જાણી ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી કે એનાલિટિકલ કેમિસ્ટ્રી એ બેમાંથી ગમે તે એક વિષયનું અનુસ્નાતક કેન્દ્ર, સમિતિએ મૂકેલી શરતોનું પરિપાલન કર્યેથી, સ્થાપવાની ભલામણ સિન્ડિકેટે કરેલી;

(૩) મજકૂર કૉલેજના આચાર્યશ્રીએ "એનાલિટિકલ કેમિસ્ટ્રી" વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા ઇચ્છા દર્શાવી હોવાથી તે વિષયમાં કોઈ માન્ય અનુસ્નાતક શિક્ષક નહીં હોવાથી હાલમાં કોઈ બ્રાન્ચનો ઉલ્લેખ નહીં કરતાં કેમિસ્ટ્રી પાર્ટ ૧ (ઑર્ગેનિક કેમિસ્ટ્રી સિવાય) અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવામાં આવેલું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પદવીનું રસાયણવિજ્ઞાનના વિષયમાં એમ.એસસી., પાર્ટ ૧ (ઑર્ગેનિક કેમિસ્ટ્રી સિવાય)નું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૯થી સ્થાપવામાં આવેલું હોવાથી તે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એ. ડી. સત્વેદીની નિમણૂક કરવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવી રસાયણવિજ્ઞાન વિષયના પાર્ટ ૧ના અનુસ્નાતક કેન્દ્ર માટે ચાલુ વર્ષ (૧૯૬૯-૭૦) પૂરતી જ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એ. ડી. સત્વેદીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના ડૉ. એમ. એન. જિંદાલને એમ.ડી.એસ. પદવીની બ્રાન્ચ ૮ પેડોડોન્શિયા ઍન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે તબીબી વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) તબીબી વિદ્યાશાખાના ડીન જણાવે છે કે એમ.ડી.એસ.નો પેડોડોન્શિયા વિષય અને એમ.ડી. ફાર્માકોલોજી વિષય એક બીજાના એલાઈડ વિષયો ગણી શકાય નહીં, અને તેથી ફાર્માકોલોજી સાથે એમ.ડી. ધરાવતા શિક્ષકને પેડોડોન્શિયા વિષય માટે માન્યતા આપી શકાય નહીં;

(૨) ડૉ. જિંદાલ હાલમાં એમ.એસસી. (મેડ.) બ્રાન્ચ ૩, એમ.ડી. બ્રાન્ચ ૪, એમ.ફાર્મ. અને પીએચ.ડી. પદવી ફાર્માકોલોજી ઉપરાંત એમ.ડી. એસ. ફાર્માકોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એન. જિંદાલને એમ.ડી.એસ. પદવીની બ્રાન્ચ ૮ પેડોડોન્શિયા એન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા નહીં આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના શિક્ષક શ્રી. એન. એન. મહેતાએ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે અરજી કરી ત્યારે તેમના શૈક્ષણિક અનુભવ પૈકી બે વર્ષનો અનુભવ ટ્યૂટર તરીકેનો હોવા છતાં, તે લેક્ચરર તરીકેનો હોવાની ખોટી માહિતી આપી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવેલી, તેમ જ તા. ૧૮-૪-૧૯૬૯ના રોજ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની અરજીમાં પણ એવી જ ખોટી માહિતી આપી માન્યતા મેળવવા પ્રયાસ કરેલો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના શ્રી. એન. એન. મહેતાની એમ.કૉમ. પદવીના (૧) બિઝનેસ મૅનેજમેન્ટ, (૨) કૉર્પોરેશન ફાઈનાન્સ, (૩) બૅંકિંગ અને (૪) ઈન્ટરનેશનલ ફાઈનાન્સનાં પેપરોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ૧૪ જૂન, ૧૯૭૧ સુધી પાછી ખેંચવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણો સિન્ડિકેટે સ્વીકારેલી હોવાથી નીચે મુજબના અનુસ્નાતક નિયમો ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

ભલામણો

વર્ગ દીઠ વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :

(૧) વિજ્ઞાન વિદ્યાશાખામાં વર્ગ દીઠ વધુમાં વધુ ૭૫ + ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ, કુલપતિશ્રીની મંજૂરીથી, પ્રયોગશાળાની સગવડ જેટલા વિદ્યાર્થીઓ માટે હોય તેથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે નહીં એ શરતને આધીન રહીને લઈ શકાશે.

(૨) વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ વર્ગ દીઠ વધુમાં વધુ ૧૦૦ + ૧૦ વધુ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકશે.

ઉપર ભલામણ નં. ૨ના સંદર્ભમાં સૂચિત સુધારેલો અનુસ્નાતક નિયમ ૧ (એ) નીચે મુજબ વંચાશે :

" The number of students that can be enrolled in a Post-graduate Centre or in a University Post-graduate Department shall be as under :

(1) *Subjects comprised under the Faculty of Science* :

The College/Institution/University Department in a subject shall, subject to adequate laboratory facilities which may be assessed from time to time by the

University admit not more than 75 students in a class or division thereof provided that not more than 10% of the total admissible intake may be admitted subject to prior permission of the Vice-Chancellor on application made in that behalf.

(*Explanation :* The specific intake in a subject involving laboratory or workshop or clinical work shall be determined from time to time by the Syndicate in each case on its merits.)

(2) *Subjects comprised under the Faculty of Arts including Education and Commerce (except the Faculty of Science) :*

" The College/Institution/University Department in a subject concerned shall in no case admit more than 100 students in a class or a division provided that such number of additional students as shall not exceed 10 per cent of the total number of students, may, with the prior permission of the Vice-Chancellor, be admitted. "

(*N.B.*—Those of the candidates who are working as Demonstrators/Tutors in a affiliated Colleges of the University or the University Department or those practising in their own subjects shall be given preference for admission against the additional intake of 10 per cent by the permission of the Vice-Chancellor.)

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૧ (એ) ઉપર મુજબ વંચાય તે રીતે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. સિન્ડિકેટે સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*)માં જ્યાં "estimated expenditure" એ શબ્દો છે તેને બદલે "of the total fees received" એ શબ્દો મૂકી તે નિયમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

હાલનો અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) નીચે મુજબ છે :

I (*iii*) :

Apply to the University in the prescribed form for registration as a post-graduate student of the University. The institution which the students join shall collect the registration fee and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/– or Rs. 20/–, as the case may be, and also the tuition fees after deducting 75 % of the *estimated expenditure* to be retained by it on an account advance by the University to the Centre and the counterfoils of the receipts of the tuition fees for each term together with the applications (in the prescribed forms) for registration as post-graduate students, to the University within one month from the date of the commencement thereof. While in the case of registration for the Post-graduate Medical Degrees and Diplomas, the last date for forwarding the applications (in a prescribed forms) for registration as post-graduate students, registration fees and counterfoils of the tuition fees receipts shall be as mentioned in the Post-graduate Rule 1 (*b*).

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયના સૂચન મુજબ અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*)માં જ્યાં "estimated expenditure" એવા શબ્દો છે તેને બદલે "of the total fees received" એ શબ્દો ઉમેરીને અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) નીચે મુજબ વંચાશે :

I (*iii*) :

Apply to the University in the prescribed form for registration as a post-graduate student of the University. The institution which the students join shall collect the registration fee and the tuition fees at the time of admission and shall forward the registration fees of Rs. 10/- or Rs. 20/- as the case may be and also the tuition fees after deducting 75 % of the total fees received to be retained by it on an account advance by the University to the Centre and the counterfoils of the receipts of the tuition fees for each term together with the applications (in the prescribed forms) for registration as post-graduate students, to the University within one month from the date of the commencement thereof while in the case of registration for the Post-graduate Medical Degrees and Diplomas, the last date for forwarding the applications (in the prescribed forms) for registration as post-graduate students, registration fees and counterfoils of the tuition fees receipts shall be as mentioned in the Post-graduate Rule 1 (*b*).

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણો સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૩૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

ભલામણો

(૧) દરેક અનુસ્નાતક કેન્દ્રમાં શકય હોય તો ચાર દિવસ, પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ શિક્ષણકાર્ય થાય તે રીતે ફરજિયાત ગણવું અને આ નિયમનું પરિપાલન નહીં કરનાર કેન્દ્રોને બંધ કરવાં;

(૨) કેન્દ્રોમાં શનિવાર અને રવિવારે કેન્દ્રના સ્થાનિક અધ્યાપકગણના સભ્યો સામાન્ય રીતે વ્યાખ્યાનો આપી ન શકે એવા વિષયોમાં જ જોગવાઈ કરવામાં આવે તથા બહારથી આવતા મુલાકાતી શિક્ષકોને આ નિયમ લાગુ પાડવામાં ન આવે."

સૂચિત સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૩૪ નીચે મુજબ વંચાશે :

P.-G. Rule No. 34 :

(a) The teaching work at the Post-graduate centres shall ordinarily be arranged during week days and as far as possible on four days in a week. In no case however teaching work, including practicals, seminars etc. shall be arranged for less than three days in a week.

Those of the post-graduate centres which do not abide by this rule shall be closed down.

ઉપરની ભલામણ નં. ૨ને અનુલક્ષીને અનુસ્નાતક નિયમ નં. ૩૪-એ હેઠળ (એએ) તરીકે નવો ભાગ ઉમેરવો.

P.-G. Rule No. 34 (aa) :

The local staff of a post-graduate centre in the subject concerned shall not deliver lectures at the post-graduate centre concerned on Saturdays and Sundays. This rule, however, will not be applicable to visiting teachers.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની ઉપરની ભલામણ નં. ૧માંથી 'શકય હોય તો ચાર દિવસ પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ' એ શબ્દો રદ કરી 'અઠવાડિયાના ચાર દિવસ' એ શબ્દો ઉમેરવા અને ઉપરની ભલામણ નં. ૧ અને ૨ને અનુલક્ષીને સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૩૪(એ) નીચે મુજબ વંચાય તે રીતે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

અનુસ્નાતક નિયમ નં. ૩૪ (એ) નીચે મુજબ વંચાશે :

(*a*) The teaching work including practicals, if any, seminars etc. at the post-graduate centre shall be arranged at least for four days in a week. The post-graduate centres which do not abide by this rule shall be closed down.

ઉપરનો સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૩૪(એ) જૂન ૧૯૭૦થી અમલમાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેનો અનુસ્નાતક નિયમ નં. ૩૪(અઅ) ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(*aa*) The local staff of a post-graduate centres in the subjects concerned shall ordinarily not delivered lectures at the post-graduate centres concerned on Saturdays and Sundays. This rule, however, not be applicable to visiting teachers.

બાબત નં. ૧૮ અને ૩૩ની વિચારણા એકસાથે કરવામાં આવી હતી.

૧૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે સ્વીકારી હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૩૬ (ઈ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"યુનિવર્સિટી દ્વારા સંચાલિત અનુસ્નાતક કેન્દ્રો જે કૉલેજ/સંસ્થામાં સ્થાપવામાં આવ્યાં હોય તે કૉલેજ/સંસ્થાને વહીવટી ખર્ચ પેટે બેઝિક મિનિમમ પેટે અપાતી રકમ રૂ. ૨૦૦ ને બદલે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ સત્રનો રૂ. ૧ લેખે અપાતી રકમ રૂ. ૧ને બદલે રૂ. ૧-૫૦ પૈસા કે રૂ. ૨-૦૦ વધારી આપવા અંગેના એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીના સૂચન અંગે આ સમિતિ ભલામણ કરે છે કે કેન્દ્રના વહીવટી ખર્ચ માટે ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ હોય તો કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦ અને પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૧-૧૦ આપવાનું ધોરણ રાખવું."

(ઉપરના ઠરાવનો અમલ ૧૫મી જૂન ૧૯૬૯થી કરવાનો છે.)

ઉપરની ભલામણને લઈને સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૩૬ (ઈ) નીચે મુજબ વંચાશે:

P.-G. Rule No. 36 (*e*) :

The following expenses shall be held admissible towards administrative expenses in a centre provided at least ten students have been enrolled in the same.

(*i*) Rs. 100/- basic minimum for each of the post-graduate centre.

(*ii*) Rs. 3/- per student per year, i.e. Rs. 1-50 paise per term per student which shall be deemed to include all administrative expenses towards maintenance of Library staff, peons, etc., for all the centres taken together.

નોંધ.—અગાઉના નિયમમાં પ્રત્યેક વિદ્યાર્થી દીઠ પોસ્ટેજ, સ્ટેશનરી વગેરેનો ખર્ચ આપવામાં આવતો હતો. ઉપરની ભલામણમાં તે અંગે કોઈ ઉલ્લેખ નથી. અગાઉના નિયમ મુજબ વહીવટી ખર્ચની જે રકમ થાય તેની અડધી રકમ આપવામાં આવતી હતી. આ અંગે વિચારવાનું રહે છે. તે રકમ નીચે મુજબ રાખી શકાય :

(*iii*) Rs. 1-50 per year per student, i.e., 75 paise per term per student for postage, stationery, etc., for all the centres taken together.

૩૩. વહીવટી ખર્ચ અંગે યુનિવર્સિટી દ્વારા સંચાલિત અનુસ્નાતક કેન્દ્રો જે કૉલેજ/સંસ્થામાં સ્થાપવામાં આવ્યાં હોય તે કૉલેજ/સંસ્થાના જે તે કેન્દ્રને વહીવટી ખર્ચ માટે બેઝિક મિનિમમ પેટે અપાતી રકમ રૂ. ૨૦૦ને બદલે પ્રત્યેક કેન્દ્ર દીઠ ઓછામાં ઓછા દસ વિદ્યાર્થી હોય તો કેન્દ્ર દીઠ રૂ. ૧૦૦ અને પ્રત્યેક સત્રમાં વિદ્યાર્થી દીઠ રૂ. ૧-૫૦ આપવાનું ધોરણ રાખવામાં આવ્યું છે; પરંતુ જે કેન્દ્રોમાં વિદ્યાર્થીઓની સંખ્યા દસ કરતાં ઓછી હોય ત્યાં આ નિયમ અનુસાર વહીવટી ખર્ચ માટે કોઈ રકમ મળી શકે નહીં તેમ હોવાથી એવાં કેન્દ્રોમાં થતા ખર્ચ અંગે શું કરવું તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભામાં અનુસ્નાતક કેન્દ્રના વહીવટી વગેરે ખર્ચ અંગે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્ર દીઠ મિનિમમ પેટે રૂ. ૧૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેને બદલે પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્ર દીઠ બેઝિક મિનિમમ પેટે રૂ. ૨૦૦ રાખવા તથા જે અનુસ્નાતક કેન્દ્રમાં ૧૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તેવાં કેન્દ્રોને બેઝિક મિનિમમ તરીકે તદર્થ ધોરણે (ad-hoc) રૂ. ૧૦૦ આપવા અને તે મુજબ અનુસ્નાતક નિયમ નં. ૩૬ (ઈ) નીચે મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સુધારેલો અનુ. નિયમ નં. ૩૬ (ઈ) નીચે મુજબ વંચાશે :

P.-G. Rule No. 36 (*e*) :

(1) (*a*) Rs. 200/- basic minimum for each of the post-graduate centre per year, provided at least ten students have been enrolled in the centres.

(*b*) Rs. 3/- per student per year i.e. Rs. 1-50 paise per term per student which shall be deemed to include all administrative expenses, such as stationery, postage, contingency, maintenance of library and laboratory staff, peons, etc., for all the post-graduate centres taken together.

(2) Rs. 100/- basic minimum for each of the post-graduate centres per year, where not more than 10 students have been enrolled in a centre.

૧૯. સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) અનુસાર અનુસ્નાતક કેન્દ્રો હવે ફીની કુલ આવકના ૭૫ ટકા જેટલી રકમ વહીવટ પેટે રાખનાર હોવાથી નીચેનો અનુસ્નાતક નિયમ નં. ૩૬ (એફ) રદ કરવા અંગે.

હાલનો અનુસ્નાતક નિયમ નં. ૩૬ (એફ) નીચે મુજબ છે :

" It shall be competent for the Vice-Chancellor to sanction as an " on account " advance not exceeding 75 per cent of the total estimated expenditure in three equal instalments on receipt of the total amount of tuition fees and registration fees

collected by the post-graduate centre together with a statement of estimated income and expenditure for the year prepared by the post-graduate centre concerned under provisions of Post-graduate Rule 36 (*d*) and (*e*) respectively."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૧ (*iii*) સુધારવામાં આવ્યો હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૩૬ (એફ)ની જરૂર રહેતી નહીં હોવાથી ઉપરનો અનુસ્નાતક નિયમ નં. ૩૬ (એફ) રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત નં. ૨૦ અને બાબત નં. ૨૧ની વિચારણા સાથે કરવામાં આવી હતી.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખ્યા અનુસાર અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રયોગશાળામાં ડેમોન્સ્ટ્રેશનનું કામ માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ અનુસ્નાતક શિક્ષકને સોંપવામાં આવનાર હોવાથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ અનુસાર શિક્ષકોને મહેનતાણું આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"(૩) પ્રાયોગિક કામ સંભાળનાર શિક્ષકોને મહેનતાણું આપવાનો પ્રશ્ન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે પોતે વિચારવો એમ આ સમિતિનું સૂચન છે."

[નોંધ.— (૧) ઉપરની ભલામણ અનુસાર મહેનતાણું નક્કી કરવામાં આવે તો અનુસ્નાતક નિયમ નં. ૩૭માં સુધારો કરવાનો થાય.

(૨) ઉપરના કામ અંગે જે કાંઈ મહેનતાણું નક્કી કરવામાં આવે તે, અનુસ્નાતક નિયમ નં. ૩૭ અનુસાર વ્યાખ્યાનો માટે મળતા મહેનતાણાની રકમ ઉપરાંતનું ગણવું કે કેમ તે પણ વિચારવાનું રહે છે.]

૨૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણો સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૪૨ (એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રયોગશાળામાં ડેમોન્સ્ટ્રેટરનું કામ માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષકને સોંપવું.

(૨) વિજ્ઞાનના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછા ત્રણ કલાકના એક એવા અઠવાડિયાના ત્રણ પ્રયોગો જેટલું પ્રાયોગિક કામ કરવાનું ફરજિયાત રાખવું.

(૩) પ્રાયોગિક કામ માટે વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓના એક જૂથનું ધોરણ આ સમિતિ સૂચવે છે અને કેન્દ્રમાં એ માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય તો તે દરેકને પાર્ટ ૧ અને પાર્ટ ૨ એમ દરેક માટે ૨૦-૨૦ વિદ્યાર્થીઓનું એક જૂથ સોંપવું અને જો એક માન્ય અનુસ્નાતક શિક્ષક અને બે મદદનીશ શિક્ષકો હોય તો તે દરેકને ૨૦-૨૦નું એક જૂથ સોંપવું એમ આ સમિતિ ભલામણ કરે છે.

(૪) દરેક સત્રમાં પેપર દીઠ બે સેમિનાર અને એક ટર્મ પેપર રાખવામાં આવે.

(૫) દરેક શિક્ષકે સત્ર દીઠ ઓછામાં ઓછાં આઠ વ્યાખ્યાનો લેવાં જોઈએ.

સૂચિત સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૪૨-એ નીચે મુજબ છે :

P.-G. Rule 42-A :

The quantum Lecturing work and Practical work per term shall be as follows :

(N.B.—The demonstration work in the laboratory, shall be carried out by the post-graduate teachers and assistants to post-graduate teackers.)

(*i*) 18 to 24 periods of lectures of work per paper per term (up to 2 periods per paper per week) each period of 1 hour duration.

(*ii*) Six lectures of one hour's duration each per week per paper in the subjects comprised in the Faculty of Science.

(*iii*) સુધારેલો ભાગ નીચે મુજબ વંચાશે :

Three practicals per week each of *three* hours duration where practicals are necessary. (Specially for science subjects.)

For laboratory work each batch of students shall not exceed 20.

N.B.—If there are two post-graduate teachers in the subject each post-graduate teacher will be incharge of a batch of 20 *candidates for Part I & Part II separately.*

If there are one post-graduate teacher and two assistants to post-graduate teachers in the subject a batch of 20 *students each for Part I & Part II may be entrusted to each of them.*

(*iv*) The centre shall arrange not less than 36 and not more than 48 lectures per paper per year, i.e. 18 lectures to 24 lectures per paper per term.

(*v*) No post-graduate centre shall ordinarily be allowed to carry on post-graduate teaching work during the October or the X-mas vacation but if, however, it is found necessary in the opinion of the Professor-in-charge of the post-graduate centre and the Principal of that college institution to carry on post-graduate teaching work during October and or X-mas vacation the same can be done only after obtaining the prior permission of the Vice-Chancellor. Applications for such permission should be sent to the Registrar latest by 15th September every year.

(*vi*) There shall not be more than 3 periods of lecturing work arranged per day for any class.

(*vii*) No post-graduate centre in a subject concerned shall be allowed to arrange more than 48 lectures per paper per year but, however, lectures in addication to 48, can be allowed to be arranged with the prior approval of the Vice-Chancellor or such approval should be obtained by submitting application in this behalf latest by January every year.

N.B.— In the case of science teachers, the supervision of four hours and practical work shall be taken as equivalent to one lecture period.

નવી ઉમેરેલી કલમ (*viii*) અને (*ix*) નીચે મુજબ વંચાશે :

(*viii*) *A post-graduate centre shall arrange at least two Seminars and also one term paper per each paper in each term.*

(*ix*) *Each teacher shall be required to deliver at least eight lectures per term.*

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની બાબતો પરત્વે વિચારણા કરી ભલામણ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી, અમદાવાદ
૨. ડૉ. વાય. જી. નાયક, અમદાવાદ
૩. ડૉ. એ. જી. મુન્શી, મોડાસા.

૨૨. અનુસ્નાતક નિયમ નં. ૪૪ હેઠળ અનુસ્નાતક કેન્દ્રોને પ્રયોગશાળાના નિભાવ, સાધનો, રસાયણો ઇત્યાદિની ખરીદી વગેરે માટે વિદ્યાર્થી દીઠ અપાતી આર્થિક સહાય (સબસિડી) મેળવવા માટેની એક શરત તરીકે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ અને આચાર્ય જે વિદ્યાર્થીઓની બાબતમાં આવી સહાય માગવામાં આવે તેમનો અભ્યાસ વર્ષ દરમિયાન સંતોષકારક હતો તેવું પ્રમાણપત્ર આપવાનું રહે છે. આ શરતનું પરિપાલન થયું છે કે કેમ તે નક્કી કરવા સંતોષકારક અભ્યાસ કોને ગણવો તેની સ્પષ્ટતા કરવા બાબત :

[નોંધ.—આ અંગે ખાસ કરીને નીચેના પ્રકારના કેસોમાં અભ્યાસ સંતોષકારકના સંદર્ભમાં નીચેની બાબતો અંગે વિચારવાનું થાય છે :

(૧) વિદ્યાર્થીએ બેમાંથી એક જ સત્ર રાખ્યું હોય.
(૨) વિદ્યાર્થીએ બે સત્રો રાખ્યા હોય પણ એક કે બંને પૂરતી હાજરીને અભાવે અમાન્ય કરવામાં આવ્યું હોય.
(૩) એક કેન્દ્રમાં એક સત્ર રાખીને બીજા સત્રમાં બીજા કોઈ કેન્દ્રમાં ફેરબદલી કરાવી હોય.
(૪) વિદ્યાર્થીનાં બન્ને સત્રો માન્ય થયાં હોય પણ પરીક્ષામાં તે નાપાસ થયો હોય.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૪૪ મુજબ આર્થિક સહાય મેળવવા માટે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તથા તે તે કૉલેજોના આચાર્યે વિદ્યાર્થીની પ્રગતિ અંગે પ્રમાણપત્ર આપવાનું હોય છે તે અનુસાર નીચે જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીએ સત્ર કે સત્રો રાખ્યાં હોય તો નિયમાનુસાર વિદ્યાર્થી પેટે સબસિડી આપવાનું મંજૂર રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(ક) જો વિદ્યાર્થીએ બે સત્રોમાંથી એક જ સત્ર રાખ્યું હોય તો આર્થિક સહાયના દરના ૦ા પ્રમાણે.
(ખ) જો વિદ્યાર્થીએ બે સત્રોની ફી ભરી હોય અને તે બે સત્રો ખૂટતી હાજરીને અભાવે અથવા અન્ય કારણોને લઈને અમાન્ય કરવામાં આવ્યાં હોય તો આર્થિક સહાયના દરના ૫૦ ટકા પ્રમાણે.
(ગ) જો વિદ્યાર્થી એક કેન્દ્રમાં એક સત્ર રાખીને બીજા અનુસ્નાતક કેન્દ્રમાં ફેરબદલી કરાવે તો દરેક કેન્દ્રને આર્થિક સહાયના દરના ૫૦ ટકા પ્રમાણે.
(ઘ) વિદ્યાર્થીનાં બન્ને સત્રો માન્ય થયાં હોય પણ પરીક્ષામાં તે નાપાસ થયો હોય તો આર્થિક સહાયના પૂરેપૂરા દર પ્રમાણે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક કેન્દ્રોને અનુસ્નાતક નિયમ નં. ૪૪ અનુસાર અપાતી આર્થિક સહાયનો ઉપયોગ અનુસ્નાતક કેન્દ્રોએ કેવી રીતે કરવો તે તપાસી ભલામણ રજૂ કરવા માટે ઉપર બાબત નં. ૨૦ અને ૨૧ માટે નિમાયેલી સમિતિને સોંપવી.

૨૩. આણંદ એગ્રિકલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટના ડૉ. એમ. વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ માયક્રોબાયોલોજી વિષય સાથે આ યુનિવર્સિટીના પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા આ યુનિવર્સિટીના શિક્ષકો સર્વશ્રી જે. એસ. શુક્લ તથા એસ. બી. દેસાઈને તેમના કાર્યમાં ડૉ. દેસાઈ માર્ગદર્શન આપવાનું ચાલુ રાખવા ઇચ્છતા ન હોવાથી તેમના બાકીના કાર્યમાં માર્ગદર્શન લેવા અંગે તથા મહાનિબંધ રજૂ કર્યેથી આંતરિક પરીક્ષક તરીકે કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના ઑ. ૩૨૪-બી અનુસાર પીએચ.ડી. પદવી માયક્રોબાયોલોજી વિષયમાં આણંદની એગ્રિકલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટના ડૉ. એમ. વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા નીચેના વિદ્યાર્થી-ઓને તેમના મહાનિબંધ યોગ્ય સમયે યુનિવર્સિટીને સીધા જ રજૂ કરવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શ્રી. જે. એસ. શુક્લ
(૨) શ્રી. એસ. બી. દેસાઈ.

૨૪. શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદના માન્ય શિક્ષક પ્રો. આર. બી. આથવલે જેઓ હવે નિવૃત્ત થયા છે તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા સર્વશ્રી વી. આર. ધારેખાન, એસ. જે. વાલા, એમ. આઈ. પ્રજાપતિ, બી. જી. શુક્લ તથા આર. એન. પટેલને અન્ય માર્ગદર્શક શિક્ષક મારફતે તેમનો મહાનિબંધ રજૂ કરવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આર. બી. આથવલેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષયમાં નોંધાયેલા (૧) શ્રી. વી. આર. ધારેખાન, (૨) શ્રી. એસ. જે. વાલા, (૩) શ્રી. એમ. આઈ. પ્રજાપતિ, (૪) શ્રી. બી. જી. શુક્લ તથા (૫) શ્રી. આર. એન. પટેલને તેમની વિનંતી મુજબ, અન્ય માર્ગદર્શક શિક્ષક મારફતે તેમનો મહાનિબંધ રજૂ કરવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સૂચના મુજબ નિમાયેલી "રિવ્યૂ કમિટી ઑન સાયકોલોજી"ની ભલામણ અનુસાર પીએચ.ડી. પદવી માટે વિદ્યાર્થીઓ નોંધાતા પહેલાં બે માસ અગાઉ પ્રાથમિક કાર્ય કરવું આવશ્યક ગણવું તે સૂચન પરત્વે તથા પીએચ.ડી.નું કાર્ય નોંધાયા બાદ અમુક સમયમર્યાદામાં પૂરું કરવાના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવી માટે નોંધાનાર વિદ્યાર્થીએ તેમનું સંશોધનકાર્ય નોંધાયાની તારીખથી સાત વર્ષમાં પૂરું કરવાનું ફરજિયાત ગણવું અને તે મુજબ કામ પૂરું નહીં કરનાર વિદ્યાર્થીએ નવેસરથી નોંધાઈને ફરીથી જરૂરી સત્રો રાખવાં આવશ્યક ગણવા તથા તેને અનુલક્ષીને સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૧૮ (બી) અને નવો ઉમેરેલો અનુસ્નાતક નિયમ નં. ૧૮ (સી) સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

P.-G. Rule 18 (*b*) :

Candidates failing to submit the thesis during the period of extension, if any, granted under the Rule 18 (*a*) above, shall be required to register afresh with

the same subject. This fresh re-registration shall hold good for one year only. Such annual re-registration can be renewed by paying fresh registration fees provided there is no change in the candidate's subject of thesis. Such annual re-registration shall be granted twice only.

P.–G. Rule 18 (*c*) :

If the candidate fails to submit his thesis within a period of seven years from the date of first registration the candidate shall be required to register himself afresh by paying the prescribed registration fees and tuition fees for four terms and will be entitled to submit his thesis as per provisions made in the P. G. Rule 18 (*c*) and (*b*) above.

ઉપરના નિયમને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬. પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પરનો રિપોર્ટ આંતરિક પરીક્ષક અને બાહ્ય પરીક્ષકો એકબીજા સાથે મસલતથી (in consultation with each other) ઘડે છે કે કેમ તે અંગે મુંબઈ, મદ્રાસ, કલકત્તા અને દિલ્હી યુનિવર્સિટીઓમાં પ્રવર્તતી પ્રથા અંગે મગાવેલી માહિતી ઉપર વિચારણા કરી આપણે ત્યાં કઈ પ્રથા અપનાવવી તે વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવીનો મહાનિબંધ તપાસવા માટે નિમાતા રેફરીઓને લખવામાં આવતા પત્રમાં અપાતી નીચેની પાદટીપ ૨૬ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

1. The report should be drafted by the Referees in consutation with each other and signed by all of them. In case of disagreement, the report of each Referee should be submitted with the full knowledge of the other. In order to make their recommendation clear, the last sentence of the report should be as follows :

" We recommend that the thesis be accepted/rejected for the Degree of....
....."

૨૭. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્ર ભૂગોળના વિષય માટે ૧૯૬૮-૬૯ની બચત રૂ. ૩,૦૪૨માંથી રૂ. ૧,૫૦૦ની કિંમતનાં પુસ્તકો તથા રૂ. ૧,૫૦૦ની કિંમતનાં સાધનો ખરીદવાની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને ભૂગોળના વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે વર્ષ ૧૯૬૮-૬૯ની અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી રૂ. ૧,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદ કરવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે સ્વીકારી લેવા છતાં કૉલેજ-સંસ્થામાંથી શિક્ષકોની માન્યતા મેળવવા અંગેની અરજીઓ આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે આવતી હોવાથી તે અંગે કોઈ પણ પ્રકારના નિયંત્રણ અંગે વિચારણા કરવા બાબત.

ભલામણ

"અનુસ્નાતક શિક્ષકો તેમ જ મદદનીશ શિક્ષકો તરફથી અનુસ્નાતક માન્યતા માટે વર્ષના ગમે તે સમયે આવતી અરજીઓ તે પ્રમાણે ન મોકલતાં તે તે કૉલેજ અગર સંસ્થાએ તા. ૧૫મી જૂનથી ૩૦મી જૂન તથા તા. ૫મી નવેંબરથી તા. ૧૫મી નવેંબર સુધીમાં જ મોકલી આપવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(**નોંધ.**— કાર્યાલયનું સૂચન છે કે અરજીઓ સ્વીકારવાની તારીખ પ્રથમ સત્રમાં તા. ૧૫મી જૂનથી તા. ૩૦મી જુલાઈ અને દ્વિતીય સત્રમાં તા. ૫મી નવેંબરથી તા. ૩૦મી નવેંબર સુધીની રાખવામાં આવે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયનું મજકૂર સૂચન નહીં સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૧"**માં જણાવેલા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૨"**માં જણાવેલા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૩"**માં જણાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા સાથેના **પરિશિષ્ટ "૪"**માં જણાવેલા શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના;

(૫) નીચેનાં અનુસ્નાતક કેન્દ્રોની વર્ષ ૧૯૬૮-૬૯ની અંદાજી બચતમાંથી તે બે કેન્દ્ર માટે પુસ્તકો ખરીદ કરવાની મંજૂરી આપ્યાના :

ક્રમાંક	કેન્દ્રનું નામ	અંદાજેલ બચત રકમ રૂ.	મંજૂર કરેલ રકમ રૂ.
૧.	એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	૬,૨૩૩-૦૦	૩,૦૦૦-૦૦
૨.	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	૨,૮૨૫-૦૦	૧,૪૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના પ્રો. આર. સી. સોનપાલની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈના ડૉ. આર. કે. કેટ્ટીના માર્ગદર્શન હેઠળ, ઑ. ૩૨૪-બી હેઠળ સિવિલ એન્જિનિયરિંગના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાવાની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. આર. સી. સોનપાલને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈના ડૉ. આર. કે. કેટ્ટીના માર્ગદર્શન હેઠળ ઑર્ડિ. ૩૨૪-બી અન્વયે સિવિલ એન્જિનિયરિંગના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. ફાર્મસી અને ડેન્ટિસ્ટ્રીની અલગ વિદ્યાશાખાઓ સ્થપાઈ હોવાથી અનુસ્નાતક નિયમ નં. ૨૬ (*vi*) પછી નીચેનો ભાગ ઉમેરી અનુસ્નાતક નિયમ નં. ૨૬ સુધારવાનું વિચારવા બાબત :

(*vii*) **Faculty of Dentistry :**
Rs. 150/– per term for all the courses comprised under the Faculty of Dentistry.

(*viii*) **Faculty of Pharmacy :**
Rs. 150/– per term for all the courses comprised under the Faculty of Pharmacy.

(*ix*) **Faculty of Commerce :**
Rs. 125/– per term for all the subjects comprised under the Faculty.

(*x*) **Faculty of Ayurvedic Medicine :**
Rs. 150/– per term for all the subjects comprised under the Faculty.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન સ્વીકારવા અને તેને અનુલક્ષીને સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૨૬ આ સાથે આપ્યા મુજબ વંચાય તે રીતે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(અનુસ્નાતક નિયમ નં. ૨૬ આ સાથે **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૩૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણો સિન્ડિકેટે સ્વીકારી હોવાથી અનુસ્નાતક નિયમ ૩૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

"અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક ઝોનમાંના શિક્ષકો વચ્ચે શિક્ષણકાર્યની વહેંચણી સરખી રીતે થાય તે માટે વર્ષમાં એક વાર બધા ઝોનના બધા પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવી કામની વહેંચણી કરવાનું રાખવું. આ સભાના કન્વીનર તરીકે ભવનના જે તે વિભાગના વડા અને ભવનમાં જે વિષય ન શિખવાડાતો હોય તેમાં કુલપતિશ્રી નીમે તે પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામ કરશે.

સુધારેલો અનુસ્નાતક નિયમ ૩૧ નીચે મુજબ વંચાશે :

P.-G. Rule 31 :

(*a*) A meeting of the Professors-in-charge of the post-graduate centres in each subject shall be convened every year for allocation of teaching work amongst recognised post-graduate teachers and recognised assistants to post-graduate teachers. In the case of subjects taught at the University Schools, the Head of the Department concerned and in the case of ohter subjects the Professor-in-charge nominated by the Vice-Chancellor will act as the convener of the meeting.

(*b*) The meeting of all the Professors-in-charge in the subject concerned shall ordinarily be held once a year on the University Campus or at such other suitable place as may be fixed with the prior permission of the Vice-Chancellor.

(*c*) The head of University Department in the subject concerned or in his absence, a Chairman elected by the meeting shall preside at the meeting of the Professors-in-charge and shall record the minutes thereof.

(*d*) An intimation of convening all meetings in (*b*) and (*c*) above and copy of the minutes thereof shall be forward to the Registrar within ten days of the meeting.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઉપરનો અનુસ્નાતક નિયમ નં. ૩૧ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી અને તેનો અમલ જૂન ૧૯૬૮થી કરવાનું રાખવું.

બાબત નં. ૩૩ની વિચારણા આગળ બાબત નં. ૧૮ની સાથે કરવામાં આવી હતી.

૩૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી તે અંગે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તથા ભવન્સ કૉલેજ, ડાકોરે ઉપસ્થિત કરેલા નીચેના કેટલાક મુદ્દાઓ ઉપર વિચારણા કરવા બાબત:

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"કેન્ટ્રોમાં ભવન અને માન્ય સંસ્થામાં સત્ર દીઠ એક એમ ઓછામાં ઓછા વાર્ષિક બે ટેસ્ટ લેવા અને દરેક ટેસ્ટના માર્ક યુનિવર્સિટીને ટેસ્ટ લેવાયા બાદ પંદર દિવસમાં મોકલી આપવા. આવા ટેસ્ટના માર્ક યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામમાં મેળવવા નહિ, પરંતુ બન્ને ટેસ્ટ મળીને કુલ ૩૬ ટકા જેટલા ગુણ જે વિદ્યાર્થી ન મેળવી શકે તેનું યુનિવર્સિટી પરીક્ષા માટેનું આવેદનપત્ર અટકાવવા માટે કેન્દ્ર, ભવન, માન્ય સંસ્થાના નિયામકને સત્તા આપવી."

આચાર્યશ્રીએ ઉઠાવેલ મુદ્દાઓ

(૧) પેપર-સેટર્સ, પરીક્ષક, સુપરવાઈઝર્સ, પ્રિન્ટિંગ ઑફ કવેશ્ચન-પેપર્સ, આન્સર-બુકસ, વધારાની સ્ટેશનરી વગેરેનો ખર્ચ કયા ભંડોળમાંથી કરવો ?

(૨) ટેસ્ટ પરીક્ષાને વ્યાખ્યાનની બરાબર ગણવામાં આવશે એટલે કે જે વિદ્યાર્થી તેમાં બેસે તેને "હાજર" કે "ગેરહાજર" માર્ક કરવો?

(૩) અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક સુપરવાઈઝર તરીકે કામ કરશે કે કેમ? જો તેમ હોય તો તેમને ફરજ પર ગણવામાં આવશે? અને તેમને વર્ગ લેવા માટે જે મહેનતાણું મળે છે તે મળશે કે કેમ?

(૪) ટર્મ પેપરનો "નેચર એન્ડ સ્કોપ" કેવો હશે ? ટી.વાય.બી.એ.માં ડિઝર્ટેશન હોય છે તેના જેવો હશે ? ટેક્સ્ટ-બુક્સમાંથી વિષય પસંદ કરવામાં આવશે? પ્રશ્નપત્ર કેટલો લાંબો હશે? કઈ ભાષામાં તે લખવામાં આવશે ?

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ઉપરની ભલામણમાં "દરેક ટેસ્ટના માર્ક યુનિવર્સિટીને ટેસ્ટ લેવાયા બાદ પંદર દિવસમાં મોકલી આપવા એમ છે તેમાં પંદર દિવસને બદલે ત્રીસ દિવસ" એમ સુધારો કરવા તથા એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તથા ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રીએ ઉઠાવેલા મુદ્દાઓ અંગે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

આચાર્યે ઉઠાવેલા મુદ્દાઓ	મુદ્દાઓ અંગે સ્પષ્ટતા
૧. પેપર-સેટર્સ, પરીક્ષક, સુપરવાઈઝર્સ, પ્રિન્ટિંગ ઑફ કવેશ્ચન-પેપર્સ, આન્સર બુકસ, વધારાની સ્ટેશનરી વગેરેનો ખર્ચ કયા ભંડોળમાંથી કરવો?	આ અંગે કૉલેજે વ્યવસ્થા કરવાની રહેશે.
૨. ટેસ્ટ પરીક્ષાને વ્યાખ્યાનની બરાબર ગણવામાં આવશે એટલે કે જે વિદ્યાર્થી તેમાં બેસે તેને "હાજર" કે "ગેરહાજર" માર્ક કરવો.	ટેસ્ટ ફરજિયાત હોઈ, તે વિદ્યાર્થીની હાજરી હોવી આવશ્યક છે. કારણવશાત્ કોઈ વિદ્યાર્થી નિયત કરેલી તારીખે ટેસ્ટ ન આપી શકે તો તેનો ટેસ્ટ બીજી કોઇ તારીખે લેવો ફરજિયાત રહેશે.

આચાર્યે ઉઠાવેલા મુદ્દાઓ	મુદ્દાઓ અંગે સ્પષ્ટતા
૩. અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક સુપરવાઈઝર તરીકે કામ કરશે કે કેમ ? જો તેમ હોય તો તેમને ફરજ પર ગણવામાં આવશે ? અને તેમને વર્ગ લેવા માટે જે મહેનતાણું મળે છે તે મળશે કે કેમ ?	આ અંગે કૉલેજ વ્યવસ્થા કરવાની રહેશે.
૪. ટર્મ પેપરનો "નેચર એન્ડ સ્કોપ" કેવો હશે ? ટી.વાય.બી.એ.માં ડિઝર્ટેશન હોય છે તેના જેવો હશે ? ટેકસ્ટ-બુકસ-માંથી વિષય પસંદ કરવામાં આવશે ? પ્રશ્નપત્ર કેટલો લાંબો હશે ? કઈ ભાષામાં તે લખવામાં આવશે ?	આ અંગે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જે નક્કી કરવું.

૩૧. ગુજરાત સરકાર સંચાલિત અમદાવાદની એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં સ્થાપવામાં આવેલા આ યુનિવર્સિટીના એસ.ઈ.ના અનુસ્નાતક કેન્દ્ર માટે થતો તમામ ખર્ચ ભારત સરકાર ઉઠાવે છે તે હકીકતના સંદર્ભમાં નાણાકીય બાબતો(આવક-ખર્ચ)ને લાગેવળગે છે ત્યાં સુધી આ કેન્દ્રને વિદ્યાર્થીઓ પાસેથી લેવાની સત્ર ફી તથા બીજી આવક યુનિવર્સિટીને ભરવામાંથી તથા આવકજાવકના હિસાબો યુનિવર્સિટીને આપવામાંથી મુકિત આપવાની ઉપરોકત કૉલેજના આચાર્યશ્રીના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

મજકૂર બાબતની વિચારણા વેળાએ એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના આચાર્ય તથા ડિરેકટર ઑફ ટેકનિકલ એજ્યુકેશને તેમની વિનંતીથી હાજર રહેવાનું આમંત્રણ આપ્યું હતું તે મુજબ તેઓ હાજર રહ્યા હતા.

મજકૂર કૉલેજના આચાર્ય તથા ડિરેકટર ઑફ ટેકનિકલ એજ્યુકેશને ઈજનેરી વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસનું માળખું, શિક્ષકોની સંખ્યા, અનુસ્નાતક અભ્યાસ માટે જોડાતા વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી શિષ્યવૃત્તિઓ, પ્રોફેસર અને શિક્ષકોને મળતા પગાર, ટેકનિકલ એજ્યુકેશન બોર્ડની નીતિરીતિઓ વગેરે અંગે સમજૂતી આપી હતી અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં જોડાતા વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી સત્ર ફીનાં નાણાં યુનિવર્સિટીમાં જમા કરાવવામાંથી મુકિત આપવા માટે તેમણે વિનંતી કરી હતી.

કાર્યાલય તરફથી તથા હાજર રહેલા સભ્યોએ પણ અનુસ્નાતક કેન્દ્રો યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર યુનિવર્સિટી દ્વારા શિક્ષણ આપવા માટે સ્થાપવામાં આવ્યાં હતાં તેની સમજૂતી આપવામાં આવી હતી.

ત્યાર બાદ સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજમાં ઈજનેરી વિદ્યાશાખાનાં અનુસ્નાતક કેન્દ્રોની વર્ષ ૧૯૬૬-૬૭થી વર્ષ ૧૯૬૭-૬૮ સુધીમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની સત્ર ફીની રકમ રૂ. ૨૦,૫૦૦ એકત્ર થયેલી છે તે રકમ મજકૂર કૉલેજના આચાર્ય તરફથી માગણી આવ્યેથી પુસ્તકો/સામયિકો ખરીદવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વંચુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષથી આ કેન્દ્રને લાગેવળગે છે ત્યાં સુધી તે કેન્દ્રની દરેક વર્ષની સત્ર ફીની આવક કૉલેજના આચાર્યશ્રી તરફથી માગણી આવ્યેથી પુસ્તકો માટે ખર્ચવા માટે પરવાનગી આપવા માટે વિચારવાનું રાખવું.

૩૬. ગુજરાત રાજ્યની વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી. એ. આર. બક્ષીને ઑર્ડિ. ૬૧-આઈ અનુસાર એલએલ.એમ. ગ્રુપ ૧ના પેપર ૨ કૉન્સ્ટિટ્યુશનલ લૉ માટે તજ્જ્ઞ વિદ્વાન તરીકે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલી દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી. એ. આર. બક્ષીને ઑર્ડિ. ૬૧-આઈ અનુસાર તજ્જ્ઞ વિદ્વાન તરીકે એલએલ.એમ. ગ્રુપ ૧ના પેપર કૉન્સ્ટિટ્યુશનલ લૉ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાના સૂચન પરત્વે શ્રી. બક્ષીના સ્પેશિયાલાઈઝેશન અંગે તપાસ કરીને ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૭. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના શિક્ષક શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈની એમ.કૉમ. સ્ટેટિસ્ટિક્સ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— શ્રી. દેસાઈની શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેની વિગતો નીચે મુજબ છે :

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	નોંધ
બી.એ. (ઑનર્સ મૅથમેટિક્સ) (મુંબઈ), પ્રથમ વર્ગ, ૧૯૨૯	પ્રોફેસર તરીકે તા. ૨૦-૬-૧૯૪૬થી આજ સુધી	શ્રી. દેસાઈ તેમની અરજીમાં જણાવે છે તે મુજબ તે સમયે "સ્ટેટિસ્ટિક્સ" અલગ વિષય તરીકે શીખવવામાં આવતો નહોતો.
એમ.એ. (ઑનર્સ મૅથ્સ.) (મુંબઈ), બીજો વર્ગ, ૧૯૩૩	કુલ ૨૩ વર્ષ (સ્ટેટિસ્ટિક્સ વિષયનો)	ઑર્ડિ. ૬૫-એફના કોષ્ટકમાં મથાળે "ટીચિંગ એકસપિરિયન્સ ઍઝ એ લૅક્ચરર ઈન ધી સબ્જેક્ટ" એ મુજબ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય ન આવે ત્યાં સુધી મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. ડૉ. આર. પી. પટેલની તેમને એમ.એસસી. એનાલિટિકલ કેમિસ્ટ્રીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કયો વિષય શીખવતા ?
૧.	બી.એસસી. (મુંબઈ) (૧૯૨૯) (કેમિસ્ટ્રી-ફિઝિક્સ), બીજો વર્ગ	૩ વર્ષ લેકચરર, બરોડા કૉલેજ	કેમિસ્ટ્રી
૨.	એમ.એસસી. (મુંબઈ) (૧૯૩૧) કેમિસ્ટ્રી, ડિસ્ટિંકશન, પ્રથમ વર્ગ-પ્રથમ		

ક્રમાંક	શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કયો વિષય શીખવતા ?
૩.	પીએચ.ડી. (૧૯૩૬), લંડન (ફાર્માકોલોજિકલ કેમિસ્ટ્રી)	૧૭ વર્ષ; ફાર્મસી કૉલેજ, અમદાવાદ (અનુસ્નાતક વર્ગોનો અનુભવ ૧૪ વર્ષ)	ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી, માયકોબાયોલોજી, એનાલિટિકલ કેમિસ્ટ્રી

(નોંધ.— વિજ્ઞાન વિદ્યાશાખાના ડીને તેમને માન્યતા આપવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત ઉપર બાબત નં. ૬માં નિમાયેલ સમિતિની વિચારણા તથા ભલામણ માટે મોકલવી.

૩૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસ.(બ્રાન્ચ ૨) (ઈ.એન.ટી.)ના અનુસ્નાતક કેન્દ્રમાં નિયમ મુજબ જરૂરી સ્થાનિક શિક્ષકગણ ન હોવાને લીધે તા. ૩૧-૫-૧૯૬૬થી બંધ કરવામાં આવેલું તે જરૂરી સ્થાનિક શિક્ષકગણ થતાં તા. ૧૦-૮-૧૯૬૮થી ફરી શરૂ કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે, તેને બદલે જે તારીખથી સ્થાનિક શિક્ષકગણની શરત પૂરી થઈ તે તારીખથી એટલે કે તા. ૫-૯-૧૯૬૬થી શરૂ થયેલું ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસ. (બ્રાન્ચ ૨) (ઈ.એન.ટી.) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર તા. ૧૦-૮-૧૯૬૮ને બદલે તા. ૫-૯-૧૯૬૬ કે જ્યારથી કેન્દ્ર માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ થયો ત્યારથી શરૂ થયેલું ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ગમે તે જોગવાઈ હોય તે છતાં આ કેન્દ્રને લાગેવળગે છે ત્યાં સુધી તેના શિક્ષકોને કોઈ પણ પ્રકારનું મહેનતાણું યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે નહીં એવી સ્પષ્ટતા કરવા પણ સિન્ડિકેટને ભલામણ કરવા.

૪૦. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનના તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. જે. જે. શુક્લને તત્ત્વજ્ઞાનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—(૧) શ્રી. જે. જે. શુક્લની શૈક્ષણિક લાયકાત અને અનુભવ નીચે મુજબ છે:

પદવી	વિષય		શૈક્ષણિક અનુભવ	હોદ્દો	કયા વિષયનો અનુભવ
બી.એ. (મુંબઈ), બીજો વર્ગ, ૧૯૫૫	ફિલોસોફી	(૧)	જુલાઈ ૧૯૫૫થી ૮ જુલાઈ ૧૯૫૬, રામનારાયણ રૂઈઆ કૉલેજ, મુંબઈ	ટ્યૂટર	—
એમ.એ. (મુંબઈ), પાસ વર્ગ, ૧૯૫૭	ફિલોસોફી	(૨)	જૂન ૧૯૬૦થી નવેંબર ૧૯૬૧, યુ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	ટ્યૂટર-લેક્ચરર	લૉજિક-સાયકોલોજી
પીએચ.ડી. (વડોદરા). ૧૯૬૬	ફિલોસોફી	(૩)	નવેંબર ૧૯૬૧થી જૂન ૧૯૬૩, પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા.	લેક્ચરર	લૉજિક-સાયકોલોજી બી.એ. સુધી

પદવી	વિષય	શૈક્ષણિક અનુભવ	હોદ્દો	કયા વિષયનો અનુભવ
		(૪) જૂન ૧૯૬૩થી ૧૯૬૫, આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ.	લેકચરર	લૉજિક-સાયકોલોજી, ફિલોસોફી
		(૫) જૂન ૧૯૬૫થી જૂન ૧૯૬૬, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	લેકચરર	લૉજિક-સાયકોલોજી
		(૬) જૂન ૧૯૬૬થી જૂન ૧૯૬૭, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, તલોદ	લેકચરર	લૉજિક-સાયકોલોજી

(૨) લેકચરર તરીકે કુલ ૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવનના તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. જે. જે. શુકલને એમ.એ. પદવી તત્ત્વજ્ઞાનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ભવનોમાં વ્યાખ્યાતા તરીકે શિક્ષકની નિમણૂક કરવામાં આવે કે તરત જ તેમને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપોઆપ મળે તેવી રીતનો એક નિયમ ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૧. ડૉ. કે. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. હિમાંશુ ભટ્ટના મહાનિબંધની રૂપરેખા તથા મહાનિબંધ, ડૉ. કે. બી. વ્યાસ આ યુનિવર્સિટીના માન્ય શિક્ષક તરીકે બંધ થતાં, તેમનું માર્ગદર્શન ચાલુ રાખવા પરવાનગી આપવામાં આવેલી. આના સંદર્ભમાં શ્રી. હિમાંશુ ભટ્ટની તેમનો મહાનિબંધ યુનિવર્સિટીને સીધો રજૂ કરવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હિમાંશુ ભટ્ટના મહાનિબંધ અંગેની બાબત પરત્વે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. અંગ્રેજી, મનોવિજ્ઞાન અને સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે પાટણની શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજના પ્રસ્તાવ અંગે તપાસ કરી રિપોર્ટ કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી તપાસસમિતિના અહેવાલના સંદર્ભમાં આપણી યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણની પુનર્રચના કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૮-૭-૧૯૬૯ના પત્ર નં. એફ. ૯-૧-૬૮-એમથી કરેલ સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી તથા તે દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સમિતિના રિપોર્ટમાં કરવામાં આવેલી ટીકાઓ પરત્વે હકીકતાત્મક જવાબ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઉપરના પત્રની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૪૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે મજકૂર સમિતિ તરફ ફેરવિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ નીચે મુજબ છે :

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ઍડિ. ૬૧-એફમાં આપેલા કોઠામાં નીચેની જોગવાઈ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelor's Degree	*Master's Degree*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
I	—	and Ph.D.	Three years
II	—	and Ph.D.	Four years

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતની વિચારણા હાથ ધરવામાં આવી હતી :

૪૪. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલાં તબીબી વિદ્યાશાખાનાં ડિગ્રી-ડિપ્લોમાનાં અનુસ્નાતક કેન્દ્રોની વર્ષ ૧૯૬૮-૬૯ના અંતે રહેલી બચતમાંથી રૂ. ૪,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવાની તે સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૮-૬૯ની બચતમાંથી રૂ. ૪,૦૦૦ની કિંમતનાં પુસ્તકો અને સામયિકો ખરીદવાની વિનંતી તપાસીને ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી તેની યાદી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧.	શ્રી. આર. એમ. ભટ્ટ (એમ.એ.)	એમ.એ.	ગુજરાતી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨.	,, કે. સી. દવે (એમ.એ.)	,,	,,	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૩.	,, એચ. પી. પટેલ (એમ.એ., પીએચ.ડી.)	,,	,,	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪.	,, કે. જી. પટેલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૫.	,, કે. બી. શાહ (એમ.એ.)	,,	,,	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૬.	,, એસ. જી. શાહ (એમ.એ)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ
૭.	,, એ. વાય. ત્રિપાઠી (એમ.એ., પીએચ.ડી.)	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ મિયાગામ-કરજણ
૮.	,, સી. પી. વ્યાસ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ
૯.	,, સી. એફ. પટેલ (એમ.એ.)	,,	હિન્દી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૧૦.	,, પી. એસ. શુકલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
૧૧.	(શ્રીમતી) કે. એસ. મહેતા (એમ.એ.)	,,	,,	બી. વી. ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨.	શ્રી. એસ. એસ. રાવત (એમ.એ.)	,,	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૩.	,, એન. જી. પટેલ (એમ.એ., એલએલ.બી.)	,,	,,	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૧૪.	,, સીંગ રામકુંવર (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૧૫.	,, જે. વી. જોશી (એમ.એ.)	,,	અંગ્રેજી	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૬.	,, પી. જે. સોની (એમ.એ.)	,,	,,	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૧૭.	શ્રી. ટી. એસ. નાન્દી (એમ.એ., પીએચ.ડી.)	પીએચ.ડી.	સંસ્કૃત	ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૧૮.	(શ્રીમતી) વી. સી. પટવારી (એમ.એ.)	એમ.એ.	,,	[illegible] કૉલેજ, ડાકોર

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧૯.	(શ્રીમતી) એચ. પી. એન્જિનિયર (એમ.એ.)	એમ.એ.	સંસ્કૃત	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૦.	શ્રી. એ. આર. અમૃતે (એમ.એ.)	,,	,,	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૨૧.	,, આઈ. બી. શુકલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૨૨.	,, એ. ડી. ઠાકર (એમ.એ.)	,,	,,	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૨૩.	,, એ. એસ. કાદરી (એમ.એ.)	,,	પર્શિયન	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨૪.	,, એમ. એમ. શેખ (એમ.એ.)	એમ.એ.	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૨૫.	,, કે. સી. દેસાઈ (એમ.એ.) (કંચનલાલ ચંદુલાલ)	,,	ઈતિહાસ જૂથ "એ" અને "બી"	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૨૬.	(શ્રીમતી) એસ. એમ. મહેતા (એમ.એ.)	,,	,,	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, ફૉર ગર્લ્સ, અમદાવાદ
૨૭.	શ્રી. એસ. એન. કાઝી (એમ.એ.)	,,	,,	આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
૨૮.	,, આર. એમ. ભટ્ટ (એમ.એ.)	,,	ઈતિહાસ જૂથ "સી" અને "ડી"	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૯.	,, એસ. બી. પંચાલ (એમ.એ.)	,,	,,	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦.	,, આર. એમ. પંચાલ (એમ.એ.)	,,	,,	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૧.	,, ડી. એન. ત્રિવેદી (એમ.એ.) (ધીરજલાલ નારણજી)	,,	,,	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૨.	,, કાંતિલાલ ચંદુલાલ દેસાઈ (એમ.એ.)	,,	ઈતિહાસ જૂથ "એ" અને "જી"	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૩.	,, વી. કે. શાહ (એમ.એ.)	,,	તત્ત્વજ્ઞાન	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ
૩૪.	,, એચ. ડી. બદામી (એમ.એ., પીએચ.ડી., એમ.એડ.)	પીએચ.ડી.	મનોવિજ્ઞાન	મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૩૫.	,, એસ. સી. કાનાવાલા (એમ.એ.)	એમ.એ.	મનોવિજ્ઞાન	બી. વી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૩૬.	શ્રી. કે. યુ. ત્રિવેદી (એમ.એ.)	એ.એ.	મનોવિજ્ઞાન	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
૩૭.	,, એન. એમ. પરીખ (એમ.એ.)	,,	,,	બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૮.	,, એ. એન. દેસાઈ (એમ.એ., પી.એચડી.)	,,	,,	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૯.	,, જે. સી. પરીખ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૪૦.	,, એસ. ડી. પાઠક (એમ.એ.)	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૪૧.	,, જી. એમ. પરીખ (એમ.એડ.)	એમ.એડ.	એજ્યુકેશન	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૪૨.	,, આર. પી. પટેલ (એમ.એડ., પીએચ.ડી.)	,,	,,	એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ
૪૩.	,, વી. એ. પટેલ (એમ.એડ.)	એમ.એડ.	,,	એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ
૪૪.	,, એન. વી. રાવળ (એમ.એ., એમ.એડ.)	,,	,,	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૪૫.	શ્રીમતી એસ. એસ. શાહ (એમ.એડ.)	,,	,,	એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ
૪૬.	શ્રી. કે. કે. શુકલ (એમ.એડ.)	,,	,,	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૪૭.	ડૉ. પી. વી. કુલકર્ણી (એમ.એસસી., પીએચ.ડી.)	પીએચ.ડી.	ફિઝિકસ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
૪૮.	ડૉ. એન. ઈ. ડ્વેલ્ટ્ઝ (એમ.એસસી., પીએચ.ડી.)	,,	,,	અટિરા, અમદાવાદ
૪૯.	શ્રી. એસ. એચ. ફડિયા (એમ.એસસી.)	એમ.એસસી.	ફિઝિકસ	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૫૦.	,, બી. એમ. પટેલ (એમ.એસસી.)	,,	,,	એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણ
૫૧.	,, એન. એમ. શાહ (એમ.એસસી.)	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૫૨.	,, આર. એસ. શાહ (એમ.એસસી., પીએચ.ડી.)	,,	ઈન-ઑર્ગેનિક ઍન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટયૂટ, અમદાવાદ
૫૩.	,, વી. એસ. મોદી (એમ.એસસી.)	,,	ઈન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૫૪.	શ્રી. જે. સી. વોરા (એમ.એસસી., પીએચ.ડી.)	પીએચ.ડી.	ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૫૫.	,, સી. સી. શાહ (એમ.એસસી.)	એમ.એસસી.	,,	પી. ટી સાયન્સ કૉલેજ, ગોધરા
૫૬.	,, ડી. એન. શાહ (એમ.એસસી., પીએચ.ડી.)	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સાયન્સ કૉલેજ, કડી
૫૭.	,, કે. એમ. પટેલ (એમ.એસસી.)	,,	,,	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૫૮.	,, બી. પી. પટેલ (એમ.એસસી.)	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૫૯.	,, એલ. બી. પટેલ (એમ.એસસી.)	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૬૦.	,, એમ. એમ. પટેલ (એમ.એસસી.)	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૬૧.	,, એ. ડી. સતવેદી (એમ.એસસી.)	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૬૨.	,, એન. એસ. શાહ (એમ.એસસી.)	,,	,,	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૬૩.	,, આર. સી. શાહ (એમ.એસસી.)	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૬૪.	,, પી. એસ. સતપંથી (એમ.એસસી., પીએચ.ડી.)	,,	,,	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૬૫.	,, એમ. એન. વ્યાસ (એમ.એસસી.)	,,	ફિઝિકલ કેમિસ્ટ્રી	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬૬.	,, વી. એમ. સુક્કાવાળા (એમ.એસસી., પીએચ.ડી.)	,,	બોટેની	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૬૭.	,, બી. એસ. વૈદ્ય (એમ.એસસી., પીએચ.ડી.)	પીએચ.ડી.	,,	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૬૮.	,, એન. આઈ. દાણી (એમ.એસસી.)	એમ.એસસી.	,,	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૬૯.	,, જે. ડી. ઓઝા (એમ.એસસી.)	,,	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૭૦.	,, આર. એસ. પટેલ (એમ.એસસી.)	,,	,,	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.
૭૧.	શ્રી. બી. એન. શાહ (એમ.એસસી.)	એમ.એ.— એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૭૨.	શ્રી. ડી. કે. શાહ (એમ.એસસી.)	એમ.એ.-એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	એમ. એન. સાયન્સ ઍન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ
૭૩.	,, પી. ડી. આચાર્ય (એમ.એસસી.)	,,	મૅથેમેટિકસ, ગ્રુપ "એ"	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૭૪.	,, આઈ. એચ. લાલીવાળા (એમ.અ.)	એમ.એ.-એમ.એસસી.	મૅથેમેટિકસ, ગ્રુપ "એ"	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૭૫.	,, એમ. આર. પટેલ (એમ.એસસી.)	એમ.એસસી.	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૭૬.	,, એમ. એસ. પટેલ (એમ.એસસી.)	એમ.એ.-એમ.એસસી.	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૭૭.	,, જે. ડી. આચાર્ય (એમ.એસસી.)	એમ.એ.-એમ.એસસી.	,,	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૭૮.	,, સી. ડી. વ્યાસ (એમ.એસસી.)	એલએલ.એમ.	ગ્રુપ "૧" અને "૩"	ઊંઝા લૉ કૉલેજ, ઊંઝા
૭૯.	,, એસ. ટી. ત્રિવેદી (એમ.એ.)	એમ.કૉમ.	૧. ઇકો. પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ૩. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૦.	,, વી. એસ. દોશી (એમ.એ.,એલએલ.બી.)	,,	૧. પબ્લિક ઇકોનોમિકસ ૨. ફોરેન એક્સચેન્જ ૩. કૉર્પોરેશન ફાઇનાન્સ ૪. ઇન્ટરનેશનલ બૅંકિંગ	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૧.	,, કે. એમ. તલાટી (એમ.એ.,પીએચ.ડી.)	એમ.કૉમ.	૧. ઇકો. પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગે. માર્કેટ્સ ૩. સ્ટેટિસ્ટિકસ, પેપર ૧ ૪. સ્ટેટિસ્ટિકસ, પેપર ૨	આટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૮૨.	શ્રી, એન. કે. દવે (એમ.કૉમ.)	એમ.કૉમ.	૧. ઈકો. ઑફ ઍગ્રિકલ્ચર ૨. કો-ઑપ. ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ૩. ઈન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૪. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ	સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૩.	,, જી. એ. પાઠક (એમ.કૉમ.)	,,	૧. ઑર્ગે. માર્કેટ્સ ૨. કૉર્પોરેશન ફાઈનાન્સ ૩. ઈકોનોમિક સ્ટેટિસ્ટિક્સ ૪. સ્ટેટિસ્ટિકલ ક્વૉલિટી કંટ્રોલ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૮૪.	,, ડી. આર. કાછિયાપટેલ (એમ.કૉમ.)	,,	૧. કૉર્પોરેશન ફાઈનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ *૩. ઈન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૪. કૉસ્ટિંગ	કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
			(* ઑગે નાઈઝ્ડ માર્કેટ્સ પેપરની માન્યતા રદ કરીને માન્યતા આપવામાં આવી.)	
૮૫.	,, આર. બી. શાહ (એમ.કૉમ.)	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઈનાન્સ ૨. કૉસ્ટિંગ ૩. મૅનેજમેન્ટ ૪. મૅનેજમેન્ટ ઍકાઉન્ટન્સી	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૬.	,, અન. એચ. પટેલ (એમ.કૉમ.)	,,	૧. ઑર્ગે. માર્કેટ્સ ૨. કૉર્પોરેશન ફાઈનાન્સ ૩. ઈકોનોમિક સ્ટેટિસ્ટિક્સ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૮૭.	શ્રી. એ. વી. સોનેજી (એમ.એ.,એલએલ.બી.)	એમ.કૉમ.	૧. ઈન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૨. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ૩. બૅંકિંગ ૪. ઈન્ટરનેશનલ ફાઈનાન્સ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૮૮.	,, ડી. એમ. શીખ (એમ.એ.)	,,	૧. ઈકોનોમિક પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગેનાઈઝ્ડ માર્કેટ્સ ૩. બૅંકિંગ ૪. એડ. બિઝનેસ ઈકોનોમિકસ	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૯.	,, આઈ. બી. પટેલ (એમ.એસસી.)	,,	સ્ટેટિસ્ટિકસ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૯૦.	,, જી. એમ. પટેલ (એમ.એસસી.)	,,	,,	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૯૧.	,, આર એલ. સંઘવી (એમ.એ., એલએલ.બી.)	,,	૧. ઈકો. પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઈન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૩. બૅંકિંગ ૪. ઈન્ટરનેશનલ ફાઈનાન્સ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૯૨.	શ્રી. પી. કે. પરીખ (એમ.એ.)	એમ.એ.	ગુજરાતી	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી
૯૩.	શ્રીમતી એસ. એમ. ઉરેઝી (એમ.એ.)	,,	ઉર્દૂ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૯૪.	શ્રી. આઈ. એસ. દવે (એમ.એ.)	,,	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૯૫.	,, આઈ. જી. વશી (અમ.એસસી., પીએચ.ડી.)	પીએચ.ડી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૯૬.	શ્રી. યુ. એમ. રાવળ (એમ.એસસી., પીએચ.ડી.)	એમ.એસસી.	ઝૂલોજી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૯૭.	,, એન. જે. ચિનોય (એમ.એસસી., પીએચ.ડી.)	એમ.એસસી.	ઝૂલોજી	,,
૯૮.	,, કે. એમ. મહેતા (એમ.એસસી.)	એમ.એ.— એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૯૯.	,, પી. કે. પટેલ બી.ઈ., એમ.એસ., (યુ.એસ.એ.)	એમ.ઈ.	મિકેનિકલ એન્જિનિયરિંગ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિ., અમદાવાદ
૧૦૦.	,, એન. આર. દવે (એમ.ઈ.)	એમ.ઈ.	,,	,,
૧૦૧.	,, એ. બી. વ્યાસ (એમ.કૉમ.)	એમ.કૉમ.	૧. ઑર્ગે નાઇઝડ માર્કેટસ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૪. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦૨.	,, ડી. ડી. ત્રિવેદી (એમ.કૉમ.)	,,	મોડર્ન બિઝનેસ, પેપર ૨	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
	[તેમની (૧) કૉર્પોરેશન ફાઇનાન્સ, (૨) બિઝનેસ મૅનેજમેન્ટ, (૩) મોડર્ન બિઝનેસ, પેપર ૧ની માન્યતા ઉપરાંત ચોથા પેપરમાં.]			
૧૦૩.	શ્રી. સી. એફ. પટેલ (બી.કૉમ.,એફ.સી.એ.)	એમ.કૉમ.	૧. કૉસ્ટ ઍકાઉન્ટિંગ, પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ પેપર ૩ અને ૪	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧૩

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૦૪.	શ્રી. સી. ટી. શેઠ (એમ.એ.)	એમ.એ.	ગુજરાતી	બી. વી. ડી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦૫.	,, એમ. એમ. શાહ (એમ.એ., બી.ટી.)	,,	ઇતિહાસ, જૂથ "એ" અને "બી"	સ્વામિનારાયણ કૉલેજ, અમદાવાદ
૧૦૬.	,, ટી. એમ. મિસ્ત્રી	,,	અર્થશાસ્ત્ર, જૂથ "સી" અને "ડી"	સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૧૦૭.	,, ડી. એન. ત્રિવેદી (એમ.એ.)	,,	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૦૮.	,, કે. જે. પટેલ (એમ.એસસી.)	એમ.એસસી.	ફિઝિકસ	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૦૯.	,, આર. એમ. મહેતા	એમ.એ.— એમ.એસ.સી.	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૧૧૦.	ડૉ. વી. જી. માવળંકર (એફ.આર.સી.એસ.)	એમ.એસ., બ્રા. ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

પરિશિષ્ટ "૨"

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી નથી તેની યાદી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. એચ. સી. પટેલ (એમ.એ.)	એમ.એ.	ઇંગ્લિશ	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨.	શ્રી. એન. એમ. રાવ (એમ.એ.,પીએચ.ડી.)	પીએચ.ડી.	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. એલ. ડી. જોષી (એમ.એ.,પીએચ.ડી.)	,,	હિંદી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા
૪.	શ્રીમતી યુ. સી. શાહ (એમ.એ.)	એમ.એ.	,,	મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રીમતી યુ. જી. અંબાણી (એમ.એ.)	,,	સંસ્કૃત	એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૬.	શ્રી. એન. એચ. શાહ (એમ.એ.)	,,	પ્રાકૃત	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૭.	શ્રી. ટી. વી. જેબનપુત્રા (એમ.એ.)	,,	સોશિયોલોજી	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૮.	શ્રી. બી. કે. પટેલ (એમ.એસસી.)	એમ.એસસી.	ફિઝિક્સ	ભવન્સ કૉલેજ, ડાકોર
૯.	શ્રી. પી. આર. શાહ (એમ.એસસી.,પીએચ.ડી.)	પીએચ.ડી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૦.	શ્રી. આર. જી. પટેલ (એમ.એસસી.)	એમ.એસસી.	,,	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૧૧.	શ્રી. આઈ. એમ. ભટ્ટ (એમ.એસસી., પીએચ.ડી.)	,,	ઇનઑર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧૨.	શ્રી. એન. જે. પટેલ (એમ.એસસી.)	એમ.એસસી.	ફિઝિકલ કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૩.	શ્રી. એચ. એમ. સોલંકી	,,	ઝૂલોજી	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૪.	ડૉ. સી. આઈ. ઝાલા	પીએચ.ડી.	પૅથોલોજી-માઇક્રોબાયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૫.	શ્રી. વી. જે. ચોકસી (એમ.એ.,પીએચ.ડી.)	એમ.એ.	ગુજરાતી	એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૧૬.	શ્રી. આર. એમ. કડિયા (એમ.એ.)	એમ.એ.	હિન્દી	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૧૭.	શ્રીમતી આઈ. જી. ભટ્ટ (એમ.એ.)	એમ.એ.	ઇંગ્લિશ	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શ્રી. જે. આઈ. વ્યાસ (એમ.એ.)	એમ.એ.	પોલિટિકલ સાયન્સ	બી. ડી. કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ "૩"

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી તેની યાદી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧.	શ્રી. ડી. આર. પંડ્યા (એમ.એ.)	એમ.એ.	ગુજરાતી	નવજીવન આર્ટ્સ કૉલેજ, દાહોદ
૨.	શ્રી. એમ. સી. પંડ્યા (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૩.	શ્રીમતી કે. એસ. પરીખ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૪.	શ્રી. સી. પી. પટેલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૫.	શ્રી. જે. આર. પટેલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૬.	શ્રી. એચ. એ. પટેલ (એમ.એ.)	,,	,,	સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
૭.	શ્રી. એસ. સી. પટેલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૮.	શ્રી. એ. જી. પટેલ (એમ.એ.)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૯.	શ્રી. એન. આર. ઠક્કર (એમ.એ.)	,,	,,	વિવેકાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦.	શ્રી. કે. એસ. રામી (એમ.એ.)	,,	,,	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૧૧.	શ્રી. વી. જે. ચોકસી (એમ.એ.,પીએચ.ડી.)	,,	,,	એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
7. *Thermoelectric refrigeration* : Thermo-electric effects, Analysis of thermoelectric cooling, C.O.P. figure of merits. Thermo-electric materials.

8. *Heat Pumps* : C.O.P. performance factor, Thermodynamic–losses in vapour compression, heat pumps, Heat sources & sinks.

9. *Performance of system components* :

Compressors : Performance of ideal and actual compressor. ASRE rating, rotary compressors, Centrifugal compressors, their characteristics, Comparision.

Condensers : Heat rejection rate, condensing—co-efficients, fouling factor.

Expansion devices and their performance : Shut off valve. Automatic expansion valve. Thermostatic expansion valve and its performance, Float valves, Capillary tubes, Selection of capillary tubes, applications.

Evaporators : Types, Performance and heat transfer characteristics.
Matching of compressor, Condenser, Evaporator and the complete system,

10. *Lubrication* : Desirable properties of lubricants.

II. **Practical / Oral :**

Practical and oral examinations will be based on the syllabus above.

III. **Term-work :**

Term-work will consist off a record of work done inpractical.

2209. ADVANCED AIR-CONDITIONING

Theory	:	100 marks (3 hours)
Sessional	:	50 marks
Practical / Oral	:	50 marks
Term-work	:	50 marks

I. **Theory :**

1. *Psychometry* : Preparation of psychometric charts and choice of their co-ordinates, adiabatic saturation and wet bulb temperatures. Enthalpy deviation, Psychometry at different altitudes, Psychometric processes—Comfort effective temperature, Winter and Summer design conditions.

2. *Load estimation* : Basic considerations. Determination of Solar radiation for given solar altitude, latitude, declination; hour angle and azimuth angle on horizontal, vertical inclined surfaces : Direct and diffused solar radiation, shading devices, Structural shading, Head transmission through glass sheet—single and double solar air-temperature. Heat transmission through building walls, ceilings, floors and doors, Thermal storage in buildings.

Sensible and latent heat loads, Infiltration and ventilation load requirements, equipment load, occupancy load, Duct heat gain.

Steady state heat transmission—unsteady state heat flow, Analog solution of unsteady heat flow. Pull down of temperature, Schmidt method, equivalent electrical circuit.

3. *Water conservation equipment :* Enthalpy potential, heat transfer using enthalpy potential. Condenser water cooling, cooling ponds and sprays, cooling towers, analysis of counterflow cooling tower, cross flow cooling tower, deviation from ideal conditions; Evaporative condensers, performance, comparison of evaporative condensers and cooling towers.

4. *Cooling and dehumidifying coils:* Construction, condition curves, Temperature of wetted surface, Calculation of surface area and outlet dry bulb temperature, moisture removal; actual condition curve, solving for outlet conditions, partially dry coils, By pass factor, apparatus dew-point, sensible heat factor and their relation.

5. *Evaporative Cooling :* Adiabatic air washers chilled water sprays, sprayed coils, Hygroscopic liquid sprays.

6. *Air-conditioning calculations :* Load requirements, Capacity of conditioner, Selection of coil from tabulated performance data, wet bulb depression in coil, calculations of air-flow by pass factor, Humidity and temperature control.

7. *Fans :* Classification; characteristic curves H.P. requirements, Fan laws, Fan rating tables.

8. *Design of duct system :* Pressure losses, Velocity method, Constant pressure drop method, Static regain method, Return and exhaust systems, Duct materials.

9. *Air distribution :* Outlet performance, Grill performance, Directional and Volume Control, Outlet types, specific applications, Air distribution in residence, balancing of air handling system.

10. *Air cleaning :* Particulate impurities, air cleaner performance, classification of air cleaning devices, economics of air cleaner selection, sterilization of air.

11. *System Planning :* Procedure in analysing problems, preliminery lay out, system design, Zoning, Need for zoning and its economics, Zoning methods.

12. *Air-conditioning Systems :* Single air system, dual air system, Primary air systems, Unit system, Panel system, Selection of system, Central system apparatus; Design.

Air-conditioning Equipment : Central station equipment, low pressure room induction Unit, high pressure induction unit, room-fan coil units, self contained air-conditioners, room air-conditioners.

Commercial and Industrial Air-conditioning :

Requirements, Systems. Automatic controls; Basic consideration, Method of control, automatic control elements, temperature controllers, humidity controllers, Pressure controllers, energy sources, motion of control, control system response, final control element, various types of controllers, simple cooling system control, double cooling system control, dew-point control, dew-point control of spray cooling system, year round control system.

Noise and Vibration Control :

Sound level measurement, Acceptable sound levels, sources and transmission of noise, noise reduction, Accoustic absorption, Sound absorbers, requirements,

Estimating sounds levels, Machinery isolation, conditions necessiating isolation, isolation materials and isolator types, recommended procedure.

II. **Practical / Oral :**

Practical and oral examinations will be based on the syllabus above.

III. **Term-work :**

Term-work will consist of a record of practicals done above.

2210. DESIGN, TESTING AND INSTALLATION OF REFRIGERATION AND AIR-CONDITIONING EQUIPMENT

Paper	: 100 marks (3 hours)
Sessional	: 50 marks
Practical	: 50 marks
Term-work	: 25 marks

Design of reciprocating compressors for refrigeration, rotary and centrifugal compressors as per standard specifications. B.T.U. rating of compressors, compressor testing.

Testing of refrigerants and lubricants for thermodynamic and physical properties, moisture content determination of refrigerants.

Determination of moisture absorption capacity of insulating materials, thermal conductivity and other salient physical properties.

Design of refrigeration systems such as steam jet refrigeration system. Thermoelectric, absorption system and low temperature refrigeration systems.

Performance and characteristics of system components such as compressors, condensers, evaporators and expansion devoices. Installation of refrigeration systems, testing as per I. S. S. of industrial refrigeration systems and domestic refrigerators. Testing of accessories, such as thermostats, pressure cut-outs, solenoid valve, electric motors, condensers, etc. calibration of thermo-couples.

Design of commercial and industrial air-conditioning systems unit, fan coil, low pressure, high pressure, central and package type.

Design and testing of evaporative condensors, cooling towers, spray ponds, Design and testing of dehumidifying coils.

Design; installation and performance of dessert coolers, air washers.

Testing of fans; Design and installation of ducts.

Balancing of air-conditioning systems. Testing of fitter, Installation of automatic controls. Testing of air-conditioning systems as per I.S.I.

Term-work :

Term-work will consist of record of practicals based on the above syllabus.

Practical / Oral :

Practical and oral examinations will be based on the syllabus above.

2211. ADVANCED INTERNAL COMBUSTION ENGINEERING

Theory	: 100 marks (3 hours)
Sessional	: 50 marks
Practical	: 50 marks
Term-work	: 50 marks

I. **Theory :**

(*A*) *General :*

1. Theoretical engine cycles and turnbine cycles; Their analysis, comparison and practical applications.

(*B*) *Diesel Engines :*

1. Fuel injection process and fuel-air mixing :
   Fuel injection equipment for C. I. engines; Properties of fuel affecting injection process; Types of nozzles and their characteristics; Methods and approaches in calculating injection parameters; Fuel atomization and development of fuel sprays.
2. Process analysis : Actual cycle offour-stroke C. I. engine; Suction and exhaust processes, compression and expansion processes; Effect of air-swirl. Analysis of turbo-charged engine cycle.

(*c*) *Carburetted Engines :*

1. Principles of carburetion; Improvements in carburetor for specific requirements; Modern carburettors Air-Craft Carburettors; Petrol-injection.
2. Process analysis of 4-stroke carburetted engine cycle; Effect of super-charging; combustion chambers.

   Scavenging in a 2-stroke engine.

(*d*) *Gas Turbine :*

1. General features of expansion and combustion turbines; Methods to improve turbine efficiency; Gas turbine Compressors; Combustion Chambers; Impulse and reaction turbines.
2. Gas turbines for air-craft; Propulsion systems; Qualitative and analytical comparisons of characteristics of Engine-Gas Turbine-Compressor-and propaller combinations: Pulse jet engines; Ram-jets; Rocket engine.

II. **Practical :**

This will be as the project work of analysing any two of the topics in the syllabus above.

III. **Term-work :**

A report shall be submitted for the practical work done above.

Practical / Oral examination will be based on the term-work.

2212. COMBUSTION

Theory	:	100 marks (3 hours)
Sessional	:	50 marks
Practical / Oral	:	50 marks
Term-Work	:	50 marks

I. **Theory :**

1. *Chemical Kinetics :* Theory of Chemical Kinetics: Study of rates and mechanism of chemical transformations; Basic laws of Kinetics; Law of mass action; Order of reaction; Arhenius equation; Dependence of rate reaction on parameters like pressure and temperature; Chain reactions, rates of chain reaction.
2. *Combustion Phenomena :* Classification of different forms of Combustion; Auto-ignition; External source ignition; Hot surface ignition; Processes of flame propagation; Experimental methods of measuring flame velocity; Thermal theory of laminar flame propagation; Effect of different factor on the velocity of laminar and turbulent flame propagation; Auto-ignition and delay period; Mechanism of cool flames.
3. *Detonation :* Gasdynamic theory of shock wave and detonation wave; Development of Chemical reaction in the detonation wave front; Special features of detonation under engine conditions.
4. *Applied Combustion :* Features of ignition and combustion processes in Diesel engines, Carburetted engine and Gas turbines; Their abnormalities and ways to correct or eliminate them.
5. *Fuels :* Required characteristics of fuels for specific, i.e., engineering applications; composition and physical properties; Testing of fuels; Fuel additives.

II. **Practical :**

The laboratory work will be based on experiments on combustion.

III. **Term-work :**

A journal covering the report on experiments shall be submitted. Oral examination will be based on the term-work.

2213. ENGINE DESIGN, TESTING AND INSTALLATION

Theory	:	100 marks (3 hours)
Sessional	:	50 marks
Practical / Oral	:	50 marks
Term–work	:	25 marks

I. **Theory :**

1. *Design :* Principles of designing various parts of an engine and a gas turbine; Principle of similitude; Design of main parts.
2. *Testing :* (*a*) Engine and turbine performance; Analysis of heat loss; characteristic curves and their interpretations.

   (*b*) Type testing, rating test, road test, Indian Standards for I. C. Engines; Layout of experimental benches for various tests on engines and turbines; Indicators; Smoke measurement; Wear tests; Thrust testing of an air-craft gas-turbine.
3. *Installation :* Engine frames, installation of a small high-speed engines; instatation of a large multicylinder engine for a power station; Alignment, Running in test; Pilot running.

   Foundation requirements; Precautions in preparing foundations.
4. *Lubrication :* Systems of lubrication for engines and turbines; Lubricants; Evaluation of lubricant.

II. **Practical :**

This shall consist of a project report on each of the four topics above.

III. **Term-work :**

A report on the work done in practical shall be submitted.

Oral examination shall be based on the term-work.

3201. DISSERTATION

(500 marks)

By the end of second semester each candidate shall be assigned a title of his project pertaining to his / her elective. This project may be involving analysis / design / experimental work, etc.

A dissertation covering the work done in project shall be submitted as typed volume in four copies. The presentation in the disssertation shall be in a prescribed manner only.

Each candidate shall have to defend his work before a panel of examiners.

પરિશિષ્ટ "બ"
ઠરાવઠરાવ ક્રમાંક ૬૦

ENGINEERING DRAWING-I

B.E. I, Part I — Semester-I

Sessional : 25 marks
Term-work : 50 marks
Paper : 100 marks

Plane Geometry :

Construction and use of various scales such as plain scales, diagonal scales and scale of chords. Construction for drawing curves such as parabola, ellipse, hyperbola, involute, eyeloid, hypocyeloid, archemedian spiral, four centered spiral, logarithmic spiral, heliz, trochoid, interior trochoid, superior trochoid, epitrochoid and hypotrochoid and loci of points on simple moving mechanisms. Centres of gravity and moment of inertia of plane figures by geometrical methods.

Solid Geometry :

Projection of points, lines and planes on vertical, horizontal, auxiliary and oblique planes.

Engineering Drawing (Term-work : 50 marks) :

Each candidate shall submit a set of the following sheets certified by the Principal of the college that they have been executed in a satisfactory manner in the drawing halls of the college :

1. One sheet on lettering.
2. One sheet on curves, arches and loci of points.
3. Six problems on Solid Geometry solves on one drawing sheet.

The above term-work should be done of half imperial size drawing papers. This work shall be counted as term-work and assessed by the college and allotted up to a maximum of 50 marks.

ENGINEERING DRAWING-II

B.E. I, Part II — Semester–II

Sessional : 25 marks
Term-work : 50 marks
Paper : 100 marks

Solid Geometry :

Theory of projection and orthographic projection, projection of simple solids such as cylinders, cones, parallelopipes, prisms and pyramids with varying position of axes and ground on any plane. Sections of simple solids by planes. Projection of helices and screw threads.

Isometric projection : Principles, scales and projection of simple solids.

Orthographic Projection : Elementary idea of first and third angle projection, plan, elevation, end view and sections.

Engineering Drawing (Term-work : 50 marks) :

Each candidate shall submit a set of the following sheets certified by the Principal of the college that they have been executed in a satisfactory manner in the drawing halls of the college :

1. One sheet on orthographic projections.
2. One sheet on isometric projections.
3. Six problems on Solid Geometry solved on one drawing sheet.

The above term-work should be done on half imperial size drawing papers. This work shall be counted as term-work and assessed by the college and allotted up to a maximum of 50 marks.

WORKSHOP PRACTICE–I

B.E. I, Part I—Semester–I

Term-work : 50 marks

The workshop practice will consist of (*a*) instructions in use of hand tools for carpentry, smithy filing and fitting, (*b*) Demonstration in the use of hand tools for marking in smithy fitting, carpentry, (*c*) practical work in carpentry, smithy and fitting shops, and (*d*) in addition to the

work done in the practical classes every student will submit the following jobs for assessment as term-work :

1. One job in smithy.
2. One job for assessment in filing and fitting.
3. One job in carpentry.

WORKSHOP PRACTICE–II

B.E. I, Part II—Semester–II

The workshop practice will consist of (*a*) instructions in the use of measurement and working instruments such as surface plate, callipers, etc., (*b*) demonstration in the use of hand tools in smithy, carpentry, fitting, taping, and (*c*) in addition to the work done in practical classes, every student will submit the following jobs for assessment as term-work.

1. One job in smithy.
2. One job in chipping and taping.
3. One job in carpentry.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૬૧

Minimum qualifications for the appointment of Paper-setters, Examiners for Examinations in Pharmacy.

1. **Diploma in Pharmacy Examinations :**

Post-graduate degree and minimum teaching experience of 3 years as a tutor in the subject;

or

Post-graduate qualification in the subject and 5 years' experience in Industry or Research Institute in the subject after post-graduate qualification.

2. **B.Pharm. Examinations :**

Post-graduate degree and 3 years' minimum teaching experience as a Lecturer or in higher grade;

or

Post-graduate qualification and minimum 5 years' experience in Industry or Research Institute in the subject after post-graduate qualification.

Note.— In the following subjects the post-graduate qualification may be waived :

(1) Forensic Pharmacy,
(2) Pharmaceutical Economics,
(3) Drug Marketing,
(4) Engineering Mechanics,
(5) Engineering Drawing,
(6) Principles of Industrial and Hospital Management and Elementary Accountancy.

3. **Post-graduate M.Pharm. Examinations :**

A post-graduate teacher with 3 years' teaching experience as a post-graduate teacher;

or

A person with doctorate qualification and 10 years' standing in Industry or Research Institute in the subject after post-graduate qualification or an eminent person in the subject.

4. It is desirable that one of the Examiner in each subject must be an internal Examiner.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૬૨

O. 281 :

(*iii*) by full time post-graduate studies of three years for degree and 2 years for diploma of which at least one year will be residential.

O. 282 :

(*iii*) A candidate who has held an appointment of a House Officer or a Registrar or a Resident Anaesthetist or a Resident Pathologist or Junior Lecturer in the subject of his speciality, under the head of approved appointment only, will be entitled to the bare period of appointment. The maximum period which could be granted under this Head will be of 2 years.

O. 294 :

(*iii*) by full-time post-graduate studies of three years for degree and 2 years for diploma of which at least one year will be residential.

O. 295 :

(*iii*) A candidate who has held an appointment of a House Officer or a Registrar or a Resident Anaesthetist or a Resident Pathologist or Junior Lecturer in the subject of his speciality, under the head of approved appointment only, will be entitled to the bare period of appointment. The maximum period which could be granted under this head will be of 2 years.

પરિશિષ્ટ "ઠ"
ક્રમકાજ ક્રમાંક ૬૩

THE DIPLOMA IN PSYCHOLOGICAL MEDICINE (D.P.M.)

O. 378 :

Every candidate for the Diploma in Psychological Medicine (D.P.M.) must have taken the degrees of M.B.,B.S. of this University or of the University recognised by this University and must have undergone the courses of study laid down in relevant regulation.

R. 262-A :

The courses of study shall be spread over a period of two academic years.

R. 262-B :

The examination shall be in two parts, viz., Part I and Part II.

R. 262-C :

The courses of study for Part I of the Examination shall be spread over a period of six months (one term). (A candidate will be permitted to appear for Part I of the Examination after putting in six months attendance from the date of registration.)

O. 378-A :

Every candidate presenting himself for Part I of the Diploma Examination must send to the Registrar, together with his form of application for admission to the examination, a certificate of having attended a systematic course of lectures and lecture demonstration during post-graduate studies as given in. R.

O. 378-B :

No candidate will be admitted to Part II of the Examination unless he has completed the prescribed courses of study and has passed Part I of the Examination.

Every candidate presenting himself for Part II of the Diploma Examination must send to the Registrar, together with his form of application for admission to the examination, a certificate—

(*i*) of having attended a systematic course of lectures and lecture demonstration during post-graduate studies as given in R.

(*ii*) of having held the following appointments or filed in the following attendances for clinical instruction :

Clinical Instruction in Psychiatry

(*a*) Teaching General Hospital :

One academic year's resident appointment in the patient and out patient Psychiatric Department of a Teaching General Hospital, or post-graduate student in the Psychiatric Department of such an Instruction for at least one academic year attending at least five times weekly, each attendance lasting a minimum of three hours.

Methods of Psychiatric History-taking, Techniques of Psychiatric Interviewing and Examinations : Diagnosis and Treatment of cases of Psychoneuroses, Psychomatic Disorders : Character and Personality Disorders and early Psychosis at the In-patient and out-patient Psychiatric Department of a Teaching General Hospital Seminars, Demonstrations and Clinical Conferences. Psychical Methods of Treatment, Methods of Individual and Group Psychotherapy and Psychiatric Social case work. Clinical clerking, keeping of case records and follow up of cases.

(*b*) Mental Hospital :

Six months' resident appointment in Mental Hospital or daily attendance of not less than three hours at least for five days a week for one academic year in a Mental Hospital.

Provided that a candidate who has worked as full-time member of the staff of a State Hospital in India with a minimum capacity of 150 patients be exempted from attendance in a Mental Hospital required under O. 400–B, on his forwarding to the Registrar of the University, a certificate from the head of the institution that he has put in one full year as a full-time member of the staff of the institution that he has put in one full year as a full-time member of the staff of the institution and has during the tenure of his appointment, personally examined

patients and made clinical notes and carried out physical treatment such as cardiozol and electric convulsive therapies insulin coma therapy and other physical and psychological therapies available in the hospital.

Methods of Psychiatric History-taking, Techniques of Psychiatric Interviewing and Examinations; Diagnosis and Treatment of Psychotic patients at the Mental Hospital. Clinical Seminars and Demonstrations. Physical Methods of Treatment and Individual and Group Psychotherapy of Psychotic patients. Clinical clerking, keeping of case records and follow up of cases.

(*c*) Child Guidance Clinic :

Attendance of at least two hours each at a child guidance clinic functioning at least twice a week for a period of eighteen months, or a minimum of 150 attendances of at least two hours each in a child guidance clinic as Medical Officer or Post-graduate students

Techniques of History-taking and Interviewing children with behaviour, Personality and Habit Disorders; Psychometric Disorders, Scholastic Problems Juvenile, Neuroses and Psychoses, Psychotherapy including Playtherapy; Psychiatric Social Work and Psychological Testing of Children at Child Guidance Clinic. Clinical clerking and keeping of case records and follow up of cases.

(*d*) Clinical Instruction in Neurology :

Clinical work in Neurological cases in the in-patient and out-patient Neurological Department in a Teaching General Hospital spread for at least six months as a Medical Officer or a Clinical Assistant, or a Post-graduate student.

Methods of Neurological History-taking; Examination, Diagnosis and Treatment of Neurological cases in the Neurological in-patient and out-patient Departments. Clinical Seminars and Demonstrations. Clinical clerking for a period of at least six months in the Neurological Department.

R. 262-D :

The Examination for Part I shall be as follows :

(*a*) Psychology :

Two papers each of three hours' duration and carrying 100 marks each.

One Oral Examination carrying 100 marks.

(*b*) Anatomy and Physiology of the Central Nervous System.

One paper in Anatomy and Physiology of the Central Nervous System of three hours' duration and carrying 100 mark.

One practical and oral in Anatomy and Physiology of the Central Nervous System carrying 50 marks.

R. 262-E :

The Examination for Part II shall be as follows :

(*a*) Psychiatry :

Two papers, each of three hours' duration and carrying 100 marks each.
One essay or commentary on a case carrying 50 marks.
Clinical Examination carrying 100 marks.
Oral Examination carrying 50 marks.

(*b*) Neurology :

One paper of three hours' duration carrying 100 marks.
Clinical and Oral Examinations carrying 100 marks.

SUMMARY OF LECTURES

Part I

1.	General Psychology including Psychodynamics and Elementary Statistics	..	At least 20	lectures
2.	Social Psychology including Cultural Anthropology	..	„ 10	„
3.	Mental Testing	..	„ 8	„
4.	Child Psychology (Development of the Normal Child including factors conductive to promotion of mental health)	..	„ 12	„
5.	Elements of Hindu Psychology	..	„ 6	„
6.	Introduction to Medical Genetics	..	„ 6	„
7.	Anatomy of the Central Nervous System	..	„ 12	„
8.	Physiology of the Central Nervous System including Electrophysiology, Endocrinology and Biochemistry.	..	„ 20	„
			„ 94	„

PART II

Neurology :

9.	Clinical Neurology including Neuroradiology and Clinical Electronce philography	..	Atleast	25	lectures
10.	Neuropathology (Anatomical and Biochemical)	..	,,	10	,,
	Psychiatry				
11.	Historical Development of Psychiatry	..	,,	5	,,
12.	Methods of Psychiatric Examination	..	,,	5	,,
13.	Psychopathology (Freudian and other Schools)	..	,,	10	,,
14.	Systematic General Psychiatry including Physical Methods of Treatment	..	,,	30	,,
15.	Psychosomatic Disturbances	..	,,	10	,,
16.	Industrial and Occupational Psychiatry	..	,,	8	,,
17.	Child Psychiatry including Mental Deficiency	..	,,	15	,,
18.	Mental Hygiene, Social Work and Public Services	..	,,	10	,,
19.	Psychotherapy (Individual and Group)	..	,,	10	,,
20.	Mental Hospital Administration	..	,,	5	,,
21.	Administrative Procedures, Legal Relationships and Forensic Psychiatry	..	,,	10	,,
			,,	153	,,

Total number of lectures for D.P.M., Part I and Part II—247 lectures.

Standard for passing the Examination

R. 262-F :

In order to pass Part I of the Examination, a candidate must obtain—

(*a*) (*i*) 50 per cent of the marks in the two papers in Psychology taken together

and

(*ii*) 50 per cent of the marks in the oral in Psychology separately.

(*b*) (*i*) 50 per cent of the marks in the paper in Anatomy and Physiology of the Central Nervous System

and

(*ii*) 50 per cent of the marks in the practical and oral in Anatomy and Physiology separately.

To pass Part II of the Examination, a candidate must obtain –

(*a*) (*i*) 50 per cent of the marks in the two papers in Psychiatry taken together

and

(*ii*) 50 per cent of the marks in the essay or commentary on a case, Clinical Examination and Oral Examination separately.

(*b*) (*i*) 50 per cent of the marks on the paper in Neurology

and

(*ii*) 50 per cent of the marks in the Clinical and Oral Examinations in Neurology separately.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૬૫

વિદેશી વિશ્વવિદ્યાલય માર્ગદર્શન કેન્દ્ર (ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો) અંગેની સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૬-૧૦-૧૯૬૯ ને ગુરુવારના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી ઉમાશંકર જોશી	હાજર
૨. પ્રો. આર. જી. ભટ્ટ	હાજર
૩. પ્રો. જે. જે. ચિનોય	ગેરહાજર
૪. પ્રો. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૫. આચાર્ય ડી. એમ. શીખ	ગેરહાજર
૬. ડૉ. પન્નાલાલ શાહ	હાજર
૭. આચાર્ય ગિરીશ પટેલ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. વિદેશી વિશ્વવિદ્યાલય માર્ગદર્શન કેન્દ્રનો ૧૯૬૮-૬૯ના વર્ષના વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદેશી વિશ્વવિદ્યાલય માર્ગદર્શન કેન્દ્રનો ૧૯૬૮-૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ સભામાં રજૂ થયેલ મુસદ્દા પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. પ્રમુખસ્થાનેથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો જે મંજૂર થયો :

"ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓનું એક મિલન નવેંબર ૧૯૬૯ના અંતમાં રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.

કે. ચં. પરીખ
કુલસચિવ,
ગુજરાત યુનિવર્સિટી,
અને
મંત્રી, વિદેશી વિશ્વવિદ્યાલય માર્ગદર્શન કેન્દ્ર.

વાર્ષિક અહેવાલ

(તા. ૧-૪-૧૯૬૮થી તા. ૩૧-૩-૧૯૬૯)

વિદેશી વિશ્વવિદ્યાલય માહિતી કેન્દ્ર

પરદેશી યુનિવર્સિટીઓ તથા અન્ય શિક્ષણ સંસ્થાઓમાં વધુ અભ્યાસ માટે જવા ઇચ્છતા વિદ્યાર્થીઓને અહેવાલના વર્ષ દરમ્યાન આ કેન્દ્ર દ્વારા અપાયેલી સેવાઓની માહિતી નીચે મુજબ છે :

વર્ષ	પૂછપરછના જવાબોની આશરે સંખ્યા	મોકલાવેલ અરજીઓની સંખ્યા		પરદેશમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા	
		યુ.કે.	યુ.એસ.એ.	યુ.કે.	યુ.એસ.એ.
૧૯૬૭–૬૮	૧૫૦૦	૩	—	—	—
૧૯૬૮–૬૯	૧૩૫૦	૧	૧	—	—

આ ઉપરાંત માહિતી કેન્દ્રમાં રૂબરૂ આવીને માહિતી-માર્ગદર્શન મેળવનારાઓની સંખ્યા આખરે ૨૮૦૦ જેટલી હતી. પૂછપરછમાં મુખ્યત્વે યુનાઇટેડ કિંગ્ડમ, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, કેનેડા અને જર્મનીની યુનિવર્સિટીઓ અને અન્ય શિક્ષણસંસ્થાઓને લગતી હતી. આ માહિતીમાં દેશપરદેશની વિવિધ યુનિવર્સિટીઓ તથા અન્ય શિક્ષણ સંસ્થાઓમાં ભણતા વિવિધ અભ્યાસક્રમો, સત્ર ફી, ખર્ચના અંદાજ, પાસપોર્ટ, વિદેશી હૂંડિયામણ મેળવવા અંગેના નિયમોની જાણકારી, રહેઠાણ, નાણાકીય બાંયધરી, શિષ્યવૃત્તિઓ, લોન, પ્રવાસ, પ્રવેશ માટે મુકરર વિવિધ કસોટીઓ વગેરે બાબતોનો સમાવેશ થતો હતો.

ભારત તથા પરદેશની વિવિધ યુનિવર્સિટીઓ, શિક્ષણસંસ્થાઓની હેન્ડબુકો, કેલેન્ડરો વગેરેનું એક સમૃદ્ધ સંદર્ભગ્રંથાલય એ માહિતી કેન્દ્રનું આગવું આકર્ષણ છે. આ ગ્રંથાલયમાં આશરે ૪૫૦૦ જેટલા ગ્રંથો/ચોપાનિયાં સંદર્ભ માટે ઉપલબ્ધ છે. આ ગ્રંથાલયનો લાભ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૧૦૦૦ જેટલી હતી.

માહિતી કેન્દ્રે યુ.એસ.એ., કેનેડા અને યુ.કે.ના ભારતમાંનાં એલચી ખાતાંઓનો સંપર્ક સાધીને વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી.

અમેરિકામાં વિશેષ અભ્યાસની સવલતો અંગે આ માહિતી કેન્દ્રમાં ઘણી પૂછપરછ રહેતી હોવાના કારણે અહેવાલના વર્ષ દરમિયાન નીચે જણાવેલા વિષયો અંગે ખાસ ચોપાનિયાં તૈયાર કરવામાં આવ્યાં હતાં :

(૧) કેમિકલ એન્જિનિયરિંગ
(૨) કેમિસ્ટ્રી
(૩) પોલિમર કેમિસ્ટ્રી, પ્લાસ્ટિક્સ સિરેનક્સ
(૪) બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
(૫) કોમ્પ્યુટર્સ
(૬) ઇલેક્ટ્રોનિક્સ.

અહેવાલના ગાળા દરમ્યાન મળેલ ટપાલનું તારણ કાઢતાં જણાય છે કે, રસાયણવિદ્યા, હુન્નરવિદ્યા, ગણિતશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા, અર્થશાસ્ત્ર, કોમ્પ્યુટર્સ, ઇલેકટ્રોનિકસ, દંતવિદ્યા, તબીબીવિદ્યા વગેરે વિષયોના અભ્યાસ માટે પરદેશમાં મળતી સગવડો અંગેની માહિતી માગતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે.

આ માહિતી કેન્દ્ર દ્વારા અહેવાલના આ ગાળા દરમ્યાન, યુ.કે. અને યુ.એસ.એ.માં એક એક અરજી મોકલી આપવામાં આવેલ જે એક રાસાયણિક ઇજનેરીના વિષય માટેની હતી.

યુ.એસ.એ.ની વિવિધ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજીઓ પણ લક્ષમાં લેતી હોવાથી વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે જ માહિતીકેન્દ્ર તેમજ આપણા એલચી ખાતા મારફતે અરજી કરવામાં જતો સમય બચાવવાના હેતુથી તેમની અરજીઓ જે તે શૈક્ષણિક સંસ્થાને સીધી જ મોકલવાનું પસંદ કરે છે.

આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓનાં વિશેષ દેખરેખ અને તેમને યોગ્ય માર્ગદર્શન મળે તે માટે યુનિવર્સિટીમાં 'ઇન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ'ની ભલામણો મુજબ આ યુનિવર્સિટીમાં માનદ ધોરણે 'ફોરેન સ્ટુડન્ટ્સ એડવાઇઝર'ની નિમણૂક અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ વ્યવસ્થા થયેથી વિદેશી વિદ્યાર્થીઓના રહેવાસ અને અભ્યાસ વિષયક જરૂરી માર્ગદર્શન સરળતાથી મળી શકશે એમ અપેક્ષા છે.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૭૬

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૮-૧૦-૧૯૬૯ના રોજ ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ (ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન)	હાજર
૩. રૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૩-૮-૧૯૬૯ની આ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૩-૮-૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૭-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભાની ભલામણના સંદર્ભમાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૮ની અરજી પણ વિચારણામાં લેવામાં આવી તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અરજીના સંદર્ભમાં સદરહુ સમિતિની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

આ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની ભલામણો તથા તે અંગેની યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૮-૧૧-૧૯૬૮ની તથા તા. ૨૯-૧-૧૯૬૯ની અરજીઓ ઉપર લંબાણપૂર્વક વિચારણા કરવામાં આવી અને ત્યાર બાદ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

અગાઉ આ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૮ની સભાએ કરેલી ભલામણો પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયના પ્રેસ સિવાયના બિનશિક્ષક વર્ગના જે કર્મચારીઓને હાલ સાઇકલભથ્થું આપવામાં આવે છે તે તેમના મૂળ માસિક પગારમાં નીચેની જોગવાઈઓને આધીન ભેળવી દેવું :

(૧) હાલમાં આપવામાં આવતું સાઇકલ ભથ્થું મૂળ પગારમાં ભેળવી દેવું અને તેમ કરતાં જે કર્મચારીઓનો પગાર તેમના હાલના પગારધોરણમાં બે પગથિયાંની વચ્ચે આવતો હોય તેમને ઉપલા પગથિયા ઉપર મૂકવા.

(૨) ઉપર પ્રમાણે નં. ૧નો લાભ આપ્યા પછી પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર, માળી, હેલ્પર, ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેન, વર્ક આસિસ્ટન્ટ, નાયક, પ્યૂન-કમ-એટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમેન, વૉર્ડબૉય, હવાલદાર, હેડમાળી, પંપ એટેન્ડન્ટ, ડ્રાઇવર, પ્લમ્બર, સુથાર અને ઇલેક્ટ્રિક વાયરમેનના પગારમાં વધુ એક પગારવધારો આપવો.

(૩) ઉપરોક્ત યોજનાનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવો.

(૪) જે કર્મચારીઓ ઉપર પ્રમાણેની યોજનામાં સામેલ થવા ન માંગતા હોય તેમને તેમનો ચાલુ પગાર તથા સાઇકલ ભથ્થા સહિતનાં ચાલુ ભથ્થાં છે તેમ ને તેમ જ રાખવાની છૂટ આપવી. આ છૂટનો લાભ જે કર્મચારીઓ લેવા માગતા હોય તેમણે તે અંગેની પસંદગીનો પત્ર સિન્ડિકેટ આ ભલામણ મંજૂર કરે પછી પંદર દિવસમાં યુનિવર્સિટી કાર્યાલયને આપવાનો રહેશે.

યુનિવર્સિટીમાં હવે પછી નવા નીમવામાં આવે તેવા કર્મચારીઓને સાઇકલ ભથ્થું આપવું નહીં.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

તા. ૧૦-૨-૧૯૬૯ના રોજ વલ્લભ વિદ્યાનગર મુકામે મળેલી વિવિધનિર્મિત યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that the recommendations of the Sarela Pay Commission to merge the Dearness Allowances in existing payscales of Government employees and the rates of travelling and halting allowance as recommended by the said Commission and accepted by the Government of Gujarat vide its Govt. Resolution No. PRA -1468/P dated 31-1-1969, be made applicable to the employees of the Universities in the State of Gujarat.

Resolved further that the State Government be requested to pay additional Block Maintenance Grant on cent per cent basis of the Universities in the State consequent upon the Implementation of the above recommendations of the Sarela Pay Commission."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાનો અંશત: ભાગ મેળવવા અંગેનાં સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સરેલા પગારપંચની ઉપરની ભલામણોનો સ્વીકાર કરવામાં આવે તો તેથી આ યુનિવર્સિટીના ખર્ચમાં જે વધારો થાય તે ખર્ચ વધારાની ગ્રાન્ટ દ્વારા પૂરેપૂરી ભરપાઈ કરવા માટે રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરવી.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સરેલા પગારપંચની ભલામણો પ્રમાણે યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ ભેળવવા અંગે યુનિવર્સિટીને થનાર વધારાના ખર્ચ માટે રાજ્ય સરકારને ગ્રાન્ટ આપવા વિનંતી કરવી, અને ગ્રાન્ટ મંજૂર થયેથી આ અંગે ત્યાર બાદ વિચારણા કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે સભામાં વાતચીત થઈ તે પ્રમાણે મોંઘવારી ભથ્થાનો કેટલો ભાગ પગારમાં ભેળવવાનો છે તે અંગેની તથા ત્યાર બાદ કયા ધોરણે મોંઘવારી ભથ્થું આપવામાં આવશે તેની ચોખવટ પણ મેળવી લેવી.

૪. સિન્ડિકેટે તેની તા. ૭/૮-૯-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના વિકાસ માટેની જરૂરિયાત અંગેનું કામ સંભાળવા માટે યુનિવર્સિટીમાં એક અધિકારીની રૂા. ૭૦૦-૧,૨૫૦ના પગારધોરણમાં નિમણૂક કરવા માંગે તો તે માટેની વાર્ષિક આવર્તક આર્થિક સહાય પાંચ વર્ષ સુધીના સમય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે તેમ જણાવતાં તેમના તા. ૩૦-૭-૧૯૬૯ના પત્રાંક એફ. ૨-૩૯-૬૮ (સીડીએન) પર વિચારણા કરવા બાબત."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના વિકાસ અંગેનું કામ સંભાળવા માટે યુનિવર્સિટીમાં એક વિકાસ અધિકારીની જગ્યા હંગામી ધોરણે પાંચ વર્ષ માટે રૂા. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૫. યુનિવર્સિટીના કર્મચારીઓને અપાતા રહેઠાણના નિયમોમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતાં રહેઠાણોના નિયમો નીચે પ્રમાણે રાખવા :

નિયમો

(૧) રહેઠાણનું ભાડું માસિક પગારના ૧૦ ટકા જેટલું ભાડું કે કિફાયતી રેન્ટ એ બેમાંથી જે ઓછું હશે તે રહેશે. પાણી, કોન્ઝર્વન્સ તથા સર્વિસ ટેક્ષ અને શિક્ષણવેરા તથા વીજળીક વપરાશની રકમ જુદી આપવાની રહેશે.

(૨) આ તમામ રકમ પગારમાંથી દર માસે કાપવામાં આવશે. રહેઠાણ આપવાથી અત્યાર સુધી આપવામાં આવતું મકાનભાડા ભથ્થું આપોઆપ બંધ થશે.
યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા થયેથી તે રહેઠાણ તરત જ ખાલી કરી આપવાનું રહેશે.

(૩) રહેઠાણ ખાલી કરવું હોય તો એક માસ અગાઉથી નોટિસ આપવાની રહેશે.

(૪) યુનિવર્સિટીએ સોંપેલા રહેઠાણના મકાનમાં કોઈ જાતનો ફેરફાર થઈ શકશે નહીં. મકાનની દીવાલો કે ઘાબાને અસર થાય તેવો કોઈ ફેરફાર કરવો નહીં. આ માટે જરૂર જણાય ત્યાં એસ્ટેટ વિભાગનો સંપર્ક સાધી કોઈ ફેરફાર કરવો હોય તો મંજૂરી મેળવી, ત્યાર બાદ કરવો.

(૫) જે કર્મચારીઓએ રહેઠાણ માટે માંગણી કરી હશે તેઓએ જો તેઓને રહેઠાણ આપવામાં આવે તો તેનો કબજો એક મહીનામાં લેવાનો રહેશે. પરંતુ કોઈ પણ સંજોગોમાં તેઓ ઉપરની મુદત સુધીમાં કબજો લઈ શકે નહીં તો તેઓએ ઓછામાં ઓછું એક મહીનાનું ભાડું આપવાનું રહેશે.

(૬) ઉપરની શરતો ઉપરાંત યુનિવર્સિટી વખતોવખત જે કાંઈ શરતો કે નિયમો કરે તે પાળવાના રહેશે.

૬. હોલેરિથ વિભાગમાં મદદનીશ સુપરિ.(હોલેરિથ)ની તથા સિનિયર ઑપરેટરની જગ્યાની લાયકાતનું ધોરણ સુધારવા અંગેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હોલેરિથ વિભાગના મદદનીશ સુપરિન્ટેન્ડેન્ટ તથા સિનિયર ઑપરેટરના લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

મદદનીશ સુપરિન્ટેન્ડેન્ટ (હોલેરિથ)

1. B.A. or B.Sc. with Mathematics or Physics,

or

2. B. Com. with Mathematics & Statistics,

or

3. B.E. Electrical.

ઉપરાંત આઈ. બી. એમ.ની કસોટીમાંથી પસાર થવાનું રહેશે.

સિનિયર ઑપરેટર

1. B.A. or B.Sc. with Mathematics or Physics.

or

2. B. Com. with Mathematics & Statistics

ઉપરાંત આઈ. બી. એમ.ની કસોટીમાંથી પસાર થવાનું રહેશે.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં ફોટોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એન. એ. શાહનું પગારધોરણ સુધારવા અંગેની તેઓની તા. ૩-૨-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફરની જગ્યા માટેનું પગારધોરણ રૂા. ૧૦૦-૧૦-૨૦૦ ઈ.બી. ૧૫-૨૬૦ રાખવું.

૮. સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"એસ્ટાબ્લિશમેન્ટ (રેટોર્સ સહિત) વિભાગ, હિસાબ વિભાગ સાથે સામાન્ય રીતે સંકળાયેલો ન હોવાથી તેને અલગ કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે રાખવા અમારી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં એમ.એસસી.ના સવારના વર્ગો માટે સવારે વધારાના કામને પહોંચી વળવા માટે રૂા. ૭૫૦ના દૈનિક વેતનથી એક પટાવાળાની પ્રથમ સત્રના અંત સુધી નિમણૂક કરી છે તે જગ્યા બીજા સત્રમાં હંગામી ધોરણે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના સવારના વર્ગો માટે એક પટાવાળાની દૈનિક વેતનથી કામચલાઉ ધોરણે ચાલુ વર્ષ માટે એક જગ્યા મંજૂર કરવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૩-૧૦-૧૯૬૯ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૧-૯-૧૯૬૯ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રૂા. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ પ્લ. બી. ૨૦-૪૦૦ના પગારધોરણમાં બિલ્ડિંગ સુપરવાઇઝરની હાલની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવી.

૧૧. અમદાવાદ શહેરમાં પ્રવર્તતી અશાંતિના સમયમાં સરકાર તરફથી જુદા જુદા વિસ્તારો માટે જુદા જુદા સમય માટે જાહેર કરવામાં આવેલા કરફ્યુને કારણે તા. ૨૦-૯-૧૯૬૯થી તા. ૨૭-૯-૧૯૬૯ સુધી પ્રેસના રોજિંદા કર્મચારીઓ ફરજ પર આવી શકયા ન હોવાથી તેઓને તે દિવસોનો પગાર આપવો કે કેમ તે અંગે પ્રેસના તા. ૩-૧૦-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓને માસિક પગાર-ધોરણથી નીમવામાં આવ્યા હોય તેઓને તા. ૨૦-૯-૧૯૬૯થી તા. ૨૭-૯-૧૯૬૯ સુધી અમદાવાદ શહેરમાં પ્રવર્તતી અશાંતિને કારણે જાહેર કરવામાં આવેલા કરફ્યુને લીધે ખાસ રજાઓ આપી પગારમાં કોઈ કાપ કરવો નહીં, પરંતુ જે કર્મચારીઓ દૈનિક વેતનથી નિમાયા હોય તેઓને તેઓ જેટલા દિવસો હાજર હોય તેટલા દિવસોનો પગાર આપવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટીના બાંધકામ અંગેનાં કામોને લીધે વખતોવખત બહાર જવું પડતું હોવાથી રકુટર એલાવન્સ આપવા અંગેની એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની તા. ૧૪-૧૦-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

ગુ. યુ. પ્રેસ ૯૭૫-૪૫૦-૧-૭૦

સિન્ડિકેટ (ડિસેંબર) તા. ૬/૭--૧૨--૧૯૬૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની સભા, શનિવાર, તા. ૬–૧૨–૧૯૬૯ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૭–૧૨–૧૯૬૯ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬–૧૨–૧૯૬૯	તા. ૭–૧૨–૧૯૬૯
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૪.	શ્રી. કાકાસાહેબ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	ગેરહાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧-૧૧-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧-૧૧-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૧-અ. ઑક્ટોબર ૧૯૬૯માં લેવાયેલી પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાઓમાં આંતરિક મૂલ્યાંકનની બાબતમાં સુધારેલા રેગ્યુલેશન્સ ૧૬૫, ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૭ અને ૧૭૯ના અમલ અંગે થયેલી ગેરસમજમાંથી ઊભી થયેલી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૬૯-૭૦ની પ્રથમ, બીજી અને ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનની બાબતમાં સુધારેલા રેગ્યુલેશન્સ ૧૬૫, ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૭ અને ૧૭૯ના અમલ અંગે તબીબી કૉલેજોમાં જે ગેરસમજ ઊભી થઈ છે તેના અનુલક્ષમાં જે તે કૉલેજના વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનમાં ઘટતા સુધારા કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે તબીબી કૉલેજોના આચાર્યોને જણાવવું અને સુધારેલા આંતરિક મૂલ્યાંકનના આધારે સંબંધકર્તા વિદ્યાર્થીઓનાં પરિણામો સુધારીને જાહેર કરવા માટે કાર્યાલયને સૂચના આપવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. માઉન્ટ આબુ ખાતે તા. ૩-૫-૧૯૬૯થી તા. ૧૭-૫-૧૯૬૯ના અરસામાં યોજાયેલ નાટ્ય તાલીમ કૅમ્પ અંગે મંજૂર થયેલા રૂ. ૫,૫૦૦ને બદલે રૂ. ૬,૭૩૪-૬૭નો ખર્ચ થવા પામ્યો હોઈ રૂ. ૧,૨૩૪-૬૭નો વધારાનો ખર્ચ મંજૂર કર્યાના;

૨. ચાલુ વર્ષે ઉનાળાની રજાઓમાં માઉન્ટ આબુ ખાતે યોજાયેલ અધ્યાપકો માટેના નાટ્ય તાલીમ શિબિરના શિબિરાર્થીઓએ તૈયાર કરેલ અને શિબિરના અંતે રજૂ કરેલ નાટ્ય-પ્રયોગો અમદાવાદ ખાતે તા. ૨૪-૧૧-૧૯૬૯ના રોજ રજૂ કરવા માટેના ખર્ચની રકમ રૂ. ૧,૨૦૦ મંજૂર કર્યાના;

૩. દ્વિતીય રાષ્ટ્રીય ગ્રંથાલય દિન તથા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ તા. ૧૪-૧૧-૧૯૬૯થી તા. ૨૦-૧૧-૧૯૬૯ સુધી ઊજવવા અંગે કુલપતિશ્રીએ રૂ. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર)નું ખર્ચ મંજૂર કર્યાના;

૪. ઑક્ટોબર ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં કરેલી મુખ્ય નિરીક્ષકોની નિમણૂકોમાં જરૂર પડ્યે અવેજી નિમણૂકો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગેની બાબતમાં રાજ્ય સરકારે શિક્ષકોએ સ્વીકારવાનાં પગારધોરણ અંગેનો વિકલ્પ અખત્યાર કરવાની છેલ્લી તારીખ, જે તા. ૩૦-૧૨-૧૯૬૯ની રાખી હતી તેને બદલે છેલ્લી તા. ૩૧-૧૨-૧૯૬૯ રાખી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને રાજ્ય સરકારને જણાવવું કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગેની બાબતમાં શિક્ષકોએ સ્વીકારવાનાં પગારધોરણ અંગેનો વિકલ્પ અખત્યાર કરવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૧૯૬૯ હોઈ સદરહુ બાબત અંગેના તમામ મુદ્દાઓનો નિકાલ કરીને પોતાનો નિર્ણય ત્વરિત જાહેર કરવા રાજ્ય સરકારને વિનંતી કરવી.

૪. Inter-University Board of India and Ceylonની ૪૫મી બેઠકની સાથોસાથ મદુરાઈ યુનિવર્સિટી, મદુરાઈ મુકામે Tenth Quinquennial Conference, ૧૯૭૦ના ફેબ્રુઆરી તા. ૬થી ૮ના રોજ યોજનાર છે. આ જ સમયે Examination Reform પર પણ એક પરિસંવાદ યોજનાર છે તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર બોર્ડના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓને નીમવી :

શ્રી. જે. એમ. મહેતા (કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ)

નીચેની વ્યક્તિઓ પૈકી કુલપતિશ્રી નીમે તે એક :

(૧) ડૉ. રમણલાલ જી. ભટ્ટ
(૨) આચાર્ય જે. પી. સાણ્ડિલ
(૩) આચાર્ય કે. એન. શાહ.

૫. Indian Council for Cultural Relationsના ઉપક્રમે Australian and Indian Literature પર ૧૯૭૦ના જાન્યુઆરી તા. ૧૨થી ૧૬ના સમય દરમિયાન આઝાદ ભવન, ન્યૂ દિલ્હી મુકામે એક પરિસંવાદ યોજનાર છે; તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કાઉન્સિલના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એસ. આર. ભટ્ટને મોકલવા.

૬. All-India English Teachersનું ૨૦મું અધિવેશન નાગપુર યુનિવર્સિટીના ઉપક્રમે નાગપુર મુકામે ૧૯૭૦ના જાન્યુઆરી તા. ૫થી ૭ના સમય દરમિયાન યોજનાર છે; તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સ્થાનિક મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય ટી. પી. ચિતાનંદ તથા પ્રો. વી. જે. ત્રિવેદીને મોકલવા.

૭. **Indian Political Science Associationનું ૩૧મું અધિવેશન ત્રિવેન્દ્રમ (કેરાલા) મુકામે ડિસેંબર ૨૬થી ૨૮, ૧૯૬૯ના સમય દરમિયાન યોજાનાર છે; તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ડી. એચ. ખુતરિયાને મોકલવા.

૮. **The Government Central Pedagogical Institute, Allahabad, All-India Training Collegesનો નવમો સમારંભ ડિસેંબર ૧૮થી ૨૨, ૧૯૬૯ના સમય દરમિયાન અલ્લાબાદ મુકામે યોજાનાર છે; તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઉત્તર પ્રદેશના શિક્ષણાધિકારી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમારંભમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૯. **The Association of Physicians of India, Cardiological Society of India, Indian Association of Chest Diseases, Indian Association of Dermatology and Venereology, Diabetis વગેરેની સાથે સંયુક્ત રીતે તેનું રજતમું વાર્ષિક અધિવેશન ૧૯૭૦ના જાન્યુઆરી ૧૭થી ૨૧ના સમય દરમિયાન મુંબઈ મુકામે યોજાનાર છે; તો તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. આર. શ્રોફને મોકલવા.

૧૦. **Indian Commerce Associationનું ૨૩મું વાર્ષિક સત્ર ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૬૯ના સમય દરમિયાન કેરાલા યુનિવર્સિટીના ઉપક્રમે એર્નાકુલમ (કેરાલા સ્ટેટ) મુકામે યોજાનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સંયુક્ત મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય જે. સી. ત્રિવેદીને મોકલવા.

૧૧. **The Institution of Engineersની વાર્ષિક પરિષદ ફેબ્રુઆરી ૪થી ૮ ૧૯૭૦ના સમય દરમિયાન કલકત્તા મુકામે યોજાનાર છે; તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ટી. એમ. પરીખને મોકલવા.

૧૨. પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે સંબંધો સુધારવા તથા વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે પોલીસ સાથેની અથડામણો ટાળવા માટે રાજ્ય સરકાર કાયમી ધોરણે વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓની સમિતિની રચના કરવા માગે છે તેના પર યુનિવર્સિટીના પ્રતિનિધિની નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. સી. ક્ષત્રિયને નીમવા.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક વિજ્ઞાન વિદ્યાશાખાને એનાયત કરવા માટે નીમેલી સમિતિના સભ્ય તરીકે શ્રી. એસ. એન. શેહનાએ પોતે રસાયણશાસ્ત્રના શિક્ષક હોવાથી સદરહુ સમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યશ્રીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[સદરહુ સમિતિ પર અન્ય સભ્યો નીચે મુજબ છે :

(૧) શ્રી. એ. એસ. દિવેટિયા
(૨) શ્રી. આર. ડી. આડતિયા
(૩) શ્રી. યુ. એન સિંગ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. એસ. એન. શેહનાની જગ્યાએ ડૉ. કે. એસ. નારગુંડને નીમવા.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. એમ. મિશ્રાનો વધુ લંબાવેલ એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૬-૧-૧૯૭૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૭-૧-૧૯૭૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં તેઓનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવ્યો છે. તેઓ બે વર્ષની અભ્યાસ-રજા પર પરદેશ ગયેલા હતા અને તા. ૩-૧૦-૧૯૬૯ના રોજ હાજર થયેલા છે.)

વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના લેક્ચરર ડૉ. એમ. મિશ્રાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. મિશ્રાને સદરહુ જગ્યા પર તા. ૧૭-૧-૧૯૭૦થી કાયમ કરવા.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. રામસુંદર દુખીરામ લેશ	ચોકીદાર	કાર્યાલય (એસ્ટેટ વિભાગ)	૭-૧-૧૯૭૦	૮-૧-૧૯૭૦
(૨)	અર્જુનસિંહ મૂકાજી ચાવડા	,,	,,	૧૫-૧-૧૯૭૦	૧૬-૧-૧૯૭૦

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ચોકીદાર શ્રી. રામસુંદર દુખીરામ લેશનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમનું કામકાજ સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે, જ્યારે ચોકીદાર શ્રી. અર્જુનસિંહ ફીકાજી ચાવડાને તેમની જગ્યા પર તા. ૧૬-૧-૧૯૭૦થી કાયમ કરવા.

૧૬. યુનિવર્સિટી પ્રેસના કોપીહોલ્ડર શ્રી. વી. એલ. દવે તા. ૨૦-૧૨-૧૯૬૯ના રોજ ૬૨ વર્ષ પૂરાં કરતા હોવાથી નિવૃત્તિવય લંબાવવા માટેની તેઓની તા. ૬-૧૦-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં શ્રી. વી. એલ. દવેની સેવાની મુદત તા. ૨૦-૧૨-૧૯૬૯ સુધી લંબાવવા માટે કુલપતિશ્રીને સત્તા આપેલી હતી તે પ્રમાણે લંબાવવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કોપીહોલ્ડર શ્રી. વી. એલ. દવેને પોતાની તબીબી તપાસ યુનિવર્સિટીના કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસર ડૉ. ચન્દ્રકાન્ત ત્રિવેદી પાસે કરાવવા જણાવવું અને તે તબીબી તપાસનો રિપોર્ટ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. યુનિવર્સિટીમાં હૉસ્ટલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલ વધુ અભ્યાસ અર્થે પરદેશ ગયેલ હોઈ તેઓને તા. ૯-૮-૧૯૬૯થી તા. ૮-૨-૧૯૭૦ સુધી યુનિવર્સિટીનો પદાધિકાર (Lien) રાખી બિનપગારી રજા મંજૂર કરવા અંગેના તેઓના તા. ૨૩-૮-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. સી. એસ. પટેલની આ પહેલાં તા. ૫-૩-૧૯૬૮થી તા. ૮-૮-૧૯૬૯ની બિનપગારી રજા મંજૂર કરવામાં આવી હતી.

(૨) જુનિયર ક્લાર્ક એન. સી. જોશીની બાબતમાં સિન્ડિકેટની તા. ૧૬-૬-૧૯૬૮ની બેઠકમાં લિયન અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

'(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીની પોતાનો પદાધિકાર ચાલુ રાખવાની માગણી આવે તો મંજૂર કરવી નહીં એમ યુનિવર્સિટી કાર્યાલયને સૂચના આપવી.']

આથી ઠરાવવામાં આવે છે કે હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. સી. એસ. પટેલને તા. ૯-૮-૧૯૬૯થી તા. ૮-૨-૧૯૭૦ સુધી બિનપગારી રજા લંબાવી આપવી.

૧૮. સને ૧૯૭૦-૭૧નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—ગયા વર્ષે નીચેના સભ્યો હતા :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. જે. જે. ચિનોય
(૩) આચાર્યશ્રી એમ. સી. શાહ
(૪) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૫) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૦–૭૧ના વર્ષનું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી (અધ્યક્ષ)
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) ડૉ. જે. જે. ચિનોય
(૪) આચાર્ય એમ. સી. શાહ
(૫) આચાર્ય કે. એન. શાહ.

૧૯. ઑર્ડિનન્સ ૧(૪) અનુસાર પબ્લિકેશન બોર્ડના નીચે જણાવેલ સભ્યોના સભ્યપદની મુદત તા. ૨–૧૨–૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તેઓની જગ્યાએ નવા સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. વાય. જી. નાયક
(૨) ડૉ. જે. જે. ચિનોય
(૩) આચાર્યશ્રી એમ. સી. દેસાઈ
(૪) પ્રો. એમ. પી. પંડ્યા
(૫) આચાર્યશ્રી ય. પ્રા. શુક્લ
(૬) ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી
(૭) આચાર્યશ્રી એસ. આર. મહેતા.

[**નોંધ.**—ઑર્ડિનન્સ ૦૧નો સંબંધકર્તા પાડનો ભાગ નીચે પ્રમાણે છે :

(*i*) The Vice-Chancellor, (*ii*) The Rector, if any, (*iii*) The Deans of Faculties, (*iv*) Seven persons appointed by the Syndicate, five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of Recognised Institutions and Members of the Board of University Teaching.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચે જણાવેલા સભ્યોને ત્રણ વર્ષ માટે નીમવા :

(૧) આચાર્ય કે. એન. શાહ
(૨) ડૉ. જે. જે. ચિનોય
(૩) આચાર્ય એચ. કે. ત્રિવેદી
(૪) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૫) આચાર્ય ય. પ્રા. શુકલ
(૬) ડૉ. હરિપ્રસાદ જ. શાસ્ત્રી
(૭) આચાર્ય એસ. આર. મહેતા.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૯ની સભામાં બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ-ક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (iii) (b) અનુસાર વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત :

	જગ્યા
(૧) પ્રોફેસર ઑફ બિઝનેસ મેનેજમેન્ટ	...એક
(૨) પ્રોફેસર ઇન માર્કેટિંગ	...એક
(૩) રીડર ઇન ફાઇનેન્સિયલ મેનેજમેન્ટ	...એક
(૪) રીડર ઇન પ્રોડક્શન મેનેજમેન્ટ	...એક

O. 66 :

(2) (*iii*) Five persons having special knowledge of the subject for which the Teacher is to be appointed, to be selected as follows, namely:

(*b*) Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the Faculties or Teachers.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૨૮-એ. અમદાવાદમાં તાજેતરમાં શરૂ થયેલ સરદાર વલ્લભભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પૉલિટિક્સ ઍન્ડ ઇકૉનૉમિક્સના અધ્યક્ષ પ્રો. ડી. ટી. લાકડાવાળા દોઢેક વર્ષ સુધી અમદાવાદમાં પોતાની સેવાઓ આપનાર હોઈ યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં અર્થ-શાસ્ત્રના માનાર્હ પ્રાધ્યાપક તરીકે તેમની સેવાઓ બની શકે તો મેળવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના માનાર્હ પ્રાધ્યાપક તરીકે પ્રો. લાકડાવાળાની સેવાઓ મળી શકે તો તે મેળવવાનું રાખવું અને તે માટે જરૂરી વાટાઘાટો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. ફાર્મસીના જુદા જુદા વિષયોને આવરી લઈ તે વિષયમાં એક નવી પરિભાષાની પુસ્તિકા તૈયાર કરવા અંગે આચાર્યશ્રી સી. એસ. શાહે કરેલ સૂચનને અનુલક્ષી તે વિષય માટે એક સમિતિ રચવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીના વિષયમાં ગુજરાતીમાં વૈજ્ઞાનિક પરિભાષા તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય સી. એસ. શાહ
(૨) પ્રો. એમ. બી. દેવાણી
(૩) ડૉ. એચ. આર. દેરાસરી
(૪) ડૉ. ભાનુબહેન ત્રિવેદી.

૨૨. સને ૧૯૭૦ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષા સમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૦ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો માટે ભલામણ કરવા અંગેની જુદી જુદી વિદ્યાશાખાની સમિતિઓ પર નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવી :

વિનયન વિદ્યાશાખા	...	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. આચાર્યા ઊર્મિલાબહેન ચિ. પટેલ
વિજ્ઞાન વિદ્યાશાખા	...	૧. આચાર્ય કે. એન. શાહ ૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
વાણિજ્ય વિદ્યાશાખા	...	૧. આચાર્ય એમ. સી. શાહ ૨. પ્રો. મણિશંકર પી. પંડ્યા
ધારાશાસ્ત્ર વિદ્યાશાખા	...	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. શ્રી. રસિકલાલ બી. શાહ
તબીબી વિદ્યાશાખા	...	૨. ડૉ. જે. બાં. હરિભક્તિ ૨. શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
ઇજનેરી વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. જે. ચિનોય ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી.

૨૩. અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ કરવા માટે નીચે મુજબની તપાસસમિતિઓ રચવી :

ક્રમાંક	અનુસ્નાતક કેન્દ્રનું નામ	તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	... ડૉ. સી. આર. નાયક
૨.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	... ડૉ. કે. આર. રામનાથન
૩.	બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ	... ડૉ. બાં. જે. સાંડેસરા
૪.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	... પ્રો. ગિરીશભાઈ એસ. દેસાઈ

ક્રમાંક	અનુસ્નાતક કેન્દ્રનું નામ		તપાસસમિતિના સભ્યોનાં નામ
૫.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	...	પ્રિન્સિપાલ, હોમસાયન્સ કૉલેજ, વડોદરા
૬.	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	...	(૧) આચાર્ય વી. આર. રણદીવે (૨) આચાર્ય સી. ડી. વ્યાસ
૭.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	આચાર્ય કે. એમ. તલાટી
૮.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	આચાર્ય કે. એમ. તલાટી
૯.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રો. એસ. મુકરજી
૧૦.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	...	કુલપતિશ્રીને આપેલી સત્તાની રૂએ તેઓશ્રી નિમણૂક કરે તે
૧૧.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	...	ડૉ. કે. આર. શ્રોફ
૧૨.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	ડૉ. જે. બી. હરિભક્તિ
૧૩.	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ	...	ડૉ. કે. આર. શ્રોફ
૧૪.	એમ. એન. કૉલેજ, વીસનગર	...	(૧) ડૉ. એ. એમ. ત્રિવેદી (૨) પ્રો. મણિશંકર પી. પંડ્યા
૧૫.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	...	(૧) પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ (૨) આચાર્ય ધીરુભાઈ ઠાકર
૧૬.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	...	(૧) આચાર્ય કે. એન. શાહ (૨) આચાર્ય એલ. ડી. દવે
૧૭.	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	...	આચાર્ય આર. એચ. શાહ
૧૮.	શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	...	ડૉ. રમણલાલ જે. જોશી
૧૯.	પી. બી. સાયન્સ ઍન્ડ એસ. કે. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	...	ડૉ. કે. એ. ઠાકર
૨૦.	સર પી. ટી. સાયન્સ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રી. ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	...	આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૨૧.	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	...	પ્રો. વી. એમ. ઠાકોર
૨૨.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	...	(૧) આચાર્ય જે. જે. ત્રિવેદી (૨) આચાર્ય રામપ્રસાદ શુક્લ.

૨૪. વર્ષ ૧૯૬૮-૬૯ના યુનિવર્સિટીના ઓગણીસમા વાર્ષિક અહેવાલ અંગે નિમાયેલ સમિતિએ ઘડેલ વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષના ગુજરાત યુનિવર્સિટીના ૧૯મા વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૨૫. ૧૯૭૦ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયે પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી તથા તે વર્ષમાં વધુ બે રજાઓ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદી **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૬. સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષમાં કેટલાંક ખાતાંઓમાં થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ખર્ચની વિગતો **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૨૭. National Council of Educational Research and Training સંચાલિત Talent Search Examination Associated Centre, ગુજરાતના અધ્યક્ષ તરીકે ભવનના અધ્યક્ષ શ્રી. જે. જે. ચિનોયની નિમણૂક થયેલ હોઈ તે સંસ્થા તરફથી તેમને રૂ. ૧,૦૦૦નું માનદ વેતન સ્વીકારવા અંગેના ડૉ. ચિનોયનાતા. ૧૮-૯-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સિન્ડિકેટની તા. ૪-૨-૧૯૬૯ના ઠરાવ અન્વયે યુનિવર્સિટીના શિક્ષકોને બહારની સંસ્થાઓની કોઈ પણ સંશોધનયોજના માટે કામ કરવા માટે તેમને મળતા મૂળ માસિક પગારના આશરે ૨૫ ટકા પરંતુ વધુમાં વધુ ૭૦ ટકા જેટલું ભથ્થું આપવાનો નિયમ સામાન્ય રીતે રાખવો.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. જે. જે. ચિનોયને સદરહુ કામ માટેનું ઉપર જણાવેલું માનદ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૮. NCERT ની National Science Talent Search Scheme at Gujaratની પરીક્ષા વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષ ડૉ. ચિનોયના અધ્યક્ષપદે લેવાનાર હોઈ તે અંગેનું મહેનતાણું નીચેની વ્યક્તિઓને સ્વીકારવા અંગેની મંજૂરી આપવા વિજ્ઞાન-વિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૧-૧૦-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	હોદ્દો	નામ	મહેનતાણું	મૂળ માસિક પગાર
(૧)	જુદા જુદા વિષયોના ભાષાંતરકાર	ડૉ. એ. એમ. વૈદ્ય (ગણિત)	રૂ. ૨૦૦	રૂ. ૭૫૦
		ડૉ. જે. સી. વોરા (કેમિસ્ટ્રી)	રૂ. ૨૦૦	રૂ. ૬૦૦
		ડૉ. પી. એમ. ત્રિવેદી (ફિઝિક્સ)	રૂ. ૨૦૦	રૂ. ૬૪૦
		ડૉ. બી. એસ. વૈદ્ય (બાયોલોજી)	રૂ. ૨૨૫	રૂ. ૬૦૦
		ડૉ. સી. કે. શાહ (બોટની)	રૂ. ૨૨૫	રૂ. ૯૦૦

ક્રમાંક	હોદ્દો	નામ	મહેનતાણું	માસિક મૂળ પગાર
(૨)	ટાઇપિસ્ટ	શ્રી. આર. કે. મોદી	રૂ. ૫૦	રૂ. ૧૫૬
(૩)	સ્ટેારકીપર	શ્રી. પી. એમ. મહેતા	રૂ. ૫૦	રૂ. ૧૧૬
(૪)	ક્લાર્ક	શ્રી. આર. બી. સાડીવાલા	રૂ. ૪૦	રૂ. ૧૦૮
(૫)	પટાવાળા	શ્રી. બેની માધવ	રૂ. ૩૦	રૂ. ૬૬
(૬)	પટાવાળા	શ્રી. પીટર મેકવાન	રૂ. ૩૦	રૂ. ૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૯. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી અપાતી શિષ્યવૃત્તિની માસિક રકમ રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૨૫૦ રાખવા અંગે એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણ સેનેટે તેની તા. ૨૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં સ્વીકારી છે તેની જાણ માટે તથા તે અંગે આગળ પગલાં લેવાનું વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા ઠરાવનો અમલ તા. ૧-૧-૧૯૭૦થી કરવાનું રાખવું.

૩૦. ગ્રંથાલય સમિતિની તા ૨૨-૧૦-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવની મંજૂરી બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક તથા વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમજ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં ૧ ડૉલરના રૂ. ૬-૭૫ સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં ૧ શિલિંગના રૂ. ૦૦-૮૧ સુધીના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનો ૧૦ ટકા તથા તેથી વધુ વળતર આપનાર પાસેથી, હિંદી, ઉર્દૂ, તથા પર્શિયન પ્રકાશનો ૧૨॥ ટકા તથા તેથી વધુ વળતર આપનાર પાસેથી, ગુજરાતી પ્રકાશનો ૨૦ ટકા ને તેથી વધુ વળતર આપનાર પાસેથી, ગુજરાતી પાઠ્યપુસ્તકો ૧૦ ટકા અને તેથી વધુ વળતર આપનાર પાસેથી, સંસ્કૃત પુસ્તકો ૧૩ ટકા અને તેથી વધુ વળતર આપનાર પાસેથી, મરાઠી પુસ્તકો ૧૦ ટકા અને તેથી વધુ વળતર આપનાર પાસેથી ખરીદવાનું ઠરાવવામાં આવે છે. એસ. ડી. બુક્સ માટે વધુમાં વધુ ૧૫ ટકા સુધીનો હેન્ડલિંગ ચાર્જીસ સ્વીકારવા જે કોઈ વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું ઠરાવવામાં આવે છે, તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયનાં અન્ય વિદેશી પ્રકાશનો માટેની જે તે વિક્રેતાની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે :

(૧) આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી
(૨) બાલગોવિંદ બુક સેલર્સ, અમદાવાદ
(૩) ગુજરાત યુનિ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ, અમદાવાદ-૯

(૪) કોહારી બુક ડીપો, મુંબઈ
(૫) ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ-૬
(૬) હિમાંશુ બુક કં., અમદાવાદ-૬
(૭) કાદરી બુક એજન્સી, અમદાવાદ
(૮) આર. આર. શેઠની કં., અમદાવાદ
(૯) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧
(૧૦) દાઉલ નિશાત, મુંબઈ
(૧૧) મકતબા જામિયા, મુંબઈ
(૧૨) સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
(૧૩) એન. એમ. ત્રિપાઠી, મુંબઈ
(૧૪) બુક સેન્ટર પ્રા. લિ., મુંબઈ
(૧૫) એચ. ઈશ્વર, મુંબઈ
(૧૬) ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
(૧૭) જયંકાશ, મુંબઈ.

આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો ઉપરના કોઈ વિક્રેતા મુદ્દત દરમ્યાન પૂરાં ન પાડે અને તે બીજા કોઈ ગ્રંથવિક્રેતાઓ પાસે હાજર સ્ટોકમાં હોય તો તેમની પાસેથી તે પુસ્તકો બને ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ સ્ટોર્સ મારફત ખરીદી લેવાં.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટોકમાં હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેમના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. તા. ૨૨-૧૧-૧૯૬૯ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૬૯ના રોજ મળેલી સભાની ભલામણો નં. ૩, ૪, ૫, ૬ અને ૭ મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ સમિતિની ભલામણ નં. ૪માં જણાવેલ જગ્યાઓ માટે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ જાહેરખબર આપીને અરજીઓ મેળવવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ પણ સભાગૃહે લીધી હતી.)

(૨) વધુમાં સદરહુ સમિતિની ભલામણ નં. ૭ના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે નીચેના વૉર્ડબૉય, ચોકીદાર અને માળીને હાલ ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવ્યું છે. તેમની પાસેથી તા. ૧-૭-૧૯૬૮થી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઘરભાડું લેવાનું રાખવું, અને તેમને હાલમાં જે સાધકબાધક ભથ્થું આપવામાં આવતું નથી તે સાધકબાધક ભથ્થું વૈચારિક રીતે (notionally) તા. ૧-૭-૧૯૬૮થી

તેમના મૂળ પગારમાં ભેળવીને તેમને સિન્ડિકેટે તેના તા. ૧–૧૧–૧૯૬૯નો સભામાં મંજૂર કરેલા ઠરાવનો લાભ આપવો:

(૧) શ્રી. ડી. એમ. પાટીલ, વૉર્ડબોય
(૨) શ્રી. જી. જી. જાદવ, ચોકીદાર
(૩) શ્રી. રામદીન અનંગ, માળી
(૪) શ્રી. બચુ મનમોદ્ય, માળી
(૫) શ્રી. રામશરણ ભગવતી, માળી.

(સદરહુ સમિતિની તા. ૨૨–૧૧–૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૨. બાંધકામ સમિતિની તા. ૨૪–૧૦–૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪–૧૦–૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪–૧૦–૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૩. સેનેટે તેની તા. ૪/૫–૧૦–૧૯૬૭ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૧૩૪ સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧–૩–૧૯૬૯ની સભામાં નીચે પ્રમાણે સુધારીને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલેલ તે તેઓશ્રીએ તેમના મંત્રીના તા. ૧૯–૧૦–૧૯૬૯ના પત્રાંક જી.એસ. ૫૭૬૬–૬૮થી સેનેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે સેનેટે તેની તા. ૧૦/૧૧–૧૦–૧૯૬૯ની સભામાં તે પરના શ્રી. એસ. કે. ઝવેરીના સુધારા સાથે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

St. 134 :

"The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provision of this Statutes shall be deemed to take effect from 1–7–1967."

ઉપરના સ્ટે. ૧૩૪ પર શ્રી. એસ. કે. ઝવેરીના સુધારો નીચે મુજબ હતો :

" આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૯/૩૦-૩-૧૯૬૯ની સભામાં સ્ટેચ્યૂટ ૧૩૪નો પાઠ સુધારીને પસાર કર્યો છે તે પર કુલાધિપતિશ્રીના આદેશને અનુલક્ષીને સદરહુ સ્ટેચ્યૂટ ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો જરૂરી જણાય છે એમ કુલાધિપતિશ્રીને જણાવીને સદરહુ સુધારેલા સ્ટેચ્યૂટ ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે તેઓશ્રીને વિનંતી કરવામાં આવે :

St. 134 :

The pay-scale of the Registrar shall be Rs. 900-40-1300-50-1400 and he shall in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other full-time employees of the University from time to time.

He shall in addition, be entitled to a furnished bungalow including water and telephone facilities and shall be charged therefore 10% of his basic pay per month.

He shall also be entitled to the benefit of Provident fund and gratuity and such other benefits and at such rates are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall come into force the date it is assented to by His Excellency the Chancellor."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૪. સેનેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેનો સ્ટે. ૧૯૩-બી સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં પણ પુનઃ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

St. 193-B :

"The employees of the University both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years by the University at its own cost as under :

(1) Employees drawing basic pay of Rs. 200 or less . . Rs 3,000/-
(2) Employees drawing basic pay from Rs. 201 to 400 . . Rs. 3,500/-
(3) Employees drawing basic pay from 401 to 800 . . Rs. 4,000/-
(4) Employees drawing basic pay from 801 and onwards . . Rs. 4,500/-
(5) The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforesaid slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy, provided for the higher slab of pay."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૫) શ્રી. આર. બી. શાહ
(૬) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૭) શ્રી. ગુલાબભાઈ આર. દેસાઈ
(૮) શ્રી. સત્યેન્દ્રભાઈ કે. ઝવેરી.

૩૫. શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમો ૪, ૨૭ અને ૩૮-એ તથા સ્ટે. ૨૦૭ના સંદર્ભમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૬. સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં ઓર્ડિનન્સો ૬૨-બી, ૬૫-એ, ૬૫-એસ અને ૧૨૦-એ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઓ.ડ. ૬૨-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

"O. 62-B :

The function of the Finance Committee shall be—

1. to sanction all expenditure up to Rs. 15,000/- on behalf of the Syndicate;

2. to dispose of quotations and tenders received for the supply of materials, dead stock, execution of work and expenditure other than the work pertaining to the construction and repairs of buildings and maintenance of University Estate;

3. to consider such matters as are referred to it by the Syndicate from time to time."

(૨) ઑર્ડિ. ૬૫–એ૨ અને ઑર્ડિ. ૬૫–એસ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવા.

ઑર્ડિ. ૧૨૦–એની પુનર્વિચારણાના સંદર્ભમાં બાબત નં. ૯૬ અને બાબત નં. ૧૧૩ની વિચારણા કરવામાં આવી.

૯૬. ઑર્ડિ. ૧૨૦–એ(૨)ના પ્રથમ પૅરેગ્રાફ નીચે મુજબ રહેંચાય તે રીતે સુધારવા તથા સુધારેલો ઑર્ડિ. ૧૨૦–એ(૨) મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૯–૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૧૨૦–એ (૨)

There shall be at least one full-time Lecturer in every subject offered at First and/or Second year. In case, however, it is *found necessary to appoint a part-time teacher in any subject in an affiliated college in the Faculty of Arts including Education, Science and Commerce, not more than one part-time Lecturer shall be appointed, provided, however, that a college may, if it so desires, appoint one or more additional, part-time teachers in a subject, if the total work-load of teaching in that subject can be fully met with by all full-time teachers and one part-time teacher without the assistance of such additional part-time teachers*

૧૧૩. પર્શિયન, અરેબિક અને ઉર્દૂ વિષયો શીખવવા, બંડ સમયના શિક્ષકોની જોગવાઈ કરવા અને તે મુજબ ઑર્ડિ. ૧૨૦–એ સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧–૭–૧૯૬૯ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૯૬માં અને બાબત નં. ૧૧૩માં જણાવેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી અને ઑર્ડિ. ૧૨૦–એ પર સમયસરાતે પુનર્વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૩૭. પ્રોફેસર મણિશંકર પંડ્યા તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભામાં મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ. તે પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટે જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવને અનુલક્ષીને સ્ટે. ૧૭૩માં ચોકકસ શું સુધારા કરવા તેની વિગતો સાથે પોતાની ભલામણો રજૂ કરવા એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૩૮. યુનિવર્સિટીના કર્મચારીઓને મકાન ખરીદવા, બાંધવા કે મકાન મરામત કરાવવા માટેની એડવાન્સ ફંડ તથા યુનિવર્સિટીના પ્રોવિડંટ ફંડફાળામાંથી લોન આપવાનું સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં ઠરાવેલ હોઈ તેને અનુલક્ષીને સ્ટે. ૧૯૩-એ અને સ્ટે. ૧૮૮માં સુધારો કરવા તથા ઓર્ડિ. ૨૧૯ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. બી.એસસી. કેમિકલ એન્જિનિયરિંગના ત્રીજા, ચોથા તથા પાંચમા વર્ષના અભ્યાસક્રમ માટે મૂળભૂત જરૂરિયાતો નક્કી કરી રિપોર્ટ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિઓએ તૈયાર કરેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૪. ચાલુ વર્ષે આંતરિક મૂલ્યાંકનના ગુણાંકની ગણતરીની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૧-૧૧-૧૯૬૯ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

"જે કૉલેજને આંતરિક મૂલ્યાંકન માટેની બીજી કસોટી યોજી શકે તેમ ન હોય તેમને અપવાદ તરીકે તે યોજવામાંથી મુક્તિ આપવી અને પહેલા સત્રની આંતરિક મૂલ્યાંકન માટેની કસોટીના ગુણાંક પ્રમાણસર (પ્રોરેટા) ગણવા માટે જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજને આંતરિક મૂલ્યાંકન માટેની બીજી કસોટી યોજી શકે એમ ના હોય તેમને અપવાદ તરીકે તે યોજવામાંથી મુક્તિ આપવી અને આંતરિક મૂલ્યાંકન માટેની ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાનની તમામ કસોટીઓના ગુણાંક પ્રમાણસર (પ્રો રેટા) ગણવા માટે તેમને જણાવવું.

તે પછી શનિવાર, તા. ૬-૧૨-૧૯૬૯ના રોજ સભાનું કામ બંધ રાખવામાં આવ્યું અને રવિવાર, તા. ૭-૧૨-૧૯૬૯ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભા ફરી મળતાં બાકીનાં કામો વિચારણા માટે હાથ ધરવામાં આવ્યાં.

૪૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 અન્વયે કૉલેજ જોડાણ સંબંધી હાથ ધરેલ કાર્યવાહી બાબતમાં શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલા તા. ૩-૧૦-૧૯૬૯ના પત્રાંક યુજીએફ-૧૧૬૯-સી-૨૭૪૨-ખ પરત્વે વિચારણા કરવા બાબત.

પત્રનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

"..... in accordance with sub-section (4) of Section 33 of the Gujarat University Act, 1949 where an application for affiliation or any part thereof is refused, the grounds for such refusal have to be stated. It has been observed that the University does not furnish reasons for its recommendation to refuse an application for affiliation, although where Government refuses an application or any part thereof, the grounds of such refusal have to be stated. I am, therefore, to request you to move the University to consider the matter in light of provisions of the Gujarat University Act and to adopt the procedure of giving the grounds for recommending refusal of an application for affiliation."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગેની નોંધ લઈ ઘટતું કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૪૧. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષામાં બોરસદ કૉલેજ મારફત વિદ્યાર્થી નં. ૩૫૫૭, પટેલ પ્રવીણકુમાર અંબાલાલે સરદાર પટેલ યુનિવર્સિટીનું બોટું સ્થળાંતર પ્રમાણપત્ર રજૂ કરી તેના આધારે આ યુનિવર્સિટીમાંથી ફાઇનલ એલિજિબિલિટી પ્રમાણપત્ર મેળવી બોરસદ કૉલેજમાં પ્રવેશ મેળવ્યા અંગેના કેસ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) તપાસ દરમ્યાન માલૂમ પડ્યું છે કે મજકૂર વિદ્યાર્થીએ સરદાર પટેલ યુનિવર્સિટીના બીજા એક વિદ્યાર્થી પટેલ હીરાભાઈ ભૂરાભાઈના માઈગ્રેશન સર્ટિફિકેટનો ઉપયોગ કર્યાનું જણાયું છે.

(બ) વિદ્યાર્થી નં. ૩૫૫૭નું પરિણામ અનામત રાખેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પ્રવીણકુમાર અંબાલાલ પટેલે સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષા માટે ભરેલાં સત્રો તથા પરીક્ષા પ્રવેશ રદ કરવાં અને તેમને ભવિષ્યમાં આ યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં પ્રવેશ આપવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સરદાર પટેલ યુનિવર્સિટીના સત્તાવાળાઓના ધ્યાન પર લાવીને તેમને યોગ્ય લાગે તે પગલાં લેવા માટે સૂચવવું.

૪૨. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહીં હોવાથી મજકૂર સર્ટિફિકેટ મેળવી લેવાની મુદત તા. ૧૫-૧૦-૧૯૬૯ના રોજ પૂરી થઈ છે તે તા. ૧-૨-૧૯૭૦ સુધી લંબાવવા બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ.—લગભગ ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ કઢાવ્યાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવવાની મુદત તા. ૧-૨-૧૯૭૦ સુધી લંબાવવી અને તે દરમિયાન તેમને તે પ્રમાણપત્ર કઢાવી લેવા માટે સૂચના આપવી.

૪૩. ઊંઝા એજ્યુકેશન બોર્ડ લૉ કૉલેજ, ઊંઝાનું નામ "શેઠ વૃજલાલ સેવકરામ લૉ કૉલેજ" એમ બદલવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૬-૧૦-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઊંઝા એજ્યુકેશન બોર્ડ સંચાલિત લૉ કૉલેજનું નામ 'શેઠ વૃજલાલ સેવકરામ લૉ કૉલેજ' રાખવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો અને રાજ્ય સરકારના ગેઝેટ-નામામાં તે મુજબનો ફેરફાર થયેથી તે ફેરફાર અમલમાં આવી શકશે એમ સ્પષ્ટતા કરવી.

૪૪. રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે કાર્ય કરતાં કુ. સુલક્ષણા એમ. પટેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતાં નહીં હોવાથી ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન તેમની નિમણૂક ક્ષમ્ય ગણવા અંગે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૧૬-૯-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. એસ. એમ. પટેલ બી.એસસી.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં કુ. સુલક્ષણા એમ. પટેલની નિમણૂક રસાયણ-વિજ્ઞાનનાં ડેમોન્સ્ટ્રેટર તરીકે કરવામાં આવી છે તે ચાલુ વર્ષના પ્રથમ સત્ર પૂરતી ચલાવી લેવી અને બીજા સત્રથી યોગ્ય લાયકાત ધરાવતા રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર નીમવામાં આવે તે માટે આગ્રહ રાખવો.

૪૫. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજમાં પાળી-પદ્ધતિથી પ્રથમ વર્ષ એલએલ.બી.ના વર્ગો આખું સત્ર ચાલ્યા હોવાની બાબત અંગે તથા તે પદ્ધતિ બીજા સત્રમાં પણ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વર્ગો બે પાળીથી ચલાવવામાં આવે છે તે બાબત ગંભીર ગેરનિયમિતતા છે અને તેથી બે વખતના વર્ગો ત્વરિત બંધ કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૪૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો અંગે નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત :

(૧) સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯-૬-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) સત્રનો આરંભ થવાની તૈયારીમાં હોય તેવે સમયે સંલગ્ન કૉલેજોની સેવા અંગેના નીચે જણાવેલ નિયમ ૯ પર વિચારણા કરવા બાબત :

"No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities three months' notice, if he is confirmed or one months' notice, if he is temporary or on probation, provided that such notice shall end with the end of a vacation. In case, however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice."

(૩) કયા નિયમો ખંડ સમયના શિક્ષકોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(૪) છૂટા કરાયેલા શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય તો તેના સંદર્ભમાં ૭ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવા અંગે તા. ૨૫-૮-૧૯૬૯ના ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૫) શિક્ષકોની માંદગીની રજા એકાસાથે કેટલી જમા કરાવી શકાય તથા એકીસાથે માંદગીની રજા કેટલી ભોગવી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. સરકારશ્રીએ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર નવી પદ્ધતિથી બિન-સરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે અને તેથી શિક્ષકોના કામ અંગેનો માપદંડ વધારવા વિચારી જરૂરી કાર્યવાહી કરવા અંગેના શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૩-૧૦-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૪૮. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮-૬-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર પોસ્ટ-ગ્રેજ્યુએટ રૂલ નં. ૨(ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ઍકેડેમિક

કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

P-G. Rule No. 1 (*d*) :

"While in case of Post-graduate Diploma Courses prescribed under the Faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher shall be (*a*) one per teacher or assistant to a recognised teacher per year for degree, and (*b*) two separate for diploma per teacher or assistant to a recognised teacher per year.

N.B. —Students admitted under concessions only for diploma are not to be included under the above rule. Students who have registered for the degree and diploma will be counted as students for degree only."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૪૯. **મેડિકલ ફેકલ્ટીની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-કે (૩) (એ) (a non-clinical subject) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :**

O. 65 K (3) (*a*) :

(1) A teacher with M.D. in Social and Preventive Medicine in State Medicine, Speciality Board of Preventive Medicine(U.S.A.), M.R.C.P./F.R.C.P. (with Public Health as special subject), M.D. (Medicine) with Diploma in Social & Preventive Medicine/ D.P.H. or equivalent qualification; and

(2) As Reader, Asst. Professor in Social and Preventive Medicine for 5 years in a Medical College after requisite post-graduate qualification;

or

As Reader, Asst. Professor in Social and Preventive Medicine for 4 years in a Medical College after requisite post-graduate qualification and has had not less than 2 years of field experience in Public Health.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે(૩)(એ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૦. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦-૪-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૫-બી સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 285-B :

(*a*) Candidates who have obtained a post-graduate diploma in a subject in the Faculty of Medicine will be required to put in a further 12 months' or 18 months' or 24 months' training, as the case may be, if the diploma they have passed was of 2 years' or 1½ years' or 1 year's duration respectively.

(*b*) In case of Post-graduate Degree Course, the number of students that can be enrolled shall not be more than one per teacher per year.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૨૮૫-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૧. એમ.ડી.એસ., ભાગ ૧ને લગતો રેગ્યુ. ૨૬૦-ડી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ જૂન ૧૯૬૯થી અમલી બનાવવાની તબીબી વિદ્યાશાખાની તા. ૨-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ., ભાગ ૧ને લગતો રેગ્યુ. ૨૬૦-ડી મંજૂર કરવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૨૬૦-ડીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૨. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૮-૩-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ અનુસાર એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક અંગે તથા પરીક્ષાનું પરિણામ આપવા અંગેના નિયમો નીચે મુજબ રાખવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

M.D.S., Parts I & II Examinations

(1) There shall be two Examiners in each paper of M.D.S., Part I Examination.

(2) There shall be four Examiners for each branch of M.D.S., Part II Examination.

(3) All the four question-papers in each branch shall be set jointly by all the Examiners.

(4) Each Examiner shall examine all the answers of the four question-papers in a particular branch.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો મંજૂર કરવા.

૫૩. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુ.જી.સી. તરફથી તેમને ત્યાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો અને સામયિકો ખરીદ કરવા માટે રૂ. ૨૪,૦૦૦નું અનુદાન મંજૂર થયેલ છે તેની સામે રૂ. ૮,૦૦૦ મૅચિંગ શૅર તરીકે ચૂકવવાના થાય તે ૧૯૬૮-૬૯ના વર્ષની રૂ. ૯,૫૩૫-૪૦ પૈસાની બચતમાંથી આપવાની આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુ.જી.સી. તરફથી પ્રથમ હપતાના રૂ. ૫,૦૦૦-૦૦ તા. ૯-૧૨-૧૯૬૮ના રોજ મળ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના અનુસ્નાતક કેન્દ્ર માટે પુસ્તકો અને સામયિકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલા રૂ. ૨૪,૦૦૦ના અનુદાનની સામે પોતાના 'મૅચિંગ શૅર' તરીકે રૂા. ૮,૦૦૦ની રકમ સદરહુ અનુસ્નાતક કેન્દ્રની સને ૧૯૬૮-૬૯ના વર્ષની બચતમાંથી વાપરવા માટે શ્રી. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વખતોવખત જે હપતાઓ આપવામાં આવે તેના પ્રમાણમાં યુનિવર્સિટીની ગ્રાન્ટ નીચેની શરતોએ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કે અન્ય જે કોઈ બાબતો, જે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળેલી હોય તેની ખરીદી માટે કે અનુસ્નાતક કેન્દ્રના મકાનના બાંધકામ માટે વાપરી શકશે, પરંતુ આ રકમ લેબોરેટરીનાં રાસાયણિક દ્રવ્યો, કાચનાં સાધનો કે બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ કે અન્ય કોઈ perishable વસ્તુઓ માટે વાપરી શકશે નહીં;

(૨) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તો તેનું તથા મકાન બાંધ્યું હોય તો તે અંગેનું અલાયદું રજિસ્ટર રાખીને તેની યાદી તૈયાર કરવાની રહેશે, અને તે યાદી આચાર્યે ચકાસીને પોતાની સહી કરીને તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે. આ રીતે ખરીદાયેલ સાધનો તથા બંધાવેલ મકાનની કે અન્ય મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે;

(૩) આવી મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો, જે તે અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે, તેણે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો/મકાન યુનિવર્સિટીને સુપરત કરવાનાં રહેશે;

(૪) આવાં પુસ્તકો/સાધનો/મકાનને બીજા કોઈ કેન્દ્રને કે કૉલેજને કે સંસ્થાને કે અન્ય કોઈ વ્યક્તિઓને ગીરો, વેચાણ, બક્ષિસ કે ભાડેથી આપી શકાશે નહીં કે કોઈ પણ પ્રકારે 'ટ્રાન્સફર' કરી શકાશે નહીં;

(૫) આ રકમમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોની વિગતો દર્શાવતું એક જુદું પત્રક કેન્દ્ર ચલાવતી કૉલેજ કે સંસ્થાના સંચાલકોએ રાખવું જોઈશે, અને તે અંગેનો હેવાલ પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં મોકલવાનો રહેશે. આ રજિસ્ટર યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીને કે સિન્ડિકેટ કે કુલપતિશ્રી નીમે તે પ્રતિનિધિને તપાસ માટે ઉપલબ્ધ કરવું આવશ્યક રહેશે; અને

(૬) આ બચતમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોના હિસાબો પ્રત્યેક વર્ષે તા. ૩૦મી જૂન સુધીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને કેન્દ્ર ધરાવનાર કૉલેજ / સંસ્થાના આચાર્યે / અધ્યક્ષે મોકલી આપવા આવશ્યક રહેશે.

૫૪. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ અર્થે તે કૉલેજને યુ. જી. સી. તરફથી મંજૂર થયેલ અનુદાન સામે મૅચિંગ શૅર આપવા અંગેની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

બાબત	યુ.જી.સી.એ મંજૂર કરેલ યોજનાનો ખર્ચ	મૅચિંગ શૅરની રકમ કૉલેજે આપવાની	યુનિવર્સિટી પાસે કૉલેજે માગેલી રકમ	સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટી તરફથી કેટલી સહાય મળી શકે
(૧) વિજ્ઞાનનાં સાધનો	૧,૦૦,૦૦૦-૦૦	૨૫,૦૦૦-૦૦	,,	કુલ્લે રૂ. ૫,૭૩૦-૧૮ પૈસા સુધી આપી શકાય.
(૨) પુસ્તકો માટે	૨૦,૦૦૦-૦૦	૫,૦૦૦-૦૦	,,	
(૩) વધારાના સ્ટાફ માટે	૨૦,૦૦૦-૦૦	૧૦,૦૦૦-૦૦	,,	મૅચિંગ શૅર આપવા માટે કોઈ જોગવાઈ નથી.

[**નોંધ.**—(૧) વર્ષ ૧૯૬૮-૬૯ના હિસાબો તપાસતાં કુલ બચત રૂ. ૬,૨૫૧-૧૦ પૈસા નીકળેલ, જેમાંથી રૂ. ૫૨૦-૧૦ પૈસા પુસ્તકો ખરીદવા અપાયા છે. તે બાદ કરતાં આ કૉલેજને કુલ રૂ. ૫,૭૩૦-૧૮ પૈસા યુ.જી.સી.ની ગ્રાન્ટ સામે મૅચિંગ શૅર તરીકે આપી શકાય.

(૨) યુ.જી.સી. તરફથી અનુદાન સામે બીજી કોઈ ગ્રાન્ટ મળી નથી.

(૩) વધારાના સ્ટાફ માટે મૅચિંગ શૅર આપવાની જોગવાઈ યુનિવર્સિટીના નિયમોમાં નથી.

(૪) આચાર્યશ્રીની માગણી નીચે મુજબ છે:

૧. સાધનો માટે	...	રૂ. ૧,૦૦૦-૦૦
૨. પુસ્તકો માટે	...	રૂ. ૩૩૦-૫૪
		કુલ રૂ. ૧,૩૩૦-૫૪]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના અનુસ્નાતક કેન્દ્ર માટે વિજ્ઞાનનાં સાધનો અને પુસ્તકો ખરીદવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલા અનુક્રમે રૂ. ૧,૦૦,૦૦૦ અને રૂ. ૨૦,૦૦૦નાં અનુદાનની સામે પોતાના 'મેચિંગ શેર' તરીકે સદરહુ અનુસ્નાતક કેન્દ્રની સને ૧૯૬૮-૬૯ના વર્ષની બચતમાંથી રૂ. ૧,૦૦૦ વિજ્ઞાનનાં સાધનો માટે અને રૂ. ૩૩૦ પુસ્તકો માટે વાપરવા માટે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વખતોવખત જે હપતાઓ આપવામાં આવે તેના પ્રમાણમાં યુનિવર્સિટીની ગ્રાન્ટ નીચેની શરતોએ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કે અન્ય જે કોઈ બાબતો, જે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળેલી હોય તેની ખરીદી માટે કે અનુસ્નાતક કેન્દ્રના મકાનના બાંધકામ માટે વાપરી શકશે, પરંતુ આ રકમ લેબોરેટરીનાં રાસાયણિક દ્રવ્યો, કાચનાં સાધનો કે બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ કે અન્ય કોઈ perishable વસ્તુઓ માટે વાપરી શકશે નહીં;

(૨) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તો તેનું તથા મકાન બાંધ્યું હોય તો તે અંગેનું અલાયદું રજિસ્ટર રાખીને તેની યાદી તૈયાર કરવાની રહેશે, અને તે યાદી આચાર્ય ચકાસીને પોતાની સહી કરીને તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે. આ રીતે ખરીદાયેલ સાધનો તથા બંધાયેલ મકાનની કે અન્ય મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે;

(૩) આવી મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો, જે તે અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે, તેણે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો / સાધનો / મકાન યુનિવર્સિટીને સુપરત કરવાનાં રહેશે;

(૪) આવાં પુસ્તકો / સાધનો / મકાનને બીજા કોઈ કેન્દ્રને કે કૉલેજને કે સંસ્થાને કે અન્ય કોઈ વ્યક્તિઓને ગીરો, વેચાણ, બક્ષિસ કે ભાડેથી આપી શકાશે નહીં કે કોઈ પણ પ્રકારે 'ટ્રાન્સફર' કરી શકાશે નહીં;

(૫) આ રકમમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોની વિગતો દર્શાવતું એક જુદું પત્રક કેન્દ્ર ચલાવતી કૉલેજ કે સંસ્થાના સંચાલકોએ રાખવું જોઈશે, અને તે અંગેનો હેવાલ પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં મોકલવાનો રહેશે. આ રજિસ્ટર યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીને કે સિન્ડિકેટ કે કુલપતિશ્રી નીમે તે પ્રતિનિધિને તપાસ માટે ઉપલબ્ધ કરવું આવશ્યક રહેશે; અને

(૬) આ બચતમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોના હિસાબો પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને કેન્દ્ર ધરાવનાર કૉલેજ / સંસ્થાના આચાર્યે / અધ્યક્ષે મોકલી આપવા આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ પાસેથી પોતાના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે સને ૧૯૬૮-૬૯ના વર્ષની બચતમાંથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અનુદાનની સામે મેચિંગ શેર તરીકે વાપરવા માટે વધુ રકમની માગણી આવ્યેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમાયેલા શ્રી. વી. સી. શાહની નિમણૂક સ્વીકારવા અશક્તિ દર્શાવતા તા. ૩-૯-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. શાહની નિમણૂક ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧૨૦૦ના શરૂઆતના પગારથી કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. ગુજરાત યુનિવર્સિટીમાંથી આયુર્વેદિક વિદ્યાશાખા રદ કરવાનું સૂચન કરતા ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી આવેલ તા. ૩-૧૦-૧૯૬૯ના પત્રાંક વી.સી. ૩૮૬ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૭. આચાર્ય દર્શનસિંગ શીખના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"હાલમાં પરીક્ષાનાં પેપરો છાપતી વખતે પ્રેસ-સુપરવાઇઝર નીમવામાં આવે છે તેનાં કાર્યોની સ્પષ્ટતા થયેલ નથી. તેને મહેનતાણું રૂ. ૫-૦૦ આપવામાં આવે છે.

તેનાં કાર્યોની સ્પષ્ટતા કરવા અને તેના મળતા મહેનતાણામાં વધારો કરવાની જરૂર લાગે છે. જો પ્રેસ-સુપરવાઇઝરની જરૂર ન જણાતી હોય તો પ્રેસ-સુપરવાઇઝરની નિમણૂકની પ્રથા રદ કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે નિમાતા પ્રેસ-સુપરવાઈઝરના મહેનતાણાનો દર હાલ રૂ. ૫ છે તે વધારીને રૂ. ૧૦નો રાખવો અને પ્રેસમાં છપાતાં યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રોની ગુપ્તતા માટે પૂરતી તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબદારી તેમની રહેશે એમ તેમને સ્પષ્ટ સૂચના આપવાનું રાખવું.

૫૮. પ્રોફેસર પી. એફ. પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોના શૈક્ષણિક સ્ટાફને મળતું ઘરભાડા ભથ્થું, પ્રવર્તમાન ઘરભાડાની સરખામણીમાં એટલું બધું ક્ષુલ્લક છે કે વર્તમાન સંજોગોમાં શિક્ષકોને સહન કરવા પડતા ઘરભાડાના બોજને હળવો કરવામાં તે તદ્દન બિનઅસરકારક છે. આથી શૈક્ષણિક વર્ગના ઘરભાડા ભથ્થામાં સારો એવો વધારો કરવાની સિન્ડિકેટની સભાને વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોને ઘરભાડા ભથ્થાં આપવા અંગે બીજી જોડાણ આપતી યુનિવર્સિટીઓમાં શા નિયમો પ્રવર્તે છે તે અંગે માહિતી મગાવીને સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

૫૯. ભારત સરકારના આરોગ્ય ખાતાના સચિવ તરફથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગ્યાઓ

રાખવા અંગ આવેલ તા. ૮-૯-૧૯૬૯ના પત્રાંક એફ. ૧૫-૬૫-૬૯-એમ.ઈ. (યુ.જી.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૬૦. જાપાનના ઓસાકી શહેરની એારેમોન ગાકવીન યુનિવર્સિટી અને ભારતની યુનિવર્સિટીઓ વચ્ચે વિદ્યાર્થીઓની અરસપરસ આપ-લેના ધોરણે દર વરસે બેથી ચાર અઠવાડિયાં માટે બેથી ત્રણ વિદ્યાર્થીઓની એકબીજાની યુનિવર્સિટીઓમાં મુલાકાત ગોઠવવા ટોકિયો ખાતેના ભારતીય દૂતાવાસના ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવાઓના મંત્રાલય દ્વારા આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ યોજના હેઠળ ભારતીય વિદ્યાર્થીઓનો જાપાનમાં રહેવા-જમવાનો તથા સ્થાનિક મુલાકાતોનો ખર્ચ જાપાનની યજમાન યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે, જ્યારે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો છે. જાપાનીઝ વિદ્યાર્થીઓની ભારતની મુલાકાતનો આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો છે અને તેમનો રહેવા-જમવાનો ખર્ચ ભારતીય યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો તથા તે માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(**નોંધ.**—જે કૉલેજોના વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ પસંદ થાય તે કૉલેજોએ પણ ખર્ચમાં યોગ્ય ફાળો આપવાનો રહેશે તેની સ્પષ્ટતા કરવી.)

૬૧. યૂથ હોસ્ટેલ એસોસિયેશનની પ્રવૃત્તિઓને દેશમાં વિકસાવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૪-૯-૧૯૬૯ના પત્રમાં કરેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(1) Forming a special sub-committee in the campus with heads of some of the colleges and representatives of students unions to consider plans and their implementation for the promotion of the movement;

(2) Making token grants available to the local organisation for carrying on their activities.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા હાલ અનિશ્ચિત મુદત માટે મોકૂફ રાખવી.

૬૨. વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કાર્યમાં સક્રિય ભાગ લેવા અંગે લોકસભાના સભ્ય શ્રી. મધુ લિમયે લોકસભામાં રજૂ કરેલ પ્રસ્તાવ (સેન્ટ્રલ યુનિવર્સિટી રેગ્યુલેટરી પાર્ટિસિપેશન બિલ, ૧૯૬૯) અંગે યુનિવર્સિટીનો અભિપ્રાય માગતા ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂરખાતા તરફથી આવેલ તા. ૧૯-૫-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાર્યમાં વિદ્યાર્થીઓને સક્રિય રીતે ભાગ લેતા કરવાનો સિદ્ધાંત સ્વીકારવાની તરફેણમાં આ યુનિવર્સિટી છે એમ રાજ્ય સરકારને અભિપ્રાય જણાવવો.

૬૩. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝામાં વાણિજ્યના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકને બદલે બે મુલાકાતી પ્રાધ્યાપકો દ્વારા શૈક્ષણિક કાર્ય ચલાવવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ પરવાનગી માગી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સિન્ડિકેટે તેની તા. ૩-૧૦-૧૯૬૯ની સભામાં તા. ૧૫મી નવેંબર, ૧૯૬૯થી વાણિજ્ય અને એકાઉન્ટન્સી વિષયોના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકો નીમવા જણાવેલ તે સિવાય સદરહુ વિષયો માટે વિદ્યાર્થીઓ દાખલ કરવા નહિ તેમ ઠરાવેલું છે.

(૨) એકાઉન્ટન્સી વિષયમાં બંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. એમ. એસ. પંડ્યાની નિમણૂક કરેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્યનું શિક્ષણકામ પૂર્ણ સમયના એક પ્રાધ્યાપકને બદલે બે મુલાકાતી પ્રાધ્યાપકોની નિમણૂકથી ચલાવવા માટે સદરહુ કૉલેજને ચાલુ સત્ર માટે પરવાનગી આપવી અને જણાવવું કે નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા પૂર્ણ સમયના વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપી શકાશે નહીં.

૬૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૫. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદે ચાલુ શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર હિંદીના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય શિક્ષણકાર્ય ચલાવ્યું તે તથા હજુ સુધી સદરહુ વિષય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પૂર્ણ સમયના હિંદીના પ્રાધ્યાપકની નિમણૂક કર્યા વિના શિક્ષણકાર્ય ચલાવવા માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો અને જણાવવું કે યોગ્ય લાયકાત ધરાવતા પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવામાં આવે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો હિંદી સ્પેશિયલ વિષય રાખીને ભણતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાની બાબતમાં સિન્ડિકેટને ગંભીરતાથી વિચાર કરવાની ફરજ પડશે.

૬૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક-પરીક્ષકોના કેસો પર તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૯-૧૧-૧૯૬૯ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૧૧-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૧૧-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૭. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ અને શ્રી. અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રોફેસર આર. એલ. ગુપ્તાની પ્રોફેસર-ઇન ચાર્જ તરીકે નિમણૂક કરવાની કૉલેજના આચાર્યશ્રીની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રોફેસર ગુપ્તા ગણિતશાસ્ત્ર જૂથ "બી"ના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. આર. એલ. ગુપ્તાને ફક્ત ચાલુ સત્ર પૂરતા નીમવા.

૬૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. એ. ટી. જોશી	વિનયન—હિન્દી	પીએચ.ડી.
(૨)	શ્રી. એસ. પી. જૈન	વિનયન—હિન્દી	પીએચ.ડી.
(૩)	શ્રી. સી. વી. શાહ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝ તરફથી વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા તા. ૧-૧-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ની બિનપગારી રજા સિન્ડિકેટની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં મંજૂર થયેલી, પરંતુ ડૉ. વૈદ્ય સ્કૂટર અકસ્માતના કારણે તે સમય દરમિયાન જઈ શક્યા તેમ નહિ હોવાથી હવે તેઓ તા. ૯-૨-૧૯૭૦થી તા. ૩૧-૩-૧૯૭૦ સુધી જશે તેથી તે સમયની બિનપગારી રજાઓ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૯. ઓ. ૫૧(૭) પ્રમાણે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર ત્રણ વર્ષ માટે નિયુક્ત થયેલ સેનેટના છ સભ્યોની મુદ્દત તા. ૮-૧૨-૧૯૬૯ના રોજ પૂરી થાય છે તો તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત.

(**નોંધ.**— સદરહુ પેટાકલમ હેઠળ આ બોર્ડ ઉપર એક આચાર્ય અમદાવાદની કૉલેજોમાંના તથા એક આચાર્ય અમદાવાદ સિવાયની કૉલેજોમાંના તથા બીજા સેનેટના સભ્ય હોય તેવા ચાર સભ્યો મળીને કુલ છ સભ્યો નીમવાના હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૫૧(૭) હેઠળ સદરહુ બોર્ડ પર નીચેના ૬ સભ્યોને ત્રણ વર્ષ માટે નીમવા :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ

(૩) આચાર્ય દયાશંકર જોશી

(૪) આચાર્ય વાય. જી. નાયક

(૫) આચાર્ય દર્શનસિંગ શીખ

(૬) ડૉ. દેવેન્દ્રભાઈ સુતરિયા.

૭૦. તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ કેન્દ્રસ્થ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના કરવાનું સ્વીકાર્યું હોઈ, તે અંગે નીમવામાં આવેલ સમિતિએ સદરહુ મંડળ માટે ઘડેલ બંધારણના મુસદ્દા પર તા. ૨૩-૧૧-૧૯૬૯ના રોજ મળેલ વિદ્યાર્થીઓના વિભાગીય પ્રતિનિધિઓની સાથે થયેલ ચર્ચાવિચારણાને અનુલક્ષીને કરેલા ફેરફારો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના બે સુધારા સાથે આ યુનિવર્સિટીના કેન્દ્રસ્થ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળના બંધારણનો મુસદ્દો મંજૂર કરવો :

(૧) સદરહુ સંસદની કલમ નં. ૬માં જરૂરી નોંધ ઉમેરીને વિદ્યાર્થી-સભ્યની લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

(ક) કોઈ વિદ્યાર્થી-સભ્યની ઉંમર ૨૪ વર્ષ (પૂરાં)થી વધુ હોવી જોઈએ નહીં.

(બ) કોઈ પણ વિદ્યાર્થી-સભ્યે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી ૭ વર્ષોથી વધુ સમય યુનિવર્સિટી કે કૉલેજમાં વિતાવ્યો હોવો જોઈએ નહીં;

(૨) સદરહુ સંસદની કલમ નં. ૧૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

આ બંધારણમાં કે તેના કોઈ નિયમમાં સુધારો કે વધારો કરવા માટે સંસદના કુલ સભ્યો પૈકી ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યોની બહુમતી તેમ જ સિન્ડિકેટની મંજૂરી હોવી આવશ્યક રહેશે.

(મંજૂર કરવામાં આવેલા બંધારણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૭૧. ટીચર્સ હૉસ્ટેલના ખાલી ક્વાર્ટર્સ અંગે સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૬૮ની સભાએ નીમેલી પેટાસમિતિની તા. ૬-૩-૧૯૬૯ની સભાએ ઘડેલા નિયમો પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના ત્રણ કર્મચારીઓને, અમદાવાદમાં તાજેતરમાં થયેલી કોમી અશાંતિના સંદર્ભમાં હંગામી ધોરણે ટીચર્સ હૉસ્ટેલમાં ત્રણ માસ માટે રહેવાની પરવાનગી કુલપતિશ્રીએ આપી છે.

તે પછી સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

(૧) તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ભાડાનિયમન ધારા (રેન્ટ ઍક્ટ)માંથી યુનિવર્સિટીને મુક્તિ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૭૨. ભવિષ્યમાં જોડાણ અંગેની હાલની કાનૂની પ્રક્રિયાના સંદર્ભમાં સમગ્ર રીતે વિચારણા કરીને વિગતવાર સમયપત્રક સૂચવવા માટે સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના અહેવાલની નોંધ લેવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 120 :

(*a*) All applications for affiliation (including applications for bifurcation of an existing college or amalgamation of existing colleges) extension of affiliation or renewal of affiliation, of a college, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the First January of the year preceding the year from which affiliation is intended to take effect.

(*b*) Every application for affiliation shall be accompanied with a deposit as follows :

		Rs.
1.	Application for affiliation of a new college	.. 1,000/-
2.	Application for bifurcation of an existing college *or* amalgamation of existing colleges *or* addition of a new faculty	.. 1,000/-
3.	Extension of affiliation *or* Renewal of affiliation	.. 200/-

The deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted. No

request for postponement of consideration of the application for affiliation, extension of affiliation or renewal of affiliation, as the case may be, shall be entertained.

(*c*) The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

(*d*) Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to entertain any application for affiliation sought with effect from June 1971 as follows :

Mode of application	*Last date for receiving*
1. Application for affiliation of New College *or* bifurcation of an existing college *or* amalgamation of existing colleges *or* addition of a new Faculty	1st of February 1970
2. Application for extension of affiliation *or* renewal of affiliation	1st of July 1970

This sub-clause is a transitory proviso and will cease to be effective from 2nd of July 1970.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૩. સંલગ્ન કૉલેજોને મદદ અને માર્ગદર્શન આપવા અંગે યુનિવર્સિટીઓમાં જરૂરી યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સમિતિના અહેવાલની ભલામણો, જે સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સામાન્યત: સંમત છે તે સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવાનું સૂચન કરતા તથા નીચેની બે ભલામણો તરફ ધ્યાન દોરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૧મી જુલાઈ ૧૯૬૯ના પત્રાંક એ.-એફ-૧-૧૨૫-૬૮ સીડીએન પર વિચારણા કરવા બાબત :

(1) The University should be represented on the Board of Management of the college;

(2) The University should have a say in framing of service rules for teachers in affiliated colleges.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સદરહુ સમિતિનો અહેવાલ કૉલેજ વગેરેને પરિપત્રિત કરવો તથા તેમની ઉપરની ભલામણો સાથે આ સભાગૃહ સૈદ્ધાંતિક રીતે સંમત છે એમ અભિપ્રાય જણાવવો.

૭૪. સંલગ્ન કૉલેજના શિક્ષક સ્નાતક કક્ષાના વિષયોને આધારે નિમણૂક મેળવે અને પછી અનુસ્નાતક પદવી ધરાવે તેવા શિક્ષકોને કયું પગારધોરણ આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અત્યારે નીચેનાં બે પગારધોરણ અમલમાં છે :

(૧) સ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર ... રૂ. ૧૩૦–૧૦–૨૫૦

(૨) અનુસ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર ... રૂ. ૧૮૦–૧૦–૩૦૦]

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં કોઈ પણ વિષયમાં ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતી વ્યક્તિ તેના સેવાકાળ દરમ્યાન તે જ વિષયમાં અનુસ્નાતક પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે તારીખથી રૂ. ૧૮૦–૧૦–૩૦૦નું પગારધોરણ મંજૂર કરવું.

૭૫. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૬–૧–૧૯૬૯ તેમ જ તા. ૧૨–૬–૧૯૬૯ની જે ભલામણો ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧–૭–૧૯૬૯ની સભાએ મંજૂર કરેલ છે તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૧૨–૬–૧૯૬૯ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની બાબત ક્રમાંક ૨, ૨૬ અને ૨૭ ઍકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટે તેની તા. ૩૧–૫–૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬–૧–૧૯૬૯ તેમ જ તા. ૧૨–૬–૧૯૬૯ની સભાઓની ભલામણો મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ"(૧) અને "ઝ"(૨) તરીકે સામેલ છે.)

૭૬. ગ્રંથાલય સમિતિની તા. ૨૨–૧૦–૧૯૬૯ની સભાના નીચેના ઠરાવની મંજૂરી બાબત :

"ગ્રંથાલયના તા. ૧–૧૦–૧૯૬૮થી તા. ૩૦–૩–૧૯૬૯ સુધીના ૬ માસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨–૧૦–૧૯૬૯ની સભાના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૭૭. શ્રી. જી. સી. જૈનના "Factors affecting evaporation and crystallisation sodium cloride in dynamic condition" તથા શ્રી. એમ. પી. ભટ્ટના "Studies on impuassociation and removal, hygroscopicity, caking and disolution characteristics of solar salt" એ શીર્ષક નીચેના રસાયણવિજ્ઞાન વિષયના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર આવેલા રેફરીઓના અહેવાલો તથા મૌખિક પરીક્ષાના રેફરીઓના અહેવાલો પરત્વે વિચારણા કરી મજકૂર વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી માટે યોગ્ય ગણવા કે કેમ તે અંગે નિર્ણય લેવા બાબત.

[**નોંધ.**—શ્રી. જી. સી. જૈનનો તથા શ્રી. એમ. પી. ભટ્ટનો મહાનિબંધ તપાસવા નિમાયેલ રેફરીઓની ભલામણ નીચે મુજબ છે :

(૧) ડૉ. લેસપ્રાર મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે. (પરદેશના એકસ્ટર્નલ રેફરી)

(૨) ડૉ. એ. એન. કામન્ના મહાનિબંધ સ્વીકારવા ભલામણ નથી કરતા. (ભારતમાંના એકસ્ટર્નલ રેફરી)

(૩) ડૉ. ડી. એસ. દાતાર મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે. (માર્ગદર્શક શિક્ષક)

(૪) ડૉ. માતાપ્રસાદ મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

ઉપરોક્ત ત્રણ રેફરીઓ વચ્ચે મતભેદ પડતાં સિન્ડિકેટે નીમેલ ચોથા રેફરી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. સી. જૈનનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવો.

૭૮. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નોકરીના નિયમો ઘડવાની સત્તા યુનિવર્સિટીને નથી તેવા કુલાધિપતિશ્રીના પત્રના સંદર્ભમાં કૉલેજોના ગ્રંથપાલના પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો અંગેની પરિસ્થિતિ પર વિચારણા કરવા માટેની બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકી હતી, જે સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૬૯ની સભામાં કાનૂનવિષયક સ્થાયી સમિતિને મોકલી છે અને જેની ભલામણો હજુ સુધી આવી નથી, તે દરમિયાન નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) ઍટલીક કૉલેજોમાં ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા નથી અને/અથવા નિયત કરેલ પગાર કરતાં ઓછો પગાર મેળવે છે.

(૨) સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલને માટે પગારધોરણ નિયત થયું છે, પણ મોંઘવારી ભથ્થાના દર અને ઘરભાડા ભથ્થા અંગે કોઈ નિર્ણય થયો નથી.

(૩) જે ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા ના હોય તેઓને યુનિવર્સિટીના તાલીમ વર્ગની તાલીમ નિયત સમયમાં મેળવે તો તેવા ગ્રંથપાલોને કયું પગારધોરણ આપવું તે.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે બહારગામ નવાં કેન્દ્રો આપવા માટે આચાર્યો મારફતે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ **૧૯૬૯**માં જે પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવ્યાં હતાં તે કેન્દ્રો માર્ચ-એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાઓ માટે ચાલુ રાખવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે વધારાનાં કેન્દ્રો અંગે તથા પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની લેખિત (થિયરી) પરીક્ષાઓ માટે કોઈ પણ એક શહેર કે ગામની સંબંધકર્તા કૉલેજમાં, કૉલેજના વિદ્યાર્થી તરીકે (એક્સ કે એકસ્ટર્નલ

વિદ્યાર્થીઓની સંખ્યા લક્ષમાં લેવી નહીં.) ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ હોય અને મુદ્રણાલયની જરૂરી સગવડ હોય તો તે શહેર કે ગામમાં જે તે પરીક્ષાનું કેન્દ્ર રાખવું.

૮૦. ૧૯૭૦ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની ઓ. ૧૨૯ મુજબ આવતી શરૂ થવાની તારીખોને બદલે જરૂરી ફેરફાર સાથે કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એફ.વાય.બી.કોમ.ની પરીક્ષા ચાલુ વર્ષે તા. ૩૦મી માર્ચે શરૂ કરવી એ સુધારા સાથે કાર્યાલયે સૂચવેલ સમયપત્રક મંજૂર કરવું.

(માર્ચ–એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાઓ માટેનું મંજૂર કરવામાં આવેલું સમયપત્રક **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૮૧. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણે તા ૧–૨–૧૯૬૭થી તા. ૩૧–૩–૧૯૬૮ સુધીના ગાળાના મોંઘવારી ભથ્થાનો તફાવત હજુ સુધી શિક્ષકોને ચૂકવ્યો નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યનું આ બાબતની ગંભીરતા તરફ ધ્યાન ખેંચવું અને જણાવવું કે તા. ૩૧–૩–૧૯૭૦ સુધીમાં તેમની કૉલેજના શિક્ષકોના બાકી નીકળતાં મોંઘવારી ભથ્થાનાં નાણાં અચૂક ચૂકવી દઈને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૮૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં અને તારીખે કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ	હાલનો મૂળ પગાર	અંતરાય ઓળંગવાની તારીખ
(૧)	શ્રી. એ. એન. દેસાઈ	સિનિયર ઑપરેટર	રૂ. ૧૩૦–૮–૧૭૦–ઈ.બી.–૧૨–૨૯૦–૧૫–૩૫૦	રૂા. ૧૭૦	૧૮–૨–૧૯૬૯
(૨)	શ્રી. વી. બી. શાહ	સિ. ક્લાર્ક	,,	રૂ. ૧૭૦	૩૦–૭–૧૯૬૯
(૩)	શ્રી. બી. વી. મહેતા	,,	,,	રૂ. ૧૭૦	૧૪–૧૧–૧૯૬૯
(૪)	શ્રી. ડી. એન. પંચાસરા	,,	,,	રૂ. ૧૭૦	૬–૧૦–૧૯૬૯

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧–૧૧–૧૯૬૯ની સભામાં સાધકલ ભથ્થું તા.૧-૭-૧૯૬૮થી પગારમાં મર્જ કરેલ હોઈ ઉપરોક્ત સભ્યોના કેસ હવે રજૂ થયેલા છે.)

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા દેવાની પરવાનગી આપવી.

૮૩. યુનિવર્સિટી સેનેટ હૉલ, એન. આર. એસ. સેન્ટર, સિન્ડરટ્રેક, ઓપન એર થિયેટર વગેરે ભાડે આપવા અંગે નીચે મુજબના દર મંજૂર કરવા બાબત :

(૧) સેનેટ હૉલ : દિવસના રૂ. ૫૦–૦૦ તથા વીજળી વપરાશના રૂ. ૧૦–૦૦

(૨) એન. આર. એસ. સેન્ટર : (અ) ૪ કલાક કે તેથી ઓછા સમય માટે રૂ. ૫–૦૦ તથા વીજળી વપરાશના રૂ. ૨–૦૦

(બ) આખા દિવસના રૂ. ૨૦–૦૦ તથા વીજળી વપરાશના રૂા. ૫–૦૦

(૩) સિન્ડર ટ્રેક : (અ) દરેક સેશનના રૂ. ૧૦–૦૦ (સવાર ને સાંજ એમ બે સેશન ગણવી.)

(બ) યુનિવર્સિટી તરફથી મેદાન તૈયાર કરી આપવામાં આવે તો દરરોજના રૂ. ૫૦.

(૪) ઓપન એર થિયેટર : આખા દિવસના રૂ. ૨૫ તથા બત્તીની ગોઠવણ કરવાની હોય તો વીજળી વપરાશના રૂ. ૫.

ઉપરના દર યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ તથા માન્ય સંસ્થાઓ માટે રહેશે. તે સિવાયની અન્ય સંસ્થાઓ માટે ઉપરના દર કરતાં બેવડો ચાર્જ લેવામાં આવશે. યુનિવર્સિટીની મિલકતને જો કોઈ નુકસાન થશે તો તે ભાડે રાખનારે ભરપાઈ કરી આપવાનું રહેશે.

આથી ફેરવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નીચે જણાવેલા ભાડાના દર મંજૂર કરવા :

૧. સેનેટ હૉલ ... દિવસના રૂ. ૫૦–૦૦ તથા વીજળી વપરાશના રૂ. ૧૦–૦૦

૨. એન. આર. એસ.... (અ) ૪ કલાક કે તેથી ઓછા સમય માટે રૂ. ૧૦–૦૦ તથા વીજળી સેન્ટર વપરાશના રૂ. ૫–૦૦.

(બ) આખા દિવસના રૂ. ૨૦–૦૦ તથા વીજળી વપરાશના રૂ. ૫–૦૦.

૩. સિન્ડર ટ્રેક ... (અ) દરેક સેશનના રૂ. ૧૦–૦૦ (સવાર ને સાંજ એમ બે સેશન ગણવી.)

(બ) યુનિવર્સિટી તરફથી મેદાન તૈયાર કરી આપવામાં આવે તો દરરોજના રૂ. ૫૦–૦૦.

૪. ઓપન એર થિયેટર ... આખા દિવસના રૂ. ૨૫–૦૦ તથા બત્તીની ગોઠવણ કરવાની હોય તો વીજળી વપરાશના રૂ. ૫–૦૦.

ઉપરના દર યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓ માટે રહેશે. તે સિવાયની અન્ય સંસ્થાઓ માટે ઉપરના દર કરતાં બેવડો ચાર્જ લેવામાં આવશે. યુનિવર્સિટીની મિલકતને જો કોઈ નુકસાન થશે તો તે ભાડે રાખનારે ભરપાઈ કરી આપવાનું રહેશે.

૮૪. આંધ્રકામ સમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૮૫. તા. ૫-૧૨-૧૯૬૯ના રોજ મળેલ ફાઇનાન્સ કમિટીની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા તા. ૫-૧૨-૧૯૬૯ના રોજ કોરમના અભાવે મળી શકી નહોતી અને તે પછી તા. ૬-૧૨-૧૯૬૯ના રોજ રાખવામાં આવી હતી તેની સ્પષ્ટતા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૬-૧૨-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬-૧૨-૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૮૬. યુનિવર્સિટી પરીક્ષાઓમાં મોડરેશન પ્રથા હોય ત્યાં પરીક્ષકો વગેરેને ચૂકવાતા ટપાલ ખર્ચ સ્કેલની પુસ્તિકામાં દર્શાવેલા હાલના નિયમને બદલે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરવા બાબત:

હાલનો નિયમ

*4 (1) In order to meet with postal expenditure which the Moderators and the Examiners have to incur in sending answer-books and marksheets to one another. The payment will be made as under :

A lump sum of Rs. 25/- to each of the Examiners and the Chairman.

(2) Moderators shall be paid (*a*) a lump sum of Rs. 25/- or (*b*) to the extent of full postal expenditure incurred by them on submission of their bills duly supported by postal vouchers in this behalf.

* This caluse is applicable wherever moderation scheme exists.

સૂચિત નિયમ

*4 (1) In order to meet with postal expenditure which the Moderators and the Examiners have to incur in sending answer-books and marksheets to one another.

The payment will be made as under :

Each of them shall be paid either a lump sum of Rs. 25/- or the actual expenditure incurred if the vouchers duly countersigned are sumitted to the University.

*This clause is applicable wherever moderation scheme exists.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં મોડરેશનની પ્રથા હોય ત્યાં પરીક્ષકો વગેરેને ટપાલ ખર્ચ માટે આપવામાં આવતી આર્થિક સહાય અંગે ઉપર જણાવેલા નિયમો મંજૂર કરવા.

બાબત નં. ૮૭ અને બાબત નં. ૧૦૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૮૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડી.પી.એમ. ડિપ્લોમા ઇન સાયકિયાટ્રીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. વી. ડી. શાહ અને (૨) ડૉ. પી. એન. મહેતાની અનુસ્નાતક શિક્ષકો તરીકેની માન્યતા મેળવવા માટેની અરજીઓ આવી છે. ડૉ. શાહ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની અને ડૉ. મહેતા મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર છે.]

અને

૧૦૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં શ્રી. પી. એમ. ડિપ્લોમા ઇન સાયકિયાટ્રીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. એ. વી. શાહ, (૨) ડૉ. એમ. બી. પટેલની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે અને (૩) ડૉ. એલ. બી. ટકરાનીની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની અરજીઓ આવી છે. ડૉ. શાહ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર છે એમ જણાય છે. ડૉ. પટેલ અને ડૉ. ટકરાનીની અરજીઓ વિચારણા માટે અને આદેશ માટે મૂકેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચની :

(૧) ડા. મારફતિયા (જે. જે. હૉસ્પિટલ, મુંબઈ)

(૨) ડૉ. સી. એમ. બગડિયા (કે. ઈ. એમ. હૉસ્પિટલ, મુંબઈ)

૮૮. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં એમ. એસ. બ્રાન્ચ ૪, ઑપ્થેલ્મોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) ડૉ. આર. એલ. દુબિયા—શિક્ષક

(૨) ડૉ. એ. કે. બાવીશી—મદદનીશ

(૩) ડૉ. એસ. પી. પટેલ—મદદનીશ.

અધ્યક્ષશ્રી જણાવે છે કે "ક્લિનિકલ ટીચિંગ વર્ક" તેમની સંસ્થા સાથે સંકળાયેલ નગરી મ્યુનિસિપલ ઑપ્થેલ્મિક હૉસ્પિટલમાં કરવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

(૧) ડૉ. ડી. જી. મોદી (કે. ઈ. એમ. હૉસ્પિટલ, મુંબઈ)

(૨) ડૉ. એલ. એન. દેશમુખ (બી. જે. મેડિકલ કૉલેજ, પૂના)

૯૯. "ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ"ની ૧૩મી વાર્ષિક પરિષદ કાનપુર મુકામે તા. ૨૪થી ૨૬ ડિસેંબર ૧૯૬૯ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિષદના સ્થાનિક મંત્રીના તા. ૧૨-૧૧-૧૯૬૯ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પરેશ મજમુદારને મોકલવા.

૯૦. ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની ઑર્ડિ. ૯૬ પ્રમાણેની કૉલેજો તરફથી આવેલ માહિતી તપાસતાં નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે ઊણપ રહી છે તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ઊણપ
(૧)	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	છાત્રાલયની વ્યવસ્થા નથી.
(૨)	સાયન્સ કૉલેજ, કડી	૧. વ્યાયામશિક્ષક નથી. ૨. હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા નથી.
(૩)	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	વ્યાયામશિક્ષક નથી.
(૪)	નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	છાત્રાલયની વ્યવસ્થા નથી.
(૫)	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલણપુર	અંગ્રેજીના એક તાસ માટે ડીસા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાના પૂર્ણ સમયના વ્યાખ્યાતા શ્રી. પ્રભાભટ્ટને મુલાકાતી શિક્ષક તરીકે બોલાવે છે.

(૬) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર	૧. પરિશિયનના વિષય માટે ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના ટ્યૂટર છે. ૨. છાત્રાલયનો પ્રબંધ નથી.
(૭) સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	છાત્રાલયનો પ્રબંધ નથી.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સ્પષ્ટતા કરવામાં આવી કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજમાં વ્યાયામશિક્ષકની અને આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગરમાં પરિશિયનના ખંડ સમયના લેક્ચરરની ચાલુ સત્રથી નિમણૂક કરવામાં આવી છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ૭ કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલી ગેરનિયમિતતા ચલાવવા માટે ઠપકો આપવો અને જણાવવું કે તે ગેરનિયમિતતા ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી અને ઉમેરવું કે ઉપર જણાવેલી ગેરનિયમિતતા તાત્કાલિક દૂર કરવામાં આવશે નહીં તો જૂન ૧૯૭૦થી વિદ્યાર્થીઓને તેમની કૉલેજમાં પ્રવેશ આપી શકાશે નહીં.

૯૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં વધારાના શિક્ષકો માટેની મંજૂર કરેલ જગ્યાઓ પર કરેલી નિમણૂકો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક મદદ પૂરી થયા બાદ ચાલુ રાખવા અંગેની કમિશનને બાંયધરી આપવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—રાજ્ય સરકારે તેના તા. ૫-૧૧-૧૯૬૮ના પત્રમાં નીચે મુજબ જણાવેલું છે:

I am to add that the posts sanctioned by the Commission after the Third Plan period which are got approved by the State Government will similarly be taken into account at the time of fixation of the block maintenance grant at the appropriate stage when they cease to earn assistance from the Commission, provided the Commission assistance is available for a period of Five Years from the date of the Scheme.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગનાં વ્યાખ્યાતા ડૉ. મિસ. એન જે. ચિનોયની વેકેશન સાથે તા. ૧૫-૧૧-૧૯૬૯થી તા. ૧૯-૧૧-૧૯૬૯ની દિવસ પાંચની આકસ્મિક રજા મંજૂર કર્યાના :

(૨) ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી, નાગપુર ખાતેના તા. ૨૯થી ૩૧ ડિસેંબર ૧૯૬૯ના વાર્ષિક અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત તથા આંકડાશાસ્ત્ર વિભાગના નીચેના

શિક્ષકોને ભવન તરફથી મોકલવાની પરવાનગી આપ્યાના :

(૧) શ્રી. ડી. એસ. બસન ... ગણિત વિભાગ
(૨) શ્રી. એમ. સી. જયસ્વાલ ... આંકડાશાસ્ત્ર વિભાગ

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયની તા. ૧૫-૧૧-૧૯૬૯થી તા. ૧૯-૧૧-૧૯૬૯ના દિવસ પાંચની આકસ્મિક રજા વેકેશન સાથે જોડવાની કુલપતિશ્રીએ આપેલી મંજૂરીના;

(૪) ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ, ખડગપુર ખાતેના તા. ૨થી ૮ જાન્યુઆરી ૧૯૭૦ના અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનમાંથી ભવનના જુદા જુદા વિભાગોના નીચેના શિક્ષકોને ભાગ લેવાની પરવાનગી આપ્યાના :

(૧) ડૉ. યુ. એમ. રાવલ ... ઝૂલોજી વિભાગ
(૨) પ્રો. સી. જી. ખત્રી ... આંકડાશાસ્ત્ર વિભાગ
(૩) ડૉ. કે. એમ. કોટડિયા ... ફિઝિક્સ વિભાગ
(૪) ડૉ. એ. એમ. વૈદ્ય ... ગણિત વિભાગ
(૫) ડૉ. કે. એ. ઠાકર ... કેમિસ્ટ્રી વિભાગ
(૬) પ્રો. જે. જે. ચિનોય ... બોટાની વિભાગ;

(૫) "ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી"ની આગામી વાર્ષિક પરિષદ નાગપુર મુકામે તા. ૨૯થી ૩૧ ડિસેંબર ૧૯૬૯ દરમિયાન યોજનાર હોઈ, તેમાં આચાર્ય કે. એન. શાહ ઉપરાંત ડૉ. પી. સી. વૈદ્યની યુનિવર્સિટીના વધારાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના;

(૬) ભારત સરકારની યોજના પ્રમાણે ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી સંલગ્ન કૉલેજોમાં એન. એસ. એસ. યોજના દાખલ કરવાનું મંજૂર થયું છે. તેમાં આપણી યુનિવર્સિટીને ફાળે આવેલ ૨૫૦૦ વિદ્યાર્થીઓ માટે ૨૫ કૉલેજોની ભારત સરકારની મંજૂરીને આધીન, પસંદગી કર્યાના તથા તે કામ માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણો પરથી હંગામી ધોરણે નીચેની જગ્યાઓ મંજૂર કર્યાના તથા તે માટેનાં તેમનાં નામ સામે જણાવ્યા મુજબ પગારધોરણ અને લાયકાતનાં ધોરણ મંજૂર રાખ્યાનાં કુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવા બાબત તથા તે કામ માટે અધ્યાપકોનો એક શિબિર યોજવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) એન. એસ. સી. એડમિનિસ્ટ્રેટર ... રૂ. ૪૦૦-૨૦-૫૦૦-૨૫-૬૫૦
(૨) મદદનીશ ... રૂ. ૩૨૦-૨૦-૪૦૦-૨૦-૫૦૦
(૩) હેડક્લાર્ક— ... રૂ. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦-૨૦-૪૦૦
આખા ડી.પી.ઇ. વિભાગ માટે
(૪) ક્લાર્ક—એક ... રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-૧૨-૩૦૦
(૫) ટાઇપિસ્ટ—એક ... રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-૧૨-૩૦૦
(૬) પટાવાળા—એક

(૭) સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં ઠરાવ્યા મુજબ યુનિવર્સિટી તરફથી એક એમ્બેસેડર મોટરગાડીનો ઑર્ડર મે. મોટર સેલ્સ ઍન્ડ સર્વિસને તા. ૨૯-૩-૧૯૬૭ના રોજ આપ્યો હતો. તે પછી વારા પ્રમાણે મોટરગાડીની વહેંચણી થતાં યુનિવર્સિટીને ક્રમાનુસાર ગાડી મળે છે, પરંતુ હવે પછી આ મોટરનું વધુ શક્તિશાળી ૧૭½ હૉ.પા.ના એન્જિનવાળું નવું મોડલ બહાર પડવાનું છે. તે હકીકતના સંદર્ભમાં નવું મોડલ ખરીદવા માટે વધારાનું રૂ. ૩,૦૦૦નું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના.

(**નોંધ.**—તા. ૨૭-૮-૧૯૬૬ની સિન્ડિકેટની સભામાં બાબત નં. ૬૦થી નીચે મુજબ ઠરાવ થયો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી માટે નવી એમ્બેસેડર ગાડી ખરીદવા માટે ઘટતાં પગલાં લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.")

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૯૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચની ભલામણ સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પદવી માટે રજૂ થતા મહાનિબંધ તપાસવા માટે પરદેશના પરીક્ષકની નિમણૂક ન કરતાં ભારતમાંથી જે તે વિષયના નિષ્ણાતની પરીક્ષક તરીકે નિમણૂક કરવાનું ડૉ. કે. આર. રામનાથનનું સૂચન સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.ની પદવી માટે રજૂ થતા મહાનિબંધ તપાસવા માટે પરદેશી પરીક્ષકની નિમણૂક આવશ્યક ગણવી નહીં.

૯૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચની ભલામણ સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવીનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલ રેફરીઓના અભિપ્રાયમાં મડાગાંઠ (tie) પડે તો આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૨૧-એમાં જણાવ્યા પ્રમાણે જે પ્રથા હાલ અપનાવવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને તે ઑર્ડિ.માં કોઈ ફેરફાર કરવો નહિ તેમ ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવી, અને સૂચવવું કે જે કેસોમાં બહારના બેઉ રેફરીઓ એકમત હોય અને આંતરિક પરીક્ષકનો મત તેથી જુદો પડતો હોય તો તેવા કેસોમાં શું કરવું જોઈએ તે બાબતમાં ઘટતી વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા વિનંતી કરવી.

૬૫. ઑર્ડિ. ૩૨૧ તથા ઑર્ડિ. ૩૨૧-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 321 :

Every thesis shall be examined by three Referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three Referees, one of whom shall be an internal Referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be external ones. On the Syndicate appointing the Referees, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external Referees the first Referee, and failing him, or in the event of the first Referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the Internal Referee. All the three Referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of a unanimity of opinion among the Referees, the Syndicate shall appoint a fourth Referee and the Syndicate shall after considering the reports of all the external Referees decide whether the thesis is of the requisite standard for the award of the Ph.D Degree.

All Reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information.

O. 321-A :

There shall be a viva-voce examination of the candidate submitting thesis for the Degree of Ph.D. It shall be held at a suitable place in the Gujarat University area or under special circumstances at a place outside the Gujarat University area with the previous permission of the Vice-Chancellor and on the date or dates to be decided by the Referee concerned by mutual consent. In the event of both the external Referees being from outside India, a third (external) Referee from within India shall be appointed by the

Syndicate in consultation with the relevant Board of Studies If the candidate does not satisfy the Examiners at the viva-voce examination only, the candidate shall be re-examined after a period of not less than three months. The candidate shall not be declared eligible for the degree unless all the Examiners unanimously declare him eligible for the Degree.

However, in case of a candidate who after having submitted his thesis, has gone abroad and is likely to stay therefore a period of least a year, his viva-voce examination may, at his request and at the discretion of the Syndicate, be held in that country if the Board of Studies in the relevant subject recommends a Referee or Referees for holding the viva-voce examination of the candidate, provided the candidate concerned undertakes to present himself before the Referee at his own expense.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ. ૩૨૧ તથા ૩૨૧–એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૯૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૭. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર તબીબી વિદ્યાશાખા હેઠળ નીચે મુજબની અભ્યાસસમિતિઓ રાખવા તથા સ્ટે. ૧૦૮માં જરૂરી સુધારા કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮–૯–૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

1. Pre-clinical including Anatomy, Physiology.
2. Para-clinical including Pathology, Pharmacology, Forensic Medicine.
3. Clinical — Medicine — Surgery, etc.
4. Nursing.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૦૮ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૮. (૧) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના જે વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ (ફર્સ્ટ ઇયર)ની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળેલ હોય તે વિદ્યાર્થીઓનું બીજા વર્ષ (સેકન્ડ ઇયર)ની પરીક્ષાનું પરિણામ હાલ બે વર્ષ માટે અનામત રાખવામાં આવે છે તેને બદલે ત્રણ વર્ષ માટે અનામત રાખવાની જોગવાઈ કરવા માટે, તથા (૨) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની બીજા વર્ષ (સેકન્ડ ઇયર)ની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી. મળેલ હોય તેનું પરિણામ હાલના ઑર્ડિ.

૧૨૭ હેઠળ અટકાવવામાં આવ્યું હોય તો તે બે વર્ષમાં રદ કરવાની જોગવાઈ નો જે નિયમ છે તે નિયમમાં જરૂરી ફેરફાર કરીને બે વર્ષની મુદત રદ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી અને તે પ્રમાણે ઑર્ડિ. ૧૨૭માં જરૂરી સુધારો કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૯૯. ભારત સરકારની યોજના મુજબ યુનિવર્સિટીઓમાં હવે (૧) નેશનલ કેડેટ કોર, (૨) નેશનલ સર્વિસ કોર, અને (૩) સ્પોર્ટ્સ એ ત્રણ પ્રવૃત્તિઓ યુનિવર્સિટીઓ/કૉલેજોમાં દાખલ કરવામાં આવનાર હોઈ પ્રત્યેક કૉલેજમાં એ ત્રણ પ્રવૃત્તિઓ પૈકી ઓછામાં ઓછી એક પ્રવૃત્તિની બાબતમાં યુનિવર્સિટી નક્કી કરે તે લાયકાત ધરાવતી ઓછામાં ઓછી પૂરા સમયની એક વ્યક્તિની નિમણૂક કરવી આવશ્યક ગણવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાએ આપેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં સમગ્ર રીતે વિચારણા કરીને અને ઓછામાં ઓછી લાયકાત અને પગારનાં ધોરણોના નિયમો ઘડીને પોતાનો અભિપ્રાય રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) આચાર્ય કે. એન. શાહ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૫) ડૉ. પરેશ મજમુદાર.

૧૦૦. સેનેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ

"બહુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. શિક્ષણપંચની ભલામણોના આધારે "શિક્ષણનું માળખું" એકસરખું રહે તે માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) અભ્યાસક્રમોનું વૈવિધ્ય વધે અને શિક્ષણનું ધોરણ સુધરે તે રીતે અભ્યાસક્રમોનું આયોજન કરવામાં આવે,

(૨) પૂરતી સંખ્યામાં પાત્ર શિક્ષકો મળી રહે તે રીતે અગમચેતી રાખીને વેળાસર આયોજન કરવામાં આવે,

(૩) આ યોજના સ્વીકારવાને કારણે યુનિવર્સિટીના અર્થકારણ અને કૉલેજોના અર્થકારણ પર અનિવાર્ય રીતે જે વિપરીત અસર થવા પામશે તેનો અંદાજ કાઢીને તેનું પૂરેપૂરું નિવારણ થાય તે રીતે ઉદારભાવે રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટી તેમ જ કૉલેજોને આર્થિક સહાય આપવામાં આવે,

(૪) સૂચિત હાયર સેકન્ડરી બોર્ડ રચાય ત્યારે તે પર યુનિવર્સિટીઓને અસરકારક પ્રતિનિધિત્વ આપવું જોઈએ,

(૫) શાળાઓ અને કૉલેજોને માન્યતા આપતાં પહેલાં જે તે યુનિવર્સિટીનો અભિપ્રાય લક્ષમાં લેવો જોઈએ,

(૬) કૉલેજોના હાલના કેટલાક શિક્ષકોને ફારેગ કરવાની અને/અથવા તેમનાં પગારધોરણો ઘટાડવાની શક્યતા ટાળવી જોઈએ,

(૭) હાયર સેકન્ડરી શિક્ષણ માટે વર્ગો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, રમતગમતનાં મેદાનો તથા ઇતર સાધનસગવડોમાં કશી ન્યૂનતા ન રહે એટલું જ નહિ, પણ તેમાં સુધારણા થાય તે રીતે આખું આયોજન અને તેનું તંત્ર ગોઠવવું જોઈએ,

(૮) આ નવી યોજનાને કારણે પ્રત્યેક યુનિવર્સિટીને તથા તેની કૉલેજોને શી આર્થિક અસર થશે તે તપાસીને રિપોર્ટ કરવા માટે જણાવવું જોઈએ, અને તે રિપોર્ટ નિષ્ણાત શિક્ષણકારો પાસે તપાસડાવવા માટે રાજ્ય સરકારે વ્યવસ્થા કરવી જોઈએ,

(૯) હાયર સેકન્ડરી શિક્ષણ કૉલેજ કે શાળાની ઇતર કક્ષાના શિક્ષણની સાથે જ જોડાવું જોઈએ, છૂટું નહીં.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૦૨. ઑ. ૭૯નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા આચાર્ય ટી. એમ. પરીખ તરફથી આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

O. 79 :

When on account of bonafide illness, or any other reason deemed sufficient by the Syndicate, the total attendance of a student of

an affiliated college in any one term falls short of the minimum required by Ordinance 78, by not more than 20 days, it shall be competent for the Principal to permit a candidate in such a case, to add together the attendance registered by him in two consecutive terms in any one class, provided that the total of the attendance registered in the two terms so counted together amounts to the total required for the minimum attendance of two terms under Ordinance 78; provided nevertheless, that where the deficiency exceeds 20 days in a term or is such that attendance registered in the two terms taken together falls short of the total of the minimum attendance of two terms prescribed by O. 78, it shall be competent for the Syndicate to condone the deficiency. In the case a student in the Faculty of Engineering, the deficiency in attendance may be condoned by the Principal upto a maximum 30% in each subject (subject including lectures and practicals together).

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૯ નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૩. અખિલ ભારતીય દર્શન પરિષદનું વાર્ષિક અધિવેશન તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૬૯ દરમિયાન જોધપુર મુકામે યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના મંત્રીશ્રીના તા. ૨૭-૧૧-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. સી. વી. રાવળ, દર્શન વિભાગ, ગુજરાત કૉલેજનું નામ પરિષદના મંત્રીશ્રીએ સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર સી. વી. રાવળને નીમવા.

૧૦૪. આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર ઑર્ડિ. ૧૦૯ (બી) પ્રમાણે બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—(૧) સભ્યોની મુદત ત્રણ વર્ષ માટેની હોય છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૩-૮-૧૯૬૬ની સભામાં નીચેના સભ્યોની નિમણૂક કરી હતી :

૧. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી, અને

૨. ચીફ મેડિકલ ઑફિસર.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આરોગ્યકેન્દ્ર અંગેની સ્થાયી સમિતિ પર નીચેના બે સભ્યોને વધુ ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) ચીફ મેડિકલ ઑફિસર.

૧૦૫. "Gandhiji's Economic Thought and Its Relevance At Present" નામક પરિસંવાદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે સુરત મુકામે તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી ૧૯૭૦ દરમ્યાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા માટે આ યુનિવર્સિટી તરફથી બે પ્રતિનિધિઓ મોકલવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીના તા. ૨૦-૧૧-૧૯૬૯ના પત્રાંક વીસી-૨૬-૧૦-૩૪૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય રમેશભાઈ ભટ્ટ અને આચાર્ય વી. પી. પરીખને મોકલવા.

૧૦૬. સી. એમ. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીનું સંચાલન "કડી હિતવર્ધક મંડળ, કડી"ને બદલે "મેઘજીભાઈ પેથરાજ એજ્યુકેશન સોસાયટી, કડી"ને સોંપવા અંગે તપાસ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિની ભલામણ મુજબ સદરહુ કૉલેજનું સંચાલન "મેઘજીભાઈ પેથરાજ એજ્યુકેશન સોસાયટી, કડી"ને તા. ૧-૪-૧૯૬૯થી સોંપવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું સંચાલન, આ યુનિવર્સિટી સાથેના તેના જોડાણને લાગેવળગે છે ત્યાં સુધી, 'શ્રી. મેઘજીભાઈ પેથરાજ એજ્યુકેશન સોસાયટી, કડી'ને સોંપવા માટે મંજૂરી આપવી.

૧૦૭. સિન્ડિકેટની તા. ૬-૯-૧૯૬૯ની સભામાં ઠરાવ નં. ૬૬થી અમદાવાદ સિવાયની બે યુવક-કલ્યાણ વિભાગીય સમિતિઓને વિભાગીય સમિતિના આચાર્ય અને પ્રાધ્યાપક સભ્યોને પ્રથમ વર્ગનું રેલવે ભાડું આપવા માટે રૂ. ૧,૦૦૦ની વધુ આર્થિક સહાય આપવાનું મંજૂર થયેલ છે. તેથી તે પ્રમાણે ચૂકવતાં યુવક-કલ્યાણ પ્રવૃત્તિની અંદાજી જોગવાઈમાં રૂ. ૨,૦૦૦નો વધારો કરવાનો થાય છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં યુવક-કલ્યાણ પ્રવૃત્તિઓને માટે અંદાજી ખર્ચની જોગવાઈ રૂ. ૬,૦૦૦થી વધારીને રૂ. ૮,૦૦૦ કરવી.

૧૦૮. યુનિવર્સિટી વિસ્તારમાં નીચે પ્રમાણેના રસ્તાઓ પાકા (ડામર રોડના) કરવા માટે બજેટમાં જોગવાઈ કરવા વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટી બસ સ્ટેન્ડ પાસેના ઝાંપાથી યુનિવર્સિટી સેનેટ હૉલ સુધીનો રસ્તો

(૨) યુનિવર્સિટી પાછળના બંને ઝાંપાને જોડતો રસ્તો

(૩) સમાજ વિદ્યાભવનના દરવાજાથી ઝાંપા સુધીનો રસ્તો

(૪) ભાષા-સાહિત્ય ભવનના દરવાજાથી ઝાંપા સુધીનો રસ્તો

(**નોંધ.**— આ માટે અંદાજી ખર્ચ રૂા. ૩૦,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં સદરહુ કામકાજ માટે વધુ રૂ. ૩૦,૦૦૦ની જોગવાઈ કરવી.

૧૦૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૦. ૧૯૬૯-૭૦ના વર્ષની આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી આવેલી ઑર્ડિ. ૯૬ પ્રમાણેની માહિતી ચકાસતાં નીચેની ઊણપો જણાઈ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ઊણપો

(૧) હિંદીના વિષય માટે ઓછામાં ઓછા એક ખંડ સમયના વ્યાખ્યાતાને સ્થાને ખંડ સમયના ટ્યૂટર નીમ્યા છે.

(૨) વ્યાયામ શિક્ષક નથી.

(૩) જનરલ એજ્યુકેશનના વિષય માટે સ્નાતક પદવી ધરાવતા શિક્ષક નીમ્યા છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના નામ સામે જણાવેલી ગેરનિયમિતતા ચલાવવા માટે ઠપકો આપવો અને જણાવવું કે તે ગેરનિયમિતતા ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી અને ઉમેરવું કે ઉપર જણાવેલી ગેરનિયમિતતા તાત્કાલિક દૂર કરવામાં આવશે નહીં તો જૂન ૧૯૭૦થી વિદ્યાર્થીઓને તેમની કૉલેજમાં પ્રવેશ આપી શકાશે નહીં.

૧૧૧. જૂન ૧૯૭૦થી જોડાણ મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજોની આવેલ અરજીમાં માગેલ ચાલુ/વધારાના જોડાણ પૈકી પ્રત્યેક સંસ્થા/કૉલેજ સામે દર્શાવેલ વિદ્યાશાખા ઉમેરવા અંગેની માગણી પાછી ઠેલી છે તે અંગે નોંધ લેવા બાબત :

અરજી કરનાર સંસ્થા	પાછું ઠેલેલ જોડાણનો અભ્યાસક્રમ
(૧) શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ	વિનયનની વિદ્યાશાખા
(૨) ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ	વાણિજ્યની વિદ્યાશાખા
(૩) ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ (મહિલા કૉલેજ)	વાણિજ્યની વિદ્યાશાખા
(૪) વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ	શિક્ષણની વિદ્યાશાખા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૨. બી.કૉમ.(ઑલ્ડ)ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓએ મેળવેલ મુક્તિના વિષયો નવા અભ્યાસક્રમના વિષયોમાં ગોઠવ્યા છે. તેમાં બિઝનેસ ઑર્ગેનિઝેશન વિષયમાં મેળવેલ મુક્તિ અંગે સ્પષ્ટતા નહિ હોવાથી તે અંગે નીચે જણાવ્યા મુજબ સમકક્ષ ગણવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Old Course B.Com.	*New Course B.Com. (T.Y.B.Com.)*
Business Organisation	Business Administration–Paper II.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૧૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૬ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૪. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં એજ્યુકેશનના ટ્યૂટર તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. એસ. સી. પરીખ તથા શ્રી. સી. બી. વાળંદની એજ્યુકેશનના વ્યાખ્યાતા તરીકે નિમણૂક કરવા માટે ખૂટતી લાયકાત (અનુભવ) ક્ષમ્ય કરવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. એસ. સી. પરીખ, બી.એસસી. પાસ વર્ગ, બી.ટી. થર્ડ વર્ગ તથા એમ.એડ. પાસ વર્ગ ધરાવે છે. તથા બી.એડ. પછી ૨૦ વર્ષ સુધી હાઈસ્કૂલના આચાર્ય તરીકેનો અનુભવ ધરાવે છે.

(૨) શ્રી. સી. બી. વાળંદ બી.એ. પાસ વર્ગ તથા બી.એડ. અને એમ.એડ.ની પદવી થર્ડ વર્ગમાં ધરાવે છે. બી.એડ. થયા પછી ત્રણ વર્ષનો તથા કુલ અનુભવ ૨૪ વર્ષનો ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી. એસ. સી. પરીખ અને સી. બી. વાળંદને ચાલુ વર્ષ પૂરતા વ્યાખ્યાતા તરીકે નીમવા માટે સદરહુ કૉલેજને પરવાનગી આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો રજૂ કરવામાં આવી :

૧૧૫. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૯થી ચાલુ માન્યતા રાખવા માટે મૂકેલ શરતોના પરિપાલનના આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટમાં ડૉ. કમલા ચોધરીની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને બી. એમ. ઇન્સ્ટિટ્યૂટના મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે તા. ૧૫મી જૂન ૧૯૬૯થી તા. ૧૪મી જૂન ૧૯૭૦ સુધી એક વર્ષ માટે માન્યતા ચાલુ રાખવી.

૧૧૬. ભાષા-સાહિત્ય ભવનના માનાર્હ અધ્યક્ષ અને ગુજરાતીના પ્રાધ્યાપક ડૉ. ઉમાશંકર જોશીને 'સંસ્કૃતિ' માસિકનું પ્રકાશન કરવા માટે પરવાનગી આપવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના માનાર્હ અધ્યક્ષ અને ગુજરાતીના પ્રાધ્યાપક ડૉ. ઉમાશંકર જોશીને 'સંસ્કૃતિ' માસિકની માલિકી ધારણ કરવા માટે પરવાનગી આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૩૪૭૩૨/૧૯૭૦.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૭, ૧૯૭૦.

ફૂ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૫

યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૭૦ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧.	મકરસંક્રાંતિ	બુધવાર	તા. ૧૪-૧-૧૯૭૦
૨.	પ્રજાસત્તાક દિન	સોમવાર	તા. ૨૬-૧-૧૯૭૦
૩.	બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	મંગળવાર	તા. ૧૭-૨-૧૯૭૦
૪.	મહાશિવરાત્રિ	શુક્રવાર	તા. ૬-૩-૧૯૭૦
૫.	મોહરમ	ગુરુવાર	તા. ૧૯-૩-૧૯૭૦
૬.	હોળી (બીજો દિવસ)	સોમવાર	તા. ૨૩-૩-૧૯૭૦
૭.	ગૂડ ફ્રાઇડે	શુક્રવાર	તા. ૨૭-૩-૧૯૭૦
૮.	રામનવમી	બુધવાર	તા. ૧૫-૪-૧૯૭૦
૯.	ઈદ-એ-મિલાદ	સોમવાર	તા. ૧૮-૫-૧૯૭૦
૧૦.	સ્વાતંત્ર્યદિન	શનિવાર	તા. ૧૫-૮-૧૯૭૦
૧૧.	ગોકુલ-અષ્ટમી	સોમવાર	તા. ૨૪-૮-૧૯૭૦
૧૨.	પારસી નૂતન વર્ષદિન	શનિવાર	તા. ૨૯-૮-૧૯૭૦
૧૩.	ગણેશ ચતુર્થી	શુક્રવાર	તા. ૪-૯-૧૯૭૦
૧૪.	સંવત્સરી	શનિવાર	તા. ૫-૯-૧૯૭૦
૧૫.	મહાત્મા ગાંધી જન્મદિન	શુક્રવાર	તા. ૨-૧૦-૧૯૭૦
૧૬.	દશેરા	શનિવાર	તા. ૧૦-૧૦-૧૯૭૦
૧૭.	દિવાળી	શુક્રવાર	તા. ૩૦-૧૦-૧૯૭૦
૧૮.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન અને દિવાળી (નૂતન વર્ષદિન)	શનિવાર	તા. ૩૧-૧૦-૧૯૭૦
૧૯.	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	મંગળવાર	તા. ૧-૧૨-૧૯૭૦
૨૦.	નાતાલ	શુક્રવાર	તા. ૨૫-૧૨-૧૯૭૦

(નોંધ.—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧.	મહાવીર જયંતી	તા. ૧૯-૪-૧૯૭૦
૨.	ભાઈબીજ	તા. ૧-૧૧-૧૯૭૦)

નોંધ.—બે રજા કુલપતિશ્રીની મંજૂરીથી જાહેર કરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૬

તા. ૩૧--૩--૧૯૬૯ના રોજ પૂરા થતા વર્ષ દરમ્યાન અંદાજી જોગવાઈ કરતાં વધુ ખર્ચ થયો હોય તે ખાતાંઓની યાદી અને તેના ખુલાસાઓ.

ક્રમાંક	ખાતાનું નામ	ઓલ.ઓફ.	કુલ ખર્ચ	પુનર્નિમિત પ્રમાણિત અંદાજ કરતાં ખર્ચ		ખુલાસા
					કેટલું વધુ ખર્ચ થયેલ	
			રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	
૧.	સમાજવિદ્યા ભવન—કન્ટિન્જન્ટ ખર્ચ	૭૬	૨,૮૦૦--૩૫	૨,૦૦૦--૦૦	૮૦૦--૩૫	સમાજવિદ્યા ભવનનાં સામયિકોના પાછલા અંકો વગેરેની બંધામણીના ખર્ચ આ મથાળે પાડવામાં આવતાં ખર્ચ વધવા પામ્યો છે.
૨.	સમાજવિદ્યા ભવન—ટેલિફોન ખર્ચ	૮૮	૨,૭૨૦--૪૫	૨,૫૦૦--૦૦	૨૨૦--૪૫	સમાજવિદ્યા ભવનના ટેલિફોન ચાર્જનાં બિલો ચૂકવનાં અંદાજી જોગવાઈ કરતાં રૂ. ૨૨૦--૪૫ પૈસાનો ખર્ચ વધવા પામ્યો છે.
૩.	ભાષા-સાહિત્ય ભવન—ગ્રેચ્યુઈટી ફંડ ફાળો	૯૪	૬,૨૨૧--૬૧	૬,૦૦૦--૦૦	૨૨૧--૬૧	નિયમ પ્રમાણે મુકરર દરે જોગવાઈ કરતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૪.	ભાષા-સાહિત્ય ભવન—પરિસંવાદ / પરિષદો	૧૦૦	૧,૧૯૫--૨૦	૧,૦૦૦--૦૦	૧૯૫--૨૦	અગાઉથી મંજૂરી મેળવેલ પરિષદોમાં ભવનના શિક્ષકોને મોકલતાં આ ખર્ચ વધવા પામ્યો છે.

૭.	વિજ્ઞાન વિદ્યાભવન—હંગામી નિમણૂકો	૧૯	૧૪,૭૭૨--૨૬	૭,૧૦૦--૦૦	૭,૨૭૨--૨૬	વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં સાંજના વર્ગો શરૂ થયેલ હોવાથી હંગામી સભ્યોની નિમણૂક કરવાથી આ ખર્ચ વધવા પામ્યો છે. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૮--૧૯૬૮ની સભાના ક્રમાંક ૧૯થી આ અંગે રૂ. ૭,૨૦૦નો ખર્ચ મંજૂર કર્યો છે તે જોતાં રૂ. ૭૨--૨૬ પૈસાનો ખર્ચ વધુ થયો છે.
૬.	વિજ્ઞાન વિદ્યાભવન—ટપાલ ખર્ચ	૧૧૨	૪,૧૧૨--૮૧	૪,૦૦૦--૦૦	૧૧૨--૮૧	વિજ્ઞાન વિદ્યાભવનની જરૂરિયાત પ્રમાણે ટપાલ ખર્ચ થયું, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૭.	વિજ્ઞાન વિદ્યાભવન—પરિસંવાદ/પરિષદો	૧૨૨	૫,૦૪૫--૪૬	૫,૦૦૦--૦૦	૪૫--૪૬	આ મથાળે ખર્ચનો વધારો નજીવો છે.
૮.	વિજ્ઞાન વિદ્યાભવન—ગજ્જર સ્મારકનિધિ	૧૬૦	૧,૦૪૦--૯૦	૧,૦૦૦--૦૦	૪૦--૯૦	ગયા વર્ષના ખર્ચનાં બિલો તેમ જ ચાલુ વર્ષના ખર્ચનાં બિલો ચૂકવતાં આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે. ખર્ચનો વધારો સામાન્ય છે.
૯.	ગ્રંથાલય—પુસ્તક ખરીદી	—	૧,૮૧,૬૮૨--૧૦	૧,૮૦,૦૦૦--૦૦	૧,૬૮૨--૧૦	યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી આ ખર્ચ કરવાનો છે.
૧૦.	ગ્રંથાલય—સામયિક લવાજમ	—	૭૮,૮૦૮--૨૧	૭૫,૦૦૦--૦૦	૩,૮૦૮--૨૧	ગયા વર્ષનાં કેટલાંક સામયિકોના લવાજમનાં બિલો મોડાં આવવાથી ભરી શકાયેલાં નહીં, તે ચાલુ વર્ષમાં ભર્યાં, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે. ગયા વર્ષે અંદાજી જોગવાઈ કરતાં ખર્ચ ઓછો થયો હતો.
૧૧.	ગ્રંથાલય—ટપાલ ખર્ચ	૧૪૦	૨,૧૯૯--૯૪	૨,૫૦૦--૦૦	૯૯--૯૪	ગ્રંથાલયની જરૂરિયાત પ્રમાણે ટપાલ ખર્ચ થયું, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.

ક્રમાંક	ખાતાનું નામ	એલ. ઓફ.	ફુલ ખર્ચ	પુનર્નિમિત પ્રમાણિત ખર્ચ	અંદાજ કરતાં કેટલું વધુ ખર્ચ થયેલ	ખુલાસા
			રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	
૧૨.	ગ્રંથાલય—મરામત અને ખાસ ફેરફાર	૧૫૫	૧,૮૫૭--૭૪	૧,૦૦૦--૦૦	૮૫૭--૭૪	ગ્રંથાલય માટે કેન્ટીન તથા સાઈકલ શેડ બાંધવાના પ્લાનના અંદાજી ખર્ચ ઉપર ૧ ટકા લેખે આર્કિટેક્ટ વાસ્તુશિલ્પને રૂ. ૮૩૦ આપવાના થયા, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે. બાંધકામ સમિતિની તા. ૨૮--૧--૧૯૬૭ની સભાએ આ કામ અંગે અંદાજી ખર્ચ મંજૂર કરવા ભલામણ કરી છે.
૧૩.	ગ્રંથાલયશાસ્ત્ર શાળા—ટપાલ ખર્ચ	૧૯૧	૧૨૨--૯૦	૧૦૦--૦૦	૨૨--૯૦	ગ્રંથાલયશાસ્ત્ર ભવનની જરૂરિયાત પ્રમાણે ટપાલ ખર્ચ થયું, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૪.	કાર્યાલય—કર્મચારી વર્ગ ખર્ચ: પ્રોવિડંટ ફંડ ફાળો	૫૪૪	૨૦,૦૦૫--૯૭	૨૦,૦૦૦--૦૦	૫--૯૭	પગાર ખર્ચ ઉપર નિયત ધોરણે ગણતરી કરતાં ખર્ચ વધવા પામ્યો છે.
૧૫.	કાર્યાલય—ડી.પી.ઈ. આંતર-યુનિ. હરીફાઈઓ	૭૦૫	૨૬,૦૮૩--૭૨	૨૫,૦૦૦--૦૦	૧,૦૮૩--૭૨	ગયા વર્ષનાં બિલોનો ખર્ચ ચાલુ વર્ષમાં પડેલ હોવાથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૬.	કાર્યાલય—યુવક-કલ્યાણ પ્રવૃત્તિ, બરફની તાલીમ માટે જતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય	૭૩૬	૧,૧૧૦--૨૫	૧,૦૦૦--૦૦	૧૫૦--૨૫	યુનિવર્સિટીના વધુ વિદ્યાર્થીઓ બરફની તાલીમ માટે ચૂંટાયેલ હોવાથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૭.	કાર્યાલય—સી.એમ.ઓ., વિદ્યાર્થીઓની તબીબી તપાસ	૭૪૬	૨૦,૪૧૨--૯૭	૨૦,૦૦૦--૦૦	૪૧૨--૯૭	ગયા વર્ષનાં કેટલાંક બિલો ચૂકવવાથી તેમ જ ચાલુ વર્ષમાં નવા વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.

૧૮.	કાર્યાલય—આર.એમ.ઓ., કન્ટિન્જન્સી ખર્ચ	૭૬૨	૨,૬૯૩--૯૪	૧,૫૦૦--૦૦	૧,૧૯૩--૯૪	વીજળી મીટર જુદું મૂકેલ હોવાથી રૂ. ૭૦૭--૩૦ પૈસાનું ખર્ચ આ મથાળે ફાળવવામાં આવેલ છે તેમજ ટેલિફોનની નવી લાઈન આવવાથી રૂ. ૩૫૦નો ખર્ચ આ મથાળે કરવામાં આવ્યો છે, તેથી આ મથાળે ખર્ચ વધવા પામ્યો છે.
૧૯.	કાર્યાલય—ભારત સરકારની આર્થિક સહાયનાં પુસ્તકોના વેચાણની આવક ભારત સરકારને પરત	૭૮૩	૨૨,૩૮૩--૩૨	—	૨૨,૩૮૩--૩૨	ભારત સરકારની પુસ્તક પ્રકાશનની યોજના હેઠળ પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોનું વેચાણ થાય તે સરકારી તિજોરીમાં જમા કરાવવાનું હોય છે. તે પ્રમાણે ભરાયું ભરતાં આ ખર્ચ થયો છે. આ અંગે મધ્યસ્થ સરકાર તરફથી મળેલી ગ્રાન્ટ આવક તરીકે લેવામાં આવી છે.
૨૦.	કાર્યાલય—વીમા, કર તથા કાનૂની ખર્ચ	૭૮૫	૫૧,૭૩૪--૫૫	૪૦,૦૦૦--૦૦	૧૧,૭૩૪--૫૫	યુનિવર્સિટીની જમીનજાગીર તથા કર્મચારી-ઓનાં રહેઠાણનાં મકાનો ઉપર હલાલખોર કર ૧૯૬૭--૬૮નો રૂ. ૧૧,૨૪૪--૦૩ પૈસાનો વાંધા સાથે ભરવાનો થયો તેના તથા મ્યુ.કરની આકારણી અંગે વાંધાઅરજી કોર્ટમાં દાખલ કરી તેના ખર્ચના રૂ.૧,૦૦૦ ચૂકવ્યા તેના લીધે આ મથાળે ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૨૧.	કાર્યાલય—રેલરાહત ફાળો	પેટકું	૧,૦૦૧--૦૦	—	૧,૦૦૧--૦૦	સિન્ડિકેટે તેની તા.૧૦/૧૧--૮--૧૯૬૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સુરત રેલરાહત ફાળામાં રૂ. ૧,૦૦૧ આપ્યા તેના.

ક્રમાંક	ખાતાનું નામ		કુલ ખર્ચ	પુનર્નિમિત પ્રમાણિત ખર્ચ	અંદાજી કરતાં કેટલું વધારે ખર્ચ થયેલ	ખુલાસા
			રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	
૨૨	કાર્યાલય—અનુસ્નાતક કેન્દ્ર ઉપરનો ખર્ચ	૮૫૦થી ૮૫૧	૩,૨૦,૧૯૧--૫૫	૩,૦૦,૦૦૦--૦૦	૨૦,૧૯૧--૫૫	અનુસ્નાતક કેન્દ્રોની શિક્ષણ ફીની આવકના પ્રમાણમાં કેન્દ્રો ઉપરનો ખર્ચ થાય છે. ખર્ચનો વધારો રૂ. ૨૦,૧૯૧-૫૫ પૈસાનો છે, જે સામે અનુ. કેન્દ્રોની ફીની આવક રૂ. ૧૦,૪,૨૦૦નો વધારો થવા પામ્યો છે.
૨૩.	કાર્યાલય—અતિથિગૃહ-ઘસારાખર્ચ	૮૮૪	૩,૧૬૭--૦૦	૧૦૦--૦૦	૨,૬૬૭--૦૦	અતિથિગૃહના મકાન અંગે ઘસારા ખર્ચની મુકરર દરે જોગવાઈ કરતાં આ ખર્ચ વધવા પામ્યો છે. ગણતરીની ભૂલથી પુનર્નિમિત અંદાજપત્રકમાં ઓછી રકમની જોગવાઈ કરવામાં આવી હતી.
૨૪.	યુનિ. છાત્રાલય—વીજળીવિષયક ખર્ચ	૯૦૦	૧૧,૦૪૩--૦૦	૧૧,૦૦૦--૦૦	૪૩--૩૦	આ મથાળે ખર્ચનો વધારો નજીવો છે.

તા. ૩૧-૩-૧૯૬૯ના રોજ પૂરા થતા વર્ષની અંદાજી જોગવાઈ કરતાં વધારાના ખર્ચ અંગે સિન્ડિકેટે મંજૂરી આપેલી તેની યાદી

૧.	વિજ્ઞાન વિદ્યાભવન—પ્રયોગશાળા ખર્ચ તથા રસાયણ	૧,૪૪,૯૭૦--૦૫	૧,૨૫,૦૦૦--૦૦	૧૯,૯૭૦--૦૫	સિન્ડિકેટે બાબત નં. ૯૮થી તા. ૬/૭-૩-'૬૯ની સભામાં રસાયણશાસ્ત્ર વિભાગ માટે રૂ.૨૫,૦૦૦ની વધુ જોગવાઈ ૧૯૬૮-૬૯ માટે કરી છે. તેની કુલ્લે રૂ. ૧,૫૦,૦૦૦ની જોગવાઈ થઈ ગણાય.

૨.	કાર્યાલય—કુલપતિશ્રીનું હોદ્દા ખર્ચ ભથ્થું	૪,૫૧૨--૦૧	૩,૦૦૦--૦૦	૧,૫૧૨--૦૧	સિન્ડિકેટે બાબત નં. ૨૪--બ થી તા. ૮/૯--૨--૧૯૬૯ની સભામાં રૂ. ૨,૦૦૦ની વધુ જોગવાઈ તદર્થ (એડ-હૉક) ધોરણે કરી છે, તેથી કુલ્લે રૂ. ૫,૦૦૦ની જોગવાઈ થઈ ગણાય.
૩.	કાર્યાલય—સંશોધન, શિષ્યવૃત્તિ તથા ફેલોશિપ્સ	૩૭,૬૫૪--૫૭	૨૫,૦૦૦--૦૦	૧૨,૬૫૪--૫૭	સિન્ડિકેટે બાબત નં. ૨ (૩)થી તા. ૧૩-૪-૧૯૬૯ની સભામાં રૂ. ૨૫,૦૦૦ની વધારીને રૂ. ૪૦,૦૦૦ની જોગવાઈ કરી છે.
૪.	બિલ્ડિંગ એકાઉન્ટ—વિજ્ઞાન વિદ્યાભવનનું મકાન-મકાનબાંધકામ	૬,૧૬૭--૯૭	—	૬,૧૬૭--૯૭	સિન્ડિકેટે બાબત નં. ૧૨૮થી તા. ૮/૯--૨--૧૯૬૯ની સભામાં રૂ.૬,૧૬૭--૯૭ પૈસાના વધારાના ખર્ચની મંજૂરી આપી છે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૧

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૨--૧૧--૧૯૬૯ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૧૮--૧૦--૧૯૬૯ની આ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૮--૧૦--૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૪--૬--૧૯૬૯ની સભામાં નીચેની બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"'બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૪--૨--૧૯૬૯ની ભલામણ નં. ૩ એસ્ટાબ્લિશમેન્ટ (સ્ટોર્સ સહિત) વિભાગ હિસાબ વિભાગ સાથે સામાન્ય રીતે સંકળાયેલો ન હોવાથી તેને અલગ કરી શ્રી. રજિસ્ટ્રારની સીધી દેખરેખ નીચે રાખવા અમારી ભલામણ છે.'

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીનાં બાંધકામ અંગેનાં કામોને લીધે વખતોવખત બહાર જવું પડતું હોવાથી સ્કૂટર એલાવન્સ આપવા અંગેની એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની તા. ૧૪--૧૦--૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસરને જે ધોરણે સ્કૂટર એલાવન્સ આપવામાં આવે છે તે ધોરણે સ્કૂટર એલાવન્સ આપવું.

૪. નેશનલ સોશિયલ સર્વિસ સ્કીમ હેઠળ જગ્યાઓ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નેશનલ સોશિયલ સર્વિસ સ્કીમ અંગે અગાઉ સિન્ડિકેટે તેની તા. ૩૦--૧૧--૧૯૬૯ની સભામાં મંજૂર કરેલી જગ્યાઓ રદ કરવી અને હવે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે ઊભી કરવી :

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યા	પગારધોરણ	લાયકાતનું ધોરણ
૧.	એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટર	એક	રૂ. ૪૦૦–૨૦–૫૦૦ –૨૫–૧૫૦	(1) A post-graduate degree in Second Class and five years' experience of teaching and/or organisation of students' activities or social work and/or sports organisation work. *or* (2) A post-graduate degree (including Physical Education) in Pass Class and eight years' experience of teaching and/or organisation of students activities and or social work and/or sports and games organisation work.
૨.	મદદનીશ એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટર	બે	રૂ. ૩૨૦–૨૦–૪૦૦ ઈ.બી. ૨૦–૫૦૦	(1) A post-graduate degree in Second Class and three years' experience of teaching and/or organisation of students' activities/or social work and/or sports organisation work. *or*

ક્રમાંક	જગ્યાનું નામ	જગ્યા	પગારધોરણ	લાયકાતનું ધોરણ
				(2) A post-graduate degree (including Physical Education) in Pass Class and five years' experience of teaching and/or organisation of student activities and social work and sports and games organisation work.
૩.	લેડકલાર્ક	એક	રૂ. ૨૦૦--૧૨--૨૬૦--૧૫-૩૨૦ ઈ. બૉ. --૨૦--૪૦૦	યુનિવર્સિટીના ધોરણ પ્રમાણે
૪.	જુનિયર ક્લાર્ક	એક	રૂ. ૭૫--૫--૧૦૦--૮--૧૮૦ ઈ. બૉ. --૧૨--૩૦૦	,, ,, ,,
૫.	ટાઈપિસ્ટ	એક	—ઉપર મુજબ—	,, ,, ,,
૬.	પટાવાળા	એક	રૂ. ૪૦--૨--૬૦--૩--૭૧	,, ,, ,,

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનું એકસ્ટ્રામ્યુરલ બોર્ડ અને તેની પ્રવૃત્તિઓનું કામકાજ હવેથી વિદ્યાર્થી-કલ્યાણ વિભાગને તેના અંતર્ગત ભાગ તરીકે સોંપવું.

૫. સિન્ડિકેટે તેની તા. ૧--૧૧--૧૯૬૯ની સભામાં પાંચ વર્ષ માટે એક 'હંગામી વિકાસ અધિકારીની રૂ. ૭૦૦--૫૦--૧,૨૫૦ના પગારધોરણમાં જગ્યા ઊભી કરી છે તે જગ્યાનું લાયકાતનું ધોરણ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિકાસ અધિકારીની જગ્યા માટેનું લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું —

(1) M.B.A.

or

(2) C.A. with 5 years' experience of Administrative work

or

(3) M.A. or M.Com. with LL.B. and 9 years' experience of Administrative work.

૬. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડ્યાને મદદનીશ પ્રેસ-મેનેજરનો નિયમ ૭ (૧) પ્રમાણે વધારાનો ચાર્જ આપેલ છે, તેને બદલે નિયમ ૭ (૨) પ્રમાણે વધારાનો ચાર્જ આપવા અંગે તેઓની તા. ૧૩--૯--૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડયાને નિયમ પ્રમાણે પરીક્ષાના કામ અંગે વાર્ષિક એક મૂળ માસિક પગાર આપવામાં આવે છે તે, અથવા તેઓને જેટલો સમય માટે ઓવરટાઈમ કામ કરવું પડે તે માટે જે મહેનતાણું આપવાનું થાય છે તે—એ બેમાંથી ગમે તે એક મુજબનું વેતન લેવાનો વિકલ્પ તેમને આપવો.

૭. સિન્ડિકેટે તેની તા. ૧--૧૧--૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કર્મચારીઓને આપવામાં આવતું સાઈકલ ભથ્થું મૂળ પગારમાં ભેળવીને એક પગારવધારો આપવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં જે કર્મચારીઓને રેન્ટ ફ્રી ક્વાર્ટર્સ આપવામાં આવ્યાં છે અને જેઓને સાઈકલ ભથ્થું આપવામાં આવતું નથી તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧--૧૧--૧૯૬૯ની સાભામાં પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર, માળી, હેલ્પર, ડુપ્લિકેટિંગ મશીન મૅન, વૉર્ડબૉય, હવાલદાર, લેડ માળી, પંપ એટેન્ડન્ટ, ડ્રાઈવર, પ્લમ્બર, સુથાર અને ઈલેક્ટ્રિકલવાયરમેનને જે પગારવધારો આપવાનું ઠરાવ્યું છે તે વર્ગના નમામ કર્મચારીઓને (જેઓને રેન્ટ ફ્રી ક્વાર્ટર્સ આપવામાં આવ્યું છે તે સહિત) એક પગારવધારો આપવો એમ સ્પષ્ટતા કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૪-૧૦—૧૯૬૯ ને શુક્રવારના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરના ૩—૦૦ વાગ્યે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૯—૯—૧૯૬૯ની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૯—૯—૧૯૬૯ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં ટ્યૂબવેલ કરવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્યૂબવેલ કરવાના કામ માટે નીચે મુજબના ટ્યૂબવેલ માટે જુદા જુદા પ્રકારના ભાવ મંગાવવા :

૧. ૧૪" ડાયામીટરનો સળંગ બોર
૨. ૧૪" × ૮"નો બોર
૩. ૧૨" × ૮"નો બોર
૪. ૧૨" × ૬"નો બોર.

૩. યુનિવર્સિટીની ટાંકી પાસેનો બોર પુરાઈ ગયો છે. તેમાંથી ગ્રેવલ નથા રેતી કાઢીને ૪" ડાયામીટરના સ્ટીલ પાઇપ નાખી બોરનું સમારકામ કરી પાણી મળી શકે તે માટે જરૂરી સમારકામ કરવાનું કામ મેસર્સ કાનૂગા ઍન્ડ કંપનીને રૂ. ૪,૦૦૦ના ખર્ચે આપવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ટાંકી પાસેનો બોર પુરાઈ ગયો છે તેમાંથી ગ્રેવલ તથા રેતી કાઢીને ૪" ડાયામીટરના સ્ટીલ પાઈપ નાખી બોરનું સમારકામ કરી પાણી મળી શકે તે માટે જરૂરી સમારકામ કરવાનું કામ રૂ. ૪,૦૦૦ના ખર્ચે મેસર્સ કાનૂગા ઍન્ડ કંપનીને આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪. ટ્રાન્સમીટર રૂમમાં વધારાના કામકાજના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્રાન્સમીટર રૂમમાં આ સાથેની **પાદી "અ"** મુજબ વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

